જેહાંગીર કરાણીવાળા પારસી પેહેલવાનોનાં નામાંઓ

ફેરામર્જ નામું.

આ નામુસી પેહેલવાને થી હીંદુસ્તાન તથા તે જમાનાની તમામ જેહાંન જીતી લઇ પોતાને તાબે કીધી હતી તેનો રસીલો હેવાલ.

નીચે રૂસતમ સરકાર હીનશાહજીના જમાનાના મુનીહુસેનની બાબત
તેમજ દિબાચા સાથે

સુધારા વધારા સાથની
નવી બીજી આવૃતી.

મુંબઇ.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,
પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, વિગેરે.
૨૨૦-૨૨, વોરા બજાર, કોટ.

જેહાંગીર કરાણીવાળાં પારસી પેહેલવાનોનાં નામાંઓ

ફરામર્ઝ નામું.

આ જાબુલી પેહેલવાને શ્રી હીંદુસ્તાન તથા તે
જમાનાની તમામ જેહાંન જીતી લઇ પોતાને
તાબે કીધી હતી તેનો રસીલો હેવાલ.

મી૰ રૂસ્તમ દસ્તુર દીનશાહજીના "ઇરાનના ઇતીહાસ"ની બાબદ
તેમજ દિબાચા સાથે

સુધારા વધારા સાથની
નવી બીજી આવૃતી.

મુંબઇ.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,
પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, વિગેરે.
૨૨૦-૨૨, વોરા બજાર, કોટ.

Printed by P. C. Appoo, at the New Art Printing Press
No. 204-226, Mapla's Compound, Bora Bazar, Fort
and Published by M. J. Karani, 220,
Bora Bazar Fort, BOMBAY.

1 M 1-4-30,

પ્રગટકર્તા તરફના બે બોલ.

———:o:———

"ઇરાનના ઇતીહાસ" ની બાબદમાં અને દીબાચામાં અમારા બાહોશ લેખક મી૦ રૂસ્તમ દસ્તુર દીનશાહે પારસી નામાઓ વાંચવા અને ઉધરતી ઓલાદના હાથમાં મુકવા માટે સંગીન દલીલો સહિત પુરતું લખ્યું છે, તેની ઉપર મા-બાપોનું તેમજ ઇનામોની ચોપડી પસંદ કરનાર સાહેબોનું ધ્યાન ખેંચી અરજ કરવાની રજા લઇશું કે જરથોસ્તી નીશાળો, જશન મંડળીનાં તેમજ બીજી જરથોસ્તી સંસ્થા તરફથી અપાતાં ઇનામોમાં ચાલુ "નામા"ઓની ભેટ ઇનામમાં અપાતી રહેશે તો એનાં વાંચણનો ફેલાવો કરવાના કામમાં કિમતી મદદ મળશે.

આપણા અસલના શેઠયાઓ નવીશંદાઓ રાખી મોટા ખર્ચે એ નામાઓની નકલ કરાવી વાંચતા હતા અને પોતાના નેયાગાનોની કીર્તીની આ અનુપમ નિશાનીની જાળવણી કરવામાં પોતાની ફરજ સમજતા હતા. છાપા કળાની સગવડથી ઘણી સસ્તી કીંમતે નામાનું સાહિત્ય પ્રગટ કરવાના અમારા સહાસને જરથોસ્તી સાહેબોએ ઉત્તેજનના આશરાથી નવાજવાની જરૂર છે અને આશા છે કે એવા ચાલુ આશરાની નવાજેશ થતી રહેશે તો સેવકોને ચાલુ બીજાં નામાઓ બાહેર પાડવાની ઉલટ ચાલુ રહેશે.

હાલમાં નીચલાં નામાંઓ તૈયાર છે :—

૧. કેરશાસ્પ નામું કીં. રૂ. રાા.

૨. રૂસ્તમ નામું કીં. રૂ. ૨.

૩. દારાબ નામું કીં. રૂ. ૧ા.

૪. અર્દાવિરાફ નામું કીં. રૂ. ૧.

હાલમાં આ "ફરામર્ઝ નામું" જરથોસ્તી પીરકા હજુર રજુ કીધું છે અને ઉત્તેજન્ન મલતાં "**બહમન નામું**" તેમજ "**બરજો નામાં**"નાં સર્વે વાલ્યુમો પ્રગટ કરવાનો ઇરાદો રાખ્યો છે, જે જરથોસ્તી પીરકાના ઉત્તેજન્ન આધીન રહેશે.

કમતરીન સેવકો,

જેહાંગીર **બી.** કરાણીના છોકરાઓ.

જમશેદી નવરોઝ

તા૦ ૨૧ મી માર્ચ ૧૯૩૦.

સાંકળ્યું.

સફે.

ઇરાનનો ઇતિહાસ 1-16
દીબાચો 17-29
શાહેરી ને શાહેરની તારીફમાં 2
ફરામર્ઝ નામું બનવાનો સબબ... 3
હેકાયત લખી છે જે તેહમતન રૂસ્તમે પોતાના બેટા ફરામર્ઝને જોઇ સોરાબ પેહેલવાનનો ગમ કમી કીધો તે દાસ્તાંન ... 4
જેહાંપેહેલવાન રૂસ્તમ પોતાના પેહેલવાન બેટા ફરામર્ઝ સાથ શાહાનસાહ કેકાઉસની દરબારમાં આવી લાગો તે હકીકત ... 8
મીજલસ સમારી શાહાનશાહ કેકાઉસે જેહાંપેહેલવાન રૂસ્તમની મહેમાનીમાં અને સરોપાવ નવાજ્યો પેહેલવાન ફરામર્ઝને તે હકીકત 10
શ્રી હીંદુસ્તાનના માહારાજા નોશાદનાં નામાંથી શાહાનશાહ કેકાઉસ વાકેફ થયો તે હકીકત 12
માહારાજા નોશાદની મદદે પેહેલવાન ફરામર્ઝે જવાને રજા ચાહી તે શાહાનશાહ કેકાઉસે બાખુશી નવાજી પરવાનો લખી આપ્યો તેનો હેવાલ 18
શાહાનશાહ કેકાઉસે અને જેહાંપેહેલવાન રૂસ્તમે શ્રી હીંદુસ્તાન ઉપર લશકર ખેંચતી વખતે નામદાર ફરામર્ઝને નસીહત કહી તે હેવાલ 22
પેહેલવાન ફરામર્ઝને શ્રી હીંદુસ્તાનનનો પાદશાહા નોશાદ એસ્તેકબાલ લેવા આવ્યો તે હેવાલ. 26

	સફે.
પેહેલવાન ફરામર્ઝનું કુન્નાસ દેવની લડાઇમાં જવું અને માર્યો ગયો કુન્નાસ દેવ તે નામના ઉઠાવનાર ફરામર્ઝના દસ્ત ઉપર તે હકીકત	૩૦
નામદાર ફરામર્ઝને જુલમગાર જુહાકનો ખજાનો હાથ લાગો તે દાસ્તાંન	૩૬
જઇ લાગો પેહેલવાન ફરામર્ઝ ગુરગોયા વરૂના મકાન ઉપર અને લડાઇ થઇ ગુરગોયા વરૂ સાથે તે હકીકત	૩૮
નામદાર ફરામર્ઝ તથા બીજન તથા માહરાજા નોશાદ તથા તમામ ઇરાની ને હીંદી લશ્કર તથા પેહેલવાનો પેલા શીહાગારમાં ગયા તે હેવાલ	૪૪
ગયો માહરાજા નોશાદને લઇ પેહેલવાન ફરામર્ઝ મારજોશા અઝદાહની લડાઇ ઉપર તે દાસ્તાન	૪૬
બ્યાન કીધું માહારાજા નોશાદે જીય ઇંગાર કગરદનોનું નામદાર ફરામર્ઝ હજુર અને જઇ લાગ્યો તે નામનો ઉઠાવનાર નામદાર ફરામર્ઝ તે નાપેકાર કગરદનોની લડાઇમાં તે હેવાલ...	૫૨
પેગામ મોકલ્યો નામદાર ફરામર્ઝે કેદરાજા ઉપર તે ગહસ્તમ એલચી થઇ લઇ ગયો તે રાજાની દરબારમાં તે દાસ્તાન...	૫૬
કેદ રાજાએ પોતાના નામદારો સાથ મસલહતગાહમાં પેહેલવાન ફરામર્ઝના પેગામનામા ઉપર વીચાર કીધો તે હકીકત ...	૬૧
પેગામનામું લખ્યું કેદ રાજાએ નામના ઉઠાવનાર પેહેલવાન ફરામર્ઝ ઉપર અને મોકલાવ્યો ગહસ્તમને તે હવાલે કરી તે હેવાલ	૬૩
આવી શાહજાદી સમનરૂખ જંગના મેદાનમાં અને ગયો દલેર જોરસપ જંગમાં અને ગીરફતાર થઇ સમનરૂખ તે પેહેલવાનના દસ્ત ઉપર તે દાસ્તાન	૬૮

સફે.

આવ્યા યમન ને અરવંદ તથા તેહમુર રાજાઓ લડાઇના મેદાનમાં ને ગીરફતાર થયા તે નામદારો સપેહસાલાર ફરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન ૭૦

ઘેરી લીધું નામદાર ફરામર્ઝનાં ઇરાની લશકરને કેદ રાજાએ અને સખત લડાઇ થઇ ઇરાની ને હીંદી લશકર વચે તે દાસ્તાન... ... ... ૭૩

નાહાસી ગયો કેદ રાજા લડાઇના મેદાનમાંથી પોતાના લશકર સાથે કલેવ શહેરની તરફ અને ગોફતેગો કીધી ફરામર્ઝે માહારાજા નોશાદ સાથે તેના બાબમાં... ... ... ૭૯

ખબર થઇ રાજા જેપાલ હીંદીને નામદાર ફરામર્ઝના આવ્યાની અને લશકર ખેંચ્યું તે રાજાએ નામદાર ફરામર્ઝ સામે લડાઇ કરવા અને બંધમાં પડયો જેપાલ હીંદી ફરામર્ઝના હાથથી તે દાસ્તાન ૮

જઇ લાગ્યો નામદાર ફરામર્ઝ શેરોજ શેહેર તરફ ને ખબર થયાથી એસ્તેકબાલ લેવા આવ્યો વઝીર બેહેરોજ નામના ઉઠાવનાર તે પેહેલવાનને અને માર્યું ગયું નાપાક શનોર જનાવર તે નામદારના દસ્ત ઉપર તે દાસ્તાન... ... ૮

જઇ લાગ્યો નામદાર ફરામર્ઝ બ્રાહમણના ગુંબજમાં અને નસીહત દીધી નામદાર ફરામર્ઝને તે બ્રાહમને તે દાસ્તાન... ૮૮

જઇ પહોંચ્યો નામદાર ફરામર્ઝ કેદરાજાની રાજધાની તરફ અને મીજલસ સમારી માહરાજા નોશાદે જંગની મસલહત કરવા તે હેવાલ ૯

કેદરાજાને તેહેમુર રાજાનો જુબાની પેગામ મળ્યો અને મસલહત કરી તે બાબમાં રાજાએ પોતાની મીજલસ સાથ તે હેવાલ... ૧૦

આવ્યો કેદ રાજા નામદાર ફરામર્ઝ પાસે, તેને શેરદેલ ફરામર્ઝે પોતાનું તમામ લશ્કર એસ્તેકબાલ લેવા મોકલ્યું તે હેવાલ. ૧૦

સફે.

ગોફ્તેગો કીધી ફરામર્ઝે કેદ રાજાની સાથે યઝદાંપરસ્તી દીન કબુલ કરાવવાને વાસ્તે તે દાસ્તાંન ૧૦૮
જવાબ પુછયા બીકટ સવાલો મુકી બ્રાહમણે નામદાર ફરામર્ઝને અને કબુલ કરાવી યઝદાંપરસ્તી દીન તે નામદારે કેદ રાજા ને બ્રાહમણને તે હેવાલ ૧૧૦
બેસાડયો ઇરાનનાં પાદશાહી તખ્ત ઉપર શાહાનશાહ કેકાઉસે નવજવાન કેખુશરોને તે દાસ્તાન ૧૧૮
મોકલ્યો નામદાર ફરામર્ઝને શાહાનશાહ કેખુશરોએ તુરાન સરજમીન ઉપર તે દાસ્તાંન ૧૨૧
તૈયારી કીધી લડાઇની નામદાર ફરામર્ઝે અને જઇ પહોંચ્યો ખરગાહની વેલાયત ઉપર તથા નામું લખ્યું તે નામદારે ખરગાહના હાકમ તુસ્ક તુરકી ઉપર તે હેવાલ ૧૨૫
પેગામનો જવાબ લખ્યો ખરગાહના હાકમ તુસકે નામદાર ફરામર્ઝ ઉપર અને લશકર ખેંચ્યું તે હાકમે તે પેહેવાનની લડાઇ વાસ્તે તે દાસ્તાન ૧૨૯
નામું લખ્યું તુસક તુરકીએ પાદશાહ અફરાસીયાબ ઉપર તે દાસ્તાન ૧૩૩
નામું લખ્યું અફરાસીયાબે તુસક તુરકી ઉપર તે દાસ્તાન ... ૧૩૬
લડાઇ કીધી સપેહસાલાર ફરામર્ઝે સપેહસાલાર શેરમંદ સાથ અને માર્યો ગયો શેરમંદ તે નામદારના હાથ ઉપર તે હેવાલ ૧૩૭
કીલ્લાની ફતેહનું નામું લખ્યું નામદાર ફરામર્ઝે ઇરાનના શાહનશાહ કેખુશરો ઉપર તે દાસ્તાન ૧૪૧
જવાબ લખ્યો પાદશાહ કેખુશરોએ નામના ઉઠાવનાર ફરામર્ઝના પેગામ નામાનો તે દાસ્તાન ૧૪૪

સફે.

હવાલે કીધી ખરગાહની વેલાયત નામદાર ફરામર્ઝે નશતોરનને અને લશકર ખેંચ્યું શ્રી હીંદુસ્તાન ઉપર તે નામદારે તે તે હકીકત ૧૪૫

જઇ પોહોંચ્યો પેહેલવાન ફરામર્ઝ હીંદુસ્તાનના કનોજ શેહેરની તરફ અને લડાઇ ઉઠાવી માહરાજા રાએ હીંદી સાથે તે દાસ્તાન ૧૪૬

જવાબ લખ્યો રાએ હીંદીએ સપેહસાલાર ફરામર્ઝના પેગામનો તે દાસ્તાન ૧૫૦

લડાઇ કીધી નામદાર ફરામર્ઝે રાએ હીંદીના પેહલવાનો સાથે તે દાસ્તાન ૧૫૨

લડાઇ કીધી તોજાનાએ નામદાર ફરામર્ઝના હાથીઓ સાથે તે દાસ્તાન... ... ... ૧૫૪

લડાઇ કીધી તોજાનાએ નામદાર ફરામર્ઝની સાથે ને પકડાઇ ગયો તોજાનો તે પેહલવાનના દસ્ત ઉપર તે દાસ્તાન ... ૧૫૫

લશકર ખેંચ્યું રાએ હીંદીએ નામદાર ફરામર્ઝ ઉપર તે દાસ્તાન. ૧૫૯

ગયો નામદાર ફરામર્ઝ એલચી થઇ રાએ હીંદીની નજદીક અને તેની સાથે સવાલ જવાબ કીધા તે દાસ્તાન ૧૬૨

રાએ હીંદીએ જવાબ દીધો એલચી થયલા જંગી ફરામર્ઝને તે દાસ્તાંન ૧૬૬

લડાઇ કીધી સરફરાજ ફરામર્ઝે રાએ હીંદીના દસ પેહેલવાનો સાથે ને માર્યા ગયા તે દસે જંગી પેહેલવાનો તે નામદાર ફરામર્ઝના હાથ ઉપર તે દાસ્તાંન ૧૬૯

રાહ બાંધી રાએ હીંદીએ ફરામર્ઝની ને લડાઇ થઇ રાહ દરમ્યાન તેમાં માર્યું ગયું તમામ હીંદી લશ્કર તથા સપેહસાલારો તે નામદારનાં દસ્ત ઉપર તે દાસ્તાંન ૧૭૩

સફે.

ખબર થઇ રાએ હીંદીને પોતાનાં લશ્કરે શીકસ્ત ખાધી તેથી બીજું લશ્કર તૈયાર કીધું અને ખાબ દીઠો જાલેજરે તેથી જેહાંપેહેલવાન રૂસ્તમને હીંદુસ્તાન જંગી ફ્રામર્ઝની મદદે મોકલ્યો તે દાસ્તાંન ૧૭૬
લડાઇ કીધી રાએ હીંદીએ નામદાર ફ્રામર્ઝ સાથે ને પકડાઇ ગયો રાએ હીંદી તે નામદારના હાથ ઉપર તે હેવાલ ... ૧૭૮
આવી પોહોંચ્યો જેહાંપેહેલવાન રૂસ્તમ લશ્કર સાથે હીંદુસ્તાનમાં તે હેવાલ. ૧૮૫
લાવ્યો નામદાર ફ્રામર્ઝ રાએ હીંદીને કેદ પકડી ઇરાન સરજમીન શાહાનશાહ કેખુશરોની દરગ્રાહમાં ને તે નેક શાહાનશાહે તે મહારાજાને બંદથી ખલાસ કીધો તે દાસ્તાંન ... ૧૮૭
લઇ આવ્યો નામદાર ફ્રામર્ઝ રાએ હીંદીને હીંદુસ્તાનમાં અને નામું લખ્યું મારક હીંદી ઉપર તે દાસ્તાંન ૧૯૨
લડાઇ કીધી લડાયક ફ્રામર્ઝે મારક હીંદીનાં લશકર સાથે તે દાસ્તાન... ... ... ૧૯૪
લડાઇ કીધી પેહલવાન ફ્રામર્ઝે હીંદી પેહલવાનો સાથે ને માર્યા ગયા હીંદી પેહલવાનો તે દાસ્તાન ૧૯૮
નાહાસી ગયો મારક હીંદી કેશમીર તરફ ને લડાઇ કીધી શેરોએ પેહલવાને મારકનાં લશકર સાથે તે દાસ્તાન ૨૦૨
સલામી મોકલી નામદાર ફ્રામર્ઝે હીંદુસ્તાનથી પાદશાહ કેખુશશરોને તે હેવાલ ૨૦૯
જઇ પોહોચી લડાઇ કીધી જંગી ફ્રામર્ઝે દરીયાવની રાહે ફ્રાશંગ જંજીરા તરફ હબશીના પાદશાહ સાથે તે દાસ્તાન ... ૨૧૩
લઇ ગયો શાહાદ દેવ કોહેલાશાહ પાદશાહની બેટી અને તે પાછળ ગયો નામદાર ફ્રામર્ઝ તે હેવાલ ૨૧૬

સફે.

લડાઇ કીધી પેહલવાન ફ્રામર્ઝે શાહાદ દેવ સાથે ને માર્યો ગયો શાહાદ દેવ તેના હાથ ઉપર તે હેવાલ... ... ... ૨૧૮
શાદી કીધી નામદાર ફ્રામર્ઝે કોલાશાહની બેટી સાથે તે દાસ્તાન. ૨૨૩
જવું જંગી ફ્રામર્ઝનું બદસુરત આદમીના જંજીરા તરફ તે દાસ્તાંન ૨૨૫
જઇ પોહોંચ્યો જંગી ફ્રામર્ઝ પીલગોશનાં જંજીરે તે દાસ્તાન. ૨૨૭
જઇ પોહોંચ્યો જંગી ફ્રામર્ઝ અને સવાલ જવાબ કીધા બુઝર્ગ બ્રાહમન સાથ તે હેવાલ ૨૩૧
નામદાર ફ્રામર્ઝે ઉગમણુ દિશામાં મોર્ગ માર્યો તે હેવાલ ... ૨૩૭
માર્યો ગયો અઝદાહ જંગી ફ્રામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાંન... ૨૪૧
જઇ પોહોંચી લડાઇ કીધી જંગી ફ્રામર્ઝે હબશી જંજીરા તરફ તે દાસ્તાંન ૨૪૩
જઇ પોહોંચ્યો નામદાર ફ્રામર્ઝ પાદશાહ કેરવાનના મુલકમાં તે દાસ્તાંન ૨૪૫
નામદાર ફ્રામર્ઝ કેરવાનશાહના મુલકમાં અઝદાહની લડાઇમાં ગયો તે હેવાલ ૨૫૦
માર્યો ગયો સરકસ અઝદાહ જંગી ફ્રામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાંન ૨૫૩
માર્યા ગયા પેલા બે વાઘ જંગી ફ્રામર્ઝના હાથ ઉપર તે દાસ્તાંન. ૨૫૫
માર્યાં ગયાં પેલાં બે વરૂ જંગી ફ્રામર્ઝના હાથ ઉપર તે દાસ્તાન ૨૫૮
મળ્યો નામદાર ફ્રામર્ઝને કેરશાસ્પનો ખજાનો તથા ભારી ગોરજ તે દાસ્તાન ૨૬૦
ગયો જંગી ફ્રામર્ઝ આઠમણુ દિશા તરફ ને દરીયાવમાં તોફાન લાગ્યાથી છુટા પડી ગયા તે દાસ્તાન... ... ... ૨૬૩
નીશાન દેખાડી નેક શીમોર્ગે જંગી ફ્રામર્ઝનાં લશકરની તે દાસ્તાન ૨૬૭

સફે.

જઇ લાગ્યો જંગી ફરામર્ઝ શાહ હોશંગના દુખમા તરફ તે હેવાલ ૨૭૦
જંગી ફરામર્ઝે ફરંગી લોકો સાથે લડાઇ કીધી તે દાસ્તાન... ૨૭૪
શેકસ્ત ખાધી ફરંગાન પાદશાહે નામદાર ફરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન ૨૭૬
મળ્યો જંગી ફરામર્ઝને નશનાશ ટોળો, ત્યાંથી કોહેકાફ પહાડ ઉપર ગયો જ્યાં તમાશો દીઠો તે હેવાલ ૨૮૦
ખુવાબ જોઇ લડયો જંગી ફરામર્ઝ કોહેકાફના દેવો સાથે તે દાસ્તાન ૨૮૩
ગુમ થયો જંગી ફરામર્ઝ પોતાના લશકરમાંથી ને મુલાકાત થઇ રાહામાં ફરતોરતુશની બેટી પરીજાદ સાથે તે નામદારને તે દાસ્તાન ૨૮૬
લડાઇમાં કેદ પકડાયો શીહાદેવ નામદાર ફરામર્ઝના હાથ ઉપર તે દાસ્તાંન ૨૯૧
હવાલે કીધો જંગી ફરામર્ઝને શીહાદેવે ગંજ ખજાનો તે હેવાલ. ૨૯૫
નામું આપી મોકલ્યો શીહાદેવને પાદશાહ ફરતોરતુસપર તે દાસ્તાંન. ૨૯૮
ગોફતેગોહ કીધી પાદશાહ ફરતોરતુસે પોતાના બુઝર્ગો સાથે ને તારીફ કીધી શીહાદેવે જેહાંપેહેલવાન રૂસ્તમની બુન્યાદ બાબે તે હેવાલ ૩૦૧
નામું લખ્યું પાદશાહ ફરતોરતુસે નામદાર ફરામર્ઝ ઉપર તે હેવાલ ૩૦૫
માર્યો જીયાંગાર વાઘ નામદાર ફરામર્ઝે, ફરતોરતુસને મુલક હફતેખાનને રસ્તે જતાં અવલ મુકામમાં તે હેવાલ ... ૩૦૮
માર્યાં વરૂ ને ગુલદેવ હફતેખાનના બીજા તથા ત્રીજા મુકામ ઉપર જંગી ફરામર્ઝે તે હકીકત ૩૧૧

સફે.

પસાર કરી ચાલ્યો ફતેહમંદ ફરામર્ઝ હફતેખાનનાં ચોથા ને ને પાચમાં મુકામના ગરમી તથા બરફના જંગળો તે દાસ્તાંન, ૩૧૬
લડાઇ કીધી હફતેખાનના છઠા તથા સાતમાં મુકામમાં નામદાર ફરામર્ઝે કગરદન દેવ તથા જબરા અઝદાહ સાથે તે દાસ્તાંન. ૩૧૮
ખબર થઇ પાદશાહ ફરતોરતુસને નામદાર ફરામર્ઝના આવ્યાની ને ચોગાનબાજી ખેલી તે જંગીએ તે પાદશાહ સાથે તે હેવાલ. ૩૨૨
શાદી કીધી પાદશાહ ફરતોરતુસે પોતાની બેટીની જંગી ફરામર્ઝ સાથ તે દાસ્તાન ૩૨૬
ગયો નામદાર ફરામર્ઝ આરજોય પરીને લઇ ઇરાન સરજમીન તે દાસ્તાન ૩૨૭
નામું આપી મોકલ્યો નામદાર ગરજશ્પને નેક પાદશાહ કેખુરોએ સપેહસાલાર ફરામર્ઝને બોલાવવા તે દાસ્તાન ... ૩૨૯
આવ્યો જંગી ફરામર્ઝ જાબુલસ્તાનમાં ને સામ પેદા થયો તે હેવાલ ૩૩૨
આવ્યો નામદાર ફરામર્ઝ પાદશાહ કેખુશરો નજદીક અને બીજી વાર તે જંગી હીંદુસ્તાન ગયો ત્યાં જેપુર રાજાની બેટીને પેટે જેહાંબક્ષ જનમ્યો તે હેવાલ ૩૩૫

તમામ.

જેહાંગીર કરાણીનાં પારસી પેહેલવાનોનાં નામાંઓ.

કેરશાસ્પ નામૂં.

—:o:—

જેહાંપેહેલવાંન કેરશાસ્પની જવાંમર્દીનો અહેવાલ.

અસલ ઉપરથી અનેક સુધારા તેમજ જાણીતા અવસ્તા–સ્કૉલર
મી० બમનજી ન. ધાભરની તરફથી ઉપયોગી ફુટ–નોટ
અને પ્રસ્તાવના સહિત.

બંને વાલ્યુમનું સંપુર્ણ પુસ્તક.

હાલમાં ઇરાન સરજમીનનાં માદર વતન માટે કેટલોક ઉત્સાહ આપણી કોમમાં ઉત્પન્ન થયો છે, તે ટક લઇ તે ઉત્સાહને કાંઇક જોર આપવાની મકસદે ઇરાન સરજમીનમાં થઇ ગયલા નામાંકીત પહેલવાનોમાં **જેહાંપેહેલવાન** કેરશાસ્પની જીંદગીનો આ રસીલો અહેવાલ પ્રગટ કરવાની ટક લીધી છે અને ઉમેદ રાખ્યે છીયે કે આ અમારી કોશેશને જરથોસ્તી આલમ ટેકો આપશે, તો તે ટેકાને આધારે અને કુમકે કમતરીન સેવકો એક પછી એક બીજાં નામાઓ પ્રગટ કરવાની ઉમેદ રાખે છે, અને મ્હાવું પરવરદેગારનું તો સેવકોને ઉત્તેજન મળતાં, જરથોસ્તી કોમની કીર્તિનો ડંકો વજાડનાર અસલી ઇરાની ઇતીહાસ, દિલખુશ કરે તેવી રંગીલી જબાનમાં જુવાન વર્ગમાં વંચાય અને તે વાંચણથી કોમી જુસ્સો, કોમી કીર્તિ અને કોમી જવામર્દીને કાંઇક ટેકો મળશે તો અમારી આ કોશેશનો બદલો મળેલો સમજીશું.

કીંમત રૂ. રાા.

દારાબ નામું.

યાને ઇરાની આલમના કયાની શહેનશાહોમાંના એક મોટા અને ફીરૂજગર શાહાનશાહ દારાબ બીન શાહાનશાહ બહમનનો હેવાલ.

મી૦ બમનજી ન. ધાભર એમ. એ.ની ફુટનોટ અને પ્રસ્તાવના સહિત.

ઇરાન! પુરાતન ઇરાન! પારસીઓની માદર ભૂમી! જ્યાં નામના ઉઠાવનાર, દુનિયાને તાબે કરનાર, ઇન્સાફી, જોરમંદ અને નામાંકીત શાહો રાજ કરી ગયા અને પોતાના ઇનસાફથી સારી દુનિયામાં પોતાનું નામ હજારો વર્ષ થયાં તોપણ રોશન રાખી જનાર કામો કરી ગયા તેવા નામચીન વડવાઓની જાહોજલાલી, તેઓની બહાદુરી, તેઓનો રાસ્ત ઇન્સાફ, તેઓની પાકીજેહ જીંદગીનો વાર્તારૂપી અહેવાલ અસલના શાયરો લખી ગયા હતા. આગળા જરથોસ્તી શેઠયાઓ પોતાના કીર્તિ ભરેલા નેયાગાનોની તવારીખ સાચવવા ને સાંભળવાનો બેહદ શોખ ધરાવતા હતા જેથી પોતાને ખર્ચે ખાનગી નવીશન્દાઓ પાસે એવા પોતાના નામચીન ઇરાની શાહાનશાહોનાં નામાં લખાવી તેની જાળવણી કરવાનો ઉમંગ ધરાવતા હતા તેથીજ આજે **ફરામરોજ, કેરશાસ્પ, બહમન, દારાબ અને બરજોર નામાં** જેવાં રસીલાં દાસ્તાનો જળવાઇ રહ્યાં છે.

પોતાના નામાંકીત વડવાઓનો ઇતીહાસીક અહેવાલ, રસીલાં દાસ્તાન રૂપે વાંચવા સાથે ભવિષ્યની ઓલાદને અને ઉધરતા જવાન વર્ગને આ નામાઓનું સાહિત્ય વાંચવા વંચાવવાથી તેઓનાં ચારીત્ર (Character) ઉપર ઉત્તમ અસર કરનારૂં ઉપયોગી સાધણ થઇ પડશે.

ઍન્ટીક કાગજ ઉપર છાપી મજબુત બાઇન્ડીંગમાં બાંધી રૂ. સવા ની નજીવી કીંમતે કદરદાન વાંચક વર્ગ હજુર રજુ કરતાં ઉમેદ રાખ્યે છીયે કે અમો તરફથી પ્રગટ થતાં નામાંના સર્વ પુસ્તકોને પુરતો આશરો આપવાની નવાજેશ કરવી.

ક્રાઉન સાઇઝના ૧૩૦ સફાનાં વાલ્યુમની કીંમત રૂ. સવા.

ઈરાનનો ઈતિહાસ.

લખનાર—મી૦ રૂસ્તમ દસ્તુર દીનશાહ.

જે કોમ યા પ્રજા પોતાના પૂર્વજોના ઇતિહાસ કે દંતકથા ધરાવતી નથી, તેમજ તેની પાસે તેના પૂર્વજોના મહાન અને કીર્તિવંત કામો દર્શાવનારો એકે ગ્રંથ નથી તે કોમ યા પ્રજા પોતાનો ખરો પ્રજાકીય જુસ્સો અને સાચું કોમ-અભિમાન જલદીથી ખોઈ દે છે, અને ભવિષ્યમાં તેનું નામ અને હસ્તી નાબુદ થવાના અનેક સંજોગો ઉભા થવાનો સંભવ રહે છે.

પારસી કોમના સદભાગ્યની વાત તો એ છે કે તેની પાસે તેના ન્યાગાંનોના મહાન કાર્યો, અને અદભુત પરાક્રમો, તેઓની ઉંચ નીતિ રીતિ અને અલૌકિક શૂરાતન દર્શાવનારા ગ્રંથો, ઇતિહાસ યા દંતકથા રૂપે, આખા નહિ પણ ભાંગી તુટી હાલતમાં, સિલ સિલાબંધ નહિ પણ વિખેરાયલી હાલતમાં, ઘણા નહિ પણ થોડા આજે હૈયાત છે.

આ બચી રહેલા ઐતિહાસિક ગ્રંથોમાં પાકજાદ હકીમ ફીરદોસીનું "શાહનામું" અવ્વલ દરજ્જો ધરાવે છે, અને ત્યારપછી ઇતિહાસ યા દતકથારૂપે જુદા જુદા પહેલવાનોના પુરષાતન અને બહાદુરીનું વર્ણન કરનારાં જુદાં જુદાં "**નામાઓ**" છે જે લગભગ દસ સદીઓ ઉપરનાંજ લખાયાં હતાં. ત્યારબાદ ચાલુ જમાનાની શોધખોળના પ્રતાપે ઇરાનની ખીલારોકી ભાષામાં લખાયલી તખ્તીઓ અને કોતરકામના વાંચન અને ઉકેલણ ઉપરથી, ગ્રીક અને રોમન લોકોના ઇતિહાસ ઉપરથી, તેમજ ખ્રિસ્તીઓની પાક કેતાબ "બાઇબલ"ના લખાણને આધારે ઇરાનના ઇતિહાસ ઉપર વધુ રોશની પડી છે, જેનાં પરિણામે હખામન્યન અને મીડયન શાહનશાહાતોના હેવાલો પહેલવહેલા જાહેરમાં આવ્યા. આ પ્રમાણે જેમ જેમ નવી શોધખોળો થતી ગઇ તેમ તેમ ઇરાનના ઇતિહાસ ઉપર નવી રોશની પડતી ગઇ.

ઇતિહાસ લખવાની અને તેને જાળવી રાખી ઉતરતી ઓલાદને આપવાનો રેવાજ કદીમ જમાનાથી ઇરાનમાં જારેજ હતો, અને તે પ્રમાણે "ખુદાય નામું," શાહનશાહોના વંશોની સિલ્લ સિલ્લાબંધ તવારીખ જેને સાધારણ રીતે "સિલ-સિલાનામું" કહેવામાં આવતું હતું, જુદા જુદા મહાન પુરૂષો અને પહેલવાનોના પરાક્રમોના વર્ણન કરનારા "કારનામાં" તથા "પહેલવાન નામા" આવાં નામોથી પહેલવી ભાષામાં લખાયલા ઘણા ગ્રંથો હતા. જમાનાની ગિર્દેશથી ઇરાન સરજમીનની જાહોજલાલી દર્શાવનારૂં એક જબરદસ્ત મહાભારત સાહિત્ય જાહેરમાં આપણી પાસે બુકબાચક, ભાંગુતુટું અને અહીંતહીં વિખેરાયલું આપણને મળ્યું છે કારણ કે ઇરાનના દીની તેમજ તવારીખી સાહિત્યે દુશ્મનો તરફથી જેટલું ખમ્યું છે તેટલું દુનિયાના બીજા કોઇ પણ દેશના ધર્મ અને તવારીખી સાહિત્યે ખમ્યું નથી, અને તે નાશ પામતું પામતું ઘણુંજ થોડું આપણી પાસે બચવા પામ્યું છે જે આગલી જાહોજલાલીનો કંઇક ખ્યાલ આપે છે.

આ ધરતીની ઉપર પૂરાતન કાળથી માજદયસ્નાન પ્રજાઓનો સમુદાય ઉતરી આવ્યો હતો, તેઓમાં ઘણા વર્ગો હતા, જેમાંનો એક સૌથી મોટો વર્ગ ઇરાની માજદયસ્નાનનો હતો, જેના મૂળ પુરૂષ અશો નર ગયોમર્દ હતા જેના પવિત્ર તોખ્મ અને સિલ સિલાથી મહાન આર્યન પ્રજાઓ ઉતરી આવી હતી. ગયોમર્દે એક મહાન માજદયસ્ની શાહનશાહત સ્થાપી હતી. કદીમ જમાનાના આ ઇરાની માજદયસ્ની શાહાનશાહો ચોકસ વખત સુધી આ દુનિયાના વાલીઓ અને પાસબાન હતા, અને દાદાર હોરમજદની સૃષ્ટિને આગળ વધારવાના મહાન મિનોઇ કાર્યમાં "યજદાન" યાને વૃદ્ધિ કરનારી મિનોઇ શક્તિઓ સાથે "યજ" યાને એકતાન (attune) થઇ ભલાઇના અને વ્યવસ્થાના કાયદાઓ ઉપર સંપૂર્ણ જાનફેશાન થઇ હોરમજદની ખરી સેવા–પરસ્તારી કરી રહયા હતા, જેથી તેઓ ખરા યજદાંપરસ્ત અથવા માજદયસ્ની કહેવાના હતા. હોરમજદ તરફની તેઓની આવી ફિદાગીરી અને જાનફેશાનીને લીધે તેઓ "ફરૂરએ

ઇજદી" જેવું બુલંદ ખોરેહ તેમજ અવસ્તામાં જણાવેલું "ઉગ્રૅમ્ કવ-એમ્ ખરેનો મજદદાતૅમ" યાને "મજદાનું પેદા કીધેલું બુલંદ કયાની ખોરેહ" ધરાવતા હતા. આવાં બુલંદ ખોરેહના પ્રતાપે હોરમજદની સૃષ્ટિને દેવો સામે ટકાવી રાખવાના કામમાં રોકાયલા હતા. દેવો કે જેઓ આદમજાત ઉપરાંત દરેક પેદાયશની વૃદ્ધિના દુશ્મનો હતા, તેઓની સામે બહાદુરીથી લડત ચલાવી તેઓનો નાશ કરી દુનિયામાં ભલી વ્યવસ્થા અને ઇનસાફના કાયદાઓ પાંથરતા હતા. શાહનામા પ્રમાણે પેશદાદિયન શાહનશાહો ગાદી ઉપર આવતાંજ દેવો સામે લડાઇ જાહેર કરી તેઓનો નાશ કરતા હતા. જુદી જુદી બુરી નાશકારક ખાસ્વતો ધરાવતા જુદા જુદા દેવો સામે લડાઇ કરી તેઓનો નાશ કરવા માટે જમશેદ, ફરેદુન, મીનોચહેર, હોશંગ જેવા પેશદાદિયન વંશના શાહાનશાહો, કએકોબાદ, કએકાઉસ, કએ સીયાવક્ષ, કએખુશરો જેવા કયાન્યન વંશના પાદશાહો તેમજ પહેલવાન કેરશાસ્પ વગેરેનાં પવિત્ર ફરોહરોની આરાધના ફરવરદીન યશ્તમાં કરવામાં આવી છે. પહેલવી મીનો-ખેરદમાં ઉપર જણાવેલા આ પાદશાહોથી દુનિયાને શું શું ફાયદાઓ થયા હતા તે જણાવવામાં આવ્યું છે. આવા ખોદાઇ ખોરેહ ધરાવનારા પાદશાહોને "ખોદાયાન" કહેવામાં આવતા હતા, કારણ કે તેઓ આ ગેતીની દુન્યાની વ્યવસ્થા માટે હોરમજદની પવિત્ર "મિનોઇ સત્તા" પાંથરી ખુદાઇ રાજ્ય (The Kingdom of God) નો પ્રભાવ ચોમેર ફેલાવતા હતા, તેથી તેઓની આ ભલી સત્તાને પહેલવી પુસ્તકોમાં "ખોદાઇહ" કહેવામાં આવ્યા છે. આ "ખોદાઇહ" યાને ખોદાઇ સત્તા-ક્ષથ્ર ધરાવનારા પાદશાહો ખરા "પઓઇરયોદકેષ"-ખોદાઇ કાયદાઓ જાણનારા અને તેની ઉપર પોતાનો જાન સદકે કરનારા હતા. દુનિયાને ફાયદો કરનારી આવી પવિત્ર ખુદાઇ સત્તા ધરાવનારા શાહાનશાહોના ખાસ ઇતિહાસને ખુદાયનામું કરીને કહેવામાં આવતું હતું. આ ખોદાયનામું જુદે જુદે વખતે દુશ્મનોના હુમલાથી નાશ પામ્યું હતું. સાસાન્યન વંશના પાદશાહો નોશેરવાન અને યજદેજર્દ

શહેર્યારે તવારીખ તેમજ દંત કથાની હકીકતોને આધારે આ ખોદાય-નામું પાછું સજીવન કીધું હતું, જે આરબોના હુમલા વખતે નાશ પામ્યું હતું. આ ખોદાય નામાના કેટલાક બચેલા ટુકડાઓ (fragments) આપણી પાસેના હાલના પહેલવી સાહિત્યમાંથી નીચે મુજબ મળી આવ્યા છે :—

(૧) "યાદગારે જરીરાન" જેમાં જરથોસ્તી દીનની પવિત્ર લડાઇમાં શાહ ગુસ્તાસ્પના ભાઇ જરીરે બજાવેલી કીંમતી સેવા અને તેની બહાદુરીનું વર્ણન છે.

(૨) "કારનામે-અર્તક્ષીર પાપકાન" જેમાં સાસાન્યન વંશના સ્થાપક અર્દશીર બાબગાંને પરદેશી રાજ્ય અમલની ઝુસરીમાંથી ઇરાનને છોડવીને દેશ તથા દીનનું રક્ષણ કર્યું હતું તેનો હેવાલ.

(૩) પહેલવી દીનકર્દમાં આવેલું "જરતોસ્ત નામું" અને દસ્તુર જાદસ્પરમે લખેલો અશો જરતોસ્તનો વૃતાંત.

(૪) "પહેલવી બુન્દહેસ્ન"માં કયાનીઓના તોખમ અને હકુમતના સિલસિલાનો ટુંક સારાંશ.

(૫) પહેલવી "મીનોખેરદ" માં પેશદાદિયન અને કયાન્યન વંશોના શાહાનશાહોના રૂડા રાજ્ય અમલથી દુનિયાને થયલા ઉત્તમ ફાયદાઓનો ટુંક હેવાલ.

(૬) પહેલવી 'દાદેસ્તાને દીની' માં દરેક જમાનામાં આ ગેતીની દુનિયાનાં ભલાં માટે ભલા કાયદાઓ સ્થાપનારા પાદશાહો તથા પહેલવાનો અને હોરમજદની દીનનો ફેલાવો કરી સાચી રાહનુમાઇ કરનારા રાયનીદારોના નામોનો સિલસિલો.

(૭) પહેલવીમાં લખાયલી પહેલવાન "કેરશાસ્પના રવાન" ની હકીકત.

ઉપર મુજબ અસલ ખુદાયનામાના છુટા છવાયા હેવાલો હાલમાં બચવા પામ્યા છે, જે આગલા જમાનાના લખાણોના માત્ર ઓળા જેવા છે.

આ ખુદાયનામા ઉપરાંત ઇરાનનો સામાન્ય ઇતિહાસ તેમજ દંતકથાઓના હેવાલો આપણા ન્યાગાનો તરફથી પહેડી દર પહેડી ઉતરતી ઓલાદને વારસામાં આપવામાં આવતા હતા. દરેક શાહાનશાહ પોતાનું નામ, સને અને પોતાના વખતમાં બનેલા રાજદ્વારી, દીની તેમજ સંસારી બનાવો લખી જતા, જેથી સિલસિલાબંધ ઇતિહાસ ચાલ્યો આવતો હતો, તેમજ દરેક શહેનશાહી વંશનો સિલસિલો પણ કાયમ રહેતો, જેથી વંશો વચ્ચેનું પએવંદ યાને જોડાણ ચાલુ રહેતું અને આ પ્રમાણે દરેક બનાવો ભવિષ્યના જમાનાના લોકોને માટે પહેડી દર પહેડી દંતકથા યા ઇતિહાસ રૂપે આપવામાં આવતા હતા. આવી ઇતિહાસ લખવાની રૂઢીને 'સિલસિલાનામે' કરીને કહેવામાં આવતું હતું, જેને માટે શાહનામાની શરૂઆતમાં હકીમ ફીરદોસી નીચે પ્રમાણે કહે છે:—

સુખન્ ગૂએ દેહકાંન્ ચે ગૂયદ્ નુખોસ્ત્
કે નામે બુઝોર્ગી બ ગીતી કે જોસ્ત્
કે બૂદ્ આન્ કે દીહીમ્ બર્ સર્ નેહાદ્
નદારદ્ કસ્ અઝ રૂજગારાન્ બયાદ્
મગર કઝ પેદર્ યાદ્ દારદ્ પેસર્
બે ગૂયદ્ તોરા યક્ બયક્ અઝ પેદર્.

યાને "સખુન બોલનાર દેહકાન શું કહે છે કે પ્રથમ બુઝોર્ગીનું નામ દુનિયામાં કોણે શોધ્યું? જમાનાઓથી કોઇ યાદ રાખતું નથી કે સર ઉપર તાજ મુકયું તે કોણ હતો, પણ છોકરો બાપથી (સાંભળેલું) યાદ રાખે છે તે બાપનું (સાંભળેલું) સઘળું તુને કહેશે." આવી રીતે ઇરાનનો ઇતિહાસ લખાતો હતો તેમજ સામાન્ય પ્રજામાં બનતા સાધારણ બનાવો વાર્તારૂપે યા દંતકથારૂપે લખાતા હતા. ઇરાની સાહિત્યનો દુશમનોને હાથે નાશ થવા પછી ખુદાયનામે, સિલસિલાનામે તેમજ બીજી દંતકથાના દાસ્તાનો વેરવીખેર હાલતમાં જે બચવા પામ્યાં તેના

કકડા ભુકલા એકઠા કરીને જે લખાણ તૈયાર કરવામાં આવ્યું તે આપણું શાહનામું છે. આ શાહનામાના દાસ્તાનો ફીરદોસીને છેક દસમી સદી પછી મળ્યાં તે ઘણાંજ અધુરાં હતાં અને ઇતિહાસ અને દંતકથા એવી રીતે ભેળાઇ ગયાં કે તેમાંથી સિલસિલો શોધવો બહુજ મુશ્કેલ હતો. તેમજ આગલા જમાનાના બનાવો જે ચાલુ જમાનાના બનાવોથી જુદા હોવાથી લોકોની સમજમાં ઉતરે તેવી રીતે શાહનામાના દાસ્તાનો ગોઠવવાં બહુ મુશ્કેલ હતાં જે વિષે ફીરદોસી નીચે મુજબ કહે છે :—

ફસાનહ્ કોહન્ બૂદ એ મનસૂર્ બૂદ
તબાયા જે પયવન્દે ઉ દૂર્ બૂદ.

ઉપલી બયત આપણને ખુલ્લી રીતે કહે છે કે જે તવારીખી હેવાલો ફીરદોસીને મળ્યા તે જમાનાના જુદાંપણાને લીધે તેમજ આગલા જમાનામાં બનેલા બનાવો ચાલુ રેવાજમાં બની શકતા નહિ હોવાથી લોકોને તે "ફસાનહ" યાને દંતકથા જેવાં લાગતાં હતાં, કારણ કે "કોહન" યાને જૂના જમાનાનાં હતાં. "મનસૂર" યાને ચાલુ રેવાજમાં તે બનાવો નહિ બનતા હોવાથી ખરૂં શું અને ખોટું શું તેની સમજ છુપાયલી અને "તબાયા" યાને તે વેરાંબેર હાલતમાં હોવાથી તેનો "પએવંદ" યાને સિલસિલો શોધવો "દૂર" યાને મુશ્કેલ હતો.

આ ઉપરથી આપણે જોઇ શકયે છીએ કે હકીમ ફીરદોસીને ઇરાનનો ઇતિહાસ સિલસિલાબંધ મળ્યો નથી. હખામનયન અને મીડયન શાહાનશાહાતો વિષે ફીરદોસીને કાંઇપણ હકીકતો મળી નથી તેથીજ તેણે હખામનયન વંશના છેલ્લા પાદશાહ દારાંને કયાનયન વંશનો ગણી એ બેઉ વંશોને સાથે ભેગી નાંખ્યા છે. વળી ઇરાનમાં રાજ્ય કરી ગયલું "હુઆફ્રીતન" નામના એક વંશનું નામ આવાં યશ્ત અને પહેલવી દીનકર્દમાં મળે છે જેને વિશે ફીરદોસીએ કાંઇપણ ઇશારો કીધો નથી.

આવી રીતે ફીરદોસીને જે સાહિત્ય મળ્યું તે કકડા ભુકલા જેવું અસલ હાલતથી ફેરવાયલું અને કદમાં ઘણુંજ નાનું હતું, જેમાં ખોદાય નામા—શહેનશાહોના સિલસિલાબંધ લખાયલાં તવારીખનામા—કારનામા પહેલવાન નામા—અન્દર્જ નામા (યાને નીતિવચનોને લગતાં પુસ્તકો) દંત-કથાઓ (traditions) લોક-વારતાઓ (folk-lore) તેમજ ભાટ ચારણો (bards) એ ગાયલાં ગીતો વગેરેનો સંગ્રહ હતો. આ સઘળામાંથી જુદી જુદી હકીકતો છુટી પાડીને "શાહનામા' જેવો વીરરસ કાવ્યનો એક મહાભારત ગ્રંથ બનાવી ફીરદોસીએ ઇરાન સરજમીનની મરણ પામેલી કીર્તીને તાજી કરી આખી દુનિયામાં તેની વિખ્યાતી ફેલાવી.

ફીરદોસીને દંતકથા સંભળાવનારા જે ઇરાની દહેકાનો હતા તેમાં આઝાદ સર્વ નામનો મર્વ શહેરનો રહેવાસી એક મોટો દહેકાન હતો, જે સામ નરીમાનના ખાનદાનથી ઉતરી આવેલો હોવાનો દાવો કરતો હતો તેની પાસેથી સામ-નરીમાન—કેરશાસ્પ—રૂસ્તમ વગેરે પહેલવાનોના પરાક્રમોના દાસ્તાનો ફીરદોસીએ મેળવ્યાં હતાં, પણ પોતાના શાહનામામાં રૂસ્તમ સિવાય બીજા બધા પહેલવાનોના હેવાલો ઘણા ટુંકમાંજ આપ્યાં છે, કારણ કે શાહનામું લખતાં તેવણ સાહેબને ત્રીસ વર્ષ લાગ્યાં તો પછી પેહેલવાનોનાં જુદાં જુદાં આખાં દાસ્તાનો લખતાં કેટલાં વર્ષ લાગે? તેમજ શાહનામાનું કદ પણ અસાધારણ મોટું થઇ જાય તેથી તેવણ સાહેબ પેહલવાનોનાં દાસ્તાનો ટુંકમાં પતાવી દઇ પહેલવાન સામના મોહમાં નીચલા શબ્દો મુકે છે:—

"ગર્ અઝ જંગે દીવાંન્ બે ગુયમત્ બાઝ
જે ગોફ્તાર્ આંન્ નામે ગર્દદ્ દરાઝ."

યાને "અગરજો હું તારી આગળ દેવો સાથની મારી લડાઇઓનું વર્ણન કરવા બેસું તો તેથી આ નામું લંબુલચ થઇ જાય."

આ પ્રમાણે ફીરદોસીએ પહેલવાનોના દાસ્તાનો ટુંકમાં પતાવી દઇ તે લખવાનું કામ પોતાના શાગેર્દો ઉપર છોડયું હતું, જેઓએ ફીરદોસીની

શાયરી ઢબછબની નકલ કરી જેમ બને તેમ પોતાનાં દાસ્તાનોને વધુ ખેંચાણકારક બનાવવાની કોશેશ કીધી છે પણ ફીરદોસીની કવિતાઇ ઝમક, દીલકશ અને મનોરંજક વર્ણન કરવાની ખુબીને તેઓ પુગ્યા નથી. જોકે આ પહેલવાન નામાઓ–જેવાં કે ગેરશારપનામું, બરજોનામુ–ફ્રામર્જનામું, વગેરે શાહનામા કરતાં ઉતરતા પ્રકારના છે તોપણ તેઓનાં વર્ણવેલાં દાસ્તાનોથી ફીરદોસીના અધુરાં દાસ્તાનોની પુરવણી થઇ છે. આ બધા પહેલવાનોના નામાઓ અસલ દાસ્તાનોના માત્ર ઓળા જેવા છે છતાં તેઓ ઘણાં કીમતી છે, કદીમ જમાનાની જાહોજલાલીની આપણને યાદ આપે છે, માટે તેઓને નકામા ગણીને રદ કરવાં નહિ. જૂના જમાનામાં બનેલા બનાવો ત્યારપછીના આવતા જમાનાના લોકોને તે જૂના જમાનાના જુદાપણાંને લીધે દંતકથા (ફસાનેહ) જેવા લાગે છે પણ તે જમાનામાં તે બનાવો સાચા થઇ ગયલા હતા. ઇરાનની તવારીખની સચાઇ ઉપર આજનો કેળવાયલો વર્ગ શકની નજરે જુવે છે. કેટલાક અભ્યાસીઓ તો ઇરાનની તવારીખની ખરી શરૂઆત હખામન્યન વંશથી થયલી માને છે અને પેશદાદિયન અને કયાન્યન જેવા સૌથી આગળ વધેલા જમાનાના દાસ્તાનોને માત્ર ખ્યાલી અને શાયરી કલ્પનાથી ઉપજાવી કહાડેલાં ગણે છે, કારણ કે આગલા જમાનાઓ હાલના જમાનાથી જુદા હતા એમ તેઓ સમજી શકતા નથી. અસાધારણ અને ચમત્કારીક બનાવોનું વર્ણન જેવી રીતે ઇરાની દંતકથાઓમાં છે તેવીજ રીતે દુનિયાની બીજી મહાન પ્રજાઓની દંતકથાઓમાં આપણે જોઇએ છીએ. આજની ભુસ્તરવિદ્યા (Geology) આપણી સમક્ષ આગલા જમાનાની જે અજાયબીઓ વિદ્યાનુસાર રજુ કરે છે, તે આપણી દંતકથાઓના દાસ્તાનો કરતાં પણ વધારે હયરત કરનારી છે. સાયન્સ તેને ટેકો આપે છે. જ્યારે તે કરોડો અને અબજો વર્ષોની વાતો કરે છે ત્યારે જાણવું કે ઇતિહાસ પણ તેટલોજ પૂરાણો છે. કયાન્યન જમાનામાં ઇરાન જે સુધારા વધારામાં ઘણું આગળ વધેલું હતું તે ઉપરથી આપણે અનુમાન કરી શકીયે છીએ કે એટલનટીસ (At-

lantis) નામનો હાલમાં ગુમ થયલો ટાપુ તે જમાનામાં હસ્તી ધરાવતો હોવો જોઇએ કે જે ટાપુ ઉપરનાં જેવો સુધારો વધારો હજી કેઠે થયો નથી. આજે પણ દુનિયાના જુદા જુદા ભાગોમાં કુદરત તરફથી કંઇ ને કંઇ અજાયબ અને અસાધારણ ચમત્કારો બનતા આપણે જોઇએ છીએ. પહાડો અને ડુંગરોની તળેટીમાંથી રાક્ષસી કદનાં માણસો અને જાનવરોના મળી આવતાં હાડકાંઓ, તેમજ નાશ પામેલા મહેલોના ખંડિયરોમાંથી શોધખોળ કરતાં નીકળી આવતી અજાયબ વસ્તુઓ એ સર્વ પુરવાર કરે છે કે આગલા જમાનાઓ હાલના જમાનાથી જુદા હતા.

હકીમ ફીરદોસીએ પોતાની કલ્પનાથી તેમજ શાયરી સહરાગાતથી શાહનામાના દાસ્તાનો માત્ર ઉપજાવી કાઢવાં હતાં એવો શક લઇ જવામાં આવે છે. પણ શાહનામાનો અભ્યાસ કરતાં જણાય છે કે જે જે હકીકતો ફીરદોસીએ રજુ કીધી છે તેમાં માત્ર એકાદ બે અપવાદો સિવાય તેને અવસ્તા પહેલવી અને બીજાં ફારસી પુસ્તકોનો પુરો ટેકો છે. શાહનશાહતના તવારીખનવેશ દાનેશ્વરે દહેકાને જે "બાસ્તાન નામુ" લખ્યું હતું તે પાદશાહોના ખજાનામાં જળવાયલી હકીકતોને આધારે હતું, તે બાસ્તાનનામા તેમજ બીજાં રૂનાદાર પહેલવી પુસ્તકોને આધારે શાહનામું રચાયું છે, એમ તે પોતે બાંગે બુલંદ જાહેર કરે છે. શાહનામાંની કેટલી વાતો દંતકથા[1] જેવી લાગે છે તે માટે પણ કોઇ અસલી કેતાબોનોજ આધાર હતો એમ શાયર નીચે મુજબ કહે છે:—

"ચુનાન્ ચુન્ બે ખાન્દમ્ જે દફ્તર સખુન્,
બનઝમ્ આવરીદમ્ જે સર તા બે બુન્."
"સખુન્ હરચે ગુયમ્ હમહ્ ગોફ્તહ્ અન્દ્
બર અજ બાઘે દાનેશ્ હમહ્ રોફ્તહ્ અન્દ્."

યાને—"જેમ જેમ કેતાબોમાંથી વાતો વાંચતો ગયો તેમ તેમ હું તેઓને સરતાપા એમની એમ બયતબાજીમાં જોડતો ગયો." "જે

---

૧. "Illiad" "Odyessey" "રામાયણ" વગેરેમાં પણ એવાંજ કથાત્મક તત્વો આવે છે.

તવારીખ હું લખું છું તે તો મારી આગળના લોકોએ લખેલીજ છે. ગોયા તેઓ દાનાઇના બાગમાંથી તમામ ફળ ધસડી લઇ ગયા છે."

આ ઉપરથી આપણે જોઇ શકયે છીયે કે શાહનામાના હેવાલો ફીરદોસીને જેવી રીતે મળ્યા હતા તેવીજ રીતે તેઓને ફકત બયત બાજીમાં લખ્યા હતા. તે ઉપરાંત તેણે પોતા તરફનું કશું ઉમેર્યું નથી. જેને આપણે આજે દંતકથા કહિયે છીયે તે જે જમાનામાં લખવામાં આવી તે જમાનામાં બનેલા સાચા બનાવો હતા; અને તે જમાનાના લોકો તેની સચાઇ બરાબર સમજતાં હતાં. આગલા જમાનામાં બનેલા બનાવોના હેવાલોને ખોટા પાડવા કરતાં તેમાં સમાયલા ભેદો અને સચાઇ શોધી કાઢવાની આપણે કોશેશ કરવી જોઇએ ફીરદોસી પણ આપણને ચેતવણી આપે છે કે જમાનાના જુદાપણાને લીધે તેનાં આ દાસ્તાનોને કલ્પિત ગણવાં નહિ અને જે કંઇ વાહિયાત જેવું લાગે તો તેમાં કંઇ ઉંડો ભેદ સમાયલો જાણવો. ભવિષ્યની ઓલાદને પોતાના આ મહાન ગ્રંથ શાહનામાના બચાવમાં તે પાકજાદ હકીમ નીચે મુજબ બાપોકાર જાહેર કરે છે:—

"તો ઇનરા દોરૂગો ફસાનહ્ મદાન્
બ યકસાન્ રવેશ દર્ જમાનહ્ મદાન્.
અજીન્ બીશતર્ દર્ ખુરદ્ બા ખરદ્
દેગર્ બર્ રહે રમ્જ મઅની બરદ્."

યાને—"આ (શાહનામાની) તવારીખને જુઠી અને કલ્પનાથી જોડી કાઢેલી સમજતો ના; (કારણ કે) જમાનો હમેશાં એકસરખી રીતનો હોતો નથી.[૧] આ તવારીખમાંની બાબદો ઘણે મોટે ભાગે દેખ-

---

૧ The Ancient World નો કર્તા J. A. G. Barton લગભગ ફીરદોસીના જેવાજ વિચારો જણાવતાં કહે છે કે:—"Much of the evidence which we propose to accept, has a fabulous character; but those are just the fables we must not wholly reject, since

ઇતી રીતે અકલને અનુસરતી છે. તેમ વળી તેમાં બાકીની બીજી બાબદો એવીબી છે કે જે "રમ્જ" યાને "ભેદ" તરીકેજ ઉકેલાવી શકાશે."

આપણો શાયર અહીં આપણને "શાહનામું" વાંચવાની ખરી રીતિ અને ચાવી ઉપલી બયતોમાં બતાવી જાય છે કે જો કોઇ તવારીખી વાતો અકકલપસંદ નહિ લાગે અને હસવા સરખી જણાય તો તેને જુઠી ગણી રદ કરવાને બદલે તેમાંથી "રમ્જ" યાને "ભેદ" ઉકેલવાની કોશેશ કરવી. કારણ કે આવી વાતોમાંજ ભેદ છુપાયલો છે જે દાનાવ હોય તેજ ઉકેલાવી શકે.

શાહનામામાં કંઇ ખાલી તવારીખ અને સંસારી બનાવોની ફકત નોંધજ નથી પણ માજદયસ્ની દીનને લગતાં મિનોઇ જ્ઞાનથી ભરપુર બાબદો Code યાને Cypher language યાને ભેદભરમમાં લખાયલી છે. બહારથી હસવાજોગ દંતકથા યા તવારીખ જણાય પણ બાતેનમાં તો તેમાં રવાનની વૃદ્ધિને લગતું મિનોઇ જ્ઞાન અને કુદરતના કાયદાઓની નોંધો છુપાયલી છે. હોશંગના વખતમાં આતશનું જાહેર થવું, જમશેદના જમાનાની અજાયબીઓ, તેહેમુરસની દેવો સાથની લડાઇ, ઝોહાકના બુરા જમાનાનો ભેદ, ફરેદુનની એજમતી નીરંગો, પહેલવાન ઝાલના જન્મની કાહાણી, સીમોર્ગ અને તેનાં પીછાં, રૂસ્તમનું એજમતી બખ્તર 'બબ્રે બયાન' અને તેનો માનીતો "રખ્શ", રૂસ્તમ અને અસ્પંદયારના હફ્તખાંનો, પએગામ્બર સાહેબ

---

what we call fables were probably truths in the ages in which they were written, when they were correctly understood."

યાનેઃ—"જે આપણે કબુલ કરવા ધાર્યે છીયે તેમાંનો મોટો ભાગ દંતકથા રૂપે છે. પણ આ તેજ દંતકથાઓ છે કે જેને આપણે સદંતર રદ કરવી જોઇતી નથી, કારણ કે જેને આપણે દંતકથા ગણીયે છીયે, તે જે જમાનામાં તેઓ લખાઇ હતી તે જમાનામાં ઘણું કરી ખરી બનેલી સચાઇઓ હતી, અને આ સચાઇઓ તે જમાનામાં બરાબર રીતે સમજવામાં આવતી હતી."

અશો જરતોસ્તના " મહેર બુર્ઝીન "ના આતશનો ચમત્કાર તથા "સર્વે કેશ્મર" ની અજાયબી "મય" યાને શરાબ, જામે જેહાંનુમા, કએકાઉસની હવાઇ મુસાફરી, શાહજાદા અશો સિયાવક્ષે બનાવેલ "ગંગદેજ" ની અજાયબી, કએખુશરોએ બહમનદેજના તલેસ્મ (some scientific contrivance?) નું તોડવું, તેનું ગોશેનશીન થવું. શાહજાદા અસ્પંદયારના હયરત પમાડનારાં પરાક્રમો, વગેરે વગેરે પુષ્કળ બાબદોમાં કુદરતના ઉંડા ભેદો સમાયલા છે, જેને માટે કુદરતના કાયદાઓનો બારીક અભ્યાસ કરવાથી આવાં ભેદભરેલાં લખાણોનો જાહેરી દેખાતો સરખો અર્થ તદન ફેરવાઇ જઇને ખરો બાતેની સચાઇનો અર્થ (Cypher meaning) ખુલ્લો જાહેર થાય છે.

આપણી દંતકથા અને ઇતિહાસનું બારીક અવલોકન કરતાં જણાય છે કે તેઓ માણસ જાતનાં ભલાંને અર્થે લખાયા છે. કુદરત અને કુદરતના કાયદાઓનું ખરૂં જ્ઞાન સમજાવી તેઓ આપણી જીંદગી ગુજારવા માટે ભલા નિયમો મુકરર કરે છે. તે ભલા નિયમોથી આપણા પૂર્વજોએ ખરી જીંદગી ગુજારીને જે વહેવારૂ પરિણામ તેઓ લાવ્યા હતા, તેની ખરી હકીકતો ઉતરતી ઓલાદ સમક્ષ ધરી આ જીંદગીમાં આપણું ખરૂં કર્તવ્ય શું છે તે દેખાડી આપી આપણી ખરી રાહનુમાઇ કરે છે.

ઇરાની સાહિત્ય કેવા ઉંચાં ધોરણે લખાતું હતું તે વિષે Samuel Johnson નામના એક અંગ્રેજ ગ્રંથકાર પોતાના Oriental Religions (મશ્રેક તરફના મજહબો) નામના પુસ્તકના ત્રીજા દફતરમાં ઘણાં સુંદર શબ્દોમાં નીચે મુજબ લખે છે.

"The serious business of self-discipline seems to have haunted the Iranians of the Avesta; and the very fables of the race, it has been observed, are free from the wild excesses of imagination, and have a severe and moral aspect,"

યાને—"જાતી તરબિયતની ગંભીર ફરજે અવસ્તા (જમાના)ના ઇરાનીઓના મન ઉપર એટલી બધી ઉંડી અસર ફાધેલી માલમ પડે છે કે ખુદ તેઓની દંતકથાઓ માટે વટીક એવું કહેવામાં આવે છે કે તેઓ ખ્યાલી ગપાટાઓથી તદન નીરાળી છે, અને બહુજ બારીક અને નીતિમાન બીનાઓ રજુ કરે છે."

આપણા વડીલોનાં ઉત્તમ ચારિત્રોનું વર્ણન કરનારા શાહનામા જેવા મહાન ગ્રંથનો અદભુત પ્રકાશ સેંકડો વર્ષોથી આપણી કોમ ઉપર પડતો રહ્યો છે, જેથી હિંદુસ્તાન જેવા પારકા દેશમાં કરોડો માણસો વચ્ચે આપણે આપણું પોતાવતપણું, ખરો કોમી જુસ્સો, અને ગૌરવ સાચવી રાખ્યું છે. ઇરાનની તવારીખનો એક અભ્યાસી S. G. W. Benjamin જુદી જુદી "પ્રજાઓની તવારીખ માળા"ના ઇરાનની તવારીખના પુસ્તકની શરૂઆતમાં નીચે લખેલા શબ્દોમાં ઇરાનની દંત-કથા વિષે મનન કરવાજોગ મત આપે છે:—

It is the custom to assume that legend means fiction: but historians are now beginning to perceive that the legends of a nation are often not only more interesting and poetic than what is called its authentic history, but that they really suggest actual facts, while nothing can be more fascinating than the study of such legends. *No country has more attractive legends than Persia; and to judge from them we cannot avoid the conclusion that no nation now existing has such a continuous vitality as the old land of Cyrus and Xerxes."*

—The Story of Nation Series (Persia) P. i.

યાને—"સાધારણ રીતે એવું માનવામાં આવે છે કે દંતકથા એટલે માત્ર જોડી કાઢેલી વાર્તાઓજ હોય છે. પણ તવારીખનવેશો હવે

સમજવા લાગ્યા છે કે એક પ્રજાની દંતકથાઓ, તેની સત્તાવાર તવારીખો કરતાં વધુ ખેંચાણકારક અને શાયરી કલ્પનાથી ભરપુર હોય છે, એટલુંજ નહીં, પણ તેઓ બેશક સાચી હકીકતો રજુ કરે છે, અને એવી દંતકથાઓના અભ્યાસ કરતાં વધુ મોહ પમાડનારૂં બીજું કાંઇજ નથી. ઇરાનની દંતકથાઓ કરતાં વધુ ખેંચાણકારક દંતકથાઓ **બીજો કોઇ દેશ ધરાવતો નથી; અને તે દંતકથાઓ ઉપરથી વિચાર કરતાં આપણે છેવટે આ અનુમાનપર આવ્યા વિના રહેતા નથી કે સાઇરસ અને ઝર્કસીસની પૂરાતન ભૂમિ જે ચાલુ ઉત્સાહી જીવન-શક્તિ ધરાવતી રહી છે, તે બીજી કોઇ પણ હાલમાં હસ્તી ધરાવતી પ્રજામાં નથી.”**

ઉપલા વિદ્વાન ગ્રંથકારના શબ્દો દરેક પારસીએ ધ્યાન પુગાડવા જોગ છે. આપણા ઇરાની નામાઓના દાસ્તાનો ખોટાં તેમજ સહરાધાત ભર્યાં નથી પણ તે સાચાં છે અને ઇરાની પ્રજાની ઉપર તેની કેટલી હદે સુંદર અસરો થવા પામી હતી તે આ લખનાર આપણને જણાવે છે. આપણા વડવાઓ શાહનામું તેમજ બીજાં નામાઓને ધાર્મિક પુસ્તકો જેટલીજ અગત્યતા આપતા હતા. દુનિયાની ઘણી જૂની પ્રજાઓ આજ સુધી પોતાની હૈયાતી ટકાવી રાખી શકી છે તે તેઓના વડવાઓનાં ઇતિહાસ અને દંતકથાનું સાહિત્ય ધરાવવાને લીધેજ છે, જો આપણી પાસે શાહનામું કે એવાંજ બીજા નામાંઓ તેમજ તવારીખી ગ્રંથો નહિ હતે તો આજે આપણે કોણ છીયે, અને દુનિયાની મહાન પ્રજાઓમાં આપણો દરજ્જો કેટલો બધો મોટો હતો એ આપણે જાણી શકતે નહિ અને વખતના વહેવા સાથે આ ધરતી ઉપરથી પારસી નામ બેશક ગુમ થઇ જતે.

ખુદાના હોકમથી આપણા પૂજ્ય પૂર્વજોનાં અસાધારણ મહાન કીર્તિવંત કામોના દાસ્તાનો મનોરંજક અને અસરકારક વાણીમાં લખાયલાં આપણને વારસામાં મળ્યાં છે. આવો અમૂલ્ય ખજાનો ધરાવવા માટે પારસી કોમે ખરેખર મગરૂર થવું જોઇએ. ઇરાનના સામાન્ય ઇતિહાસમાં

તેમાં ખાસ કરીને હકીમ ફીરદોસીનાં અમર વીરરસ કાવ્ય શાહનામામાં એવી તો સૂક્ષ્મ અને અજબ કળાથી દરેક જાતનાં સુંદર ચિત્રો અને પાત્રો ચીતારવામાં આવ્યાં છે કે જાણે તે જીવતાં જાગતાં તેજસ્વી માનવીઓ માફક આપણી નજર આગળ હોય એવો ખરેખરો ભાસ આપણુને થાય છે. ઇતિહાસના અભ્યાસીઓ માટે તેમાં વિશાળ ક્ષેત્ર પડેલું છે. રાજદ્વારી પુરૂષોને તેમાં ઉત્તમ વિલક્ષણ રાજનીતિનું શિક્ષણ મળી શકે છે; દેશભકત અને રાષ્ટ્રીય પુરૂષોને તેમાંથી ખરી દેશભકિત, પ્રજાકીયપણું અને સ્વદેશાભિમાન (Patriotism)નું ખરૂં જ્ઞાન મળી શકે છે; ધર્મોપદેશકોને તેમાંથી ઉત્તમ ધાર્મિક સિદ્ધાંતો, તેમજ નીતિ શિક્ષકો (Moralist)ને તેમાંથી ઉત્તમ નીતિ વચનોનો મોટો ખજાનો, પરાક્રમી વીર પુરૂષોને તેમાંથી પુરૂષાતન, શૂરતન, જવાંમર્દી અને બહાદુરીના અચુક દ્રષ્ટાંતો, સંસારી માણસોને તેમાથી સંસારી જીંદગીના નમુનેદાર સુંદર દાખલાઓ—ટુંકમાં જેવી જેની જીજ્ઞાસા તેવી ખરી માર્ગદર્શક હકીકતો અને ભલી પ્રેરણાઓ આપણા ઇરાનના ઇતિહાસમાંથી મળી શકે છે. ખરેખર પોતાના પ્રાચીન મહિમા, જાહોજલાલી અને કીર્તીનું અભિમાન કરી શકે તેવા ઉત્તમ ગ્રંથો પારસી કોમ ધરાવે છે. આવા ઉત્તમ ગ્રંથો આપણી કોમની ખરી સેવા અને ખરી રહેબરી કરવા તૈયાર છે, છતાં આપણે તેનો લાભ લેવા ઇચ્છીએ નહિ તો તે આપણી કોમનું દુર્ભાગ્યજ સમજવું. જ્યાંસુધી શાહનામું, બીજાં નામાઓ અને બીજાં તવારીખી પુસ્તકો આપણી કોમમાં વંચાતાં રહેશે ત્યાંસુધી આપણું ખરૂં પારસી-જરતોસ્તીપણું કદી પણ નાશ પામશે નહીં. આપણે આપણા તવારીખી ગ્રંથોને ધર્મ પુસ્તકો જેટલીજ અગત્યતા આપવી જોઇએ. એક વિદ્વાન કહે છે કે "Historic truths ought to be no less sacred than religion."

યાને—"તવારીખની સચાઇઓ ધર્મ કરતાં ઓછી પવિત્ર ગણાવી જોઇએ નહિ." તેમજ Muller કહે છે કે "Traditional knowledge is the germ of humanity, wisdom and

learning." યાને "દંતકથાઓને લગતું જ્ઞાન–માણસાઇપણાં, ડહાપણ અને વિદ્યાનું મૂળ છે."

ત્યારે આપણા ઇતિહાસ અને દંતકથાના ગ્રંથોનો અભ્યાસ કરવાની અને બાળકોને નાનપણથીજ તેનું શિક્ષણ આપવાની ખાસ જરૂર છે, અને તેથી હવે જેમ બને તેમ જલદીથી કેળવણીની પદ્ધતિ અને ક્રમમાં ઘટતો સુધારો કરી, પારકા દેશોની તવારીખનું ફરજીયાત શિક્ષણ બંધ કરાવી, ઇરાનની તવારીખનું શિક્ષણ આપણી સ્કુલોમાં દાખલ કરાવવું જોઇએ. આપણી કોમનાં ભલાં કેળવાયલાં બાનુઓ અને ગ્રહસ્થોએ કલ્પિત વાર્તાઓના પ્યારના પીંજણો તેમજ મનશક્તિ બગાડનારાં, હીચકારાં અને બાયલાં બનાવનારાં વાંચનો છોડી દઇ ધર્મ-નીતિ અને પોતાના અસલી ન્યાગાનોના ઇતિહાસના ગ્રંથો વાંચવાનો શોખ ખીલવવો જોઇએ. હલકા પ્રકારના વાંચનો તો એક વિદ્વાનના કહેવા મુજબ ઝેર પીવા સમાન છે. ઉંચ પ્રકારના વાંચનો આપણી જીંદગીને ભલી બનાવી મહાન પુરૂષોનાં ભલાં કામોમાં ભાગીદાર થવાને આપણને ઉત્તેજન આપે છે. આપણી કોમના હાલના સુસ્ત જીવનમાં ખરો કોમી જુસ્સો, નવું ચેતન, ભલી આશાઓ અને ઉંચી અભિલાષાઓ ઉમેરવાને માટે આપણા પવિત્ર ન્યાગાનોના મહાન કામો દર્શાવનારા ઇતિહાસ અને દંતકથાના દાસ્તાનોનાં વાંચન, મનન અને શ્રવણ દરેક પારસી કુટુંબમાં થવાં જોઇએ, એટલુંજ નહીં પણ તેમ કરવાની દરેક જરતોસ્તીની આઇન ફરજ છે.

ઇરાનના ઇતિહાસ વિષે ટુંક ખુલાસો કીધા પછી હવે આપણે ફરામર્ઝ નામા ઉપર આવીશું.

ફ્રામર્જ નામું.

——:o:——

દીબાચો.

આ ગ્રંથમાં જેહાં પહેલવાન રૂસ્તમના બેટા ફ્રામર્જના અદભુત પરાક્રમો, દીન અને વતન તરફની તેની જાનફેશાની અને દુશ્મનો સામે ઉઠાવેલાં મહાભારત જંગોનું દીલપઝીર વર્ણન કરવામાં આવ્યું છે.

ફ્રામર્જ નામાનો લખનાર એક આરબ:

આ નામાનો લખનાર એક આરબ હતો અને તે પોતાને આ નામામાં વારે ઘડીએ અબુ તાહેર તરસુસીના નામથી ઓળખાવે છે, પણ તેનું આખું નામ અબુ તાહેર બીન હસન બીન અલી બીન મુસા અલ તરસુસી છે.

જાણીતા ફ્રેંચ વિદ્વાન મોહલના જણાવ્યા મુજબ તેણે આગલી તવારીખી વાર્તાઓ અને દંતકથાઓનો એક મોટો સંગ્રહ કરી જુદી જુદી વખતે જુદાં નામાઓ લખ્યાં છે, જેવાં કે દારાબ નામું, કેહરમાન નામું, ઇરાન હબસી વગેરે.

ફ્રામર્જ નામું લખવાનો સબબ, તેને માટે લખનારે મેળવેલાં સાધનો:

આ નામું લખનાર હકીમ ફીરદોસીનો એક ચેલો હતો. શાહ નામા અને બરજો નામાની ચોમેર વખાણ થવાથી આ ફ્રામર્જ નામું લખવાની તેને ઉલટ પેદા થઈ અને તેને માટે આખું ઇરાન ફરી વળી ત્યાંથી મેળવેલી હકીકતો મુજબ તેણે આ પુસ્તક લખ્યું છે એમ શરૂઆતમાં દીબાચામાં તે નીચે મુજબ લખે છે:—

"મારા નેક અને બુઝોર્ગ ઉસ્તાદ શાયર ફીરદોસીએ મહા જેહમત ને રંજ ખેંચીને કયાની શાહાનશાહો અને પહેલવાનોનું શાહનામું

બનાવી જેહાનને તાજુબ ને હેરતમંદ કરી છે. મારા અતલગના બેશી બુઝોર્ગ શાયર અતાઇએ પહેલવાન બરજોની જવાંમર્દી ને જંગોના દાસ્તાનનું નામું બનાવી આલમમાં પોતાનું નામ આશ્કારા કીધું છે. ત્યારે હું મોટા શાયર ફીરદોસીનો શાગેર્દ, શાયર અતાઇનો બરોબરીઓ અને તેના બરજોનામામાં ઘણીએક મદદનો આપનાર કેમ સુસ્ત રહું? એ ખ્યાલે મેં આગળ અને પાછળ ઇરાન સરજમીન ફરી વળી નવી કેતાબોનો ખજાનો મેળવ્યો અને ફરામર્જનામું શીરીન દાસ્તાનોથી રચ્યું."

આ ઉપરથી જણાય છે કે લખનાર પોતે ફીરદોસીનો શાગેર્દ હતો અને બરજોનામું લખવામાં તેનો થોડો ઘણો હાથ હતો. આ નામામાં આપેલી હકીકતો તેણે પોતાની કલ્પનાથી ઉપજાવી કાઢી નથી પણ આગળ લખાયલાં પુસ્તકોને આધારેજ લખી છે.

ફ્રામર્જ વિષે મળતી શાહદતો:

પહેલવાન ફ્રામર્જની કારકીર્દીનો હેવાલ આ નામા ઉપરાંત શાહનામાં, બરજો નામા, તથા બીજાં પહેલવાનોનાં નામાઓમાં છુટો છવાયો થોડો ઘણો મળે છે. અવસ્તા-પહેલવી પુસ્તકોમાં તેનું નામ જોવામાં આવતું નથી. ઘુપ-નીરંગ તેમજ આંફ્રીન્ગાનના દીબાચાના પાજંદ ભણતરમાં અશો ન્યાગાનોના નામોની ટીપમાં ફ્રામર્ઝનું નામ તેના બાપ રૂસ્તમ સાથે જોવામાં આવે છે. આ સિવાય ફ્રામર્ઝ વિષે વધુ હકીકતો બીજે ઠેકાણે મળતી નથી.

ફ્રામર્જ નામું-ઇરાનીઓના ઉંચ ગુણો અને આદર્શો (*Ideals*) દર્શાવનારો એક અમૂલ્ય ગ્રંથ:

આપણા અસલી ઇરાની ન્યાગાનોના શારીરિક બળ, બહાદુરી, શુરાતન, તેઓની દલેરી અને જવાંમર્દી, તેઓની બુઝોર્ગી અને દીલની દેલાવરી, તેઓની સચાઇ અને પ્રમાણીકપણું, તેઓનો અદલ ઇનસાફ અને ઉત્તમ રાજ્યવ્યવસ્થા, ગમે તેવી આફતો કે મુશ્કેલીઓ વખતે તેઓનું ધૈર્ય, હિમત અને પાક યજદાન ઉપરનો તેઓનો અખંડ વિશ્વાસ,

વગેરે મહાન સદ્ગુણો અને ઉંચ આદર્શો (high ideals), તેઓની આગળ વધેલી ઉંચ મનશક્તિ વગેરેનું સુંદર શાયરીથી ભરપુર વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. તેઓના સંસારની વ્યવસ્થા (social organisation) ઘણીજ ઉંચ પ્રકારની અને કુદરતના કાયદા મુજબની હતી, જેમાં તેઓની હમખેશી, વડીલો તરફની ફરમાનબરદારી અને ભાઇ-બંધો તરફનો અખંડ પ્યાર એ મુખ્ય હતાં. દીન-વતન અને રાજ્ય તરફની તેઓની વફાદારી અને જાનફેશાની, તેઓની તમીજ અને ખાકસારી, તેઓનું પરદુઃખભંજનપણું અને ઉત્તમ માણુસાઇપણું—એ સર્વ શ્રેષ્ટ નીતિ રીતિઓ આ ગ્રંથમાં આપણી નજરે પડે છે. દીનદારી, પરહેજગારી, પરસ્તેશ અને દરેક બુરા યા ભલા સંજોગોમાં સહનશીલતા અને ખુદાની મરજીને આધીન થવાના ઉંચા સદ્ગુણો તેઓ ધરાવતા હતા. આ સૃષ્ટિને હોરમજદની મરજી મુજબ ભલાઇમાં અને અષોઇમાં આગળ વધારવા, દેવો દરૂજો અને જાદુગરો જેવી નાશકારક અને અતિ બળવંત વ્યક્તિઓની સામે પોતાના જીવના જોખમે ઉઠાવેલાં મહાભારત જંગો અને પોતાના રવાનની બોખ્તગી (salvation) માટે તેઓની અત્યંત કાળજી અને ઉત્સાહ—એ સર્વ તેઓના ઉમદા ગુણો આપણા અંતઃકરણમાં ઘણી ઉંડી અસરો કરે છે.

ફ્રામર્જ નામામાં આવેલી અગત્યની જાણવાજોગ બાબદો—ધાર્મિક અને નૈતિક નજરે તેનું મહત્વ અને ઉપયોગીપણું:

પહેલવાન ફ્રામર્જની અસાધારણ લડાઇઓનું વર્ણન વાંચતાં આપણને જણાય છે કે દેવો, રાક્ષસો અને જાદુગરો જેવી નાશકારક વ્યક્તિઓ અને ફાડી ખાનારાં જીયાંગાર જાનવરો તેમજ દુશમનોના જબરદસ્ત મોટાં લસ્કરોના ખુની હુમલાઓ સામેની ફ્રામર્જની બહાદુરી, હિમત અને શૂરાતનનાં દાસ્તાનો એવી તો જોશદાર અને સુંદર અલંકારીક જબાનમાં કરવામાં આવ્યાં છે કે તે ફરી ફરીથી વાંચતાં આપણને કંટાળો આવે નહિ.

માત્ર લડાઇઓનાજ વર્ણનો આપીને શાયર બેસી રહ્યો નથી, પણ તેણે આ ગ્રંથમાં જાત જાતની વિદ્યા અને જ્ઞાનનો સમાવેશ કીધો છે. સૃષ્ટિ રચનાની ઉત્પતિ, આસ્માનની ગર્દેશ, ખગોળ વિદ્યા, જ્યોતિષ વિદ્યા, આતશ-બાદ-આબ-ખાક આ ચાર અનાસરોથી શારીરિક દુનિયાનું બંધારણ, જુદા જુદા માણસો અને જાનવરોની ખાસીઅતો, જાતજાતના પશુ પક્ષીઓ તથા દરિયાઇ પ્રાણીઓનું વર્ણન, દરિયાઇ ટાપુઓની અજાયબીઓ, દેવદરૂજો તથા જાદુગરોએ ઉભી કીધેલી ખરાબીઓને તોડવા માટેની એજમતી નીરંગો, લડાઇનો હુન્નર, લડાઇના હથિયારો, ઘોડેસ્વારી, તીરઅંદાજી, શિકારબાજી, ચોગાનની રમત, પાદશાહોની જાહોજલાલી, તેઓની દરબારનો ઠાઠમાઠ, તેઓના ભવ્ય મહેલો અને મકાનો, તેઓનો બાદશાહી ખજાનો અને દમામદાર પોશાક, વગેરે સર્વ બાબદો સુંદર શાયરી કળાથી આ નામામાં લખવામાં આવી છે. તે ઉપરાંત ધર્મ અને ફીલસુફીનાં કેટલાક અગત્યનાં સિદ્ધાંતોથી આ ગ્રંથની સુંદરતામાં વધારો થયો છે. જીંદગી અને મરણની ફીલસુફી, માણસ તરીકેનું આપણું કર્તવ્ય, એક માણસનાં મરણ પછી તેની ભલી યા બુરી કરણી મુજબ ઉભી થતી કેરદારનું જે ચિત્ર શાયરે રજુ કીધું છે તે અવસ્તાના હાદોખ્ત નુસ્ક, પહેલવી અર્દાવિરાફ અને મીનોખેરદમાં આવેલાં વર્ણનોને લગભગ મળતું આવે છે. પહાડો ઉપર રહેનારા પરહેજગાર આબેદો (Saints) તેમજ હિંદુસ્તાનના પવિત્ર બ્રાહ્મણો સાથની ફરામર્જની મુલાકાત દરમ્યાન જ્ઞાનને લગતા જે જે સવાલ જવાબો થાય છે તે પહેલવી મીનોખેરદમાં એક દાનાવ પુરૂષને ડહાપણના રૂહ (The spirit of Wisdom) સાથે જે જે સવાલ જવાબો થાય છે તેને કેટલેક દરજ્જે મળતા આવે છે. તેજ પ્રમાણે એક મૂર્તિપૂજક જૈન સાધુ ફરામર્જને કેટલાંએક બીકટ, અને ગુંચવણભર્યાં ઉખ્યાણાં પુછે છે જેના ખરા જવાબો ફરામર્જ ઘણી બાહોશીથી આપે છે. પણ ફરામર્જના સવાલના જવાબો તે જૈન સાધુ આપી શકતો નથી અને તેથી છેવટે હાર ખાઇ તે પોતાનો મૂર્તિપુજક ધર્મ છોડી દઇ યજદાં-પરસ્તી દીન કબુલ

કરે છે. આ જૈન સાધુ અને ફરામર્ઝ વચ્ચેના સવાલ જવાબો "માંદીગાને ગોશ્તે ફ્રયાંન" નામના પહેલવી પુસ્તકની આપણને યાદ આપે છે, જેમાં અખ્ત નામના બુરા જાદુગરનાં બીકટ ઉખ્યાણાંના ખરા જવાબો ગોશ્તે ફ્રયાન નામના એક પરહેજગાર પુરૂષ આપે છે, પણ ગોશ્તે ફ્રયાનના સવાલોના જવાબ આપવામાં તે નાપાક જાદુગર નિષ્ફળ નિવડે છે.[૧]

ઉપલા હેવાલો તેમજ બીજી બાબદો ઉપરથી જણાય છે કે આ નામાનો લખનાર એક ઇસ્લામી હોવા છતાં તેણે જરતોશ્તી દીનના સિદ્ધાંતો પોતાના ગ્રંથમાં દાખલ કીધા છે, જે પુરવાર કરે છે કે શાયરે કંઇ પણ બાબદ પોતાની કલ્પનાથી ઉપજાવી કાઢી નથી. પણ પહેલવી પુસ્તકોને આધારેજ જે કંઇ હકીકત મળી તેજ તેણે પ્રમાણીકપણે અને તવારીખનવેશને છાજતાં નિખાલેસપણાં (Sincerity) થી લખી છે.

કોલ ઉપર ઉસ્તવારી, સચાઇ, વફાદારી, દયા, પરોપકાર, ઇનસાફ, જીતાયલા દુશ્મનો તરફ રહેમ દીલી વગેરે ઉંચા સદગુણો ખીલવવા માટેના સુંદર નીતિવચનોના ઝરાઓ ઠેકાણે ઠેકાણે વહેતા માલૂમ પડે છે. તે ઉપરાંત સામાન્ય નીતિવચનોનો એક મોટો સંગ્રહ (Moral code) આપવામાં આવ્યો છે, જેમાં સમાયલી બાબદો પહેલવીમાં લખાયલી જુદી જુદી "અન્દર્જ" યાને નસિહતો–બોધવચનો–(admonitions) ને ઘણીખરી મળતી આવે છે.

પહેલવાન ફરામર્જ એક આથ્રવન તરીકે—
ફરામર્જ શબ્દનો અવસ્તા પ્રમાણે અર્થ:

આ નામામાં એક બાબદ જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે એ છે કે ફરામર્જ એક રથેસ્તાર યાને પહેલવાન લડવૈયો હોવા સાથે તે એક ખરો ચુસ્ત અથોરનાન યાને ધર્મગુરૂ હતો, તેણે માજદયસ્ની

૧. આ સવાલ જવાબો કરાંણીના "અર્દાવિરાફ નામા" માં સેવટે વિગતવાર આપ્યા છે.

દીન પારકા દેશોમાં ફાહેલ કીધી હતી. દેવયસ્ની અને મૂર્તીપૂજક લોકોને તેમજ જીતાયલા મુલકોના લોકોને તેણે એકલા અહુરમજદનીજ પરસ્તેશ કરવાની દીન શિખવી હતી. દેવદરૂજોએ પોતાના જાદુઇ બળથી ઉભી કીધેલી નાશકારક ખરાબીઓ અને દરૂજીઓને તેણે તોડી હતી. બુરા લોકોને ભલો માર્ગ બતાવી તેઓની રોશન રેહબરી કીધી હતી અને સઘળે ઠેકાણે ભલી વ્યવસ્થા અને ઇનસાફના કાયદાઓ સ્થાપ્યા હતા. અનીતિ, અધર્મ, અન્યાય અને પાપોથી સઘળા મુલકોને તેણે પવિત્ર કીધા હતા તેથી તેનુ નામ "ફ્રરામજ઼" એટલે "ઘણું પવિત્ર કરનાર" અથવા "પવિત્રાઇના કામમાં આગળ વધનાર", "બુરાઇ સાફ કરનાર" એમ રાખવામાં આવ્યું હોય એ બનવાજોગ લાગે છે. ફ્રરામજ઼નું નામ અવસ્તામાં મળતું નથી છતાં "ફ્રામજ઼"[1] શબ્દ અવસ્તા ભાષાનો છે અને તેના કાર્યો ઉપરથી તેનો અર્થ તદ્દન બંધબેસ્તો લાગે છે. બેશક તેણે બુરાઓને પાપથી મુકત કરી પવિત્ર કીધા હતા. તે આગલા સઓષ્યંતોની માજ઼દયસ્ની દીનનો ફેલાવો કરનાર એક સાચો મિશનરી–ધર્મોપદેશક હતો. તેણે ઇરાન સરજ઼મીનની કીર્તિ પારકા દેશોમાં પુષ્કળ વધારી હતી.

ફ્રરામજ઼નું ઉત્તમ ચારિત્ર.

ફ્રરામજ઼ની આખી કારકીર્દી દરમ્યાન તેનામાં ઘણા ઉંચા સદ્‌ગુણો જોવામાં આવે છે, અને તેનાથી એક પણ બુરૂં કામ થયલુ આ નામામાં આપણા જોવામાં આવતું નથી. તેની ચાલચલણમાં એક

---

૧ "ફ્રામજ઼" શબ્દ અવસ્તાનો ઉપસર્ગ "ફ્રા" અને ક્રિયાપદના ધાતુ **મર્જ઼** અથવા **"મરેજ઼"** એ બે શબ્દનો બનેલો છે. "ફ્રા" એટલે પુષ્કળ, ઘણું, અથવા "આગળ વધતુ" (forward) અને **મર્જ઼** એટલે "સાફ કરવુ", "પવિત્ર કરવુ" "ખરાબી તોડવી" એવો અર્થ થાય છે. આ બે શબ્દોનો સામટો અર્થ "ઘણું પવિત્ર કરવુ અથવા પવિત્રાઇના કામમાં આગળ વધવું, બુરાઇને ઘણીજ સાફ કરવી" વિગેરે અર્થો થાય છે. ફારસીમાં તેને "ફ્રરામજ઼" એટલે "કિલ્લાનો રક્ષક"—the keeper of fortress કહ્યો છે.

ચીજ જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે એ છે કે તેના પિતા જેહાં પેહેલવાન રૂસ્તમની માફક તેનામાં ખાકસારી અને નમનતાઇના સદગુણો જોવામાં આવે છે. પોતાનાં અદ્ભુત બળ સાથે લડાઇના હુન્નરો તેમજ ઘોડે સ્વારી અને તીરઅંદાજીમાં પ્રવીણ હોવા છતાં તેનામાં જરા પણ અભિમાન નહિ હતું. ગમે તેવી ભયંકર લડાઇઓ જીતવા છતાં ફત્તેહ આપનાર તે પાક યજદાનનેજ માનતો હતો અને પોતાને એક કમીનો, કમજોર, ખાકસાર બંદા તરીકે ગણતો. પાક અહુરમજદ તરફની ફિદાગીરી અને જાનફેશાની તેમજ તે સાહેબ ઉપર તેનો અખંડ વિશ્વાસ એ સર્વ એવાં તો અચુક હતાં કે બીઆબાન જંગલોમાં, ભયંકર ગુફાઓમાં, દુઃખદાયક પ્રદેશોમાં, દેવો, જાદુગરો અને હબશીઓ સાથના મહાભારત જંગોમાં, લડાઇના મેદાનમાં તથા જબરદસ્ત દુશ્મનોની વચમાં તેમજ પાદશાહોની દરબારમાં તથા શાદી અને રામશનીની ખુશ મીજલસમાં વગેરે ગમે તેવા સારા યા ખરાબ પ્રસંગે તે પાક યજદાનનીજ ઉપર સંપૂર્ણ યકીન રાખી, તે સાહેબનીજ યારી અને મદદને માટે મોનાજાત કરતો વારે ઘડીએ આપણે તેને જોઇએ છીએ. તે ઘણો સાદો હતો. તેના સદગુણો, હુનરો અને ખુબીઓજ તેનો ખરો શણગાર હતો. આ દુનિયામાં નેકનામી રહી જાય તેને માટે તેણે ભારે રંજ ખેંચી હતી. આ ખાકી દુનિયાની માયા, લોભ, મોહ, મોજમજાહ અને એશઆરામ તરફ તેને નાનપણથીજ ઘણો અભાવ હતો. કંઇપણ દુનયવી બદલાની આશા વગર પોતાના પવિત્ર મઝહબ, પ્યારાં વતન અને ભલા પાદશાહોને બિનસ્વાર્થી સેવાઓ તેણે અર્પણ કરી હતી.

ફરામર્જ જરતોશ્તી હતો કે?

પહેલવાન ફરામર્જની જીંદગી ઘણી લાંબી હતી. પાદશાહ કએકાઉશના વખતમાં તેનો જન્મ થયો અને પાદશાહ બમનના વખતમાં તેનો અંત આવ્યો. તેની જીંદગીની અધવચમાં પાદશાહ કએ ગુશતાસ્પના વખતમાં પએગામ્બર સાહેબ અશો જરતોસ્ત જાહેર થયા અને

આખી ઇરાની સલતનતમાં જરતોસ્તી દીનનો ફેલાવો થયો. આપણે જાણીએ છીએ કે ફ્રામર્જ આગલા સઓષ્યંતોની દીન ઉપર ફિદા હતો, તેથી કદાચ તેણે જરતોસ્તી દીન કબૂલ કીધી નહિ હોય કારણ કે ફ્રામર્જે જરથોસ્તી દીન કબૂલ કીધાનું કેહે પણ લખાણ આપણને મળતું નથી. કેટલાક અભ્યાસીઓ તરફથી ખુદ જોદ્ધા પેહેલવાન રૂસ્તમને માટે પણ શક લઇ જવામાં આવે છે કે તે જરતોસ્તી હતો નહિ, કારણ કે અવસ્તામાં તેનું નામ આપણને મળતું નથી, તેમજ ફરવરદીન યસ્તમાં જે અશો નર નારીઓના પવિત્ર ફરોહરોની આરાધના કરવામાં આવી છે તેમાં રૂસ્તમનું નામ જણાતું નથી, પણ રૂસ્તમે જરતોસ્તી દીન કબૂલ કીધી હતી એમ ફીરદોસી કહે છે. પોતાના સાવકા ભાઇની દગલબાજી અને કાવત્રાંથી રૂસ્તમ જ્યારે મરણ પામે છે ત્યારે ફીરદોસી તેના મુખમાં નીચલા શબ્દો મુકે છે.

"હમાન્ રાહે પયઘમ્બરો દીને તૂ
પજીરફ્તમો રાહો આચીને તૂ
ચુ દારમ્ રહે દીનો આચીને પાક્
રવાનમ્ કુનૂન્ ગર્ બરૂ આયદ્ ચે બાક્"

યાનેઃ—"તારા પયગામ્બરનો માર્ગ અને તારી દીન તેમજ તારી રાહરવેશ અને કાયદા એ સઘળું મેં કબૂલ કર્યું છે. જ્યારે તારી પવિત્ર દીનનો માર્ગ અને તારીજ રાહરસમ હું ધરાવું છું ત્યારે હવે જો મારૂં રવાન ગુજર પામશે તો તેની મને શું ફીકર છે?"

ઉપલી ફીરદોસીની બયતો ઉપરથી ખુલ્લું જણાય છે કે રૂસ્તમે જરતોસ્તી દીન કબૂલ કીધી હતી અને એક જરતોસ્તી તરીકેજ તે ગુજર પામ્યો હતો.

હવે આ નામાં ઉપરથી આપણને જણાય છે કે ફ્રામર્જ પોતાનાં પિતા રૂસ્તમનો એક સાચો ફરમાનબરદાર બેટો હતો. ત્યારે તેણે પોતાના પિતાને પગલે ચાલી જરતોસ્તી દીન કબૂલ કીધેલી હોવી જોઇએ. અજબ

જેવું છે કે રૂસ્તમ, ફ્રામર્જ તેમજ જાલના ખાનદાનના કોઇપણ પેહેલવાનોનાં નામો તુરાની પાદશાહ અરજાસ્પ સાથે થયલી દીનની પવિત્ર લડાઇમાં જોવામાં આવતાં નથી. કદાચ બનવાજોગ છે કે પએગમ્બર સાહેબ અશો જરતોસ્તના એક ખરા શાગેર્દ અને ઇરાની પ્રજાના માનીતા શાહજાદા અસ્પંદયારનું મરણ રૂસ્તમને હાથે થયું હતું તેથી તે જમાનાના ઇતિહાસ લખનારાઓએ અસ્પંદયારનાં મરણથી ક્રોધના આવેશમાં રૂસ્તમ તરફ તિરસ્કાર બતાવી તેનું તેમજ તેના ખાનદાનના પેહલવાનોના નામો પોતાના ગ્રંથમાં લખ્યાં નહીં હોય, અને ફીરદોસીને તે વિષે કંઇ પણ હકીકત નહિ મળી હોય.

પહેલવાન ફ્રામર્જની હિંદુ દંતકથાના એક યોદ્ધા પરશુરામ સાથે સરખામણી:

જાણીતા પારસી તવારીખનવેશ શેઠ પાલનજી બરજોરજી દેશાઇ પોતાના એક લખાણમાં હિંદુ દંતકથામાં જણાયલા **પરશુરામ** નામના એક મોટા યોધ્ધા સાથે ફ્રામર્જની સરખામણી કરે છે. એવું કહેવાય છે કે પરશુરામે પૃથ્વીપરથી જુલમગાર ક્ષત્રિઓનો એકવીસવાર નાશ કર્યો હતો. પરશુરામ અને ફ્રામર્જના પરાક્રમો ઘણીજ અજાયબ રીતે મળતાં આવે છે, અને વળી ફ્રામર્જે ઘણાં વર્ષો સુધી હિંદુસ્તાનમાં ઘણી લડાઇઓ કરી ભારી નામના અને કીર્તિ મેળવી હતી. એક સ્થળે તેના ઘોડાની ગોળ નાળ પડેલી મળી આવવાથી તે જગાનું નામ "નારગોળ" પડયું હતું! આ નામામાં જણાવ્યા મુજબ હિંદુસ્તાનના કેટલાક મુલકોને દેવો, જાદુગરો, અઝદાહો, ફાડી ખાનારાં ભયંકર જાનવરોનાં ત્રાસથી ફ્રામર્જે બચાવી તેઓનું રક્ષણ કરી ત્યાં સારી રાજ્યવ્યવસ્થા કરી હતી, તેથી બનવાજોગ છે કે ફ્રામર્જનું નામ અને તેનાં પરાક્રમોનાં વર્ણનો હિંદુ દંતકથામાં લખાયાં હોય. વળી ભાષાશાસ્ત્ર (Philology) અને શબ્દ–ઉચ્ચારનાં એકસરખાં મળતાપણાંના કાયદા (Euphony) ને આધારે ફ્રામર્જ શબ્દમાં વપરાયલા અક્ષરોને જુદી જુદી રીતે ફેરવીને લખવાથી 'પરશુરામ' શબ્દ નીકળી શકે છે. ગમે તે હોય પણ ફ્રામર્જ

તેજ પરશુરામ છે એમ આપણે સત્તાવાર રીતે કહી શકતા નથી, જો કે ફ્રામર્જ હિંદુસ્તાનનો પાદશાહ હતો એમ કેટલાક લખનારા કહી જાય છે એના દીકરા જેહાંબક્ષને તેના દુશ્મનો "હિંદુ" કહીનેજ બોલાવતા. ફ્રામર્જની હિંદુસ્તાનની લડાઇઓ ઉપરથી માની શકાય કે આગલા ઇરાનીઓનો હિંદુસ્તાન સાથનો સંબંધ ઘણાંજ પૂરાણા કાળનો અને કેટલો બધો નિકટ હોવો જોઇએ.

ફ્રામર્જનું મરણ!

ફ્રામર્જના મરણનો બનાવ ફારસી ફ્રામર્જ નામાની નકલોમાં મળે છે, પણ આ ગુજરાતી તરજુમામાં તેનાં મરણનું પ્રકરણ આપવામાં આવ્યું નથી. શાહનામા અને બહમન નામામાં તેનાં મરણની હેરફેર નોધ મળે છે.

જેહાં પેહલવાન રૂસ્તમના ગુજરવા પછી થોડે વખતે પાદશાહ બહમને અસ્પંદયારના કીનામાં જાલના આખાં ખાનદાનનો નાશ કરવાનો ઠરાવ કરી તેણે એક ઘણુંજ મોટું જબરદસ્ત લસ્કર તૈયાર કરી સીસ્તાન અને જાબુલ તરફ કુચ કીધી. ફ્રામર્ઝને આ ખબર મળતાંને વારજ તે તુરત હિંદુસ્તાનથી જાબુલ દોડી આવ્યો અને પોતાનાં લસ્કર સાથે શાહ બહમનની સામે ગયો. શાહનામા મુજબ એક ભયંકર લડાઇ થઇ. પહેલવાન ફ્રામર્જની સામે આ વખતે કુદરતી સંજોગો ઉલટાઇ ગયા હતા. તેનાં કમનસીબે એક તરફથી તેનાં વફાદાર પહેલવાનો નાહાસી ગયા, બીજી તરફથી પવનનો એક એવો સખત વંટોળીઓ ફ્રામર્જની તરફથી નીકળ્યો કે જેથી તે ગુંગળાઇ ગયો, અને ત્રીજી બાજુથી પાદશાહ બહમનનાં લશ્કરે હજારો તીરોનો વરસાદ તેની ઉપર વરસાવ્યો, તેનાં આખા શરીરના બધા અવયવો વિંધાઇ ગયા તોપણ તે એકલો છેવટ સુધી બહાદુરીથી લડયો કારણ કે "ફ્રર્જન્દે શીરાંન બૂદો શીર બૂદ" યાને "તે સિંહોનું ફ્રરજંદ હતું અને પોતે પણ સિંહજ હતો." છેવટે તેને પકડી જીવતો શળીએ ચઢાવી મારી નાખ્યો. ફ્રામર્જના મરણની હકીકત ઉપર મુજબ ફીર-

દોસી આપે છે, પણ બહમનનામાનો લખનાર તે વિષે લગાર જુદી વીગતો રજુ કરે છે. આ બહમનનામા મુજબ ફ્રરામર્જને મારી નાંખવામાં આવ્યો નથી, પણ દુશમનો સામે ઘણી મજબુતાઇથી ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી તેણે લડાઇ કરી તેઓની પુષ્કળ કાપાકાપી કીધી જેથી તે થાકી ગયો, પુષ્કળ જખમો થવાથી તેના શરીરમાંથી ઘણું લોહી ગયું હતું જેથી તે નાકૌવત થઇ ગયો અને તેને ચકર આવતાં એક પથર ઉપર તે બેસી પડયો અને દુશમનોના હાથ ઉપર મરણ પામવાની અપકીર્તિમાંથી બચવા માટે તેણે પાક યજદાંનની સેતાયશ કરી પોતાનું મોત માંગ્યું જે તેને તુરત મળ્યું. તેનું રવાન તેના તનમાંથી નીકળી ગયું. પાદશાહ બહમને તેનાં આ મુવેલાં શરીર સાથે ઘણી નાલાયક ચાલ. ચલાવી, પોતાનાં એક ગોલામ પાસે તેના હાથ બંધાવી તેનાં પીલતન જેવાં શરીરને ફ્રાંસીને લાકડે ચઢાવ્યું. આવો ગજબ જોઇ સર્વ જણાએ પાદશાહ બહમન ઉપર લેઆંનત નાંખી. પછી હકીમ જામાસ્પે તેનાં શરીરને સાફ કરી, ઉંચી ખુશબોથી ભરેલાં કપડાં પહેરાવી એક કીમતી જવાહેરથી મઘી લીધેલાં તખ્ત ઉપર મુકી કદીમ રેવાજ મુજબ તેને દોખ્મેનશીન કીધું.

આ લડાઇમાં રૂસ્તમની જવાંમર્દ અને શૂરવીર બેટી બાનૂ ગોશસ્પ પણ પોતીકા બાપીકા મુલકનાં રક્ષણ માટે, અને પોતાના પ્યારા ભાઇ ફ્રરામર્જ જેને તેણીએ બચપણમાં ઘણા વહાલથી ઉછેર્યો હતો તેની જીંદગી બચાવવા માટે પાદશાહ બહમનના લશકરની સામે સરોબર બહાદુરીથી લડી હતી, પણ પોતાના ભાઇની આવી કફોડી હાલત જોઇને ગમે તેવી બહાદુર હોવા છતાં આખરે તેણી એક બાનૂજ હોવાથી તેણીનું હૈયું એટલું તો ભરાઇ આવ્યું કે જેથી તેણી નાહીમત થઇને આખરે હાર ખાઇ ગઇ હતી એમ જીનતુલ તવારીખનો લખનાર કહી જાય છે.

અફ્રસોસ! આવા એક જાહોજલાલીભર્યા, કીર્તિવંત બહાદૂર પહેલવાન, અને કયાંની શાહનશાહોનો માનીતો વફાદાર સેવક જેણે પોતાની

સર્વ શકિત ઇરાનના હિતાર્થેજ વાપરી હતી તેવા એક મહાન દેશભક્ત નરનો અતિ દુ:ખદાયક અંત આવ્યો.

ફ્રામર્જના ચાર છોકરાઓ હતા. સામ, તોખારે, આદરબુરજીન અને જેહાંનબક્ષ જેઓનાં બહાદુરીભર્યાં પરાક્રમો વિષે ફ્રામર્જ નામામાં કશું વર્ણન નથી, પણ બીજાં નામાઓમાં અને ખાસ કરીને બરજો નામામાં તેઓની બહાદૂરીનાં છુટાં છવાયાં દાસ્તાનો મળે છે. જેહાંબક્ષની બહાદૂરી અને પરાક્રમો માટે ખાસ "જેહાંનબક્ષ નામું" લખાયલું છે. બહમનનામાના લખનાર મુજબ ફ્રામર્જના બેટા આદરબુરજીને પોતાના બાપના કીનામાં પાદશાહ બહમનને મારી નાંખ્યો હતો પણ ફીરદોસી તેમજ બીજા લખનારાઓ તે માટે કશું જણાવી ગયા નથી.

ફ્રામર્જના મરણ સાથે જોડાયલી જગ્યા.

કર્નલ સાઇકસ ઇરાનની મુસાફરીના પોતાનાં પુસ્તકમાં જણાવે છે કે કેરમાનથી કુહક જતાં દારજીન નામની જગ્યા આવે છે જ્યાં એવું કહેવામાં આવે છે કે પહેલવાન ફ્રામર્જને પાદશાહ બહમને ફાંસી દીધી હતી. આ જગ્યાનું અસલ નામ "દાર જનાન" યાને 'ફાંસીને લાકડે ચઢાવવું' એવો થાય છે તે ઉપરથી ફેરવાઇને હાલમાં એ જગ્યાનું નામ દારજીન પડયું છે.

છેવટનો સાર.

કદીમ જમાનાના ઇરાનીઓની જાહોજલાલી અને કીર્તિને જગઆશ્કારા કરનારાં અનેક નામાંઓમાં આ ફ્રામર્જ નામું પણ એક છે અને તે બીજાં નામાઓની માફક પહેલવી પુસ્તકોને આધારેજ લખવામાં આવ્યું છે. તેનો લખનાર એક ઇસ્લામી હોવા છતાં તેમાં જરતોસ્તી દીનની ફીલસુફીનાં તત્વો અને પહેલવીમાં લખાયલી "અન્દર્જ" યાને શિખામણો–બોધવચનો (admonitions) ને મળતાં આવતાં નીતિવચનો દાખલ કીધાં છે જે બતાવી આપે છે કે આ નામું આપણાજ ઇરાની વડવાઓએ લખેલા ઇતિહાસ અને દંતકથાને આધારે બનાવવામાં

આવ્યું છે, જેમાં લખનારે પોતા તરફથી કશું ઉમેર્યું નથી. જો કે તે અસલ લખાણનો માત્ર પડછાયો છે છતાં તે ઘણું ઉપયોગી છે.

આપણી પાસે આપણાં વડીલોના મહાન કામો દર્શાવનારા ગ્રંથો ગમે તેવી ભાંગી તુટી હાલતમાં હોય તોપણ તે આપણી અમૂલ્ય મીરાસ છે, જે કિંમતી જવાહીરોના અખુટ ખજાના સાથે સરખાવી શકાય. આપણે કોણ છીએ, કઇ મહાન, કીર્તિવંત, તેજસ્વી, અને પવિત્ર પ્રજાના વારેસો છીએ તેનું સાચું ભાન કરાવી તેઓ આપણા રોમેરોમમાં અને અણુએ અણુમાં ખરૂં પારસી–જરતોસ્તીપણું જાગૃત કરે છે; માટે આપણ જરતોશ્તીઓએ આપણાં પોતાના પૂર્વજોના ઇતિહાસથી વાકેફગાર થવુંજ જોઇએ, અને જો આપણે તેમ નહિ કર્યે તો આપણું પારસી જરતોસ્તી હોવું વ્યર્થ છે.

છેવટે, હાલના આપણાં કોમના નબળાં અને સુસ્ત જીવનમાં ખરો કોમી જુરસો, ઉત્સાહ અને જોમ ઉશ્કેરી આપણા અસલ માદર વતન ઇરાન તરફ ખરી વફાદારી, પ્રેમ અને વતનપરસ્તી (patriotism) ખીલવવા માટે શેઠ માણેકશાહ જહાંગીર કરાણીએ અસલી ઇરાની પહેલવાનોનાં નામાઓ ફરીથી છપાવી પ્રગટ કરીને આપણી કોમની એક વખતસરની અગત્યની સેવા બજાવી છે, જે માટે તેવણ સાહેબને હું ખરા અંતઃકરણથી મુબારકબાદી આપું છું, અને ભવિષ્યમાં બીજાં નામાઓ એવણ તરફથી પ્રગટ થયલાં જોવાની આશા રાખું છું.

પાયન્દે બાદ ઇરાન!

રૂસ્તમ દસ્તુર દીનશાહ.

☞ નવી બીજી આવૃતિ બાહેર પડી છે.

રૂસ્તમ નામું

—:o:—

જેહાં પેહલવાન રૂસ્તમનાં પરાક્રમોનો રસીલો હેવાલ
શાહનામાંને આધારે

રચનાર—શમ્શ-ઉલ-ઑલમા ડૉ. જીવનજી જ. મોદી, બી. એ.

શાહનામાનાં સર્વ દાસ્તાનોમાં રૂસ્તમ પેહલવાનનો વિભાગ ઘણી અગત્યની જગ્યા લે છે. આગલી ઇરાની જાહોજલાલીમાં જેહાં પેહલવાને જે તારીફલાયક ભાગ ભજવ્યો છે તેનું તવારીખી સહાદત સાથનું આ "રૂસ્તમ નામું" આગળી ઇરાની પાક દયાનત, પરમાર્થ અને સખી તબેહની ગવાહી આપશે. જરથોસ્તીઓમાં જ્યારે પોતાનાં માદરવતન ઇરાન તરફ હાલ વધુ ધ્યાન ખેંચાતું જાય છે, તેવે વખતે પોતાના અસલ બાપદાદાઓની જાહોજલાલીનો ચિતાર આપતું આ પુસ્તક દરેક જરથોસ્તી વાંચી પોતાનાં પૂર્વજો માટે ઘણું નવું જાણશે અને જુવાનો માટે તેઓની Character ખીલવવા માટે સાંધનરૂપ થઇ પડશે. શરૂઆતમાં લગભગ ૩૪ સફાની પ્રસ્તાવનામાં એના વિદ્વાન લેખક ઘણુંક અજવાળું નાખે છે. સામટી રીતે લેતાં આ પુસ્તક દરેક જરથોસ્તી બાનુ તેમજ ગ્રહસ્થ અને ખાસ કરી જવાન વર્ગના હાથમાં જરૂર મુકવા જેવું છે.

કીંમત રૂપ્યા બે.

અર્દા વિરાફ નામું

---:o:---

તે સાથે "ગોશ્તે ફરયાનો," "હાદોખ્ત નુશ્ક," અને "એકવીસ નુશ્ક" એ ત્રણ કેતાબો સાથે આપવામાં આવી છે.

આદમ જાત હર પળે કાંઇ ને કાંઇ ગુનાહ કરે છે, જેનો ભલો યા બુરો નતીજો મિનોઇ જેહાંનમાં કેવો મળે છે તેનો હેવાલ.

"અર્દા વિરાફ નામુ" આપણને જે મૂખ્ય ધડો આપે છે તે એજ કે કોઇબી જાતના ગુનાહ કરવાથી પરહેજ રહેવું, કારણ કે દાદગર દાદારની દરગાહે ઇનસાનનું દરેક નાનામાં નાનું સારૂં યા બુરૂં કાર્ય નોંધાય છે અને હરેક સારાં કામ માટે બેહેસ્તની ખુશહાલી તેમજ દરેક બુરાં કાર્ય માટે દોજખની હલાકી મુકરર કીધી છે. હરેક નાના ગુનાહ માટે પણ નતીજો મુકરર છે તો દરેક ઇન્સાન કોઇબી જાતના ગુનાહથી બાઝ આવી બની શકે એટલી નેક જીંદગી ગુજારશે તો મિનોઇ જેહાંનમાં બેહેસ્તની ખુશાલી હાંસલ કરશે.

"ગોશ્તે ફરયાનો" માં અખ્ત જાદુગર સાથના સવાલ જવાબો ધડો લેવા લાયક છે. "હાદોખ્ત નુશ્ક" માં અશેમ વોહુની બંદગીની મોટાઇ વિષે તથા બીજી જાણવાજોગ ધર્મ સંબંધી બાબદોનો ખુલાસો છે. વળી "એકવીસ નુશ્ક" જેમાં બુલંદ જરથોશ્તી ધર્મની તેમજ દુન્યાદારીના સર્વે બાબદો હતી તેની વિગતો આપી છે—

કિંમત રૂપેયો એક.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પુસ્તક વેચનાર તથા પ્રગટ કરનાર,

પારસી બજાર, કોટ, મુંબઇ.

ફરામર્ઝ નામું.

દીબાચો.

પાક યઝદાંનતાલા જે ખાકી, આબી ને આતશીનો પેદા કરનાર, જે બેશુમાર જાતી ને સીફાતી નામ નિશાનોથી આ ફાની આલમમાં બંદગી ને કેબલામાં મશહુર છે. ખાકસારને ખાકમાં ને આબસારને આબમાં ને બાદશાહને બાદમાં રોજી ને રૂપ બક્ષનાર છે. ખલકની રેહનુમાઇ તેને દસ્ત છે અને નેકી ને અશરારીના કેરદારો તેની પનાહમાં સર પટકી પડેલા છે. તે બારેતાલા કુલ ફીરેસ્તાઓનો સાહેબ, કુલ આદમીંઓનો સાહેબ, કુલ મખલુકાતની કુલે પેદાએશનો સાહેબ આ ફાની જેહાનનો કારોબાર એવા તો ભેદ ને પરદાથી ચલાવે છે કે દાનેશમંદો હરગેજ તેને રજમાં રજ જેટલા પણ સમજી શકયા નથી, બલકે ફીરેશતાઓ તેના ભેદમાં અટવાય છે. તે ગેબી દાદગરે જમાનાના જમાના પોતાની કુદરતને સ્વાધીન તાબેદારીમાં મશગુલ ચલાવ્યા છે; આગળા જમાના જેની તવારીખ આપણા જમાનામાં છુપાયલી ને ભેદમાં ઘેરાયલી છે, તે જમાના તે સાહેબની હજુર એક નિર્જીવ ખીસાલે કમરબંદ કસી મોજુદ છે, જે આદમની અકલ ને સર ફેરવે એવી બારીકી છે તે તે બુઝર્ગ સાહેબની જનાબમાં તેના હોકમ મુજબ ફરે છે. તે એવો સાહેબ છે કે જેને કોઇ કાબેલ કે કાબેલો, ફીલસુફ

કે ફીલસુફો તળ માત્ર પણ પોહોંચનાર નથી. ગમે એવી બંદગી ને પહરેજગારી તેની રાહમાં સર મેલી તેને પામવામાં ગોયા ખામ ને બેફામી છે. તે એવો એજમતી નુર-ઉલ-અનવાર કે જેની એક પડતી વીજળીના તેજ ચમકારામાં આ જેહાન ને આ જેહાન જેવી બીજી કંઇક હસ્તી સેહજવારમાં ખાક ને નાબુદ થઇ તેની તાબનો સીક્કો આશકારા થાય, તોપણ તે નુરી સાહેબ કુળ નુરોનો નુર, પોતાની બક્ષેશના જોર ને પ્રતાપમાં કુળ ખલકત જાનદાર કાયમ રાખી મેહરબાન કહેવાય છે. ખાકસાર બંદા ને મેહરબાન ખાલેકના નામ ઉપર તું સદા મુસ્તકીમ રહે; તેનાં નામ ઉપર બંદગીના પાક કલામ ફીદા કરી તારી ફરજ અદા કર, કેમકે જેહાન એક પળનો સોહોલો છે અને ખાકી જાનદાર તે સોહોલાનું ગોયા હીધન છે.

શાહેરી ને શાહેરની તારીફમાં.

શાહેરી ગોયા ગુજરી ગયલા જમાનાની જીવતી ને તોરભરેલી અમર તવારીખ છે. તે તવારીખ તારીફ કે બદગોઇ, જવાંમર્દી કે નામર્દી, ખુબસુરતી કે બદસુરતી, વફાદારી કે બેવફાઇ, તવાજો કે ગરૂરી, હોશીયારી કે હરામખોરી વગેરે માહ મોતેબર સબકો છે, તે સબકો ને સરહાગાતની હસ્તી ઉપજાવનારો, ખુદાઇ કુદરતી શકતી અને બખ્ક્ષેશવાળો અકલનો ખજાનો ધરાવનાર શાહેર છે. તેનું મગજ મખલુકાતની એક પળમાં મુસાફરી કરી આવી તેના જીગરનું તેજ જુસ્સા ભરેલું આશકારા કરનાર એક સાંધણુ છે. તેનો દસ્ત પનોતો છે, જે પોતાના સંબંધમાં સાહેરીના લખાણુ ધરાવે છે. તેનું દીલ જે નામદારીવાલા ને જોર ભરેલા ચુનંદા તેજ જંગીઓની સીફત ને તવારીખ લખવાને ઉશ્કેરાય છે તેથી બેહદ નેક ને લાયકીવાળું છે. તે બદી ઉપર સખ્ત

પોકાર ને ફર્યાદ ઉઠાવે છે, તે શકતીની તારીફ ને મોહબત ગાય છે તેટલા વાસ્તે તે શાહેરને આપણે તાજુબીયતથી વાંચ્યે છીએ. દાનાઇ તે જાબજા વીખરી દેઇ નાદાન્યતનો દુશ્મન થઇ રહે છે. હીકમત ને તદબીર તેના પાયા છે અને હેમકાઇનો તે હમેશાં હરીફ છે. શાહેર આ જેહાનમાં ગોયા એક ખુશબો ભરેલો ગુલાબ તેના તમામ તોર, રંગ, રોબ ને શોભા સાથ એક નવું ચમન જનમ આપનાર જેવો છે. તે મુએલાઓને અકલની ચશમથી હૈયાત કરનાર અમર ખુશબો ધરાવનારો ગોયા કરામતી ઇનસાન છે, જેનાં મગજમાં ગુજરેલા જમાનાનું સંગ્રહસ્થાન સમાયું છે, તે તે માહ કળા ને ખુબીથી ઇંતેજાર આલમને દેખાડવાને અમર શાહેરીના પ્રતાપથી ફતેહ પામે છે. હંમેશાં કાયમ રહો એ અમર શાહેરી અને શાહેર.

ફરામર્ઝ નામું બનવાનો સબબ.

——:o:——

ફરામર્ઝ નામાનો બનાવનાર શાહેર અબુતાહેર તરસુસી એ મીસાલે આ દાસ્તાનના બાબમાં કહે છે કે દાનાઓનો આ પાકો કોલ છે કે જે કાંઇ અકલની તવારીખ ને જવાંમરદીની હકીકત જાણ્યે તે આલમને જાહેર કર્યે કે આદમજાત તે અકલ ને જવાંમરદીનાં દાસ્તાનો ને હકીકતો જાણી અકલ ને તરીકાથી પોતાનો વેહવાર ને કામ લે તો તેઓ બંને જેહાન ખુશી ને રામશની પામે. ઓ બે દીનના મુસાફર બંદા! તું તારી નેધાહ પોહોંચાડી આ જેહાન દરમ્યાન જો કે નાગના ઉઠાવનાર ને શમશેરના મારનારા કયાની પાદશાહો ને પહેલવાનો કયાં ગયા? જેહાં પહેલવાન રૂસતમ ને જોરેમંદ સોહોરાબ જેઓના દસ્તમાં જેહાન જેમ બાઝના પંજામાં ચકી તેમ ગીરફતાર રેહતી હતી, તે નામદારો તો નહીં રહ્યા પણ તે નામદારોનાં નામદારી તથા સખાવતભરેલાં

કામના દાસ્તાનો રસ્તાખેજ સુધી યાદગાર રહેશે. જે જંગી નામદારોએ આગળા જમાનામાં જેહાનને જીરજબર કરી જેહાંગાર ને પલીદ મરદુમ આજારોને ફના કીધા છે, તે તમામ નામદારોમાં નામનો ઉઠાવનાર પહેલવાન ફરામર્ઝ એક જોરેમંદ ને ફતેહમંદ કહેવાય છે. તે નામદાર પહેલવાનનું નામું લખી મારૂં નામ જેહાનમાં રોશન કરૂં! હું એક કમીનો બંદો ગુનાહ ભરેલો છું. અગર જો તે મુબારક પેહલવાનનાં દાસ્તાન જોડી જેહાનને તે નામદારનાં જંગને જવાંમરદીની જાણ કરૂં તો મને યકીન છે કે મારાં નામની યાદગારી જેહાંનમાં હમેશાં રહી જશે અને મારા ગુનાહમાંથી મને ખલાસી મળશે. મારા નેક ને બુઝર્ગ ઉસ્તાદ શાહેર ફીરદોશીએ માહા જેહમત ને રંજ ખેંચી કયાની શાહાનશાહો ને પહેલવાનોનું શાહનામું બનાવી જેહાનને તાજુબ ને હેરતમંદ કરી. મારા અતલગના ખેશી, બુઝર્ગ શાહેર અતાઇએ પેહલવાન બરજોની જવાંમરદી ને જંગોનું દાસ્તાનનું નામું બનાવી આલમમાં પોતાનું નામ આશકારા કીધું, તો હું તે મોટા શાહેર ફીરદોશીનો ચેલો ને શાહેર અતાઇનો બરોબરીઓ, તેને મલતો યારીનો કરનાર અને તેનાં શરૂ કરેલાં બરજો નામામાં ઘણાએક ખેતો બનાવી મદદનો આપનાર કેમ સુસ્ત રહું? એ ખ્યાલે મેં આગળ ને પાછળા દાસ્તાનની સરજમીન ફરી વળી નવી કેતાબનો ખજાનો મેળવ્યો અને ફરામર્ઝ નામું શીરીન દાસ્તાનોથી રચ્યું છે.

હેકાયત લખી છે જે તેહમતન રૂસ્તમે પોતાના બેટા ફરામર્ઝને જોઇ સોરાબ પેહેલવાનનો ગમ કમી કીધો તે દાસ્તાંન

—:o:—

પેહલવાન સોરાબનું જીગર ફાડીને નાઉમેદ થયલો જેહાં પેહલવાન રૂસ્તમ તે શેરશાની બેટાના ગમમાં એટલો તો ગીરફતાર રેહવા લાગ્યો

કે તે નામદારે શેહેર જેહાન તરક કરી જંગલ બીયાબાનમાં વાસો રાખ્યો હતો. રાત દીન તે નામદાર બખ્તર ને હથ્યાર વગર એક જંગલી ફાડી ખાનારા નરે શેર મીસાલનાજ અવતારે રહી પોતાના નાલાયક કામ ઉપર અફસોસ ખાઇ ગમ ખેંચી બસ "સોરાબ સોરાબ" તે નામદાર પોકાર કહાડયા કરતો હતો. આ રવેશના તેહમતનના કારી ગમનો દારૂ જાલેજર ઢુંડતો હતો તે દરમ્યાન તે નામદારને ખુબ-સુરત ને જમશેદ મીસાલના ઝળકાટવાલો બેટો રોહનતન રૂસતમને ત્યાં પેદા થયાની ખબર થઇ; તે બેટો તેડાવી જોય છે તો તેની સીકલ સુરત આબેહુબ જેહાંપેહલવાનને મળતી તથા કદમાં આબેહુબ સોરાબજ ફરી નવા અવતારમાં મસ્તાન તનનો પેદા થયો હોય, એવો નેક•ને હરના મુખનો તે બેટો હતો. જાલેજરે આ રોશન રોનક ને તબેહના બેટાનું નામ ફ્રામર્ઝ કરી રાખ્યું. તે બખતાવર ફરઝંદ સર્વેના જોવામાં આવ્યું ત્યારે સર્વેએ દુવાના દસ્ત આસમાન તરફ ઉંચા કર્યા અને બારે હકતાલાની સેતાયશ પઢયા પછી જંગલ બિયાબાનથી જેહાંપેહલવાનને ઢુંડી કાઢી સામેસવારના મેહેલમાં તે નામદારને એક નેઘાહ તે ફરઝંદ દેખાડી તે નામદારને સોરાબનો ગમ ફરામોશ કરવાને અરજ ગુજારી. જેહાંપેહલવાન રૂસ્તમે એક ફરેસ્તા સુરત ફરઝંદ, જે કદ ને બાજુમાં શેરને તક્કર મારે ને શીકલ શીકામાં આબેહુબ સામે-સવારજ તે જોઇ તે નામદાર તાજુબ થયા. તે બેટાની ઢપછપ ને તોર તમામ નામદાર સોરાબને મળતો બલકે સોરાબજ નવા અવતારમાં ફરી આ જેહાનમાં પેદા થયલો હોય એવો ખ્યાલ લાવી તે જેહાંપેહ-લવાને પોતાના આગના ગમનો જાહેર દેખાવ મોકુફ કરયો. તે નામદારે ફ્રામર્ઝના દીદાર જોઇ સોરાબના દીદાર જોવાની ઉમેદ તે બેટામાં સમાવી દીધી. તે બખ્તાવર તાલેનો બેટો દર દિવસે વરસ જેટલો ઉઘ-રવા લાગ્યો. તે પાંચ વરસનો થયો ત્યારે લડાઇગાહ ને જંગ ને હથી-આર ને દોડધામ શિવાય બીજી તેની રમત હતી નહીં. તીર ને ચોગાન દડી તેની એવી તો હોંશ ભરેલી રમત હતી કે તેના જેવી ઝડફ ને

તેજીથી તીર મારવામાં ને ચોગાંન દડી ખેલવામાં કોઇ પેહલવાન આવી શકતો નહીં. આ ઉમરે તે એક શેર મીસાલે મસ્ત ને અનાર મીસાલે ચેહરામાં ખીલી રહયો હતો. તે તનમાં એવો તો ઉધરભાવ પામ્યો હતો કે તેને જોતાં વારજ મસ્ત હાથી લરજો પામતો હતો. તે બાલક દસ વરસની ઉમરનો થયો ત્યારે તે કદમાં ઘણોજ બુલંદ મસ્ત હાથીજ દીસતો હતો. તેના ગુલાબ ચેહરા ઉપર પેહેલવાનગીરીનો તોર એવો ધીકતો હતો કે તેની હરીફાઇ માટે કોઇ સેતાબ મેદાને પડતો નહીં. આ ઉમરમાં તેને જંગના હુન્નરો શિખવવા ઉપર જાલેજર મોટી જેહમત ખેંચી તેને એક નામીચો જંગી બનાવતો હતો. જંગનું મેદાન તેને મનથી રમતનો અખાડો કરીને તેના હથીઆરોના જરબોથી ભલભલા જાણુલી સીપાહ બચ્ચાઓ ડરી જતા, એવા હાથ ને પેચ જાલેજર તેને બતાવતો હતો. આ નાની ઉમરે તે લડાઇની ધરપકડ એવી તો તારીફ લાયક કરવા શીખ્યો હતો કે જંગમાં ફસાએલા તેની કમંદ ફેંકવાના લેહેકાની સર્વે સીફત ગાતા હતા. તે જબરા સીપાઇ લોકોમાં છેડાયલા શેર મીસાલે યાહોમ જીપલાવતો હતો ત્યારે તેના હથ્યારની તાબેશ કોઇથી થઇ શકતી હતી નહીં; એ મીસાલે જો કે જાલેજરે તે પેહલવાન શાનીના જંગી ફરજંદને માહ ચબરાક ને તદબીરવાળો જંગી બનાવ્યો, પણ જેહાંપેહલવાન રૂસ્તમ પોતાના બેટા સોરાબનો ગમ રેસ ભુલી શકયો નહીં. તે નામદાર બેટાનો ગમ અફસોસ ભુલાવા બુઝર્ગ જાલેજર બેશુમાર નસીહતો, હિકમતો, ખુદાઇ કુદરતની વાતો ને હુન્નરનાં રસીલાં બ્યાન કરતો હતો પણ જેહાંપેહલવાનને તે કારગાહ થતી હતી નહીં. તે જોઇ તે બુઝર્ગ બાપ બેશુમાર હેરાન ને અજબ રેહતો હતો. તે પોતાના ગુજરેલા ન્યાગાનોનાં બ્યાન કરી જેહાંપેહલવાનને જણાવતો હતો કે "તે જેહાનના ફત્તેહમંદો નહીં રહયા અને તું ને હું પણ એક દીન આ દુનિયાથી અસબાબ ઉઠાવી જનારા છીએ." એ રવેશે ઘણીએક માયાકુલ દલીલો સમજાવી તથા ફરામર્ઝને પોતાના ગમખાર બેટા તેહમતન નજદીક હરદમ રાખી તેના ગમનો દારૂ કરતો હતો. ફરામર્ઝ દસ

વરસનો થયા પછી તો દરરોજ જંગલ બીઆબાન જઇ મસ્ત શેર ને ફાડી ખાનારા જાનવરો સેજમાં શેકાર કરી શિતાબ પોતાના પેદર હજુર લાવી નાખતો, તેથી તે નામદાર પોતાના એકપુરા બેટાની જીંદગીથી ડરવા લાગ્યો કે મબાદા તેને આ બચપણમાં કાંઇ હોનારત નિપજે તો પછી આ મારી જીંદગી ખાર બરાબર છે. એ ખ્યાલથી બારીક નેઘાહ પોહોંચાડી તેહમતને પોતાની શ્યાની બેટી બાનુગોશસ્પને પોતાની હજુર બોલાવી અને નેક અકલ સમજાવી, કે "અય નામદાર બેટી! આ તારો બીરાદર ફ્રરામર્ઝ મારી મીસાલે કૌવતમંદ ને લડાયક છે. તે દરરોજ પોતાને મનપસંદ જંગલ બીયાબાનોમાં જઇ શેકારબાજી ને ચોગાન ખેલે છે. મબાદા કોઇ દુશ્મન બુરી નેગાહથી કમીઘાહ કરી તે ઉપર કોઇ કારી જખમ કરી મારી મુરાદને પાયમાલ કરે, તે વાસ્તે આજ રોજથી તું એ તારા બીરાદરની જાતે દેખરેખ ને નેઘાહ રાખ. તેનાં દરેક કામ ને જંગમાં તેની શરીક રહે અને તેને કોઇ પાજી કે નાપાક હોમલા કે વેર કીનાથી બચાવી લે. જંગીઓ પોતાની બુરી તદબીરથી આપણા મુલકમાં દાખલ થઇ આપણી ઓલાદની આ નામદાર શાખને કાંઇ જીયાન પોહોંચાડે નહીં તે વાસ્તે ખુબ હુસ્યારીમાં તેની બરદાસત લે." બાનુ ગોશસપે પોતાના બાપ જેહાંપેહલવાનથી એ રવેશના સખુનો સાંભળ્યા ત્યારથી તે પોતાને ચશમ ચહડાવી, ફ્રરામર્ઝને પોતાની સાથનો સાથ રાખવા લાગી. આસમાન ઉપર આફતાબ ને માહતાબ જેમ સાથે હોય તેમ તે ભાઇ બેહન મેહમાની, શરાબબાજી ને શેકારબાજીમાં સાથે રેહેવા લાગ્યાં. શેકારઘાહમાં તે ભાઇ બેહનો સાથ જંગલ બીયાબાનમાં જઇ શેરો ને ચીતાઓના શેકાર કરી બંને સાથે પાછાં ફરતાં હતાં; તે જોઇ જેહાંપેહલવાન બેશુમાર ખુશી થતો હતો અને બુઝર્ગ જાલેજરનો હરખ તનમાં સમાયો જતો નહીં. એ રવેશ ફ્રરામર્ઝ જાબુલસ્તાન પોતાના બાપ બપાવા હજુર પોતાની જંગી બેહેન બાનુગોશસપ સાથ રહીને જવાંમરદી ને જંગ ને તદબીર ને હથિયારમાં હુશીયાર થતો હતો.

જેહાંપેહેલવાન રૂસ્તમ પોતાના પેહેલવાન બેટા ફરામર્ઝ સાથ શાહાનશાહ કેકાઉસની દરબારમાં આવી લાગો તે હકીકત.

———:०:———

શાહેર અબુતાહેર તરસુસી આ દાસ્તાન આગલ એ રવેશે બયાન કરે છે, કે દીનબદીન પહેલવાન ફરામર્ઝ જોર, કૌવત ને મરદાનગીમાં બેહદ નામદારી ને રોબ મેળવવા લાગ્યો; તે જોઇ જેહાંપેહલવાને એક મુબારક રોજ પોતે પોતાની હૈયાતીમાં શાહાનશાહા કેકાઉસની દરબારમાં પોતાના બેટાને લઈ જઇ પોતાના તોખમને લાયક આબરૂ ઇજત ને મરતબો અપાવાનો ઠરાવ કીધો. એક નેક રોજની બામદાદે તે જેહાંપેહલવાને પોતાના નેક બુઝર્ગ બાપ જાલેજરને પોતાનો ઇરાદો કહી જણાવી શ્રી ઇરાન જવાનો સરનજામ તૈયાર હતો ને તથા જાબુલી લશ્કર સાથ લઇ તે નામદારે શ્રી ઇરાન શાહાનશાહ કેકાઉસ તરફ રાહા પકડી. પેહલવાન ફરામર્ઝને આ વખતે જેહાંપેહલવાને એક અસ્પ તેજ ચાલનો ગોયા રખશ જેવો જબરો ને જંગી તે સવારી ખાતર બક્ષીને કહ્યું કે "બેટા! આ અસ્પ તારી યારીનો કરનાર ને જંગમાં તકાવર રેહનારો છે, એને જાન મીસાલે માવજતથી પાળજે." એ ઉપરાંત બીજી ઘણીએક આગળી પાછળી ખુશ ગોફ્તેગોહ કરતા મંજલ દરમંજલ શ્રી ઇરાનની સરહદમાં જેહાંપેહલવાન પોતાના બેટા સાથ દાખલ થયો. દેલાવર ફરામર્ઝ શ્રી ઇરાનની સરજમીન તથા હલીયારીનો નવબહાર જોઇ તાજુબ થયો. જાબજા ફુલ ફુલના ઝુમખા ને પંખેરૂઓના શીરીન શરોદ ને તાજા સબજા ને નરગેશની નવી ચમન જોઇ તે ઇરાનને મોહબતથી ચાહવા લાગ્યો; તેવામાં એકાએક આસમાન શીહા કરનારી ગેરદ દુરથી ઉડતી જોઇ ખ્યાલમાં પડ્યો, પણ જેહાંપેહલવાને પોતાના બેટાને ખબરદાર કીધો કે "ઇરાનનો મોટો શાહાનશાહ કેકાઉસ આપણા આ તરફ આવ્યાના સમાચારથી વાકેફ થઇ

આપણને તે નેક શાહાનશાહા મેહરબાનીથી એસ્તેકબાલ લેવા ખાતર પોતાની ખાસ સવારી સાથ બરી બામદાદના ખુશબોદાર પવન મિશાલે શેતાબ ચાલથી અસ્પ ઝોકાબો આવે છે. તે મોટા શાહાનશાહ સાથ જે તરીકાથી મરતબો ને ઇજ્જત હું બજાવું, તે નાદરસમ અખત્યાર કરી તું નામદારી મેલવજે, અને પાદશાહી રસમ ને કુનેહ માફક મરતબામાં બુલંદ રેહજે!"

એ ગોફ્તેગોહ તે બાપ બેટા વચ્ચે હજી ચાલુ છે, તેટલામાંજ શાહેન-શાહના તાજમાં બેસેલા શાહમુર્ગના પીછ હવામાં ઉડતાં દેખાયાં, અને જેહાંપેહલવાન નજદીક આવી પોહોંચ્યતાં તમામ ઇરાની ચુનંદાઓ પાઉ-પ્યાદા થયા, તે જોઇ જેહાંપેહેલવાન પોતાના બેટાને ઇસારત કરતોજ કે શાહાનશાહને પ્યાદો થઇ એસ્તેકબાલ ગયો. તે વખતેજ શાહાનશાહ કેકા-ઉસે પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી જેહાંપેહલવાનનો દસ્ત પોતાના દસ્તમાં લઇ બાઇજત ખેરઆફ્યત પુછી; અને નવજવાન પેહેલવાન ફરામર્ઝને જોઇ તાજુબ થઇ ચુપ રહ્યો. જેહાંપેહલવાને શાહાનશાહને પુરતા મરતબાથી જવાબ દીધા પછી ફરામર્ઝને દેખાડી બોલ્યો કે "નાંમ-દારોના નામદાર શાહાનશાહ કેકાઉસ! આ મારો બેટો ફરામર્ઝને તું નેક શાહાની ખિદમતમાં હાજર કરૂં છું" તે સાંભળતાંજ શાહાનશાહ કેકાઉસે પેહલવાન ફરામર્ઝને મોહબતથી મરતબો ને ઇજ્જત દઇ હસતે મોહડે ખેર આફ્યત પુછી. પેહલવાન ફરામર્ઝના પાદશાહી ઢપ છપ ને રાહ રસમથી દીધેલા જવાબે શાહાનશાહા અને તે સાથ આવેલા તમામ ઇરાની ઉમરાવો તાજુબ થયા. શાહાનશાહ સાથ મુલાકાત થયા પછી તથા પોતાના બેટાને તે નામદાર સાથ મેલાપ થયા પછી જેહાંપહેલવાને એક પછી એક તમામ ઇરાની ઉમરાવો ને પેહલવાનો સાથ મુલાકાત કરી તેમ પોતાના બેટાને કરાવ્યા પછી પાદશાહનો હોકમ થયાથી તે તમામ નામદારો ઇરાની દર-બારના મેહેલ તરફ ચાલ્યા. શાદ જીગર શાહનશાહે જેહાંપેહલવાન રૂસ્તમને તે નામદારના જોરેમંદ બેટા ફરામર્ઝ વાસ્તે મુબારકબાદી દીધી, અને ફરામર્ઝને જેહાંપેહલવાન પાસે એક નવી સુનાની ખુરસી આપી.

મીજલસ સમારી શાહાનશાહ કેકાઉસે જેહાંપેહેલવાન રૂસ્તમની મહેમાનીમાં અને સરોપાવ નવાજ્યો પેહેલવાન ફ્રરામર્ઝને તે હકીકત.

——:o:——

શાહાનશાહ કેકાઉસે જેહાંપેહલવાન રૂસ્તમને મોહબ્બતથી કહ્યું કે "અય જેહાંપેહલવાન! આજ તું નામદારના મુબારક કદમથી ઇરાન સરજમીન ખુશનુમા બની છે. બબ્બા ચમન ને બાહાર તું જંગી ઉપર ફીદા કરી રહ્યાં છે. તે હીંગામમાં આપણે એક મીજલસ બનાવી આજનો દીન રોશન ને યાદગાર કરયે. આજે આપણે આપણી જુની જંગો ને મરદાનગી ને ફતેહ ઉપર શરાબનો દોર ચલાવ્યે. શરાબની જામ આપણા બુઝર્ગ નેયાગાનોની યાદમાં નોશ કરી જીગર શાદ કર્યે. શીરીન સરોદે ગાયન કરનારી ને બુલબુલોને શરમ ને ખેજાલતમાં નાખનારી રામશગરોના હલકથી આપણો દેમાગ ખુશ કર્યે."

એ મિસાલે શાહાનશાહે તેહમતન રૂસ્તમને કહી શેતાબ એક મીજલસ ઇરાનના તમામ બુઝર્ગો, પેહેલવાનો ને મેહમાનોની આરાસ્તા કરી. તે દરમ્યાન શાહાનશાહ કેકાઉશ પોતાના નેયાગાન કગોશેબાદનાં તખત ઉપર આફતાબ મિસાલ ઝળકાટનો બીરાજ્યો. તેની એક બાજુ તેહમતન રૂસ્તમ પોતાના પેહેલવાન પેસર સાથ અને બીજી બાજુ શાહજાદાઓ તથા સામે તમામ ઇરાની પેહેલવાનો બાતાજીમ બેઠક લઇ મરતબા પ્રમાણે ગોઠવાયા અને સાકીએ શુરાઇઓના શીશા ફરતા કરયા. તે મીજલસ ગોયા બાગોબાહાર શાહાનશાહ કેકાઉસની સલામતીમાં ખીલી રહી. પેહેલવાનો ને શાહજાદાઓ તે મીજલસ દરમ્યાન ખાતા ખાતા ને શરાબની જામ ઉઠાવતા પોતાના શાહાનશાહ ઉપર ફીદા થઇ ગયા. જેહાંપેહેલવાન ઉપર શાહાનશાહ કેકાઉસ આ મીજલસમાં બેશુમાર મોહબ્બતથી ફીદા થયો. તે

નામદારની સલામતીમાં જામ પેદરપે ઉઠાવ્યા પછી તે કયાની શાહાનશાહે પેહેલવાન ફરામર્ઝની સલામતીમાં જામ ઉઠાવતી વખતે ખજાનચીને શેતાબ હોકમ કીધો કે તાજબખશ રૂસ્તમ ને તેના બેટા ગરદનફરાજ ફરામર્ઝને વાસ્તે બે ભારી સરોપાવ લાવ, તે સરોપાવ પેલા ચીનના ખાકાનચીનીને શીકસ્ત આપી મોટો કેરશાસ્પ શાહાનશાહ ફરેદુનની દરધાહમાં જે બેમુલો હદીયો લાવ્યો હતો, તે હદીયા સાથ જેહાંપેહેલવાનની જનાબમાં મેલ."
· તે સરોપાવ ને હદીયાથી તાજબક્ષ ને તેનો જંગી બેટો તે ઇરાની શાહાનશાહની દરધાહમાં મોટી ઇજતથી ચકચુર થયા છે. આ વખતે તે મીજલસે તે ખુશાલીમાં ગોયા મન રીઝવનારૂં તુફાન થયું હોય અથવા તે દરબારી પેહેલવાનોના ખુશાલીના પોકાર ને સમશગરોના રાગ, નાચ, રંગ, દાવપેચથી મોહબતની કોઇ મીનોઇ દુનિયા બરપા થઇ હોય એવો મહીમા ત્યાં બની રહ્યો. શાહાનશાહ કેકાઉસ આ વખતે એવી તો શાદમાની ને રામશનીમાં ગરક થયો હતો કે તે બસ જેહાંપેહેલવાન સાથ હસવામાં પોતાના પેહેલવાનો ને મેહમાનોમાં આ પેહલીવારજ બેશુમાર ખાલેશ ને મેહરબાન થયો હતો. તેવામાં એક દરવાને આવી શાહાનશાહ હજુર કુરનસ બજાવી ખબર આપી, કે "અય નામદાર શાહનશાહ! જેહાન તું રોશન સેતારેના તખ્તનશીન ઉપર ફીદા રેહજો ને આસમાન તાબેદારીમાં સર નમાવજો! શ્રી હીંદુસ્તાનથી એક નામદાર કાસદ માહરાજા નોશાદના નામાની કેતાબ લઇ દરવાજા ઉપર હાજર થયો છે અને તે ભારી તવાજેથી દુવા ગુજારતો અંદર દાખલ થઇ તું નેક શાહનશાહના કદમ હજુર તે મહારાજાનું પેગામનામું મેલવા ચાહે છે. તે હોશીઆર કાસદે તું નામદાર શાહાનશાહ હજુર પેગામનામું ધરવા ખાતર શ્રી હીંદુસ્તાનથી શ્રી ઇરાંન સરજમીન આવવામાં બેહદ મુસીબત સોસી છે. તે તું તાલેમંદ શાહાનશાહના કદમ ઉપર બોસો દેવાને બેહદ ઉમેદવાર દરબારને દરવાજે હોકમની રાહ જોતો ઉભો છે." આ રવેશની વડા દરબાનની ખબર સાંભળી શાહાનશાહ કેકાઉસની ખુશાલીમાં ખલલ પડી. તે શેતાબ ખ્યાલમાં પડયો પણ તુરત હોકમ કીધો કે સેતાબ શ્રી હીંદુસ્તાનના માહરાજા નોશાદના

હોશીઆર એલચીને મારી પાસ હાજર કર, જેથી મીજલસ સલુખમાં આવી ચુપ થઇ. જેહાંપેહેલવાન ને તેનો બેટો પોતાની બેઠક ઉપર પાદ-શાહો અદબ બજાવી હીંદુસ્તાનના એલચીના દાખલ થવાનો માર્ગ જોતા બેઠા. શાહાનશાહ કેકાઉસ આ વખતે પોતાના તખત ઉપર કયાની શાહન-શાહના પુર ચળકાટ સાથ તેજ મારતો હતો.

શ્રી હીંદુસ્તાનના માહારાજા નોશાદનાં નામાંથી શાહાનશાહ કેકાઉસ વાકેફ થયો તે હકીકત.

—:o:—

તેટલામાં એક બુઝોર્ગ હીંદીએ મીજલસમાં શરાબના દોર ને રામશગરોના શરોદો વચ્ચે શાહનશાહ કેકાઉશના કદમને બોસો દીધો અને પાદશાહી તરીકાથી માહારાજા નોશાદનું નામુ મેલ્યા પેહેલાં પોતાનું સર શાહાનશાહના કદમ નીચે જમીન ઉપર મેલી સલામ ને તવાજો બજાવ્યો અને આફરીન પઢયો, કે "ઓ જેહાનના બુલંદ શાહનશાહ! તું હમેશાં શ્રી ઇરાનનાં તખત ઉપર બરકરાર રેહજો, તારા મુદઇનાં મસ્તક ખાકમાં લોટજો! ઓ નામદાર શાહાનશાહ! બતર તરીકે આ ફરતું આસમાન ફરમાબરદાર રેહજો!" એ તવાજો ને દુવા બજાવ્યા બાદ તે એલચીએ મહારાજા નોશાદનું નામું તે રંગ રાગમાં ખીલેલી મીજ-લસ વચ્ચે મેલ્યું. પાદશાહ કેકાઉસે માહરાજા નોશાદના પેગામની કેતાબ જોઇ, ત્યારે તેણે મોટા અંદેશાથી પોતાના પાદશાહી નવીશંદાને તે કેતાબ બાગે બુલંદ વાંચવાનો હોકમ કીધો, તે હોકમ થતાંવાર પાદશાહી નવીશંદાએ શેતાબ ઉઠી કદમબોશી કરી અને તે નામાની કેતાબ મીજલસ હજુર બાગેબુલંદ વાંચી. તે પેગામ નામાની કેતાબ ઉપર અવલમાં પાક પરવરદેગારનું નામ લખ્યું હતું, કે તે અજીમ કુદરતના સાહેબે આસમાન ઉપર પોતાની ખલકતના સુખ ખાતર આફતાબ ને માહાતાબ રોશન કરી લખ્ખો સેતારાઓથી તે જર-

રીન ગુંબજ આદમજાતને રાહત બખશનાર બરપા કીધો. તે અજીમ કુદરતના સાહેબનું નામ આ જેહાનમાં તેના દરેક ખાકી બંદાની જબાન ઉપર હંમેશા હોજો કે તે બુલંદ નુરાની ભરેલાં બરખતી નામના પ્રતાપે તું જેવો દાદખાહ, નેક ને ઝલકાટમંદ શાહાનશાહા ઇરાનની જોરેમંદ પાદશાહત ઉપર કાયમ છે કે જેના જોર ને જંગીઓ પાસ જેહાન પનાહ માંગે છે અને અદના ને આલા પુર ઇનસાફ ને મહેરબાનીમાં આબાદ છે. ઓ નામદાર શાહાનશાહ! તારા ઇનસાફથી શેર ને ગોસ્પંદ એક મકાન ને એક ચમનમાં વસે છે અને તારા અદલ ઇનસાફે ઇનશાન ને હેવાન સરખા હકમાં રોજી ને રજખ પામી આબાદ છે. તું નામદાર શાહાનશાહમાં બેશુમાર દાનાઇ ને દાદ ને દીન વસે છે. તું તે બુલંદ શાહાનશાહ સરફરાજ કૈકોબાદના તોખમથી પાદશાહીનો હક પામ્યો છે. તું નામદારે જેહાનમાં ઘણીએક જંગો નામદારી ને જવાંમરદી બજાવી નામ ને પાદશાહત રોશન કરી છે. જેહાન તું નામદારને સલામી આપી તું બુલંદ મરતબાના શાહાનશાહને આશરે રહી છે. ઓ નામદાર શાહાનશાહ! તુને રોશન છે કે હું શ્રી હીંદુસ્તાનથી હરસાલ સલામી ભરૂં છું અને શ્રી ઇરાનના પ્રતાપ ઉપર મુસ્તકીમ રહું છું. ઓ નામદાર શાહાનશાહ એ રવેશ હું, શ્રી ઇરાનનો જુનો દોસ્ત ને ખેરખાહ છું પણ હાલમાં મારો હેવાલ ન્યારો છે. મારી ઉપર બળા, જુલમ ને હાંદેશાંના વરસાદ વરસે છે. તું નામદારને હર સાલ સલામી આપું છું ને બીજા મારી ઉપર જબરી કરી સલામી લે છે અને મારી તમામ પ્રજા ને મેહલની પાયમાલી કરે છે. ઓ નામદારોના નામદાર શાહાનશાહ કૈકાઉસ! તું નામદાર મારી ઉપર ગુજરતા જુલમની વાત સાંભળ કે મુદઇઓ તરફથી મારી ઉપર બેશુમાર જુલમાત ગુજરે છે. એ જુલમ ને જબરાઇના દરદથી મારો જીવ ઘણો આજોરદા થયો છે. એ મુદઇ લોકોથી ગુજરતા હાંદેશાને લીધે હું રાત દીન જારી વ જારીમાં ગુજારૂં છું. એક મોટો દેવ કુનાસ નામનો મારા મુલકની સરહદમાં પેદા થયો છે. તે ઘણો જબરો જુલમગાર ને જીયાંગાર છે. તેણે પોતાના મકાન તરીકે મારા મુલકને લાગેલું એક બીયાબાન

જંગલ રાખ્યું છે; તે જંગલમાં એક પાણીનું સરોવર છે જેનો કીનારો મોટો ને ઓહળો છે, ત્યાં એક જબરૂં ઝાડ જેનો ઘેરાવો લગભગ એક ફરસંગ તલગ ગયો છે, તેની પાસ એક બુલંદ મેહેલ બાંધ્યો છે, જેનો ગુંબજ આસમાને જઇ લાગેલો છે, તે દરમ્યાન તે જંગી દેવ કુનાશ રહે છે. તે તનમાં મગરમછ જેવો મોટો, ને જોરમાં દરિઆવ જેવો દલેર છે. તેનો રંગ કાળો છે; તેની ગરદન ગોયા પાહાડ છે, પણ બાલ સફેદ રંગના છે. તે દોડધામમાં નાગની ઝરફ કરતાં પણ તેજ ને જોરમાં હરેક જોરેમંદથી જોરાવર છે. તે નાપેકાર દેવ હર સાલ મારા મુલકમાં દાખલ થઇ મારી પ્રજા ને મારી ઉપર ગજબ ને આફત વરસાવે છે. તે મારા મેહેલમાં દાખલ થાય છે, અને મારો મેહેલ ને મારા અસબાબને બાળી ખાક રાખ કરી નાખે છે. મારા મુલકમાં મોટી આગ લગાડે છે. એ રવેશના અજાબો ગુજારવાનું જ્યારે હું તેને મારી એક પરીજાદ બેટી આપું છું ત્યારે મોકુફ રાખે છે. એ મુવાફેક મારી ત્રણ આફતાબ ચેહેર બેટીઓ તે દેવ ઉઠાવી લઇ ગયો છે. તે નેક બેટીઓની જુદાઇમાં મારો જાન આતશ મિસાલે જળે છે. ઓ શાહાનશાહ કેકાઉસ! તું હર સાલ સલામી લે છે તો તું દાદખાહ નામદાર મને આ આફતમાં મદદગાર થા અને એ રંજે મુસ્કેમાંથી મને છોડવ!

"બીજી હકીકત એ છે કે શ્રી હીંદુસ્તાનની સરહદ મારા મુલક નજદીકમાંજ એક નામદાર પાદશાહ છે જેનું નામ માહરાજા કેદ કરી કેહવાય છે. એ કેદ રાજા ઘણો દલેર જંગી ને સરફરાજ છે. તે જે ચાહે છે તે મકશુદ હાંસલ કરી શકે છે. તે લડાયક ને કિનાખાજ છે. તેની જનાબમાં કમર બાંધેલા ને લડાઇમાં કસાયલા નવ લાખ લશ્કરી સિપાઇઓ ફરમાબરદારી કરે છે. તે જબરૂં લશ્કર ને તેના હાથી ને બીજા લડાયક અસબાબ સાથ તે આજકાલ શ્રી હીંદુસ્તાનને ધુજાવે છે અને મારી પાસથી સલામી લે છે ત્યારેજ મારા મુલકને અમનથી રેહેવા દે છે. તેનાં જોર પાસ આસમાન ને જમીન કોહેલા ઉઠાવે છે, તે સાથ મને જંગ કરવાની કે હરીફાઇમાં જવાની બીલકુલ તાકત નથી

તેથી હર સાલ કાંઇ ને કાંઇ વાંધો કરી મારી ઉપર ને મારે તાબેના ખંડ-ણીઆ રાજ રાજાઓ ઉપર સ્વારીઓ કરી મોટી લુટ મેળવી ફત્તેહમાં ગરક થયલો સલામી લઇ તથા કબુલ કરાવી પાછો ફરે છે. એ મિસાલ ને હર સાલ મારા દેશ ને દેશીઓનો, મારા રાજ ને મારે તાબેના રાજા-ઓનો ઘણો મોટો ખજાનો લુંટી જાય છે. ઓ શાહાનશાહ કેકાઉસ ! જો તું નામદાર મારી પાસથી મોટી સલામી લે છે, તો પછી આ રવેશ મારી ઉપર બીજા રાજાઓનો સીતમ ગુજરે તે દફે કરવો અને તે માટે મોટી મદદ મોકલી મને શેરખરૂ રાખવો તું શાહોના શાહને સજાવાર છે.

"ત્રીજી હકીકત એ છે કે એક જંગલ મારા શ્રી હીંદુસ્તાનના દેશના મોટા પાહાડ તરફ આવ્યું છે તેનું નામ મરજકુ છે. તે જંગલ દરમ્યાન એક જાદુગર ને જીયાંગાર વરૂ પેદા થયું છે. તે વરૂને હરણ માફક બે શીંગડાં છે તથા હાથી દાંત મિસાલના બે જબરા દાંત છે, તે જીયાંગાર વરૂથી સર્વે આલમ બેજાર છે. તે વરૂના હાથ ઉપર બેશુમાર લાહુલશ્કર ખુહાર થયું છે. તે ખુનખાર વરૂ સાથ કોઇને જંગ કરવાની તાકાત રહી નથી. તે વરૂ આબાદાનીમાં આવે છે ત્યારે ઘણાએક દાનાવ ને પાકસાક મરદો તેને હાથ બેજાન થાય છે. તે હર સાલ એક વખત મારા મુલકની સરહદમાં દાખલ થઇ મારી ભલી ખલકને ખુવાર ને જબેહ કરે છે. તે વરૂનું નામ ગુરગોયા કહેવાય છે, એ નામનો સબબ તે આદમી મિશાલે બોલે છે તેથી પડયું છે. એ વરૂ ગમે એવી ભેદ ભરમની ગોફતેગોહ કરી હોય તો પણ તે સમજે છે, અને તેનો જવાબ દે છે. તે દરરોજ તે જંગ-લમાં સફેદ સર ને કાળા રંગના હાથી વસે છે તેમાંના એક બે ઉઠાવી લઇ જઇ તેનો ખોરાક કરે છે અને આદમીના લોહીમાં નાહનારો છે. ઓ શાહાનશાહ કેકાઉસ ! તું નામદાર મારી પાસ દર સાલ ભારી સલામી લે છે તો તારી દરબારના કોઇ જંગીને મોકલી મારી ઉપરની આ આફત તાળવી સજાવાર જાણજે.

"ચોથી હકીકત એ છે, કે શ્રી હીંદુસ્તાનની સરહદમાં એક બુલંદ પાહાડ જેનું સર આસમાનમાં દાખલ થયું છે, અને જે એક મુલકને

બીજા પરદેશોથી બચાવ દે છે તે પાહાડમાં એક ઉંડાંણ ગાર છે. તે શીહા ગારમાં એક પલીદ અજદાહ વસે છે. તે રંગમાં શીહા ગોયા પોતાના શીહાગારમાં એક શીહા ડુંગર જેવો ગુછરૂં વળી પડયો છે. તેના મુખમાંથી આતશ ફુંકાય છે. તે આતશી ફુંકથી મારા મુલકની તમામ હલીઆરી બળી જળી ખાક રાખ થઇ દુકાલ વરસ્યો છે. ફરસંગના ફરસંગ મારા મુલકનાં ઝાડ પાન ને ઘાશનું નામ નિશાન નાબુદ થયું છે. પાણીના ચશમા ઝેરી બન્યા છે અને ખેતીવાડી ને ઘોરની હસ્તી બીલકુલ ખતમ થઇ છે. તે અજદાહનું નામ મારજોશા છે. ઓ શાહોના શાહ કેકાઉસ હું માહરાજા નોશાદ શ્રી ઇરાનના શાહાનશાહ ફરેદુનના વખતથી અને મોટા કેરશાસ્પની ચઢાઇથી હર સાલ બરાબર સલામી ભર્યો જાઉં છું અને નેકી ને ખેરખાહીથી ઇરાનની પાદશાહાતની ફરમાબરદારી કરૂં છુ તો તું નામદાર શાહાનશાહે મારી મદદે તે કેરશાસ્પની તોખમના જેહાંપેહેલવાન રૂસ્તમની કોઇ શાખ શ્રી હીંદુસ્તાન મોકલી મને આ હાંદેશા ને ગજબથી મોકલો કરવો લાજેમ છે.

“પાંચમી હકીકત એ છે કે એક જંગલ જેનું નામ ખુમશાર કેહવાય છે, તે ખુશનુમા જંગલમાં ત્રીસ હજાર કગરદન પેદા થઇ તેને ખેજાન કરી મેલ્યું છે. તે દરેક કગરદન એવા તો જબરા ને લડાયક છે કે બંદથી છુટેલા વાઘ જેવા જણાય છે અને ગોરખરની મિશાલે ટોલે ટોલાં છે. તે કગરદનો સખત પાહાડ કે જમીન ખોડી ખાંગી નાખી ઝાડપાડની નસલ નાબુદ કરે છે. તે ગમે એવા સખતમાં સખત પથરને ટુકડા કરી નાંખે છે. તે કગરદનોને પણ હાથી મીસાલ દાંત ને સુન છે, અને દોડવામાં હરણ માફક તેજ ચાલનાં છે. તે કગરદનો પોકાર મારવામાં શેર મી [illegible] ી છાતીના ને જાડી ગરદનનાં શીંગડાં ઉગેલાં ગોયા ખુનખાર દેવો છે. ઓ નેક ને દાદ પોહોંચાડનાર શાહાનશાહ કેકાઉસ! તને સલામી આપનાર હું માહરાજા નોશાદ ઉપર મેહરબાન થા અને કોઇ જંગી શરફરાજ પેહેલવાન કે જે નામના ઉઠાવનાર ને સામ નરીમાનની તોખમ ધરાવનાર હોય તેને શ્રી હીંદુસ્તાન ચુનંદુ લશ્કર

આપી રવાના કર કે તે યારી ઉપર તમામ હીંદુસ્તાન આફ્રીન પઢે. એ બલાઓ દુર કર અને મારી આ આફત વખતે શરમ જાળવી લે. સલામીના ગંજથી મેં શ્રી ઇરાનની પાદશાહાનને નેહાલ કરી દીધી છે, તે બદલામાં હું આજ બળાઓમાં ગીરફતાર થઇ ગજબ ને આફતમાં તંગ આવી જાઉં એ ઉપર કયાની શાહાનશાહે ખ્યાલ કરવો જોઇએ. ઓ નામદાર દાદખાહ શાહાનશાહ! જે પેહેલવાન રંજ ખેંચીને શ્રી હીંદુસ્તાન આવી આ બળાઓ ટાલે તેને મારો ખજાનો, રાજપાત ને ખેતાબ બક્ષું. જે એ રંજથી મને ટાલે તે મરદાને મરદને મારી પરીજાદ બેટી આપું અને શાદીમાં મ રી ગાદી તે ઉપર વધાવું. ઓ નામદાર શાહાનશાહ કેકાઉશ! તું તાલેમંદ હરસાલ માહીના તખત ને ગોહરનાં તાજ ને સુનાના ખજાનાની સલામી લે છે તો આ આફત, તેવી સલામી હર સાલ પોહોંચાડનાર ઉપરથી શેતાબ બંધ પાડવી જોઇએ. જોઇએ. જવાંમરદીથી શ્રી ઇરાને શ્રી હીંદુસ્તાનને સલામી આપતું કીધું છે તો પછી ઇરાનના શાહાનશાહ, મનમાં ગોર કર કે બલા ટાલીને ગંજ હાથ કર્યો તો તે પ્રમાણે બુલંદ મરતબો સાચવવો જોઇએ અને આ આફતની વખતે મને મદદ ને પેહેલવાન મોકલી આપવો જોઇએ. જો એ રવેશ મારી આફતની કારસાજી ઇરાનની શાહાનશાહાત નહીં કરે તો પછી હું સલામી ને મરતબાનો ગંજ શા ખાતર કયાની પાદશાહ ઉપર મોકલી આપું? ઓ નેક તાલેના કયાની શાહાનશાહ! આ મારી ફરીઆદ ઉપર બારીકીથી ખ્યાલ કરી શેતાબ દાદને પોહોંચ અને એક મોટા મરતબાનો ને જોરનો ધરાવનાર પેહેલવાન રવાના કર ને બલા દફે કરી બુલંદ નામ મશહુર થા અને સલામી લે!"

માહરાજા નોશાદની મદદે પેહેલવાન ફ્રરામર્ઝે જવાને રજા ચાહી તે શાહાનશાહ કેકાઉસે બાખુશી નવાજી પરવાનો લખી આપ્યો તેનો હેવાલ.

——:o:——

માહારાજા નોશાદના પેગામની કેતાબ નવીશંદો વાંચી રહ્યો ને મીજલસ હેરત રહી. શાહાનશાહ કેકાઉસે જેસાથી શરાબની જામ એક બાજુ મેલી, પણ તે કયાની પાદશાહનું દિલ દીલગીર થયું. તે શેતાબ ખુશબખ્તી ને મજાહથી ફ્રરામોશ થઇ મીજલસને જોવા લાગ્યો. તે નામદાર શાહાનશાહ પોતાના ઇરાની પેહેલવાનોને કેહવા લાગ્યો કે "સોનાની કોલાહના મારા નામદારો! તમો જંગી દરમ્યાન જે આ કામની કારસાજી ને જંગની ફ્તેહ કરવાને કમર બાંધે અને ઇરાન ને ઇરાનીઓના નામને બુલંદ ને રોશન કરે, તે નામદારને હું જરી કમરબંદ ને તાજની કોલાહ બક્ષું. અને એ નામદારી બજાવ્યાના બદલામાં હીંદુસ્તાનના એ હીસ્સા મુલકની પાદશાહી તેના નામ ઉપર ચહડાવી આપું." કયાની પાદશાહને મોહોડેથી એ રવેશની ગોફ્તેગોહ સાંભળી તમામ નામદાર ઇરાની પેહેલવાનોનાં મોહડાંનો લાલ રંગ ઉડી ગયો. તે સઘળા નામદારો દિલગીર થઇ ચુપ બેસી રહ્યા. એ રવેશ તમાશો જોઇ પાદશાહનુ દીલ તંગ થયું પણ તે નામદારે આ વખતે જેહાં પેહેલવાન રૂસ્તમ તરફ નેગાહ કરી, તે જેહાંપેહેલવાને જોઇ પેહેલવાન ફ્રરામર્ઝને ઇસારત કરી તેથી તે નામના ઉઠાવનાર નવજવાન ફ્રરામર્ઝે પોતાની સોનાની ખુરસી ઉપરથી ઉઠી અવલ તાજીમ બજાવી, પછી તે નામનો ઉઠાવનાર ફ્રરમાબરદાર મીસાલે ઉમેદ ભરેલાં દીલનો થઇ ઉભો. સાએત એક એ તરીકો જાળવ્યા બાદ તેણે પાદશાહનાં તખ્તને બોસો દીધો અને તવાજોથી પાદશાહી રાહ રસમ માફ્રક કેહેવા લાગ્યો કે

"એ જેહાનના રોશન તાલે કયાની શાહાનશાહ કૈકાઉસ! શ્રી હીંદુસ્તાનના માહારાજા નોશાદના પેગામની કેતાબ મુવાફેક મને તે તરફ તેની મદદમાં રવાના કર, એ લડાઇ મને બક્ષેસ કર અને મારી ઉપર એ મેહરબાની નવાજી મારૂં નામ રોશન કર. ઓ નામદાર શાહાનશાહ! હીંદુસ્તાનની એ જંગ મને બક્ષીને મારી ઉમેદ બર લાવ કેમકે હું આ મીજલસમાં આ વખત નવો પેહેલવાન થયો છું. અને મરતબો ને ઇજત પામી આસમાન સાથ લાગ્યો છું. શામ નરીમાનના રોશન નામને જેબ દેનારો હું પેહેલવાન આ મીજલસમાં છું ને મારા પાદશાહને સલામી ભરનારો ને વફાદાર રેહનારો માહરાજા નોશાદ નાપેકાર મુદઇઓથી હેરાન ને સરગરદાન થઇ અજાબ ને સખ્તી ભોગવે એ કયાનીઓનાં નામને છાજતું નથી, તેથી હું તે માહરાજાની મદદે જાઉં અને તેના મુદઇઓને મારી પાયામાલ કરી ઇરાનના રોશન તાલે શાહાનશાહના નામનો સીક્કો મજબુત બેસાડી મુદઇઓને ત્રાસ પમાડું અને દોસ્ત લોકોનાં દિલ શાદી રોશનીથી ભરૂં. આ મારા ન્યાગાનના ગોરજે કરી તે મુદઇઓને ખાક બરાબર કરૂં અને મારૂં નામ જેહાનમાં આશકાર કરૂં. જોરાવર કેદ રાજાનું સર કાપું અને તેનાં લશ્કર ઉપર રસ્તાખેજ વરસાવું. કુનાશ દેવને જીવથી મારૂં અને માહરાજાની ખુબસુરત બેટીઓને તે નાપાકના આજાબથી ખલાસી પમાડું. નાપેકાર બળા ગુરગોયાને મારા ન્યાગાન શામેસવારના ગુરજે ચુના કરૂં. મારજાશા અજદાહને તે ખોદાવંતાલાના નામની એજમતી નિરંગ પઢી તથા મારી બાજુનું કોવત વાપરી આ જેહાનથી નાબુદ કરૂં અને તેનું રેહઠાણ બાળી ખાક બનાવું. પછી તું નામદાર શાહાનશાહના નેક નામના પોકાર સાથ મારાં લશ્કરને લઇ જીહાંગીર કગરદનોનાં જંગલ ઉપર તુટી પડી તે નાપેકાર બળાની બુનબેખ કહાડી નાખું અને હીંદુસ્તાનને એ તમામ બળાથી છોડવી તું નેકનામ શાહનશાહનું નામ બુલંદ કરૂં. આ જંગમાં ઓ નામદાર શાહાનશાહ કૈકાઉસ મને કમર બાંધવાનો હોકમ બક્ષેસ કર! અને મારા નેક બાપ જેહાં

પેહેલવાન રૂસ્તમની રજા મને બક્ષાવી મારૂં સર આસમાન સાથ લગાડ."

કવી બાજુના ગરદનફ્રરાજ નવજવાન ફ્રરામર્ઝથી શાહાનશાહ કેકાઉસે એ રવેશની હીંદુસ્તાનની જંગમાં જવાની ખાહેશ સાંભળી, તે કયાની શાહાનશાહનું દીલ તાજા બાહાર મીસાલે ખીલી રહ્યું. તે નામદાર શાહાનશાહ જેહાંપેહલવાન તરફ પોતાનું મોંહ કરી બોલવા લાગ્યો, કે "બેસુલુ ગોહર છુપું રહે નહીં અને નેક ઉચો બુન્યાદ આશકારા થયા વના રહે નહીં. આજ મારી મીજલસના ઇરાની દલેરોએ હીંદુસ્તાનના જંગમાં જવા મોહ કુમળાવ્યાં, અને તેથી મારૂં મોહ કુમલાઇ ગયું હતું પણ નામના ઉઠાવનાર ફ્રરામર્ઝે મારૂં મોહ ગુલલાલા મીસાલે બાગોબાહાર ખીલતું કીધું. ઇરાનના નામદાર દલેરોની મોટી અંજુમનને પેહેલવાન ફ્રરામર્ઝે હીંદુસ્તાનના માહરાજા નોશાદની માંગેલી મદદે જવાનો હોકમ ચાહી બેશક નમાવી છે. એ ઉપરથી માલમ પડે છે કે પેહેલવાન ફ્રરામર્ઝ ફીકર ને દાનાઇનો સમજનાર છે હોશ્યારી ને ચાલાકી તેના સુખનોમાં જીરજબર છે અને તેજ શમશેરનો રાખનાર તેમ ભારી ગોરજનો ફેરવનારો કવી બાજુવાળો ને જોરેમંદ છે. બુનીઆદ આપણા નેયાગાન શાહાનશાહ જમ્શેદથી રાખનારો ને જેહાંપેહેલવાન કેરસાસ્પથી તે તું નેક જેહાંપેહેલવાન રૂસ્તમ તલગ પેહેડી દર પેહેડી જેહાંપેહેલવાનોની ઓલાદ ધરાવનારો ને જેહાંન પકડનાર શેરદેલ છે. એ નામદાર બેશક હીંદુસ્તાનમાં માહરાજા નોશાદના મુદઇઓને ફ્રના કરી ઇરાનનું નામ રોશન ને બુલંદ કરશે. એ પેહેલવાન શિવાય એવાં માહભારત જંગનો જોખમ સર ઉપર ઉઠાવી લઇ કમરબંદ તંગ કરવા લાયક કોઇ બીજો ઇરાનનો પેહેલવાન નથી. કેદ રાજાને જમીનદોસ્ત કરનારો કોઇ પકકો હરીફ્ર હોય તો આજની મારી મીજલસે મારી રૂખ જાળવી લેનારો ને ઇરાનના નામ ખાતર કમર તંગ કરનારો એજ એક જંગી પેહેલવાન બીરાજયો છે. ઓ જેહાંપેહેલવાન રૂસ્તમ! તું નામદાર તારા લડાયક બેટાને એ જંગમાં જવાનો હોકમ નવાજી મને

સરફ્રાજ કરશે." પછીશેત બ શાહાનશાહે પાદશાહી સરોપાવ મંગાવી પેહેલવાન ફ્રામર્ઝને હીંદુસ્તાનનું જંગ માંગી લીધાના હડીયા તરીકે બક્ષેશ કીધો અને નવીશંદાને હોકમ કીધો તેમ તેણે હીંદુસ્તાનની પાદશાહીનું ફરમાનનામું નામદાર પેહેલવાન ફ્રામર્ઝનાં નામ ઉપર કરી આપ્યું. શાહાનશાહે તે મીજલસમાંજ તમામ મીજલસ હજુર પોતાની પાદશાહી મોહોર તે ફરમાન ઉપર કીધી. તે ફરમાનનામું પછી મોહબત ને વખાણ સાથ પેહેલવાન ફ્રામર્ઝને પોતાને હાથે બક્ષ્યું. ફરી પણ ખજાનચી તરફ શાહાનશાહ કેકાઉસે પોતાનું મોહ કરી ફરમાવ્યું કે તેણે એક બેમુલું તાજ ને ઝવાહેરનું તખ્ત અને શાહાનશાહી સીલની અંગોઠી તેમ તે લાયક પાદશાહી જરી સાજ લાવી પેહેલવાન ફ્રામર્ઝ આગલ ધર્યો. પછી શાહાનશાહે પેહેલવાન ફ્રામર્ઝને હોકમ કીધો કે "આ લડાઇમાં જે પેહેલવાનો ને લશ્કર જોઇએ તે તું પસંદ કરી લે." આ હોકમ સાંભળતાંજ ઇરાનના વજીર ગોદરેજના નામદાર ગેવના બેટા બીજનને ઉઠી પાદશાહ ઉપર દોઆ કીધી કે "એ ઇરાન સરજમીનના પાદશાહ કેકાઉસ! તું જમાના તલગ અમારા સર ઉપર કાયમ હોજે! એ નામદાર શાહાનશાહ! સીસતાનનો આફતાબ પેહેલવાન ફ્રામર્ઝ શરાબની જેમ ઉઠાવવાની મેલી તથા ફુલવારીની મજાહ તર્ક કરી હીંદુસ્તાનના જંગ ઉપર જાય છે તો તે સાથ મને પણ રવાના કર કે હરેક કામમાં મારી શમશેરથી એ પેહેલવાનની બરોબરીમાં રહી જે દરિયાવ, પાહાડો ને બીયાબાન જંગલોની શરદી ને ગરમીમાં એ નામદાર ઝેહમત ખેંચે તેમ હું પણ ખેંચી તેનો શરીક રેહું અને જે જમીન ઉપર તે પોતાનું કદમ મેલે ત્યાં હું પણ મેલી તેના કામનો કરનાર રેહું! તું નામદાર શાહાનશાહ મને એ જંગમાં એ નામદાર પેહેલવાન સાથ જવાનો હોકમ આપ કે હું ત્યાં રહી ઇરાનના બેશુમાર દલેરોમાં નકામો શરાબબાજીમાં મશગુલ રેહેવા ચાહતો નથી." પેહેલવાન બીજનના સુખનો શાહાનશાહ કેકાઉસે સાંભળ્યા. તે બેહદ ખુશાલ થયો, અને ખજાનચીને હોકમ કીધો કે દલેર બીજ-

નનો સરોપાવ લાવે, તે સરોપાવમાં એક ઉમદા પેહેલવાની ગોહરની કોલાહ, જરી કમરબંદ ને જરી પોશાક સાથ શાહાનશાહ નોજરની ભારી શમશેર તથા દસ ઘોડા, સુનાના જીન તથા દસ ખિદમતગાર હબસાન સરજમીનના પેહેલવાન બીજનને બક્ષી શાહાનશાહે ગરદનફ્રાજ ફ્રામર્ઝ સાથ હીંદુસ્તાન જવાનો હોકમ આપ્યો. પેહેલવાન ફ્રામર્ઝને શાહાનશાહે ઇરાની લશ્કરમાંથી ૨૦,૦૦૦ સવારો આપ્યા. તે તથા નામદાર ફ્રામર્ઝ ૨૦૦ ઇરાની દલેર પેહેલવાનો ને ૨૦૦૦ સીસતાની લશ્કર તથા ૫૦૦૦ કાબુલી લશ્કર પોતા સાથ હીંદુસ્તાન લઇ જવા મુકરર કરી તે નામદારે લડાઇનો તમામ સરંજામ તૈયાર કરવાનો હોકમ કીધો. રાહનો તમામ સરંજામ તૈયાર થયો અને લશ્કર ને પેહેલવાનો હોકમ સર અસબાબ બાંધી મેદાનમાં આવી પડાવ નાંખી પડયા ત્યારે એક મુબારક રોજે પેહેલવાન ફ્રામર્ઝે શાહાનશાહ કેકાઉસ અને જેહાંપેહેલવાન રૂસ્તમની રજા લઇ હીંદુસ્તાન ઉપર લશ્કર ખેંચ્યું.

શાહાનશાહ કેકાઉસે અને જેહાંપેહલવાન રૂસ્તમે શ્રી હીંદુસ્તાન ઉપર લશકર ખેંચતી વખતે નામદાર ફ્રામર્ઝને નસીહત કહી તે હેવાલ.

પેહેલવાન ફ્રામર્ઝે માલથી ભરેલાં ખચરો, ઉંટો ને હાથીઓ સાથ જંગના ઝુંડા ને નગારાંના ગંભીર અવાજ વચ્ચે કુચ શરૂ કરી, ત્યારે શાહાનશાહ કેકાઉસ ને જેહાંપેહલવાન રૂસ્તમ તે નામદારને બે મંજલ રાહમાં બરાબર મળવા ગયા. ત્રીજા દાહાડાની બામદાદે શાહાનશાહ કેકાઉસે પેહલવાન ફ્રામર્ઝને આગળ કુચની તૈયારી કરતો જોઇ પોતા પાસે બોલાવ્યો અને નસીહત કરી કે "ઓ નેકબખ્ત

પેહલવાન! લડાઇ તારી પાસ આસાન છે પણ તેં જેહાનની સરદી ગરમી જોઇ નથી. તું ઉમરે નાનો પણ અકલે બુઝર્ગ છે. પાદશાહી નસલની રોશન આંખ તે તું છે. જંગની રાહ રસમથી તું પુરતો વાકેફગાર છે પણ પાદશાહી રાહ રસમ જે પારકા મુલકોમાં મોહબત ને મરતબો વધારે છે તેથી તું વાકેફગાર નથી, સબબ તું નામદારે તારાં વતનથી કદમ બાહેર મેલ્યું નથી. દુનિયામાં જે તાજદાર પાદશાહો જેબાઇ ભરેલા છે તે પોતાના નેક કેરદારને જેબાઇથી લાયક ને વાખ-વાખીનાં કામ કરી જશ મેળવી રેહે છે. નામદાર પાદશાહ એક તોફા ફળવંત દરખ્ત ગીસાલે છે, જે ગમે એવા અવગુણ કરનારને નવાજેશ ને ઉમેદમાં ભરપુર કરે છે. પણ જે દરખ્ત ઝેરી ફળ દેનારૂં છે તે ગોયા નાપેકાર જુલમી શાહાનશાહ જેવું છે. તેથી ઝેરી મેવો ઝેર વસા-વનારને આપવો લાયક છે. પણ તોફો મેવો તોફા હડીયો લાવનારને એનાયત કરવો જોઇએ. ઓ નામદાર પેહેલવાન! દુનિયા અજમાએ-શના દસ્તમાં જેમ ખેલાડીના દસ્તમાં ચોગાન દડી હોય તેમ છે તેથી જેને અજમાયશ ને જેહાનની પીછાણ થઇ છે, તે આ જેહાનની મામુલી અકલથી સમજીને તેના ભાગ કરી તેનો કારોબાર ચલાવી લે છે. ઓ નામદાર પેહલવાન! તેથી જેહાન સમજવાને આ પાયો તું રચ કે જે કોઇ મોહબતથી કદમ ને બોસો દે અને તાબેદારી ને દોસ્તી ચાહે તેને તે નવાજેશ કર; પણ જે કીનાથી સર ઉઠાવી શમશેર પકડી હમનબરદીગાં ઉભો રેહ તે ઉપર કીનો ને ઝેરી તીર વરસાવ ને તેનું સર ને જીગર ચાક કર. ઓ પેહેલવાન ફરામર્ઝ! આ હીંદુ-સ્તાનની વેલાએતમાં અગર દુશમન આજેજ થઇ પનાહ માંગે તો તરત જીવતદાન બક્ષજે. અગર કેદ રાજા તારી આગળ બંદા મીસાલે આવી ઉભો રહે અને પોતાનું સર જમીન ઉપર પટકી દે તો તેને અમન નવાજજે. નામદાર પાદશાહ હોય અને તેનેથી તકસીર થઇ હોય પછી તે સમજી તે સુધારી તાબેદારી કબુલ રાખે તો તેને કતલ કરવો સજાવાર નથી. કેદરાજા પણ મોટો નામદાર ને લડાયક છે, તેનાથી

આખું હીંદુસ્તાન ધુંજે છે, ખુબ કે જબુન દરખત જડએખથી ઉખે-ડયું તે ફરી ઉગતું નથી તેથી એવું કામ કરવા પહેલાં ખુબ ચોકાસી રાખવી. જેમ આસમાન ઉપર આફતાબ હજારો સેતારાઓ વચ્ચે રહે છે તેમ તું તારા ખેરખાહ રખેવાલો વચ્ચે સાવચેતીથી રેહેજે. બીજાનું શરબત તું ઝેર જાણજે ને અગર તે તને જામમાં પાવાને હુજ્જત કરે તો તે તું તેનેજ પાઇ દેજે પણ ગમે એવી પણ રકજીકથી તું જીન-હાર તે જામ નોશ કરતો ના. દુશમનની બેટીને તું પોતાની ઓરત તરીકે કબુલ રાખતો ના. કેદરાજાની બેટી ગમે એવી ખુબસુરત હોય પણ તે દુશમન છે વાસ્તે તે ને તેની બેટી બાળી ખાક કરનાર તેજ આતશ જેવી જાણવી. અને માહરાજા નોશાદ બદસુરત હોય તોપણ તે આપણો ખેરખાહ ને જુનો તાબેદાર દોસ્ત છે વાસ્તે તે વફાદારી ને મરૂવત જેવી જાણવી. જેને તું પીછાણતો નથી તે અગર આસમાન તલગ ઊંચો ચઢેલો હોય તોપણ તેનાથી હોશીયાર રેહેજે પણ જેને તેં એક વખત પીછાણ્યો હોય અને તે ગીરદેશમાં ગીરફતાર હોય તોપણ તેને તું તેને પોતાનો જાણી તેના ઉપર મેહરબાન થજે. ઇનસાન સાથ ઇનસાન ને દેવ સાથ દેવ જેવી તકકર લેજે. પલીદની બેટી માહતાબને તકકર મારે તોપણ તેથી તારા દીદાર ને મોહ બંધ કરજે. કોઈ નાપાકને માહીદોલતના તખ્ત ઉપર બેસાડયે તો તાજ ઉકરડા ઉપર ઠોકરાય "તેમ તું અકલ ને એલમના પ્રતાપે ભલું બુરું જાણી લેજે. મુશકેલીના રસ્તા ઉપર ગંજ ખજાનો ખરચવાને હાથ ના ખાંચતો અને નેકી શિવાય કોઇ જવાંમરદી ના જાણતો. અનજુમનને તું નેક આલમ સમજજે અને તેથી ડરી કામ લેજે કે અનજુમનને મરતબો ને ઇજત આપ્યાથી તારી નેક-નામી જેહાનમાં બેશુમાર પસરશે. તું બંદગી કરે તો ગુપ્ત કરજે. જે મુશકેલી ને મેહરબાની તારા ઉપર ગુજરે તે પાક ખુદાતાલાથી જાણજે. તે ખુબી તું પીછાણવાને સામર્થ થાય ત્યારે તેના તું ખરાં જીગરથી હર-દમ શુકર કરજે. દાદ ચાહે તેને દાદ આપવાને તનમનથી જેહેમત ખેંચજે. અગર ઘોડેસ્વાર હોય ને કોઇ ફકીર દાદ ચાહવા ફરીયાદનો પોકાર મારે

તો તરત તારા ઘોડાને દોડાવી તેની દાદ લેજે, સુસ્તી કરતો ના. રંજ વગર ગંજ નથી અને ગંજ વગર નેકનામીની રાહના કામ થતાં નથી. વાસ્તે તું તારાં તન ઉપર બેશુમાર રંજ ખેંચજે કેમકે રંજ તારી મુરાદના ખજાનાનો દરવાજો ખોલનાર ચાવી ઠરશે. રંજ તારૂં નેક નામ જેહાનને આશકારા કરશે. બેશુમાર રંજ ખેંચી નામનો ઉઠાવનાર થજે કે હું ખુશાલ થાઉં. લશકરને ગંજ ખજાનો, ખેંચેલી રંજના શુમાર પ્રમાણે નવાજજે. ગુસ્સાના વખત ઉપર ગરમીથી તપી જતો ના પણ કળા ને કદર ને સમજથી મોભો જાળવજે કે મુદઇઓ તારી ઉપર તાજુબ ને દોસ્ત મોહબત ભરેલા રેહ જેથી તારૂં હરેક કામ રાસ્ત ને પાકું ઉતરે."

શાહાનશાહ કેકાઉસે એ રવેશની નસીહત પેહેલવાન ફ્રરામર્ઝને દીધી ત્યારે તે નામદાર પેહેલવાને શાહાનશાહ પાસ નમી દસ્તને બોસો દીધો અને નસીહતને જીગરમાં કોતરી રાખી પછી જેહાપેહેલવાને પોતાના બેટાને થોડા સખુનો કહી સંભળાવ્યા કે "અય નામદાર બેટા! તારા વગર મારી ચશમો ને બુઝર્ગ જાલેજરની ચશમો હમેશાં ગમથી ગળશે. ઓ બેટા! તેં આ બુઢાપામાં નામદારીના લોભથી મારાં જીગરને જખમી કીધું છે. આજથી ઓ બેટા! મારા જુના ગમપર નવો ગમ સવાર થયો છે અને ચમન ને બહાર ઝેર જેવાં થઇ પડયાં છે. આજથી તારી જુદાઇની નવી ફીકરથી મારૂં તન લરજ્યા કરશે અને મેહમાની ને શેકારબાજી મારે મનથી ઓ નામદાર બેટા તું વગર ખાક થયાં છે.

"પણ ખુદાનો હુકમ છે કે તું નામદાર બેટો શ્રી હીંદુસ્તાન સરજમીનનો પાદશાહ કેહેવાય તો પછી હું એજ દુવા તે દાદગર દાદાર પાસ હરદમ ચાહું છું કે તું નેકનામ બેટા સાથ જલદીથી મને મેળવે. ઓ મારા દિલને રોશન કરનાર બખ્તાવર બેટા! તું આ નસીહત ખુબ મગજમાં રાખ ને મેહમાની કે બલાના વખતમાં તેની યાદ ના ભુલ કે મોટા દુશ્મન સાથ શિતાબીથી હરીફાઇ ના કરતો. અજદાહ ને વરૂ સાથ અંદેશો કરી જંગ કરજે. કુનાશ દેવની જંગમાં ખુબ સાવચેત રેહજે

અને સામો ના વળગતો; મબાદા તું આફ્તાબને ગીરદમાં નાંખે એવો જોરાવર હોય તોપણ જરૂર હોય તે સાથે તને લડવું પડે તો ધીરો થઇ લડજે. શકતી કરી ગોરજ ધરી પોતીકી જાતમાં દલેરી તથા હોશીઆરી ખુબ રાખજે અને ગેવનો બેટા બીજન હજુર નાદાન બચ્ચું છે તેની ઉપર ખુબ નીધાહ રાખજે તથા મીલાદનાં ગુરગીન પેહેલવાનને તથા ગહશતમ પેહેલવાન જેવો દલેર કે કીનાને વખત તેની આગળ કોઇ તાકાત નહી ધરે, તેમ તુશનો બેટા જેરશપ હરજગે નગારાં તથા તથા નીશાનને લાયક છે અને ગહશતમ જેવો દેલેર છે; જમીન તેનાં ગરૂજ તથા તલવારથી લરજે છે. એ તમામ પેહેલવાનો દલેર સવાર છે તે માટે એ પહેલવાનોનાં દીલને તું નીગાહ રાખજે." જેહાંપેહેલવાન રૂસતમે એટલી વાત કહી અને પોતાની આંખો મોતી જેવાં આંસુ રેડીયા પછી ફ્રામર્ઝને શાહાનશાહે વિદાય કર્યો તથા રૂસતમ ત્યાંથી પાછો ફર્યો અને ફ્રામર્ઝ શ્રી હીંદુસ્તાન તરફ ચાલ્યો.

પેહેલવાન ફ્રામર્ઝને શ્રી હીંદુસ્તાનનો પાદશાહા નોશાદ એસ્તેકબાલ લેવા આવ્યો તે હેવાલ.

——:o:——

પેહલવાન ફ્રામર્ઝની ખબર નોશાદ રાજાને પોહાંચી, કે નામદાર પેહેલવાન ફ્રામર્ઝ આપણા મુલક તરફ ચાલ્યો આવે છે ત્યારે નોશાદ રાજા કેટલાએક ફરસંગ સામો ગયો, તેનું સર જુસાભરેલું અને દિલ હાજતમંદ હતું. નોશાદ રાજાને દુરથી ફ્રામર્ઝે દીઠો ત્યારે નજર કરી જોયું જે માહારાજા હાથીપર બેઠેલો છે. તે હાથીપર એક મોટું ખુબ જેબા તખ્ત હતું અને તેના સરપર તાજ તથા છત્ર ફરતું હતું અને ધાંટ તથા નગારાંના અવાજ થતા હતા. પેહેલવાન ફ્રામર્ઝને જેતાંજ નોશાદ રાજા હાથીપરથી ઉતરી પાઉપ્યાદા થયો અને પેહેલવાન ફ્રા-

મર્ઝ ઉપર દુઆ ગુજારી કે "અય ફીરોજગર પેહેલવાન! આ વેલાયત તથા એ સરજમીનપર તારૂં કદમ મુબારક થજો. બુરાઓની આંખ તારાં મોહોતથી દુર થજો! જેહાંન તારી બાંદી અને આસમાન તારી મુરાદ માફક ચાલજો." પછી પેહેલવાન ફરામર્ઝે તેનો હેવાલ હાલ પુછયો જે "અય માહરાજા! તું ખુબ ખુશાલ છે?" ત્યારે માહરાજા નોશાદે રડી પડી કુનાશ દેવથી જુલમ ગુજરવાનો પોકાર માર્યો. ત્યારે ફરામર્ઝે કહ્યું જે "તું માહરાજાની બેટીઓને ખલાસી બક્ષું અને હું તે નાપાક દેવનાં સરનું મગજ ખુદાવંદતાલાની બરકતે બાહેર લાવું અને ખુદાતાલાનો હોકમ છે તો તે જોરે તારી બેટીઓ તારે હવાલે કરૂં." જેથી માહરાજા નોશાદે જમીનપર સર મુકી બોસો દીધો અને કહ્યું જે "સામ નરીમાનના તોખમથી એ બને તે કાંઇ અજબ નથી." પછી નામદાર ફરામર્ઝ તેનાં શેહેરમાં દાખલ થયો. તે શેહેરના હરએક મેહેલ ઉપરથી સોનાનો વધાવો પેહેલવાન ફરામર્ઝનાં સર ઉપર વરસ્યો. માહરાજાના મેહેલપર આવ્યો ત્યાં કોશ બે તલગ જર તથા મોતી જાણે અનાજ નાંખ્યો હોય તેમ તમામ મેડી તથા દરવાજા સોનાનાં નકસો આરાસ્તા કીધા હતા. ત્યાં દુનિયા રોશન બેહેસ્તની મીસાલે થઇ અને વળી મોટા મેહેલથી સુન્નાનો વધાવો તેનાં તખ્ત ઉપર થયો. ચારે તરફથી ખુશઓની મરદાનીથી જોર ખુશઓએ પરાગંદે થઇ. દલેર ફરામર્ઝ હાથી ઉપરથી ઉતર્યો અને તે વાઘની મીસાલે માહરાજા નોશાદના તખ્તની તરફ ચાલ્યો. તે પેહેલવાન આરાસ્તા મેહેલમાં જોવા લાગ્યો કે ત્યાં મોતીનું તખ્ત હતું અને લાલ તથા મોતીનું તાજ હતું. તે જમીન તમામ શોહામણી અને મેહેલનું તમામ લાકડાંનું કામ સંદલનું હતું અને તમામ નર્યાંપર સુના રૂપાંની આરશતાઇ હતી. તે મેહેલમાં આસમાનનાં સેતારા આદીતથી તે શનીશ્ચર સુધી ચીતારેલા હતા અને મેખંના બુરજથી તે મીનનાં બરૂજ સુધી સર્વે બુરૂજના નક્ષ ચીતારેલા હતા અને રાતનો નક્ષ અબનુશપર તથા દાહાડાનો નક્ષ સદરૂશપર ચીતારેલો હતો; એ રવેશે તમામ હફતકેશ્વર જમીનનો ખ્યાલ

તે મેહેલમાં ચીતારેલો હતો! દાહાડા તથા મહિના તથા વરસ એ સર્વે ચીતારેલા હતા અને તખતના પૈયા વાઘની પીઠ ઉપર ધરેલા હતા! તું કેહેશે જે તે વાઘ જીવતો છે! તે સોનાનાં તખત ઉપર ફ્રરામઝ બેઠા અને મોટી બુનીઆદના દલેર પેહેલવાનો સોનાની ખુરસી ઉપર બેઠા અને માહરાજા નોશાદ બંદાની મિસાલ કમર બાંધી ફ્રરામઝની ખીદમતમાં બંને હાથ જોડી ઉભો અને તે નામદારનો દબદબો જોઇને અજબ થઇ રહયો. તેની બાજુની બુલંદી અને આરાસ્તગી તથા તેજ તલવાર અને ભારી ગરૂજ દેખી અજબ રહયો. પછી તે માહરાજાએ નામદાર ફ્રરામઝને વાસતે બકોલ લોકોને ફરમાવ્યું જે હર ભાત ભાતનું ખાણું લાવે, ફ્રરામઝ તથા નોશાદ રાજા અને બીજા કેટલાએક પેહલવાનો ખાણાં ઉપર બેઠા; ખાણું ખાઇને ધરાયા પછી શરાબ તથા વાજીંત્ર આગળ કીધાં અને બીલોરી પ્યાલે ઉપરા ઉપરી શરાબ પીધો. ફ્રરામઝ શરાબથી મસ્ત થયો ત્યારે માહરાજા નોશાદને કેહવા લાગ્યો કે, "એ યજદાનપરસ્ત શાહ! કેદરાજાની વાત લંબાણથી મને કેહે" તે સાંભળી માહરાજાએ જવાબ દીધો જે "અય સીસતાનના નામદાર! જો સહવારથી બપોર તલગ તારી આગળ વાત બોલું તોપણ કેદરાજાની વાતનો કશો છેડો આવે નહીં. તેની પાસે લશ્કર ઘણું છે અને તે દલેર છે. તું જેવો નામદાર તેના લશ્કરમાં મેં કોઇને નહીં દીઠો. લાખથી પણ જ્યાદા તેના લશ્કરમાં પેહેલવાનો છે. એક હજાર જંગી હાથી છે. તેના દલેર કોઇથી ડરે નહીં તેવા છે. તે હર વરસ સલામી લેવા મોકલે છે. મારી પાસે બરાબર ચાલીશ હજાર લશ્કરી ચુનંદા સ્વાર છે, પણ તેની બરાબર મારાથી હરીફાઇ કરી લડાઇ થઇ શકે નહીં. તે રાજા પાસ સોનાનો ગંજ બેશુમાર છે. દર વરસે લશ્કરમાં દસ હજાર ગંજ ખરચે છે. તે રાજાની ખુબસુરત બે બેટી છે, તે બેટી લડાયક પેહેલવાન સમાન છે અને જંગી સ્વારીની બેસનાર છે. મેં એમ સાંભળ્યું છે જે લડાઇને દિવસે જે કોઇ તે બેટી સાથે લડી તેની પીઠ જમીન ઉપર ધરે તેની સાથ તે બેટી પરણે અને બાપની પાદશાહી તથા

લશ્કરના બે ભાગ તેને બક્ષે. તે વાતપર ઘણાએક દલેર તેની સાથે લડયા છે અને વાઘની મીસાલે હુમલા કીધા છે પણ તે બેટીઓ કોઇથી આજેજ થઇ નથી. તે સુંદરીઓએ ઘણાને કુસ્તીની લડાઇમાં મરદાનગી કરી પછાડયા છે. વડી બેટીનું નામ શમનરૂખ અને નાની બેટીનું નામ શમનબર કરીને કહે છે. દુનીઆમાં એવી મરદાનગી ભરેલી ઓરત થોડી પેદા થશે શમનરૂખ ઘણીજ ચાલાક કેહેવાય છે અને પેહેલવાન છે અને પાદશાહાના સર્વે દલેરોની સરદાર છે." એ વાત સાંભળી પેહલવાન ફરામર્ઝે હસી કહ્યું જે "એ નામદાર પાદશાહ! તારી બે આંખ શરાબના પ્યાલાંની તરફ કરજે, હું કેદરાજા અને શમનરૂખ એ બંનેને સાથે હાથ બાંધી તારી આગળ લાવું. શ્રી હીંદુસ્તાનનો સર્વે ખજાનો લેવું, અને સીસ્તાનની તરફ મોકલું. ઓ માહરાજા! મને તારૂં લશ્કર તથા નગારાં જોઇતાં નથી અને હાથીનીબી ગરજ નથી. સબબ જે હાથીથી જેહાંન અંધારી થાય છે. તું લશ્કર સાથે બેસ અને શરાબ પી, હું મારો ગોરજ ઉઠાવી કેદરાજાના મેદાનમાં પોકારૂં. મારી બરાબર વીસ હજાર પેહેલવાની લશ્કર છે, તેથી તારાં લશ્કરની મને કશી હાજત નથી; ઘણાં લશ્કરને હું શું કરૂં? હું પોને કીનાના ગોરજ ઉઠાવીને મેદાનમાં નિકળીશ. ત્યારે મારી મરદાનગી તારી નજરે જોજે!" આ મીસાલે ગોફ્તેગો કરી સાત દીન તલગ મેહેમાની ને મીજલસ કરી બેઠો હતો અને રાગ રંગમાં શાહાનશાહ કેકાઉસની યાદમાં શરાબની જામ ઉઠાવતાં પોતાના બાપ જેહાં પેહલવાનનો બેશુમાર ગમ ખાતો હતો.

પેહેલવાન ફ્રરામર્ઝનું કુન્નાસ દેવની લડાઇમાં જવું અને મારયો ગયો કુન્નાસ દેવ તે નામના ઉઠાવનાર ફ્રરામર્ઝના દસ્ત ઉપર તે હકીકત.

———:o:———

મેહેમાનીમાં સાત દીન ને રાત તમામ થયા, ત્યારે નામદાર ફ્રરામર્ઝે કુન્નાસદેવનાં જંગલ તરફ લડાઇ કરવા જવાની તૈયારી કીધી અને પોતાના ઇરાની તથા જાબુલી નામદારોને સાથે રાખ્યા. એવો મામલો જોઇ માહ-રાજા નોશાદે તમામ અસબાબ, સાજ તથા સામાન સાથે બાંધી લીધો અને જંગલની તરફ રાહા લીધી. બે દીન અને બે રાત લગી વાટ કાપી તે રાજા, પેહેલવાન ફ્રરામર્ઝ સાથ આગળ ચાલ્યો ત્યારે દેવની જગા તથા ગુમબજનો ડુંગર દુરથી દેખાયો તે માહરાજા નોશાદે પેહેલવાન ફ્રરામર્ઝને દેખાડી કહ્યું જે "અય હોનરમંદ પેહેલવાન! હવે એ જગાથી હમો આગળ ચાલી શકતા નથી, જો તું જંગીને લડાઇ કરવી હોય તો ત્યાંથી લડાઇ કરવી જોઇએ." ફ્રરામર્ઝ તથા બીજન તથા ગુરગીન રાજાને મુકી આગળ ચાલ્યા અને તે જંગલની તરફ મોહ કીધું. પ્રથમ વેહેતી ખાડી એક દીઠી તે મધે પાણી વેહેતું દીઠું, ત્યાં હરણ તથા ગોરખર હતાં, તે ખારાં પાણીમાં હરણ આમદરખ કરતાં હતાં. તે જંગલ ઘાણું ખુબ હતું; તે ખુબી ભરેલાં જંગલમાં એક બીજી નદી મીઠાં પાણીની હતી. તે પાણીની તરફ કમલનાં ફુલ હતાં. હરએક તરફથી કબકદેરી પોકારતી હતી અને તે જંગલમાં એક મોટું ઝાડ હતું તેના પાતરાં સર્વે લીલાં અને તે ઝાડની મોટી ડાલ હેઠે મેહેલ આગળ એક વાઘ, એક બબર તથા એક ચીતો તથા વરૂ એ ચારે બાંધ્યાં હતાં; ફ્રરામર્ઝે કમાનનાં ચીલા ઉપર તીર ખેંચી હરએકને મારી નાંખ્યા પછી તે નામદાર પેલા મોટા મેહેલની નજદીક ગયો. ફ્રરામર્ઝે મેહેલમાંનાં ગુંબજ સામે

નજર કીધી તેવારે તેજીથી ઘોડા ઉપરથી હેઠે ઉતરી પડી બીજનને કહ્યું જે "અય નેકનામ! પાછળથી મારી પીઠને નેધાહ રાખતો તું આસ્તે ચાલજે. એ અંધારા ગુંબજમાં શું છે તે હું જોવું." એટલું કહી મોટા મેહેલની દરઘાહ આગળ આવ્યો ત્યાં દરવાજા આગળ બે વાઘ બાંધેલા દીઠા. બાંધેલા વાઘોએ ફ્રામર્ઝને જોતાં ચુંગાલે જમીન ખોદવા લાગ્યા. ફ્રામર્ઝ તે બંને વાઘની તરફ ગયો. તેણે ભારી ગોરજ ઉઠાવી તે બન્ને વાઘનાં સર એક ગોરજના ફટકાથી ખાકમાં નાખ્યા અને આગળ ચાલ્યો તો એક મોટો દરવાજો બાંધેલો દીઠો તે દરવાજો ફ્રામર્ઝે ખોલ્યો ત્યાંથી પણ આગળ ગયો જ્યાં બે બીજા મેહેલ દીઠા. ત્યાં એક દરવાજો દીઠો તે દરવાજા પાસ સાંપ દીઠા. તે સાંપ ઘણા મોટા અને કાળા શીહા રંગ જેવા હતા, હરએકના સર ઉપર ગાયની મીસાલ શીંગડાં હતાં. બકરાંની મીસાલે બદનપર બાલ હતા. પેહેલવાન ફ્રામર્ઝ તે બન્ને અઝદા જોતાં વાર પોતે કીનાથી જોસમાં આવી અઝદા તરફ દોડી કમાન બાહેર કાહાડી તે ખુનખાર જાનવર ઉપર તીર મારયો અને બુલંદ અવાજ કીધો, તેથી તે અઝદા તે પેહેલવાન ઉપર હોમલો કરવા લાગ્યા; પછી કંમરથી નેયાગાન નરીમાનની તલવાર ખેંચી અને તે બેહુ અઝદાના ટુકડે ટુકડા કીધા. પછી પેહેલવાન ફ્રામર્ઝે હાથ મારી દરવાજે ખોલ્યો અને આગળ ચાલી ગયો જ્યાં એક દેવ દીઠો તે દેવને સર બે હતાં તથા તેનું માથું ગયના જેવું હતું અને બીજું માથું વાઘના જેવું હતું. તે દેવનું તન હાથીનાં જેવું હતું અને ચુંગાલ બબરના જેવી હતી, તે દેવે પોકાર મારી કહ્યું કે "અય આદમી! તું હ્યા કેમ આવ્યો છે? કુન્નાસ દેવની દેહેશતથી શું તું ડરતો નથી?" એટલું કહી પેહેલવાન ફ્રામર્ઝની નજદીક દોડી પેહેલવાન ફ્રામર્ઝનાં તન સાથે વળગ્યો, એક મેક સાથે બાથોબાથ ઘણોવાર સુધી વળગ્યા. તે દેવનુ ફ્રામર્ઝે જેર અજમાવી જેયું. પછી દલેર ફ્રામર્ઝે તેજ તલવારનો જરબ એક મારી તેના કમરથી બે કટકા કીધા અને ત્યાંથી આગળ ચાલ્યો. ફરી તેમાં ઘર બે દીઠાં ફરી ત્યાં એક મોટો બુલંદ દરવાજો

દીઠો તે દરવાજાની આગળ ચાલતાં ત્યાં એક સીહા અંધારો ગુંબજ દીઠો. તે ગુંબજ ધુંઆદાર હતો, અને તે ગુંબજની દેવાલ તથા જમીન અંધારામાં નજર નહીં પડતી હતી, તેથી પેહેલવાન ફરામર્ઝ પોતાની આંખ ચોળી શાયત એક ત્યાં ઉભો રહ્યો; પછી ખુબ નજર કરી જોયું તો ભોયરાં મિશાલ જમીન હેથેથી સીડી ખોડી કાહાડેલી દીઠી. જોરેમંદ ફરામર્ઝ તે સીડીથી હેઠે ઉતરયો ત્યાં એક બુલંદ મેહેલ દીઠો ને જમીન રોશન આફતાબ જેવી દીઠી. તે જમીનનું બીછાનું નિર્મળ બીલોરના જેવું હતું. કુન્નાસ દેવ તે બીછાનાપર સુતો હતો. માહરાજા નોશાદની એક ખુબસુરત સુંદર બેટી નામે દેલઅફરોજ હતી. તે નાજનીને ફરામર્ઝને તે જગા દુરથી આવતો દીઠો કે શેતાબ ઉઠી કેટલાંક કદમ આગલ ચાલી ફરામર્ઝની સામે ગઇ અને કહ્યું જે "આદમી તું કોણ છે? અને હયાં તું કેમ આવ્યો છે? મરદુમખાહ કુન્નાસ દેવથી તું બીહીતો નથી? એ દેવ સુતેલો છે, તે જાગશે તો તને ગોયા શીકમાં બેસેલા શેકારી મુર્ગ માફક ખાશે, માટે તું તારો જીવ બચાવી એ સાજ હથ્યાર બાહેર લઇ જા અને તું પોતે કદર ખાઇ પોતાનો જાન તારાં બદનને બખશ. તું કવી માહા પુરૂષ કોઇ જોરેમંદ છે. પણ અય નવજુવાન! એ મોટી બળાથી હાથ ઉઠાવ અને એની હલાકીથી તું નાહાસી જા!" પેહેલવાન ફરામર્ઝે તે સાંભળી સુંદરીને જવાબ દીધો જે "મારી વાત તું સાંભળ. અને એ નાપાક દેવની તારીફ કરવાથી તું ખામોશી પકડ. મારી જંગ ને શમશેર તું પોતે જોશે ત્યારે તું મારી ફીકરથી હાથ ઉઠાવશે. ઓ સુંદરી! હવે તું જા અને મારા દાવપેચ જો." એ રવેશે કહી પેહેલવાન ફરામર્ઝે થોડાં કદમ આગળ ચાલી ગુસ્સામાં આવી એવો પોકાર માર્યો કે શેતાબ દેહસ્તથી તે દેવે ખોઆબથી આંખ ખોલી જોયું. તે દેવે પેહેલવાન ફરામર્ઝને જોતાંવાર તે દેવ સુતો સુતો પોકારવા લાગ્યો કે, "ઓ બુરાઇના કરનાર બુરા અંદેશાનાં, કેકાઉસ અને જાલ અને જાબુલી રૂસ્તમ તું વગર ત્યાં કેમ બેસે છે? કીનાનાં મેદાનમાં ફરાશાંન દેવને તેં મારયો અને જંગી ફરાશાનને તેં ખાકમાં નાખ્યો તો

હાલ તું જંગલની તરફ શા ખાતર આવ્યો? મુરદાર ખુહાર, કુનાશદેવનાં શરાણા ઉપર આવી ઉભો છે પણ તને કશી ખબર નથી કે હું પાદશાહ જોહાક તાજીમના વખતથી એ જગ્યાપર પાસબાની કરૂં છું. તેનો ખજાનો એ જગ્યાએ દાટેલો છે પણ મને એવી ખબર છે જે રૂસ્તમનો બેટો ફ્રામર્ઝ એ જગાપર આવશે અને તમામ દેવોને મારીને એ ખજાનો લેશે. તું ફ્રામર્ઝ છે પણ હમણાં તારા જીવની મારેથી ખુહારી થશે, સમજે તો સેતાબ તું પાછો બાહાર નીકળી જા!" એ રવેસના સખુન તે દેવની ઝબાનથી સાંભળી ફ્રામર્ઝ ઘણો અજબ થવા લાગ્યો. તે દરામણા દેવની શીકલ હાથીનાં મોહોડાંની મિસાલે હતી તેથી તે પેહેલવાન પોતાના જીવની ઉમેદથી ડર્યો, પણ ખોદાતાલાને યાદ કરી પોકાર મારી ગુસ્સામાં આવી તેણે સેતાબ પોતાનો ભારી ગુરજ ઉઠાવ્યો અને કુનાસ દેવનાં સર ઉપર માર્યો. તે ગુરજના જરબથી અને તેના આવાજથી ગુંબજમાં શોર પોકાર થયો. તે ગુરજના જખમથી કુનાશદેવનું સર તથા મગજ બેહુ કનટાઇ ગયું! તે અબલીસ દેવ પોકારવા લાગો. પછી તે દેવે ચુંગાલ લંબાવી એક સખત પથર ઉઠાવી લીધો ને શેતાબી કરી શેરમર્દ ફ્રામર્ઝ ઉપર મારવા ગયો એટલે ફ્રામર્ઝે સર ઉપર ધાલ પકડી. તે બદ શીકલના દરામણા દેવે ઘણા જોરથી તે પથરં માર્યો જે ધાલને લાગી તરત ટુકડે ટુકડા થઇ ગયો, તે જોઇ બીજી વાર ભારી ગુરજ ફ્રામર્ઝે ઉઠાવ્યો અને તે દેવનાં સર ઉપર મારયો તેથી દેવનું સર તથા મગજ નાપેદા થયું. તે સેતાબ તુટી પડયો ને તે પલીદ દેવનો જીવ તનમાંથી નિકળી ગયો. પછી માહરાજા નોશાદની ત્રણ સુંદર બેટીઓ સાથે લઇ નામદાર ફ્રામર્ઝ તે અંધારા મેહેલની બાહેર આવ્યો. તેનું મોહ ગોસ્સાભરેલું હતું તોપણ તેના ગોસ્સાનો દર કીધા વગર ગુલઅફ્રોજે પેહેલવાન ફ્રામર્ઝ ઉપર દુવા કરી અને તેનું જોર ને મરદાનગી જોઇ અજબ થઇ રહી. તે સુંદર ગુલઅફ્રોજે કહ્યું જે "અય બુલંદ ભારી માવેના દલેર અઝીઝ પેહેલવાન! એ બુરાઇના અંદેશાના દેવથી મેં એમ વારંવાર સાભળ્યું હતું જે એરખામના પથરના

તખત હેઠળ લાલ રંગનું એક લાલ છે તેની નીચે ગંજ ખજાનો ઘણો છે. તે સર્વે તું નામદાર બાહેર કાહાડ અને મને તેં એ બુરા દેવને હાથથી છોડવી તેથી તે ખજાનાનો તું પોતે માલેક છે તે લે." પછી તે અંધારા ગુંબજથી તથા મેહેલમાંથી ત્રણે બેટી ફ્રરામર્ઝ સાથે ખુશાલ બની બાહેર આવી. તે સઘળાંને ગુરગીને દુરથી આવતાં દીઠાં ત્યારે પેહેલવાન બીજનને ગુરગીને કહ્યું જે "નામદાર ફ્રરામર્ઝે દેવને મારયો છે. જો તે સામે સવાર મીસાલ ફ્રરામર્ઝ એક હાથમાં ત્રણ સુંદરીઓના હાથ ધરી ચાલ્યો આવે છે. તેના બીજા હાથમાં નાગી તલવાર છે." તે જોઇ બીજન ને ગુરગીન તેની નજદીક દીલશાદ ગયા તે જોઇ ગુરગીનને ફ્રરામર્ઝ કહ્યું જે "હયાં ગુંબજનાં ભોયરાં હેઠળ તું જા અને કુનાશ દેવ મુવેલો પડેલો છે તેનું સર અવલમાંજ કાપ અને તેના હાથીના જેવા બે આગળા દાંત ભાંજ. ખબરદારીથી તું જા અને ખુબ નેઘાહ રાખ." પેહેલવાન ફ્રરામર્ઝથી એ રવેશનો હોકમ ગુરગીને સાંભળ્યો ત્યારે ગુરગીન ત્યાંથી ગયો. તેણે એકેએક ખરફસતર તથા દેવ સર્વે મારેલા દીઠાં; ત્યાર પછી તે દેવનું સર ગુરગીને કાપી તે સર ફ્રરામર્ઝની આગળ લાવી ફ્રરામર્ઝપર બેશુમાર દુવા કીધી જે "અય બુલંદ આસમાન જેવા નેકબખ્ત મરદ! એવા ડરથી જેહાનને પાક તુંજ કરે. શ્રી હીંદુસ્તાનમાં એ નવી આરાએશતા તેં કીધી. હવે આપણે સીસતાનની તરફ મોહ ધરીએ." એ વાત સાંભળી પેહેલવાન ફ્રરામર્ઝ હસ્યો અને કહ્યું જે "એટલાવારમાં તને ઇરાન જવાની હાજત થઇ! પ્રથમ આ વેલાયતમાં ફ્રરાગાત થઇ આરામથી બેસ્યે, કારણ હીંદુસ્તાનને તરવારે કરી ધોવી છે. એ દેવનું સર તું વા મીશાલ માહરાજા નોશાદ નજદીક દોડતો લઇ જા અને તે માહરાજાને તું કેહે જે પેહેલવાન ફ્રરામર્ઝે કુન્નાસને મારયો. હવે તું તારા દિલની પાક મકસુદે ખુશાલ થા તથા આબાદાની પામ. તે પાક ખોદાતાલાના હોકમથી તારી ત્રણે બેટીનાં સર તથા પગ તે જુલમગાર દેવને હાથથી મેં ખલાસ કીધા છે." ગુરગીન એ હોકમ સાંભળી ત્યાંથી શેતાબ નિકળી ચાલ્યો, તેને

નોશાદ રાજાનાં દીદબાંનોએ દુરથી દોડતો આવતો દીઠો તેઓએ પોકારી હીંદના માહારાજા નોશાદને જાહેર કીધું કે જંગલથી ઘરાની સવાર એક દોડતો આવે છે. તેથી માહરાજા નોશાદ ચીંતામાં પડયો જે મબાદા ફ્રામર્ઝ દેવને હાથે મારયો ગયો કે કેમ? તે ફીકરથી નોશાદ રાજા શેતાબ તે સવાર સામે દોડી ગયો. માહરાજાને એ રવેસે ગભરાયલો જોઇ ગુરગીને કહ્યું જે "અય દલેર પાદશાહા, કુન્નાસ દેવથી ગુંબજ ખાલી થયો અને જેહાન તેના જુલમથી ખલાસી પામી સુખમાં આવી." એમ કહી તે દેવનું સર ગોયા એક બુલંદ ગુંબજ તે મેદાનમાં માહારાજા હજુર ગુરગીને મેલ્યું, તે સર દીઠાથી માહરાજા તેમ ઘણા મરદો બેહોશ જેવા થયા. માહરાજા નોશાદ તે સર જોઇ ઘોડા ઉપરથી હેઠળ ઉતરયો તેણે ખોદાતાલાની બંદગી કરીને સર ઉપર ખાક લેઇ શોકર ગુજાર્યા. તે યજદાનપરસ્ત રાજા તે જમીનપર ધરેલા સરથી દોઆ કરી ઘોડેસ્વાર થઇ પેહલવાન ફ્રામર્ઝ આગળ ગયો. તે માહરાજા નેકબખ્ત પેહેલવાનની નજદીક આવી પોહોંચ્યો ત્યારે તેણે પેહેલવાન ફ્રામર્ઝપર બેશુમાર દોઆ કીધી અને કહ્યું જે "અય જેહાનને રોશન કરનાર પેહેલવાન! ઓ સીસ્તાનના માહાતાબ! મારા તમામ દીન આજથી તું નામદારે નોરોઝ જેવા ખુશાલ કીધા ને મારી ત્રણે સુંદર બેટીઓ મને દેખાડી." આટલું કહી ત્રણે બેટીઓને જોઇ નોશાદ રાજા ઘણો ખુશાલ થયો. તે માહરાજાએ પોતાની બેટીઓને જોઇ તેથી તેની આંખનાં આંસુ નાપેદા થયાં. પેહેલવાન ફ્રામર્ઝે ખાસ ફ્રરમાબરદારોને ફ્રરમાવ્યું જે માહરાજાની પુત્રીઓને શેહેરમાં રાજાના મેહેલમાં લઇ જાઓ. પછી ફ્રામર્ઝે માહરાજા નોશાદને કહ્યું જે "અય રાજા! ચાલ તે પલીદ દેવની જગો ને ત્યાંની સર્વે બળા જો" પેહેલવાન ફ્રામર્ઝને મોહડે આ સખુનો સાંભળી માહરાજા પોતાના તમામ પેહેલવાનો ને લશ્કર સાથે તે ગુંબજ જોવા ગયો. તમામ આલમે પેહેલવાન ફ્રામર્ઝની બાહાદુરીનો તમાશો જોયો અને અંધારા ગુંબજમાંથી ઘણા પેહેલવાનોએ બેશુમાર જોર કરી તે મુવેલા દેવને બાહેર ખેંચી

કાહાડી મેદાનમાં નાખ્યો ત્યારે હીંદી વેલાયતની ખલકે હેરાન રહી પેહેલ-વાન ફરામર્ઝ ઉપર દોઆ કીધી.

નામદાર ફરામર્ઝને જુલમગાર જુહાકનો ખજાનો હાથ લાગો તે દાસ્તાંન.

——:o:——

તે ગુંબજ એક અકીકનાં તખતા ઉપર ઝોહાક તાજીએ પેહેલવાન ફરામર્ઝને વાસ્તે આગલથી એમ લખ્યું હતું જે "અય જંગી રૂસ્તમના બેટા સરફરાજ ફરામર્ઝ! તું જાણજે કે હું આ દુનિયામાં સર્વે અનજુ-મનથી ફાજેલ છું. મેં ઘણો બેમુલો ખજાનો એ જમીનમાં ગુપ્ત રાખ્યો છે. તું સીસ્તાનનાં સપેહસાલાર ખાતર તમામ હીંદુસ્તાનનો ખજાનો જમાવ કરી મેં દાટયો છે અને એ તલેસમનો ચારો કરીને એક શરકસ દેવ અને બીજો તુંદ દેવ એ બે જબરજંગીઓને એ ગંજ ખજાનાના રખેવાલ કીધા છે. સીસ્તાનથી તું આ જમીન ઉપર આવશે ત્યારે એ જોરાવર દેવનું સર કતલ કરશે અને મારૂં કામ તથા ગુંબજ જોઇ તું મારી પાદશાહીની ખુબી વખાણશે. ઓ નામદાર! તું એમ જાણજે જે મેં એ જંગળમાં ઘણાએક દીન ખુબ ખુશાલીમાં ગુજાર્યા હતા, તે વખતે મકર તથા હરકત તથા તલેશમને જોરે કરી એ દેવને ફાશામાં લાવી એ ગંજ ખજાનાનો પાસબાન કીધો છે; જે રાતદીન એ જંગલની ચોકી કરે છે અને ખુબ નેધાહ રાખે છે. એ મેહેલમાં જઇ એ દેવને તું જીવથી મારે ત્યારે મેહેલની સંગેમરમરની સર્વે જમીન તું ખણી નાખજે, કે તમામ ગંજ ખજાનો તારા હાથમાં આવશે અને તું આ દુનિયામાં નેહાલ થશે. અય નામદાર પેહેલવાન! જે કાંઇ તને જોઇએ તે ખજાનામાંથી લઇ જા અને શાહાનશાહ કેકાઉસને પણ તેને લાયક આપ. અય પેહેલવાન! એ વેલાયતની સરજમીન ઉપર તારૂં કદમ મુબારક હોજો!" તેહમતન રૂસ્તમના ફરામર્ઝે તે કેતાબ તે બેમુલાં તખત

ઉપરથી લઇ તેમાં સર્વે આગાહી લખી હતી તે વાંચી ત્યારે અજબ થયો. પછી તે નેક પેહેલવાને પત્થર તોડવાનો હોકમ કીધો; તે ખણુતાં હેઠળથી ચાલીસ પગથીની સીડી બાંધેલી જોઇ. તેની નીચે ભોંયરામાં એક મેહેલ મોટો એવો જે હરતરફ દસ તીરવાપુર લાંબો બધાયલો જેની દેવાલ ઉપર હર તરેહની આરાએશતા હતી. જેમાંનાં બીછાણુા અને બેશુમાર તાજ તખતનો હિસાબ થઇ શકે નહીં; અને હરએક તરફ સોનાનાં ચાલીસ ખુમચા ભરેલા હતા, તે હરેક વચે શુરોહી એકેકી હતી તે સર્વે શુરોહી મોતીએ ભરેલી હતી. તે મેહેલની દીવાલને ચેરાગી ગોહોર તથા કંકર જડેલાં હતાં. તે સર્વે ગોહેર ચેરાગ જેવાં રોશન હતાં. હીંદી તલવાર તથા લાલ તથા પીરોજાના હિસાબનો તો શુમાર॰ લાગે નહીં એટલાં બીસ્યાર હતાં અને જરી કપડાં અકીક તથા જમરજદની બુટી જડેલાંનો પાર નહીં હતો. માહીની ખુરસી તથા જમરજદનાં તખ્ત તથા કેરબાનાં તાજ ને હર તરાંહની બેમુલી અંગુઠી જેનાં નંગો બ્રેસ્પતનાં નુર જેવાં રોશન હતાં; તે સર્વે ખજાનો જમીનમાંથી બાહેર કહાડયો. તે બાહેર લાવતાં પાદશાહ તથા તમામ લશ્કર ઘણું રંજીદા થયું. તે એવો ગંજ ખજાનો હતો, કે તે દેખી શ્રી હીંદુસ્તાનનું લશ્કર અજબ થઇ ગયું. નોશાદ રાજાના શેહેરની તરફ તે તમામ ખજાનો લઇ પેહેલવાન ફરામર્ઝ પોતાનાં નામદાર લશ્કર સાથ આવ્યો ત્યારે ફરામર્ઝ ઝોહાકનું તાજ પોતાના સર ઉપર મેલી ઝોહાકનુંજ બેકીમતી તખત મેલાવી તે ઉપર બેઠો; આ ફત્તેહથી શેહરે શેહેર ફરામર્ઝનું નામ આફતાબ મીસાલે મશહુર થયું. પછી તે નામદાર પેહેલવાને તે ખજાનામાંથી જેમ જેને લાયક તેમ તે સર્વે ગંજ ખજાનો લશ્કરને, સરદારોને તથા દરબારીઓને નવાજ્યો. જંગી ફરામર્ઝ રંજ ખેંચી દુનિયાને આરાસ્તા કરી દુનિયાની રાહા રસમ મુવાફેક સાત દીન તે માહરાજા સાથ મેહેમાનીમાં બેઠો. ગંજ ખજાનો સર્વે નકી કર્યા પછી ખુશાલીમાં ગુરગોયાનું નામ ફરામર્ઝે માહરાજા નોશાદને પુછ્યું અને તેની જંગ યાદ કરી તેનો હેવાલ જાણુવા માંગ્યો.

જઇ લાગો પેહેલવાન ફ્રામર્ઝ ગુરગોયા વરૂના મકાન ઉપર અને લડાઇ થઇ ગુરગોયા વરૂ સાથે તે હકીકત.

—:o:—

નામના ઉઠાવનાર પેહેલવાન ફ્રામર્ઝે માહરાજા નોશાદને કહ્યું જે "ગુરગોયાનો મુકામ કયાં બીયાબાનમાં છે?" નોશાદ રાજાએ કહ્યું જે "આપણા મુલકથી દીન ત્રણનો રસ્તો મુકયા પછી એક શેકારથી ભરેલું જંગલ છે, તે જંગલનું નામ મરજકુન છે. તે જંગલમાં હંમેશ શેકાર ખાતર તે જુલમગાર વરૂ આવે છે. તે વરૂના દરદથી વાઘ તે જંગલથી નાહાસે છે સબબ તેનાં દાંતથી વાઘનું દિલ ખારસ્તા છે. ઘણી વખતે તેથી જોરેમંદો આજેજ છે. તે વરૂ એવું છે કે તું જે કંઇ ગોફ્તેગો કરે તેનો તે જવાબ આપશે. તેની દોડ હરણનાં જેવી છે." એ વાત નોશાદ રાજાની ઝબાનથી સાંભળતાં પેહલવાન ફ્રામર્ઝે ફરમાવ્યું જે તમામ લશ્કરી અસબાબ તૈયાર કરે. લશ્કર શેતાબ તે જીયાંગાર વરૂના મકાન ઉપર કુચ કરે કે, તે જંગલની તરફ કતલનો હીંગામ ખીલે. એ કેહેતાંજ પેહલવાન ફ્રામર્ઝ તથા તેના પેહલવાન તથા માહરાજા નોશાદ તથા તમામ સીપાહ તે વરૂના મકાનવાળાં જંગલ તરફ ચાલ્યા. તે તમામ લશ્કર જઇ પોહોંચ્યું ત્યારે તે જંગલમાં વરૂ નહીં હતું. પેહેલવાન ફ્રામર્ઝે ચારે તરફ તે જુલમગારની શોધ કીધી પણ તેનો કશો પત્તો હાથ આવ્યો નહીં. તે જોઇ પેહલવાન ફ્રામર્ઝે કહ્યું જે "નફેરી તથા નગારાંનો અવાજ કરો, કે તે દીલ લરઝે પમાડનાર અવાજથી તે જ્યાં હશે ત્યાંથી નિકળી આવશે" તેમ અવાજ થતાં વાર એકાએક તે વરૂ જંગલ બીયાબાનથી પોકારતું આવવા લાગ્યું; તેનો પોકાર સાંભળી સપેહસાલાર ફ્રામર્ઝનું લશ્કર ધ્રુજવા લાગ્યું અને તેને દેખતાં શ્રી હીંદુસ્તાનના પાદશાહનું લશ્કર તો પરાગંદા થયું. ઇરાની લશ્કર દરમ્યાન તે વરૂ વાઘ મિસાલે પોકારતું આવ્યું, તે નવજવાન બીજન ઉભો હતો

તેની નજદીક ઘણું જોસથી હુમલો કરતું દોડી આવ્યું તે મામલો જોતાં બીજને ખાંધથી કમાન લઇ તેનો ચીલ્લો ચહડાવી એક ખદંગી તીર આબાદ તે બુઢા વરૂની છાતીમાં માર્યો. તે તીર પલીદની છાતીમાં આરપાર કારગત થઇ ગયો, તેથી વરૂએ બીજનને કહ્યું જે "અય બુરા હુન્નરના! હું ગુરગોયાની તુને કશી ખબર નથી; મારા દાંતથી હાથી લરજે છે. મારા મેદાનમાં કોઇ એવો મરદાને મરદ નથી કે આવી ટકી શકે. મને આજે બે હજાર નવસો વરસથી પણ જ્યાદે જમાનો મારી આ ગરદન બુલંદ ઉઠાવ્યાને થયો છે. એ જંગલમાં મારી લડાઇ ખાતર આજ સુધી કોઇ પણ નથી આવ્યો; અને શેકાર ખાતર પણ આ જગ્યાએ કોઇ નથી ફરી ગયો; તેથી હું ખાતરજમે જાણું છું કે જરૂર તારાં મોતે શેતાબી કરી છે તેથીજ તું મારે હાથ આવ્યો છે. હું મારે દાંતે તથા પંજે તને મારીશ જે તું એ રવેશ તલવાર તથા કોલાહ સાથે હયાં શા ખાતર આવ્યો? હવે તું મારી ચુંગાલથી બચી કયાં જશે?" ગેવનો બેટો બીજન એ વાત સાંભળી અજબ થઇ રહયો તોપણ તે પેહેલવાને ગુસ્સો કરી તે દેવજાદા વરૂ ઉપર ઉપરા સાપરી તીરનો મારો ચલાવ્યો. તે મારાથી ગુસાદાર થઇ તે વરૂએ શેતાબી કરી તેના ઘોડા હેઠળ જઇ તેના જવાન ઘોડાને દાંતે જખમી કીધો. એ મામલો બનેલો બીજને ઉપરથી જોયો કે તે પલીદનાં દાંતથી ઘોડો જખમી થયો, ત્યારે દુરઅંદેશીથી જંગી ગેવનો બેટો પેહલવાન બીજન પંખી મુર્ગની મીસાલ પોતાના જખમી થયલા ઘોડાના જીન ઉપરથી કુદીને તે વરૂ ઉપર સવાર થયો, પણ વરૂના તનના બાલ તે જંગીને કાંટા મીસાલે ખુંચવા લાગ્યા; જેથી તે પીઠ ઉપરથી કુદી ગરદન ઉપર બેઠો. તે દલેર બીજને એક હાથ તે વરૂનું શીંગડું અને બીજા હાથમાં આબદાર ખંજર પકડયું. તેણે ખંજરે તે દેવ વરૂની જાતના સાંધે સાંધા વીંધી નાંખ્યા, જેથી લશ્કરમાં શોર ઉઠયો અને પેહલવાન ફરામર્ઝને ખબર પોહોંચી, તેથી તે જંગી સેતાબ તેની યારીએ આવી લાગી તેના હાથમાં સામે નરીમાનની તેજ તલવાર હતી તેથી તે નામદારે તે જુલમ-

ગાર વરૂ ઉપર એવો એક કારી ઘા કીધો કે તેથી તે વરૂ જખમી અને સુસ્ત થયું ત્યારે બરાડા મારતું જંગલ તરફ નીકળી ગયું. પેહલવાન ફરામર્ઝ તેની પુઠે દોડયો પણ લશ્કરની ગીરદથી અંધારૂં બેશુમાર થયું હતું તેથી વરૂ નજર પડયું નહીં. તે વરૂ ત્યાંથી નાહાઠું તે ડુંગરની તરફ પવનને રૂપે સર્વે લશ્કર આગળથી શેતાબ નાપેદા થયું પણ હલેર બીજન તે ઉપર બેઠેલો હતો, તેથી ફરામર્ઝ તથા લશ્કરે અફસોસ કીધો જે વરૂએ તલવારનો જખમ જોરથી ખાધો છે અને મેદાનમાંથી નાહાસી ગયું છે, પણ અફસોસ એ છે જે ગેવનો બેટો બીજન ઉપર બેઠેલો છે મબાદા તે વરૂથી તે નવજવાનને કાંઇ નુકસાન પોહોંચે. આજ દીન તલગ કોઇ પેહલવાને એવા દેવજાત વરૂ ઉપર સવારી કીધી નથી. કોણ જાણે જે આખર એથી શું નીપજશે? એ જંગી જાદુગર તે નવજવાન પેહલવાનને કયાં લઇ ગયું હશે? જુવાન બીજન તે સાથે શું હીકમત કરશે! અરે જો બીજનનાં જીવને ખતા થશે, તો પછી મારા નામને મોટી શરમીંદગી હાંસલ થશે. હું એ જંગીના નામદાર બાપને શું જવાબ આપશ?" એ પ્રમાણે નામનો ઉઠાવનાર ફરામર્ઝ બીજનનો અફસોસ ખાઇ બોલતો હતો અને પોતાના ઘોડાને જંગલ તથા પાહાડની તરફ દોડાવતો હતો. બીજનનું નામ નીશાંન કે કશો પત્તો તે નામદારે દીઠો નહીં; તેથી નાઉમેદ થઇ પોતાનાં લશ્કર તરફ આવ્યો. તેણે આંખમાંથી આંસુ પાડી કહ્યું જે "મારેથી જંગી ગેવ ઉપર જુલમ ગુજર્યો કે મારી નજર સામે તેનો નવજવાન બેટો તે જીયાંગાર બળાનો ભોગ થયો. ગેવ ગોદરેજ એ ખબર સાંભળશે તો તેઓનાં તમામ તનમાંથી જીવ નિકલી જશે, અને તમામ કબીલો માહેતમ કરશે."

હવે પેલી તરફ બીજન વરૂ ઉપર સવાર થયો હતો તે વરૂ વા મિસાલે એક ડુંગર ઉપર તેને લઇ ચહડી ગયું અને પોતાના ગાર આસપાસ વરૂ આવી લાગ્યું. તે ડરામણો જુનો ગાર હતો તે ગારમાં તે મસ્ત વરૂએ દાખલ થઇ ઉભું રહી પેહલવાન બીજનને કહ્યું જે

"અય જોરેમંદ બીજન! તું નીચે ઉતરી પડ અને એ બુલંદ મેહેરાબ અંદર જા. મારૂં ખુન કીધે તને શું હાસેલ થશે? મારી એવી જઇફીમાં તું મને શા સબબ હેરાન કરે છે? તને ગંજ ખજાનો હું આપું અને તારી આગળ હું આંખે કરી ચાલું. મને ઘણાં વરસ થયાં છે. હું પોતે એ કીનાનાં મેદાનમાં એકલું ફરૂં છું. પાદશાહ જમશેદના વખતથી હું આ જગ્યાએ ખજાનાની ચોકી કરૂં છું. શાહાનશાહ જમશેદની આંગલીમાં એક અંગોઠી હતી, જેની બરકતથી તમામ દેવ દરૂજ તથા જાદુ તથા પરી તથા મુર્ગ વગેરે તમામ ખલક તેના ફરમાનમાં તે નુરમંદ શાહ જમશેદે દેવોને આ ડુંગરના અંધારા ગારમાં એક મેહેલ કરવા ફરમાવ્યું તેથી દેવોએ એલમાશ ગોહેર કંકરના જડેલા પથર એ ડુંગરામાં ટાંકયા અને જડયા. મેહેલ તૈયાર થયો ત્યારે પાદશાહ જમશેદ ફરાખ જેહાંનથી ગંજ ખજાનો લાવ્યો અને એ અંધારા ડુંગરમાં દાટયા પછી એસ્તખરના મુલક ઉપર જેહાન જીરજબર કરવા તે નુરમંદ જંગીએ શમશેર ખેંચી, ત્યારે એ અંધારા ડુંગર ઉપર મને પાસબાન મેલી તે નેકનામ શાહાનશાહે મને કહ્યું જે રાતદીન એ ડુંગર ઉપર તું હુસ્યારી ને ખબરદારીથી પાસબાની કરજે. શાહાનશાહ જમશેદના નજુમીએ આ મુજબ વાત કહી હતી, જે એક વખત પેહલવાન ફ્રરામઝ શેરની મિસાલે આવશે; તે વરૂ સાથે લડાઇ કરશે ત્યારે એ વરૂ ઉપર એક પેહલવાન વાઘ મિસાલે સવાર થશે, તે પેહલવાનના હાથ ઉપર એ કતલ થશે, અને સર્વે ગંજ ખજાનો તે પેહલવાન કહાડી લેશે. તે સાંભળી મને શાહાનશાહ જમશેદે કહ્યું હતું જે તે પેહલવાન આ સરજમીન ઉપર આવે ત્યારે તેને તું આ મારો ખજાનો ને ગંજ દેખાડજે અને મારો સલામ કેહજે. મને પણ નેક નૈયતના નજુમીથી ખબર છે વાસ્તે તું મારી પીઠથી હેઠો ઉતર અને ગારમાં દાખલ થઇ તમામ ખજાનો જો. તું શાહાનશાહ કેકાઉસ તરફ એ બેશુમાર ખજાનો લઇ જા. તું મારી વાત સાંભળ કે હું તો એ ગંજ ખજાનાનો ફકત પાસબાન છું તેથી હજારો વરસના આ ગંજની પાસબાની કરનાર પાસ-

બાનને તું ના માર, મારશે તો હરેક અનજુમનમાં તારી એબ બોલાશે." પેહલવાન બીજને તે વરૂને મોહડેથી એ રવેશનો હેવાલ સાંભળ્યો ત્યારે તે નવજવાને જવાબ દીધો જે "અય જાદુગર! તું કમીનો નોકર, તેની એ નાલાયક વાત સાંભળી હું ભમાઇ જનાર નથી. મારાં તેજદાર ખંજરે તારી ગરદન કાપીશ. મેં મારા હાથમાં તારૂં શીંગડું ધયું છે તેને કેમ મેલું? જો તારા હાથમાં ગંજ ખજાનો છે તો શું થયું તે જોરે તું મારા દસ્તથી જીનહાર જીવ બંચાવી શકનાર નથી. મારાં તેજ ખંજરે તને રંજમાં ગીરફતાર નાખું." એ રવેશના સખુનો નવજવાન પેહલવાનને મોહડેથી વરૂએ સાંભળ્યા ત્યારે તે વરૂએ બીજનને કહ્યું જે "અય દલેર પેહલવાન! એ મારી વાત તું રેસ ખોટી ના જાણુ. શાહાનશાહ જમશેદનો ગંજ ખજાનો ધણો છે. તું એ ગારમાં જા અને અજબ વાત તું જો. જમીન પણ એ ખજાનાના ભારથી પોકારે છે તે માટે એ નવજવાન પેહલવાન! મને મુકી દે." પેહલવાન બીજને એવી વીગત સાંભળી ત્યારે તે અજબ થઇ રહયો. તે વરૂને કહેવા લાગ્યો જે "અય બુરી સુરતના પલીદ! જો એ ગંજ ખજાનાની વાત તું રાસ્ત કહે છે અને જુઠું બોલતો નથી તો ત્યાં તે ગંજ ખજાનાની જગ્યા તરફ એક દમમાં એ સ્વારી સમેત તું મને લઇ જા, અને તારી ચુંગાલ મારી તું તે શાહાનશાહ જમશેદના ગંજ ખજાનાનો દરવાજો ઉંઘાડી દેખાડ! જો તું મનમાં એમ ચાહાતો હોય જે એ પેહલવાન મારી પીઠ ઉપરથી હેઠા ઉતરે તો વળગી પડી હું એને જંગમાં પછાડું, તો તારા સવારના હાથમાં તેજ તલવાર છે. મારાં કૌવતે તારૂં શીંગ હાથમાંથી હું મેળનાર નથી પણ તે પકડી રાખી ચારે તરફથી તારી ગરદન મારી તલવારે જુદી કરૂં." એટલું સાંભલી બુલંદ દેવજાદ વરૂએ ગારમાં દાખલ થઇ પોતાની ચુંગાલ મારી સખત પથરનો દરવાજો ઉંઘાડયો. પેહલવાન બીજને જ્યારે એ અજબ જોર દીઠું ત્યારે તે જીયાંગાર દેવ ઉપરથી તે જંગી એક બાજુ તરપ દોડયો અને પેલું વરૂં ગારમાં નાપેદા થયું. તે ગારમાં સીડી હતી તે સીડીએ બીજન તે ગારમાં ઉતર્યો. ત્યાં પથ-

રના બે દરવાજા દીઠા તે દરવાજા બીજને ઉઘાડયા અને ખુદાવંદતાલાનું પાક નામ મોંહ ઉપર લઇ આગળ ચાલ્યો. ફરી તે ગારમાં ચાર મેહેલ દીઠા, તે જોઇ પેહલવાન બીજને કહ્યું જે "ખુદાતાલાના બરકતી નામ ઉપર એ તમામ ખજાનો ફીદા હોજો કે એ ખજાનાનો કંઇ સુમાર દીસતો નથી." હરેક તરફ ગોહર ને મોતી જોઇને મનથી અજબ રહયો. તે સર્વે ઝવેર સોનાના ખુમચામાં પડેલાં હતાં, ત્યાં એક ખાલેસ સોનાનું તખ્ત હતું. તે તખ્ત ઉપર શાહાનશાહ જમશેદનું એક બેમુલું તાજ ધરેલું હતું. તે તાજને સોનાંનાં હલકામાં અનમોલ લાલ ઝળકતાં હતાં તેજ તખ્ત ઉપર દસ બેકીમતી અંગોઠી મેળેલી હતી; તે અંગોઠી બ્રેસ્પતી તથા શુકર શેતારા જેવી ઝળકતી હતી. જરી કમરબંધ દસ હજારથી પણ જ્યાદા હતા. હામેહામ પાદશાહી સરોપાવ, ઝુન્દા ને કોલાહનો સાજ હતો. તે ગારમાં કસ્તુરી તથા અમબર, કપુર, મોતી તથા લાલ અને પીરોજાનો તો હીસાબ પણ નહીં થઇ શકતો હતો. તે પાદશાહી સરોપાવમાંથી પેહલવાન બીજને એક ઉમદા સરોપાવ પોતાનાં તન ઉપર પેહેરયો. તેણે એક બેમુલું ગોહરનું તાજ પોતાના સરપર મુકયું. તલવાર જરીની મ્યાનવાલી કમરે લટકાવી અને બે અંગોઠી આફતાબના રંગ જેવી પોતાની આંગલીએ પેહરી. તે નામદાર પેહલવાને એક જરી કમરબંધ પોતાની કમરે બાંધ્યો. એ રવેશે પાદશાહી શાની બની તે પેહલવાને જંગલનો રસ્તો પકડયો. આ વખતે આફતાબ ગુરબ થવા આવ્યો હતો ને સાંજ પડી ગઇ હતી. માહરાજા નોશાદ ને સપેહસાલર ફરામર્ઝના જંગી સીપાઇઓ તે પેહલવાનને ઢુંડતા ઢુંડતા ચારે તરફ વીખરાયલાં નજદીકમાં ભટકતા હતા, તે જંગીઓમાંથી એકની નજર બીજન પેહલવાન રાહ કાપતો હતો ત્યાં ગઇ. પેહલવાન બીજનને દુરથી આવતો જોતાંવારજ તે જંગી ઇરાનીએ શીતાબ નામદાર ફરામર્ઝને ખબર કીધી કે "ઓ તેહમતન રૂસ્તમના બુલંદતાલે ફરામર્ઝ ! પાક ખુદાતાલાની બરકતથી વરૂનો મારનાર જોરેમંદ બીજન પાદશાહી સાજ પોશાકમાં આવે છે." પેહલવાન ફરામર્ઝે દલેર ઇરાની સવારથી એ મીસાલની ખુશ વધાઇ સાંભળી

ત્યારે તેનું દીલ ઘણું જોસભર્યું થયું અને તે પાઉંપ્યાદો હરખ ભરેલો પોતે દોડયો; જંગી ફરામર્ઝે નવજવાન બીજનને પોતાની નજર કરી જોયો ત્યારે બીજનને સોનામાં ગરકાવ ગોયા કોઇ કયાની શાહાનશાહાજ થયલો દીઠો; કે તે નવજવાન જરી લેબાસથી આરાસ્તા ફત્તેહમંદ મીસાલે આવે છે. પેહલવાન બીજન પાસ તે આવી મળ્યો ત્યારે ફરામર્ઝે કહ્યું કે "એ રાસ્ત બીજન! તેં ગુરગોયા દેવજાતની સાથે શું કીધું? અને તે તું નવજવાનને લઇ કાંહાં ગયું? તું નેકનામ એ પાદશાહી ગંજ તથા તાજ ક્યાંથી પામ્યો? તું લડાઇમાં ગયો હતો અને એવો ખુશાલ કયાંથી આવ્યો? શું હતું જે ત્યાં તને બેશુમાર વીલંબ લાગ્યો?" નામદાર બીજને નામના ઉઠાવનાર ફરામર્ઝને મોહથી એ મીસાલના સવાલો પુછાયલા સાંભળ્યા, ત્યારે તેણે સર્વે ખબર કહી, તે તમામ હકીકત પેહેલવાન ફરામર્ઝે નવજવાન બીજનથી ખુબ રવેશ સાંભળી ત્યારે તે પેહેલવાન તે હેવાલથી હેરાન રહયો.

નામદાર ફરામર્ઝ તથા બીજન તથા માહરાજા નોશાદ તથા તમામ ઇરાની ને હીંદી લશ્કર તથા પેહેલવાનો પેલા શીહાગારમાં ગયા તે હેવાલ.

——:૦:——

તે દલેર બીજનની ગોફ્તેગોહ ને શાદમાની ને શરાબબાજીમાં રાત તમામ થઇ દીન રોશન ખુરશીદ સાથ આશકારા થયો. નામદાર ફરામર્ઝે નવજવાન બીજનપર આફરીન કીધી અને તે શાહાનશાહ જમશેદના ખજાનાની તરફ ચાલ્યા. તે શીહાગારમાં લશ્કર પણ સાથ લીધું. ત્યાં એક દરવાજો બાંધેલો દીઠો તેમાં પેહેલવાન ફરામર્ઝ, માહરાજા

નોશાદ ને દલેર બીજન વગેરે તમામ ચુનંદુ ઇરાની ને હીંદી લશ્કર દાખલ થયું, ત્યાં જોય શું કે, બેશુમાર સોનાનો ખજાનો હતો. તે દરમ્યાન સોનાનાં તખ્ત ઉપર એક મરદને સુતેલો દીઠો, તે દેબાહાને કપડે માથેથી તે પગ સુધી ઢાંકેલો હતો. ફરામર્ઝે તેના સરપરથી તે કપડું દુર કીધું ત્યારે એક એક પાદશાહી તાજ તે સુતેલા મરદનાં સરપર દીઠું; તે મરદ ઝાડ મીસાલે તખ્તપર સુતેલો હતો; તેનાં માથાનાં શેરાના ઉપર એક સોનાની તખ્તી હતી. તે તખ્તી ઉપર લખેલું હતું કે "અય જેહાંજોય પેહેલવાન! દુનિયા ઘણી ફરાખ છે પણ આપણાં દીલ ઘણા તંગ છે અને જેહાન સોનાં રૂપાંના ભંડારથી ભરી છે પણ આપણાં દીલ ડાઘ ને દગા ભરેલાં છે. તું પેહેલવાનો દરમ્યાન બાજી રોશન કરનાર છે, પણ મારી તરફ જો કે મારો જીવ નિકળી ગયો ત્યારે મારૂં તન શી રવેસે પડયું છે. એ નામદાર મારા બાપે મારૂં નામ નોશાદ ધર્યું હતું. દુનિયામાં જમશેદથી બુનીયાદ ધરાવું છું. મારી પહેડી દર પહેડીથી તારા નીયાગાનો છીયે. અમો તારા નીયાગાન અને તું મારૂં ફરઝંદ છે. એ રવેસે હુંથી તું દલેર સરફરાજ પેહેલવાન ઉપર આફ્રીન હોજો!" જ્યારે એ રવેસે ફરામર્ઝે તે તખ્તી ઉપર સર્વે લખાણ વાંચ્યું ત્યારે ફરામર્ઝ બેશુમાર રડીયો. તે પેહેલવાન અજબ થઇ રહયો. તેની આંખમાંથી આંસુ ચાલ્યાં. તે પેહેલવાને તેનાં મોહોડાં ઉપર મોહો ધર્યું અને તાજીમ તવાજો બજાવ્યો. પછી તે નામના ઉઠાવનાર ફરામર્ઝ એ સર્વે ગોહેર તથા ખાલેશ સોનું તથા આબદાર મોતીની શેરાઇ તથા જે ગંજ ખજાનો તે જગ્યાએ હતો, તે લઇ ઊંટ ઉપર ભરી બાહેર નિકળી ચાલ્યો. તમામ પાદશાહી હથીયાર, સરોપાવ તથા બખ્તર તથા તાજ તથા તખ્ત ખાસ હાથી ઉપર પોતાની સાથેજ રાખ્યા. પછી તે નામદાર પેહલવાને ઘણી કસ્તુરી તથા અમબર તે ગુજરેલા પાદશાહ આસપાસ વીખેરી નાખી; અને બાકી જે કાંઇ ગંજ ખજાનો હતો તે બાહેર કાહાડયો; અને તે ખજાનો લશ્કરને તકેદારીથી લઇ જવા સ્વાધીન કીધો. તે ખજાનો જોઇ ખલક હેરત થઇ. બુરા

ગુરગોયા વરૂથી જેહાન ખાલી થઇ ત્યારે પેહેલવાન ફ્રરામર્ઝે સર્વે લશ્કર સાથ માહરાજા નોશાદને લઇ શેહેરમાં આવ્યો. આ ખુશ બનાવથી તમામનાં દીલ ખુશાલી ભરેલાં થયાં તેથી તેની સલામતી ચાહવા શરાબ પીવા બેઠા. તે શરાબબાજીમાં જેવી જેની લાયકાત તેવું ઇનામ આપતાં તે લશ્કરમાં તમામ ગંજ ખજાનો બક્ષી દીધો, તેથી તમામ લશ્કર ખુશાલ થયું. મીજલસમાં એક બેમુલી ગોહર જડાવ કરેલાં એલમાશની તલવાર ગહશતમને આપી તેથી ગહશતમ ખુશાલ થયો અને ભારી માવેનાં જેરશપ પેહેલવાનને, તે રવેશની તલવાર એનાયત કરી તથા ગુરગીનને પાઓજેહેર બક્ષ્યું તથા ગીરશમને જરી કમરબંધ બક્ષ્યો. એ રીતે કેટલાંક દીન શાદી ખુશાલીમાં શરાબબાજી ને રામશગરોના સરોદમાં ચકચુર હતા. એ મીજલસ એક હફ્તા તલગ જારી રહયા પછી એક નેક શાયતે મારજોસા અઝદાહનું નામ પેહેલવાન ફ્રરામર્ઝે યાદ કરી તે બયાન માહરાજા નોશાદથી સાંભળવાની ખાહેશ બતાવી.

ગયો માહરાજા નોશાદને લઇ પેહેલવાન ફ્રરામર્ઝ મારજોશા અઝદાહની લડાઇ ઉપર તે દાસ્તાંન.

——:o;——

માહરાજા નોશાદે કહ્યું જે, "અય દલેર પેહેલવાન ફ્રરામર્ઝ ! તારા ડરથી વાઘ તથા દેવ નાબુદ થાય છે પણ એ મારજોસા અઝદાહને મારવો તું આસાન ના જાણ! કેહેરના આતશની ઝાર અને હીમનો બરફ તેના પોકારથી પેદા થાય છે. તે ઘડીકમાં પોતાના પલીદ મોહોડાંમાથી આતશના આગનાં બળતાં ફેંકે છે, તે આતશના મોજા રૂપી જોસાથી તમામ જેહાન બળી જળી ખાક રાખ થઇ જાય છે. તે ઘડીકમાં હીમનીં ફુક ફુંકે છે કે તેથી ગોયા હીમ પડે છે. મોહો ખોલી તે જયાંગાર મેદાનમાં દોડે છે, ત્યારે આગળા પગથી તે માથાં લગી ચાલીસ વામ પોહોળો છે.

તે અઝદાહના ઝેરથી મસ્ત હાથીનું મગજ બેહોશ થાય છે. તે અઝદાહના બેહુ તુસલ ત્રણુ નેજાવાર જાડી છે અને તે અઝદાહનું તન ત્રણુસો નેજાવાર લાંબું છે. તેનાં તન ઉપર ભીગડાં છે. તે ભીગડાં ધાલ મિસાલે તેનાં તનને ધાંકે છે. જેમ ધાલ ઉપર ધાલ હોય તે મીસાલે તેનાં તન ઉપર ભીંગડાંનાં પર છે. તે ઉપર હથ્યાર તથા તીર કોઇ જમાને કારગાહ થઇ શકયાં નથી. તેની ફુંકમાંથી ઝેર નિકળે છે; અને તેનું સર દસ વામ લાંબું છે. તે અઝદાહ બે નેજાવાર પુછડીથી જાડો છે. તેનું સર જમીનના નાભમાં નહીં સમાય તેવું છે, નેજા જેવી તે અઝદાહની મુછ છે. તે પેદા થયો છે તેજ જગ્યાએ રહે છે તેની નીશાન એ જે મોહોડામાંથી આતશની મિશાલે ધુંવો નિકળે છે, તે ધુંવો આસમાન તલગ જાય છે. તેની બે આંખ ગોહેરથી પણુ ઘણીજ આલા ઝલકે છે. તે અઝદાહ પોતાની જગ્યાથી કીનાનાં મેદાનમાં આવે છે ત્યારે ઓ નામદાર પેહેલવાન! તું કેહેશે જે એને આંઠ પગ ઉગ્યા છે. એ અઝદાહ સીહાગારમાં પોકારે છે, ત્યારે તે જંગલ તથા તે સીહાગારમાં દરયાવ મીસાલ જોસ થાય છે. તે જંગલમાં વાઘને જવાની તાકત નથી. નથી તાકત કે જોશથી હાથી જઇ શકે. તે પોકારતો અઝદાહ મોહોડાંની ફુકે જંગલમાંથી વાઘને ખેંચી લે છે. અને પોતાનાં મોહોડાંનાં ધુંવાનાં દંમથી હવામાંનું ઉડતું મુર્ગ શેતાબ મોહમાં ખેંચી લે છે. તે અઝદાહપર નેજો કારગાહ થતો નથી અને ગોરજ તેને કામનો નથી; ત્યાં કમાન કે ફાંદાનું કામ નથી; માટે અય જોરેમંદ પેહલવાન! તુ તારી જવાનીના દીનમાં હલાક થવાની બળામાં જાણી જોઈ ના જા!" નામના ઉઠાવનાર ફરામર્ઝે માહરાજા નોશાદની ઝબાનથી એ મુવાફેક તે અઝદાહની વાત સાંભળી તેથી તે નામદાર પેહલવાન ઘણો અજબ થઇ કેટલોએકવાર વિચાર કીધો પછી કહ્યું કે "અય નેકનામ માહરાજા! તું તે અઝદાહનું મકાન તથા જંગલ મને દેખાડી પાછો ફરજે. તે પાક ખુદાતાલાના નામથી તે નાપાક અઝદાહાને મારા નેયાગાન નરીમાનની તલવારે તુકડા કરૂં. જોહાકના ગંજના એલમાસનાં હથ્યારે તેનું તન બદન કાપી છીણુ છીણુ કરી આ જેહા-

નમાં આશકારા જાણુલી ખાનદાનના પેહલવાનોની જવાંમરદીને નામદારી કહેવાય." પછી નામના ઉઠાવનાર ગરદનફ્રરાજ ફ્રરામર્ઝે ફ્રરમાવ્યું, જે સુથારને બોલાવી દલદાર જાડાં લાકડાંનાં મોટાં ગાડાં બે બનાવો. તે હોકમ મુજબ તેજ વખત તે ગાડાં ઘડી તૈયાર કરાવ્યાં. તે બે ગાડાં બરાબર સાથે રાખી સાંકળે જડયાં અને દરેક ગાડાં ઉપર એકેકી સનદુક મુકી તે જડી લીધાં. તે ગાડાં આસપાસ ચારે તરફ્રત નોકદાર તેજ ઝેરી પાણી પાયલા નેજા જડયા એ મુજબ તે બે ગાડાં ખુબ રીતે ભારી સાંકળ ને હથ્યારે મજબુત કીધાં. ગોયા તે ગાડાં નહી હતાં પણ જાન લેનારી ઝેરી કરામત હતી. તે દેખાવે જીયાંગાર અબલીસ ગાડાંને એક દિવાનો હાથી જોડયો, તે લઇ પેહલવાન ફ્રરામર્ઝ ને તમામ પેહલવાન તે અઝદાહાના ડુંગર તરફ્ર તોફ્રાન મીસાલે ગયા. માહરાજા નોશાદ તે બીયાબાન ડુંગર નજદીક આવી લાગ્યો ત્યારે તે પોતાનાં લશ્કર સાથે પેહલવાન ફ્રરામર્ઝ આગળ એક તરફ્ર ઉભો રહયો, તે જોઇ પેહલવાન ફ્રરામર્ઝે પોતાનાં લશ્કર ને પેહલવાનોને પણ એ સુખનો કહયા, જે "અય નામદાર સરદારો ને સીપાઇઓ! તમો દિલેર પેહલવાનોમાંથી એક નામદારને હું બોલાવુ છું, જે ખુશીથી મારી સાથે અઝદાહના મોહોડામાં આવે. તેવો દિલેર જે હોય તે શીતાબ બાહેર પડે. ખુદાની કુદરત હું નથી જાણુતો જે કોણ જીવશે ને નામદારીમાં ગરક થશે." એ વાત સાંભળ્યાથી સર્વે પેહલવાનોનાં મોહોડાં જરદ થયાં અને કોઇએ જવાબ દીધો નહીં, ત્યારે ગેવનો બેટો બીજન છાતીએ હાથ લગાડી મસ્ત હાથી મીસાલે ઘોડેસ્વાર યાહોમ મેદાન પડયો. તેને પેહલવાન ફ્રરામર્ઝે ફ્રરમાવ્યું જે હીરનાં કપડાં દસ એક એક ઉપર પેહેરવાં જોઇયે જેથી નોશાદ રાજાનું હીંદી લશ્કર અજબ થઇ રહ્યું. તે હોકમ મુવાફ્રેક પેહલવાન બીજને પોતાના તન ઉપર સેલેહે પેહેરી સર ઉપર કોલાહ મેલી પછી જમશેદના બેટાના ગંજ ખજાનામાંથી એક તેજ તલવાર મંગાવી નવજવાન બીજનને આપી તે સાથ મોહોરા બે પાવજેહેરનાં આપી કહ્યું જે તું એ મોહોડામાં રાખ અને કભા બે સલેહે ઉપર પેહેરી લે.

પછી પેહલવાન ફરામર્ઝે નવજવાન બીજનને ખાલેશ કસ્તુરી અને તાજો અંબર આપ્યો જે તારાં મગજનાં દેમાગપર રાખ. તેમ પેહલવાન ફરામર્ઝે પોતે પણ તે પ્રમાણે તન ઉપર બચાવ કરી લીધો. પછી શેતાબ પેલાં ગાડાંમાં જડેલી સનદુકમાં બેઠા; અને ગહશતમને ફરમાવ્યું જે એ બે ગાડાંના હાથીની અંબારીમાં બેસી માહાવત બની એ ગાડાં તું હાક, પણ અઝદાહને નજદીક આવતો જોય ત્યારે શેતાબ ગાડાં ઉપરથી ઉતરી પડી હાથીના પગ બાંધી તું તારો જીવ લઇ તારા તેજ ચાલના ઘોડા ઉપર સવાર થઇ નાહાસજે, એટલું કહી ફરામર્ઝ તથા બીજન એક એક સનદુકમાં જુદા બેઠા અને ગહશતમે પેલા હાથી ઉપર ચઢી બેસી તે ગાડાં હાકયાં; તે તમાશો ઇરાની તથા હીંદી લશ્કર વગેરે તમામ ખલકત દુરથી નજરે જોતું હતું. અંધારા ગારની નજદીક ગાડાં આવી પોહોંચ્યાં, તે ગાડાંનો આવાજ અઝદાહે સાંભળ્યો તેથી તે મસ્ત થઇ પોકાર મારવા લાગ્યો અને ભુખર મીસાલે તે ગાડાંની તરફ દોડયો. તે પોતાના સખત ડુંગર ઉપરથી નીચે ઉતરી પડી તેને ગહશતમે જોતાંજ શેતાબ ગાડાં ઉપરથી ઉતરી હાથીના પગ બાંધી તે ત્યાંથી શેતાબ પોતાના ઘોડા ઉપર સવાર થતાંજ કે ઘોડો દોડાવી જીવ લઇ તે બાહેર આવ્યો. તેણે નામદાર ફરામર્ઝ તથા બીજન વાસ્તે પોતાની આંખથી આંસુ પાડયા. તે જીયાંગારે અઝદાહ ગાડાંની નજદીક આવી પોહોંચ્યો ત્યારે તે અઝદાહ તે અબલીસ જેવી સુરત ને કદનાં ગાડાં તથા હાથીને એક લેહજામાં ગળી ગયો. પણ તે ગાડું તે અઝદાહના પેટમાં ઉતરતાં વારમાંજ પેલા બે પેહલવાન તેનાં પેટમાં ગયા. તે નામદારો પોતાની સનદુક ખોલી અઝદાહનાં પેટમાં નિકળ્યા અને પોતાની ઝેરી પાણી પાયલી તેજ તલવારે તેનાં પેટનો માવો કાપી છીણ છીણ કરવા લાગ્યા. એ રવેશે તે નાપેકાર પલીદ અઝદાહને ભીત્તરથી કાપી તન બદન ફાડી ગોયા એક રસ્તાબેજ દેખાડી તે અઝદાહનું મગજ તથા દિલ તુકડા કીધું. અને તે અઝદાહાને પેટમાંથી કાપ્યો ત્યારે તે અઝદાહે જમીન ઉપર એવી પછાડી ખાધી કે તે નાપાકના તનમાંથી તેનો પલીદ જીવ નિકળી ગયો. પછી

નામના ઉઠાવનાર ફરામર્ઝ તથા પેહેલવાન બીજન જો કે અઝદાહના પેટમાંથી શેતાબ બાહેર નિકળ્યા હતા તોપણ તે નામદારો તેનાં કાતેલ ઝેરથી બેહોશ થઇ પડયા હતા. તે બેહોશીમાંથી ઘણે વારે તે પેહલવાનો હુસ્યારીમાં આવ્યા ત્યારે તેઓએ ઉંડી પાણીના ચશ્મા તરફ જઇ પોતાનાં તમામ તન બરેહને કરી સાફ કીધાં; દીલ ઉપર બેશુમાર લોહી લાગેલું તે તથા બખ્તર કોલાહ ને હથ્યારો ધોઇ ઘણો વખત તેઓએ તે ચશમા દરમ્યાન તનને પાક કીધાં; તન સાફ કરી બખ્તર કોલા પેહેરી લઇ પેહલવાન ફરામર્ઝે બીજનને કહ્યું જે "અય પેહલવાન! તું શેતાબ લશ્કર તરફ જઇ માહરાજા નોશાદને તથા તમામ લશ્કરને ખબર પોહોંચાડ, કે નાપેકાર અઝદાહ મારજોસાથી જેહાન ખાલી થઇ." પેહલવાન ફરામર્ઝનું ફરમાન લઇ નામજોય બીજન લશ્કર તરફ શેતાબ દોડતો ગયો. તેને રાહમાં અફસોસ ભરેલો ગહશતમ મળ્યો; તે નામદારે બીજનને પુછ્યું કે તું શેતાબીથી દોડતો કયાં જાય છે? બીજને દીલને ખુશાલ કરનારી સર્વે ખબર ગહશતમને કહી જે સપેહસાલાર ફરામર્ઝે મારજોસા અઝદાહને જીવથી મારયો છે તે પલીદ અઝદાહ ત્યાં પાહાડ મીસાલે લોહી લુહાન પડયો છે! તે તું શેતાબ માહરાજા નોશાદને આપણા લશ્કરમાં જઇ ખબર પોહોંચાડ. પછી ગહશતમે માહરાજા નોશાદને ખબર કીધી જે મારજોશા અઝદાહ ખાક બરાબર થઇ પડયો છે અને પેહલવાન ફરામર્ઝ આગળ તે અઝદાહ મુવેલો ડુંગર જેવો પડેલો છે, અને તેનાં મોહોડાનાં ધુવાંનો આતશ આસમાન તલગ જતો હતો તે ધુવાંથી હવા ખાલી થયલી દેખાય છે. તેની અંધારી જાત તે મેદાનમાં ખુનમાં ગીરફતાર છે. તેના લોહીથી તમામ જમીન લાલ રંગની થઇ છે. એ ખુશ ખબર સાંભળી માહરાજા નોશાદ સાથ તમામ લશ્કર અઝદાહના મકાન તરફ પોકાર મારતું તે જંગલમાં આવ્યું તો ત્યાં અઝદાહ મુવેલો પડેલો અને બે નામદાર પેહલવાનોને બેઠેલા દીઠા. તે પેહલવાનો અઝદાહના ઝેરથી મસત બેહોશ જેવા બેઠેલા સર્વે લશ્કરે દીઠા તેથી માહરાજાએ તે

નામદારોના સર ઉપર ગુલાબ તથા ખુશબો રેડી અને ખુશાલીથી ખેર આફ્યત પુછી હોશ્યાર કીધા. પેહલવાન ફરામર્ઝ તથા બીજન અને સર્વે પેહલવાન તથા માહરાજા નોશાદ તથા તેનું લશ્કર અઝદાહની નજદીક જઇ જોય શું કે તે મેદાનમાં એક મોટો ડુંગર જેવો તે બુલંદ પડયો છે. તેનું શીહા બદન ત્રણસો ફાંદ એટલે ૧૮૦૦ વામ જેટલું લાંબુ હતું. તેના બદનમાંથી લોહી પાણી મીસાલે વેહતું હતું, તે જોઇ તમામ લશ્કર અજબ થતું હતું. આ જવાંમરદી જોઇ પેહલવાન ફરામર્ઝપર માહરાજા નોશાદ ને તમામ પેહલવાનો ને લશ્કરે બેશુમાર આફ્રીન કીલી. તે જંગલ એવું તો ખુશનુમા શેકારોથી ભરેલું હતું, કે ત્યાં તે જંગની ખુશાલીમાં શેકારને ખાતર તેઓ દીન સાત રહયા, અને અઝદાહના બેહુ દંતુંસલ કાપી નાખી તેના સર્વે દાંત ફરામર્ઝે કાહાડી લીધા. આ ફતેહની ખુશબખ્તીમાં એક મીજલસ મહારાજા નોશાદે પોતાના બાગમાં સમારી; તે મીજલસમાં રામશગરોના અવાજ આસમાન તલગ જઇ પેહલવાન ફરામર્ઝ તથા દલેર બીજનની બાહાદુરીનાં કામ ઉપર આલમ હેરત થવા લાગી. તે બાગનાં ઘણાં ફુલ જવામરદીનાં રંગમાં ખીલી તે સરજમીન માજંદરાંન જેવી થઈ રહી. એક ગમથી નફેરીશંમનો રાગ રામશગરો ચલાવે અને બીજી ગમથી ગોહરની જામમાં શરાબના દોરથી દલેરોનાં મગજ જોશ ભરેલાં ખીલે, એ રવેશની દીલબહાર મીજલસમાં સાત દિવસ મહારાજા, પેહલવાન ફરામર્ઝ, દલેર બીજન, શમશેરનો ઉઠાવનાર ગહસતમ, ગુંદાનો બચાવનાર જરસપ તથા તદબીર ને કળાનો ઉસ્તાદ ગુરગીન વગેરે જાણુલી, ઇરાની ને હીંદી લશ્કરના જવાંમરદો મસ્ત હતા. તે ખુશાલીમાં માહરાજા સાથ પેહલવાન ફરામર્ઝે ગુફતેગોહમાં કગરદનની ગુફતેગોહ કહાડી; "અય હીંદુસ્તાનના મહારાજા, તે જીહાંગાર કગરદનોનું તુલોતવીલ બ્યાન મને કહી સંભળાવ"

બ્યાન કીધું મહારાજા નોશાદે જીહાંગાર કગરદનોનું નામદાર ફરામર્ઝ હજુર અને જઇ લાગ્યો તે નામનો ઉઠાવનાર નામદાર ફરામર્ઝ તે નાપેકાર કગરદનોની લડાઇમાં તે હેવાલ.

——:o:——

નામદાર ફરામર્ઝે માહરાજા નોશાદને પુછ્યું, જે "પેલા પલીદ કગરદનો કઇ સરજમીન ઉપર રહે છે?" તે સાંભળી માહરાજાએ જવાબ દીધો, જે "આ સરજમીનથી કગરદનોની વસ્તી વીસ ફરસંગ દુર છે. ત્યાં કોઇથી જઇ શકાતું નથી, એવો તે બીકટ રસ્તો છે. તે તમામ સરજમીન ને રાહ તે દેવજાદા કગરદનોએ ખોદી નાખી છે. તે તમામ કગરદનો બદનમાં મસ્ત હાથી જેવા છે; તે કગરદનો ગારમાં અને જંગલમાં ટોલે ટોલાં રહે છે. તે દેવ સુરતના તલવાર તથા ગોરજને કશા હીસાબમાં લાવતા નથી, તે કગરદનોનાં સર કોણ નામદાર કાપી શકે!" આ હકીકત ફરામર્ઝે સાંભળી માહરાજા નોશાદને કહ્યું જે "અય દાનાવ પાદશાહ! તે કગરદન મારી તલવાર જોશે ત્યારે તે પલીદ દુર નાહાસી જશે. ગમે એવા દેવજાદા ને મસ્ત હશે તોપણ મારી તલવારે એક પલકમાં બેજાન થઇ તુટી પડશે." પછી નામદાર ફરામર્ઝે લશ્કરને હોકમ કીધો જે નગારાંનો અવાજ કરો; તેથી નગારાંનો અવાજ થતાં વાર નામદાર તુશનો બેટો ઉઠી આવ્યો, તેની સાથે ગહશતમ તથા ગેવનો બેટો બીજન તથા નેજાનો ઉઠાવનાર ગેરશમ તથા તદબીરનો બતાવનાર ગુરગીન એ સર્વે પેહલવાનો તેની હજુરમાં આવ્યા. તેઓને નામદાર ફરામર્ઝે ફરમાવ્યું જે તુરત એક હજાર સવાર દલેર લડાઇના કરનાર હથિયાર બાંધી મારી સાથ આવવા તૈયાર થાય. પછી તે નામદાર તમામ અમજુમન સાથે તે જંગલની તરફ ગયો. તે જંગલમાં જતાં વાર તે નામદાર પેહલ-

વાને ત્યાં તે ડુંગરની એક તરફથી એક હજાર ચેહેની ખાહી ખોદાવીને તે ખાહીને ઘાસ કાંટાએ પુરી નાખી. તે ખાહીની બીજી તરફથી તે નર-જુવાન નામનો ઉઠાવનાર પેહલવાન, લશ્કર સાથે આવ્યો અને ત્યાં નગારાં, ઘાંટ, દફ, ચંગ, નફેરી. ભેરદ, કરનાએ તથા રણશીંગડાનાં એવા તો બુલંદ અવાજ કરાવ્યા કે તે તોફાની અવાજથી કગરદનનાં દશ હજાર ટોલાં ગારમાંથી બહાર નિકળી આવ્યાં અને તે વાજીંત્રના ભારે અવાજ તથા બુલંદ પોકારથી તે તમામ ટોલાં તે ડુંગર ઉપરથી હર તરફ નહાસ ભાગમાં પડયાં. જે ડુંગરની બાજુથી લશ્કર તરફ આવતાં તે દલેરોની તલવારે કતલ થઇ ખાકમાં પડતાં હતાં. અગર તેમાંથી બચતાં તો તે જંગલની એક તરફથી આગ સળગાવી હતી તેમાં પડી જળી ખાક થતાં હતાં. એ તદબીરે તે તમામ ડુંગરના ઘેરામાં ફસી ગયાં. એક તરફથી ડુંગરની એક બાજુએ ખોદેલી ચેહ, બીજી તરફથી નગારાનાં દેહેસ્ત ઉપ-જાવનારા અવાજ, ત્રીજી તરફથી દેલાવર પેહલવાનો તથા લશ્કરની તલ-વારોનો મચેલો દોર અને ચોથી તરફથી જફાકાર સળગેલી આગ એ મીસાલની રચેલી તદબીરે ચોતરફથી જીહાંગાર કગરદનો વચમાં ફસી ગીરદાપેચ થવા લાગ્યાં. દરેક પેહલવાન વાઘ મીશાલે આ દેલાવરીનાં મેદાનમાં નામ ખાતર દોડયા, અને કગરદનોની હરીફાઇમાં મચ્યા, જેથી તમામ જીહાંગાર કગરદનનો ટોલો તે પેહલવાનોની તરફ લડાઇ કરવા નિકળ્યાં. ત્યાં ઇરાનીઓએ કીનાની તલવાર એવી તો સીફતથી ખેંચી કે ઘણાઓને જમીન ઉપર ટોલે ટોલાં નાખ્યાં અને બેશુમાર તે જીહાંગારોને તેજ તલવારથી કતલ કીધાં; તે મામલો જોઇ બીજાં કગરદનનું ટોલું નાહાસવા લાગ્યું તેની દુંબાલે દોડી જઇ પેહલવાનોએ તે નાપેકાર બલા-ઓને દોડાવતાં ચેહેમાં હોમાવી અને તે ડુંગર ને જંગલ તમામ તે બળાથી સાફ કીધું. એ મીસાલે એકે એક કગરદન મારી તમામ કગરદનોને તે ચેહેમાં નાખ્યાં; એ વખતે તે દલેરોનાં હાથથી એક પણ કગરદન છુટું નહીં, અને તમામ ચેહે કગરદને ભરાઇ રહી! કગરદનો તે ચેહેમાં એક એક એકપર પડી દેવ મીસાલે પોકારતાં હતાં; તે કગરદનોમાં કેટલાંએક

ચેહેમાં પડેલાં અને કેટલાંએક ખારસ્ત થયલાં, કેટલાંએક ખંજરે વીંધાઇ કેટલાંએક નેજાની નોક ઉપર જખમી થયાં, એમ મેદાન તથા ગાર તે નાપાક કગરદનથી ખાલી થયાં. તે કગરદનથી ડુંગરનો ગાર ખાલી થયો અને કુલે દેવજાદ કગરદનો માર્યાં ગયાં ત્યારે આફતાબની પેશાનીનો ફરામર્ઝ પાણીના ચશમાં તરફ ગયો અને લશ્કરને ફરમાવ્યું જે ચેહેનાં કગરદન બાહેર ખેંચી કાહાડો, અને કતલ થયલા જમાવ કરો. તે સાંભળી તેના લશ્કરે તે બોહોલી ચેહેમાંથી તમામ કગરદનો બાહેર ખેંચી કહાડયાં અને બેશુમાર કતલ થયલાં હરતરફથી જમાવ કીધાં. પછી જેહાનના પેહલવાને માહરાજા નોશાદને બોલાવ્યો તેથી નોશાદે કેટલાએક કોસ સુધી નજર કીધી તો તે તમામ જંગલ ને ડુંગરની બાજુ મસ્ત હાથીઓને પડેલા દીઠા. જેથી માહરાજા તથા તેનાં લશ્કરે અજબ થઇ પેહલવાન ફરામર્ઝ ઉપર બેશુમાર આફ્રીન કીધી. માહરાજા નોશાદે લશ્કરને હોકમ કીધો અને ગણત્રી કરવાથી તે તમામ બદકાર કગરદનોની સંખ્યા છત્રીસ હજારની નકી જણાઇ, તેથી માહરાજા નોશાદનું દિલ ઘણું ખુશાલ થયું અને ઇરાનીઓ ઉપર સદ હજાર આફ્રીન કરી રહયો. તેનું તમામ હીંદી લશ્કર કેહેવા લાગ્યું કે દેલાવર ઇરાનીઓની તદબીર ને જોરથી શીકસ્ત ખાઇ તમામ કગરદનો માર્યાં ગયાં; બાકી કોણમાં મકદુર હતી કે તે દેવજાદોની નસલ નાબુદ કરી શકે? એ રવેશના સખુનો માહરાજા નોશાદે પોતાનાં હીંદી લશ્કરથી સાંભળ્યા ત્યારે માહરાજાએ કહ્યું કે "ઇરાનીઓ શું દેવથી યા શું અંધારા ગારોથી, કે ગમે એવી બળાથી કે જીહાંગાર કગરદનથી કે મોટા સાંપોથી ડરનાર નથી. એ સર્વે બુરી બળાઓની આખર આવી તેથીજ ઇરાનીઓ ફતેહમંદ ફરામર્ઝ સાથ શ્રી હીંદુસ્તાન આવી લાગ્યા. હવે હું નહીં જાણતો જે કેદરાજાનું શું થશે? જેહાંપેહલવાન રૂસ્તમના બેટાએ કુનાસ દેવનું સર તથા મગજ પરાગનદા કીધું અને મારી સુંદર કુંવરીઓ છોડવી લાવ્યો તેમ એકવાર હું કેદરાજાની બેટીઓને પેહલવાન ફરામર્ઝના હાથ ઉપર ગીરફતાર જોયું તો પછી તે મારી પાસ શરમીંદો

છે." નામદાર ફ્રામર્ઝે કહ્યું જે "અય અકલમંદ પાદશાહ! એ કગરદન જાનવરનો કારભાર તું શું દેખે છે? એથી હીંદુસ્તાની લોકો અજબ રહે છે પણ ઇરાનમાં એવા કામને ખુહાર અને જબુન કીધેલાં ગણે છે. એ મસ્ત હાથીઓની લડાઇમાં લશ્કર નહીં કામ આવે. ઇરાની પેહલવાનોને તેં નથી દીઠા જે કીનાની વેળાએ કમર બાંધે છે અને ઘોડા ઉપર જીન ધરે છે ત્યારે નેજાએ નામદારો તે શી રવેશે આસમાનને જમીન ઉપર લાવે છે." પેહેલવાન ફ્રામર્ઝથી મહારાજા નોશાદે એ સંખુનો સાંભળ્યા પછી તે તાજદારે જવાબ દીધો, જે "અય નામદાર પેહલવાન! અશરત કેરસાસ્પથી તું યાદગાર ચેરાગ છે. મેં પોતે એમ સાંભળ્યું છે, કે જ્યારે કેરશાસ્પ લડાઇમાં મોહો ધરતો, ત્યારે કીનાથી મસ્ત હાથીની મીસાલે નામદાર પેહલવાનો ઉપર નરે શેરની મીસાલે પ્યાદો દોડતો જઇ જમીન ઉપરથી ઉઠાવીને એક બીજાપર મારતો અને કીનાની તલવારની તરફથી હાથ નહીં પાછો લરજાવતો, જેહાંનના પેદા કરનાર ખોદાતાલાનાં શુકર છે જે તું જેવો પેહલવાન શ્રી હીંદુસ્તાનની તરફ મારી મદદે આવ્યો છે અને તમામ આ હીંદી વેલાયતને બુરાઇથી ટાળી સુખમાં ગરક કરે છે. અય નામદાર પેહલવાન! તને ખોદાવંદતાલા આફ્તાબ મીસાલે રોશન કરે અને તમામ એ જમીન હરએક બળાઓથી ને બુરાઇથી તું પાક કરી હમેશાંની નામદારી પામે એ મારી મુરાદ મને ને તું નામદારને ખુશાલી ભરેલી ફળે." એ ગોફ્તેગોહમાં તે નામદારો રાત દીન તે જંગલમાં શેકારબાજી ને શરાબબાજીમાં બેઠા. જાબજાથી શમશેર બાંધનારા નામદાર સરદાર અને સીપાહો તે કગરદનોના હેવાલથી વાકેફ થતાં ત્યાં આવીને કગરદનોને જોવા લાગ્યા અને હેરત થઇ જંગીઓની તારીફ કરવા લાગ્યા અને પેહલવાન ફ્રામર્ઝ ઉપર બેશુમાર આફ્રીન કરવા લાગ્યા. તે તમામ શમશેરબાજો અજબ થઇ દાંતમાં આગળાં પકડી મહારાજા નોશાદના નસીબાની ચઢતી વખાણવા લાગ્યા; એથી માહરાજા, પેહલવાન ફ્રામર્ઝનાં કામથી ખુશાલ થયો. કગ-

રદનોની બળાથી ખલાસી પામ્યો માટે હરખ ભરેલો ખીલ્યો. એ રવેસે છત્રીસ હજાર કગરદનોનાં સીંગડાં કહાડવાનો હોકમ થતાં તે સર્વે કહાડીને તમામ લશ્કરે માહરાજા તથા પેહલવાન ફરામર્ઝ આગળ લાવી મુકર્યાં. તે સીંગડાં નહીં હતાં બલકે ગંજાવર ડુંગરને ટેકો આપવા કોતરેલા ઠામલા હોય એવી જબરી બળા હતી, તે શ્રી હીંદુસ્તાનની ખલકત જોઇ ખુશાલ થઇ કેમકે તે ઘણુંની જુલમગાર બળા ટળી જઇ તે જુલમથી તે મોકળી થઇ હતી.

પેગામ મોકલ્યો નામદાર ફરામર્ઝે કેદરાજા ઉપર તે ગહસ્તમ એલચી થઇ લઇ ગયો તે રાજાની. દરબારમાં તે દાસ્તાન.

——:o:——

નામદાર ફરામર્ઝે નવીશંદાને ફરમાવ્યું જે કેદરાજાની ઉપર એક પેગામ નામું લખ, તેમાં અવલ તે અજીમ કુદરતના સાહેબ ખોદાવંદતાલાની આફ્રીન લખ પછી તું કેદરાજાનું સરનામું કર અને તેમાં જણાવ તે રાજાને, જે દલેર ફરામર્ઝ જેની બુન્યાદ જેહાંજોએ જાલેજરના જેહાંપેહલવાન રૂસ્તમથી છે, જે જેહાંપેહલવાન કેરશાસ્પ ને નરીમાન તથા સાંમેસવારથી પેદર દર પેદર નામદારી ભરેલા પેહલવાન છે—જે શાહાનશાહ કેકાઉસ આગલ કંમરનો બાંધનાર તથા જોરેમંદોમાં મુબારક બખ્ત અને નેજા ને શમશેરથી કદમનો ઉઠાવનાર દુનિયામાં નામદાર પાદશાહોનો પસંદ કરેલો ને અજમાવેલો જંગી છે જે નામદારે દાદ ને દીન ઉપર સર ઉઠાવ્યું છે અને ભુત તથા દેવોની ગરદન ભાંજી નાંખી તુંદ વાઘોથી શીહા થયલી જેહાનને રોશન કીધી છે. તે નામદારોમાં દલેર ફરામર્ઝ જે હાથી જેવાં જંગીઓને એકજ જરબે મારી ખાકમાં નાખનાર છે તે નામદાર શ્રી ઇરાન સરજમીનથી

જેહાનના સરફરાજ પાદશાહના હુકમથી શ્રી હીંદુસ્તાન આવ્યો છું જે શ્રી હીંદુસ્તાનને પગ તળે બાંધું, ફરી જીરજબર કરી, ફરીને શાહાનશાહ કેકાઉસની સલામી કબુલ કરાવું. એઅંદેશાવાળા બુરાઇથી સર ફેરવનારનું સર ખાકમાં લાવું. અય કેદ હીંદી! તને પકડી મારા પાદશાહની નજ-દીક લઇ જવા ચાહું છું, તું સરપર તાજ ધરી જાણે છે તો મરદાન-ગીની કમર બાંધી તારે મેદાને પડવું જોઇએ. જો મરદાનગી કરવાના ઇરાદે મારો હરીફ થઇ આવશે તો કુનાસ દેવ મીસાલ ખાક બરાબર થશે. પણ ઓ હીંદી! તું નેક અંદેશો કરી તાબેદારી પકડી જો સર ખાકમાં ધરશે, તો હું તને માફ કરી તારી પદવી ને મોભો જાળવીશ; અગર તને સલાહ કરવાની ખાહેશ હોય અથવા કોઇ દગા ફટકાની ફીકર હોય, અથવા કીનો ધરી મેદાન ગજાવવું હોય તો તે તમામ કેફીયતનો પેગામ બંદોબસ્ત ભરેલો લખી મોકલજે. સેતાબી જરૂરની જાણી મારા પેગામ ઉપર જે દરૂસ્ત દીસે તે તરફ ચાલજે; જે કોઇ સુલેહનો દરવાજો અને કીનાનો દરવાજો ડરભર્યો નહીં કરે ને બુરાઇની મુરાદથી હાથ ઉઠાવે, અને બુરાઇનું ઝાડ નહીં હિલાવે તેની સાથ મને મારા શેહનશાહે લડવા ફરમાવ્યું નથી. જે કોઇ કીનો મુકી સલાહ ઉપર ચાલે તો તે કાયમ રેહે અને જે બળવાનું ઝાડ ઉઠાવે તો તે નાપેકારને મારાં કૈવતથી મારા નેયા-ગાન નરીમાનની તલવારે કતલ કરેલો ખાકમાં લેટતો કરૂં. કેરશારપના ભારી ગોરજથી તેને એવો કુટી નાંખું કે તે ફરી મુરાદની રોશની જોય નહીં. તારા બેશુમાર દેવ લશ્કરની જડ દુનિયાથી ઉખેડી નાંખું. મારા શેહનશાહના રોશન બખ્તને જોરે મેં કુનાશ દેવ તથા પલીદ વરૂ તથા તમામ જીહાંગાર કગરદનોને તથા મોટી બલાવાલા અઝદાહને નાપેદા કરી નાખ્યા છે તો તું શું બીસાદ છે? ઓ હીંદી! અગર તું લડા-ઇનો ઇરાદો કરે તો જરૂર જાણજે કે તારા જેવી લડાઇ મેં બેશુમાર મારી છે, બે હફતા થયા મેં કગરદનોને જેહાનથી નાબુદ કરી તે સાફ કરેલાં જંગલમાં નદીના કીનારા પાસે તફરોજ કરૂં છું અને મારો એલચી તારા તરફનો જવાબ લઇ ફરી આવે ત્યાં સુધી તને ચયન મારતો

પાણી પીવા દઉં છું. મારા પેગામનો જવાબ મારો એલચી લઇ પાછો ફરશે ત્યારે તું એમ જાણ કે તેં લડાઇની ખાહેશ કરી તો તારા સરપર તલવાર વીજળી મીસાલે આવી પોહોંચી.” એ રવેસે પેગામ લખી તે નામુ નવીશંદાએ પુરૂં કીધું ત્યારે પેહલવાન ફરામર્ઝે ગહશતમને બોલાવી ફરમાવ્યું જે, એ પેગામ તું શેતાબ કેદ રાજા પાઇ લઇ જા. પણ તે નામદાર મારા બાબમાં તને જે કાંઇ પુછે તેનો જવાબ એવો આબાદ તે તુરત દેજે કે તે હીંદી પોતાની નેવાહ રાખે અને તે મારા નામાંનો જવાબ આપે ત્યારે તે લઇ પવન મીસાલે ઉતાવળો ત્યાંથી આવજે. તે હીંદીનો લડાઇનો સાજ સામાન નજરે જોઇ યાદ રાખજે અને તેની દરબારને ચોકસાઇથી પામજે. એ સર્વે વાત ફરામર્ઝની ઝબાનથી સાંભળી શાહજાદા ગહશતમે તે પેગામ નામાની કેતાબ તે નામદાર પેહલવાને નમી પોતાના દસ્તમાં લીધી અને ખુબ ખુશાલ થતો મીજલસથી બાહેર આવી ઘોડા ઉપર સવાર થઇ રાત દીન ઘોડો ચલાવતો અને મંજલ દર મંજલ મુકામ કરતો કેદ રાજાની વેલાયત જઇ લાગ્યો. જ્યારે તે ગહસતમના આવી પોહોંચવાની કેદ હીંદીને ખબર થઇ જે પેહલવાન ફરામર્ઝનો એલચી આવ્યો છે ત્યારે કેદ રાજાએ ઘણાએક લોકોને તેને લેવાને મોકલ્યા. તે હીંદી દરબારીઓ એલચીને નજદીક આવતો જોઇ નમી શેતાબ પોતાના પાદશાહની નજદીક આબરૂ ઇજતથી લાવ્યાં ત્યારે ગહસતમે તે રાજા ઉપર ઘણીએક દોઆ કીધી. કેદ રાજાએ પાદશાહોની રાહરસમ મુવાફેક ગહસ્તમની ખેરઆફયત પુછી અને પેહલવાન ફરામર્ઝની જંગો તથા ફત્તેહોની ખબર પુછી; શેરમરદ ગહસતમે જમીનપર સર મુકી બોસો દીધો અને દલેર ફરામર્ઝનો સલામ સંદેશો કહી તે નામદારના પેગામની કેતાબ દાનાવ વજીરને સ્વાધીન કીધી. તે નામુ કેદ રાજાના હોકમથી નવીશંદાએ વાંચ્યું. તે નામુ સાંભળ્યાથી કેદ રાજાનું દીલ અને મોહો હરીઆલીના રંગ જેવું થયું. તેના ચેહેરાનો જે અનારનાં ફુલ જેવો રંગ હતો તે સુફેદ કપુરના રંગ જેવો જરદ થયો. તે રાજાએ ગહસતમને કહ્યું જે “ફરામર્ઝ પાસ ચુનંદા

સવાર તથા દલેર કેટલા છે? અને નામદાર પેહલવાન પેગામ નામામાં લખે છે તોપણ ખુલ્લી ખબર પડતી નથી કે તે કોણુની તોખમથી છે ને કોણુની બુન્યાદ ધરાવે છે?" ગહશતમે જવાબ દીધો જે "અય હીંદુસ્તાનના પાદશાહા! અમારા સપેહસાલાર ફ્રામર્ઝ સાથે બેશુમાર લશ્કર ને સવાર શમશેર મારનાર છે અને અમો સાથે નામદાર માહરાજા નોશાદ ચાલીશ હજાર ચુનંદા સવાર લઇ આવ્યો છે. જાબુલી તથા સીસતાની તથા ઇરાની મળી સાઠ હજાર સવાર નામના ઉઠાવનાર ફ્રામર્ઝની ખીદમતમાં હાજર છે, તે જેહાનના મેદાનમાં ફત્તેહમંદ છે, તે નામનો ઉઠાવનાર જેહાંપેહલવાન સાંમે નરીમાનની બુન્યાદના આ જમાનાના પેહેલવાન રૂસ્તમનો બેટો પેહલવાન ફ્રામર્ઝ કરી કેહેવાય છે; જે કોઇ એ દીલાવર જંગી સાથે સરકસી કરે છે તે મરદને એ નામદાર ફાંદામાં લાવી પોતાના ભારી ગોરજે જીવથી મારે છે. તે એવો લડાયક છે કે તેની સાથે એકદમ કોઇ લડી શકે તેવો નરેશેર નથી અને તેનો ઘોડો એક પાહાડ મિસાલ છે તે તેહેમતન તાજબક્ષ રૂસતમના રખશની પીઠથી છે. દુનીયામાં એવા ઘોડા કમ હોય છે. તે દેવ જાત છે અને શેતાબ પવન ચાલ દોડે છે અને લડાઇમાં કંઇ દન તથા રાત લગી મચેલો રહે તોએ બીલકુલ હાકી જતો નથી. ઓ નામદાર રાંજા! પેહલવાન ફ્રામર્ઝે અશપરોગ પાહાડથી ફ્રાહન દેવને જીવથી માર્યો તથા મેદાનના ધ્રુજાવનાર ફ્રાશાંન દેવને કતલ કીધો. દેવના લશ્કરો તે દલેરને હાથ માર્યાં ગયાં છે. માહરાજા નોશાદની વેલાયતમાં જીયાંગાર જંગી કુનાશદેવ મકર અને ચારા ભરયો હતો તે પણુ તેને હાથે ખુવારી સાથ માર્યો ગયો! તથા નાપાક ગુરગોયા જેવું વરૂ તથા કગરદન જેવાં જીયાંગાર જાનવરો અને મારજોસા જેવો અઝદાહ તે નામદારના શેકાર થઇ તેને હાથ માર્યાં ગયાં. એ રવેશ તે નામંદારે આ જેહાંન બુરાઓથી ખાલી કીધી. હવે તે નામદાર તું રાજાને ફરમાનબરદાર બંદો કરવા માંગે છે. તે આલા બુનીયાદે સામ નરીમાંન થકી કેરશાસ્પ અશરત તે શાહાનશાહ જમશેદ નેયાગાન ધરાવે

છે. જે શાહાનશાહ જમશેદ આપણી જેહાનમાં ગોયા આફતાબની મિસાલે હતો. એટલા માટે માહરાજા નોશાદ તે પેહલવાનની ખીદમતમાં બંદા મિસાલે કમર બાંધી રાત દીન તાબેદારી ને ફરમાનબરદારીમાં ઉભો છે. એ નવજુવાન પેહલવાનને તે નામદાર માહરાજા તથા તેની પ્રજા ને મેહેલે ઘોડાનાં જીન ઉપરથી મોતી તથા ગોહરથી વધાવી લીધો. ઓ કેદ રાજા, તેની મરદાનગી અને તેજ તલવાર તું મને શું પુછે છે? જો રસ્તાખેજ લગી તું લડાઇનો સાજ સામાન તૈયાર કરે તોપણ તે પેહલવાન સાથે તું જવ જેટલી બરાબરી પામે નહીં, માટે તું રંજીદા ના થા અને અમારી ભારી સલામી કબુલ કર. કીનાને વખત તેની લડાઇમાં તું તાકાત લાવી નહીં શકશે. તું સલાહ કરે તેથી તને ખેજાલત લાગનાર નથી. સબબ જાબુલી પેહલવાન સામે કોણે શમશેર ને જંગ ફત્તેહ કરી છે? ઇરાનના કયાનીઓની સામને આફતાબ કીનાથી જોઇ નહીં શકે તો પછી કેદ રાજા તારી શું બીસાત છે? લશ્કરના પેહલવાનોમાં બીજન જેવો દલેર જેનાં ડરથી હરણ ઉપર વાઘની તાકાત નથી કે આવી શકે! તથા જેહાંનનો સમારનાર જોરસપ જેવો દલેર જેની તલવારથી વાઘ તથા વરૂ મોહોભર નાસતાં ફરે છે તથા ગેરશમ જેવો દલેર જો તલવાર હાથમાં પકડે તો તેની આગળ તાકાત કોણની કે કોઇ ઉભો રહી શકે? તેનાં તમામ લશ્કરનાં પેહલવાનો દેખઇતા મસ્ત હાથી જેવા છે અને તારાં લશ્કરને કશા હિસાબમાં ગણતા નથી. તે લશ્કર કહે છે કે કેદ રાજાના લશ્કર તથા પેહલવાનોને હરણ મીસાલે જમીન ઉપરથી ઉઠાવી પટકયે. એવાં તારાં લશ્કરને ઇરાની લશ્કર એક ગોરખરની મીસાલે કશા હિસાબમાં ગણતા નથી. જો હું તે લશ્કર ને તેની જવાંમરદીની તારીફ કરૂં તો તે કરી શકાય નહીં અને ઘણું કેહેતાં તને કદાચ દરદ પોહોંચે પણ જ્યારે તું તેને દેખશે ત્યારે તું જાણશે જે મેં અનજુમનમાં જુઠું નથી કહ્યું. જે કોઇ જુઠું બોલે તેનાં દીલને આજાર પેદા થાય અને નુર નહીં હોય." દલેર કેદ રાજાએ સર્વે વાત દલેર ગહસતમથી સાંભળી

ત્યારે તે મીજલસમાં ઘણો દલગીર થયો. પછી દલેર કેદ રાજાએ ગહશતમને જવાબ દીધો, જે "તે તારો સરદાર જો સખત પથર તથા પાહાડ હશે તોબી લડાઇમાં માલમ પડશે અને મારાં લશ્કરમાં કેટલાએક દલેરો છે, તે લડાઇને વખત અને શેકારને દીને મેદાનમાં રૂતુના વાની મીસાલે સેતાબી કરે છે. મારા નેજાથી આસમાનનું સર પેચ ખાય છે. મારા કીનાથી જમીન ને જમાનો લરજે છે. આજનો દીન ઓ નેકબખ્ત! તું અમારો મેહમાન રેહ, કે હું મારી મસલહતગાહમાં મારા દાનેશમંદ અમીર ઉમરાવો સાથ મનસુબો કરી તને એક પેગામ નામું લખી આપું, કે તે લઇ તું તે નામના ઉઠાવનારને મારી સલામ સાથ હવાલે કરે." એ પછી તે રાજાએ શેતાબ એક પાદશાહી મીજલસ.ને એલચીને ઇજત આપવા ખાતર સમારી, તરેહ તરેહ ખાણાં ને શરાબો ખાઇ પી ધરાયા સાથ દીલપઝીર હલકની ગાનાર રામશગરોના શીરીન શરોદ સાંભળીને ગહશતમ પાદશાહી ઉતારાનાં બુલંદ મેહેલ તરફ ચાલ્યો. પાદશાહી ઉતારામાં પેહલવાનોને લાયક સરનજામ જોઇ આશાએશ લેવા પોતાને તનથી એલચીનો અસબાબ ઉતારી ત્યાં તે મેહેલમાં આરામથી રહયો.

કેદ રાજાએ પોતાના નામદારો સાથ મસલહતગાહમાં પેહેલવાન ફરામર્ઝના પેગામનામાં ઉપર વીચાર કીધો તે હકીકત.

પેહલવાન ગહસતમ પોતાના ઉતારા ઉપર ચાલ્યો ત્યારે કેદ રાજા પોતાના ખાસ મસલહતના દીવાનખાનામાં પોતાના નામદારો હજુર ખ્યાલ ભરેલે દીલે ને ઉતરેલા મોંહથી તખ્ત ઉપર આવી બેઠો. તે રાજાને જોતાં તેના તમામ નામદારો ઉભા થઇ દુવા દઇ રહ્યા તે

સાંભળી રાજા બોલ્યો કે "આ વખત મારી ઉપર દુવામાં ગુજારવા કરતાં પેહલવાન ફ્રરામર્ઝનો અંદેશો કરવામાં ગુજારવા હું કેહું છું. ઓ મારા દાનાવ વઝીરો, પેહલવાનો, સપેહસાલારો ને સીપાહો! પેહલવાન ફ્રરામર્ઝની જંગ બીજી જંગો કરતાં બીલકુલ જુદી કીસમની છે. તે એક એવા પેહલવાનની તોખમથી યાદગાર ચેરાગ રોશન થયો છે કે જે પેહેલવાની તોખમના નામદારોથી જેહાંન ઝીરજબર ને ફ્રરમાબરદાર થઇ રહી છે. જેહાંપેહલવાન કેરશાસપે જે શમશેર ને ગોરજ ને તીરથી માહરાજા બાઉ જે હીંદુસ્તાનનો એક જોરેમંદ ને લડાયક રાજા હતો તે માહરાજાને શીકસ્ત આપી ત્યારથી આજ તલગ જાબુલી પેહવાનોની નામદારી ભરેલી તલવાર ઊંચી ને આબદાર રહી છે. તે શાહનશાહ જમશેદ કે જેને અજાયબ નુરમંદ ને એજમતીએ ઝીન, દેવ, પરી ને આદમીઓની જેહાન ને ખલક તાબેદાર બનાવી હતી તે તોખમથી ઉતરેલો તે આજ આપણી ઉપર ચડાઇ લાવનાર પેહલવાન ફ્રરામર્ઝનો નેયાગાન કહેવાય. વળી જેહાંપેહેલવાન રૂસ્તમના નામથી જેહાન તાબેદારી કરે છે કે જેની શમશેર પાસ કોઇ દેવ કે અઝદાહ કે પેહલવાનની તાકાત નથી કે હરીફાઇ કરી શકે. તે જેવા જંગના બુલંદ ને જેહાનના પેહેલવાનોના સપેહસાલારનો બેટો આ પેહલવાન ફ્રરામર્ઝ છે. વાસ્તે એ નામદારની જંગ આશાન નથી. આપણાં મોટાં લશ્કરો ને ખજાના ને કીલ્લા તેની બીસાદમાં આવનાર નથી. ઓ નામદારો! આ રવેસ હાલનો મામલો છે તો તમો દાનેશમંદોનો શું અંદેશો દોડે છે? જંગના મેદાનમાં આપણા હાથી ને ઘોડા ને સીપાહઓ ઝોકાવ્યે કે આપણા હાથી ને ઘોડા ને સીપાહઓની જગ્યાએ આપણે ફ્રરમાબરદારી કબુલ કરી બેશુમાર ગંજ ને ગોહર આપી નામદારી ને પેહલવાનગીરીનો દાવો તરફ કર્યે? જે તમારો ખ્યાલ ને વીચાર હોય તે બેધડક મને જણાવો." એ રવેશના સખુનો કેદ રાજાથી તેની ખાનગી મસલહતગાહમાં બીરાજેલા તેના નામીચા દરબારીઓએ સાંભળ્યા ત્યારે તેઓ સાયત એક ખામોશ થઇ ગયા. આ મસલતખાનામાં કેદ રાજાનો

તેહેમુર નામનો વજીર જે ઘણોજ દાનાવ ને આગલી પાછલી સમજી કામ લેનાર હતો તે તથા પેહલવાન ફીરોજ તથા બેહરોજ જેઓ જંગના મેદાનમાં તેજ તરવારના મારનાર ને નેજાના ધુમાવનાર હતા તે બન્ને જવાંમરદો તથા સનમુખ, સમનબર ને લોઅલું લશ્કરો જીતનાર શાહજાદીઓ જે કેદ રાજાની બેટીઓ, તેમ શેરોજન, સમ, શીઆરદ નામના મહા જબરા ને અતી જોરાવર જંગીઓ બીરાજેલા હતા, તમામ તે રાજાના મોટા સરદારોએ પોતાના રાજા સાથ અરધી રાત તલગ દુર અંદેશાથી મસલત કરી અને આખરે લડાઇ કરવાની જીકર ઉપર મુકરર થઇ તેઓ જંગ માટેની તૈયારીના હોકમ સાથ તે મસ્લતગાહથી ઉઠયા. સુલેહને બદલે લડાઇ ને મોહબતને બદલે કીનામું તે કેદ રાજા પોતાના ખાસ પેહલવાનો સાથ પેહલવાન ફ્રરામર્ઝ સાથ બંધાયો. કલેવની વેલાયતે લડાઇનો જોસ પકડયો અને કેદ હીંદી પોતાના મનમાં મુસ્તાક થતો ખાબધાહમાં ગયો. મેદાન તથા પાહાડો ઉપર આફ્તાબના કીરણોએ ઝળકાટનો વધાવો કીધો ત્યારે કેદ રાજાએ ખાસ મસલહતધાહમાં પોતાના મસલત આપનારા દાનાવો હજુર નવીશંદાને લખવાનો હુકમ ફ્રરમાવ્યો. વજીર તેહેમુરને તે પેગામ લખાવવાનો હુકમ કીધો. નવીશંદો પોતાના રાજાના હોકમથી હીરના કાગળ ઉપર મુંશકી કલમે નામદાર ફ્રરામર્ઝ ઉપર સોનાના ખતે પેગામ નામું લખવા લાગ્યો.

પેગામનામુ લખ્યું કેદ રાજાએ નામના ઉઠાવનાર પેહેલવાન ફ્રરામર્ઝ ઉપર અને મોકલાવ્યો ગહસતમને તે હવાલે કરી તે હેવાલ.

———:o:———

“ઓ નામદાર પેહલવાન ફ્રરામર્ઝ! તું સરફ્રરાજનો પેગામ મને મલ્યો છે, અને તેમાંની કેફીયતથી હું વાકેફ થયો છું. તે પેગામના-

નામાએ મારૂં દીલ દરદમંદ કર્યું છે કે તું જેવા ફત્તેહમંદ સાથ મને જુદાઇ ને જંગ આવી પડી છે. તે પેગામનામાથી મારૂં મગજ અંદેશામંદ થયું છે, પણ એ નેકનામ સપેહસાલાર મારી તથા મારા તમામ જોરેમંદ ને જંગી પેહલવાનોની તથા મારા દાનાવ વજીરોની સલામ તું જોરેમંદને પોહોંચજો. તું શરફરાજના પેગામથી મારી ઉપર જમાનો બીજી તરેહનો થયો છે કે આજ તલગ હું પોતે બીજા મુલકો ઉપર લડાઇ લઇ જઇ મારા બુલંદ સેતારેનાં નસીબાથી ફતેહ ને સલામીના ગંજમાં ભરપુર પાછો ફરતો હતો. આજ મારી ઉપર જંગની માગણી થઇ છે, અને મારો મુલક જંગથી જીરજબર કરવાની ધમકી અપાઇ છે, પણ જેહાનના જંગીના જોરેમંદ બેટા! મારી લડાઇ આશાન ના જાણ. શું થયું જો કે તું નામદારી ભરેલો માહરાજા નોશાદના મુરંબી તરીકે શ્રી હીંદુસ્તાનનો શાહાનશાહ કેહવાયો છે, અને મરદુમના ખાનાર કુનાશને કતલ કર્યો છે! એ દુરઅંદેશ પેહલવાન! જંગી મેદાનમાંની જંગ મુરડાળ મેદાનની જંગ ને ધરપકડથી બીલકુલ જુદી જફાકાર રહે છે. કુલેવની વેલાયત જંગ ને જોરમાં સરસ છે. આજ તલગ મારો ને મારા પેહલવાનોનો હરીફ મારાં લશ્કર ને ખજાનાનો શરીક મેં કોઇ જોયો નથી. મારી વેલાયતની મરદાનગી જેહાનમાં આશકારા છે. મારા હાથીઓની જંગની કેળવણી સારા હીંદુસ્તાનમાં પંકાય છે. મારાં જંગી લશ્કરની નેમ આખી દુન્યા વખાણે છે. દરેક મારો સીપાઇ ગોયા શેરનર છે. ઇરાનીઓ મારાં લશ્કરને ડરાવી શકનાર નથી. આજ કોઇમાં તાકાત નથી કે મારી ગોફતેગોહમાં ઉભો રહી શકે. બોલ બોલતાં લડાઇના મેદાનમાં હું મરદાનગી ને જોરથી જંગ ફત્તેહ કરી ચાહી મુરાદ મુવાફેક સલામી લઇ શકું છું. મારી દેહેસ્ત એવી તો બી રાજા માહરાજાઓમાં પેઠી છે કે મારા નામના હરફો તે રાજ કરનારાઓનાં તાજ ફેરબદલ કરી શકે છે. મારી લડાઇમાં કોઇ પણ પાયદાર રહ્યું તો નથી. ઝોહાક તાજીના જમાનામાં તું નામદારનો નેયાગાન જેહાંપેહલવાન કેરશાસ્પ શ્રી હીંદુસ્તાન આવ્યો હતો અને તે નામ-

દારે મોટી મરદાનગી કરી આ મોટા મુલકની સલામી લીધી હતી; તે વખત પછી કોઇ પેહલવાને જાતે આવી આ સરજમીનના માહરાજાઓ પાસથી સલામી લીધી નથી; બલકે મારા જેવા જબરા માહરાજાઓની હરીફાઇ કરવાને શ્રી ઇરાનની દરબારનું બીડું ઉઠાવ્યું નથી. મગર હાલના જમાનામાં માહરાજા નોશાદની મદદમાં તું નામદારે કમર કસી કોશેશ અજમાવી છે. તો આવ મેદાનમાં મારી પાસ કે લડાઇનાં બખતરમાં હું ને મારા જંગી પેહલવાનો તારી સાથ બાજુ અજમાવવા તૈયાર છીએ. મોહબતની જગ્યાએ કીનાના મેદાનમાં તું મળવા માંગે છે તો આસમાન ને જમીનનો ઊરજબર કરનારો હું કેદરાજા તારી મરજી માફક મરદાનગીના દાવપેચમાં તારી હમનબરદી કરી ફતેહ મેળવીશ! તું પેહેલવાન દુરઅંદેશ છે, તો પછી તું નામદાર જેવા દુરબીનને ડર ને ફરમાબરદારીની નાલાયક વીગતથી પેગામ ભરવો સજાવાર નથી. તું પેહેલવાન તરવારનો મારનાર છે તો હું તે જેવી સો તરવાર જીતી ચુકેલો સરફરાજ માહરાજા છું. હોશમંદ બેહોશ વાત કરે, તે કેમ મંજુર ઠરે?"

કેદ રાજાએ આ પેગામનામા ઉપર પોતાની મોહોર કરી, નામદાર ગહશતમને બોલાવી એક ભારી સરપાવ બક્ષી તે ઇરાની એલચીને બાંઇજત પેલો પેગામ આપી નામના ઉઠાવનાર ફ્રામર્ઝની જનાબમાં પાછો રવાના કીધો. ગહસતમ તે કેદ રાજાની દરગાહ ને દબદબો જોઇ જંગી ફ્રામર્ઝ ઉપર તે રાજાની જંગ આવી પડયાનો વીચાર કરતો દીલગીર થયલો પોતાના સપેહસાલાર તરફ રાહ ધરી ચાલ્યો. તેહમતન રૂસ્તમના ગરદનફરાજ બેટાએ પોતાના એલચી પાસે કેદરાજાનું પેગામનામું લઇ વાંચ્યું અને તેની દરઘાહ ને લશ્કર ને પેહલવાનોનો હેવાલ ખુદ ગહસતમને મોહોડેથી સાંભળ્યો ને તે નામદાર ઓર ખીલી રહયો. તે નામદારે તરત લશ્કરને હોકમ કર્યો અને તમામ ઇરાની, હીંદી ને સીસ્તાની સીપાઇઓ પોતાનો સરંજામ તૈયાર કરી કુચની રાહ જોતા બેઠા. મહારાજા નોશાદને પેહલવાન ફ્રામર્ઝે કહ્યું કે "એ

બખ્તાવર માહરાજા! મારા શાહાનશાહ કેકાઉસના એજમતી નામના પ્રતાપે અને તું બુલંદ મરતબેના માહરાજાના નેક નસીબના જોરે હું કેદરાજા ઉપર શેતાબ ચઢાઇ કરવા માગું છું. કલેવની વેલાયતે મગરૂરી ને તેના રાજાએ તુંદી કરી છે, તેને શીકસ્ત આપી જેહાન દરમ્યાન ઇરાની પાદશાહાતનું નામ રોશન કરૂં. અને આજ તલગ તું નેકનામ માહરાજા ઉપર જુલમ ને જાસ્તી ગુજારી જે સલામી મેલવી છે તે તુંને પાછી અપાવું." એ સખુનો શેરનર ફ્રામર્ઝે માહરાજાને કહયા પછી તમામ લશ્કરને કુચ કરવાનો હોકમ આપ્યો. પોતે ગોયા પાહાડ અને બીજા પાહાડ જ્યાં ઘોડા ઉપર ઉદાવ થયો તેમ શાહાનશાહ જમશેદની ગોહરની તોપ ને નીયાગાન કેરશાસ્પના પોલાદના બખ્તરમાં લશ્કર દરમ્યાન ચાલ્યો. તે નામદારના હાથમાં આ વખતે ઓહાકની એક એજમતી શમશેર હતી અને તેની પીઠે તાતાર દેશના ઓહાકે જીતેલા ઝેરી પાણી પાયલા ખદંગી તીરોનો ભાહરો લટકેલો હતો. તેજો ગોયા આફતાબને ડરાવતો હોય એવો સર ઉઠાવી રહ્યો હતો. તે નામદાર પેહલવાન પાછળ માહરાજા નોશાદ હાથીના હોડા ઉપર બીરાજેલો, તમામ નામના ઉઠાવનાર ઇરાની ને હીંદી પેહલવાનો સાથ હતો. એ રીતે નામદાર ફ્રામર્ઝ કેદરાજાના મુલક ઉપર જંગમાં ચઢયો. તે ખબર કેદ રાજાને થઇ કે ગોયા જમીન ને આસમાન ધુજાવનારાં જબરાં તોફાન મીસાલે પેહલવાન ફ્રામર્ઝ ભારી લશ્કર સાથ રાતદીન કુચ કરતો આવે છે. ત્યારે તે દલેર કેદરાજાએ પોતાનાં તમામ લશ્કરને તથા નામના ઉઠાવનાર ચુનંદા પેહલવાનો ને લડાઇ દરમ્યાન ખુનખાર કતલ મચાવનાર હાથીઓ સાથે મેદાનમાં કહાડયા. એ રીતે કેદરાજાની વેલાયત લગતાં મેદાનમાં એક તરફ કેદરાજાના લશ્કરના શોરશારથી જેહાન જીરજબર થઇ રહી હોય એવો મામલો મચી રહયો. તે લશ્કરના નગારાંનાં ફીના ભરેલા અવાજથી તમામ જમીન દરયાવના મોજા માફક ઉછલી રહી હતી. દલેરો ને શીફા મરદોની ફોજની ફોજ તે મેદાનની એક બાજુ ઘેરી ઉભી. તે સંફ એવી તો દીલ ડરાવનારી

હેરતમંદ ખેંચાઇ હતી કે તેથી સનીશ્ચર શેતારાની નેધા હેરાન થઇ રહી હતી. તે મેદાનમાં બીજી તરફની બાજુ નામદાર ફરામર્ઝ રાતદીન કુચ કરી આવી પોતાનાં લશ્કરની સફ સમારી હતી. તે લશ્કરની જમણી બાજુ ભારી મરતબાનો નામદાર બીજન ઉભો હતો, તથા ડાબી બાજુ દલેર ગહસતમ ને જોરેમંદ જેરશપ ઉભા હતા. માહરાજા નોશાદ હાથી ઉપર તે લશ્કરની કલબગાહમાં નામના ઉઠાવનાર પેહલવાન ફરામર્ઝ પાછળ હતો. તે લશ્કરમાં લડાઇના નગારાંના અવાજો દમબદમ નિકળી આસમાન ને જમીનને ધ્રુજાવી રેહતા હતા. આ લશ્કરને સફ સમારી ઉભું રહેલું જોઇ કેદરાજાનાં લશ્કરે પણ સંફ સમારી. તે લશ્કરમાં જમણી બાજુ તેહેમુરરાજા ને અરવંદ રાજા જે નામદારો કેદરાજાના ભાઇઓ હતા તેઓ ઉભા. ફીરોજ ને બેહેરોજ પોલાદના બખ્તરમાં ગરકાવ થયલા તે રાજાઓ પાછળ હતા. યમનનો મોટો હબસી પેહલવાન ડાબી બાજુ શુધ્ધ સીહા રંગી પોલાદના બખ્તર ને હથ્યારથી ગરક ગોયા કાળો પાહાડ ઉભો હતો. કલબગાહમાં કેદરાજા હાથી ઉપર બેઠેલો પેહલવાન ફરામર્ઝને જોઇ દંગ રહયો હતો તે સનમુખ તેની લડાયક બેટી સમનરૂખ તમામ હથ્યારોમાં ગરક ગોયા આસમાનથી કોઇ ચાંદીએ મઢેલી પરીજાદો તે લડાઇગાહમાં ઉતરી આવી હોય એવી ઝલકાટમંદ ને જોરેમંદ પોતાના સફેદ ઘોડાને ઝોલાન દઇ પોતાના લશ્કરને દીલાસો ને હરીફનાં લશ્કરને ડર પમાડી રહી હતી. આ રવેશ લશ્કર સફ દર સફ ખેંચાયાથી રોશનરોજ શીહા રાત જેવા અંધારામાં ગરક થયો હતો.

આવી શાહજાદી સમનરૂખ જંગના મેદાનમાં અને ગયો દલેર જોરસપ જંગમાં અને ગીરફ્તાર થઇ સમનરૂખ તે પેહેલવાનના દસ્ત ઉપર તે દાસ્તાંન.

—:o:—

કેદરાજાની પરીજાદ બેટી સમનરૂખે શેતાબ પોતાનો ઘોડો તે જંગના મેદાનમાં ઝોકાવ્યો. તે પોકાર મારી કેહવા લાગી કે "ઓ નાદાન ઇરાનીઓ! તમારાં લશ્કરમાં કોણ મરદાને મરદ છે? જે હોય તે મારા મેદાનમાં આવે. મેં જંગગાહમાં ઘણા જંગીઓને જમીન ઉપર નાખ્યા છે જેઓએ ફરીને પોતાના સર ઉઠાવ્યાં નથી." ઇરાની જંગી લશ્કર ને પેહેલવાનો તે પરીજાદ શાહજાદીને દલેરો મીસાલે તલવાર ખેંચી મેદાનમાં ઉઠાવેલી ગરદન સાથે આવેલી જોઇ તાજુબ થઇ રહયા. તે જંગી પરીજાદનો કોઇ હમનબરદ તે ઇરાની તથા હીંદી તથા સીસતાની સિપાહોમાંથી મેદાન ઘોડો દપટાવી આવ્યો નહીં તેથી શાહજાદા તુશના બેટા દલેર જોરશપે ભારી અંદેશાથી પોતાનો ઘોડો આતશ મીસાલે ઝોકાવ્યો! તે નામદાર મેદાનમાં સમનરૂખ સામે આવતાંવાર પોકાર મારી કહેવા લાગ્યો કે "પરદામાં છુપાવા લાયક શાહજાદી શિવાય શું કોઇ મરદાને મરદ તારા કેદ રાજા પાસ નથી કે તે નામદાર સપેહસાલાર ફરામર્ઝ સાથની જંગમાં નામોશી અખત્યાર કરે છે?" એટલું કહી શેતાબ પોતાનો ભારી ગોરજ જીન ઉપરથી ઉઠાવ્યો, પણ તે ગોરજ તે શાહજાદીના સર ઉપર લગાવે તે આગળ તે જંગી સમનરૂખ પોતાનો જબરો ગોરજ જોરશપના સર ઉપર ઉઠાવી કેહવા લાગી કે "ઓ ઇરાની પેહેલવાન! તેં જંગના મેદાનની હજી બરાબર માહીતગારી મેળવી નથી. તુ જેવા સો પેહેલવાનોને મેં જમીનદોસ્ત કર્યા છે. સંભાળ મારો ગોરજ!" કે, શેતાબ જોરશપે ઘાલ ઉઠાવી પોતાનું

સર છુપાવ્યું તેટલાં તો શાહજાદીનો ગોરજ તે ઉપર પડયો અને ઢાલના ટુકડા થઇ, તે તેની પોલાદી તોપને લાગો તેથી વીજળી બરપા થઈ. આ મામલો જોઇ તમામ લશ્કર તાજુબ થયું અને દલેર જોરશપ અંદેશામાં પડયો પણ તે નામદારે પાક ખુદાતાલાનું નામ ઝબાન ઉપર દઇ પોતાનો ગોરજ ઉઠાવ્યો. તેણે પોતાના હરીફ ઉપર માર્યો, તે જરબથી સમનરૂખની ચશમમાં જેહાન સીહા થઇ અને તે નાજની ઓરત જમીન ઉપર પડે એવી બેહોશીમાં આવી ગઇ, તોપણ પોતાના મોભામાં ટકાવ કરી રહી. એ માફક તે બન્ને જંગના ભુખ્યાંઓએ તે મેદાન હલમલાવ્યું અને બંનેના ગોરજ એક બીજાને મારતાં વાંકા વળી ગયા અને ઘોડાઓની દોડધામથી હવા ગેરદ ભરેલી થઇ રહી. ગોરજ નકામા થઇ પડ્યા ત્યારે તે જંગીઓએ શેરના સીના ફાડનારા નેજા હાથમાં ઉઠાવ્યા અને તે એક બીજા ઉપર કળા ને દાવપેચથી એવા કારી મારવા લાગ્યા કે ઘડીભર તમામ લશ્કર તે જંગનો તમાશો જોઇ શાબાશીના પોકાર મારતું હતું. નેજા નાકારઆહ થયા ત્યારે ઝેરી પાણી પાયલી શમશેર હાથમાં લઇ તે બંને જોરેમંદો એક બીજા ઉપર જઇ લાગ્યા. તે શમશેરનો ઝળકાટ અને તે જંગીઓનો કીના ભરેલો આસમાન તલગ ઉઠતો પોકાર સાંભળી તમામ મેદાનમાં ત્રાસ પડી રહયો. નામના ઉઠાવનાર જંગી જોરશપની તરવારના ટુકડા થઇ ગયા ત્યારે તે દુરઅંદેશાથી પોતાનો ઘોડો ફેરવી મકરથી નાસવા લાગ્યો. તેના હાથમાં આ વખતે કમંદ ખુલ્લી હતી કે અગર તે સમનરૂખ તે ભેદ નહીં પામે ને તેનો દુંબાલો પકડે તો તે કમંદ તે ઉપર નાખી તે પેહેલવાન પરીજાદીને શેકારી મુર્ગ મીસાલે પોતાનાં લશ્કરમાં ઘસડી જાય. તેમ તે બાજી મંડાઇ હતી તે સમનરૂખ સમજી નહી અને જોરશપ મેદાનથી પીઠ ફેરવી નાહાસે છે એમ જાણી તેને પકડવા પછવાડે ગઇ તે મામલો જોઇ પેહેલવાન જોરશપે તે નામની ઉઠાવનાર સમનરૂખ ઉપર કમંદ નાખી જે તે નાજનીનના ગળામાં આવી પડી અને એક મુર્ગ મીસાલે તે તે ફાંદાએ ઘોડા ઉપરથી ખાકમાં પડી. આ ચારાથી

બંદીવાન થયલી સમનરૂખને ખાકમાં ગીરફ્તાર પડેલી જોઇ શેતાબ વીજળી માફક જોરશપ પોતાને ઘોડેથી હેઠો ઉતરી પડી તે જોરેમંદ સમનરૂખની બને બાજુ બાંધી જેમ શેકારી શેકાર કરેલો મુર્ગ પોતાની પાછળ જીન સાથ લટકાવી ઘોડો ફેંકયો જાય તેમ તે પેહેલવાનજાદીને જોરશપ તે જંગના મેદાનથી પોતાના બેહેતર નસીબાના જોરે આશાન ઉઠાવી લઇ ગયો અને સપેહસાલાર ફ્રરામર્ઝ હજુર લાવી નાખી. દુરઅંદેશ ફ્રરામર્ઝે તે માહતાબશાની સમનરૂખને ખુલ્લે ચેહેરે જોઇ ત્યારે તે શાહજાદીની ખુબસુરતી જોઇ હેરત રહયો. પછી માહરાજા નોશાદને હોકમ કીધો કે એ પરી શીકલને તારા ઝનાનખાનામાં કેદ કરાવ. સમનરૂખ આ ઉલટા નસીબાથી પેહેલવાન ફ્રરામર્ઝ આગળ શરમીંદી પડી. કેદ રાજાએ પોતાની બેટી બંદમાં પડયાથી પોતાની આંખથી નવધાર આંસુ રેડયાં અને તેનું તમામ લશ્કર આ બનાવથી અંદેશામાં પડયું.

આવ્યા યમન ને અરવંદ તથા તેહમુર રાજાઓ લડાઇના મેદાનમાં ને ગીરફ્તાર થયા તે નામદારો સપેહસાલાર ફ્રરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન.

—:o:—

આ અફસોસ ભરેલો બનાવ જોતાંજ યમન દેશના જબરદસ્ત યમન હબસીએ પોતાના ઘોડાને તે જંગના મેદાનમાં ઝોકાવ્યો અને વાદલ ગરજે તેવો પોકાર માર્યો કે "ઓ ઇરાનીઓ! તમો દરમ્યાન જેની અજલે શેતાબી કરી હોય તેને મારા મેદાનમાં આવવાની ખાહેશ કરવી." તે બુલંદ શીહા હબસી નીલના દરયાવની મીશાલે તે મેદાનમાં જોસથી ઝોલાન લેવા લાગ્યો અને એવી તો ધરપકડ કરવા લાગ્યો કે તમામ લશ્કર તેના જોરેમંદ કદ ને દબદબાનો તમાશો જોઇ રહ્યું. આ

હબસી ઘણોજ જોરેમંદ ને જબરદસ્ત ને ફરાખ સીનાનો લડાઇનું મેદાન ધ્રુજાવનારો ને પેહેલવાનોનાં સરને શેતાબ તનથી દુર કરનારો જોવામાં આવ્યો. નામદાર ફરામર્ઝે પોતાના લશ્કરને કહ્યું જે "એની સામે લડાઇમાં કોઇ નહીં જાય. એ લડાઇમાં હું પોતે જઇ લડી જોવું જે તે કાળા હબસી કયાં સુધી લડાઇ તથા શોહોર ઉઠાવે છે?" એટલું કહીને તે નામનો ઉઠાવનાર ફરામર્ઝ નરે શેર મીસાલે પોતાનો ઘોડો દપટાવતો લડાઇના મેદાનમાં આવ્યો. તે નામદારે એક પોકાર બાહારના વાદલની મીસાલે માર્યો અને પોતાના ઘોડાને ઝોલાંન દઇ પેહેલવાની હુનરની કસરત તે મેદાનમાં કરી દેખાડી. તે તમાશો જોઇ પેલો હબસી ઘણો અજબ થવા લાગ્યો. તેણે પેહેલવાન ફરામર્ઝને જોઇ પોતાના જીવની ઉમેદ કાપી, પણ નામની શરમને વાસ્તે શેતાબ પોતાના ઘોડાને ફરામર્ઝ ઉપર ઝોકાવ્યો અને પોતાના નેજાનો એક જરબ તે નામદાર ઉપર માર્યો, તેજ વખત શેરની હીમતનાં ફરામર્ઝે પોતાની ચુંગાલ મારી તેના દસ્તમાંથી નેજો છીનવી લીધો અને બીજે હાથે તે નાપાકનો કમરબંધ પકડી એક જોર એવો તો કીધો, કે તે હબસીને જીન ઉપરથી ઉઠાવી જમીન ઉપર પછાડી શેતાબ તેનાં બે હાથના મુશકા બાંધ્યા. અને પોતાનાં લશ્કરમાં લઇ જઇ માહરાજા નોશાદને કહ્યું, જે "આ નાપાક શીહા મોહડાંના હબસીને ભારી બંધથી સીકરી બંદીખાનામાં કેદ નખાવ." માહરાજાએ પેહેલવાન ફરામર્ઝનો હોકમ થતાંજ તરત તે હબસીને બંદીખાનામાં બંધ કરાવ્યો. માહરાજા રીઝા થઇ કહેવા લાગ્યો, "અય નામના ઉઠાવનાર! તારી ઉપર આફ્રીન હોજો જે તારી મરદાનગીની બાજુનાં જોર આગળ એવા હબસીની તથા કેદ રાજાની બેટીની શું તાકાત છે કે તે પાએદારી રાખી શકે? તારી તલવારનાં ઝમકાત આગળ જેહુનનાં દરીઆવનાં મગરમચ્છ પણ તાબેશ રાખી શકે નહીં!" એ વગેરે બીજી ઘણીએક આફ્રીન પેહેલવાન ફરામર્ઝ ઉપર માહરાજા નોશાદ કરતો હતો; તે વખતે પેલી તરફ કેદરાજાએ એવી મરદાનગી અને જોર ફરામર્ઝનું દીઠું તેથી પોતાનું મોંહ

જરદ કરી દિલ ખુન ભરેલું કીધું. તેણે પોતાના ભાઇ અરવંદરાજાને કહ્યું, જે "પેલો યમન હબસી પકડનારો હુનરમંદ વાઘ જોઇ સામે-સવારના નબીરા વના બીજો કોઇ નહીં હોય. એ પેહેલવાન શામેસવાર મિસાલ ગરદન અને બાજુમાં ફ્રરાખ છે." તેનો ભાઇ અરવંદરાજા કહેવા લાગ્યો, "ઓ માહરાજા! જો કે એવો પેહેલવાન આ સરજમીન પર કોઇ પેદા થયો નથી. તોપણ તે બરાબર હું લડાઇ કરવા લાયક છું, તેની લડાઇની તાકાત મારા વગર બીજો કોઇ ધરાવતો નથી." એટલું કહી તે અરવંદ રાજા લડાઇના મેદાનમાં ઘોડો દોડાવતો ગયો તે ગોરજ તથા હીંદી તલવાર તથા તમામ હથ્યારે ગરક થયલો હતો. અરવંદ રાજાએ મેદાનમાં પોકારતો જઇ પેહેલવાન ફ્રરામઝને કહ્યું જે "અય જંગી! તું મારી મસ્ત શેર ચુંગાલે કરી તને ઘોડાની પીઠથી ઉઠાવી લેવું માટે તારાં દીલથી ફરી ઇરાનની વેલાયત જોવાની આશા મુક!" એ રવેશે અરવંદરાજા નામદાર ફ્રરામઝ ઉપર જોશ ભરેલો થયો હતો. એવા સખુન સાંભળ્યાથી નામદાર ફ્રરામઝ કમાન ખેંચી એક તીર કેરસાસપી દશ પરના પેકાંનનો ચીલામાં ધરીઓ અને દાબો હાથ સીધો કીધો અને જમનો હાથ વાંકો વાલ્યો પછી અરવંદ રાજાનાં ઘોડાની છાતીમાં માર્યો. તેવોજ ઘોડો તફરતો જમીન ઉપર પડયો, તેની સાથે અરવંદ રાજા પણ જમીનદોસ્ત થયો, કે નામદાર ફ્રરામઝે ચુંગાલ લંબાવી તેનો કમરબંદ પકડયો. ઇરાનનાં લશ્કરમાં ફ્તેહના નગારાંના અવાજ જારી થયા. આ મામલો જોઇ અરવંદ રાજાનાં લશ્કરમાંથી ચાલીસ પેહેલ-વાનો અરવંદ રાજાની યારીએ ઘોડા ઝોંકાવી ગયા તે જંગીઓને આવતા જોઇ નામદાર ફ્રરામઝ અરવંદરાજાની બાજુ શેનાબ બાંધી ખેંચતો ખેંચતો લાવી નામદાર બીજનને હવાલે કીધો ને પોતે પેલા ચાલીસ પેહેલવાનોના મેદાનમાં આવી ઉભો. હવે એ તરફ તેહેમુર જંગીએ કેદ-રાજા સામું જોયું તેણે પોતાના માહરાજા ભાઇનું દિલ ઘણું દલગીર દીઠું તેથી તેહેમુર જંગી ઘોડો દોડાવતો મેદાનમાં આવ્યો. તેણે પોકાર માર્યો તેથી ફ્રરામઝે કહ્યું જે "અય તુંદ હીંદી! એ વેલાયતમાં તું

ક્યાં તલગ પોકાર માર્યા કરશે? એ મેદાનમાં તેં પગ ધર્યો છે તો આખર તારો પગ બંધમાં પડશે." એ સખુન સાંભળ્યાથી તેહમુર રાજા નામદાર ફરામર્ઝ સાથે લડાઇમાં ઉતર્યો તે જંગીએ પોતાનો ઘોડો શેતાબ તેજ કરી દપટાવ્યો, તે જોઇ નામદાર ફરામર્ઝે કહ્યું જે "અય હીંદી! તું દલેર તારૂં નામ શું ધરાવે છે? જંગનો દરિયાવ મોજા ભરેલો છે તે ભારી મોજામાંથી મગરમચ્છને બાહાર ખેંચી કહાડું અને મારી તેજ તલવારથી શેરનાં સર ખાકમાં નાખું. હું મારો ભારી ગોરજ ઉઠાવું છું ત્યારે હું તમામ દુશ્મનના લશ્કરની ગેરદ કહાડી નાખું છું." એટલું કહી પેહેલવાન ફરામર્ઝે પોતાનો નેજો તે કેદ રાજાના ભાઇ તેહેમુર જંગીનાં સીનામાં મારીને તે વખતેજ તેને ઘોડા ઉપરથી ખાકમાં નાખ્યો; પછી શેનાબ શેરની મીસાલે તે પેહેલવાને તેના સીના ઉપર ચહડી બેસીને તેની બે બાજુનાં મુશ્કા બાંધી તેને ઇરાની લશ્કરના સરદારોને હવાલે કીધો, પછી પોતે મેદાનમાં ફરીથી આવીને હમબરદ તલબ કર્યો. એવો મામલો જોઇ દલેર કેદ રાજાએ પોતાનાં તમામ લશ્કર સાથે તે મેદાનમાં આવી ઇરાની લશ્કરને ચારે તરફથી ઘેરી લીધું.

ઘેરી લીધું નામદાર ફરામર્ઝનાં ઇરાની લશ્કરને કેદ રાજાએ અને સખત લડાઇ થઇ ઇરાની ને હીંદી લશ્કર વચે તે દાસ્તાંન.

——:૩:——

નામદાર ફરામર્ઝે એવો મામલો દીઠો ત્યારે પોકારતા વાદળની મીસાલે જમણી તરફ પોતાનો ઘોડો ચલાવ્યો. તે જોઇ પેહેલવાન જેરશપે લશ્કરની કલબધાહમાં શેરની મીસાલે તલવાર કહાડી તથા નામના ઉઠાવનાર ગહશતમ તથા બીજને લશ્કરની ડાબી તરફ શેરની મીસાલે

તલવાર ચલાવી. એમ જંગ બરપા થતાં એવી તો તે મેદાનમાં ખુન-રેજી ચાલી રહી, કે તમામ જંગલની જમીન ખુને કરી લાલાનાં રંગની થઇ ગઇ અને નેજાથી આસમાન તથા આફ્તાબ તથા માહતાબ ગેર-દમાં ગરકાવ થયાં. તે જંગથી જમીન પોકાર કરવા લાગી. નામદાર ફ્રરામર્ઝે જુહાકની એલમાશની તલવારે કેદ રાજાના પેહેલવાનોને તે જંગના મેદાનમાં મારી નાખ્યા ત્યારે સેતાબ તે તમામ હીંદી લશ્કર નાસવા લાગ્યું. તે ગજબ જોઇ હીંદી પેહેલવાનો ફીરોજ તથા બેહેરોજ સાથે તે જંગમાં નામદાર ફ્રરામર્ઝ સામે જોસ ભરેલા આતશ મીસાલે દોડતા આવી ઉભા. તે બે પેહેલવાનોની યારીએ દલેર શાહજાદી શમન-બર જે કેદ રાજાની બેટી તે અને શીહામરદ હબશી પણ આવી પોહોંચ્યા. તે ચારે પેહેલવાનોએ ચારે તરફથી ગોરજના જખમ નામ-દાર ફ્રરામર્ઝ ઉપર મારવા શરૂ કર્યા. નામદાર ફ્રરામર્ઝે પોતાનો ગોરજ ઉઠાવી અવલ શીહામરદ હબસીના હાથ તથા પગ છુંદી નાખ્યા પછી એક ગોરજે શમનબરને ખાકમાં લેટતી કરીને તે બાનુને પકડી લીધી. આ મામલાથી પેલા બીજા પેહેલવાનો નાસી ગયા. બીજી તરફથી નામદાર બીજન હબસીનાં લશ્કરમાં જઇ પડયો અને જેમ મસ્ત હાથી પોકારી દોડે તેમ ઇરાની એક હજાર દલેર પેહેલવાનો સાથે તે નામ-દારે કેદ રાજાના લશ્કરમાં કતલ ચલાવી અને કેદ રાજાને જંગમાં ઘેરી ખુહાર કરી નાખ્યો. પેલી તરફ નામદાર ગહશતમે દાવી બાજુની તરફ નેજો એવો તો જોરથી ચલાવ્યો જે કેદ રાજાનું તે તરફનું સંપ્ સમા-રેલું સર્વે લશ્કર નહાસવા લાગ્યાં. કેદ રાજાએ પોતાના દલેરોપર ઇરાનીઓથી રસ્તાખેજ દીઠી, ત્યારે તે કહેવા લાગ્યો જે "એ હીંદી લશ્કર! તમો તમામ શું ઓરતો છો કે મરદો છો? તમોને લડાઇના હથીઆર બાંધવાં સજાવાર નથી. તમો શું જોતા નથી કે લડાઇના કર-નારા તો ઇરાની પહેલવાનો છે જેઓ તલવારનો વરસાદ તમો જેવા હીચકારાઓ ઉપર વરસાવે છે." એટલું કહી પોતાના સરદારોને પાછા મોકલ્યા, પછી કેદ રાજાએ લડાઇમાં પોતાનો હાથી રેળવ્યો, જેથી

નામદાર ફરામર્ઝ કેદના મેદાનગાહમાં આવી પાદશાહના હાથીની સામે થયો. નામદાર ફરામર્ઝે કેરશાસ્પનો ગોરજ ઉઠાવી તે રાજા ઉપર એક હુમલો કીધો અને તેના હાથીને એક ગોરજ એવો તો જોરથી માર્યો કે તેના ઝખમથી હાથીનું સર ખાકમાં લોટતું થયું. તે હાથીના સરમાંથી મગજ નીકળી ગયું તેની સાથે કેદ પાદશાહા પણ હાથીની બરાબર ખાકમાં તુટી પડયો. ફરામર્ઝે કેદ રાજાની બાજુ પકડી અને હાથીની આગળથી ખેંચ્યો તેથી કેદ રાજાના સર ઉપરનું તાજ જમીન ઉપર ઉડી પડયું. એવામાં ગહશતમે દુરથી તે જોઇ તેજ તલવાર ખેંચી જે કેદ રાજાનું સર કાપી નાંખે, એવા વીચારથી પોતાના ઘોડાને દપટાવ્યો અને નામદાર ફરામર્ઝની મદદે આવી પોહોંચ્યો પણ તે લડાઇમાં શાહાજાદા ગહશતમના ઘોડાએ ઠોકર ખાધી, તેના આચકાથી ઘોડો ગહશતમને લઇ જમીન ઉપર પડયો પણ ગહશતમ શેતાબ ઉઠી ઉભો થયો. એ રમખાણમાં કેટલાક હીંદી પેહેલવાન ગહશતમપર તલવાર ખેંચતા આવી તુટી પડયા. જેથી નામનો ઉઠાવનાર ગહશતમ શીતાબીથી પોતાની શમશેરથી તે સર્વે સાથે લડવા લાગ્યો. આ તમાશો પેહેલવાન ફરામર્ઝે ગહશતમને જોયો, જેથી તે નામદાર કેદ રાજાની બાજુ મેલી ગહશતમની મદદે જેમ દરિયામાં મગરમચ્છ દોડે તેમ તેનાં સરપર મદદે જઇ પોહોંચ્યો અને તેઓ ઉપર એક હુમલો જેમ ગોરખર ઉપર વાઘ દોડે તે મિસાલે દોડી કરતાં કેટલાએક હીંદીને જીવથી માર્યા તે જોઇ જંગ કરનારા હીંદીઓ દલેર ફરામર્ઝથી પોતાનું મોહ ફેરવી તે મેદાનથી નાસી ગયા. એ રવેશે ગહશતમ તે ઘેરા બાહેર આવી પોતાના ઘોડાની ઉપર સવાર થયો; એવો મામલો જોઇ કેદરાજા શીતાબ તે મેદાનથી નાસી ગયો. તેની આંખ આંસુ ભરી જારી થઇ. તેણે. પોતાના મુલકની રહા પકડી. નામદાર ફરામર્ઝ તેનો દુંબાલો પકડી તેના તમામ લશ્કરમાં જુશેતેજો કરવા લાગ્યો એવામાં નામદાર ગુરગીન શીતાબ પવન મિશાલ ફરામર્ઝ નજદીક આવી પહોંચ્યો અને ફરામર્ઝને કહેવા લાગ્યો જે "અય નેક બખ્ત બુન્યાદના શેરની વજનના પેહેલ-

વાન! આ જંગના મેદાનમાં તું નામદારે બે દાહડા અને બે રાત થઈ લડાઈ જારી કરી છે પણ પેલી તરફથી કોલારંગ નામના હીંદી પેહેલવાને ચુનંદા ત્રીસ હજાર લશ્કરી સવાર સાથે મેદાનમાં આપણા ઇરાની લશ્કરમાં આવી ધરપકડ મચાવી છે, વાસ્તે ખબર નથી પડતી જે આકેબત સરંજામ શું નીપજશે? મબાદા જોરશપ તેથી આજેજ થશે અને કેદરાજાનું તાજ તખ્ત આપણા હાથમાં આવ્યું છે તે તે હીંદી આપણી પાસેથી લઇ મેલશે." પેહેલવાન ફરામર્ઝે એ વાત સાંભળી તે શેતાબ કોલારંગ હીંદીના મેદાનગાહ તરફ ઘોડો દપતાવતો આવ્યો; ત્યાં જોરસપને ગોસ્સા ભર્યો તે ભારી હીંદી લશ્કર દરમ્યાન શેરની મિશાલે એકલો લડાઇ કરતાં દીઠો, કે તે પોતાની તેજ તલવારે હીંદુઓનાં સર ખાકમાં નાખે છે એ મામલો જોતાં નામદાર ફરામર્ઝે પોતાની સમશેર ઉઠાવી પોતાનો ઘોડો મેદાનમાં યાહોમ ઝોકાવી તે લશ્કર ઉપર રસ્તાખેજ મચાવી, જેથી કોલારંગ હીંદી આજેજ આવી ઘણો દલગીર થયો અને ફરામર્ઝના મેદાન તરફ પોતાના લશ્કરના બચાવમાં લડવા ગયો. તે હીંદીએ આવતાંવાર નામદાર ફરામર્ઝને ઘેરી લીધો. પેહેલવાન ફરામર્ઝે આ મામલો જોયો તેથી એક એવો તો હુમલો કીધો, કે એક હુમલામાં સો સવારને જીવથી માર્યા. આ જંગ મચી ત્યાં એક ખુબ સખત લડાઇ પેદા થઈ પણ આખર ફરામર્ઝની લડાઇથી તે લશ્કરે રસ્તાખેજ તલગની યાદગાર શીકસ્ત ખાધી અને નામુરાદ તથા નાસીપાસ થઇ તે લડાઇથી પીઠ ફેરવી નહાઠું; જેથી ઇરાનીઓ તેઓ ઉપર તીરંદાજી કરવા લાગ્યા, એવામાં કોલારંગ હીંદી પેહેલવાન તથા પેહેલવાન ગેરશામ એક એકની સામે મલી ગયા. ગેરસામે કોલારંગ હીંદીનો કમરબંદ પકડી જોર કરી ઘોડા ઉપરથી તેને ખાકમાં નાખ્યો, જેથી ગુરગીન ઘોડા ઉપરથી ઉતરી શેતાબ તેના હાથ ભારી બંધથી બાંધી ઘંસડી ચાલ્યો. પછી ફરામર્ઝ તથા માહરાજા નોશાદ દુશ્મનનાં લશ્કર ઉપર પડયા તેથી લશ્કર કતલ થઇ વીખરાઈ નહાસવા લાગ્યું. તે મેદાન

લોહીનો દરયાવ થયું. આ મોટી ફત્તેહથી પેહેલવાન ફરામર્ઝ પોતાનાં સર્વે લશ્કર સાથે બેશુમાર અસબાબ તથા હકુમતનો માલેક થયો. માહરાજા નોશાદ આ ફતેહથી હીંદુસ્તાનનો કાયમ શાહાનશાહ કેહવાયો.

નાહાસી ગયો કેદરાજા લડાઇનાં મેદાનમાંથી પોતાનાં લશ્કર સાથે કલેવ શેહેરની તરફ અને ગોફ્તેગો કીધી ફરામર્ઝે માહારાજા નોશાદ સાથે તેના બાબમાં.

—:o:—

હવે એ દાસ્તાનનો જોડનાર શાહેર અબુતાહેર તરશુશી લખે છે કે જ્યારે કેદરાજા લડાઇના મેદાનમાંથી નામના ઉઠાવનાર ફરામર્ઝની ચુંગાલમાંથી નાસી ગયો તેવોજ પોતાનું મોહોડું ગમ તથા ગુસ્સાભરેલું કરી મેદાન મુકી નાઠો. તે રાજા સંગાથે તેનું કેટલુંક લશ્કર પણ નહાસવા લાગ્યું. તે સખતી ખેંચતો સરગરદાન હાલ થતો ઘણે દાહાડે પાછો પોતાની રાજધાની તથા મુલકમાં આવી પહોંચ્યો. તે બનાવ ઉપર શાહેર એમ લખી જાય છે કે "જે શખ્સનું બખ્ત બરગસ્તે હોય તે તેને ખુહાર તથા રંજીદા કરે. એ ભાઇ! તું નજર કરી જો કે જમાનો કોઇ ઉપર હમેશાં એકશાન બરાબર ચાલતો નથી;" નામનો ઉઠાવનાર તેહેમતનનો બેટો ફરામર્ઝ તે મેદાનમાંથી લડાઇ ફતેહ કરી કેદરાજાના બે ભાઇઓ તથા બે બેટીઓને બંદમાં લાવ્યો તેમજ બીજા નામીચા ઘણા સરદારોને કેદ પકડયા ત્યારે પોતાના લશ્કર સાથે માહરાજા નોશાંદ આગળ આવ્યો ત્યાં એક મીજલસ આરાસ્તા કરી કેદરાજાના લશ્કરનો તમામ સામાન તથા ખજાનો જે મેદાનમાં પડેલો હતો તે પોતાના તથા માહરાજા નોશાદનાં લશ્કરને બક્ષ્યો જેથી તે લોકો તવંગર થઇ ગયા.

તે મીજલસમાં નામદાર ફરામર્ઝ માહરાજા નોશાદની સાથ શરાબ પી રામશગરોના સરોદ સાંભળવા બેઠો. તે રામશનીમાં તમામ રાત ગુજરી બામદાદનો હીંગામ થયો તે વખત નામનો ઉઠાવનાર ફરામર્ઝ માહરાજા નોશાદને કહેવા લાગ્યો, કે "આપણો દુશ્મન મેદાનમાંથી નહાસી ગયો છે તે પોતાના મુલકમાં જરૂર જઇ લાગ્યો હશે, તેથી આપણે તેની પછ-વાડે જઇ તેને તેના મુલકમાં ઘેરવો જોઇયે." માહરાજા નોશાદે ફરામ-ર્ઝની ઝબાનથી એ રવેસે સખુનો સાંભળ્યા કે તે માહરાજાએ જવાબ દીધો જે "તેહેમતન રૂસ્તમના બેટા દલેર ફરામર્ઝ! મારી વાત તું સાંભળ કે આપણી વેલાયતથી કેદ રાજાનો મુલક ઘણો દુરદરાજ છે. ત્યાં પહોંચવા પહેલા એક બીયાબાન જંગલ આવે છે તે રાહ ઘણી મુશ્કેલ છે. સો ફરસંગ તું જઈ લાગશે તો એક શેહેરમાં તું નામદાર દાખલ થઈ શકશે. ત્યાં ભલા ભલા લડાયક પેહેલવાન છે. તે શેહેરનું નામ કનોઝ છે તે શહેરમાં એક દલેર પહેલવાન છે તેનું નામ નાશાદાર છે. તું ત્યાંથી આગળ ચાલશે તો ત્યાં જમીન તું ઊંચી જોશે તો સાઠ ફરસંગ તલગ, તે સરજમીન અંધારી શીહાગાર છે. ત્યાં નથી કોઇ આસાયશની જગ્યા કે નહીં ઉતારો લેવાનું મકાન. તે મુકયા પછી બીજું એક શેહેર આવશે, તે શેહેરનું નામ સોરંગ કહે છે. તે જગ્યાએ બેશુમાર દલેર લશ્કર છે ને લડાઇના કરનાર ગોયા ચીત્તા જેવા હુસ્યાર છે. ત્યાંથી એક જંગલ આવે છે તે મંજલ છ લંબાયલું છે ત્યાં એક જીયાંગાર બળા રહે છે તેનું નામ શનુર છે. તેની ચુંગાલ વાઘના જેવી છે અને દીલ મસ્ત હાથીના જેવું અને રંગ ચીત્તાના જેવો કાબરચીત્રો છે. તેના માથાપર બે શીંગડાં છે, જે બે નેજાવાર લાંબાં છે. તેની બે આંખ ગોયા અંધારી તંગ છે અને છાતી કુશાદે છે. તેના જોરથી જેહાન આજેજ છે. તે જંગલ મુકયા પછી આગળ બે ડુંગર આવે છે. તે બે તંગ ડુંગર દરમ્યાન એક તંગ ગુંબજ બનાવેલો છે. ત્યાં તે શીહા બલા રાત દીન ચોકી કરે છે. તે શીહા બલા વસ્તી તરફ જીનહાર આવતી નથી. ત્યાંથી તું નામદાર મંજલ એક આગળ ચાલશે

તો એક જંગલ બીજું તું જોશે, જ્યાં એક જુનો મોટો ગુંબજ છે તે ગુંબજ દરમ્યાન એક બાહોશ દાનાવ મરદ રહે છે. એ અકલમંદ દાનાવ મરદની ઉમર એક હજાર વરસની થઇ છે. તે તમામ દુનિયાની દાનાઇ જાણે છે. તેની ઝબાનમાં ખુદાની હરદમ બંદગી ભરી છે. તમામ હીંદી વેલાયત તેને જીવ બરાબર પાળે છે અને તમામ રાજા તેના ફરમાનબરદાર છે. તમામ આગાહી તે દાનાવ મરદને માલમ પડે છે; તેને જે તું પુછશે તેનો શેતાબ તે જવાબ દેશે. તેની આગાહીની વાતથી કોઇ ગુજર.થઇ શકે નહીં. ત્યાંથી પણ તું નામનો ઉઠાવનાર આગળ બે મંજલ વધશે તો અરવંદ રાજાનું શેહેર આવશે, જે મુકયા પછી એક બીજું શેહેર આવશે તેનું નામ કલેક કરી કહે છે તેને એક ખુણે એક બીજું શેહેર દેખાશે. તે ચીનના દરીયાવ મીસાલે છે. તે શહેરમાં લશ્કર ઘણું છે. તે શેહેર મુકયા પછી બીજું એક શેહેર આવશે તે શેહેરનું નામ દેહેલી કરી કહે છે તે પણ તે શ્રી હીંદુસ્તાનનાં મુલકને લગતું છે. તે મુલકના પાદશાહનું નામ જેપાલ હીંદી કરી કહેવાય છે. કેદ રાજાનાં લશ્કર કરતાં પણ તે માહરાજા જેપાલનું લશ્કર જયાદા છે. હું નથી જાણતો જે તું લડાઇને વખત થોડે લશ્કરે તે જોરાવર ને જબરાં લશ્કર વાલા માહરાજા સાથ શું કરશે અને કેમ લડશે ?" એ સાંભળી પેહેલવાન ફ્રરામર્ઝે. માહરાજાને કહ્યું જે "અય નેકબખ્ત માહરાજા ! પાક ખુદાતાલાના એજમતી નામના કોવતથી હું કેદ રાજાને તથા જેપાલ હીંદીનાં બેશુમાર લશ્કરને મારા ભારી ગોરજે તથા તલવારે હલાક કરી શીકસ્ત આપીશ. શેતાબ તું હોકમ ફરમાવ કે આપણું લશ્કર ઘોડા ઉપર સવાર થઇ આગળ ચાલે. તે લશ્કરને રાહ દેખાડનારા પાકા અજમાયશી રાહબરો આગળ ચલાવ." નોશાદ રાજાએ લશ્કરને તૈયાર થવા ફરમાવ્યું જે, કોઇ દલેર પેહેલવાન સરદાર હોય તે રાહનો સરંજામ લઇ તૈયાર થાય. પેહેલવાન ફ્રરામર્ઝે લાંબી નેધાહ પોહોંચાડી માહરાજા નોશાદ સાથ ખાનગી મસલત કરી તે નામદાર બોલ્યો, "ઓ હીંદ સરઝમીનના બુલંદ તાલે માહરાજા ! આપણા દુશમન કેદ રાજા ઉપર આ

હીંગામે નેકી કરી તેનું દીલ આપણે તાબે લાવવું જોઇએ. અગર જો આપણે તેના બન્ને ભાઇ તથા બેટી તથા પેહેલવાનોને જીવતદાન બક્ષી સરોપાવ ને મરતબો આપી નવાજ્યે તો તેઓ ઇતબાર ને યકીનથી આપણી ફરમાબરદારી કબુલ રાખે અને આપણો જશ જેહાનમાં વખણાય." આ સખુનો પેહેલવાન ફ્રરામર્ઝથી માહરાજા સમજી તે નામદારનાં મત સાથ મળતો થયો. તે નામદારે તેહેમુર રાજા તથા અરવંદ રાજા તથા કેદ રાજાની બે દલેર શાહજાદી બેટીઓ અને પેહેલવાનોને બંદથી ખલાસ કરી જીવતદાન બક્ષ્યું અને પાદશાહી સાજ સામાન તથા સરપાવ બક્ષી નેહાલ કરી પોતાની સાથે બરાબરીમાં લીધાં. પછી નામદાર ફ્રરામર્ઝ પોતાના તેજ ઘોડા ઉપર સવાર થયો અને તે સાથ તેના ને માહરાજાનાં તમામ લશ્કર ને પેહેલવાનોએ શ્રી કલેવની વેલાયત તરફ આગળ રાહમાં કુચ કરી નરે શેર મીસાલે ચાલ્યા.

ખબર થઇ રાજા જેપાલ હીંદીને નામદાર ફ્રરામર્ઝના આવ્યાની અને લશ્કર ખેંચ્યું તે રાજાએ નામદાર ફ્રરામર્ઝ સામે લડાઇ કરવા અને બંધમાં પડયો જેપાલ હીંદી ફ્રરામર્ઝના હાથથી તે દાસ્તાંન.

——:o:——

હવે એ નામાંનો જોડનાર શાહેર અબુતાહેર તરશુશી લખી જાય છે કે નામદાર ફ્રરામર્ઝની લડાઇનું કેટલુંક દાસ્તાન મુખતેસરમાં લખવું પડયું છે, સબબ આગલી પેહેલવી તવારીખો બરાબર લખેલી મળી આવી નહીં તેથી પેહેલવાન ફ્રરામર્ઝની ઘણીએક મરદાનગી ને જંગો અંધારામાં છુપાઇ છે અને જે મળી આવ્યું છે તે માફક મુખતેસર શ્રી હીંદુસ્તાનના રાજા જેપાલ હીંદીનું દાસતાન શરૂ કરૂં છું તે સાંભળો.

નામનો ઉઠાવનાર નરેશેર ફરામર્ઝ માહરાજા નોશાદને લઇ પોતાના લશ્કર સાથે રાત દીન કુચ કરતો અને બીયાબાનની રાહ માપતો બેશુમાર સખ્તી ખેંચી કલેવની વેલાયતનાં મુલકની તરફ કેદરાજા ઉપર ઉતરી ચાલ્યો. તે રાહા દરમ્યાન અવ્વલ સર્વે લશ્કરની હરોલમાં તે પોતાના ઇરાની તથા જાબુલી થોડાંક લશ્કર સાથે રાહ કાપતો શેતાબ દિલ્લી શેહેરની સરહદમાં આવી પોહોંચ્યો. તેની ખબર દિલ્લીનાં રાજા જેપાલ હીંદીને થઇ, કે માહરાજા નોશાદ તથા જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો ફરામર્ઝ લશ્કર લઇ તેના મુલક તરફ આવે છે. એ ખબર જાસુસોથી સાંભળતાં વાર જેપાલ હીંદીએ પોતાનાં લશ્કરનાં દસ હજાર જબરા ચુનંદા સવાર તૈયાર કરી સરનદેહેનાં જંગલનો રસ્તો બંધ કરવા મોકલ્યા. તે લશ્કર સાથે રાજા જેપાલ હીંદી પોતે પણ સપેહસાલર બની આગળથી ત્યાં આવી ઉભો. એવામાં નામદાર ફરામર્ઝનું લશ્કર મંજલ દર મંજલ રાહ માપતું તે જગ્યાએ આવી પોહોંચ્યું. તે લશ્કરે જેપાલ રાજાનાં લશ્કર સામેજ આવી મુકામ કીધો પણ નામના ઉઠાવનાર ફરામર્ઝ સાથે ફકત હજાર ચુનંદા સવાર હતા અને બીજું તમામ તેનું મોટું લશ્કર પાછળ આવતું હતું. તે છતાં જેપાલ હીંદીને તૈયાર થયલો જોઇ શેરની હીંમતના ફરામર્ઝે શેતાબ લડાઇનું નગારૂં કરાવ્યું અને કરનાયના અવાજથી જંગલ હલમલાવ્યું. તે અવાજ સાંભળી જેપાલ રાજાએ પણ પોતાનાં લશ્કરને લડાઇનો હોકમ કરી, તે રાજાએ પણ પોતાનું તમામ લશ્કર જે નામદાર ફરામર્ઝ કરતાં દસ ઘણું જયાદા હતું, તે ચુનંદાં તમામ લશ્કરની સફ સમારી. તેનાં લશ્કરમાં ચાલીસ હાથી ઘણા મોટા ગોયા પાહાડ મીશાલ બુલંદ હતા. ગોયા તે હાથીઓ તે મેદાનમાં મસ્ત પાહાડ ઉભેલા હતા. તે ભારી લશ્કરની ગેરદથી હવા સીહા અંધારી થઇ. જેપાલ હીંદીનાં લશ્કર પાસે નામના ઉઠાવનાર ફરામર્ઝનું લશ્કર કશા હીસાબમાં નહીં છતાં તે પેહેલવાન તથા તેના લશ્કરની હીંમત જોઇ રાજા જેપાલ હીંદી ઘણો અજબ અને હેરાન થવા લાગ્યો. પણ તે રાજા પોતાના મનમાં ઘણો ખુશી થયો કે એ પેહેલવાન તથા

તેના થોડાં લશ્કરને મારી લેતાં મને કશો વખત લાગશે નહીં. એ મનસુબો તે પોતાના મનમાં કરતો હતો પણ તે બેઅકલ રાજાને ખબર નહીં હતી, કે આ પ્રરતાં આસમાનથી તેના સર ઉપર શું મુસીબત ગુજરશે? તેને તે ઉપર ગુજરનારા ગજબની ખબર નહીં હતી તેથીજ શેતાબ તેણે લડાઇનું નગારૂં કરાવ્યું. તેણે પોતે પોતાનાં સર્વે લશ્કર સાથ એકદમ નામના ઉઠાવનાર કવી બાજુવાળા ફરામર્ઝપર હુમલો કીધો અને ફરામર્ઝને તેનાં લશ્કર સાથે ચારે તરફથી ઘેરી લીધો. તે લડાઇનો શોરશાર આસમાન ઉપર જઇ પોહોંચ્યો. શેરની હીંમતના ફરામર્ઝે એ મામલો દીઠો કે શેતાબ ગુસ્સામાં આવી તે નામદારે પોતાની ઝબાન ઉપર પાક યઝદાં તાલાનું નામ લઇ પોતાની ઝેરી પાણી પાયલી તલવાર મ્યાનથી ખેંચી તે હીંદી લશ્કર ઉપર જઈ પડયો. તે દલેર પેહેલવાનની પીથ પછવાડે નામદારી ભરેલો બીજન તથા જેરશંપ તથા બુધો ગુરગીન ત્રણે પેહેલવાનો ઘોડા ઝોકાવતા જઇ ભુખા શેર ગોસ્પંદના ગોવાલામાં મસ્તી કરે તે મીસાલે મસ્તી ને ખુનામરઝી કરવા લાગ્યા અને રસ્તાખેજની મીસાલે લડાઇ ઉઠાવી સહેજ લહેજામાં ઘણુંએક લશ્કર તે હીંદી જેપાલનું કાપી નાખ્યું. તે મરદાનગી જોઇ હીંદી લશ્કરે શોર અને પોકાર ઉઠાવ્યો આ જંગમાં કેટલાએક હાથી મારયા ગયા ને તમામ હીંદી લશ્કરની સંફ પરાગંદે થઇ. એમ કરતાં નામદારી ભરેલો ફરામર્ઝ તલવાર મારતો હીંદી લશ્કરની સંફની કલબગાહમાં જેપાલ રાજાના હાથીની આગળ ગયો. તે નામદારે એક પોકાર બાહારના વાદલ મીસાલે મારયો અને શેતાબ તલવાર ખેંચી હાથીની સુંઢ ઉપર એક જરબ લગાવ્યો કે તેજ વખત હાથી પોકાર મારી જમીન ઉપર તુટી પડયો. તે જોઇ પેહેલવાન ફરામર્ઝે પોતાના જોરેમંદ હાથની પોલાદી ચુંગાલ મારી તે જોરાવર હીંદી જેપાલનો કમરબંધ પકડી લીધો ને જેમ એક દડીને જમીન ઉપરથી ઉઠાવે તે મીસાલે ઉઠાવી ધીમે ધીમે જમીન ઉપર ઉતાર્યો એ જોઇ દેલાવર બુઢો ગુરગીન શેતાબ પોતાના ઘોડા ઉપરથી કુદી શેરની મીસાલે જેપાલ રાજાનાં સીના ઉપર ચહડી બેઠો અને

તેની બે બાજુ મુશ્કે તંગ બાંધી શેતાબ ઇરાની સરદારોને હવાલે કીધો. તે તમાશો જોઇ જેપાલનું તમામ હીંદી લશ્કર તે જંગના મેદાન દરમ્યાનથી નહાસવા લાગ્યું, જેની દુંબાલે નામદાર ફરામર્ઝ દોડયો અને ઘણાએક જોરેમંદ સીપાહ બચ્ચાઓને ખારસ્તા કીધા અને ઘણાએક જબરા જંગીઓને જમીન ઉપર પટકી નાંખ્યા તથા એક હજાર એકસો સાઠ ચુનંદા પેહેલવાનો કેદ પકડયા; તેમ ઘણાએક હાથી તથા બેશુમાર બીજો લશ્કરી અસબાબ પકડી લીધો. એવામાં ગહશતમ નામદાર ફરામર્ઝની પંછવાડે આવી પુગો. તે દલેરે તે લડાઇની આ રવેસ ખુશ હકીકત જોઇ ત્યારે તે નામદાર ઉપર ઘણીએક આફ્રીન કરી રહયો; એ પછી માહરાજા નોશાદ તથા પેહેલવાન ફરામર્ઝ સર્વે પાદશાહી તંબુમાં આવી મીજલસ સમારી આશાયશમાં બેઠા. આ વખતે જેપાલ રાજાનાં બીજાં સર્વે લશ્કરના માણસોએ આવી તે નામદાર પાસ જીવતદાન માંગ્યું. તે તમામ લશ્કર બંદમાં ગીરફતાર જારી તથા ઓજરખાહી કરતું હતું. તે તમામ હીંદી લશ્કરનાં મોહડાં લોહી ભરેલાં અને આંખ આંસુના પાણી ભરેલી હતી. તે ઓજરખાહીમાં તે લશ્કર એક બ્રાહમનને નામદાર ફરામર્ઝની આગળ લઇ આવ્યું. તે તમામ સીપાઇઓએ સર ખાકમાં ધર્યાં, તે જોઇ રેહેમદીલ સરફરાજ ફરામર્ઝે સર્વેને જીવતદાન બક્ષ્યું. પંછી પેહેલવાન ફરામર્ઝે જેપાલ રાજાને પોતાની મીજલસમાં બોલાવ્યો અને તેને કહ્યું જે "ઓ હીંદી રાજપાટના સરદાર! તને મેં જીવતદાન બક્ષ્યું તે એટલા વાસ્તે જે તું નવજવાન છે. તું કદી એમ જાણતોજ ના જે કયાની પાદશાહનાં લશ્કર સાથે આસમાન પણ પંજો લંબાવી ન શકે!" એ સખુન કહીને નામદાર ફરામર્ઝે ફરમાવ્યું જે ખાલેસ સોનાનાં આબદાર મોતી સાથના હલકા લાવી જેપાલ રાજાનાં કાનમાં પેહેરાવે. તે હોકમ મુજબ હીંદી જેપાલ રાજાના કાનમાં હલકા પેહેરાવ્યા અને તે બેહબાદા રાજાને છુટ.પણ બક્ષ્યું. રાજા જેપાલ હીંદીએ નામદાર ફરામર્ઝને પોતા ઉપર એ રવેશ મેહરબાની નવાજેશ કરતો જોયો, ત્યારે તેણે સર નમાવી કહ્યું કે "મેં એમ ખબર

સાંભળી જે એક સેહેલ લશ્કર ઇરાનની વેલાયતથી મારા મુલક હીંદુસ્તાન તરફ આવે છે તેથી મને શેતાબીથી મગરૂરી પેદા થઇ. મેં ગુમાન પકડી નાલાયક માણસના હેવાલમાં ખપી પાદશાહી તખ્ત તાજ ને આરામ છતાં જંગનો શોખીન થઇ આ મેદાનમાં કમીગાહથી આવ્યો. મેં તું નામદારને બેશુમાર જેહમત આપી હલાક કર્યો પણ દુનિયામાં તારો કોઇ હરીફ મને જણાતો નથી. અગર હું દુરઅંદેશી વાપરી તું નામદાર સાથ દોસ્તી રાહે ચાલ્યો હતે તથા દુનિયામાં ખામોશ બેઠો હતે તો હું નામદારમાં ખપતે. તવાજો ને ખામોશી કરતાં દુનિયામાં હું કાંઇ ભલું જોતો નથી. હવે હું તારો ચાકર છું. તું ફરમાવે તેમ કેદ રાજાનાં શેહેરનો રસ્તો મારી આંખને જોરે તું નેકનામને દેખાડું. તારાં લશ્કરનો રાહબર હું છું. ઓ નામદાર! તું એમ જાણતો ના જે મારૂં બખ્ત આંધળું થયું છે! હું મરદાનગીને જોરે મગરમચ્છના મોહોમાં જઇ તેનો પાટો કાહડું છું, પણ ઇરાનીઓથી મારી આંખ અજબ રહી છે. જે કેદ રાજાનાં લશ્કરમાં હું જેવો મરદાનેમરદ કોઇ નથી પણ જ્યારે મેં તું નામના ઉઠાવનારને દીઠો ત્યારે મારાં દિલ સાથે મેં કહ્યું જે કેદ હીંદી તું નામદારના ભારી ગોરજ આગળ પસંદ પેહેલવાન નથી. હું ખુબ જાણું છું જે આખર કેદ રાજા તારી તલવારથી નાખુશી ને રંજ પામશે. અવલ લડાઇનાં મેદાનમાં પોકાર ઉઠાવશે પણ આખર મારી મીસાલે તેના કાનમાં સોનાનો ગુલામગીરી કરાવનારો હલકો તું પહેરાવશે" આ વાત નામદાર ફરામર્ઝે રાજા જેપાલ હીંદીથી સાંભળી ત્યારે તે ઘણો ખુશાલ થયો અને હસીને રાજા જેપાલને કહેવા લાગ્યો કે "તું ખુશાલીથી જીવ અને કેદના અંદેશાથી તું બેફીકર રહે. બીલકુલ તું અંદેશો કર ના, જે કાલની વાત જુદી શું નિપજશે? અય જોરેમદ રાજા જેપાલ! જેટલું તું લશ્કર ધરાવતો હોય તે સર્વ લશ્કરને હયાં બોલાવ અને લડાયક સવારનું લશ્કર ને સાજ સામન તૈયાર કરી મારી સાથ જંગમાં કુચ કરવાને તું સર ઉઠાવ અને તમામ તારાં લશ્કરને ખજાનો બક્ષી જીવથી ખુશાલીમાં

ગરક કરી કેદ રાજાની લડાઇમાં મારો શરીક થઇ આગળ ચાલ. અગર તને જેમ મરજી પડે તેમ તારી પોતાની ખુશી માફક તારૂં કામ કર. જે કેદ રાજા અને તેનાં લશકરને તથા તેના બહેરેમનને હું શીકસ્ત આપી નમાવું." એટલું કહી તે નામદારે એક પાદશાહી સરપેચ, કોલાહ, જરી કમરબંદ, ગોહરના જડાવની કબા તથા ભારી માવેનાં હથિયાર તથા ઘોડો એક સોનાનાં જીન તથા જરી જડાવની લગામ સાથે ખજાનચી પાસે મંગાવ્યો અને રાજા જેપાલ હીંદીને તે સરપાવ પેહેરાવ્યો. તે સરપાવ પહેરી રાજા જેપાલ હીદીએ બુલંદ તાલેના જોરેમંદ ફ્રામર્ઝને કહ્યું જે "ઓ પેહેલવાનોના પાદશાહ! ઓ દલેર સવાર! મારી એક હાજત ને મુરાદ છે કે તું નામદાર મારા શેહેર ને મેહેલમાં એક હફતો મેહેમાની કર અને કનદુરી ખાનું તથા શરાબ પી ખુશાલીથી દીન ગુજાર. જેહાનના પાદશાહ કૈકાઉસ તથા બુઝર્ગ જાલેજર તથા તેહેમતન રૂસ્તમની યાદમાં જામ નોશ કર." જેથી નામનો ઉઠાવનાર ફ્રામર્ઝે જેપાલ રાજાને કહ્યું જે એ વાત રવા છે. પછી તે પેહેલવાન, રાજા જેપાલના શેહરમાં દાખલ થયો ત્યાં તેના મેહેલમાં મેહેમાની ને આરામમાં રહયો. હયાં માહરાજા નોશાદે તથા નામના ઉઠાવનાર ફ્રામર્ઝે બીજા ઇરાની, હીંદી ને જાબુલી નામદાર પેહેલવાનોં ને લશકર સાથે દીન સાત રગ રાગ ને ખુશાલીમાં ગુજાર્યા. આઠમે દીન નામદાર ફ્રામર્ઝ માહરાજા નોશાદ તથા રાજા જેપાલ હીંદીને લઇ પોતાનાં લશકર સાથ સેરોજ શેહરની તરફ જેમ સકરો શેકાર ઉપર ઉડે તેમ કુચ કરી આગળ ચાલ્યો.

જઇ લાગ્યો નામદાર ફ્રરામર્ઝ શેરોજ શેહેર તરફ ને ખબર થયાથી એસ્તેકબાલ લેવા આવ્યો વજીર એહેરોજ નામના ઉઠાવનાર તે પેહેલવાનને અને માર્યું ગયું નાપાક શનોર જનાવર તે નામદારના દસ્ત ઉપર તે દાસ્તાન.

——:o:——

મંજલ દર મંજલ રાહ કાપતાં સાઠ ફરસંગ સુધી ગયા ત્યારે શેરોજ શેહેરમાં ખબર પોહોંચી જે ગોરજ તથા જંગ મારનાર નામદાર સપેહસાલાર ફ્રરામર્ઝ ભારી લશ્કર સાથ ચાલ્યો આવે છે. તે શેહેરના તમામ આલા અદના અનજુમન તે નામદાર પેહેલવાનને સામે એસ્તેકબાલ લેવા આવી; તે જોઇ પેહેલવાન ફ્રરામર્ઝ ઘણો ખુશાલ થયો. તે ભલી નેક અનજુમનને તે નામદારે ઘણી વાતે નસીહત તથા ઉમેદ આપી. તે ખુશાલ દિલ પોતાનાં તમામ લશ્કર ને પેહેલવાનો ને માહરાજા નોશાદ તથા રાજા જેપાલ હીંદી સાથ શેહેરમાં આવી પાદશાહી મેહેલમાં ઉતર્યો. ત્યાં શરાબ તથા કનદુરી ખાણું હાજર કરી એહેરોજે વાજીંત્રના અવાજ જારી કરાવ્યા. એ રવેસે ત્રણ દીન તથા ત્રણ રાત સુધી તે ખુશાલી ને શરાબબાજીમાં મશગુલ ગોયા રામશનીમાંજ તે નામદાર પોતાના તમામ શરીકો સાથ હતો. તે શેહેરનો વજીર એહેરોજ દાનાવ હતો; તેણે નામદાર ફ્રરામર્ઝ ઉપર આફ્રીન પઢી, તે પોતા ઉપરની રંજ તથા દરદની રાસ્ત વાત કહેવા લાગ્યો કે "અય સીસ્તાનના સરદાર! હીંદુસ્તાનમાં તારૂં કદમ મુબારક હોજો! નામદાર માહરાજા નોશાદની વેલાયતથી તું નેકનામે બુરાઇ નાબુદ કરીને ખાલેસ કરી અને પોલાદના ગુરજે તથા એલમાસની ઉમદા તલવારે કરીને કુન્નાસ દેવ જેવો જોરેમંદ તથા ગુરગોયા જેવો જમાનો ખાધેલો વરૂઝાદ અબલીસ તથા મારજોશા અઝદાહ જેવી બળા જીવથી મારી; જેથી

જેહાન પોકાર ને જારી ભરેલી હતી છત્રીશ હજાર કગરદનોથી તે જેહાનને બચાવી પાક કીધી. એ મરદાનગીનાં તારીફ લાયક કામથી તમામ જેહાન ખુશાલ ને આરામ ભરેલી થઇ. ઓ પેહેલવાન! એક બળા અમારાં શેહેર પાસે છે. તે બળાનો મુકામ શેહેરની નજદીક છે. તેનું નામ જીયાંગાર બળા શનોર કહેવાય છે. તેનું તન મસ્ત હાથી જેવું છે. તેની ચુંગાલ વાઘના જેવી છે. એ બળાથી આ તરફની તમામ મલક ઘણી ફીકર પામે છે. તેના ડરથી ખાબ તથા ખાણું અમને કમ થયું છે. એ દરદનો ટાલનારો અમારો આ સરજમીન ઉપર કોઇ નથી. એ ફીકર ટાળ અને અમારી ફરિયાદને તું નામદાર પોહોંચ." પેહલવાન ફરામર્ઝે તે દાનાવ બેહેરોજને જવાબ દીધો જે "અવ્વલ તમો બુતપરસ્તીથી મુખ ફેરવો, અને એમજ દીલનાં યકીનથી જાણો કે ખુદાવંદતાલા બસ એક આ દુનિયાનો સાહેબ છે, તે શિવાય બીજો કોઇ નથી. તે સાહેબની સીફત ને બંદગીમાં આવો, અને તમારી મુરતી ભાંજી ટુકડા કરો, તો શેનાવ મારી શમશેર એ બળા ઉપર ઉઠાવું અને તેને મારી નાપેદ કરૂં." એવા સખુન નામદાર ફરામર્ઝની ઝબાનથી સાંભળી બેહેરોજ વઝીર તથા તમામ અનજુમને ખુબ અંદેશો કરી જે કાંઇ બુત અને મુર્તી શેહેરમાં હતી તે સર્વે લાવી એકઠી કીધી અને નામદાર ફરામર્ઝને સ્વાધીન કરી દીધી; જેથી તે સર્વે મુર્તી લઇ આતશમાં હોમાવી દઇ તે નામદારે બાળી ખાક કરી નાંખી. તે હીંદી વેલાયતમાં ખુદાતાલાના નામની પરશંસા નામદાર ફરામર્ઝ પોતાના ઉસ્તાદથી બંદગી શીખ્યો હતો તેમ શિખવી; તેથી તે હીંદી વેલાયત યજદાંનની પનાહમાં દાખલ થઇ. તે તમામ મુલકે મુર્તીની પુંજા મુકી અને હર જગ્યાથી શુક્રાના તથા બંદગીના પોકારથી ખુદાવંદ તાલાનું નામ ગજાવ્યું. નામદાર ફરામર્ઝ સનોર જાનવર ઉપર લડાઇ કરવા તૈયાર થયો તેથી તે જાદુગર જનાવરની જગ્યાએ સર્વે હીંદુઆએ દેખાડી. તે જગ્યા જોઇ નામદાર ફરામર્ઝ ગહશતમ તથા ગુરગીન અને બીજન એ દલેરોને સાથે લઇ સનોરની લડાઇ ઉપર ચાલ્યો, તે લડાઇનો

તમાશો જોવા તમામ હીંદુ લોકો પાહાડ ઉપર ચહડી ઉભા રહયાં. નામદાર ફરામર્ઝ શનોર જનાવરને જંગલમાં પોતાના પેહલવાનો સાથે દીઠું કે તે જાલમ નાપેકાર તેઓને જોતાંજ પોકારતાં વાદલ મીસાલે મરદાનગીથી તે પેહલવાનો આગળ આવી લાગ્યું. તે ઠીક લાગ જોઇ દલેર પેહલવાનો તે ઉપર હર જગાથી હથિયાર કહાડી દોડયા અને તલવાર તથા નેજાથી તે કમીનાં દિલનાં જનાવર ઉપર ધરપકડ મચાવી તેથી તે જોશ ભરેલું થયું. તેની મસ્તીથી જમીન ગીરદ ભરી થઇ અને હવા પોકાર ભરી થઇ. તે દલેર પેહલવાનોના ખદંગી તીર તે નાપેકારને લાગ્યા ત્યારે તે તીરથી તેનું તન લાલ રંગનું થયું. જખમોથી તે નાપાક જરાક સુસતી ભરેલું થયું. તે જોઇ નામદાર ફરામર્ઝ ગુસ્સામાં આવી તેના સર ઉપર ભારી ગોરજ માર્યો કે તે નાપેકારનું તન શીહા ખાકમાં બેજાન થઇ પડયું. તે જોઇ એકેએક હીંદુ અજબ થઇ રહયા. તેનાં બાલ, શીંગ તથા દાંત નામદાર ફરામર્ઝે કાહાડી લીધા. ને શનોર જનાવરથી જેહાન ખાલી થઇ તેથી તમામ હીંદુઓએ નામદાર ફરામર્ઝ ઉપર દુવા કીધી. તે વેલાયતની જમીન એ બળાથી ટળી સુખમાં આવી ત્યાર બાદ નામદાર ફરામર્ઝ તે અનજુમનથી રખસુદ લઇ માહારાજા નોશાદ તથા તમામ લશ્કર સાથ રાહ કાપતો પેલા બ્રાહમનના ગુંબજની સરહદમાં જઇ પહોંચ્યા.

જઇ લાગ્યો નામદાર ફેરામર્ઝ બ્રાહમણના ગુંબજમાં અને નસીહત દીધી નામદાર ફેરામર્ઝને તે બ્રાહમને તે દાસ્તાંન.

——:o;——

નામદાર ફરામર્ઝ બ્રાહમનની નજદીક જઇ પોહોંચ્યો અને ત્યાં જોય છે તો તે નામદારે એક હોશમંદ બુઝર્ગ પાક તનનો ને કપુર

જેવા સફેદ બાલનો જોયો. તેવા નામદાર પીરમર્દને જોઇ જેહાન જીર-જબર કરનારા પેહલવાન ફરામર્ઝે ભારી તવાજેથી સલામ કીધી. બાહમને તે નામદારને પોતાનાં મકાન ઉપર જોઇ બેશુમાર ખુશાલીથી આવકાર દીધો અને હજારો આફ્રીન કરી ખેર આફીયત પુછવા લાગ્યો કે "ઓ નામના ઉઠાવનાર પેહલવાન તેહેમતન રૂસ્તમના જોરેમંદ બેટા ફરામર્ઝ! શ્રી હીંદુસ્તાન ફતેહ કરી શી રીતે તું રોશન થયો? દાનાઓથી આગાહી થયલી છે અને હું મારા તે એલમની માહીતગારીથી તું નામદારના તમામ નેકનામીના કામ જાણું છું. ઓ નામદાર! તું ખાત્રીથી માનજે કે આ બુતપરસ્તીની વેલાએતમાં બેહતરદીન જે મોટા નીયાગાન શાહાનશાહ જમશેદથી જેહાનને રોશન કરી રહી છે તે યજ-દાનપરસ્તી દીન આશકાર કરશે. તમામ જેહાનના જેહાંનશીન પાક ખુદાવંદેગારનાં નામનો પોકાર ને બંદગીનો અમર શોહેલો આ ગુમરાહ સરજમીન ઉપર બરપા કરશે. બદકારો તારી તલવારથી ટળી જશે. કેદરાજા જેવા સેંકડો તારા ઘોડાની બાગદોર પકડી યજદાન પરસ્તી રાહમાં સર નમાવી ફરમાનબરદાર થશે. રાજા જેપાલ જેવો જબરો હીંદી જેમ તારો શેકાર થઇ શરીક થયો છે તેમ કેદરાજા પોતાની હાલત પામી તારી સાથ ગોહબત ને મરવત ધરશે. તારી તલવારનો ડર ને તારાં હેશાનનો રોબ તેનાં તન ઉપર જેમ જમીન ઉપર બુલંદ પાહાડ ઉઠીને તે ધાંકી નાંખે છે, તેમ તેમાં ધાંકી નાખશે. તું નામદાર તમામ હીંદ સરજમીનને જીરજબર ને તાબે કરશે. તું નામદાર તારી કવી બાજુને જોરે જંગના મેદાનમાં મુદઇઓને શીકસ્ત આપતો ને બુતખાનાં ભાંજતો રોશન નશીઆનો દેલાવર, જેહાન તું બુલંદ તાલે પેહલવાન ઉપર જાંન ફેસાની કરશે. આ જગ્યા ને ગુફામાં મને આજે એકાંત બેસી બંદગીની તસ્બી ફેરવતાં બરાબર એક હજાર સાલ ગુજર્યાં છે." ફતેહમંદ ફરામર્ઝે તે બુઝર્ગ બાહમનથી એ નેક આગાહી દાનાઇ ને મરતબાનો રોબ જોયો, ત્યારે તે નામદારે તે બુઢા બાહમનને ભારી તવાજે ને ઇજત દીધી. તે પેહલવાને તે બાહમનને પુછયું કે "તેં

જેહાંન બેશુમાર જોઇ છે અને જમાનો પંજામાં રમાડયો છે તો મને થોડાક સવાલોના જવાબો જાણવાની ખાહેશ થઇ છે તે તું અકલમંદ બર લાવશે એ ઉમેદ રાખું છું. ઓ જમાના જોયલા બુઝર્ગ ઉસ્તાદ! આ જેહાંન દરમ્યાન આદમી જાતના તનબદનમાં એક છુપો વસી ગયલો ચીતો વાઘ છે. તે વાઘને ગમે એવા ભોગ આપ્યાંલા પણ સબુરી ઉપજતી નથી. તેનું કામ, ફીકર, હરકત ને મકકર કરવાનું છે. તે તનબદન વસી ગયલા છુપા વાઘથી તમામ આદમજાત હમેશાં બળામાં ગીરફતાર છે."

બુઝર્ગ બ્રાહમણે નામદાર ફરામર્ઝને તે સાંભળી જવાબ દીધો જે "તે આદમ જાતના તનબદનમાં વસી ગયલો છુપો ચીતો વાઘ તે લોભ છે. આસમાન લગી ઉકેલા ગંજ ખજાનાથી તે ધરાઇ શકતો નથી. એ લોભરૂપી દરીયાવ બીન પાર છે જેના મોજા પગાપગ વધુ ને વધુ ઉછાળા ને જોશ કરે છે. દરેક મોજા ગોયા તુફાની વંટોળ્યા છે. આ ફાની દુનિયામાં એના જેવી કોઇ બદી નાપેકાર ને જણુન નથી."

નામદાર ફરામર્ઝે ફરી તે બુઝર્ગ બ્રાહમણને સવાલ પુછ્યો કે "ઓ અકલના ભંડાર! એક બુલંદ ને પુરાણું દરખ્ત છે; તે દરખ્તની ડાળ આસમાન તલગ જઇ લાગી છે. તેનાં પાતરાં હમેશાં લીલાં રહે છે. તેનાં ફળ ખુબ છે. જે શખસ તે દરખ્તની ડાલ ઉંચે તલગ જોઇ શકે છે તે મોટા મરતબાને પોહોંચે છે, પણ જે તે ડાલને બરાબર ઉંચે તલગ જોઇ શકતો નથી તે કમીના દેવ સાથ આશનાવ થાય છે."

બુઝર્ગ બ્રાહમણે તે સાંભળી નામદાર ફરામર્ઝને જવાબ દીધો જે "તેં બયાન કરેલું બુલંદ ને પુરાણું દરખ્ત તે આદમી છે. તેની ડાલ આસમાન સાથ જઇ લાગેલી કહી તે અકલ છે. હમેશાં લીલાં રેહનાર પાતરાં તે અંદેશો છે. ખુબ મેવો તે વાચા છે. તે ડાલ બરાબર સમજથી જોવાની શકતી તે દાનાઇ છે. જે કોઇ તે ડાલ બરાબર ઉંચાણ તલગ જોઇ શકે છે તે દાનાવ મરદ છે જે પોતાના દુરઅંદેશાથી જેહાન

દરમ્યાન મરતબો ને બુઝર્ગી પામે છે. જે તે સમજતો નથી તે ઉંડાણુ જોઇ શકતો નથી તે નાદાન જાહેલીયત નામના દેવના દસ્તમાં ગીરફતાર થઇ પડે ને નામોશી પામે છે."

નામદાર ફરામર્ઝે ફરી તે બુઝર્ગ બ્રાહમણને સવાલ પુછયો કે "અય છુપા ભેદ બતાવનારા ઉસ્તાદ! એક બાગ તમામ હલ્યારી ભરેલો છે જે બાગમાં દરખ્તો તમામ લીલાં ને ઘણાં ખુશબોદાર ફુલથી ભરપુર છે, જે દરમ્યાન મધુર બોલનારા પોપટ ને કોયલ વસે છે. બાઝ ને શકરા પણ શુમાર વનાના તે દરખ્તો ઉપર ઉઠવું બેસવું કરે છે. તે બાગમાં મેવો જેમ મીઠો તેમ કડવો પણ છે."

બુઝર્ગ બ્રાહમણે તે સાંભળી નામદાર ફરામર્ઝને જવાબ આપ્યો કે "હમેશાં હલ્યારી ભરેલો બાગ તે દુનિયા છે; ફુલ તે પંખેરાં તે ખલક છે. મીઠો ને કડવો મેવો તે મહજબ છે."

નામદાર ફરામર્ઝે ફરી તે બુઝર્ગ બ્રાહમણને સવાલ મુકયો કે "ઓ દાનાવોના ઉસ્તાદ! એક દરખ્ત જેહાંન દરમ્યાન તમામ બુલંદ ને ઉંચી જગા ને ચીજોથી ઉંચું ગયલું છે. એવું ઉંચું કદાવર ને મોતેબર જેહાંન દરમ્યાન તે ખીલ્યું છે કે તેનું કોઇ શરીક જણાતું નથી."

ઉસ્તાદ બ્રાહમણે દલેર ફરામર્ઝને તેનો ભેદ કહી સંભળાવ્યો કે "બુલંદ આલા દરખત તે હીંમત છે. હીંમત જેહાન દરમ્યાન બેહદ નેક ને બુઝર્ગ છે. મરદાનગી તેના ખોળામાં લાડ કરે છે. બુલંદ આસમાન તેના પંજામાં રાત દીન ગરજ્યા કરે છે. તલવાર તેના શેકારગાહનું ઘાસ છે. જે જાનનો તે શીંગાર છે તે હોશ ને મરતબા ઉપર મુકરર ને મુસ્તકીમ છે. તેજ તેનું ચમન છે ને અંદેશો તેનો વેરી છે."

દલેર ફરામર્ઝે ઉસ્તાદ બ્રાહમણને સવાલ કરયો કે "આ જહાનમાં રોશન આફતાબ કરતાં પણ વધુ રોશન શું છે? અને આ જેહાનમાં બુરાઇ કરનારો જુલમગાર કોણ છે?"

દુરબીન બ્રાહમણે દાનાઇ બુજનારા ફરામર્ઝને ભેદ કહી સંભળાવ્યો કે "રોશન આફતાબ કરતાં પણ વધારે રોશન પાક દીલ છે. નેક દીલનો નેક મરદ આફતાબ કરતાં પણ આદમની ખલકમાં બુલંદ મરતબાનો છે." અને પછી નવધાર રડી કહેવા લાગ્યો કે "બુરાઇ કરનાર મોટો જુલમગાર તે જમાનો છે. તે આ ફાની દુનિયાના તમામ આદમીના દીલને દાધ ને દરદ પોહોંચાડે છે. તે જુલમ કરી તમામ ખલકતને ગમમાં ગીરફતાર કરી દીલ તોડે છે. તે પાસ તમામ ખલકત હાજતમંદ ગોયા ફકીરી પકડી ઉભી છે."

નામદાર ફરામર્ઝે તે બુઝર્ગ બ્રાહમણને ફરી સવાલ મુકયો જે "આદમી આ દુનિયામાં રંજ ખેંચી બેશુમાર ગંજ ખજાનો મેળવે છે તે જ્યારે કજાનો શેકાર થઇ મોત પામે છે ત્યારે ખાલી હાથે કેમ જાય છે? તમામ માલ મીલકત જે ઉપર તેનો બેશુમાર ચાહ હોય છે તેનો તેને કશો ખ્યાલ કે હોશ કેમ રહેતો નથી?"

બુઝર્ગ બ્રાહમને તે ફીલસુફીવાળો સવાલ નામદાર ફરામર્ઝથી સાંભળી સાયત એક ખ્યાલમાં રહયો પછી બોલ્યો કે "દાનેશમંદ નવજવાન! આ સવાલ દેખાતો આશાન છે પણ બેહદ મુશકેલ ને અપાર સમજ બાહેર ગયલો તેમ ખ્યાલી છે. ખાકનું ખાક લે છે. નુરનું નુર લે છે. હવાનું હવા લે છે. આતશનું આતશ લે છે. આબનું આબ લે છે અને કાયમગીનું કાયમગી લે છે. એટલે આદમી પોતે અસલ એક અનુસર ખમીર નથી કે તે કાયમગીમાં પોતાનો કાણુ પામે, આ રવેંશ ફાની ખાકનશીન આદમી પોતાના બંધણના ઉછીના તરીકે પામેલા ભાગ જેના હોય છે તેને આયંદે અદા કરી આ દુનિઆથી ખાબ જેવા ને વિજળી જેવા ખ્યાલી છાયાંનો બનેલો પસાર થઇ જાય છે. તે આ ફાનીની કોઇ સંગીન માલ મીલકત ઉઠાવી લઇ જવાને શકતીવાન નથી. પણ ખાબ ને નુર જેવી ભુડાં ભલાં કામ કરતુકની નેહેસ કે તારીફ પોતાના રૂહ સાથ લઇ જાય છે. જે કેરદાર આકેબત તેનો શરીક થઇ મીનોઇ જેહાનમાં તેની હંમેશગીનો પાયો રચે છે."

નામદાર ફરામર્ઝે તે ઉસ્તાદોના ઉસ્તાદ બ્રાહમને ફરી સવાલ મુકયો, કે "ધુવાદાર ગુંબજ છે જે ઉપર એક નુરાની અમર મસાલ રોશન થાય છે, તે સીહા અંધકારનો દોર ફના કરે છે અને ખલકતને આરાસ્તાને આસુદી રાખે છે. તે શું ભેદ છે?"

દાનાવ બ્રાહમણે જંગી ફરામર્ઝને જવાબ દીધો જે "ધુંવાદાર ગુંબજ તે આ ચોખુન અધ્ધર આસમાન છે. નુરાનીની અમર મસાલ તે રોશન આફતાબ છે. તે રાતની શીહાઇને ફના કરી દીનને રોશનાઇમાં નાજ-ભરેલો જેહાનને નવાજીને કુલ ખલક ને ખુશાલ ને આરાસ્તા કરે છે. તે રોશન નુરાનીવાળો આફતાબ ગોયા શીહા જેહાનની નુરમંદ ચશમ હોય એ રવેશ આ જેહાનનો રોબ જણાય છે શીહા આસમાનનો દોર દીન. રાત જારી છે તે કોઇ ઉપર મેહરબાની કરતો નથી. તેનો દોર દુન્યાને જીરોજબર કરે છે પણ તેની તે ચાલ કોઇને માલમ પડતી નથી, એવો પરદામાં બાજી રમે છે. ઓ પેહેલવાન! તેની બાજી મારી ઉપર ચાલેલી તું જો કે મારી ગરદન તથા પીઠ કેવી રવેસે તે ગલી રંગના શીહા આસમાને વાંકી વાળી છે અને કેવો ઉમદા કપુર મીસાલના સફેદ રંગમાં મને ગરકાવ કરી દીધો છે!"

જોરેમંદ ફરામર્ઝે ફરી દાનેશમંદ બ્રાહમણને સવાલ પુછયો કે "આં દુનિયા દરમ્યાનમાં જીનહાર હાકે નહીં ને કશાંથી ધરાય નહીં એવું એક મગરમચ્છ દીન ને રાતના હરદમ જારી રહેલા દોર માફક ફરતું છે. તે હરએક આદમ સાથ લાગુ રહેલું છે. જો કે તે ખલકત સાથ ખાસ સોહબતે વસે છે તે છતાં કોઇ પણ જાનદાર તે મગરમચ્છને જોઇ શકતું નથી. ઓ નેક બ્રાહમણ તે મારી પાછળ પણ દોડે છે ને તારી પાછળ પણ દોડતું જારી છે. એ મગરમચ્છ તારી ઉપર જ્યારે પોતાનો પંજો પોહોંચાડશે ત્યારે એક પળ પણ તને આંશાયશ આપશે નહીં"

દાનાઇ પીછાણનારા બ્રાહમણે દાનાઇ પુછનારા ફરામર્ઝને શેતાબ જવાબ વાળ્યો કે "તે જાનદારની પીઠ પકડી હંમેશા ચાલુ રહેનાર

મગરમચ્છ તે મોત છે. તે તમામ જાનની પેદાયશ પાછળ દોડતું છે. તારી ને મારી પીઠે દોડે છે. તે નથી એક ફુલનો દુમબાલો છોડતું કે શેરને જવા દેતું. તેની પાસ પાદશાહ ને દુરવેશ એક સરખા શેકાર છે. હોકાબ ને હોમા તેમ ચીલ ને પરવાનું તેના દુમબાલાની ઝટકથી ખાલી નથી. જેનાં તન બદન ઉપર માહતાબે નુર વરસાવ્યું હોય અને આફ્તાબે તેજ નવાજ્યું હોય તે તેના પંજાથી ખલાસ નથી. ખુરશેદશાની શાહાનશાહ જમશેદ ને કોહેકાફ જેવો જોરેમંદ નેયાગાન જેહાંપેહલવાન કેરશાસ્પ તેના પંજામાં શેકાર મીસાલે પકડાઇ આ જેહાન તજી ગયા છે. તેની હરીફાઇમાં દેવોનો બાંધનાર તેહમુરસ નહીં રહયો કે નહીં રહયો જેહાન ઉંધી વાળનાર ઝોહાકનો બાંધનાર ફીરૂઝગર ફરેદુન; તે મગરમચ્છ ગોયા જેહાનનો હરીફ જાનદારનો જાન પીનારો યઝદાન પાકના હોકમસર સરજાયલો મોતનો ફીરેશ્તો છે."

આ દાનાઇ ને દુરઅંદેશીના ખુલાસા સાંભળી શમશેર મારનારો ફરામર્ઝ તે બુઝર્ગ બ્રાહમણ ઉપર આફ્રીન કરી કહેવા લાગ્યો કે "આ જમાનાને ખ્યાલમાં પચાવનારા બુઝર્ગ બ્રાહમણ! હવે તું મને કોઇ નેક નસીહત સંભળાવ કે તેની જડ મારા મનમાં બરપા થયાથી મને મારી જીંદગીના દરેક દીન દરમ્યાન દાનેશની રાહબરી પામવાને લાયક આધાર થાય, કેમ કે હું તું બુઝર્ગમાં બુલંદ દાનેશ ને બેશુમાર સમજ જોઉં છું. મારા સવાલના જવાબોનો તેં જે રીતે દુરઅંદેશીથી ખુલાસો કર્યો છે તે બેહદ તારીફ લાયક ઉમદા તદબીર ને સમજનો છે."

દાનાઇ રાખનારા બ્રાહમણે નામના ઉઠાવનાર પેહેલવાન ફરામર્ઝને મોઢેથી એ રવેશ ખાહેશ સાંભળી તે નમીને બોલ્યો કે "હોશમંદ તું બેહદ દાનાવ છે, અને દાનાવ જાલેજરથી ખુબી ને દાનાઇ પામેલો છે. જેહાંપેહેલવાન જાલેજર આ જમાનાનો બુઝર્ગ પીરમરદ ને દાનાઇનો અખુટ ખજાનો છે. તેની નજદીક હેકમત ને તદબીર નાચારી પકડી હાથ જોડી ફરમાબરદારી ગુજારે છે. તેનો નબારો દાનાઇ

તું નેક પેહેલવાનની શરીક થયલી જણાય છે; પણ જ્યારે તું મારી પાસ તારાં પાક દીલથી ચાહી નેક દાનેશ માંગે છે તો સાંભળ. અય નામદાર કે જમાનાથી ડરજે. જમાનો ગોયા એક પરીશીકલ ખુબસુરત ઓરત છે. તેનો તું દામાદ છે. નુર ને જેબા તેના તનબદન શીંગાર છે, મકકર તેની ઝબાન છે. ફ્રેબ તેની ચશમ છે. જાદુઇ તેનો ચેહરો છે. શીહા દગલબાજી તેના શીહા બાલના વળદાર ઝુલફાં છે. બુરાઇ તેનાં નાજ નખરાં છે. કમીનાઇ તેનો ખાસ ખવાસ છે. બેવફાઇ તેની રમત ગમત ને રમુજ છે. દુશમની ને હેમકાઇ તેના બે આબાદ પાસાં છે અને લાલચ તેની લાડકી બેટી છે. આખર અંજામ પરેશાની છે. અય નોજવાન! એવા ફંદા ફાંદાબાજ જમાનાના પંજામાં ઝીલાઇ જવાથી તું પરહેઝ રહી અને રાત દીન દાદગર દાદારની બંદગી ને પરહેજગારીમાં સર ધરજે. લાલચ ને લોભના પાસા કરતાં નેકીને ઇનસાફના પાસાંમાં નચીંત પડજે. ઇનસાન તરીકે જમાનામાં જમાનાનો લોભી થયા બદલે જમાનાના ઇનસાનનો શીકો એવો વખણાવજે કે તું નામદારના નામનું નુર જેહાનને ઝળકાટ ને મોભો થઇ પડે." આ નસીહત કહી સમજાવ્યા બાદ તે બુઝર્ગ બ્રાહમને ચુપકીદી ને તવાજો બજાવ્યો. પેહલવાન ફ્રામર્ઝ તે નશીહતનો હડયો પોતાની છાતીમાં બંધ કરતો ઉઠયો અને બુઝર્ગ બ્રાહમણ તે નામદાર પેહલવાનને કેટલાક કદમ મુકવા ગયો. પેહલવાન ફ્રામર્ઝ જતી વખતે તે બુઝર્ગ બોલ્યો કે "જેહાનના જંગીની બુનીયાદના યાદગાર જોરેમંદ મરદ! તું ખુશ ખુશાલીથી ફતેહ ને નામદારીમાં જીવજો ! આ શીહા ગુફા જેવા ગુંબજમાં હું એક જોગી સમાન બેઠો છું. અગર મારી પાસ પાદશાહને લાયક હજાર ગંજ હતે તો તે તું નામદારના કદમ ઉપર હું વધાવતે." પેહલવાન ફ્રામર્ઝ બોલ્યો કે "પાદશાહી હજાર ગંજ કરતાં પણ વધારે કીમતી નસીહત ને ભેદથી તું બુઝર્ગ મને નવાજ્યો છે. મને તું દાનાવના ગંજ ખજાનાની હાજત નથી. તું નેક નૈયત યજદાન પરસ્તી જોગીનું મોહ મેં જોયું એટલે મને હયાં તલગ શ્રી હીંદુસ્તાન આવ્યાની તસ્દીનો બદલો

મળી ચુકયો જાણું છું. તું જેવા બુઝર્ગ પીરમરદનો મેલાપ ગોયા એક ઉમદા સવાબ જેવો નેક હાંશેલ છે." એ સુખનો સાથ તે દેલાવર ફ્રરામર્ઝે તે બુઝર્ગ બ્રાહમનને નમન કરી કેદની વેલાયત તરફ કુચ કરી.

જઇ પહોંચ્યો નામદાર ફ્રરામર્ઝ કેદરાજાની રાજધાણી તરફ અને મીજલસ સમારી માહરાજા નોશાદે જંગની મસલહત કરવા તે હેવાલ.

——:o:——

શાહેર અબુતાહેર તરશુસી આ દાસ્તાન આગળ બ્યાન કરે છે, કે નામદાર ફ્રરામર્ઝ દાનાઇ ભરેલા બ્રાહમનથી રૂખસદ લઇ કેદની વેલાયત તરફ કુચ કરી ગયો. તે કુચમાં રાહ દરમ્યાન બેહદ સખતી તથા લડાઇમાં ગુઠાયો, તે હકીકત ને તવારીખ બુઝર્ગો પાસ જે રવેસ જલવાઇ છે, તે રવેશ જોતાં જણાય છે કે એ જંગનો મોટો ભાગ જમાનાની ગરદેશથી ગુમ થયો છે તવારીખે જમાનાના દસ્ત ઉપર શેહ ખાધી છે, તેથી આ જંગનો જોઇયે તેવો હેવાલ મળ્યો નથી. કલેવની વેલાયત પોહોંચવાની રાહમાં થયલી નામીચી જંગો ને જવાંમરદીના હેવાલો ગુમ થયાને લીધે નામદાર ફ્રરામર્ઝની કુચ ગોયા અંધારા ગારમાં છુપા પડેલા બેકીમતી ગંજ ખજાના મીસાલે જમાનાના ભીત્તરમાં ગુમ થઇ બંદ પડી છે અને આ દાસ્તાન જાબુલી ફ્રરામર્ઝ કેદ રાજાની રાજધાણીની સરહદમાં આવી પોહોંચ્યા પછીથી ચાલે છે. માહરાજા નોશાદ ને જોરેમંદ રાજા જેપાલ હીંદી ને મોટાં લશ્કર સાથ રાત દીન બેહદ જેહેમત ને ભારી જંગો ને ફ્તેહો મેળવતો કેદ રાજાની રાજધાણી કલેવના કીલ્લા સામેના લડાઇના મેદાનમાં આવી પોહોંચ્યો. તે નામદારે પોતાનાં તમામ લશ્કર સાથ તે બોહોળું મેદાન ઘેરી લીધું. તે નામદારે પાદશાહી તંબુ નંખાવ્યો અને જાબુલી ઝુંડો આસમાન તલગ ચહડાવ્યો.

તે જોઇ માહરાજા નોશાદની પાદશાહી રાવતી તે પાસ ખેંચાઇ અને જંગી જેપાલ હીંદીનો જરરીન દેહરો તે સામે સુનેરી રસી ને રૂપેરી ઠામ સાથ બંધાઇ તણાયો, અને તે હીંદી રાજાઓના ઝુંડા હવામા મગરૂરીથી સર ઉઠાવી ઉડયા. તે પાસ વળી તેહેમુર ને અરવંદ રાજાઓનો એક ખાસ તંબુ નખાયો અને એક રાજવંશી રાવતી રાજ પુત્રીઓ લાયક તે પાસે ઉભી થઇ. દલેર બીજન ને દાનાવ ગુરગીનના જુદા તંબુઓ પેહલવાન ફ્રામર્ઝના મોટા તંબુ પાસ ખુલ્લા થયા અને શાહજાદા જોરસપ, ગહસતમ, ગેરસમ વીગેરે તમામ ઇરાની શમશેરના મારનાર સપેહસાલારો પોતાના દરજ્જા માફક દબદબાથી તે મેદાનમાં પડાવ નાખી પડયા. આ મેદાનમાં માહરાજા નોશાદ ને રાજા જેપાલ હીંદીના લગભગ બે હજાર હાથી ગોયા કાળા પથર ઘડી કહાડેલા દેવ-શીકલે જોરેમંદો હોય એ ઢપે હારબંધ બંધાઇ મસ્ત થયલા ઉભા. લશ્કર ગોયા મેદાનમાં, જેમ જંગલ બીયાબાનમાં બુલંદ દરખ્તો દરામણી શીકલે બેજાન રૂતુમાં દેખાય તેમ જ્યાં નજર કરો ત્યાં ઝનુન ફ્રાવી રહ્યું હતું. કરનાયના અવાજ ને શોહોરસારથી આસમાન ઉપર સીહાઇ ધુંજી રહી હતી, બલકે જમાનો લરજો પામી પેહલવાન ફ્રામર્ઝના તે કીનાથી પનાહ માંગતો ફરમાબરદાર જેવો સર નમાવી ઉભો હોય એવી રસ્તાખેજ બરપા થઇ હતી. તે દરમ્યાન પેહલવાનોના તકાવર અસ્પોના દમબદમ થઇ રેહતા ખંખારોથી જાણે જેહાન ગજબ ભરેલા ઘોંઘાટ ને તોફાનમાં ડુબી હોય તેવો રંગ નજર આવતો હતો. તે મરદુમોના ખુનથી તલબદાર મેદાનમાં નામદાર ફ્રામર્ઝ પોતાના માહરાજા, રાજા, પેહલવાનો, સરદારો ને સીપાઇઓ સાથ મુકામ કરી રહ્યો ત્યારે માહરાજા નોશાદે એક મીજલસ બાહારના હીંગામપર બીલનાં ચમન મીસાલની સમારી. તે મીજલસ દરમ્યાન એક ફીરોજાનાં તખ્ત ઉપર શ્રી હીંદુસ્તાન જીરોજબર કરનારો શમશેરનો મારનાર ફ્રામર્ઝ બીરાજ્યો. તેની પાસ જમણા હાથ ઉપર માહરાજા નોશાદ યાકુતના મોરવાળા તખ્ત ઉપર અને ડાબી બાજુ રાજા જેપાલ હીંદી શુદ્ધ અકીકના તખ્ત ઉપર બેઠા. માહરાજા

રાજા નોશાદ પાસ સોનાની ખુરશીઓ ઉપર ઇરાની પેહલવાનો તેઓના દરજ્જા મુવાફેક આવી બીરાજ્યા અને પછી હીંદ સરજમીનના ચુનંદા જંગીઓએ પોતાને મરતબે બેઠક લીધી. રાજા જેપાલ પાસેથી તેના રાજના લડાયકોની હાર લંબાઇ. પેહલવાન ફરામર્ઝ સામે સેજ દુરથી તેહેમુરરાજા, અરવંદ રાજા હાથીદાંતના તખ્ત ઉપર રોબમાં હતા. યાકુતનાં તખ્ત ઉપર કેદરાજાની જંગી રાજપુત્રીઓ બેઠી હતી. તે મીજલસમાં હીંદના નામીચા ફાજેલો પોતાના દબદબા ને મોભા માફક સામેલ થયા હતા. તે દરમ્યાન દબદબા ભરેલા માહરાજાએ જંગની મસલહતનો પાયો નાખ્યો કે "ઓ નામદાર રાજાઓ ને પેહલવાનો! કેદ-રાજાની જંગનો ચારો એવો રચવો જોઇયે કે આપણે તમામ જન બદનામીમાં આવ્યે નહીં. કેદરાજા વગર અકકલે જંગના મેદાનથી નાહાસી પોતાની રાજધાણીમાં ભરાયો છે. તે રાજાને ખબર નથી કે નામ-દાર ફતેહમંદ સપેહસાલાર ફરામર્ઝની શમશેરથી તેનો તાબે થવા સિવાય જીનહાર છુટકો થનાર નથી. તે રાજાએ જંગ કરી તેના પોતાનાં જંગી-ઓમાંના નામીચા જંગીઓ જેવાકે તેહેમુર, અરવંદ, યમન ને તેની જંગી બેટીઓ આપણાં હાથમાં કેદ નખાવ્યાં છે. તે રાજા એમજ સમજે છે કે બીજા રાજા રજવાડા ઉપર તે ફાવી નામદાર કહેવાયો છે તેમ તે આ જંગમાં નામ મેળવી આયંદે પાર પડશે! તેના કીલ્લા ને શેહેર પેહલવાન ફરામર્ઝથી ફતેહ થશે નહીં. એ બેહુંદા ખ્યાલમાં તે પોતાની ખોહારી ને રૈયતની બરબાદી કરે છે. તેનો કીલ્લો જંગના મારનાર જબરદસ્ત ફરામર્ઝથી સેહજમાં જમીનદોસ્ત થઇ જશે. તે પોતાની હલકાઇથી પોતાના આત્માનો ભોગ આપશે. તે પોતે ભારી હીંમત ને મરદાનગીથી લશ્કર ખેંચી આવી જંગ કરી નાહાસી ગયો તેમાં તે રાજાએ પેહલવાન ફરામર્ઝની મરદાનગી હજી કમ જોઇ છે કે તે એ નામદાર સાથ સરકશી કરે છે? મને સમજ નથી પડતી કે કેદ રાજાને સર શું મુશીબત ભમે છે?" માહરાજા નોશાદના એ રવેશ સખુનો સાંભળ્યા ત્યારે નામદાર ફરામર્ઝ બોલ્યો કે "માહરાજા! તું બેફીકર રેહે.

મારી શમશેર જો તે હજી સમજ્યો હશે નહીં તો તેનાં લશ્કરનો તે ઘાન કહડાવી સમજશે. મારા ઘોડાની નાલથી તેનો કીલ્લો ને શેહેર ખાક બરાબર કરી નાંખું અને તેના તમામ મેહેલ ને ગંજ લુંટી ગરીબોને ખેરાત કરૂં અને મારાં લશ્કરની જેહેમતના બદલામાં નવાજેશ કરી દેવું. ઓ નામદાર માહરાજા! તારા નામના રોબથી મારો નેજો તેના જંગીમાં જંગી પલીદનું પેટ ચીરી બેજાન કરશે. હજી પણ તે રાજા મારાં જોરથી નાવાકેફ રહ્યો હોય તો તેને ફરી આ જંગમાં તેના જબરા કીલ્લાને બેશુમાર લશ્કરની ખરાબી કરતો જોઇ મારી જંગનો નક્ષ પોતાના જીગરમાં સદા યાદગાર રાખશે, પણ જંગ કર્યા આગમચ મારી મકસદ એવી છે કે આપણે તે રાજાને એક ચેતવણી આપ્યે અને જો તે નહીંજ સમજે તો પછી આપણા ઘોડા સાથે આપણે શાહમુર્ગોનાં તોલાં મીસાલે તેના કીલ્લા ઉપર તુટી પડયે અને આતશી જંગથી તેની પાયમાલી કરી નાખ્યે." પેહલવાનોના પેહલવાન ફરામર્ઝને સાંભળી રાજા જેપાલ બોલ્યો કે "નામદાર ફરામર્ઝના ઇરાદા માફકનો એક રૂકો તૈયાર કરી તે કેદરાજાની નજર ખોલ્યે કે તે આપણી જંગમાં જેમ હોમાના પંજામાં આતશ હોય તેમ તે છે. તે રાજા પોતાની હેમકાઇથી ખોહારી પામે છે ને પોતાની ખલકની પાયમાલી કરે છે એ ખ્યાલ જો તે બરાબર સમજશે તથા નામદાર સપેહસાલાર સાથ મારા મળી ગયાની ચોકસ ખબર તે પામશે તો કેદરાજા એટલો બેફામ નથી કે જંગમાં દસ્ત અજમાવે." તેહમુર રાજા જે કેદ રાજાનો ભાઇ થાય તે દાનાવ હતો. તે રાજાએ પેહલવાન ફરામર્ઝની જંગો જોઇ હતી અને તે જાણતો હતો કે જો તે જંગી પેહલવાનની શમશેર મ્યાન બાહેર થઇ તો પછી નથી રેહવાનો આ કીલ્લો કે રાજ રાજા, કે તેનું કુંટુંબ, તેથી તે મીજલસમાં બોલ્યો કે "ઓ નામદાર જંગી ફરામર્ઝ, હું ચાહું છું કે મને મારા ભાઇ કેદરાજા ઉપર નામુ તથા સલાહ લખી મોકલવાની નવાજેશ થાય. કેમકે તે જંગી કેદ જાણતો નથી કે પેહલવાન ફરામર્ઝની શમશેર નહીં જીતાય તેવી છે. તે રાજા મારેથી બ્યાનદાર હેવાલ સાંભ-

જાશે અને તારી અમોને જીવનદાન બક્ષ્યાની થયલી બેહદ મેહેરબાની તેના જાણવામાં આવશે તેમ અમારી સલાહ ને મસલહત તે દુરઅંદેશાથી બુજશે અને તે તું નામદારના બેશુમાર બુલંદ જીગરની કદર બુજશે. તું નામદારનો મને હુકમ મળે તો હું મારા કુટુંબ કબીલાના જીવતદાન પામેલા તમામ દલેરો સાથ એક મસલહત થઇ નેક વીચારનું એક નામું તે મારા ભાઇ ઉપર અમારામાંના એક દાનવ બુઝર્ગને આપી રવાના કરૂં. ઓ નામદાર પેહલવાન! જો તે મારી સલાહ ને મત જાણશે તો આખર તે વીચાર ઉપર અમલ કરશે! તું નામદારે શાહજાદાઓને તથા અમોને જીવતદાન બક્ષેસ કરી બેશુમાર મેહેરબાની કરી છે. અમારા હજારો સીપાહ મરદો તારી એ બક્ષેશથી તું નામદાર ઉપર તાજુબી ને ખરાં જીગરથી ફીદા છે. ઓ નામદાર પેહલવાન! એ ખ્યાલથી હાલ તો તું હાથ ઉઠાવ અને એ કામમાં અમોને પડવાને હુકમ આપ." પેહલવાન ફ્રામર્ઝે તેહેમુર રાજાથી આ મુવાફેકનો અક્કલ ભરેલો અંદેશો સાંભળ્યો ત્યારે તે નામદારે તે રાજા ઉપર આફ્રીન કરી; સારી મીજલસે પણ ખુશીનો પોકાર માર્યો. માહરાજા નોશાદે રાજા જેપાલ સાથ એકમત થઇ પેહલવાન ફ્રામર્ઝને તેહેમુર રાજાએ ચાહેલી અરજ નવાજવા જણાવ્યાથી તે નામદાર પેહલવાન તે રાજાને કેહવા લાગ્યો કે "ઓ દુરઅંદેશ તેહેમુર! તું રાજાનો અંદેશો નેક છે, અને હજારો જાનની પાયમાલીનો અટકાવ કરનારો છે. અગર જો તારો અંદેશો અમલ થયો અને કેદરાજા શમશેર નહીં પણ સલાહ લઇ આ મારી છાવણીમાં આવ્યો તો તે નામુરાદીની જગો મુરાદ પામી નેકનામ કેહવાશે. અને આપણું વચે એખલાસ બંધાયાથી હીંદની ખલકતને બેશુમાર ફાયદા થશે. મારી મરજી જુલમ ને જંગ કરવાની ત્યારેજ થાય છે કે જ્યારે કોઇ પણ પોતાની બેહુંદગીથી કીનાના મુદાનમાં મુદપ બની આવી જાનનો તલબદાર થાય છે. ઓ તેહેમુર રાજા! જેમ તને નજરમાં આવે તેમ મારી વીગતથી તારા ભાઇ કેદરાજાને વાકેફ કરવો જોઇયે તેને તે પેગામનામું આપી તેની દરબારમાં મોકલ કે તે પાછળથી

મારી ઉપર બદનામી નહીં મેલે કે મેં છુપાછુપ તેના કીલ્લા ને શેહેરની પાયમાલી કરી અને તેને તખ્ત ઉપરથી ખાકમાં નાખી તેનું તાજ છીનવી લીધું. ઓ તેહેમુર! જોઇએ તેમ ખરા ખ્યાનથી તેને જાણીનો કરી તારી સલાહ આપ ને જણાવ કે અગર એ ઉપર લંબાણુ નજર પોહોંચાડી પનાહ માગતો આવશે નહીં તો બેશક જાણ કે તારી રાજધાની લોહીનો દરીયાવ થઇ નીલના દરીયાવ મીસાલે તારી નાફરમાનીની ખરાબી પૌકારના મોજા મારશે." તેહેમુર રાજાએ પેહલવાન ફરામર્ઝથી આ રવેશે સખુનો સુજ્યા ત્યારે તે પોતાના વતનના તમામ નામદારો સાથ સર નમાવી તે મીજલસથી ઉઠયો અને પોતાના દેહેરામાં આવી એક હુસ્યાર અકલમંદ હીંદીને નામદાર ફરામર્ઝના કામ ને જંગની જુબાનીથી વાકેફ કરી એક જુબાની પેગામ સુલેહની સલાહવાળો કહી મોકલાવ્યો.

કેદરાજાને તેહેમુર રાજાનો જુબાની પેગામ મળ્યો અને મસલહત કરી તે બાબમાં રાજાએ પોતાની મીજલસ સાથ તે હેવાલ.

——:o:——

હવે પેલી તરફ રાજા કેદને ખબર થઇ કે જેહાં પેહલવાનનો બેટો તમામ હીંદુસ્તાનને શેકસતે કરી પોતે લશ્કર સાથે આવી પોહોંચ્યો છે અને તે નામદાર સાથે માહરાજા નોશાદ તથા રાજા જેપાલ હીંદી તથા બીજા ઘણાએક નામદાર સરદારો ને પેહલવાનો પોત પોતાનાં લશ્કર સાથે આવ્યા છે અને તે નામદાર પેહલવાને તમામ બુતખાંનાં તથા પૂંજાની પુતલીઓ ભાંજી નાંખી છે, તે નામદારે પોતાની દીનની રાહ રસમ સમજાવી કબુલ કરાવી છે. એવી ખબર સાંભળી કેદરાજા ઘણો દલગીર થયો અને શેતાબ પોતાની દરઘાહમાં મિજલસ સમારી પોતાના

વજીરોને બોલાવી કહેવા લાગ્યો, જે "અય પેહલવાનજાદો! હુનરમંદ ફરામર્ઝ આવ્યો છે; તે ફતેહમંદે આપણી વેલાયત માટે જીરોજબર કીધી છે અને વળી આપણી રાહા તથા દીનમાં ખલલ પોહોંચાડી છે. તે નામદાર જે કોઇ તેનાથી સર ફેરવે છે તેને ખાક બરાબર કરે છે. અને શલીમ તથા સકુબ આપણો ખુદા છે તે બુતખાના સાથ બાળશે અને તમામ બુતપરસ્તી પરાગંદા કરી નાખશે. તે પેહલવાન આપણુ પાસેથી સલામી તથા તાજ તખ્ત લે, ને દીન મુકાવે છે. તે સરફરાજ પેહલવાન કીનામાં ઉતરે તો જો હજારો તલવાર તેપર ખેંચ્યે તોપણ આખર આપણુને નાહાસવું પડે. જે ફતેહમંદ તે પછી પણ સર્વે બુત લઇ ભાંજે તો દુનીયામાં શરમ લાગે માટે ઓ બુઝર્ગ વજીર! તુને શું સુઝે છે કે આપણુ તેની ઓજરખાહી કર્યે કે શરમ ને નામ ખાતર લડી મર્યે?" વજીરે જવાબ દીધો જે "અય સરફરાજ પાદશાહ! તેની આગળ જઇ તુને સલામ તથા બંદગી કરવી ઘટે છે. જો કેરશાસ્પનાં નબીરાના ગોરજની આગળ તું તારૂં સર જમીનપર ધરે તોજ તારૂં તાજ તખ્ત તારી પાસે રહે. અગર તેથી તું સર ફેરવે તો તાજ ખોહી દેશે, તારૂં સર બંધમાં આવશે. તારી રૈયત પાયમાલ થશે ને તારો ખજાનો બરબાદ થશે." વજીરે એ રીતે જવાબ દીધો, તે સખુન સાંભળી જોરાવર કેદરાજા પોતાનું સર નીચું કરી અંદેશાથી ફીકર કરતો હતો; તેવામાં શેતાબ એક હીંદી એલચી તેહેમુર રાજા તથા અરવંદ રાજાની તરફથી આવી પોહોંચ્યો. તે એલચીએ રાજાને સર્વે ઝબાની હકીકત કહી, કે "હુસ્યાર થા ઓ રાજા અને તું દિલથી દલગીરી તર્ક કર! લડાઇનો ખ્યાલ તો કરતોજ ના, કાંય જે આફતાબ પણ ફરામર્ઝની લડાઇમાં તાકાત નહીં ધરે તેવા સરદાર સાથ જંગ કરવામાં ફાયદો શું? તેનું લશ્કર ચીત્તા બરાબર છે. તે પેહલવાને તેહેમુર રાજા તથા અરવંદ રાજાને મારયો નહીં અને માફી બક્ષી તથા જબરદસ્ત સરપાવ બક્ષી અમને તે નામદારે પોતા સાથે રાત દિન ખુશાલીમાં રાખ્યા. અમો તેની બરાબર શરાબ પીવામાં મશગુલ છીયે

અને રામશગરના શીરીન સરોદ સાંભળ્યે છીયે. અય સરફરાજીભરેલા રાજા! તારા બે ભાઇ તથા બેટીઓએ તુંને દોવા તથા આફ્રીન કેહવરાવી છે અને સંદેશો મોકલ્યો છે કે જ્યારે તું તેની મેહેમાનીમાં આવશે ત્યારેજ તું કેહેશે જે એની સાથે લડવું ખુબ નથી, માટે તું એ પેહેલવાનની આગળ આવ અને ઓજરખાહી કર. તેનાં પાક દિલમાં અમો હરકતનો દાવ કાંઇ જોતા નથી. એ પેહલવાન તો અકકલ, મરદાનગી, હોસ્યારી તથા ચાલાકી ઘણી ધરાવે છે. જો માહરાજા નોશાદ મીસાલ તું ફરમાબરદારીની કમર બાંધશે તો તારો ગંજ ખજાનો સર્વે બરાબર રેહેશે અને તું દિલ ફેરવશે તો ફરી રંજમાં પડશે અને તાજ તખ્ત તથા ખજાનો કાંઇ નહીં રેહેશે. હવે એ પેહલવાન સાથે લડવાની વાત તું ના કર અને સંતોષનું કામ કર નહીંતો તારા કબીલામાં રસ્તાખેજ પડશે." એ તમામ વાત સાંભળી કેદરાજાએ ઓજરખાહી કરી સર્વે બુઝર્ગોને બોલાવ્યા અને ગંજનો દરવાજો ખોલ્યો અને ફરામર્ઝને વાસ્તે હદીઓ તૈયાર કીધો તેમાં સોનાની અશરફી તથા જરી કમરબંદ તથા જરી દેબાનાં કપડાં તથા ગોહર તાજ, તખ્ત તથા મુશ્ક એ વગેરે બીજો ઘણો સામાન તૈયાર કીધો. પછી કેદરાજાએ પોતાના વજીરને કહ્યું કે "તું એ હદીઓ લઇને તે જાબુલી ફરામર્ઝની નજદીક જા અને ઝબાનથી તે નામદારને સુલેહનો પેગામ જણાવ." એટલું કહી પોતાના વજીરને રવાના કીધો. તે દાનાઇ ભરેલો વજીર ફરામર્ઝના લશ્કરમાં આવી પોહોંચ્યો ત્યારે તે વજીરને ઘણી આબરૂથી દલેર ફરામર્ઝ નજદીક લઇ આવ્યા. તે વજીર નજર કરી જોય શું કે શેરની વજનના તે નામદારને આફતાબ મીસાલે મીજલસમાં બેઠેલો દીઠો. તેનું દબદબાવાલું સીના સરવની મીસાલનું કદ જોઇ તે બુઝર્ગ વજીર ઘણો અજબ થયો. પછી તેણે જંગી ફરામર્ઝનાં તખ્તને બોસો દઇને કેદરાજાનો હદીઓ નજર કીધો અને ઘણીએક દોવા કરી જાબુલી ફરામર્ઝને કેહેવા લાગ્યો, કે "તમામ હીંદુસ્તાનના ફતેહ કરનાર! તું ઘણું જીવજો ને તારૂં કદમ મુબારક હોજો, કે તારા જેવો

નામદાર પેહલવાન ઈરાન જમીનના પાદશાહ કેકાઉસનાં તખ્ત આગલ કમરનો બાંધનાર છે; તેથી તે શાહાનશાહનું બખ્ત આસમાન તલગ પોહોંચ્યું છે. એ નામદાર નામના ઉઠાવનાર પેહલવાન! કેદરાજાએ ઓજરખાહી કરી અમને મોકલાવ્યા છે જે તું સપેહસાલારની તલવાર આગલ અમો શેકાર થયા. અગર તું કીનાથી સર દુર રાખે તો મેં તું નામદાર સાથે નેક દિલ ને ખાસ મેહેરબાનીએ કંમર બાંધી છે. તું દેલાવર સાથે પેશદસ્તી ને કીનો કીધાથી આકેબત ખતા છે. તું જેવા જંગી પેહલવાનનું દિલ કીનાથી દુર થાય તો અમો દોડીને અમારાં સર તું બુલંદ તાલેના પેહલવાન પાસ જમીન ઉપર ધરેં." એટલું કહી સમજાવી વજીરે સેજદો કરી પોતાની આંખથી આંસુ પાડયાં. પેહલવાન ફ્રરામર્ઝે તે દાનાવ વજીરને કહ્યું જે "અય દાનાઓની ખુબ વાતના બોલનાર! જો મારા પાદશાહ કેકાઉસની આગળ કેદરાજા બંદો થઇ કમર બાંધે અને તે જેહાનદાર પાદશાહને સલામી કબુલ કરે તો તું તથા તારો રાજા તથા તેની ખલકતનાં લોકો પોતાનાં જીવથી બચે. અગર જો તારો રાજા તથા તેની દરઘાહ એ વાતથી સર ફેરવે તો મારી તેજ તલવારે તેનાં સરને રસ્તાખેજ દેખાડું. સુલેહના ધણી સાથ મને મારા પાદશાહે લડાઇ કરવા ફ્રરમાવ્યું નથી. જ્યાં સુધી કોઇ રાજા કે સરદાર સર ફેરવે નહીં, અને કીનામાં સર ઉંચુ ઉઠાવે નહીં તે ઉપર મારી તેજ શમશેરની જગ્યાએ મોહબતનો ખજાનો ફીદા કરનાર છું; પણ જે કીના ને સરકશીથી સર ઉઠાવે તેપર મારી તેજ તલવાર જમાનો વરસાવે. જે કોઇ શાહાનશાહ કેકાઉસ આગલ સર જમીન ઉપર ધરે તે પોતાનાં મુલકનો સરદાર કાયમ થાય. જો કેદરાજા મારી આગળ બંદો થઈ આવ્યો તો નેકનામીનાં ઘરમાં પેઠો." વજીરે એ રવેશે સર્વે સખુનો સાંભળ્યા બાદ પોતાના હાથ પોતાની છાતી ઉપર ધર્યા અને સર જમીન ઉપર નીચું ધર્યું. પેહલવાન ફ્રરામર્ઝે ફ્રરમાવ્યું જે "એક પાદશાહી સરપાવ આ બુઝર્ગ વજીરને આપો." તે સરોપાવ વજીરે પેહેરયો અને પછી તે નામદારે તેનાં તખ્તને બોસો દીધો અને બાહેર આવ્યો. તે વજીરે

પોતાના રાજા પાસે જઇ કહ્યું જે "અય રાજા! તેની નેકનામીનો કોઇ શરીક નથી. તેનું મોહ માહાતાબ જેવું રોશન જેથી પાદશાહી તખ્ત પણ રોશન છે. તે અકલમંદ, દાનાઇનો યાર, જંગી દલેર પેહલવાન છે. કયાની તખ્ત આગળ તેનો ભારી ગોરજ મેળેલો છે અને સામેસવાર મીસાલ તે જંગીનો દબદબો મોટો છે એવી અજમતે તમામ જેહાન દેહસ્ત પકડે તો તેમાં અજબ નથી." કેદ રાજાએ વજી-રથી એ વાત સાંભળી! તે રાજા તખ્ત ઉપરથી ઉઠી ઘોડા ઉપર સવાર સવાર થયો. તે રાજાએ પોતાનાં દિલથી કીનો તથા દર્દ દુર કીધું અને તે નેક વજીરને હોકમ કીધો. તેણે દસ હજાર હીંદુ બુઝર્ગો આગળ ચાલતા કીધા, તે દાનાઇ ને અકલના ગોહર ભરેલા હતા; તે શેતાબ કુચ કરતા ફરામર્ઝનાં લશકરની તરફ રાજા સાથ આવી પોહોંચ્યા.

આવ્યો કેદ રાજા નામદાર ફરામર્ઝ પાસે, તેને શેરદેલ ફરામર્ઝે પોતાનું તમામ લશકર એસ્તેકબાલ લેવા મોકલ્યું તે હેવાલ.

નામના ઉઠાવનાર ફરામર્ઝને ખબર ખબર થઇ જે કેદ હીંદી પોતાના બુઝર્ગો સાથે આવી પોહોંચ્યો. તે રાજાનાં દીલમાં કશી વાતનો કીનો નથી, એવી ખુશ ખબર સાંભળી તે નામદારે શેતાબ પોતાના તમામ નામદારોને તે રાજા સામે એસ્તેકબાલ મોકલ્યા. કેદ રાજા નામ-દાર ફરામર્ઝની નજદીક આવી પોહોંચ્યો ત્યારે ફરામર્ઝ ઉપર આફ્રીન કીધી, કે "અય નામદાર સર્વ જમીનના પેહેલવાન! હીંદુસ્તાનમાં તારૂં કદમ મુબારક હોજો. જે હીંદની વેલાયતનો પાદશાહ તું છે. અમોએ તો બંદા મીસાલે તારી આગળ કમર બાંધી છે. તું પેહેલવા-

નનું લશ્કર ગોયા કોહેકાફ છે અને તમામ જેહાન તારી શેકાર છે. એવીજ દાનાઇ અકલ હોશીયારીથી તું રેહેજે. જો બેહેતર થાય તો હવે બુરાઇપર કોશીશ જીનહાર ના કર." એટલું કહી કેદ રાજાએ સર નમાવ્યું અને જમીનપર બોસો દઇને સેજદો કીધો; ત્યારે નેકબખ્ત ફરામર્ઝે રાજા કેદને પોતાની છાતી સાથ લગાડયો. આ પછી તે નામદારો બાહારગાહની તરફ ગયા; ત્યાં તે રોશન તાલે કેદ રાજા તથા માહરાજા નોશાદ તખ્ત ઉપર બેઠા. તે મિજલસ દરમ્યાન એક એક બેમુલું પીરોજાનું તખ્ત ગોઠવ્યું હતું. તે તખ્ત ઉપર નામદાર ફરામર્ઝ બીરાજ્યો પછી રાજા કેદ તથા તેના ભાઇઓએ તથા તેનાં લશ્કરના નામીચા પેહલવાનોએ દુવા કીધી કે "ઓ જેહાન જીરોજબર કરનાર ફતેહમંદ પેહલવાન! તું જમાના તલગ રોશન બખ્ત ને કાયમ જીવજો." પછી કંદુરી ખાણું બકોલ લોકોએ હાજર કીધું જે સર્વે સાથે ખાવા બેઠા. જ્યારે પેહલવાનોની નજદીક દીલનો પરદો ખોલનારો જુનો શરાબ આવ્યો, ત્યારે તે શરાબથી પેહલવાનોની આંખ નશા ભરી થઇ. એ મીજલસમાં એક હફતા સુધી શરાબ પી રંગરાગ તથા રામશગરની ખુશાલીમાં દીન તમામ ગુજાર્યા અને જેહાંપેહલવાન રૂસ્તમ તથા કેકાઉસ પાદશાહેને યાદ કરી તેઓના નામની મુબારક સલામમાં શરાબ નોશ કીધો. પછી નામદાર ફરામર્ઝે કેદ રાજાનો મેહેલ જોવાની ખાહેશ કીધી, તેથી નામદાર ફરામર્ઝે કેદ રાજાને કહયું જે "મારી બે ચશમ તું રાજાના મુબારક મોહ જોવાથી ધરાઇ છે પણ મને તારા શેહેરનો કીલ્લો તથા તારો મેહેલ જોવાની ઉમેદ ઘણી છે માટે તારો મેહેલ મને દેખાડ." એ સખુન નામદાર ફરામર્ઝની ઝબાનથી સાંભળી કેદ રાજાએ શેતાબ તે હોકમ કબુલ કીધો. તે રાજા તમામ લશ્કર તથા ઈરાની લશ્કર સાથે લઇ પોતાના શહેરમાં આવી પોહોંચ્યો; તે શહેર ગોયા બેહેસ્તના બાગની મીસાલે દેખાતું હતું અને તેનો કીલ્લો ઘણો મોટો સખત શીહા પત્થરનો બાંધેલો હતો. જ્યારે નામદાર ફરામર્ઝે તે શેહેરમાં આવ્યો ત્યારે તેની ઉપર કલેવની ખલ-

કથી મોતીનો વધાવો થવા લાગ્યો. એમ કરતાં તે નામદારી ભરેલો પેહલવાન કેદ રાજાના મહેલમાં આવી પોહોંચ્યો, જે મેહેલનું સર આસમાન સાથે જઇ મળેલું હતું અને તે મેહેલના તમામ દરવાજા સોનાના બનાવેલા અને થામલા રૂપાના તે ઉપર હીરા તથા લાલનો જડાવ જડેલો અને તેની જમીન ઉપર જરબફતનાં બીછાનાં બીછાવેલાં અને તમામ મહેલની દીવાલ ઉપર ભાત ભાતના નક્ષ ચીતારેલા હતા. તે જગા બેહેસ્તના નમુનાની મિસાલે સમારેલી હતી. તેવી જગા તથા મેહેલ જોઇ નામદાર ફ્રામર્ઝ તથા તમામ ઇરાની નામદારો ઘણા અજબ થયા કે એવી પાકીજા આરાએસ્તા ભરેલી જગ્યા આપણા દીઠામાં થોડીજ આવી છે. પછી કેદ રાજાએ એક મિજલસ ખોરરમ બેહેસ્તની મિસાલની પોતાના મેહેલના દીવાનખાનામાં સમારી, ત્યાં પીરોજાનાં તખ્ત ઉપર પેહલવાન ફ્રામર્ઝને બેસાડયો અને કેદ રાજાએ તથા તેના બંને ભાઇ તથા કબીલાના તમામ લોકોએ ફરમાબરદારીની કમર બાંધી તે નામદાર સપેહસાલારની ખીદમતમાં ઉભા; ત્યારે તે નામદાર પેહલવાને કેદ રાજાને પોતાની નજદીક બોલાવી કહ્યું જે "અય કલેવની વેલાયતના જોરેમંદ રાજા! હમણાં તારાથી હું એક હાજત ચાહું છું, તે કબુલ કર કે નામદાર જેરશપ શાહજાદા તુશનો બેટો ભારી માવેનો નામદાર પેહલવાન શાહજાદો, જેહાનના થઇ ગયલા નોજર પાદશાહની બુન્યાદનો, શાહાનશાહ કેકાઉસ આગળ સપેહસાલાર છે તથા ઇરાનના વજીર ગોદરેજના શેરદેલ ગેવનો બેટો દલેર બીજન જે લડાઇમાં વાઘ તથા સીંહથી જ્યાદા જોરેમંદ સપેહસાલાર છે તે બે નામદારો તું રાજાના દામાદ થવાની હાજેત ધરાવે છે. એ વાતમાં ઓ રાજા કેદ તું શું ફરમાવે છે?" આ ખુશ ખબર સાંભળી કેદ રાજાએ નામદાર ફ્રામર્ઝને જવાબ દીધો, "બેહેતર કે. મારા બેટા બેટીઓ તે તારાંજ ફરજંદ છે. જો તું નામદાર જાણે કે એ કામ કરવું લાયક અને નેક છે ને તું જોરેમંદ જંગીનું દિલ એ કામથી સબુરી પકડે, તો એ દલેર બેટીઓ તારી છે. દુનિયામાં મારો જીવ તથા સર પણ તારૂં

છે. તું નામદારને લાયક ને વાજબી લાગે તેમ કરવાનો સર્વે અખત્યાર છે;" એટલું કહી તેજ વખતે કેદે બેટીઓને બોલાવી અને જેહાનના પેહલવાન નજદીક બેસાડી. તે જોઇ નામદાર ફ્રરામર્ઝે બે ભારી માવેના દાના મર્દ શેતાબ પોતાની આગળ બોલાવ્યા અને યઝદાંપરસ્તી રાહા રશમે બંને જોડાંના નેકા બંધાવ્યા. એક બેટી બીજને ચાહેલી કલેવની શાહજાદી તે પેહલવાનને આપી અને બીજી શાહજાદીનો હાથ જોરરપના હાથમાં આપ્યો અને ગંજનો તે ચારો ઉપર વધાવો કીધો. પછી કેદ રાજાએ એક ગંજનો દરવાજો ખોલ્યો તે જર અને ગોહરથી જમીન આજેજ થઈ; તેમાં હર ભાતનાં સાજ સામાન મોકલ્યા પછી એક હફતા તલગ ખુશાલી કીધી. તે હીંદી રાજાના મેહેલમાં નામદાર ફ્રરામર્ઝે તમામ પોતાની તમામ અનજુમન સાથે બેઠેલો હતો અને તમામ ભારી માવેના પેહલવાનો દીન આઇનની જીકર તે રામશનીની ખુશાલીમાં ચીકાર થઇ કરતા હતા.

ગોફ્તેગો કીધી ફ્રરામર્ઝે કેદ રાજાની સાથે યજદાંપરસ્તી દીન કબુલ કરાવવાને વાસ્તે તે દાસ્તાંન.

—:o:—

પછી નામદાર ફ્રરામર્ઝે હોકમ કીધો જે "તમામ હીંદુ કમર બાંધી હયાં મારી આગળ આવો." તેથી હીંદુસ્તાનના સર્વે બુઝર્ગો મળ્યા ત્યારે તે દુરઅંદેશ ફ્રરામર્ઝે કહયું જે "એ કેદ રાજા! ખુદાવંદતાલાને એક જાણજે! તે કુદરતનો ધણી તમામ બુલંદી ને બુઝર્ગીથી ફાજેલ છે. તે એકલો એક રોજીનો દેનાર અને જેહાનનો પાળનાર છે. જે કોઇ એ વાત ઉપર પોતાનું યકીન નહીં લાવે તેનું સર દુર કરૂં. હું જેહાંપેહલવાન કેરસાસ્પની તલવારે તેનું પાપી સર કાપું અને જે કોઇ તે નુરમંદ નુર-ઉલ-અનવર ખુદાતાલાને એક જાણે તે શિવાય મારી

તલવારથી કોઇ છુટે નહીં. જે કોઇ મુર્તી નહીં ભાજે તે જીનહાર મારી તેજ તલવારથી છુટનાર નથી." એ સખુન સાંભળી રાજા કેદે સર નમાવી જવાબ દીધો, જે "અય દલેર પેહલવાન! દીનનું કામ જોરાવરીની વાતથી ધટે નહીં કે આશકાર કરે? જો તું ગંજ ખજાનો માંગે તો હું તું નામદારના કદમ ઉપર ફીદા કરૂં. મારા બાપના ગંજનો દરવાજો ખોલી તું નામદાર જે માંગે તે આપું, પણ તું નામદારના જોર જુલમથી કોઈ પોતાના ધર્મથી ફરનાર નથી. વડવાની રાહરસમથી કોઇ ફરનાર નથી. વડીલોના ધર્મથી કોઇ પોતાનું સર ઉઠાવનાર નથી. ઓ નામદાર! તારો એક ને અમારા સેંકડો ખુદા છે, તે પાક પાકીજેહ જગ્યાએ બેઠા છે. ધર્મ ફેરવવા માટે જાસ્તી કરવાથી કોઇ ખુશાલીથી સર નમાવનાર નહીં. પણ ઓર એ જબરાઇમાં ફાયદો નથી અને પશેમાની પેદા થવાની છે. જો તું નામદાર ફરમાવે તો હીંદુસ્તાનથી એક કામેલ હીંદુ બ્રાહમણને બોલાવી કોઇ ઇરાની ઉસ્તાદ દાનાવને ઠેરવ કે તે સાથ તકરાર ને જીકર કરાવ્યે. તે બન્ને દાનાઇ ને હીકમતના સવાલ જવાબ પુછે, તે જવાબ સવાલમાં જે કોઇ તરફનો આજેજ થાય તે પોતાની મમત તરક કરે અને આંખ ને સર નમાવે અને જીતનારની દીન કબુલ કરે. આ વાંધા દરમ્યાન તલવાર ને ગોરજનું કામ નથી. પણ દાનાઇ ને દુરઅંદેશીના સવાલ જવાબનું કામ છે. હુનર તથા દાનાઇની ઉસ્તાદીનું કામ છે. તલવાર તથા ગોરજ તથા મરદાનગીનું એમાં બીલકુલ કામ નથી. દાનાઇમાં જે કોઇ એ તકરારી જંગમાં ફાજેલ હોય તો એ અનજુમનમાં નામદાર ને ફતેહમંદ કહેવાય."

શ્રી હીંદુસ્તાનમાં આ જમાનામાં એક મરદ બુઝર્ગ ઘણો અકલમંદ અને દાનાવ હતો, જેના તનમાં છાતી ઉપર જુની બુતપરસ્તીની મુરતી લટકતી હતી ને ગળામાં જનોઇ પહેરેલી હતી. તેનાં માથાં ઉપર એક ઝાડનાં પાતરાં હતાં. તે જઇન ધરમનો ગુરૂ ઘણાં વરસ થયાં મુસીબત ખેંચીને રાત દિન પૂજા ને ભજન કરતો અને તપમાં

બેઠેલો હતો, તેના તમામ બાલ બરફ જેવા સફેદ અને મોહો ઘાસ જેવું ખુશ્ક હતું. તે બુઢા બ્રાહમણને હીંદી આલમ 'જોગી' કહેતા હતા. તે ઘણો અકલમંદ અને તકરાર તથા હોજેતનો કરનાર હતો. તે જનો-ઇનો બાંધનાર અને જીકર ને દાનાઇમાં ઘણો ફાજેલ હતો. તે બુઢા બ્રાહમણને કેદરાજાએ મંદીરમાંથી બોલાવી મંગાવ્યો. જ્યારે તે આવ્યો ત્યારે તે જોગીને સર્વે બીના સંભળાવી તે સાંભળી બોલ્યો જે "ઇરાનીઓમાં જે કોઇ ઘણો ફાજેલ ઉસ્તાદ હોય તે મારી સાથ જવાબ સવાલપર કમર બાંધે" જેથી નામદાર ફ્રરામર્ઝે કહયું જે "તું સાથ જવાબ સવાલનો કરનાર હું પોતેજ છું. ઓ બ્રાહમણ, જેમ તને મન ચાહે તેમ દીન ધર્મના સવાલ પુછ અને તારી અકલમાં આવે તે કહે અને જે મર્મ ને ભરમ મુશકેલ લાગે તે મને પુછ અને તારા રાજા ને ધર્મનો મરતબો જાળવવાની કોશેશ કર! નહીં તો તારાં દરેક મંદીર ને દેવો ને મૂર્તી રસ્તાખેજનો હવાલો પામશે."

જવાબ પુછયા બીકટ સવાલો મુકી બ્રાહમણે નામદાર ફ્રરામર્ઝને અને કબુલ કરાવી યજદાંપરસ્તી દીન તે નામદારે કેદ રાજા ને બ્રાહમણને તે હેવાલ.

—:૦:—

બુતપરસ્તી બ્રાહમણે યજદાંપરસ્તી નામદાર ફ્રરામર્ઝને પુછયું જે "જમાનાનાં બેહતર ઉસ્તાદથી મેં એમ સાંભળ્યું છે જે એક ડુંગર પાણીમાંથી પેદા કીધો છે, તેમાં સખત પથર છે, તે ડુંગરની સુરત તમામ ઉમદા જેબાઇભરી છે. તે ગોયા સખત અનાર તથા બીનો ચશમો છે. તે ડુંગરપર નરગેશ અને ફુલની વાડી છે. તેની આસપાસ સાંબલનાં ફુલ ઘણાં છે. તે સખત ડુંગર ઉપર એક પાદશાહે સખત તખ્ત ઘર્યું છે. તે પાદશાહની આસપાસ ઘણા ઉમદા ખજાનાની ચીજ તથા

દલેર જંગી છે અને લશ્કરથી તે પાદશાહાની બારગાહા આરાસ્તા છે. તે પાદશાહનું બબરચીખાનું પાણી તથા આતશ તથા મટોડી તથા વાથી છે. તે સખત ડુંગર ઉપર ઝાડ છે, તે ઝાડ મેવાથી આજેજ છે. તેની ડાળ તથા પાતરાં તમામ જેહાન થઇ છે. તે ડાળનો મેવો કરાં મીસાલે ખરે છે, તે અંધારા પથરપર એક પવન ઉડતો છે; તે પાદશાહ તે પવનથી રહે છે, તે ડુંગર શું ભેદભરમ છે? અને જેબાઇ સાથે રહેલો તે પાદશાહ તે શું?"

દાનાવ ફરામર્ઝે બ્રાહ્મણને તે ભરમનો જવાબ દીધો જે "ડુંગર તે આદમી છે. એટલા માટે જે તેની જડ વીરજથી છે અને નરગેશ કહયા તે બે આંખ છે અને ફુલ તે મોંહો છે. શેકૃત તે હોઠ છે અને સીહા તે બાલ છે. પાદશાહ તે જીવ છે. જંગી લશ્કર તે હાથ તથા પગ છે. વજીર તે બોલવાની ઝબાન છે, અને બાહારગાહ તે જાતી છે. ઝાડ તથા ડાળ કહી તે અકલ છે. મેવો તે આદમીની વાત તથા બોલવું છે. દુનિયામાં આ રવેશ કહેવાય છે જે અકલની ડાળ આસમાન જમીનથી જયાદે બુલંદ ઉડે છે." બ્રાહમણે એ દાનેશ વાત સાંભળી બેહદ પસંદ કીધી. તેણે કહયું જે "અકલ છુપી નહીં રહે."

બ્રાહમણે નામદાર ફરામર્ઝને પુછયું જે "એ દલેર પેહલવાન! વરસ તો તું નામદારને થોડાં થયાં છે, પણ અકલ ઘણી છે. સાંભળ ઓ દાનાવ પેહલવાન જે એક ઘોડો છે, તે ઉપર એક સવાર બેઠેલો છે. તે સવાર ઘોડા સાથે પડી પોતાનાં માથાપર ચાલે છે અને વાત કરે છે પણ પોતે કાંઇ સમજી શકે નહીં. તમામ ઝબાનની બોલીમાં કહે છે ને આફતાબની મીસાલ માથાંભર દોડે છે, જયાં ચાલે ત્યાં ગોહર રેડે છે અને શીતળ કરે છે, પણ બુઢો થયા પછી તે કદી બોલતો નથી."

દુરઅંદેશ ફરામર્ઝે બ્રાહમણને જવાબ દીધો જે "જનોઇના બાંધનાર બુઝર્ગ! તે આદમીની આંગલીપર સવાર થઇ માંથાભર રેડે છે તે કલમ છે. જયાં ચાલે ત્યાં ગોહર રેડે છે પણ બુઢી થયા પછી

યાને બુઠ્ઠી ને કપાઇ કપાઇ છેક નાની થયાથી તે નહીં ચાલે. ઘોડો તે દસ્ત છે. સવાર તે કલમ છે. તે જે ઝબાન ચાહે તે લખી શકે છે પણ પોતે તેમાંની કોઇ પણ સમજતી નથી. જ્યાં ચાલે ત્યાં ગોહર રેડે તે ઉમદા સખુનો ને વીચારો છે. તે વીચારો જળરૂપી શીહાઇથી લખે છે તે શીતળતા છે."

બ્રાહમણે ફ્રરામર્ઝને પુછ્યું જે "એક જુનું પુરાણું ઘર છે, તેમાં એક નુર જેવો રોશન શુનઇયો પડયો છે. તે ઘેરને કંગુરા બાર છે. તે ઘેરમાં શુનઇઓ ફરે છે. તે હરદમ પહેલા દરવાજાથી તે પાછલા દરવાજામાં દોડતો જાય છે. હંમેશ દોડતો છે. તે દોડતાં બીલકુલ થાકતો નથી અને તે ઘરમાંથી તે શુનઇઓ બાહેર નીકળતોજ નથી. હર વખત ઉચો ફરે છે. હરદમ દોડતો અને જીનહાર આસુદો નથી."

ફ્રરામર્ઝે બ્રાહમણને હસી જવાબ દીધો, જે "તેં ઘર કહયું તે આસમાન છે અને શુનઇયો કહયો તે આફ્તાબ છે. કંગુરા કહયા તે બારે બરૂજ છે. તે બારે બરૂજમાં આફ્તાબ ફરે છે. તે આસમાનથી કોઇ કાળ બાહેર પડતો કે જતો નથી."

બ્રાહમણે ખ્યાલ કરી ફ્રરામર્ઝને પુછ્યું જે "એક બાર ઝાડ છે, તે દર ઝાડ ડાળ ધરાવે છે. તે બારે ઝાડની ડાળે મોહરો એક ફરતો છે."

ફ્રરામર્ઝે ફરી હસીને બ્રાહમણને જવાબ દીધો, જે "તે બુલંદ બાર ઝાડ તે વરસ એકના મહીના બાર, ત્રીસ ડાળ તે મહીનાનાં ત્રીસ દીન છે. દર વરસના બાર મહીના નવા નવા હોય છે અને બારે માસ ચાંદ ફરતો જોઇયે છે તે દુનીયાની 'ગીરદેશ' થી છે."

બ્રાહમણે નામદાર ફ્રરામર્ઝને પુછ્યું જે "મેં સાંભળ્યું જે ઘોડા બે તેજ દોડતા ભારી માવેના છે. તે મધે એક કોલ જેવો કાળો છે અને એક સફેદ બીલોર જેવો ઉજળો છે તે ઘોડા બે એક એકની પુઠે દોડે છે. એક એકની પુઠે દોડતા શેતાબી ફરતા છે પણ એક એકની પાસે કોઇ જમાને મળતા નથી."

નામદાર ફરામર્ઝે તે બ્રાહમણને જવાબ દીધો જે "બે ઘોડામાં એક સફેદ અને બીજો શીહા તે રોશન દીવસ અને શીહા રાત છે."

બ્રાહમણે નામદાર ફરામર્ઝને ફરી પુછયું, જે "બીયાબાન જંગલમાં એક મરદ કઠીયારો તેજ દાતરડાં સાથ ઉભો છે. તેનું સર ગુસ્સા ભરેલું છે, તે લીલું તથા સુકું સર્વે કાપી નાંખે છે, કોઇની મીન્નત તે માનતો નથી."

દાનાવ ફરામર્ઝે બ્રાહમણને જવાબ દીધો, જે "એ બ્રાહમણ તેં બિયાબાન જંગલ કહ્યું તે આ દુનિયા અને દાતરડાં સાથનો મરદ ગુસ્સાભરયો તે જમાનો છે. તે લીલાં તથા સુકાંની કાપણી કરે છે તેમાં જુવાન તથા બુઢા એકસાન અજલ પમાડે છે. જેહાનનાં સ.જ તથા ચાલ એવીજ છે. કોઇએ જાલમ મોતને જાણ્યું કે જોયું નથી. આ દરવાજેથી પેદા થઇ જાહેર પડવું અને પેલા દરવાજાથી મોત પામી ગેબ થવું."

બ્રાહમને તાજુબ થઇ નામદાર ફરામર્ઝને પુછયું જે "એક મોટો ડુંગર છે. તે ડુંગર ઉપર એક ઓસ્તવાર કોટ છે, દાનાવ આદમીઓએ તે કોટથી ઘણા વેગળા રહીને એક ઘણા કાંટા વાંસનું ઘર પકડયું છે. તે કાંટા ને વાસના મેહેલમાં દાન, માયા પુંજથી રહે છે. તે કાંટા વાંસના દોરથી કોઇને પેલા ખુબ કોટમાં જવાને દીલ નહીં થાય ને પછી એકાએક એ સબબ થઇ આવે, જે તે કાંટા ને વાંસના મુકામથી સર્વે નાપેદા થાય તો પણ કોઇ પેલા કોટ સામું જોય નહીં તથા તેમાં જાય નહીં એ રીતે સર્વે ઉમર નાપેદા થાય ત્યારે આયંદે પેલા ખુબ કોટમાં જઇ મકાન કરવાની હાજત ધરે છે, તે શું ભેદ છે?"

દાનાઇ સમજનારા ફરામર્ઝે બ્રાહમનને તેના ભેદનો જવાબ દીધો જે "ડુંગર છે તે ઉપર ખુબ એક ઓસ્તવાર કોટ છે, તે કોટ તે પેલી જેહાન ને તેથી દુર રહી કાંટા વાસના ઘરમાં મકાન પડયું છે તે આ ફાની દુનિયા છે. દાન, માયા, પુંજી તે આ દુનિયાની લાલચમાં રહી

તેમાં એવા ગરક જાય છે કે પેલી દુનિયાનો કોઇને ખ્યાલ રહેતો નથી. તોપણ આખર અજલના પવનથી તે કાંટા વાંસના ફના મકાનથી ઉડી જઇ આયંદે તે જેહાન હંમેશનો વાસો ને કરાર પડવાને હાજતમંદ થાય છે, જ્યાં જેવી જેની કરણી તેવું તેને બેહસ્તનું મકાન મળે છે."

પણ આ જવાબ દઇ શેતાબ શેરદેલ દુરઅંદેશ ફરામર્ઝે બ્રાહમનને પુછ્યું જે "તે પાકીજા જગા બેહેસ્તમાંની રૂત કોણ લાએક છે? એ ભલો બુરો નક્ષ કોણે બાંધ્યો છે? તેનો તું ખુબ વીચાર્ કરી મને જવાબ દે?"

જ્યારે નામદાર ફરામર્ઝે એટલી વાતનો ભેદ પુછ્યો ત્યારે બ્રાહમનની ઝબાનનો ઘોડો અટકાવ્યો અને તેનું મોહો જરદ મારી ગયું. તેની બન્ને આંખ વીચાઇ જઇ મોંહો નીચું થઇ ગયું. આ ભરમ કેહવાને અંદેશો કરી તેણે મન કીધું નહીં. કેદ રાજાએ એ તમાશો દીઠો, ત્યારે બ્રાહમન તરફ મોહો કીધું અને કહ્યું જે "તું સુસ્ત કેમ થયો? તેં ઘણા સવાલો પુછ્યા તેનો જવાબ સપેહસાલાર ફરામર્ઝે દીધો અને એ નામદારે એક વાત પુછી તો તું જવાબ દેવામાં સુસ્ત તથા ખામોશ થઇ ગયો? ફતેહમંદ ફરામર્ઝની એક સાદી વાતથી તું બેહોશ કેમ થયો? ઉસ્તાદ ગુરૂ થઇ તેં આ એક ભેદમાંજ પોતાની હાર જણાવી એ પાદશાહો પાસ તુને બેશુમાર નામોશી ને શરમની વાત છે? તેં આજ તલગ શ્રી હીંદુસ્તાનની આલમનું ગુરૂપણું કીધું તે માટે તુંને ખેજાલત પોહોંચી છે કે તેં આજ હીંદુસ્તાનના ધર્મનું નાક લીધું છે?" બ્રાહમને દુર અંદેશો કરી જોયું કે જવાબ દીધા શિવાય તેનો ચારો નથી ત્યારે તેણે કેદ રાજાને જવાબ દીધો, જે "ઓ તાજ તખ્તના ધરાવનાર રાજા! તું ધીરજથી બોલ! તું ગુસ્સો કરવાની વાત રહેવા દે. તું એ રવેસ બોલ ના જે મારાથી ધર્મ દુબ્યો પણ તારી એવી ગુસ્સા ભરેલી રગજીગની વાતથી બુતપરસ્તી ભાંગશે અને ધર્મ દીનની બેદાદી થશે." રાજા કેદે કહ્યું જે "ભલું કે તું જુઠું ના બોલ. રાસ્તી હોય

તે કહે જે તે ધર્મ હું કબુલ કરૂં અને તે ધર્મ હીંદુસ્તાન પાસ કબુલ કરાવું."

એ રવેશે એ સખુન સાંભળીને તે બ્રાહમને કેદ રાજાને જવાબ દીધો જે "તું એમ જાણજે જે પ્રથમ દુનિયામાં કાંઈ ચીજ હતી નહીં, રાત કે દીન કે આસમાન જમીન કઇ પાયદાર હતું નહીં. જેમ એ નામદાર ફતેહમંદ ફરામર્ઝ કેહે છે તેમ ખુદાવંદતાલા એક એકલો નુર-ઉલ-અનવાર પોતાની મેળે બરપા હતો, જેનો શરીક કોઇ નથી. જેણે પોતાની કુદરતને જોરે આસમાન તથા જમીન પેદા કીધી. અને રાત ને દિન બનાવી તે દરમ્યાન આફતાબ અને માહાતાબ સરજ્યા. તેણે પોતાની કુદરતને જોરે દુન્યાથી ખજુર અને કાંટાથી ફુલ પેદા કીધાં. તે નુરની સાહેબે આદમીનાં દીલમાં અકલને યાર કીધી. તે યજદાંને આસમાનનો દોર જારી કરી કુલ જમીનને ગોળાકાર ફરતી બનાવી છે. ઓ રાજા તું બેશક જાણ કે આપણે તમામ હીંદુ લોક ગુમરાહ હતાં આપણે બુત પરસ્તી પકડવામાં અકલ મુકી હવા પકડી બેઠા છીયે. એ નામદાર ફરામર્ઝ કહે છે તે યજદી દીનમાં પેહેલો હું જાઉં છું. હું પોતે બુતપરસ્તી તથા એ જનોઇ મારે હાથે તોડું છું અને હીંદી આલમને યજદાન પરસ્તી દીન દેખાડું છું," એટલું કહી બ્રાહમને પોતાનાં ગળામાંની જનોઇ તોડી નાખી પોતીકી બુરી કેરદારથી પશેમાન થયો. તેણે ખુદાવંદ તાલાની બંદગી કરી સર જમીન ઉપર ધરયું તેથી ઇરાનનાં પેહેલવાનોમાં ખુશીનો એક પોકાર ઉઠયો, તે સાંભળી કેદરાજાના મેહેલમાં શોર પોકાર એવો ઉઠયો જે કેદનું દિલ તથા જીવ તે ફિકરમાં લરજ્યું અને બેશુમાર કકલાટ થઇ રહયો. તમામ જનોઇનાં તરાગ તુટા અને રોશન આફતાબ શાનીના ફરામર્ઝની બેહતર દીનમાં આવ્યા. જયારે રાજા કેદે યજદાંનપરસ્તી દીન કબુલ કીધી અને જનોઇ બાંધવાથી હાથ ઉઠાવ્યા, ત્યારે તમામ મંદીર મુર્તીઓને ભાંજી પરાંગદા કીધી જે પથરમાં ખુદા જાણી આપણે તમામ હીંદુ લોક ગુમરાહ થયા હતા. એ રવેશે કેદ રાજાએ પોતે પોતાના તમામ કબીલા તથા

લશ્કર સાથ યજદાંનપરસ્તી દીન કબુલ કરી અને તે ઇરાન સર જમીનનાં પાદશાહને સલામી આપવાનું ફરમાન લખી આપ્યું. એ યજદાંનની દીનની ક્રીયાની ખુશાલીમાં નામના ઉઠાવનાર ફરામર્ઝને વાસ્તે કેદરાજાએ એક મોટી મીજલસ સમારી અને એક હપતા સુધી તેની રોશની જારી રાખી. આ મીજલસમાં પાદશાહા કેકાઉસ તથા જેહાંપેહેલવાન રૂસ્તમની યાદમાં તે હીંદી રાજા શરાબ પીવા લાગ્યો. એ તરેહથી તે મીજલસ એક હપતા સુધી ખુશાલીમાં રહયા પછી કેદરાજાએ ભારી ગંજનો દરવાજો ખોલ્યો. તે રાજાએ પાદશાહી લાયક ભારી સરોપાવ મંગાવ્યા, તેમાં પીરોજાનું તખ્ત તથા કેરબાનું તાજ તથા સો ઘોડા સોનેરી સાજ સાથના તથા બસો ઊંટ ખજાનાના ભરેલાં તથા બસો ગોલામ ખુબસુરત સોનેરી કમરબંદ સાથનાં એ સર્વે સાજ સામાન તથા ખજાનો મંગાવી શેરમરદ ફરામર્ઝને બક્ષીસ કરી સર નમાવી ફરમાબરદાર થઇ ઉભો રહયો, તેથી તે ઘણો ખુશાલ થયો. પછી પેહેલવાન ફરામર્ઝને રવાના કરવા સર્વે ખલક લઇ બે મંજલ તલગ સાથે બરાબર મેલવા ગયા. એ રવેશે મોહબત ને મરતબાથી રજા લઇ ત્રણ દીન પછી કેદરાજા પાછો ફરયો અને શેરદેલ ફરામર્ઝ માહરાજા નોશાદ તથા રાજા જેપાલ હીંદીને લઇ તેઓની વેલાયત તરફ થઇ ત્યાંથી બેશુમાર ગંજ ખજાનો લેતાં ને ત્યાં તે રાજાને રજા આપતાં પોતાનાં વતન ઇરાન તરફ ચાલ્યો. તેના આવ્યાની ખબર પાદશાહ કેકાઉસને થઇ તેથી કેકાઉસ ઘણો ખુશાલ થયો ને શેર મરદ નવજવાન ફરામર્ઝ આવી મળ્યો તેથી ઇરાન શાહાનશાહતમાં ઘણી ખુશાલી પેદા થઇ. તે ખુશાલીમાં ઇરાનના શાહાનશાહે એક હપતો રોશની કીધી તે પછી ત્યાંથી શાહાનશાહાની રજા લઇ ફરામર્ઝ સીસતાન તરફ વિદાય થયો તથા પોતાનાં જાબુલી લશ્કર સાથ જાબુલસ્તાનમાં આવી પોહોંચ્યો. તે ખબર જેહાં પેહેલવાન રૂસ્તમને થઇ કે તેનો બેટો નામનો ઉઠાવનાર હીંદુસ્તાનનો પાદશાહ ફરામર્ઝ આવી લાગ્યો, તે ખુશ ખબર સાંભળતાંવાર મંજલ એક તે પેહેલવાનને જેહાંપેહેલવાન રૂસ્તમ એસ્તેકબાલ લેવા આવ્યો.

ફરામર્ઝે દુરથી રૂસ્તમને આવતો દીઠો, ત્યારે પોતાના ઘોડા ઉપરથી ઉતરી બાપ સામે ચાલી આવ્યો. જેહાંપેહેલવાન રૂસ્તમે બેહદ મોહબતથી પોતાના દેલાવર બેટા સાથ ભેટ લીધી. તેઓ બેહદ હરખથી મળ્યા. એ મુલાકાતથી તે બાપ બેટામાં ઘણી ખુશાલી પેદા થઇ. આ ખુશાલીમાં જાબુલસ્તાનમાં જાલ રૂસ્તમ તથા ફરામર્ઝ અને તમામ સરદારો, રામશની તથા વજંતરના અવાજમાં એક મહીનો મચી રહયા.*



* ઉપલી તમામ હકીકત અસલ ફરામર્ઝ નામાનાં વાલમ પેહેલાંની પુરી થઇ.

*બેસાડયો ઇરાનનાં પાદશાહી તખ્ત ઉપર શાહાનશાહ કેકાઉસે નવજવાન કેખુશરોને તે દાસ્તાન.

——:૦:——

નામદાર ફ્રરામર્ઝ હીંદુસ્તાનના માહરાજા નોશાદને નામવર કરી તથા તેના દુશ્મનોને જેર કરી પોતાની વેલાયતમાં ચમન મારતો હતો. તે હીંગામમાં એક રોશન રોજે એક ઇરાની એલચી પવન મીસાલનો તેજ ઘોડો દપટાવતો સીસ્તાનમાં જેહાંપેહેલવાન રૂસ્તમ ને નામદાર ફ્રરામર્ઝ મીજલસ સમારી ખુશખુશાલી ને મોજમાં બેઠા હતા ત્યાં દાખલ થયો. તેણે એક રૂકો જેહાંપેહેલવાનના હાથમાં આપ્યો, તેમાં શાહાનશાહ કેકાઉસનો ઉમેદ ભરેલો હુકમ હતો, કે "ઓ નામદારોના નામદાર! જેહાન જીરોજબર કરનાર જેહાંપેહેલવાન! તું શેતાબ મારી દરગાહ તરફ તારો તકાવર રક્ષ દપતાવતો આવ અને મારાં તખ્ત ઉપર મારા અશો શ્યાવક્ષના નવજવાન કેખશરોને મુબારકબાદી આપ." આ નવો ફેરફાર ને નવી હકીકતથી તે એજમતી પેહેલવાન વાકેફ થતાંજ શેતાબ મીજલસથી ઉઠયો. તે જેહાંપેહેલવાને પોતાના બાપ બુઝર્ગ જાલેજરને વાકેફ કરી રક્ષ ઉપર સવાર થતાં બે હજાર ચુનંદા જાણીતી લશ્કર સાથ ઇરાનની રાહ ધરી. તે જેહાનના પેહેલવાને પોતા પાછળ નામદાર ફ્રરામર્ઝને બીજા બુલંદ લશ્કર સાથ ઇરાનના નવા પાદશાહના દીદાર જોવા આવવાને હોકમ કીધો. જેહાંપેહેલવાન રૂસ્તમ ઇરાન આવી પોહોંચ્યાની ખબર થઇ ત્યારે શાહાનશાહ કેકાઉસે પોતાની તમામ દરબારને એસ્તેકબાલ લેવા મોકલી. પોતે પણ દરબારના ચોક તલગ જેહાંપેહેલવાનને મેહેલ સામે આવતો જોઇ લેવા ગયો અને એ મુવાફેક શાહાનશાહ ને જેહાંપેહેલવાનની મુલાકાત થઇ. દરબારમાં દાખલ થતાંજ બુઝર્ગીએ પોહોંચેલા શાહાનશાહ કેકાઉસે પોતાના નામદાર ફરજંદ કેખુશરોને ઇરાનનાં

---

* આ દાસ્તાન ફ્રરામર્ઝ નામાનાં વાલમ બીજાંથી શરૂ થાય છે.

તખ્ત ઉપર બેસાડવાને તેહેમતનને ફરમાવ્યું. આ વખતે તે જેહાં પેહેલવાને શાહાનશાહના હુકમને માન આપી દરબારમાં શાહાનશાહ મીનોચેહેરનું તખ્ત મંગાવી મુકાવ્યું પછી ગોદરીજીઆની ને નોજરી ટોલાના નામદાર શમશેરના મારનારા પેહેલવાનો હજુર બાઈજત અસલી રાહોરસમ માફક તે નેક સાયતે નવજવાન કેખુશરોને ઇરાની શાહાનશાહત નવાજી તખ્તનશીન કીધો.

તે ગોયા ખુશાલી નહીં હતી પણ ગમી હતી, કેમકે અશો સ્યાવક્ષનો કીનો ઇરાનની પાદશાહાતને સર ભમતો હતો. તેથી નવજવાન કેખુશરો શાહાનશાહાત ઉપર આવતાંજ બોલ્યો કે "ઓ મારા બુઝર્ગ બાપ શાહાનશાહ કેકાઉસ અને ઇરાનની પાદશાહાતના રખેવાલ જેહાં પેહેલવાન રૂસ્તમ તથા ગોદરજીઆંની ને નોજરી ટોલાના ચુનંદા દલેરો ને શાહજાદાઓ, અમીરો અને ઉમરાવો, સવારો અને પ્યાદાઓ, બુઝોર્ગો અને જવાનો! આ તખ્ત ઉપર હું આવ્યો છું, તે કાંઇ મોજમ્જેક કે મીજલસ કે, રામશગરોના ખુશ શરોદો માટે નહીં પણ મારા બાપ અશો સ્યાવક્ષનો ખાસ કીનો લેવા માટે તખ્તનશીન થયો છું. તુરાનની તમામ પાદશાહાત જુલમગાર અફ્રાશીયાબથી ખારાસતા ને ખુવાર છે. તેની તમામ ખલકનું દિલ રંજીદા અને કોઇનું પણ જીગર ખુશ નથી. તેની ખલકના દીલ લોહી ભરેલાં ને ચશમ આસુનાં પાણી ભરેલી રહે છે. તેની તમામ શાહાનશાહત શોહેર ને ફરીયાદ ભરેલી ગુજરે છે તે દરમ્યાન મારૂં દીલ જાદા લોહી ભરેલું ને ચશમ લોહીના આંસુ નાખતી રહે છે. મારાં દીલમાં મારા અશો બાપના ખુન ને શોહેર ને ફરીયાદ એવી જારી છે કે હું તે પાદશાહને તે અશો સ્યાવક્ષના કીનામાં જખ્મેહ કરૂં. એ કીનાથી મારામાં ખાબ મકાન કરી શકતો નથી. એ કીનાથી મને કોઇ ખુશાલી કે રામશની ઠેરવી શકતી નથી. ઓ નામદારો, ઓ સરકંસ શમશેરબાજો, ઓ શેર દેલ દેલાવરો! તમોને જંગના મેદાન શીવા મારા જમાનામાં આશાયશ મળનાર નથી. તમો નામદારોને ઘોડા ઉપર ભારી ગોરજ સાથ દમબદમ જંગમાં હોશીઆરી ને મરદાનગીથી

નામ કાહાડવા શીવાય બીજી નામદારીનો મને શોખ નથી. મારા જમાનામાં મીજલસ તે જંગનું મેદાનગાહ થશે. શરાબની જામ તે ખુંન વરસાવનારી શમશેર થશે અને ગમશગરોના શીરીન શરોદ તે કમંદના પેજમાં આવનારાઓ ને જખમી થયલાઓના પોકારો થશે." તે શાહાનશાહે એ રવેસ સખુનો કહયા કે શેતાબ જેહાંપેહેલવાને સર નમાવી જવાબ દીધો જે "ઓ શાહાનશાહ કેખુશરો! તું જેહાનનાં તખ્ત ઉપર આબાદ હોજો! તું નવજવાનને એ તખ્ત મુબારક હોજો કે તું શાહનશાહનો ગમ તે ઇરાન ને જાબુલસ્તાનની કુલ અનજુમનનો ખાસ ગમ છે. તું શાહાનશાહથી સર ફેરવનાર ઉપર જેહાન તંગ છે. જે હોકમ તું નામદારનો હવા ઉપર આશકાર થશે, તે જમીન ઉપર નક્ષમાં ખેંચાશે. જમાના તલગ તું હફતકેશવરના બુલંદ તાલે શાહાનશાહથી કોઇ પણ સર ફેરવનાર નથી. તું નેકનામના હોકમ ઉપર એક તો શું કરોડો ફીદા હોજો!" આ સખુનો સાંભળી શાહાનશાહ ખુશાલ થયો. ગોદરેજે ને તુસે પણ તે મીસાલ નેક ઝબાં કસી એથી શેતાબ શાહાનશાહ કેખુશરોએ પાદશાહી ખજાનાનો દરવાજો ખોલ્યો. તે નામદારે તમામ લશ્કર, સરદારો, અમીર, ઉમરાવ ને તમામ રૈયતને શાહાનશાહ કેકાઉસના ખજાનાથી નેહાલ કરી દીધી. જેહાંપેહેલવાન રૂસ્તમને બેક઼ીમતી પાદશાહી તખ્તો તાજ સાથ સરોપાવ બક્ષ્યો, તેમજ બુઝર્ગ ગોદરેજ, નામદાર તુસ, તેમજ બન્ને તોલાનાં નામદાર સરદારો ને શાહજાદાઓને બેશુમાર નવાજેશ કરી. આ વખતે તે ભારી મીજલસમાં તમામ સપેહસાલારો પાદશાહી ખજાના ને સરપાવથી આરાસ્તા બેઠા હતા, તેવામાં નામદાર ગોદરેજને શાહાનશાહ કેખશરૂએ ખોતનની વેલાયત ઉપર જવાને હોકમ કીધો કેમકે ખોતનમાં વેસેનો પીરાન રાજ કરે છે અને તે રાજની આમદાની ને તે દાનાવ રાજાથો જુલમગાર અફ્રાસ્યાબ ને તુરાન ઓસતવાર છે. નામદાર અસકસને તે શાહાનશાહે ફરમાવ્યું જે ખાહોર સરજમીન ઉપર લશ્કર લઇ જા કે ત્યાં જુલમગાર અફ્રાસ્યાબનો બેટો શેદો રાજ કરે છે, તે પાસ નાપેકાર કસરેવજ રહે છે. તે

નાપાકે મારા અશો બાપને જીવતો જમેહ કીધો છે. તે ગમ મારા જીવને ગોયા રાત દીન આતશની ચાહમાં બાળે છે. તે નાપેકારના જીવ ઉપર, ગેરદ ઉઠાવ અને તેને જીવતો પકડ કેમકે મારી હૈયાતીનો દમ છે ત્યાં તલગ મારા બાપના કીનાને તેના જાનનો સદકો કરવાની કોશેશ જારી રાખીશ. પછી તે નામદાર શાહનશાહ તેહમતન રૂસ્તમ સાથ મીજલસ સમારી બેઠો અને શાહાશાહ કેકાઉસની સલામીમાં શરાબની જામ નોશ કરવા લાગ્યો. એ વખતે એક કાસદે આવી ખબર કરી કે નામનો ઉઠાવનાર ફ્રરામર્ઝ જાણુલી લશ્કર સાથ શેતાબ પવન મીસાલે રાહ દરમ્યાન ચાલ્યો આવે છે. તે સાંભળતાં નામદાર શાહાનશાહે તમામ ઇરાની અનજુમનને એસ્તેકબાલ મોકલી; નામદાર ફ્રરામર્ઝ દરગાહમાં દાખલ થયો, ત્યારે પાદશાહે તખ્ત ઉપરથી ઉઠી તે નામદારને ઇજત ને હોરમત આપી તે નામદારના પેદર પાસે એક સોનાની ખુરશી આપી.

મોકલ્યો નામદાર ફ્રરામર્ઝને શાહાનશાહ કેખુશરોએ તુરાન સરજમીન ઉપર તે દાસ્તાન.

——:o:——

શરાબની જામ પેદરપે નોશ કરવાથી તે નવજવાન શાહાશાહ મસ્ત થયો. ત્યારે પેહેલવાન ફ્રરામર્ઝને એક ઉમદા સરપાવ બક્ષવા તે નામદારે પોતાના ખાસ ખજાનચીને હોકમ આપ્યો. તે સરપાવ તેહેમતનના દલેર બેટા ફ્રરામર્ઝને એનાયત કરતાં તે જેહાન રોશન કરનાર બોલ્યો કે "આ ભારી મીજલસ દરમ્યાન મારી નજદીક નામદાર જેહાં-પેહેલવાન રૂસ્તમ ને નામદાર ફ્રરામર્ઝ ગોયા મારાં તખ્ત તાજ જાળવનારા સરફરાજ છો. જેહાંપેહેલવાનની શમશેરથી જેહાન જીરોજબર છે અને તું નામદારે હાલમાંજ શ્રી હીંદુસ્તાન જીરોજગાર કરી ત્યાંની શાહાનશાત ને સલામી જાળવી છે. તું દલેરની મરદાનગી આજે જમાનો વખાણે

છે. મરદાને મરદોમાં તું એકકો મરદાનો છે. તારાં રોશન બખ્તથી ઇરાનની પાદશાહાત પોતાનાં સર ઉપર બીજી પાદશાહાતોથી બેહતર ને બુલંદ કોલાહ પકડે છે. તું નામદારના પેદરના દીદારથી તમામ ઇરાની અનજુમનના દીલ ખુશાલ છે અને તું તે ખુશાલ દીલ રાખનાર પેહેલવાનના દિલને રોશન કરનાર યાદગાર ચેરાગ છે. એ નામદાર પેહેલવાન! તું શેતાબ ઇરાની તથા જાબુલી જબરાં લશ્કર સાથ તુરાનની બોહોળી વેલાયત ઉપર જઇ પડ, અને ચીન માહચીનથી તે છેક હીંદુસ્તાન ને તે સરહદને લગતાં સીંધ, કાશમીર, તલગ તારા અસ્પની નાળથી જીરોજબર કર. તું પોતાની તેજ શમશેર મારતો તુરાનને પાયમાલી ભરેલી શીકસ્ત આપ અને જુલમગાર અફરાસ્યાબ ને જીહાંગાર કસરેવજને બંદમાં લાવ કે હું તે નાપેકારોને મારા અશો બાપના કીનામાં મારે હાથ, જેમ તે નાપેકારોએ બેરહેમ થઇ પોતાને દસ્તે તે નેકજાદ સ્યાવક્ષને જબેહ કીધો તેમ જબેહ કરી તે અશોનાં રવાનને બેહેસ્તમાં શોરખરૂ ખીલવું." જેહાંપેહેલવાન રૂસ્તમે પોતાના બેટા ઉપર એ ઉમેદ ને ઇનતેજારી પોતાના નવા શાહાનશાહથી સાંભળી ત્યારે તેહેમતને શેતાબ ગોહરની ખુરશી ઉપરથી ઉઠી સર નમાવી જવાબ દીધો, જે "તું નામદાર શાહાનશાહનો હોકમ મારા ગરદનફરાજ બેટાને ચશમ ઉપર. બેશક જ્યારે બુઝર્ગ શાહાનશાહ કેકાઉસે તું જેવો ચાહેલો નવજવાન શાહનશાહ કેખુશર ઇરાનના જેહાને કબુલ રાખેલા ઉંચાં તખ્ત ઉપર હોય ત્યારે શું તુરાન ને તેનો પાદશાહ આપણી સામે સર ઉઠાવેલું રાખે? બેશક તું જેવા જોરેમંદ શાહાનશાહને લાજમ છે કે જેહાન નાપાકી ને જુલમથી સાફ કરે અને ઇન્સાફ ને પાકીજગીથી ભરપુર કરે." નેકી ભરેલા શાહાનશાહ કેખુશરોએ જેહાનના જોરેમંદ તાજબક્ષ રૂસ્તમની ઝબાનથી એ રવેસના પોતાની મુરાદ માફકના સખુનો સાંભળ્યા ત્યારે તે મહેરબાનીના બદલામાં ઘણોજ નરમ થઇ જઇ મેહેરબાનીથી કહેવા લાગ્યો કે "જંગમાં કોઇથી બરોબરી નહીં થાય એવા જબરા જંગી જેહાંપેહલવાન! તું નામદારે તે નેકનામ અશો સ્યાવક્ષને બચપણમાં ઉધારી પાદશાહી રાહ-

રસમને જંગ શિખવી જેહાનમાં રોશન કીધો અને તેના કીનામાં શમશેર મારી તુરાનને લોહીના વંટોળ્યામાં વીખરી નાંખી. તે વેર ને કીનાથી અફ્રરાસ્યાબ રાત દીન પવને ટુકડા થતા કકરાં ઘાસના બરૂ મીસાલે જંગલ ને બીયાબાનમાં છુપાઇ રહયો; તે મેહેરબાની ને રેહેમ ને મદદગારી કરનારો જેહાંપેહલવાન જયાંસુધી ઇરાનના મારા જેવા જંગી શાહાનશાહનો રખેવાળ ને મુરબી છે, ત્યાં સુધી મારી મુરાદ બર આવશે. ઓ નામદાર જેહાંપેહલવાન! મારી ઉમેદ જે હતી તે મેં કહી, મેં તે માફક જે પાદશાહતો જંગી ફ્રરામર્ઝ ફતેહ કરે અને જેર કરી સલામી કબુલ કરાવે તો મેં તે નામદારને કાયમ બક્ષેશ કરી. ત્યાંનો પાદશાહ તે છે અને તેનો કાબુ તું જેહાંપેહલવાનના અખત્યારમાં છે. ચાહે તેમ તે ફત્તેહ કરેલા મુલકનો કારોબાર તું તેહેમતન ચલાવે." પછી નામના ઉઠાવનાર પેહલવાન ફ્રરામર્ઝ તરફ મોહ કરી કહેવા લાગ્યો કે "જંગમાં જંગગાહ ગજાવનારા શેર! તું શેતાબ તુરાન ઉપર લશ્કર ખેંચ અને અવ્વલ ખરગાહની વેલાયતથી તે પાદશાહાત ઉપર હુમલો લઇ જા." તે હોકમ સાંભળી પેહલવાન ફ્રરામર્ઝ પોતાની સોનાની ખુરશી ઉપરથી ઉઠી ઉભો થઇ નમ્યો. પછી જમીનને બોસો દીધો. પછી ઘણીએક ઉંચુ મત બાંધવાને બને એવી નેક દુવા દીધી. પછી પાદશાહી રાહેરસમ મુવાફેક તે પાદશાહી સલુખમંદ મીજલસ દરમ્યાન બોલ્યો કે "ઓ શાહાનશાહોના સરફરાજ શાહાનશાહ! તું ઇરાન, તુરાન, જાબુલસ્તાન ને હીંદુસ્તાનની પાદશાહાતો ઉપર હંમેશાં કાયમ ને પાયદાર રહેજો! તું નેક નામદાર તખ્તનશીન જાવેદાન જીવજો. ખુશાલી તું શાહાનશાહની જનાબમાં ઉમેદ બર આવ્યાની કેતાબ પકડી ઉભી રહેજો! તું નેક નામદારનો હોકમ છે તો તે હોકમ માફક તુરાન, ચીન, માહચીન ને ફરી હીંદુસ્તાન ને તેની તમામ સરહદ હું મારા ઘોડાની પોલાદી નાલે ને મારી શમશેરની વિજળી ધારે જીરેજબર કરૂં અને જેહાનમાં શાહાનશાહ કેખુશરોનાં બુલંદ નામનો સીકકો બેસાડું. ખરગાહની વેલાયત ને તે જબરો જંજીરો દરયાવની રાહથી

ઘેરી લઇ ફતેહ કરૂં અને પછી દમબદમ જંજીરા ને કીલ્લાઓ જીરે-જબર કરતો ચીનથી માહચીન ને માહચીનથી તુરાન ને તુરાનથી હીંદુસ્તાન ઉપર જંગી લશ્કર સાથ જઇ પડું, અને પોકાર ભરેલી જેહાનને દાદ નવાજેશ કરૂં." આ રવેશ તેહેમતનના ગરદનફરાજ બેટા ફરામર્ઝનો ઇરાદો સાંભળી મીજલસે શાબાશીના પોકારો કીધા. કરનાયના ભારી અવાજો નિકળ્યા અને રામશગરોએ ઇરાનની નામીચી ફતેહોના શીરીન શરોદો લલકાર્યા. સાકી નાજ નખરાંથી જાબજા પેહલવાનોના દસ્તમાં ખાલેસ સોનાની જામ શરાબે ચીકાર આપતી હતી. ગોહર જડેલી જામ શાહાનશાહને આપી કે તે સલામીમાં મીજલસે શેરદેલ ફરામર્ઝ ઉપર આફ્રીન ચાહી નોશ કરી. ગોયા તે વખતે તે મીજલસ ખાલેશ જંગ પોતે બની હોય એવી આતશ જેવી લાલ ચમકતી ને વિજળી જેવી ચમકારા મારતી શોભી રહી હતી. શાહાનશાહ આ બાગે બેહેશ્ત મીસાલે બની રહેલી પેહલવાનોની મીજલસમાં પેહલવાન ફરામર્ઝની બેહદ વખાણ કીધા પછી કહેવા લાગ્યો કે "એ નવજવાન પેહલવાન! આ જંગમાં ખુબ ધ્યાન રાખજે કે કોઇ ઉપર નાહક સીતમ ગુજરે નહીં. રાસ્તીથી તું ખલકનો રાનુમાહ થજે. જેરદસ્તોને આજાર દેવાથી હાથ ઉઠાવજે અને મુફલેસો ઉપર હરદમ મહેરબાની નવાજેશ કરજે. જુવાની ઉપર મુસ્તાક ના રહેતો અને લોભમાં ના ફસતો. કોઇ પણ મીસકીનને રંજીદા ના કરતો. દાદખાહ થજે કે તારૂં નામ બુલંદીએ બીરાજશે. દુનિયા સાથ દીલ હરગીજ ના બાંધતો. આ ત્રણ પાંચ દહાડાની દુનિયા કોઇ સાથ વફાદારીથી ચાલી નથી અને હવે પછી કોઇ સાથ તે ચાલનાર નથી. દુનિયાને તું ગમે એવી દોસ્ત કરી લે પણ તે તને સહેજમાં દુશ્મન કરીને ખાક કરશે."

તૈયારી કીધી લડાઇની નામદાર ફ્રામર્ઝે અને જઇ પહોંચ્યો ખરગાહની વેલાયત ઉપર તથા નામું લખ્યું તે નામદારે ખરગાહના હાકમ તુરક તુરકી ઉપર તે હેવાલ.

——:o;——

રાતની શીહાઇ દીનની રોશન પરીથી શીકસ્ત ખાઇ નાઠી અને બામદાદ રોશન થતાંજ નામદાર ફ્રામર્ઝે લડાઇની તૈયારી કરી. ઇરાની ત્રીસ હજાર અને જાબુલી દસ હજાર ચુનંદા જંગના અજમાવેલા સીપાઇ બચ્ચાઓને તૈયાર થવાનો હોકમ કીધો. નામદાર બીજન ને જેરશપ ને ગહશતમ ને ગુરગીન વગેરે ઘણાએક ચુનંદા સપેહસાલારોને પણ તે જંગમાં પોતા સાથે આવવાની તૈયારી કરવાનો હોકમ આપ્યો. શાહાનશાહ ને જેહાંપેહવાન તે નામદારને જોઇએ તેટલો ગંજ ખજાનો ને સરસામાનની તૈયારી કરી આપવામાં ગુંથાયા. લડાયક હથિયારો, ઢાલ, તોપ જાબજાથી ઢગના ઢગ આવી પડવા લાગી. જેહાંપેહલવાન રૂસ્તમે આ વખતે નામદાર ફ્રામર્ઝને ઘણીએક નસીહત આપી તથા બીજા દલેર જાબુલીઓ તેની સાથ જંગમાં બરાબર રહી શમશેર અજમાવનારા હવાલે કીધા; તેણે કહયું કે "ઓ નામદાર બેટા! બને ત્યાં તલગ કોઇ પણ હાકમ કે પાદશાહની દરબારમાં અવ્વલમાં એક એલચી મોકલી મુરાદ માફક કામ કરી લેવામાં નેકનામી જાણજે; પણ તે એલચી દુશ્મનથી જંગ ને કીનાની હમનબરદીના ખબર લાવે તો શેતાબ મેદાનમાં શમશેર અજમાવજે અને રોશન બખ્તની યારીથી જંગમાં યારી મેળવ્યા બાદ મુદઇઓને શીકસ્ત દીધા પછી જીનહાર ખલકને આજાર દેતો ના, અને લુટફાટ કરી શેહેર પાયમાલ કરતો ના. દુશ્મન ઉપર ગાલેબ આવી જોરાવર ખપે અને તે જેરદસ્ત થઇ ફરમાબરદાર બને ત્યારે તું તારી મોટાઇ મહેરબાની નવાજવાથી જાળવજે, અને ખુદાઇ દાદથી તેનું જીગર તારી તરફ રોશન કરજે. હરદમ જંગ ફતેહના હેવાલના પેગામો તું મારી ઉપર લખી મને વાકફ રાખજે. જંગમાં એવો મોટાં દીલનો ને દાનાવ મગજનો જંગી ખપજે

કે મારૂં જીગર ખુશાલીમાં ગરક રહે." આ ગોફતેગોહ સાથે કરનાયના અવાજો જારી થયા અને ખરગાહની વેલાયત તરફ લશ્કરે કુચ કરી. તે જબરાં લશ્કરની કુચથી જેહાન શોરશાર ભરેલી થઇ. ગોયા જમાનો જુમબેસમાં આવ્યો. જેહાં પેહલવાન રૂસ્તમ પોતાના પેહલવાન બેટા ફરામર્ઝને રાહમાં બે ફરસંગ લગી મુકવા ગયો. બે મંજલથી તેહમતન છુટો પડયો ત્યારે તે નામદારે પોતાના નવજવાન બેટાને પોતાના સીના સાથ ધરી મોહબતથી ઘણો વખત તે નામદાર બેટાના મોહ તથા સર ઉપર બેશુમાર બોસા દીધા. જંગી ફરામર્ઝ પોતાના બાપ તેહમતનથી રજા લઇ છુટો પડી પોતાનાં લશ્કર સાથ આગળ ચાલ્યો ત્યારે તે બીકટ ને બીયાબાન રાહા મંજલ દર મંજલ દેહરા મારતો અને મુકામ કરતો ઘણેક દહાડે ખરગાહની વેલાયત તરફ જઇ પોહોંચ્યો. તે વેલાયત ત્રણ મંજલ દુર રહી ત્યારે તે નામદારે એક કુશાદે મેદાન જોઇ પોતાનાં લશ્કરને મુકામ કરવા હુકમ આપી ત્યાં છાવણીના દેરા માર્યા. નામદાર ફરામર્ઝે એ જગ્યાએ પોતાનો મુકામ કરી રહયો ત્યારે પેહલવાને ખરગાહની વેલાયતના હાકમ ઉપર અવ્વલમાં પેગામ નામાની એક કેતાબ મોકલવાનો ઠરાવ કરી નવીશંદાને પોતાની હજુર બોલાવ્યો. ખરગાહની વેલાયતમાં આ વખતે દલેર તુશક તુરકી હાકમ હતો. તે ફાજલ ને જંગમાં સરફરાજ હતો. તે જંગી એવો તો શમશેરનો મારનાર હતો કે સેજમાં શેરને એક જબેહમાંજ બે ટુકડા કરી દેતો હતો. તે નામદાર જોરેમંદને તુરાનની પાદશાહતના ચલાવનાર જુલમગાર શાહાનશાહ અફરાસ્યાબે ત્યાંની હાકમી આપી હતી. આ ખરગાહના કીલ્લામાં જંગી લશ્કર પણ બેશુમાર ખુની ને તલવાર મારનારૂં ચુનંદું હતું. તેવા જોરેમંદ હાકમ ઉપર તે જબરા કીલ્લામાં એક નામું દીલપસંદ ને જંગીઓને લાયક લખાવ્યું કે "ઓ હાકમ! તું એક નેગાહ જો કે ખુદાવંદતાલા કુલ જેહાન પેદા કરનાર જીતનો નવાજનાર ધણી છે. તે સાહેબે વગર થાંભે આસમાનનું ચકર અદ્ધર ફરતું રાખ્યું છે. તે એજમતી સાહેબે પોતાની કમાલ કુદરતના જોરે ચરંદાં ને

પરંદાં જમીન ને હવામાં બરકરાર કર્યાં છે. માહીને દરીયાવમાં ને માનવીને જમીનમાં ફરતાં કીધાં છે. તે તમામ શકિતના સાહેબે કુલ કુદરતને પોતાની બંદગીમાં બેસાડી છે અને આફતાબ તથા માહતાબને પોતાના એજમતી નુરનો એક કતરો બક્ષી રોશનાઇ ને ઝળકાટથી જેહાનને રોશન કરી છે. તે કુલ બનાવના બનાવનારાં બારેતાલાનાં બરખતી નામથી ઇરાનની બુલંદ ને જેહાન જીરોજબર કરતી શાહાન-શાહાત ચલાવનારા શાહાનશાહ કેખુશરો ઉપર હજારો હજાર દુવા હોજો કે તે ફરેદુનની બુન્યાદનો જોરેમંદ શાહાનશાહ આજ જેહાનનાં તખ્ત ઉપર ઓસ્તવાર ને દલેર બેઠો છે. એ સરદાર તુરકી તેં જંગ ને જેહાન જોઇ છે અને ઇરાનની શાહાનશાહાતનો કાબુ જાણ્યો છે. એ જંગી તે નામદારોના સરફરાજ શાહાનશાહે હોકમ કીધો છે કે હું તુરકીઓને બેજાન કરૂં. આ વેલાયત બામુદત ઇરાન તાબે હતી. યજ-દાંપરસ્તીનો મહજબ નેકનામ શાહાનશાહ મીનોચેહેરના વખતથી એ આશકારા કીલ્લા ને મુલકમાં જારી હતાં. તુરકી તાબેની એ ખલક કે વેલાયત નથી બલકે આજ તલગ કોઇ તુરકી એ મુલકની હાકમી ઉપર બેઠો નથી, વાસ્તે તું એ હાકમીનું તખ્ત ખાલી કર અને તાબેદારીમાં સર નમાવતો મારી હજુર આવ કેમકે જંગલ શેરથી ખાલી હોય તો લોંકડી દલેરીથી તે પચાવી શકે. તે હાલ તું હવે તરક કર ને શેતાબ સર ફેરવી તારે મુલક જીવતો જવાની ઉમેદ હોય તો મારી પાસ અર-જમંદ થઇ આવ. મને શાહાનશાહોના શાહાનશાહ કેખુશરોનો ખાસ હોકમ છે કે ખરગાહની વેલાયતમાં એક તુરકી સલામત રાખવો નહીં. તે હોકમ માફક હું લશ્કર લઇ તારા મુલકપર આવ્યો છું કે એક પણ તુરાનીને જીવતો જવા દેવું નહીં. જંગ એવી બજાવું કે તુરકીથી ખરગાહની વેલાયત પાક થાય. હું આ પેગામની કેતાબ લખું છું તે હું પોતે તને ખુબ રાહ દેખાડું છું કે જો તું પોતાની રાહે મને ખર-ગાહની વેલાયત સોંપી પોતાને વતન જાય તો તને કશો એલજામ મારાથી પોહોંચનાર નથી; પણ તું મારી નેક વાત ને રાસ્ત જીકર નહીં

સાંભળી સર ઉઠાવશે તો તું તથા તારૂં લશ્કર કમબખ્તીમાં ગીરફતાર થશે. ગોયા કમબખ્તીનો શીહા વંટોળ્યો સેજ ઉઠી ઉભો થઇ તે દરમ્યાન ના તારૂં તાજ તખત કે ના તું કે તારૂં લશ્કર સલામત રહી શકશે. મારા પેગામ નામાની કેતાબ ઉપર દુરઅંદેશીથી નેગાહ પોહોંચાડશે તો તને આખર પસ્તાવો થનાર નથી. નહીંતર ખરઘાહની વેલાયત ઉજડ થશે, એકે એક તુરાની જંગના નવાં વેહતાં લોહીના દરીયાવમાં ડુબશે. જાબજા તારાં લશ્કરનાં મુડદાં વાઘ તથા વરૂનો ખોરાક થશે !" આ પેગામનામાની કેતાબ ઉપર પોતાના નામની મોહોર કરી, તે કેતાબ એક દેલાવર સરદારને આપી ખરગાહના કીલ્લામાં તુશ્ક તુરકી ઉપર એલચી મોકલ્યો. એલચીએ ખરગાહની પાસે આવી પોકાર માર્યો તે સાંભળી નદીના પાદશાહી કીશ્તીવાળા નાખોદાએ તેને કીશ્તીમાં બેસાડી ત્યાંના હાકમના કીલ્લા આગળ ઉતાર્યો. તે કીલ્લો એક બુલંદ પાહાડ ઉપર શાહાનશાહ ફરેદુનના બેટા શેલમે મોટી રંજ ને હેજગારી તથા ઘણોક ખજાનો ખરચ કરી બંધાવેલો હતો. ત્યાં પાદશાહોને દીલપસંદ પડે એવા બુલંદ મહેલો ને બાગ બગીચા બનાવેલા હતા. ત્યાંની આબો હવા એવી તો ખુશનુમા હતી કે ત્યાં જઇફ જઇ રહે તો સેહેજમાં જુવાનીમાં આવી જાય. બુઢો દરદી નવજવાન તનદરોસ્ત થાય એવી ખુશ હવા જોઇ એલચી હેરત થયો. તે કીલ્લામાં તુશ્કની મીજલસમાં જઇ લાગો ત્યારે પાદશાહી રાહરસમ માફક સર નમાવી જમીનને બોસા દઇ પેહલવાન ફરામર્ઝનું પેગામનામું તે હાકમ હજુરમાં ધર્યું અને અદબથી ઉભો. જંગી તુશ્કે તે પેગામ પોતાના નવીશંદાથી વંચાવી સાંભળ્યો, ત્યારે તે ગુસ્સામાં આવ્યો. તે બોલ્યો કે "અગર ફરામર્ઝ શમશેરનો મારનાર પેહલવાન છે તો શું મેં શમશેર કમરે બાંધી છે તે ફકત શોભા ખાતર ? હું પણ એક જંગી પેહલવાન છું. મારો પાદશાહ તેના પાદશાહ કરતાં બુઝર્ગ ને બુલંદ દરજ્જો ને શાહાનશાત ધરાવે છે. આ કીલ્લો કોણે જબરદસ્ત બાજુ ને જોરેમંદ લશ્કરથી ફતેહ કીધો છે કે તે એવી ઉમેદમાં પોતાનું સર આસમાન ઉપર લઇ

લગાડે છે? એવો તે કોણ જંગી શમશેરનો મારનાર છે કે મને તે બેફામ કહી શકે કે તું દીલને બેહસ્ત મીસાલ રાખનાર આ કીલ્લો મુકી પોતાને વતન ચાલ્યો જા? જોર ઉપર તે મુસ્તાક છે તો મેં મારાં જોરે જેહાનમાં જંગી નામ કેહવાડયું છે." પછી તે ગુસ્સામાં આવેલા તુસકે પેહલવાન ફરામર્ઝના એલચીને કહયું કે "એ દાનાવ! તું ત્રણ દીન મારો મેહમાન રેહ કે તેટલામાં હું એ પેગામનો જવાબ લખી તને હવાલે કરૂં તે તું તારા સપેહસાલારેને આપ અને જંગમાં મારી બાજુનું કૌવત જો!"

પેગામનો જવાબ લખ્યો ખરગાહના હાકમ તુસકે નામદાર ફરામર્ઝ ઉપર અને લશ્કર ખેંચ્યું તે હાકમે તે પેહેલવાનની લડાઇ વાસ્તે તે દાસ્તાન.

—:o:—

ચોથો રોજ થયો ત્યારે તુસકે સપેહસાલાર ફરામર્ઝના એલચીને પેગામનો જવાબ આપી એક સરપાવ નવાજી બાઆબરૂ શેતાબ રવાના કીધો. તે કીસ્તીમાં સવાર થઇ નામદાર ફરામર્ઝની જનાબમાં આવી લાગ્યો. જ્યારે નામદાર ફરામર્ઝે તુસ્ક તુરકીનું નામું નવીશંદા પાસ વંચાવ્યું જેમાં જવાબમાં લખ્યું હતું કે "એ પેહલવાન ફરામર્ઝ! મેં દુનિયામાં મોટી જંગો મારી છે, અને તારા જેવા જંગી હમનબરદોનાં સર ખાકમાં લોટતાં કીધાં છે. તું શમશેર મારનાર છે તો મેં મારા ભારી ગોરજથી હજારો ઇરાનીને નાબુદ કીધા છે. તું જંગલ ને બીયાબાન રખડે છે તો હું બીકટ રાહ ને ડરામણા હફતેખાનો ફત્તેહ કરનારો જંગી તુસક ખરગાહની બુલંદ વેલાયત ને કીલ્લાનો હાકમ છું. પાદશાહ અફરાસ્યાબની દરબાહમાં મારી બેઠક બુલંદ દરજ્જે અવ્વલ છે. મેં મારી જીંદગાની જંગમાંજ કહાડી છે અને તારી ખુશી

છે તો જંગમાં આપણે હમનબરદો થઇ નસીબો અજમાવીશું. તું હોંશ ભુલ્યો અને બેહોશ ગોફ્તેગોમાં બેજાલત પામ્યો છે. તુંદી ને ધર-પકડના સખુનો જે બોલે છે તે ગોયા હવામાં હાકમી મચાવવા ચાહે છે. શેતાબ તું જંગનો સરંજામ તૈયાર કર. હું તારી જંગમાં આવું છું અને મારા ભારી ગોરજના જરબે તારી પોલાદની બાજુને લરજો પમાડી તને જખમી કરી તારૂં લશ્કર બરહમ મારૂં છું. મને તારી બેહુંદી વાતથી માલમ પડે છે કે તારી અજલ નજદીક આવી છે. ઇરાન જમીનથી તું હયાં આવ્યો નથી પણ તારૂં મોત તને શેતાબી કરી મારી પાસ તાણી લાવ્યું છે. મારી મરજી થઇ છે કે તું જેવા હેમક પેહલવાનની મેજબાની ને ખાતરદારી મારા ભારી ગોરજ ને તલ-વારે સારી રવેશે કરૂં અને તીરના વરસાદમાં તને તનબદન વધાવો નવાજું." આ પેગામ સાંભળી પેહલવાન ફ્રરામર્ઝ ખ્યાલમાં પડયો. હવે પેલી તરફ તુસક તુરકીએ એલચી પાછળ શેતાબ પોતાનું ચુનંદુ લશ્કર તૈયાર કરી કીસ્તીમાં સવાર કીધું. તે લશ્કરથી નીચે દરીયાવ ઉપર આસમાન શીહા રંગ થઇ ગયાં. તે લશ્કરના શોરશારથી જમાનો પનાહ પકડી લરજવા લાગ્યો. તે લશ્કર રાતના જમીન ઉપર ઉતર્યું અને તે રાત ઘણી શીહા હતી. પેહલવાન ફ્રરામર્ઝે તે શીહા રાતે ચોતરફ તલાયા લોકોને ફરતા મુકયા હતા કે દુશ્મનો કમીંગ્રાહથી તેનાં થાકેલાં લશ્કર ઉપર આવી પડે નહીં. ચોતરફ બેશુમાર તલાસ રખાવી હતી, અને કીનામાં તે બોલતો હતો કે મારી તેજ તલવારનો તમાશો તે બેહોશ તુરકીને દેખાડું. નીલના દરીઆવ મીસાલ તે નામદારે કર-નાયના અવાજો સાથ દુશમન ઉપર લશ્કર આગળ ચલાવ્યું. તે નામ-દારે છેક કીલ્લાની નદી નજદીક પોતાના તથા લશ્કરના દેરા ખેંચાવ્યા અને જંગ કરવાને મેદાન આઠ કોસ કુશાદે તે નદીને કીલ્લાથી રાખ્યું. આ રાત ઘણીજ શીહા હતી. એવી શીહા રાત કે કોઇને કોઇનું મોહ દેખાતું હતું નહીં. ગોયા આસમાન પણ શીહાઇનું બન્યું હોય એવું શીહા કીલ દીસતું હતું. આ વખતે તુસકનું લશ્કર કીસ્તીથી

જમીન ઉપર ઉતર્યું હતું. તે જાસુસોથી પેહલવાન ફરામર્ઝના લશ્કરથી વાકેફ થઇ તે ખુશ થયો કે તેથી ફરામર્ઝ બીલકુલ નાવાકેફ છે. તે તુરકીએ એ ખ્યાલે શબેખુન મારવાને શેતાબ કુચ કરી. તે દગા ભરેલાં દીલનો થઇ ઉગટ રાહે ઇરાનીઓનાં લોહીથી તે મેદાન લોહી ભરેલું કરવા ચાલ્યો. જુલમગાર ચોર મીસાલે તે તુરકીએ પોતાના જબરાં લશકર સાથ આવતાં વારમાંજ ઇરાનીઓ ઉપર ઝેરી પાણીનાં હથ્યાર ચલાવવાની તૈયારી કીધી. ઇરાની લશ્કર તલાયા શીવાય તમામ થાકેલું સુતું હતું પણ કોઇએ હથ્યાર છોડયાં હતાં નહીં અને ઘોડાઓનાં જીન પણ નહીં ઉતાર્યાં હતાં. એ રવેશ ઠાકનું મારેલું તમામ લશ્કર બેખબર ઉંઘવામાં પડયું હતું.

હવે પેલી તરફથી તુરકીનું લશ્કર નજદીક આવી પોહોંચ્યું તેને શેતાબ ઇરાની પાસબાની કરનાર સેપાહો ઉપર એકાએક હુમલો કીધો, અને ગોરજ, તલવાર તથા નેજાની લડાઇ થઇ તેથી ધરપકડ મારફાડના અવાજ ઉઠયા. એ લડાઇ એવી તો લડાયક થઇ જે તે સોરશારથી ખાબમાં પડેલું તમામ ઇરાની લશ્કર જાગી ઉઠયું અને તમામોનાં દિલ કીના ભરેલાં અને સર શેતાબી ભરેલાં થયાં. શેતાબ સર્વે સવારો ઘોડે સ્વાર થતાંજ કે જંગ માટે નામદાર પેહેલવાનો પોકાર મારતા ચારો તરફથી નીકળ્યા ને અંધારી રાતના ઇરાની લશ્કરની તલવારો એવી તો ચમકતી હતી જે આકાશથી વિજળીનો ચમકાટ થાય તે મીસાલે તલવારોના ચમકાટ થતા હતા. એવામાં શેરની વજનનો નામદાર ફરામર્ઝ શેતાબ ગુસ્સા ભરેલા શેર મીસાલે વીજળી મીસાલ ઝડપથી તલવાર ઉઠાવી હર તરફ એવો તો હુમલો કરતો જે તમામ લશ્કરને ખાક બરાબર કરી દેતો. તે નામદાર એક હુમલામાં સેંકડો પેહલવાનોને ખાકમાં નાંખતો. એમ કરતાં નામદાર ફરામર્ઝે એક હુમલામાં તે સર્વે લશ્કર પરામંદા કીધું અને તે લશ્કર ઉપર બળાનું વાદળ વરસાવ્યું. તે હોસ્યાર મરદથી તુરાની લશ્કર ઉપર ઘણોક જુલમ થયો. એવી સખ્તી ભરેલી લડાઇ બામદાદ લગી થઇ. લાજવરદી આસમાનથી સેતારાનું લશ્કર

નાઠું અને ફીરોઝાની બાણુમાંથી આફતાબ રોશન થયો, ત્યારે તે લશ્કરમાંથી એક પેહલવાન નીકળ્યો તેનું નામ કલાન હતું તે ઘણો જોરાવર અને ખુશી હતો અને કઉવતે વાઘ જેવો હતો અને સખતીમાં પત્થર જેવો હતો અને ડુંગર તેની ચુંગાલમાં આજેજ થતો. તે દેવની શીકલનો નાપેકાર, નામના ઉઠાવનાર ફ્રામર્ઝની નજદીક આવીને કહેવા લાગ્યો જે “અય દલેર! તું હવે વાઘનો જખમ એવો જોશે જે કદી તારી ઉમરમાં પણ નહીં જોયો હોય; જો તું મારી લડાઇમાં પાયદારી ધરે તો સર મેદાનમાં લાવ.” દલેર ફ્રામર્ઝ તે નાપેકારના બોલવાથી ગુસ્સા ભરેલો થયો અને પોતાનો ઘોડો તેની તરફ ઝોંકાવ્યો. તેણે એક પોકાર બાહારનાં વાદળ મીસાલે માર્યો, જેથી કલાન દેવે વરૂની મીસાલ પોકારતો નામદાર ફ્રામર્ઝની નજદીક આવીને જીન ઉપરથી ગોરજ ઉઠાવ્યો અને તે ગોરજનો જરબ નામના ઉઠાવનાર ફ્રામર્ઝના સર ઉપર માર્યો તે વાર નામદાર ફ્રામર્ઝે પોતાના ઘોડો વીજળી મીસાલે ચલાવ્યો અને આગળ આવી તેનો કંમરબંદ પકડી ઘોડા ઉપરથી ઉઠાવીને જમીન ઉપર ઉંધે મસ્તક નાંખ્યો તેથી તેનાં તન ઉપર સર પેદા થયલું હતુંજ નહીં, એ રવેશે તેનું મગજ રેશે રેશ કુટાઇ ગયું. પછી નામદાર ફ્રામર્ઝ તલવાર મ્યાનથી ખેંચી પોકાર મારતો તુરાની લશ્કરમાં જઇ પડયો. તે દલેરના પોકારથી દરીયાવ તથા ડુંગર જોશ ભરેલા થયા. તેણે તલવાર તથા ગોરજે તમામ લશ્કરની પુર ગેરદ કાહાડી નાંખી. તે જાલમી તુરકે એવું દીઠું તેથી નામદાર ફ્રામર્ઝનાં લશ્કર સામેથી એવો નાઠો કે જેમ વરૂના ચુગાલથી હરણ નાહાસે; પણ તેની પાછળના ગોરજ અને તલવારના જબરા મારથી સર્વે તુરકોનું બખ્ત ગોયા દરીયાવનાં પાણીમાં સુતું પણ થોડુંક લશ્કર દરીયાવનાં પાણીમાં નખાવીને કીસ્તીમાં બેસી તે મેદાનથી નાઠું અને પેલા કીલ્લામાં જઇ ભરાયું. તે કીલ્લાનો દરવાજો બોસ્તવારીથી બંધ કીધો પણ તમામ લશ્કરનાં દીલ તથા કમ્મરો ખારસ્તા થઇ હતી.

નામું લખ્યું તુસક તુરકીએ પાદશાહ અફ્રાશ્યાબ ઉપર તે દાસ્તાન.

—:૦:—

પછી તુસક તુરકીએ એક કેતાબ દરદ ભરેલી અને તે ઉપર હદિશો પડીયો તે સર્વે બીનાથી ભરપુર પાદશાહ અફ્રાશ્યાબ ઉપર લખી જણાવી. તે કેતાબમાં અવ્વલ પાક ખોદાવંદતાલાની તારીફ લખી કે "તુરાંનના પાદશાહ ઉપર દુવા હોજો; કે તું મોટો પાદશાહ તમામ તુર્કસ્તાન ને તે વગેરે બીજા ઘણાએક મુલકોનો ધણી છે તે છતાં ઇરાન સરજમીનથી એક જબરદસ્ત ને ખુની લશ્કર આવ્યું છે. તેનો સરદાર જેહાંજોય ફરામર્ઝ છે. તેણે પ્રથમ મારી ઉપર નામું લખી એલચી મોકલાવ્યો કે તું શેતાબ એ વેલાયત મેલીને તુરકસ્તાનની તરફ જા, નહીં તો લડાઇનો સામાન તૈયાર કર; તેથી મને અફસોસ લાગ્યો જે એવી વેલાયત જમીનથી હું કેમ જાવું; તેથી મેં એક ભારી લશ્કર તૈયાર કરી જંગી ફરામર્ઝ ઉપર સબેખુન મારવાને વાસ્તે લશ્કર ચલાવ્યું કે ખોઆબની વખતે તેઓની ખુહારી કરૂં; મારાં લશ્કરે સખ્ત લડાઇથી શબેખુન ઉઠાવ્યું ત્યારે મારાં બખ્તે યારી નહીં દીધી. ઇરાનીઓ છુપાઇ રહયા હતા તેને મારાં લશ્કર ઉપર બાજી ચલાવી અને કીનાથી ઘણુંક મારૂં લશ્કર માર્યું તથા પાયમાલ કીધું ત્યારે હું થોડાક સવારો સાથે તે મેદાનથી નાઠો અને કીલ્લામાં ભરાઇ બેઠો છું અને તારા હોકમની રાહ જોવું છું જે અય પાદશાહ! તું શું હોકમ ફરમાવે છે? હું દરૂં છું જે દુસ્મન જોર કરશે તો મારો આ હાલ થશે?" એટલું લખી એલચીને તાકીદ કરી રવાને કીધો.

હવે પેલી તરફ નામદાર ફરામર્ઝે લડાઇના મેદાનમાં નેઘાહ કરી જોયું તો તમામ મેદાનની જમીન દુશ્મન લોકોનાં લોહીથી તર થયલી દીઠી. જાબજા જંગી આદમીઓની લોથના તેકડા થઇ ગયલા હતા. તે લડાઇમાં એક હજાર જંગી ઇરાનીઓ માર્યા ગયા હતા. ખરગાહનું

મેદાન તમામ જંગી હથ્યાર તથા ખજાનાથી ભરેલું દીઠું. તે માહચીનના બજાર જેવું સાજ સામાનથી રોનકદાર થયલું દેખાતું હતું. તે મેદાનમાં હરતરફ અરબી ઘોડા સાજ નાખેલા પણ સવાર વગર ખાલી ફરતા. હતા. આ રવેશના બેશુમાર સામાનની તમામ લુંટ સરફરાજ ફરામર્ઝે પોતાના લશ્કરને બક્ષી. પછી નામદાર ફરામર્ઝ પોતાનાં નામદાર લશ્કરને તે નાપેકાર તુરકીની ખબર પુછી; કે "એ મારા નામદારો! એ કીલ્લામાં કેટલું લશ્કર છે? આપણા હાથથી કેટલું લશ્કર છટકી નાઠું છે? કેટલું લડાયક લશ્કર કીશ્તીમાં બેસીને એ કીલ્લામાં ભરાયું છે? હું ધારૂં છું કે એ તુરકી હવે લડનાર નથી, પણ એ તુરકીએ શેકસ્તની ખબર પોતાના તુરાનના પાદશાહને લખી હશેજ તેથી સેતાબ શમશેર મારનારૂં તુરાની લશ્કર આપણી ઉપર આવી લાગશે વાસ્તે તે લશ્કર આવે તેની અગાઉ એ પાહાડ આપણે હાથ આવે તેવી તદબીર કરીએ તો આ જંગમાં આપણી નામદારી વધે." નામના ઉઠાવનાર સપેહસાલાર ફરામર્ઝને તે જંગી લશ્કરે કહ્યું જે "હમો તું નામદારના હોકમને તાબે છઇએ. જે તું કામ ફરમાવે તે કરવાને તૈયાર છીએ." એ રવેશ વાત કરીને કીશ્તીમાં બેસી તેણે દરીયાવની રાહ પકડી અને તે પાહાડને ચારો તરફ ફરીને જુસ્તેજોઇ કરી પણ તે આસમાન લરજાવનારા પાહાડ ઉપર ચહડવાનો માર્ગ નહીં દીઠો અને બીજનં જનાવરબી તે કીલ્લા ઉપર ચહડી શકે નહીં તેવો તે કીલ્લો અગવડભર્યો હતો, તેથી નામદાર ફરામર્ઝ ફીકરમંદ થયો અને ઘણોવાર વીચારમાં બેઠો. તેની સાથે ઇરાની તથા જાબુલી મળી ત્રીસ હજાર લશ્કર હતું પણ તે કીલ્લાનો કશો ચારો દીઠોજ નહીં ત્યારે ફરામર્ઝે વીચાર કરી પેલાં લશ્કરનાં ત્રણ ભાગ કીધા અને એક ભાગનો બીજનને સપેહેસાલાર, તથા બીજાનો જેરસપને કીધો અને ત્રીજા ભાગનું લશ્કર પોતાની સાથે રાખી એ કીલ્લા ઉપરની આવજાની ત્રણ રાહ બંધ કરી. તે નામદારે બીકટ રાહ પોતે પોતાને ફાળે લઇ બીજી બે રાહમાં નામદાર બીજન તથા જંગી જેરસપને જઇ લેવામાં તે નામદારે નસીહત કરી કે "તે રાહમાં કમીગાહ સાથે તમો

એ જંગીઓ હુસ્યારીથી રહો. ગફલતી અને ખોઆબથી તથા ખાવા પીવાથી દિલને પરહેજ રાખજો. રાતને વખતે દીદબાંન તથા દરબાંન તથા પાસબાન ચારે તરફ ફરતા રાખજો. ગફલતમાં રેહતા ના, જે તમારા સર ઉપર દુશ્મનનું લશ્કર ગાલેબ નહીં આવે. હું તેહેકીક કરી જાણું છું જે એ કીલ્લો હજારો લડાઇ કરતાં કોઇથી જીતાય નહીં પણ જો ખોદાવંતાલા મેહેરબાન છે તો એ ભારી કીલ્લો તથા વેલાયત આપણે હાથ આવ્યા વગર રહેનાર નથી." તે સાંભળી તે બે પેહલવાન બે રસ્તે લશ્કર સાથ કુચ કરી ગયા. નામદાર ફરામર્ઝ ત્રીજે રસ્તે લશ્કર લઇ રાહ બાંધી બેઠો. તે બુલંદ કીલ્લાથી ઘણો ઘણો હેરાન થવા લાગ્યો. તે સપેહસાલારે પોતાની અકલ એ કીલ્લાના અંદેશામાં બાંધી. તે નામદારે રાહમાં હર તરફ પાસબાંન અને જાસુસો મુકયા.

હવે પેલી તરફથી તુરાનના પાદશાહ અફરાસ્યાબને જંગી તુસક તુરકીનું નામું પોહોંચ્યું ને તે કેતાબ તે પાદશાહે નવીશંદા પાસે વંચાવી વાકેફ થતાં તે ગુસ્સા તથા દરદ ભરેલો થયો. તે પાદશાહ તે નાખુશ ખબર સાંભળી દીલ સાથ અજબ થવા લાગ્યો. તે પાદશાહે તુસકના એલચીના ઉપર ઘણોએક ગુસ્સો કીધો, કે તે બેઅકલે નાહક કીલ્લા બાહેર નીકળી બેશુમાર લશ્કરને મરાવી નાખ્યું. કોઇ જંગી જોરેમંદના હાથમાં એવો કીલ્લો હોય તો તે લડાયક પેહલવાન આસમાન સાથે વાત કરે. જે કીલ્લામાંથી કદી અનાજ તથા પાણી કમી થનાર નહીં હતું, તે નાહક લડાઇ ઉપર કમર બાંધવા કીલ્લાથી બાહેર ગયો એ અકલ ઉપર હજારો લ્યાનત હોજો. પછી અફરાસ્યાબે પોતાના દરબારમાંના જંગી પેહલવાન શેરમંદને ફરમાવ્યું જે "આ કીના ઉપર તું શેતાબ કમર બાંધ. ઓ પેહલવાન તું શેરમરદ કવી બાજુનો હમેશ વાઘ સાથે લડનાર છે." એમ કહી તે પછી તે સાથ વીસ હજાર પેહલવાન ચુનંદા આપ્યા અને હોકમ કીધો કે તું શેતાબ જા અને ખબરદારીથી દુશ્મનનાં લશ્કર ઉપર નેગાહ રાખી જંગમાં નામદારી મેળવ.

નામું લખ્યું અફ્રરાશ્યાબે તુસક તુરકી ઉપર તે દાસ્તાંન.

——:o:——

તે નરેશેર જોરેમંદ સપેહસાલાર સાથ, પાદશાહા અફ્રરાશ્યાબે એક નામું તુસક ઉપર લખી મોકલ્યું તેમાં ગાળ દઇને લખ્યું જે, "એ હેમક! તને કોણે કહયું જે એવો કીલ્લો મેલી લશ્કરને બાહાર કાહાડી તુ મેદાનમાં લડવાને જાય? જો તું કીલ્લાથી લશ્કરને લઇ બાહેર નહીં જતે તો દુશમન વરસ દસ તલગ તો પથ્થર સાથે પોતાનું સર કુટયા કરતે પણ એક તુરકી આદમીને મારી નહીં શકતે. ઓ કમઅકકલ! તેં મારૂં લશ્કર બેશુમાર નાહક મારી નંખાવ્યું; હવે તારી આગળ પેહલવાન શેરમંદ આવે ત્યારે તે કીલ્લાથી શેતાબ તું તુરાન સરજમીનની રાહ પકડજે ને તે મુલક તથા લશ્કર તથા તે જબરો કીલ્લો સર્વે શેરમંદને હવાલે કરી મારી હજુર તું નિકળી આવજે." તે કેતાબ ઉપર તે પાદશાહે પોતાની મોહોર કીધેલી હતી. તે કેતાબ શેરમંદના હાથમાં આપી કહયું જે "ઓ શેરમંદ! ખરઘાહની વેલાયત તરફ તું શેતાબીથી જા અને તે કીલ્લો તથા લશ્કરનો નેઘેહ-દાર તું થા. આ વખતથી તે વેલાયતનો પાદશાહ મેં તને કીધો છે. તે કીલ્લો ખબરદારીથી સાચવી રેહજે કારણ કે પેહલવાન ફ્રરામર્ઝ તારી રાહ બાંધી તને હેરાન કરે તેવો છે. તે સપેહસાલાર ફ્રરામર્ઝ જેવો પેહલવાન દુન્યામાં આજ કોઇજ હશે. હું ખુદાતાલા ઉપર ઉમે-દવાર છું, કે એ લડાઇમાં તને તે ખોદા ફતેહ આપે!" એટલું કહી શેરમંદને રૂખસદ આપી, તેથી તેણે તુરાન જમીનથી મંજલ દર મંજલ રાહ કાપી. એમ કરતાં રાત દીન મંજલે મંજલ રાહ કુચ કરતાં ચોથે દીન ઉગત રાહે લશ્કરને ઉતારી મુકામ કીધો પણ તે રાહની તરફ નામદાર ફ્રરામર્ઝ કમીગાહ કરી રાહ બાંધી બેઠેલો હતો, તે જગ્યાએ પેલો શેરમંદ આવી પોહોંચ્યો. તે ખબર સપેહસાલાર ફ્રરામર્ઝને

જાસુસે આપી કે આ શીહા રાતે તુરાની લશ્કર આવ્યું છે. તેજ વખત જાસુસ લોકોની ખબર સાંભળતાં ગરદનફરાજ ફરામર્ઝ ઘણોજ ખુશાલ થયો. તે નામદારે ફરમાવ્યું જે તમામ લશ્કર સવાર થાય, તે હોકમ સાંભળતાંજ તમામ ઇરાની ને જાબુલી લશ્કરે તે શીહા રાતે નરેશેર મીસાલે તૈયાર થઇ કીનાથી કમર બાંધી.

લડાઇ કીધી સપેહસાલાર ફરામર્ઝે સપેહસાલાર શેરમંદ સાથ અને માર્યો ગયો શેરમંદ તે નામદારના હાથ ઉપર તે હેવાલ.

——:०:——

શેરમંદનાં લશ્કર ઉપર નામદાર ફરામર્ઝ પોતાનાં તમામ લશ્કર સાથે જઇ પોહોંચ્યો કે ચારો તરફથી ધરપકડ થઇ. તે લશ્કરે તુરાની લશ્કર ઉપર તીરનો વરસાદ વરસાવ્યો. શેરમંદ ખોઆબથી જાગ્યો ત્યારે દીવાના મીસાલે પોતાના તેજ ઘોડા ઉપર સવાર થયો. તેણે પવન મીસાલે ઘોડાને તેજ કીધો. તે સપેહસાલાર પોકાર મારી તલવાર તથા તીર તથા ગોરજે કરી ઇરાની લશ્કરને રસ્તાખેજ દેખાડવા લાગ્યો. તેની શમશેર ને ગોરજ ને તીરથી ઇરાની લશ્કરના ઘણાએક પેહેલવાનો માર્યા ગયા અને કોઇને તેની સાથે લડવાની તાકત નહીં રહી. તે ખબર સપેહસાલાર ફરામર્ઝને હતી નહીં, સબબ કે શેરમર્દ ફરામર્ઝ પેલાં તુરાની લશ્કર ઉપર પોતે લડાઇ મારતો હતો. જ્યારે તે પેહેલવાનને ખબર પોહોંચી જે શેરમંદના હાથ ઉપર ઇરાની પેહેલ-વાનો માર્યા ગયા ત્યારે પેહેલવાન ફરામર્ઝે પોતે તે શેરમંદ ઉપર ઘોડો દપતાવ્યો. તેનાં હાથમાં ચાંચી કમાન ને ઝેરી ચીલ્લો ચહડાવેલો હતો. પેહેલવાન ફરામર્ઝે શેરમંદ તુરકીને દીઠો ત્યારે તેને કહ્યું જે "અય

બદબખ્ત! વાઘ વિના તેં જંગલ ખાલી દીઠું, તેથી તું લોંકડી લડાઇમાં દલેર થયો પણ હવે તું લડાઇના કરનાર શેરને દેખશે." ત્યારે શેરમંદે ફરામર્ઝને જવાબ દીધો, જે "અય તુંદ દલેર! તુને જોર તથા મરદાનગી હું શીખવું કે પોતાને હાથે તું મારા ફાંસામાં આવ્યો છે." પછી પેહેલવાન ફરામર્ઝને તે મુકાબલે થયો, શેરમંદનાં હાથમાં વિજળી મીસાલની તલવાર પકડેલી હતી, તેણે તે તલવારનો જરબ જંગી ફરામર્ઝ ઉપર માર્યો. એ રવેસ એક બીજા ઉપર હુમલો જારી થયો. નામદાર ફરામર્ઝે પોતાની ગરદન ઉપરથી સામેસવારનો ભારી ગોરજ ઉઠાવ્યો અને જોરથી તે ગોરજનો જરબ શેરમંદના સર ઉપર માર્યો કે તેથી તે તુરકીનું સર સુરમાની મીસાલે રેજેરેજ કરી નાંખ્યું કે તેનો પલીદ જીવ હવા માફક નિકળી ગયો. પછી તલવાર મ્યાનથી ખેંચીને સપેહસાલાર ફરામર્ઝે પોકાર માર્યો પોતાનું નામ જાહેર કરીને સર્વે લશ્કરને કહ્યું ને તે જંગીએ શેરમંદ તુરકીનાં લશ્કર ઉપર હુમલો કીધો. પેહેલવાન ફરામર્ઝના લશ્કરે એવું દીઠું જે શેરમંદ માર્યો ગયો ત્યારે તે જંગી લશ્કરે શેરમંદના લશ્કર ઉપર રસતાખેજ ઉઠાવી. તે તમામ લશ્કર મારતાં જે કોઇ રહયા, તે પોતાનાં જાન બચાવી નહાસી ગયા, તેથી તુરકી લશ્કરનો તમામ અસબાબ તે મેદાનમાં પડી રહયો. તે તમામ તુરાની સાજ સામાંન ઇરાની લશ્કરે લુટયો. સપેહસાલાર ફરામર્ઝ તે લડાઇથી ફારેગ થયો, ત્યારે તે લશ્કર સાથે ખુશદીલ પોતાનાં દેરા તરફ ચાલ્યો તો એક ઇરાની સીપાહે નામદાર ફરામર્ઝ નજદીક આવી કહ્યું, જે શેરમંદનાં દેહેરામાં આ એક કાગળ પડેલું હતું. તે કાગજ નામદાર ફરામર્ઝે નવીશંદાને લઇ વાંચવા કહ્યું. તે કાગજમાં તુરાનના પાદશાહે પેલા કીલ્લાની બીના સર્વે લખેલી હતી તે પેગામ હતો, કે પેગામ વાંચતાંવાર ખરગાહની વેલાયત ને કીલ્લો શેરમંદને હવાલે કરે. તે બીના જાણ્યાથી નામદાર ફરામર્ઝ ફીકરમંદ થયો. તેણે વીચાર્યું જે હવે કંઇ સીફત કરી એ કીલ્લો મારા હાથમાં લાવું. હું શેરમંદનો લેબાસ લઇને એ નામુ તુસક તુરકીને દેખાડું;

અબબ દાનાઓ ફરમાવી ગયા છે કે હુનરથી હાથ ખાલી થાય ત્યારે સીફત તથા ખ્યાલ કર્યે તો ભલું છે. અકલમંદ હોય તે સીફત કરી જીહાંગાર દેવને પણ બંધ કરે છે. પછી વીચાર કરી પેલું લશ્કર બન્ને રસ્તા ઉપર મેળેલું હતું. તે લશ્કરના સપેહસાલારો ઉપર કાગજ લખ્યું જે મારી તરફ જંગી શેરમંદ તુરકી લશ્કર સાથે આવેલો હતો તેની સાથે મને લડાઇ થઇ અને આખર ખોદાતાલાએ મને ફત્તેહમંદી આપી તેથી તે લશ્કર મારી શમશેરે મેં પરાગંદા કીધું. તે લશ્કરમાંથી થોડાક સીપાઇઓ જીવ લઇ નાહાસી ગયા છે બાકી તુરકી ને તેનું તમામ લશ્કર મારયું ગયું છે, પણ હવે હું તુરાની લેબાશ લઇ કીલ્લા ઉપર ચહડું છું, તેથી તમો એ લશ્કર સાથ મળી જઇ હુમલો લઇ આવી મારી સાથે તાલમેલથી લડાઇ કરો. તમો એ લડાઇ થોડોવાર મારી સાથે કરી સીફતથી પીઠ ફેરવી નાહાસજો કે એ કીલ્લાના લોકો તથા હાકમ એમ સમજશે કે તુરાની લશ્કર આપણી મદદે આવી પોહોંચ્યું તે લશ્કરે ઇરાની ફરામર્ઝને માર મારી શીકસ્ત દઇ નસાડયો, એ ગુમાન લાવી કીલ્લાનો દરવાજો ખોલી અંદર દાખલ કરશે. એ સીફત કર્યા વગર એ જબરો કીલ્લો આપણે હાથ આવનાર નથી. એ કીલ્લો સીધી લડાઇથી હાથ આવવો મુશકેલ છે. એ પેગામ સપેહ-સાલારો ઉપર શેતાબ મોકલી પેહેલવાન ફરામર્ઝે પોતાનાં લશ્કરને ફરમાવ્યું જે તમામ લશ્કર તુરાનીઓનો લેબાસ પેહેરે અને તેજ તલવાર તથા ગોરજ તથા નેજા તુરાનીઓની રવેશે બાંધે, અને ઘોડાને જીન પણ તેજ રવેશે ખેંચે. પછી નામના ઉઠાવનાર ફરામર્ઝ શેરમંદનું બખતર દીલમાં પેહેરી લઇ તેનીજ કોહોલા પોતાનાં સર ઉપર ધરી અને તેનાજ ઘોડા ઉપર સવાર થયો અને નીશાનબી તેનીજ ઉભી કીધી. એ રવેશે સર્વે તૈયારી કરી પેલા સપેહસાલાર બીજન ને જેરસપવાળા લશકરની તરફ તેણે મોહ ધયું.

હવે પેલી તરફ નામદાર ફરામર્ઝનો પેગામ તે સપેહસાલારોએ વાંચી તેજ વખત તે બે લશ્કર સાથે મળી જઇ પેલા કીલ્લા તરફ

ચાલ્યું. નામદાર ફરામર્ઝનું લશ્કર પેલાં લશ્કર સામે થયું ત્યારે થોડોક વાર માંહોમાંહે ખોટી લડાઈ શરૂ કરી પછી પેલું ઇરાની લશ્કર મેદાનથી મોંહ ફેરવી નહાસવા લાગ્યું. તેની પુઠે જંગી ફરામર્ઝ કોસ બે તલગ ઢોંગથી લડાઇ કરતો ગયો. તે તમાશો પેલા કીલ્લાની ઉપરના લોકો નજરે જોતા હતા; એમ કરતાં લડાઈ મારી નામદાર ફરામર્ઝ પાછો પેલા કીલ્લા તરફ આવ્યો; ત્યારે કીલ્લાના લોકોએ જાણ્યું કે તુરાનથી કોઇ સપેહસાલાર સાથ લશ્કર આપણી મદદે આવ્યું તે લશ્કર. ઉપર ઇરાની લશ્કરે હુમલો કીધો પણ તેમાં તુરાનીઓએ ઇરાનીઓને મારીને નસાડયા. એ લશ્કરની મદદે આપણે જઇએ તો એકે એક ઇરાનીઓને મારીને નસાડયે; તે કીલ્લાના તુરકીઓ એ વાત કરતા હતા, તેવામાં પેહલવાન ફરામર્ઝનું લશ્કર તુરાની પોશાકવાળું કીલ્લા આગળ આવી પોહોંચ્યું કે નામદાર ફરામર્ઝ શેતાબ પેલા કીલ્લાના દરવાજા નજદીક જઇ કહયું જે "હું પાદશાહ અફરાસ્યાબથી એક નામું જંગી તુસક પાસે લાવ્યો છું, કે જંગી સપેહસાલાર તુસકનું લશકર માર્યું ગયું તેથી તે પાદશાહ ઇરાનીઓ ઉપર ઘણોજ ગુસ્સે થયો છે, તે નામદાર પાદશાહે મને લશકર આપી મોકલ્યો છે. કે હું ખબરદાર થઇ લશકરને નેવાહ રાખું અને ઇરાનીઓથી ખબરદાર રહું" એટલું કહી પેગામ દેખાડયો. તુરાનના પાદશાહ અફરાસ્યાબની મોહોર સાથે તે કીલ્લાનાં લોકોએ પેગામ જોયો ત્યારે કીલ્લાના લોકો ખુશી થયા અને શેતાબ તે દરવાજો ખોલ્યો કે જંગી ફરામર્ઝ કીલ્લા ઉપર લશકર સાથે ચહડયો. એવી સીફત કરી નામદાર ફરામર્ઝ તે કીલ્લામાં પેઠો ત્યારે પોતે તથા લશકરે શેતાબ તેજ તલવાર ખેંચી તે જગ્યાએ કોઇને નાહાસવાની ફુરસદ દીધી નહીં તેથી તમામ લશકર માર્યું ગયું. જેથી તે કીલ્લો લાલાનાં ચમનની મીસાલે થઇ ગયો. તે કીલ્લાનો હાકમ તુસક પોતે તુંદી સાથે જંગી ફરામર્ઝ ઉપર હુમલો લઇ આવ્યો કે ફરામર્ઝે તલવારનો જરબ એવો તો તે તુરકી ઉપર સફાઇથી માર્યો કે તેનાં તનના બે ટુકડા થઇ તે ખાકમાં લેટયો. એ

રવેસ એકજ જખમે તે જંગી ઘોડા સાથે ટુકડા થઇ ગયો તેમજ તે નામદારની તેજ તલવારથી તે કીલ્લામાં કોઇ જીવતું નહીંજ રહયું અને સહવારથી સાંજ લગી તે બુલંદ પાહાડ ઉપરના કીલ્લામાં કોઇ તુરાની નામે જીવતું જણાયું નહીં, એ રવેસે તે તુરકીઓ ઉપર રસ્તાખેજ ગુજરી. તે કીલ્લો એવો પાયમાલ કીધો કે તેની દેવાલ સર્વે ચોતરફ્થી તોડી પાડી નાંખી. તે કીલ્લાનાં લોકો ગરીબ કંગાળ હતા તે સર્વે ફ્રરામર્ઝની નજદીક આવ્યા અને આંખમાં આંસુ લાવી મીનતજારી કરી કહેવાં લાગ્યા કે "અય નામદાર! અમો ગરીબ રૈયતને ખોદાતાલાને વાસ્તે જીવતદાન બક્ષ!" તેથી જોરેમંદ ફ્રરામર્ઝે મહેરબાની કરી તે લોકોને જીવતદાન બક્ષ્યું અને હુકમ કીધો કે જે કાંઇ માલ ખજાનો હોય તે સર્વે એ કીલ્લા ઉપરથી નીચે ઉતારો પછી તે સર્વે લઇ ફ્રરામર્ઝ તથા લશકર સર્વે નીચે ઉતર્યા અને તે કીલ્લો જમીન બરાબર કરી દીધો, કારણ કે તે કીલ્લો ઘણો મજબુત હતો. પછી તે કીલ્લાની પાદશાહી બીજા શખસને હવાલે કીધી. તેને કેટલીક નસીહત કીધા પછી નામદાર ફ્રરામર્ઝે તે કીલ્લો ફ્તેહ કીધો તેની ખુશ ખબરની વધાઇ પાદશાહ કેખુશરો તથા પોતાના પેદર તેહમતન રૂસ્તમ ઉપર લખી મોકલી.

કીલ્લાની ફ્તેહનું નામું લખ્યું નામદાર ફ્રરામર્ઝે ઇરાનના શાહાનશાહ કેખુશરો ઉપર તે દાસ્તાંન.

———:o:———

નવીશંદાને બોલાવી નામુ લખવા ફરમાવ્યું તેમાં અવ્વલ ખુદાતાલાનું નામ લખાવ્યું કે "તે સાહેબ સર્વેની મનશાની મુજબ નવાજનારો તથા ફ્તેહનો દેનાર તથા તમામ જેહાનનો પેદાનો કરનાર છે કે

જેની એજમતથી આફતાબ તથા માહતાબ રોશન છે. તે બેહુ જેહાનને પેદા કરનારા સાહેબે ઇરાન સરજમીનની પાદશાહાત ઉપર તું રોશન તાલે શાહાનશાહને તખ્તનશીન કીધો છે. તે ઉપર જેહાનથી હજારો હજાર દુવા હોજો કે તે અદલ શાહાનશાહના ઇનસાફથી તમામ જેહાન આબાદ અને અદલ છે. તું તમામ પાદશાહો ઉપર શાહાનશાહ ફરેદુનની બુન્યાદનો રાખનાર જોરેમંદ શાહાનશાહ છે. એ શાહાનશાહ તારાં રોશન બખ્તની મદદથી મેં લશકર ખેંચ્યું અને ખરધાહના મુલકની વેલાયત તરફ આવ્યો પણ રાહમાં એક મોટો કીલ્લો એવો તો બીકટ અને ઉંચો હતો કે જેનું સર આસમાન સાથે લાગેલું હતું. દુનિયામાં તમામ જબરા કીલ્લામાં તે બેહદ જબરો ને નહીં જીતાય તેવો હતો ત્યાં તુરક હાકમી ચલાવતો હતો. તે દલેર તુરકી ઘણો જોરાવર ને કવી બાજુનો હતો; અને તે નામદારી ભરેલી પાદશાહી બુનિયાદનો હતો. તે પેહેલવાન ખરગાહની વેલાયતનો ગોયા પાદશાહ હતો અને ત્યાંના તમામ ગંજ તથા લશકરનો નેગેહદાર હતો. તે તમામ વેલાયત તેના હુકમમાં હતી, પણ જ્યારે મારી ખબર તેને પોહોંચી ત્યારે જંગી લશકર લઇ તે કીસ્તીઓમાં બેસી પાર ઉતર્યો અને તમામ લસકર લઇ મારી તરફ મોહો ધર્યું અને બેપીકર થઇ મારી ઉપર શબેખુન કીધું તે જંગમાં અય પાદશાહ! તારાં રોશન બખ્તની મદદે તથા પાક યઝદાંનની બરકતથી તેનાં તમામ લશકરની લોથે કરી તે મેદાન ને જંગલ ભરાઇ ગયું અને કાંઇ જુજબી રહ્યું તે ત્યાંથી જીવ લઇ નાઠું અને કીસ્તી ઉપર સવાર થઇ તે બુલંદ કીલ્લામાં ચહડી જઇ દરવાજા બંધ કરી બેઠું. પછી હું કીલ્લાની આસપાસ ઘણો ફર્યો પણ તે ઉપર ચહડવાનો તથા લડવાનો મારગ નહીં જોઇ હું નાઉમેદ થયો, એટલામાં પાક દાદગર દાદાર મને તે રાહાનો દેખાડનાર થયો. તુરાનથી અફ્રાસ્યાબનો પેગામ લઇ સપેહસાલાર શેરમંદ તે કીલ્લાનો તથા વેલાયતનો પાદશાહ થવા આવ્યો હતો તે શખસ મારા હાથ ઉપર માર્યો ગયો તેનાં દેહેરામાંથી અફ્રાસ્યાબનું પેગામનામુ મારે હાથ આવ્યું તે લઇ મેં મારા

લશ્કરને તથા હું પોતે તુરકી શેરમંદને નામે તેનું તુરાની લશ્કર અની જઇ તે નામે તે કીલ્લા ઉપર ચહડયો અને તેમાં પેઠો. તે પછી ત્યાં લડાઇ કીધી" તે સર્વે બીનાનું તપસીલવાર ફ્રરામર્ઝે શાહાનશાહ ઉપર બ્યાન કીધું અને બીજું લખ્યું જે "હવે હું એ જગાથી શ્રી હીંદુસ્તાન તરફ ઉતરી જાવું છું અને તમામ હીંદુસ્તાનનો મુલક જીરોજબર કરી નાખું છું. એ પેગામનામાની કેતાબનો જવાબ પાછો ફરી વળે ત્યાંલગી બેઠેલોજ છું, કે તું રોશનબખ્ત પાદશાહ હોકમ કરે તોં હું શ્રી હીંદુસ્તાન કુચ કરી જાવું." તે પેગામનામું લખી મોહોર કીધી, પછી પેલા કીલ્લાથી જે કાંઇ સોનું, રૂપું તથા ઝવેરાત મોતી હાથ આવેલાં હતાં, તે ખજાનો ચરમમાં ભરીને ઉંટપર લાધ્યો અને તે સર્વે સામાન સાથે એક નામદાર પેહેલવાનને મોકલ્યો. તે ઇરાન સરજમીન પાદશાહની દરઘાહમાં આવી પોહોંચ્યો ત્યારે તેણે કેખુશરોનાં તખ્તની નજદીક જઇ જમીનને બોસો દીધો અને પાદશાહનાં તાજ તખ્ત ઉપર ઘણીક દુવા કીધી, પછી સપેહસાલાર ફ્રરામર્ઝનું નામું પાદશાહનાં હાથમાં આપ્યું, તે નામું પાદશાહની આગળ નવીશંદાએ વાંચ્યું તે સાંભળી કેખુશરો બેશુમાર ખુશાલીમાં આવ્યો. તે નામદાર શાહાનશાહે પેહેલવાન ફ્રરામર્ઝ ઉપર ઘણીએક દુવા કીધી કે સામેસવારનાં દસતાને જાલેજરનાં તેહેમતન રૂસ્તમના બેટાથી એવાં નામદારી ભરેલાં કામ થાય કે તે બેટો ઘણો રોશન બખ્તનો પેહેલવાન પેદા થયો છે.

જવાબ લખ્યો પાદશાહ કેખુશરોએ નામના ઉઠાવનાર ફ્રરામર્ઝનાં પેગામ નામાનો તે દાસ્તાન.

——:o:——

પછી તેજ વખત જેહાનના પાદશાહે નવીશંદાને ફરમાવ્યું જે જરી કપડાં ઉપર સોનેરી ખતે તે નામાનો જવાબ લખે. તે હુકમ થતાંવાર નવીશંદાએ અવ્વલ તે નામાની શરૂઆતમાં પાક ખોદાવંદતાલાનું નામ લખ્યું કે "તે સાહેબ કુલ મખલુકાત સરજનાર અને એક કતરા પાણીમાંથી આદમીની સુરતને પેદાનો કરનાર છે. તે સાહેબની પેહેલવાન ફ્રરામર્ઝ ઉપર બેશુમાર મેહેરબાની ઉતરજો કે દુશમનો જીરજબર થાય છે. અને બેહેસ્તમાં સામ ને નરીમાન ને જેહાંપેહેલવાન કેરશાસ્પનાં અશો રવાન ઉપર દુવા હોજો કે તું નામદાર તે બુનિયાદ ધરાવે છે; તેથી તું જંગીને હમેશાં ખુશાલી ને રામશની હોજો! તારાં નામાંનો સંદેશો મને પોહોંચ્યો છે. તું નામદારને એવુંજ ઘટે કે કોઇનું બુરૂં નહીં કરે. હવે જ્યારે એ નામું તું વાંચે ત્યારે શેતાબ શ્રી હીંદુસ્તાન ઉપર લશકર ખેંચજે અને તે તરફની વેલાયતના જાદુગરોથી જમીન ખાલી કરજે. તું નામદાર તે જેહાનને બુરાઓના હાથથી છોડવજે અને ચીતા તથા હરણને એક જંગલમાં સાથે ચરતાં કરજે. ઓ નેક પેહેલવાન! તમામ બુતપરસ્તી નાબુદ કરી નાંખજે ને ગંજ ખજાનો ખરચ કરવામાં હાથ લાંબો રાખજે. રાહમાં કોઇ ઉપર વગર તકસીરે નાહેક જુલમ ના કરતો; ખેડુત તથા કણબીને આજાર દેતો ના. જે વાતમાં ખોદા રાજી રહે તેવું કામ કરજે." એટલું લખાવી તે ઉપર પોતાના નામની ખાસ મોહોર કીધી. તે મોહોર અમબર ને કસ્તુરીની હતી; પછી પાદશાહે પેલા એલચીને સરોપાવ આપ્યો, તે સરોપાવ જોઇ તે તમામ મીજલસના નામદારો અજબ રહયા. તે સરોપાવ સોનેરી પાખરનો ઘોડો તથા સોનેરી કાહોલા તથા સોનાની મુથનાં હથિઆર એવો સાજ પાદશાહે આપી તે એલચીને નામું આપ્યું, જે લઇ એલચી તે પાદશાહને દુવા દઇ વિદાય થયો. તે રાત દીન

પેહેલવાન ફરામર્ઝ તરફ રાહ માપવા લાગ્યો; તેણે શેતાબ મંજલ દર મંજલ રાહ કાપતો કેટલેક દાહડે તે પેહેલવાનની નજદીક આવી જમીનને બોસો દઇ પાદશાહની કેતાબ તે પેહેલવાનના દસ્તમાં આપી. તે વાંચી નામદાર ફરામર્ઝે શુક્રાના કીધા ને દુવા માંગી કહ્યું કે "અય બારેતાલા! એવા નેક પાદશાહને તખ્ત ઉપર હમેશાં કાયમ રાખજે!" એ મીસાલે ઘણીક દુવા કહી મિજલસ સમારી સર્વે ખુશાલીમાં બેઠા અને પરીને ચેહેરાના શાકી લોકો લાલ શરાબના દોર ફેરવવા લાગ્યા ને રામશગરોના સરોદનો અવાજ આસમાન ઉપર જવા લાગ્યો તેથી ગોયા આસમાન ઉપરથી ફરેસ્તાઓ પણ નીચે ઉતરવાને ચાહતા હતા. તે મિજલસમાં સર્વે નામદારોનાં મોહોનો રંગ લાલાનાં ફુલની મિસાલે ખીલ્યો હતો અને શરાબના દોર ફેરવનારાઓના મોહોનો રંગ શરાબનાં દોરમાં મસ્ત હતો. એ રવેશે નામદારો સર્વે ખુશીમાં હતા. શરાબથી ફારેગ થયા ત્યાર પછી તરેહ તરેહનાં રંગબેરંગી ફુલ તથા ચંપેલી તથા ગોલાબ તથા ગુલદાવરી તથા ગુલચંપેલીના તોરા બનાવીને પોતાના મગજને ખુશ કરતા. એવી રામશની તથા ગરીબ લોકોને બક્ષેસ કરવામાં ઘણા દાહડા સુધી પેહેલવાન ફરામર્ઝ આસુદા નહીં હતો. તે મીજલસ એક મહિનો સુધી મેહેમાનીમાં હતી, અને તે મીજલસમાં કોઇને ગમી કે ફિકર હતી નહીં.

હવાલે કીધી ખરગાહની વેલાયત નામદાર ફરામર્ઝે નશતોરનને અને લશકર ખેંચ્યું શ્રી હીંદુસ્તાન ઉપર તે નામદારે તે હકીકત.

—:o:—

પછી નામદાર ફરામર્ઝે હોકમ કીધો જે નગારાં નફેરીના આવાજ શરૂ કરે, અને લશ્કર તૈયાર થાય. પછી તે ખરગાહની વેલાયત એક

નામદાર નશતોરન નામનાં પેહેલવાનને કેટલુંએક લશ્કર હવાલે કીધી. તે નામદારે નશતોરનને કહ્યું જે "તું રાત દીન ખબરદારીથી રહેજે અને લશ્કરને દુશ્મનથી નેધાહ રાખજે. અગર તુરકી લશ્કર આવે તો તે સાથે હુશ્યારીથી લડાઇ કરજે અને તેથી મ્હો ફેરવતો ના. જીનહાર તુરકી લશ્કરથી ડર ના પકડતો પણ શેતાબ જાસુસ આદમી દોડાવીને જાબુલસ્તાન બુઝર્ગ જાલેજરને ખબર કરજે, કે તે બુઝર્ગ પેદર હરેક વાતે તારી મદદ કરશે ને તુને કાંઇ ફિકર પોહોંચવા દેશે નહીં. તુરાની લશ્કર તારી ઉપર લડવાને આવે ત્યારે તું નહાસી જઇ એ વેલાયત ખાલી કરતો ના. જો તે વખતે જાબુલસ્તાનમાં તેહેમતન રૂસ્તમ પોતેજ હશે તો તે તારી ઘણીજ મદદ કરશે ને દુશ્મનથી તને કશી વાતની દખલ નહીંજ પોહોંચવા દેશે." એ રવેશ કહી તે નામદાર સપેહસાલારે પોતાનાં લશ્કર સાથે પવનની મીસાલે કુચ કરી હીંદુસ્નાન આવી પોહોંચ્યો ત્યારે જોય શું કે તે હીંદુ રાજનો મુલક સર્વે બુતપરસ્તી અસલ માફક નજર આવ્યો.

જઇ પોહોંચ્યો પેહેલવાંન ફ્રરામર્ઝ હીંદુસ્તાનનાં કનોજ શેહેરની તરફ અને લડાઇ ઉઠાવી માહરાજા રાએહીંદી સાથે તે દાસ્તાન.

—:o:—

હવે એ નામાંનો જોડનાર શાહેર અબુતાહેર તરશુશી લખે છે કે જ્યારે પેહેલવાન ફ્રરામર્ઝ શ્રી હીંદુસ્તાન આવી લાગ્યો ત્યાં એક ભારી માવેનો રાજા હતો. તેનું નામ માહરાજા રાએ હીંદી હતું. તે માહરાજાનો હોકમ સીંધનાં દરીયાવ લગી ચાલતો હતો અને તેનું લશ્કર

હાથી તથા ગંજ ખજાનો બેશુમાર હતો. તે માહરાજાને હીંદુસ્તાનના તેત્રીસ રાજા સલામી આપતા હતા એવો તે મોટો માહરાજા હતો. નામજોય ફ્રામર્ઝે પોતાના નવીશંદાને બોલાવ્યો અને ફરમાવ્યું જે એક નામું માહરાજા રાએ હીંદી ઉપર લખ; જે સર્વે બીના તેને માલુમ થાય; તેથી નવીશંદાએ નામાં ઉપર પ્રથમ ખોદાવંદતાલાનું નામ લખ્યું જે "ખોદાવંદતાલા જે બેનમુન છે તેનો શરીક કોઇ નથી. આસમાન, જમીન, આફ્તાબ તથા માહાતાબ તેનાં હોકમથી ફરે છે; તેથી અય હીંદુસ્તાનનાં માહરાજા! તુંને તાજ, તખ્ત તથા ગંજ ખજાનો ઘણો છે અને ચીનનાં મુલકની હદથી તે સીંધના દરીઆવ સુધી સર્વે મુલક ઉપર તારો હોકમ ચાલે છે, પણ તેં સાંભળ્યું હશે જે પાણી, આતશ, ખાક તથા પવન જે દીનથી ખોદાતાલાએ જેહાનમાં પેદા કીધા, તે દીનથી તે આજદીન સુધી પાદશાહોનો પાદશાહ કેખુશરો પાક દિલનો યજદાંપરસ્ત જેવો કોઇ બીજો શાહાનશાહ નથી. તે અદલ શાહાનશાહ મેહેરબાની, પ્યાર, ખુબી, દાદ, કૌવત તથા અજમતનો ધણી છે. તે નામદાર શાહાનશાહના હાથથી તમામ અહેરેમનનાં કામ ફના થયાં છે અને જેહાનનાં પાદશાહો તેની આગળ બંદા મીસાલ ફરમાબરદારીની કમર બાંધી હાથ બક્ષ કરી ઉભા છે. ઓ માહરાજા! તેં તે મુલક તથા જમીન દીઠી નથી. તે નામદાર શાહાનશાહનાં હોકમમાં તું સર ધરે અને સલામી આપવાની કબુલ કરે તો ઘણું સારૂં થાય અને તારો કનોજનો મુલક આબાદ રહે; અગર નહીં તો એ હીંદુસ્તાનનાં તમામ મુલકને તથા જાદુગર લોકોને તથા તારાં તમામ લસ્કરને મારી તેજ તલવારે બરહમ મારીશ અને પાયમાલ કરી નાખીશ. ઓ માહરાજા! મને મારા નેક પાદશાહે નસીહત કીધી છે અને કહ્યું છે જે શખ્સ કીનો કરવાથી દુર રહે તેને અકલમંદ દાનાવ મર્દ જાણજે, તેથી આ નામું એટલા વાસ્તે લખ્યું છે કે તું હીંદુસ્તાનનો માહરાજા મારી વાત સાંભળે તો આખર પશેમાંન થાય નહીં. દાનાવ લોકો કહી ગયા છે, કે દુવાથી લ્યાનત ઘણી બુરી છે." એ મીસાલે તે નામામાં ઘણીએક બીના

લખી મોહોર કીધી અને પેહેલવાન ગેઆનોશને પોતાની નજદીક બોલાવી કહ્યું જે "અય દાનાવ ને જંગી પીરમર્દ! તું અકલનો ખાવંદ અને હીંદી ઝબાનનો સમજનાર છે તેથી એ નામું લઇ તે માહરાજા રાએહીંદી નજદીક જા." એ હોકમ સાંભળી બુઝર્ગ ગેઆનોશ દેલાવર ફ્રરામર્ઝને કુરનસ બજાવી તે નામું લઇ નિકળ્યો. તે એલચી દસ દાહાડે રાએહીંદીના મુલકની હદમાં આવી પોહોંચ્યો. તેણે ખબર મોકલી કે જેહાંપેહેલવાન રૂસ્તમના બેટા પેહેલવાન ફ્રરામર્ઝનો એલચી આવ્યો છે. જ્યારે રાએહીંદીને તે ઇરાની એલચીની ખબર પોહોંચી ત્યારે તેણે હોકમ કીધો જે હાથી તથા નગારાં સાથ લશ્કર તે એલચીને એસ્તેકબાલ લેવા જાય. તે હોકમ સાંભળી સર્વે સરદાર બુઝર્ગ ગેઆનોશને એસ્તેકબાલ ગયા અને બાઆબરૂ તે નામદાર એલચીને શેહેરમાં લાવ્યા. જ્યારે દાનાવ ગેઆનોશ રાએ હીંદી હજુર આવ્યો ત્યારે જોય શું કે તે રાજાનું અયવાન બાગની મીસાલનું હતું. ત્યાં એક તખ્ત મેળેલું હતું, તે તખ્તના પાયા બીલોરના અને વાઘ તથા હરણની સુરતના હતા. તે તખ્ત ઉપર હીંદુસ્તાનનો પાદશાહ રાએહીંદી માહતાબ મિસાલે બેઠેલો હતો. તે માહરાજાનો દબદબો ઘણો ભારી હતો. તે જોઇ બુઢા ગેઆનોશે જમીનને સેજદો કરી તે ઉપર ઘણીક દુઆ કીધી. પછી રાએહીંદીએ હુકમ કીધો તેથી તખ્તની આગલ સોનાની ખુરશી ઉગર બુઝર્ગ ગેઆનોશને બેસાડયો, તેજ વખત પેહેલવાન ફ્રરામર્ઝનું નામુ તે બુઝર્ગે હજુરમાં આપ્યું જેથી નવીશંદાએ તે નામુ વાંચીને હીંદી ઝબાનમાં રાજાને સમજાવ્યું. તે સાંભળી રાએહીંદી ઘણો ગુસ્સે થયો અને પોતાની આંખ ઉપર ચીલ્લો ચહડાવીને તખ્ત ઉપરથી ઉઠી ઉભો થયો. તેણે હીંદી ઝબાનમાં કહ્યું જે "ઇરાનીઓ કોણ છે? તે કયો ટોલો છે? તેઓનો પેશો શું છે? તેઓને કોણે દીઠા છે કે તે લોકો હીંદુસ્તાનનાં મુલકમાં આવીને એ માફક દલેરીની દીંગ મારે છે? જો ઇરાનમાં પાદશાહ કેખુશરો છે તો આજનાં વખતમાં મારી પાદશાહી તથા તખ્ત ને તાજ કાંઇ નવું નથી. ઓલાદ દર ઓલાદ હીંદુસ્તાનનો હું મોટો

માહરાજા છું, મારા જેવા પાસ એવો ડર દેખાડી સલામી માંગવી તે દાનાવ ને દલેરનું કામ નથી. જો ઇરાનનાં તખ્ત ઉપર તે નવો પાદશાહ બેઠો છે, તો તે નવા પાદશાહને મારાં તમામ લશ્કર સાથે જંગના મેદાનમાં બાહાર નિકળું તો પાયમાલ કરી નાખું. વાઘનાં મકાનમાં હરણુથી કેમ આરામ થાય?" એવા સખુન સાંભળી ગેઆનોશે જવાબ દીધો, જે "માહરાજાઓને ગુસ્સો કરવો ઘટારત નહીં. એ માહરાજા! હું રાસ્તી કહૂં છું જે પેહેલવાન ફરામર્ઝના જંગ ને કામ તું આશાન જાણુવામાં ભુલે છે. લડાઇને વખત મારા એ સખુન યાદ કરશે. હમારો પાદશાહ જેહુનનાં દરીયાવમાંથી વગર કીસ્તીએ ચાલીને આવ્યો એવી મેહેરબાની ખોદાતાલાની તેની ઉપર છે, એ વાત સર્વે કોઇને રોશન છે. એ અજમતી પાદશાહને તુરાની લશ્કર પકડવા આવ્યું, તે જંગી લશ્કર માર્યું ગયું. આદરબાદમાં શેહેરમાં એક ગોફો દેજેબહમન નામનો હતો. ત્યાં જુલમગાર લોકો રહેતા હતા. તે તમામ ખલકને આજાર દેતા હતા. જે કીલ્લો કોઇથી જીતી શકાતો નહીં હતો. તે જગ્યા એ પાદશાહે પોતે જાતે જઇને પોતાની જવાંમરદીથી તમામ જુલમગારોને માર્યા અને પોતાની અજમતને જોરે તે ગોફાને પાક કીધો તેથી ઉગમણુથી તે આઠમણુ સુધી સર્વે તે શાહાનશાહની ફરમાબરદારીમાં કમર બાંધી છે. તુશ તથાં ગોદરેજ જેવા તેના જંગી લશ્કરના સરદારો છે ને તેહેમતન તાજબક્ષ રૂસ્તમ જેવો જેનો પોસ્તપનાહ પેહેલવાન છે. તે શાહાનશાહથી તુર્કસ્તાનનો જોરાવર પાદશાહ લોંકડીની મીસાલ ડર પકડી ભરાઇ બેઠો છે. ખરગાહની વેલાયત એ પેહેલવાન ફરામર્ઝે જીરોજબર કીધી છે. તે નામદારે તારી નજદીક ખુબીથી સંદેશો મોકલ્યો કે કીનાની તલવાર મ્યાનમાં રેહે ને ફેશાદ નહીં થાય. પણુ એ માહરાજા! તું તો લડાઇની વાત કરે છે પણુ એ વાતમાં હું તારી જેહેમતનો છેડો જોતો નથી."

જવાબ લખ્યો રાએ હીંદીએ સપેહસાલાર ફ્રરામર્ઝના પેગામનો તે દાસ્તાંન.

—— :o: ——

એ સખુન ગેઆનોશની ઝબાનથી સાંભળી માહરાજા રાએ હીંદીએ કહયું કે "એ નેક મરદ! તેં જે કાંઇ મને વાત કહી તેથી હું બેપરવાહ છું. હવે તું હયાંથી પાછો ફરીને શીતાબ જઇ મારો જવાબ પેહલવાન ફ્રરામર્ઝને કહે કે "એ નવા સપેહસાલાર પેહલવાન! પોતાના મનથી પોતાનું કૌવત બુલંદ જાણ્યું છે તો શું થયું? પણ તેં મરદોની બાજુ નથી દીઠી, માટે તેં પોતાની બાજુ સાથે જોર કરીને હરણ સાથે લડાઇઓ કીધી છે, તે જાતનું હું કાંઇ હરણ નથી ને તું કાંઇ શેકારી વાઘ નથી. તું લડાઇને વખત મને દેખશે જે કોણ શેર ને કોણ લોંકડી છે. વાસ્તે બુઝર્ગીનાં તખ્ત ઉપર હું ઢીલ નહીં કરૂં. એક મારી હીંદી તલવાર અને લડાઇનું મેદાન તું ફ્રરામર્ઝને તથા તારાં સર્વે લશ્કરને હું દેખાડું." એટલું કહી ગેઆનોશને વાસ્તે એક સરપાવ મંગાવ્યો, જે સરપાવ તમામ સોનેરી પાદશાહી લાયકનો હતો તે તેને આપી રૂખસદ દીધી. બુઢો ગેઆનોશ સપેહસાલાર ફ્રરામર્ઝની નજદીક આવ્યો ત્યારે રાએ હીંદીની તમામ વાતથી તે દેલાવરને વાકેફ કીધો.

હવે પેલી તરફ શેતાબ રાએ હીંદીએ હુકમ કીધો, જે તમામ લશ્કર તૈયાર થાય અને નગારાં નફેરીનાં અવાજથી આસમાન ગાજતું કરે. એ હુકમ સાંભળતાં વાર રાએ હીંદીના દરવાજા આગળ ચીનનું, હીંદનું કાશમીરનું તથા સીંધ વગેરે સર્વે સલામી આપનારા રાજાઓનું લશ્કર તૈયાર થયું, તે લશ્કરના સરદારોને રાએહીંદીએ ફ્રરમાવ્યું જે તમામ લશ્કર શહેરની બાહેર કહાડી મેદાનમાં જમાવ કરો. તે હોકમ માફ્રક હીંદી લશ્કર મેદાનમાં ચાલ્યું. તે લશ્કરમાં લડાયક સવારો ત્રણ લાખથી જ્યાદા હતા. તે લશ્કરમાં એક સપેહસાલાર

પેહલવાન હતો જેનું નામ નામદાર તોજાનો હતું. તે એવો જોરેમંદ પેહલવાન હતો, જે તેનું નામ તમામ હીંદુસ્તાનમાં જાહેર હતું. તે મરદ એક દેવ જેવો બદશીકલ હતો. તે નાપેકાર ગોયા દોજખના ધુંમાડાના ધુંવાથીજ સરજ્યો હોય. તે હીંદી કદમાં બેહદ ઉંચો હતો. તે નાપેકારના દાંત હાથીની મીસાલના હતા; તે દાંત બાહેર નીકળેલા હતા. તેની આંખો ગોયા લોહીની મીસાલે ખુન ભરેલી હતી, અને તેની બન્ને બાજુ હાથીની રાન મીસાલ હતી. તે કૌવતમાં સીંહની મીસાલનો ને ચુંગાલમાં શેરની મીસાલનો અને દોડવામાં પવનની મીસાલનો અને જોવામાં કાફર મીસાલનો ડરામણો હતો. તેના ભારથી જમીન ધુજતી હતી. તે બદ શીકલના તોજનાને રાએ હીંદીએ પોતાનાં ખાસ લશ્કરમાંથી. પચાસ હજાર સવાર હવાલે આપી હુકમ કીધો જે તું શેતાબ ઇરાની લશ્કરની સામે જા ને જે કોઇ દલેરો હીંદુસ્તાન ઉપર કમર બાંધી આવ્યા છે તે સર્વેનાં સર ખાકમાં નાંખ. મેદાનમાં તું રાત દીન આપણાં લશ્કરની ખબરદારીને વાસ્તે પાસબાની રાખજે અને બેશુમાર ખબરદારીથી રહેજે. એટલું માહરાજા રાએ હીંદીનું બોલવું કે તોજાનો હાથી તથા નગારાં સાથે તે ભારી લશ્કર લઇ નામદાર ફરામર્ઝની તરફ કીના ભરેલા તેજ અઝદાહ મીસાલે ચાલ્યો. તે લશ્કરના શોરશારથી અને ઘોડાઓની નાલે જમાનો જોશ ભરેલો થયો. એ રવેસે જુમબેશ ભરેલું લશ્કર પેહલવાન ફરામર્ઝ તરફ શેતાબ કુચ કરતું આવી પોહોંચ્યું.

જુદા ગેઆનોશની ઝબાનથી ફરામર્ઝે રાએ હીંદીનો જવાબ સાંભળી આતશની મીસાલે જોશમાં આવી હોકમ કીધો, જે હાથી ઉપર નગારૂં બાંધે ને લશ્કર તૈયાર થાય. પછી પોતે ભુખ્યા શેર મીસાલે ઘોડે સ્વાર થયો તે નગારાં નફેરીનાં અવાજ સાથે લશ્કર સાથ મેદાનમાં નિકળ્યો, એ મીસાલે તે લશ્કરો જંગના મેદાનમાં એક એકની મુકાબલે થઇ ઉભાં.

લડાઇ કીધી નામદાર ફ્રામર્ઝે રાએ હીંદીના પેહલવાનો સાથે તે દાસ્તાંન.

———:o:———

તે મેદાનમાં બન્ને લશ્કરે સફ ખેંચીને દિલ કીના ભરેલાં કીધાં ને એ તરફ પેહલવાન ફ્રામર્ઝે પોતાની જગા કલબધાહમાં આરાસ્તા કીધી. તે નામદારે પોતાની ડાબી બાજુ ગેઆનોશને રાખ્યો ને જમણી બાજુ તોખારે તથા બીજનને સોંપી. તે લશ્કરની આગળ લોહોંડાંની પાખરના ચાર હાથી રાખ્યા ને તે હાથીની પછવાડે તીરનદાજી લશ્કરના સવારોને રાખ્યા. તે જંગી સવારો એવા તો હતા જે તેઓનાં તીર પાહાડના દીલ વીંધી નાંખે, એ મીસાલ લશ્કર આરાસ્તા કીધું હવે પેલી તરફ હીંદુસ્તાનના સરદાર તોજાનાએ પોતાના લશ્કરને લોઢાંની પાખર સાથેના હાથીઓ સાથે તૈયાર કીધું ને જમણી તથા ડાબી બાજુ નામીચા હીંદી સવારોને રાખ્યા. પછી બેઉ તરફનાં લશ્કરમાંથી લડાઇનાં નગારાંનો અવાજ નિકળ્યો, તે સાંભળી દલેર સવારો જોસ્સામાં આવી એક એકમાં ભેળાઇ ગયા અને બન્ને લશ્કર જુમબેસમાં આવ્યાં. તેનો પોકાર સાંભળી આસમાન અજબ થવા લાગ્યું ને ગોરજ તથા નેજાથી જમીન અઝદાહ મીસાલ નજર આવવા લાગી. તે જંગથી ઉડતી ગેરદે હવા એટલી તો અંધારી થઇ કે આદમીને આદમી નજર નહીં આવતાં હતાં. વીજળીની મીસાલ તલવારો ચમકતી હતી, તેથી આદમીઓનાં સર જમીન ઉપર પડતાં ને ઇરાની તથા જાબુલી સવારો હીંદી લશ્કરને જીરોજબર કરી નાંખતા હતા. એવામાં દલેર ફ્રામર્ઝે શમશેર ખેંચી ભુખા શેર મીસાલે હીંદી લશ્કરના પેહલવાનો ઉપર હુમલો કીધો, અને જે તરપ હુંમલો કરતો તે તરફ હીંદી સો સવારો ખાકમાં નાંખતો. તે એક પોકાર મારતો તેનો અવાજ સાંભળી હીંદી લશ્કર પરાગંદે થઇ નામદાર ફ્રામર્ઝને આગળ જવાની રાહ આપતું. તે નામદારના ઘોડાની રેકાબ જોઇ તમામ લશ્કર અજબ થતું હતું. તેનો દબ-

દફો જોઇ તે આગળ કોઇ ઉભું રહેતું નહીં હતું. તે શેરદેલ ચાંચી કમાન ઉપર તીર ખેંચીને મારતો ત્યારે તે તીરથી એક એક હાથીને જમીન ઉપર નાખતો હતો. પોતનો ફંદો છુટો કરતો ત્યારે જેમ માહી જાળમાં આવી ફસી પડે તે મીસાલે સવારો બંદમાં આવી જતા તે ઇરાની લશ્કરને હવાલે કરતો હતો. એ મીસાલે તે નામદારે ઘણાએક હીંદી પેહલવાનોને કેદ પકડયા. રાએ હીંદીના સપેહસાલાર તોજાનાએ પોતાના લશ્કરની એવી ખરાબી દીઠી, ત્યારે ગુસ્સામાં આવી એક પોકાર બબર જાનવર મીસાલ માર્યો અને શીતાબ તે પાઉંપ્યાદો દોડતો જંગી ફ્રરામર્ઝની સામે આવ્યો. તો દલેર ફ્રરામર્ઝ જોય શું કે એક દેવ શીહા મોહડાંનો કદમાં ઉંચો ગોયા ડુંગર હતો, જો કે તે નામદાર પોતે ઘોડે સ્વાર હતો ને તે જમીન ઉપર ઉભેલો હતો તે છતાં તે હીંદી તેની બરાબર આવ્યો! બુલંદીમાં એક દરખ્ત મીસાલનો જેથી તેને જોયાથી નામદાર ફ્રરામર્ઝ અંદેશામાં પડી ગયો, પણ હીંમત પકડી તે પોકાર મારી હીંદી ઝબાનમાં તે અબલીસ હીંદીને કહેવા લાગ્યો કે "અય બદ કેરદાર દેવ! મારી લડાઇમાં તું જેવા એકસો દેવ આવે તો હોકમ પાક પરવરદેગારનો છે તો સર્વેનાં સરને ખાકના બીછાના ઉપર લોહીએ ગગરતાં નાખું. હું લડાઇને વખત મારો નેજો ઉઠાવું છું, ત્યારે તું જેવા નાપેકાર દેવોનાં સરને સુરમાની મીસાલે રજેરજ કરી નાખું છું. તું મને બેહુદું બોલે છે તો મારા ભારી ગોરજ તથા તલવારનો નાસ્તો તને કરાવું છું, પણ એ નાપેકાર શીહા મોહોના! હવે તો તું પોતાને પગે ચાલીને મારી ફાંસીમાંજ આવ્યો છે." ત્યારે તોજાનાએ કહયું જે "અય લડાયક શેરદલેર! કીનાને વખતે એટલી ગોફતેગો શા વાસ્તે કરવી પડે છે? જો તું લડાઇ કરવા આવ્યો છે, તો શેતાબ લડાઇ ઉઠાવ, નહીં તો તું તારે માર્ગે ચાલ્યો જા કે હું તને રાહ આપું અગર નહીં તો તું તારાં લશ્કરની ખુહારી કરશે. તું મારી લડાઇથી તાબેશ રાખી શકશે નહીં મારી સખતીથી મસ્ત વાઘ નાસીને લોંકડી મીસાલે ડરી બેસે છે. ઓ પેહલવાન! તારી ઉપર મને ઘણી મેહેરબાની આવે છે કે

હું તને જાન બક્ષું. સબબ તારી જુવાની તથા તારો ચેહેરો તથા તારી લાલ જેવી આંખો તથા તારાં ચાંચી કમાન જેવા ભવાં ને તારો મસ્ત પાહાડ જેવો સીનો જોઇ મને અફસોસ લાગે છે કે તું એવો ખુબસુરત નવજવાન નાહક મારા હાથ ઉપર માર્યો જશે, તો એવારેસ તારૂં લશ્કર સર્વે નાહક નાશ પામશે. તમામ દુનિયાના દલેર લોકો મને ત્રીસ હજાર પેહલવાન બરાબર કૌવતમંદ ગણે છે. મને તારૂં લશ્કર મારવું આશાન છે. મારો જંગનો હુન્નર છે તે તું શેર નરને દેખાડું જે તે તું જોતાંજ તું પસંદ કરી હેરત થઇ ખ્યાલમાં પડશે."

લડાઇ કીધી તોજાનાએ નામદાર ફ્રરામર્ઝના હાથીઓ સાથે તે દાસ્તાંન.

——:o;——

એટલું કહી તોજાનો પેહલવાન ફ્રરામર્ઝના હાથીઓમાં ધુસ્યો. તે સંઘમાં આગળ એક હાથી ઘણો મસ્ત હતો. તે હાથીની આગળ ગયો અને વાઘની મીસાલે પોકાર મારી તેની સુંઢ પકડી, તે એટલા વાસ્તે કે તે હાથી લશ્કરની આગળ ઘણો લડનાર હતો. તે જોઇ હાથીએ ઘણું જોર કીધું કે તેના હાથથી સુંઢને છોડવે પણ કંઇ કરતાં તે સુંઢ તોજાનાના હાથથી છુટી નહીં, જેથી હાથીએ મસ્ત થઇ ઘણુંજ જોર કીધું તેની ગેરદથી હવા તમામ શીહા રંગની થઇ ગઇ. આખરે હાથીએ નાહાવાનો રસ્તો પકડયો પણ તોજાનાએ એક જોર એવો કીધો, કે તે હાથીની સુંઢ તોડી નાંખી તોપણ તે હાથી સુંઢ તુટેલો કેટલાક કોસ નાસી ગયો. પછી બીજો હાથી તેના આગળ હતો તેને તોજાનાએ બે હાથે ઉઠાવીને એવો તો જોરથી જમીન ઉપર પટકયો કે તે હાથીનો જીવ શેતાબ નીકળી ગયો. પછી ભુખ્યો શેર ગોસ્પંદના ટોળાંમાં જઇ પડે ને ખરાબી કરે, તે મીસાલે ઇરાની લશ્કરમાં દાખલ થઇ તે

તમામ લશ્કરની સફને પરાગંદે કરી. તે હીંદીએ એક હુમલામાં કેટલાએક સવારોને જાનથી બેજાન કરી નાંખ્યા. તે લડાઇની ગેરદે ત્યાં દહાડો શીહા રાત મીસાલે નજર આવવા લાગ્યો. આફતાબ તે ગેરદમાં છુપો થઇ બેઠો. તે તોજાનાની શીકલ જોઇને ઇરાની લશકર નહાસવા લાગ્યું. તે સામે કોઇ પેહલવાનને લડવાની તાકાત રહી નહીં. એવો મામલો જોઇ દલેર ફરામર્ઝે ગુસ્સામાં આવી એક પોકાર માર્યો. તે પોતાનાં લશ્કરને કહેવા લાગ્યો કે "તમોને શરમ આવે છે કે નહીં? એક નાપાક પાઉપ્યાદા દેવને જોઇને તમો પોતાની પીઠ ફેરવો છો? જો લડાઇ હારશો તો તમો ઇરાન જમીનના પાદશાહની આગળ શું જવાબ દેશો? અને કયું મોહ દેખાડશો? તમારા હાથ પગ સુસ્ત કેમ થઇ ગયા?" એવો અવાજ જંગી ફરામર્ઝનો સાંભળી તમામ લશ્કર હીંમત પકડી શેતાબ તોજાનાની આસપાસ ફરી વળ્યું અને નાસભાગમાં પડેલા સવારો ફરામર્ઝના કહેવાથી જંગમાં ટકાવ કરી નામને ખાતર તે મેદાનમાં ઉભા.

લડાઇ કીધી તોજાનાએ નામદાર ફરામર્ઝની સાથે ને પકડાઇ ગયો તોજાનો તે પેહલવાનના દસ્ત ઉપર તે દાસ્તાંન.

——:o:——

લશ્કર પાછું સપેહસાલાર ફરામર્ઝની નજદીક આવ્યું, ત્યારે નામદાર ફરામર્ઝે તોજાનાની તરફ દોડતો જઇને એક પોકાર બાહારના વાદળની મીસાલ માર્યો. તે પોકારથી બે તરફનાં લશ્કર ડર ને દેહેશત ભરેલાં થયાં. પછી નામદાર ફરામર્ઝ તોજાનાને કહેવા લાગ્યો જે "હવે તું તેજ તલવારનો તમાશો જો." જેથી તે મસ્ત દેવે શેતાબ નામદાર ફરામર્ઝ સામે આવી પોકાર માર્યો. તે જોઇ પેહલવાન ફરા-

મર્ઝે પોતાના દીલમાં વીચાર્યું જે એ હીંદીને જીવતો પકડું તો હીંદી ખલકત મારેથી ડર ભરેલી થશે. એ અંદેશો કરીને તેણે હીંદી સાથે લડાઇ શરૂ કીધી. અવલ એક બીજા ઉપર હુમલો કીધા પછી આખર નામદાર ફરામર્ઝે તે હીંદીની ગરદન ઉપર કમંદ નાખી. તે કમંદનો ફાંદો તેની ગરદનમાં આબાદ જઇ પડયો; ત્યારે તે ફાંદાની રસી દલેર ફરામર્ઝે ખેંચી એક આંચકો એવો તો જોર કરી માર્યો કે તે હીંદી પલીદને જમીન ઉપર ખાકમાં લોટતો નાખ્યો, ત્યારે તે સરકસ હીંદીએ ઘણીએક કોશેશ કીધી, કે તે ફાંદો તોડીને નાહાસે પણ બેશુમાર જોર કરવાથી તે તમામ જમીન ખોદાઇ ગઇ પણ તે ફાંદાથી ખલાસ પામ્યો નહીં. દલેર ફરામર્ઝે જોયું કે તે નાપેકારમાં જોર ઘણું છે, તેથી પોતાનો ઘોડો આગળ ચલાવ્યો અને જીનના હરનાં ઉપરથી પોતાનો ગોરજ ઉઠાવી તેનો જરબ તે નાપેકાર હીંદીના સર ઉપર માર્યો કે તે જખમથી તોજાનો બેહોશ થઇ પડયો. પછી તે નામદારે પોતાના ઇરાની દલેરોને હોકમ કરી તેના હાથ લોખંડની સાંકળે ઓસ્તવાર બંધાવ્યા પછી તેના સર્વે તન ઉપર પોલાદની સાંકળો સીકડી લીધી. તેનાં સર્વે તન ઉપર તે સાંકળોનાં ચાલીસ બંદ નાંખ્યા તેમજ પચાસ રસીઓથી તેને તમામ તનબદન ગીરફતાર કીધો. તેના હાથ પગ જંજીરોથી બંદમાં લીધા કે લડાઇનાં મેદાનમાંથી તેને ખેંચતા તે જંગી પેહલવાનો ઇરાની લશ્કરમાં લઇ ગયા અને તેને એક ઝાડ સાથે ઓસ્તવાર બાંધ્યો. તે ઝાડ વામ સીત્તેર પોહોળું ને બુલંદ હતું. ત્યાં રાતને વખતે તે હીંદીની ચોકીને વાસ્તે સો પેહેલવાનો રાખ્યા. બન્ને લશ્કર મેદાનમાંથી પાછાં ફર્યાં અને નામદાર ફરામર્ઝ ફતેહમંદી સાથે પોતાના મુકામપર આવ્યો ને તમામ નામદારો સાથે મીજલસ સમારી ખાનું ખાઇ અને શરાબ પી તનદરોસ્ત થયો ત્યારે અરધી રાત ગુજરી હતી. ત્યારે પેલો નાપાક તોજાનો જેને પેલાં ઝાડ સાથે બાંધેલો હતો, તેણે એક જોર એવું તો કીધું કે તેણે પોતાના તન ઉપર જે બંધ બાંધેલા હતા તે તથા પોલાદની સાંકળ સર્વે તોડી નાંખી છુટો થયો. તેણે

એક ઝાડ જમીનમાંથી ઉખેડી ઉઠાવ્યું ને નરે શેર મીસાલનો એક પોકાર માર્યો ને ઇરાની લશ્કરને કુટી મારવા લાગ્યો. તેણે સહેજ વારમાં કેટલાએક સવારો બેજાન કીધા. બીજા ચોકીબાન લોકોએ એ મામલો દીઠો, ત્યારે શોર પોકાર કરી તમામ લશ્કર ખ્વાબથી બેદાર કીધું તેથી ધરપકડ બાંધ મારનો ગુલબાન ઉડી રહયો. નામદાર ફ્રરામર્ઝ તે શોર સાંભળી શેતાબ પોતાના દેરામાંથી બાહેર નીકળ્યો ને તેજ ઘોડા ઉપર સવાર થઈ હાથમાં પેચદાર ફાંદો પકડતોજ જોશ કરતો તોજાનો મસ્તી કરતો હતો અને ઇરાની સવારોને જમીનદોસ્ત પાડતો હતો તે તરફ આવી શેતાબ તે હીંદી ઉપર ફાંદો નાંખ્યો. તે જોઇ તોજાનાએ જમીનથી ઘણો ઉંચો કુદી પેલું હાથમાં પકડેલું ઝાડ ફ્રરામર્ઝ ઉપર માર્યું. તેજ વખત ફ્રરામર્ઝનો ઘોડો એક તરફ ખસી ગયો, તોપણ તે ઝાડનો જરબ તેની દુમ ઉપર લાગવાથી તે ઘોડો દરદમંદ થઇ પોકાર મારવા લાગ્યો, એવામાં શેરદેલ ફ્રરામર્ઝે શમશેર ખેંચી તેનાં સર ઉપર મારી પણ તે જરબ તે પલીદનાં પોલાદ તન ઉપર કારગાહ થયો નહીં. પછી તે હીંદીએ ચુંગાલ મારી એક ભારી પથર ઉઠાવ્યો તે પથર વજનમાં બસો મનથી જ્યાદા હતો તે ફ્રરામર્ઝને છુટો મારયો; તેજ વખત જંગી ફ્રરામર્ઝે ઢાલ પકડી, તેથી તે પત્થર ઢાલ સાથે લાગી ટુકડા થઇ ગયા. આ જોરથી જંગી ફ્રરામર્ઝ દેલથી ગમગીન થઇ પાક યઝદાંને યાદ કરી શેતાબ કમાનને ચીલો ચઢાવી એક ખદંગી તીર એવો ખેંચ્યો જે અગર લોહોડાંનાં પાહાડને મારે તો તેને પણ વીંધી નાંખે, તે તોજાના ઉપર માર્યો તેનો જરબ તેની છાતીમાં બેઠો. એવામાં વળી એક બીજો તીર તેની બાજુ ઉપર માર્યો અને એક ત્રીજો તીર તેનાં પગની રાણમાં માર્યો. એ મીસાલ કેટલાએક તીર પેદરપે માર્યો તેથી તે રીમન હીંદીના તનમાંથી લોહીનાં ફુવારા જારી થયા. તે જખમી થઇ જમીન ઉપર બેસી ગયો તેજ વખત શેરની હીંમતના ફ્રરામર્ઝે તલવાર ખેંચી એક જરબ એવો માર્યો કે શેતાબ તેનાં તન ઉપરથી સર દડીની મીસાલ ઉડી ગયું. તે હીંદી માર્યો ગયો ત્યારે

નામદાર ફ્રરામર્ઝે હુકમ કીધો, કે આપણું તમામ લશ્કર તૈયાર થઇને જ્યાં હીંદી લશ્કર પડેલું છે ત્યાં જઇને શેકશત દીએ. એ હુકમ સાંભળી તેજ વખત જમની તરફ્થી બુઢો ગેઆનોશ લશ્કર લઇ બાહાર નિકળ્યો ને ડાબી તરફ્થી જંગી બેજન તથા તોખારે પોતાનાં લશ્કર સાથે નિકળી હીંદી લશ્કર ઉપર કતલ ચલાવવા લાગ્યા. તે મેદાનમાં એક રસ્તાખેજ મીસાલની લડાઇ ઉઠી ઉભી થઇ. તે જંગમાં ઇરાની તથા જાબુલી સવારોના દસ્ત ઉપર હીંદી લશ્કર ઘણું માર્યું ગયું. એમ કરતાં તે હીંદી દલેરોને એવી ખબર થઇ જે તોજાનો માર્યો ગયો ને હવે આપણે નાહેક આપણી ખરાબી કર્યે છીયે એવા વીચારથી જે લશ્કર સલામત રહ્યું હતું તે પોતાના જાન સલામત લઇ રાએહીંદીની તરફ નિકળી ચાલ્યું. જંગગાહમાં એટલા તો મુવેલા માણસ પડયા હતા કે રાહ બંધ થઇ હતી. રાએ હીંદીને જંગની શેકસ્તની સર્વે ખબર તે સલામત બચી નાસી ગયલાં તેના લશ્કરે કહી કે હીંદુઓથી જેહાંન ખાલી થઇ છે. ઇરાનીઓનાં લશ્કરથી એક નવજુવાન પેહેલવાન એવો તો આવ્યો છે જે તેના હાથ ઉપર આપણું સર્વે લશ્કર માર્યું ગયું અને આપણે ભારી ખતા ખાધી છે ને શેકસ્ત પામ્યા છે. પછી રાએ હીંદીએ તજવીજ કરીને પુછ્યું જે લડાઇ કેમ થઇ ને તોજાનો કેમ માર્યો ગયો? ઇરાનીઓ શી રવેશે લડયા અને તોજાનાને મારનારો મરદ કોણ હતો? એ રવેશે પુછ્યું ત્યારે તેનાં લશ્કરે સર્વે લડાઇની બીનાં અવલથી તે આખર લગી બ્યાન કરી કે "અય પાદશાહ! ઇરાની લશ્કરથી એક પેહેલવાન હીંદી લશ્કર ઉપર કીના સાથે આવ્યો છે. તે નવજવાન છે અને તેનાં મોહોડાં ઉપર કસ્તુરી મીસાલના બાલ છે. તે જંગીનાં જોર આગળ વાઘથી ઉભું રહેવાય નહીં તેવો તે દલેર છે. તેનો પોકાર ગોયા તુફાન છે. તેની બે બાજુ હાથીની રાણ મીસાલે છે. તેની ચુંગાળ દિવાના વાઘની મીસાલની છે, તેનું મોહોડું ગોલાબ તથા લાલાનાં ફુલની મીસાલનું છે. તે ઉંચો તો સરવનાં ઝાડ જેવો છે, તે દેખઇતો આતશના ડુંગર જેવો અને કમરે બારીક ને સીને ફરાખ છે. તે તમામ હુન્નરમાં

ઘણોજ ખબરદાર છે, તેવા પેહેલવાની હુન્નર કોઇએ કદાપી નજરે જોયા હશે. તેની તલવાર તથા ગોરજ તથા નેજો પાણી તથા આતશથી ડરતી નથી. જેહાન તે વાઘથી અજબ રહે છે. તેનો ચેહેરો જોયાથી બુઢો મરદ નવજવાન થાય; જો પાદશાહા તું તેની સાથે લડાઇ કરવાને ચાહે છે તો કોણ જાણે જે તે જેહાંપેહેલવાન સાથે આ જંગનો શું ફેંજ થશે? આ વેલાયત તથા જમીન તે પેહેલવાનથી કેવી હોનારતે પોહોં-ચશે? હવે આપણાં લશ્કરમાં એવો કોણ મરદ છે, જે લડાઇને વખત તેની સામે ઉભો રહે? તે પેહેલવાન તો લડાઇને મેહેમાની બરાબર ગણે છે."

લશ્કર ખેંચ્યું રાએહીંદીએ નામદાર ફ્રામર્ઝ ઉપર તે દાસ્તાન.

:o:

રાએહીંદીએ એવી નાખુશ ખબર સાંભળી ત્યારે તેણે ગુસ્સા તથા તુંદી કરી હુકમ કીધો, જે બેશુમાર લશ્કર કનોજ, કેશ્મીરી, હીંદી સીંધી તથા ચીની હાજર થાય. તે માહારાજાએ શેતાબ ફરમાવ્યું જે સાતસો હાથી લોહોડાંની પાખરનાં તલવાર તથા ગોરજ તથા નેજા વગેરે હથિયાર સાથે આગળ ચાલતા થાય. તે હોકમ સાંભળી મસ્ત હાથી તથા જંગી સીપાહીઓથી તમામ જમીન હલમલી રહી. દરીયાવમાં કીસ્તી ચાલે તે મીસાલે તે જોરાવર લશ્કરથી તમામ જમીન ને મેદાન માલમ પડતું હતું. તે હીંદી લશ્કરનો સુમાર કહાડયો ત્યારે ત્રણ લાખ સવારથી જ્યાદા હતું. તે લશ્કર મેદાનમાં બાહાર પડયું ત્યારે નગારાં નફેરીના અવાજ તથા ઘોડાઓના પોકારથી પત્થરોનાં દિલ ફાટવા લાગ્યાં. વાજીં-ત્રના શોરથી આસમાનના કાન પણ બેહેરા થયા, એ રવેશે જુમબેશ ભરેલું તે હીંદી લશ્કર ચાલ્યું, જેની ગેરદથી આફતાબ ઢંકાઇ ગયો ને તમામ જેહાન રાતની મીસાલે અંધારી થઇ ગઇ. એમ કરતાં તે લશ્કરે

ત્રણ મંજલ આગળ ચાલી કુશાદ મેદાનમાં જઇ દેરા તંબુ મારી મુકામ કીધો. તે લશ્કરનો ફેલાવો ફરશંગ સાત લગી યાને અઠાવીશ ગાઉ થયો હતો. એ તરેહનું ભારી લશ્કર નામદાર ફરામર્ઝના લશ્કર સામે આવી મુકામ કરી પડયું.

હવે પેલી તરફ નામદારી ભરેલા ફરામર્ઝને ખબર થઇ જે હીંદનું બેશુમાર લશ્કર આવી પોહોંચ્યું, તે લશ્કરે સામેનાં જંગલમાં મુકામ કીધો છે. તે ખબર સાંભળતાંવાર દલેર ફરામર્ઝ પણ લશ્કર તૈયાર કરી તેની સામે થયો. હીંદનાં લશ્કર નજદીક આવી પોહોંચ્યું ત્યારે પેહેલવાને પોતાનાં લશ્કરના દાનાવ લોકોને કહ્યું જે આપણાં લશ્કરથી કોઇ ખબરદાર જાસુસને મોકલી હીંદી લશ્કરની ખબર મંગાવો કે તે હીંદી લશ્કર કયાં છે? ને તે લોકને આપણી ખબર છે કે નહીં? તે સર્વે વાતની ચોકકસ ખબર લાવે, તેવા હુશિયાર મરદને મોકલો. એ હુકમ થતાંવાર એક ખબરદાર જાસુસને હીંદી લશ્કરમાં તુરત મોકલ્યો. તે છુપા લેબાસે તે હીંદી લશ્કરમાં જઇ પોહોંચ્યો ને સર્વે લશ્કર તથા સરદારોની તથા સાજ સામાનની સર્વે વાતથી વાકેફ થઇ તેણે ત્યાંથી પાછો ફરી નામદાર ફરામર્ઝ નજદીક આવી હકીકત કહી, કે તે મુદઇનું લશ્કર ત્રણ લાખ છે તે લશ્કરમાં સાતસો હાથી છે, લડાયક પેહેલવાનો પણ ઘણા છે. જંગી ફરામર્ઝ એ ખબર સાંભળી ફીકરથી અદેશો કરી પોતાનાં જોરેમંદ પેહેલવાનોને બોલાવી મસ્લેહત કરવા બેઠો. તે દુરઅંદેશો કરી કહેવા લાગ્યો કે "ઓ નામદારો! તમોને ખબર હશે પણ હીંદી દુશ્મનનું લશ્કર બેશુમાર તૈયાર થયું છે, તેથી હું એક ચારો કરૂં કે એલચી થઇ તે દુશ્મનનાં લશ્કરમાં જાઉં અને મારી નજરે રાએહીંદીનો દબદબો તથા લશ્કર જોઉં. તે માહ-રાજાની મરદાનગી તથા દાનાઇની અજમાયશ કરૂં, કે તે તમામ હીંદુ-સ્તાનનો માહારાજા કહેવાય છે, તેથી તેની અકલ કેવી છે તે પીછાણું. અગરજો તે સુલેહ કરશે તો ઘણુંજ બેહેતર થશે નહીંતો નાહક લાખો માનવીના જીવની ખરાબી થશે. એ વખત એ જંગનું કામ ઘણુંજ

ભારી થઇ પડશે. હું નથી જાણતો, જે આકેબત પાક યઝદાં કોણને ફતેમંદી ને કોણને શીકસ્ત આપશે?" એ વાત શેરદેલ ફરામર્ઝની ઝબાનથી સાંભળી તમામ ઇરાની પેહેલવાનો કહેવા લાગ્યા, કે "અય નામદારી ભરેલા સરદાર! તને એ બળતા આતશમાં પગે ચાલી જવું સજાવાર નથી. એ વાત દાનાવો જીનહાર કબુલ નહીં કરે. આ હીંદુ લોકો દગા ને કપટના ભરેલા છે તેઓ તું નામદારને ઓળખશે, તો તને ત્યાંથી પાછું આવવું ઘણું મુશકેલ થઇ પડશે. કદાપી આસમાનની ઉલટી ચાલથી તે જોરેમંદ માહારાજાના ફાંદામાં તું જઇ પડશે ને તારા જીવની ખરાબી થશે તો અમો ઇરાનના રોશનતાલે પાદશાહને શું જવાબ દઇશું? વળી જેહાંપેહેલવાન રૂસ્તમ અમોને જીવથી મારશે." એનો દેલાવર ફરામર્ઝે જવાબ દીધો, જે "એ વાતથી કાંઇ બીહીવું નહીં. આકેબત સર્વે કોઇને ખાકનું બીછાણું છે. અગર મારી ઉમર એક હજાર વરસની હશે, તોપણ આખર મને મોત છોડવાનું નથી. ભલી યા બુરી કરણી કયામત લગી રહી જશે. મારા હકમાં ભલું એ છે જે મરદાનગીમાં મારૂં નામ રોશન કરૂં કે જમાના તલગ યાદગાર રહી જાય, અગરજો હીંદુસ્તાનમાંજ મારી આખર નકી હશે તો હું હયાંથી જીવતો સલામત જનાર નથી. આપણા તનને જીવની માયા ઘણી મજબુત છે પણ જીવને તનની માયા નથી. સાદી જગ્યા હોય યા ખરાબ જગ્યા હોય તોપણ જીવ તનને તે જગા પડતું મુકી શેતાબ નિકળી જાય છે." એ સખુન સાંભળી તમામ નામદાર જંગીઓએ ઉભા થઇ હાથબક્ષ કરી ઘણીએક નસીહતની વાત કહી ને ઓજરખાહી કીધી પણ નામના ઉઠાવનાર ફરામર્ઝે કોઇની વાત સાંભળી નહીં. તે નામદારે ઝબાન ઉપર પાક યઝદાંનતું નામ લઇ પોતાનો કમરબંધ તંગ કરી બાંધ્યો.

ગયો નામદાર ફરામર્ઝ એલચી થઇ રાએ હીંદીની નજદીક અને તેની સાથે સવાલ જવાબ કીધા તે દાસ્તાન.

———:o:———

જંગી ફરામર્ઝે એલચીનો લેબાસ પહેર્યો અને હુકમ કરીને નામદાર જોહારેનો એક બેટો હોમાયુન નામનો હતો, તેને પોતાની નજદીક બોલાવ્યો તે શાહજાદો જોવામાં, પેશાનીમાં તથા કદમાં હુબેહુબ ગોયા બીજો જંગી ફરામર્ઝ હતો. તે નામદારને દલેર ફરામર્ઝે તમામ લશકરનો સપેહસાલાર કીધો ને કહયું જે "હું રાએ હીંદી પાસે જાઉં છું તેથી તમામ લશકર તથા નીશાન મેં તું નામદારને સોંપ્યું છે. ખબરદાર રહેજે એ જંગી હુમાયુન ને લશ્કરની આસપાસ તલાયા ફરતા રાખજે. ઉંચા પહાડના મથાળે દીદબાન લોકોને ખબરદારીથી બેસાડજે કે જેઓ તકેદારીથી દુશમનનાં લશ્કરની ખબર રાખે." એ મીસાલે ઘણીએક નસીહત દીધા બાદ પોતાનાં લશ્કરમાંથી એક હજાર સવાર તે નામદાર પોતાની સાથે લઇ ગોયા આઝર ગુશસ્પ મીસાલે માહરાજા રાએ હીંદીનાં લશ્કર તરપ્ફ ચાલ્યો. તે નામદારને ત્રણ દહાડા ને ત્રણ રાત કુચ કરતાં ચોથા દહાડાની બામદાદ થઇ ત્યારે રાહમાં એક હીંદી મરદ રાએ હીંદીનાં લશ્કરનો પાસબાન હતો તે જંગી ફરામર્ઝને આવી મળ્યો. તે પાસબાને તે નામદાર નજદીક આવી પુછયું જે "નામદારી ભરેલા મરદ! તું મારી નજદીક રાસ્તી બોલ કે તારૂં નામ શું છે? ને તારી બુન્યાદ કોણથી છે? તું કયાં જવાને ચાહે છે?" નામદાર ફરામર્ઝે જવાબ દીધો, જે "અય મરદ હું ઇરાની છું; તું મને નથી જાણતો તેથી તારી આગળ હું શું કહું? નામદાર ફરામર્ઝ તે જેહાંપેહલવાન રૂસ્તમનો બેટો તે કેખુશરો પાદશાહના હોકમથી આ હીંદ વેલાયત તરફ આવ્યો છે તેનો હું ફરમાબરદાર છું. તે નામદારી ભરેલા જંગી ફરામર્ઝે મને

પાદશાહ રાએ હીંદી પાસે એલચી મોકલ્યો છે, તે નામદાર પેહલવાન ફરામર્ઝનો પેગામ માહરાજા રાયે હીંદીને પોહોંચાડવા જાઉં છું. તે માહરાજા રાએ હીંદીને ખબર પોહોંચાડ કે નામના ઉઠાવનાર ફરામર્ઝનો એક પેહલવાન એલચી તારી તરફ આવ્યો છે." તે સાંભળી તે પાસબાને જઇ માહરાજા રાએ હીંદીને સર્વે ખબર કીધી. તે સાંભળી માહરાજાએ ફરમાવ્યું જે તે એલચીને મારી નજદીક લાવે. તે હોકમ મુજબ તે પાસબાન આવી નામદાર ફરામર્ઝને રાએ હીંદી પાસે લઇ ગયો. પેહલવાન ફરામર્ઝ રાએ હીંદી પાસે ગયો ત્યારે ઘોડેથી ઉતરી પ્યાદો થઇ ચાલ્યો. રાએ હીંદીએ તે શેરમર્દને જોયો કે જાણે તે એક ભારી ઝળકાટ ભરેલો ડુંગર ચાલ્યો આવે છે, તે જોઇ તે હીંદી માહરાજાનું મન ઘણું ખુશી થયું. જો તે નામદારનો ચેહેરો કોઇ બીમાર આદમી દેખે તો તેની તે બીમારીબી શેતાબ નિકળી જાય અને તેનું દિલ ટુંક વખતમાં ગોલાબના ફુલ મીસાલ ખીલી જાય. તે નામદાર ફરામર્ઝનું મોહ બેહસ્તના બાગ મીસાલે રોશન તથા આંખો ગોયા લાલ માનેક મીસાલ રોશન હતાં. મરદાનગીમાં તો આસમાને ગોયા દુનિયાની મરદાનગી તેનેજ બક્ષી હતી. તે કદમાં ગોયા સીધા સરવ મીસાલનો હતો. એવો ખુબી ભરેલો પેહલવાન જોઇ રાએ હીંદી તાજુબ થયો. તે માહરાજા પોતે તે નામદારનું દીદાર તથા કદ તથા બાજુ સર્વે જોયાથી મેહરબાની ભરેલો થયો. રાએ હીંદીની નજદીક નવજવાન ફરામર્ઝ જઇ ઉભો, ત્યારે તે માહરાજા ઉપર તેણે કેટલીએક આફ્રીન કીધી. રાએ હીંદીએ હોકમ કીધો, જે એને સોનાની ખુરસી પર બેસાડો, એવો હુકમ સાંભળતાં વાર ખીદમતગાર લોકોએ સોનાની ખાસ ખુરસી લાવી આગળ મુકી, જે ઉપર નામદાર ફરામર્ઝ બેઠો. તે નામદારની બેસવાની રીત તથા તેના શાકર મીસાલના મીઠા સખુનોના કલામ ને તેની નાની ઉમર ને બુઝર્ગ દાનાઇ જોઇ પાદશાહ ઘણો અજબ થયો. તે માહરાજા હીંદી ઝબાનમાં ખોદાનું નામ બોલ્યા બાદ ફરામર્ઝને કહેવા લાગ્યો જે "અય પેહલવાન! તું

તારા સરદાર ફ્રરામર્ઝ પાસ શું સંદેશો લાવ્યો છે? જે મુરાદ હોય તે જાહેર કર!"

નામના ઉઠાવનાર ફ્રરામર્ઝે તે માહરાજાને કેટલીક દુવા કરીને બાતાઝીમ કહયું જે "અય હીંદુસ્તાનના માહરાજા! મારા સપેહસાલાર ફ્રરામર્ઝે દોઆ તથા આફ્રીન સાથે તારી નજદીક મને મોકલ્યો છે. તે જેહાં પેહલવાન તાજબક્ષ રૂસ્તમનો બેટો લડાઇનો મારનાર ફ્રરામર્ઝ કહેવાય છે. તેને ઇરાન જમીનના પાકતન શાહાનશાહ કેખુશરોએ હુકમ કરીને આ તરફ મોકલ્યો છે, કે સીંધના દરીયાવ સુધી તમામ હીંદુસ્તાનનો મુલક જેર કરે ને તેજ તલવારને જોરે માહરાજા રાએ હીંદી પાસેથી સલામી લે. ઓ માહરાજા! તું હીંદુસ્તાનનો જોરેમંદ તાજદાર દાદ તથા ઇનસાફ રાખતો હોય તો તારી દમનની ચાલથી પગને આગળ ના ધર. તું માહરાજાને ખબર નથી પણ તે પાદશાહોનો પાદશાહ નુરમંદ જમશેદ તથા દેવબંદ તેહેમુરસ્પ તથા હોશમંદ હોશંગ તથા ફ્રત્તેહમંદ ફ્રરેદુનની બુન્યાદના શાહાનશાહ કેકોબાદથી બુન્યાદ રાખે છે. તેનો હોકમ તમામ જેહાનમાં ફ્રરી વળ્યો છે. તે નવો શાહાનશાહ કેખુશરો ઇરાન સરજમીન દરમ્યાન બુલંદ તખ્ત ઉપર બેઠો છે. તે નેક શાહાનશાહે તમામ મુલકે મુલક પોતાના નામદારોને લશકર આપી સલામી લેવા મોકલ્યા છે. તે નામદાર શાહાનશાહ તખ્ત ઉપર આવ્યા પછી તમામ પાદશાહો તેની ફ્રરમાબરદારીની કમર બાંધી તેનાં તખ્ત આગળ આવી ગયા, તે મીસાલે તું માહરાજા પણ હીંદુસ્તાનનો મોટો પાદશાહ કહેવાય છે તેથી દાદ તથા ઇન્સાફ રાખતો હોય તો ફ્રરમાબરદારીની કમર બાંધી બંદા મીસાલે મારી નજદીક આવ, કે આપણે બેઉ જન સુલેહ કરી ઇરાન જમીન તરફ પાક તનના પાદશાહ કેખુશરોની નજદીક જઇએ કે એ તમામ ફ્રેસાદ નાબુદ થાય. જો તું માહારાજા એટલી વાત કબુલ કરે, તો જે મીસાલે બીજા હીંદુસ્તાનના પાહાદશાઓનાં તખ્ત તાજ સલામત રહયાં છે, તે મીસાલે તું માહરાજાનું તખ્ત તથા ગંજ ખજાનો સર્વે સલામત રહેશે ને

અમારા નામદાર સપેહસાલાર દેલાવર ફરામર્ઝની તેજ તલવાર તારી આગળથી દુર થશે. અગર નહીં તો એ તમામ હીંદની વેલાયત તથા સીંધ તથા કેશમીરનાં તમામ શહેરો તથા ગામડાંઓને તે પેહેલવાન પાયમાલ કરી નાખશે. પાછળથી તું પશેમાન થશે તે કંઇ કામ આવશે નહીં માટે નામદાર ફરામર્ઝે કેહવડાવ્યું છે, કે અવ્વલ તારી પાસે મારો એક બુઝર્ગ એલચી ગેઆનોશ નામનો મોકલ્યો હતો, કે તે નામદાર તું માહારાજાને દાનાઇ તથા હુન્નરથી વાકેફ કરે, પણ તેના જવાબમાં નાહક લશકર મોકલી તું માહરાજાએ ફેસાદ ઉભો કીધો. હવે તું માહરાજા નજર કરીને જો કે તારો નામીચો સપેહસાલાર તોજાનો શી રવેશથી ખોહાર થઇ માર્યો ગયો? તેની ખબર તું માહરાજાએ જાણી હશે. વાસ્તે હવે તું દી બદલે ભલાઇ કર તથા બુરાઇનો વીચાર તરક કર. નેક રાહને અખત્યાર કરી લડાઇ તથા કીનાથી પહરેજ રેહ. તું માહરાજા મેહેમાનીની તૈયારી કર. તું માહરાજા બીજી મરતબે નવું ભારી લશકર તૈયાર કરી બાહાર નિકળ્યો છે ને મોટાઇ તથા મગરૂરીથી ઝુંડા તથા નીશાન ઉભાં કરી નાહેક તારાં તન ઉપર બળાનું વાદળ ખેંચી લીયે છે. દાના લોકો કહી ગયા છે, કે જ્યારે હરણનું મોત નજદીક આવે, ત્યારે પોતાનો ગુંફા ને ઝાડી છોડી પગે ચાલી મોટા રસ્તા ઉપર આવે છે તે દરીયાફ્ત કર અને તે મીસાલે તું માહરાજા ચાલવાથી પરહેજ રેહ! એ માહરાજા! તારામાં અકલનું ગોહર હોય તો આ સમો પીછાણ! તું દાનાવ હોય તો નેક કામનો વિચાર કર. બને તો અકલનાં રાખનાર દાના લોકોને પુછી જે કામ કરવું ઘટે તે કર. તું પોતે હીંદુસ્તાનનો જોરેમંદ પાદશાહ છે, તું જેવા તાજદારને વધારે કેહવાની તાકાત હું એક એલચી કેમ રાખું? સપેહસાલાર ફરામર્ઝનો જે પેગામ હતો તે સર્વે તું માહરાજાની હજુર કહયો; તે સાથ કાંઇ મને નેક નજર આવ્યું તે લાંબી અકલથી સાફ દીલે કહી સંભળાવ્યું. હવે તું પોતે તમામ હીંદુસ્તાનનો માહરાજા છે, જે કાંઇ તારી નેક નજર પોહોંચે તે અમલ કર!"

રાએ હીંદીએ જવાબ દીધો એલચી થયલા જંગી ફરામર્ઝને તે દાસ્તાંન.

——:o:——

હીંદુસ્તાનના માહરાજાએ એ તમામ નેક વાત જંગી ફરામર્ઝ જે પોતે એલચી થઇ આવ્યો હતો તે જંગીની ઝબાનથી સાંભળી ત્યારે તે માહરાજા અજબ રહી પોતાના દિલમાં ફીકર કરવા લાગ્યો, કે આ નવજવાન એવી મીઠી અને કડવી વાત મારાં મોહોડાં ઉપર મારાં ભારી લશ્કરનાં દેખતાં બેદેહેશ્ત બોલ્યો! પછી ફરામર્ઝને ઘણો વાર જોઇ વિચાર કીધો, જે એ તો કોઇ દલેર મરદ શેર વાઘ તે નામદાર ફરામર્ઝ પોતેજ નજર આવે છે. તે એલચી થઇ પોતેજ મારી દરબાહમાં આવેલો છે. તે મારાં લશ્કર તથા સાજ સામાનનું વજન કરે છે. એ પેહલવાને કડવા, મીઠા, જુસ્સા તથા તુંડીના બોલ તમીઝથી બોલ્યો. એની ઝબાન આગળ એલમાસની તલવાર બેબીસાત થાય. જે નીચ આદમી હોય તે પાદશાહોનાં મોહોડાં ઉપર એવી તાકાત નહીં લાવે. નીચ આદમી તો પાદશાહોને દેખીને જબુન થઇ જાય વાસ્તે પેહલવાનજાદા વગેર એ કોઇ બીજો એલચી નથી. એ તો કોઇ નામનો ઉઠાવનારો પેહલવાનજાદો અથવા પાદશાહજાદોજ છે. મારા વિચારમાં કશો ફરક પડવાનો નથી કે ઇરાન જમીનનો સપેહસાલાર ચોકસ એજ મરદાને મરદ પોતેજ છે. એ વીચાર કરી તે એલચીને કહયું જે "અય સરફરાજ! મારાં દિલમાં એવો અંદેશો આવે છે જે સરકસ વાઘ જેહાંપેહલવાન રૂસ્તમનો બેટો તે તુંજ છે ને ઇરાન જમીનથી તુંજ લડવાને આવ્યો છે. તારી મરદાનગી અને દાનાઇ મીજલસમાં છુપી રહેતી નથી. વાસ્તે મને ગુમાન આવે છે જે સામ નરીમાનની તોખમનો તું પોતેજ પેહલવાન ફરામર્ઝ છે." તેનો જંગી ફરામર્ઝે જવાબ દીધો, જે "અય દાનાવ પાદશાહ! એવી વાત તું મને ના કહે. એવું બોલવું માહરાજાના મુખને સજાવાર નથી. જો તું માહ-

રાજા એવા સખુન બોલે, તો એ વાત બોલતાંજ મારો જીવ જાનમાંથી નીકળી જાય છે. તે પેહલવાન ફ્રરામર્ઝ કાંઈ પેગામ લાવવાને લાયક કહેવાય નહીં. તેની દરઘાહ ઉપર મારા જેવા એક હજાર પેહલવાનો છે, તેની દરઘાહના તમામ નામદારોમાં હું ઘણોજ કમતર નામદાર છું." રાએ હીંદીએ કહયું જે "અય નામદાર દલેર! હું તું જંગીને કહું તેથી તું ના ફ્રર ને રાસ્ત કરી જાણજે, કે તારા દીદાર જોયાથી મારાં દિલમાં મેહેરબાની ઘણી આવે છે. તારી વાતથી અને તારા ગુલલાલા જેવા રોશન રોખશારથી ને તારા દીલરૂબા દીદાર ઉપર હું ઘણોજ આશક છું. ઓ નામદાર સપેહસાલાર! તું હીંદુસ્તાનની વેલાયતથી તારૂં સર નહીં ફેરવે ને હમેશાં હીંદુસ્તાનની વેલાયતમાં તું નામદાર કાયમ રેહ ને મારો તું દોસ્ત થાય તો મારો ગંજ તથા ગોહર ખજાનો તથા તાજ તખ્તનો દરેગ હું કશી વાતે નહીં ધરૂં. જો તું મારૂં કહેવું માને તો તમામ હીંદુસ્તાન ઉપર તારો હોકમ રવા કરૂં. તું જંગીને મારી પાદશાહી બક્ષી દઉં યા આપણે બાપ બેટા મીસાલે એક દિલથી ને એકસંપ એખલાસથી ચાલી દીન ગુજાર્યે, એથી સર્વે તારા હોકમને તાબેદાર રહેશે. તું નામદારને મારો દામાદ કરૂં અને મારી પરીજાદ બેટી તને આપું કે તું હંમેશ નેકી ને ખુબીમાં આરામથી રહે." જંગી ફ્રરામર્ઝે જવાબ દીધો જે "અય દાનાવ માહરાજા! તું અકલમંદ હોય તો એ વાતને મુખપર નહીં લાવે ને દાદ દીનના પાદશાહ કેખુશરોથી સર ફેરવી તેના હુકમને બરબાદ નહીં કરે. અય સરફ્રરાજ પાદશાહ! એવી વાત તું મને કહે ના અને જે પેગામ હું તારી ઉપર લાવ્યો છું તેનો તારી નેક અકલથી જે દરૂસ્ત જોય તે જવાબ દે." તેથી રાએ હીંદીએ કહયું જે "અય દાના મરદાને મરદ! હું તારી વાતનો જવાબ દઉં છું. મારાં લશકરનાં દસ પેહેલવાન છે તે પેહલવાનો મધેથી એક પેહલવાન દસ હજાર સવાર સાથે પુરો પડે છે. તે પેહલવાનોથી મારૂં તાજ ને તખ્ત છે. એ જબરદસ્ત પેહલવાનો મારાં લશકરમાં હાજર છે. વાસ્તે તું નામદારને હું અજમાવી જોઉં, જે કોણનું બખ્ત યારી આપે છે? જો

તું નામદાર રોશન બખ્તનો હશે અને મારા દસ પેહલવાનો તારાથી નાહાસશે, તો જે કાંઈ તું કહેશે તે હું કબુલ કરીશ ને મારી ગરદન તારા હોકમને તાબે ધરીશ.” એ સખુનો હીંદુસ્તાનના તે પાદશાહે કહયાથી તે એજ અંદેશો કરતો હતો કે હરેક વાતે એ પેહલવાનને લડાઇથી દુર કરીને મારી પાસે રાખું અને મારાં તમામ લશકરનો સપેહ-સાલાર પેહલવાન કરૂં. પેહલવાન ફ્રામર્ઝે જવાબ દીધો, જે “અય હીંદુસ્તાનના માહરાજા! તું મારી અજમાયશ જોય તો બેહેતર છે, પણ તારે ને મારે આવી સરત હોય જે કદાપી તારા દસે પેહલવાનોથી હુ આજેજ થાઉં તો જે કાંઇ મારી સાથે લશકર છે તે સર્વે સુધ્ધાં તારો ફરમાબરદાર થઇ તારે તાબે રહું; પણ જો તારા દસે પેહલવાનોનાં સર હું કાપું, તો તું સલામી આપે ને તાબેદાર થઇ રહે!” એ સખુન સાંભળી એ વાતનો કોલ રાએ હીંદીએ આપી તે ત્યાંથી ઉઠયો. તે માહરાજાએ એક લડાઇનું મેદાન આરાસ્તા કીધું. ત્યાં તે હીંદુસ્તાનનો પાદશાહ ત્રીસ હજાર સવાર સાથે મેદાનમાં આવ્યો, જે લશકરની હરોલમાં પેલા નામદાર દસે પેહલવાનો નરેશેર મીસાલે આવી ઉભા હતા.

એ કેતાબને જોડનાર શાહેર અબુતાહેર તરશુશી એમ કહે છે કે અય દાદના દેનાર દાદગર દાદાર! તારી કુદરતમાં કોઇ માહેર નથી કે જેને માથે આસમાનનું ચકકર સુલટું ફરે છે તો દુશ્મન તેને ઘરે ચાલી પોતે જાતે નવાજવા જાય પણ જે કોઇને માથે આ આસમાનનું ચકકર ઉલટું ફરે તો આવતી ચીજ રાહમાંથીજ પાછી ફરે અને વળી તે સાથે પોતાની હોરમત ખોહી બેસે. ઓ દાનાવ ભાઇ! તું જો કે રાએ હીંદી ઘણો દાના ને અકલમંદ હતો, પણ તેને તેના દાહાડાની આગળ કાંઇ સુઝયું નહીં. તેથી પોતાના ખાસ પેહલવાનોને નાહકના જીવથી મારી નખાવ્યા. પેલું લશ્કર તમામ ગોરજ તથા હથ્યાર સાથે સફ ખેંચી હોશીયાર થઇ ઉભું ત્યારે પેલી તરફ પેહલવાન ફ્રામર્ઝના એક હજાર સવાર હતા તે હીંદનું લશ્કર બેશુમાર જોઇ અજબ થવા લાગ્યા. તે લશ્કર નામદાર ફ્રામર્ઝના કામથી ધ્રુજવા

લાગું. તેથી ઇરાની સરદારોનાં કલેજાંનાં લોહીનું પાણી થવા લાગ્યું. તે સર્વેનાં મોહ ઉપર કફ આવી લાગ્યો, જે જંગી ફ્રામર્ઝ દુશ્મનને ઘરે આવી શું કામ કરે છે? તે ઇરાની સવારો નાચારીના સબબથી સફ ખેંચી ઉભા. આગલી હરોળમાં શેરદેલ ફ્રામર્ઝ ઉભેલો હતો. લડાઇ શરૂ કીધી, ત્યારે પ્રથમ નગારાં તથા નફેરીના અવાજ ઉઠયા. તે લશ્કરની ગેરદથી આફતાબ છુટો થયો. રાએ હીંદીના તે જબરા પેહલવાનો ઘોડા દપટાવતા તે મેદાનમાં જંગી ફ્રામર્ઝ ઉપર ભુખા શેરની મીસાલે હથ્યાર સાથ આવી પોહોંચ્યા.

લડાઇ કીધી સરફ્રરાજ ફ્રામર્ઝે રાએ હીંદીના દસ પેહલવાનો સાથે ને માર્યા ગયા તે દસે જંગી પેહેલવાનો તે નામદાર ફ્રામર્ઝના હાથ ઉપર તે દાસ્તાંન.

—:o:—

માંહરાજા રાએ હીંદીના દસ પેહલવાનો કીનાના મેદાનમાં આવી દોડધામ કરવા લાગ્યા; તે જોઇ શેરદેલ ફ્રામર્ઝે પાહાડની મીસાલનો પોતાનો ઘોડો મેદાનમાં ઝોકાવી એક પોકાર બહારના વાદળ મીસાલે એવો તો જોરથી મારયો, કે તે અવાજથી હીંદી પેહેલવાનોના ઘોડા ચોકીને ચાલાક પાંઉ થઇ હર તરફ નાહાસવા લાગ્યા. એ જોઇ શેરની હીંમતના ફ્રામર્ઝે પોતાનો ભારી ગોરજ ઉઠાવ્યો અને પોતાના ઘોડાને એડ મારી હીંદી પેહેલવાનોની નજદીક આવી પોહોંચતાં વાર તેમાંના એક હીંદી પેહેલવાન ઉપર પોતાની તેજ ચુંગાલ મારી તેનો કમરબંદ પકડી તેને દડી મીસાલ ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવી લીધો અને બીજા હીંદી સવાર ઉપર એવો તો જોરથી માર્યો કે તે બન્ને જણા ગીરદાપેચ થઇને

ખાકમાં તુટી પડયા અને તે જંગીઓના જીવ નિકળી ગયા. એવામાં એક હીંદી પેહેલવાન હુમલો કરતો પેહેલવાન ફરામર્ઝ ઉપર આવ્યો તેને જોઇ તે નામદારે શેતાબ તેની ગરદન પકડીને બીજે હાથે મુર્ગ મીસાલે મરડી નાખી. પછી બીજા એક સવાર ઉપર ચુંગાલ મારી તેનુ ગેરેબાંન પકડયું ને તેને ઘોડા ઉપરથી ઉઠાવી હવા ઉપર ફેંકી દીધો, પછી બીજા સવારનાં ઘોડાની પછવાડે જઇ તેનું દુમ પકડી તે ઘોડાને તેના જંગી સવાર સાથે ગોફનની મીસાલ ફેરવ્યો તેથી તે બન્નેના જીવે આસમાન તરફ મંજલ કાપવા માંડી. તે તમાશો જોઇ બીજા હીંદી પેહેલવાનો તરવાર ઉઠાવી જંગી ફરામર્ઝ ઉપર જરબો મારવા લાગ્યા, પણ તે જરબને બચાવી શેતાબ તે જંગીઓના હાથમાંથી તલવાર છીનવી લઇ તેજ તલવારો તેઓનાં સર ઉપર મારી, કે સરથી તે કમર સુધી તેઓ ચીરાઇ પડયા. એ મીસાલે છ હીંદી પેહેલવાનો માર્યા ગયા; બીજા ચાર પેહેલવાનો જે સલામત રહયા તે ગુસ્સામાં આવી પોતાના જોર ઉપર મગરૂરી લાવી તે ચારે પેહેલવાનોએ દલેર ફરામર્ઝ સાથે બામદાદથી તે સાંજ સુધી એવી તો સખત લડાઇ કીધી કે તે જોઇને બે તરફ લશકર અજબ થવા લાગ્યું; નામદાર ફરામર્ઝ પણ ધાભરો પડી ગયો, પણ નામની શરમને વાસ્તે પોતાનો ગોરજ ઉઠાવ્યો અને એક પેહેલવાન સવારનાં સર ઉપર જોરથી મારયો, કે તે ઘોડા સાથે ખાક બરાબર થઇ પડયો. એ મીસાલે બીજા ત્રણ જંગીઓ બેજાન કરતાં તે દસે પેહેલવાનો ખોહાર કરી મારી ફતેહમંદ થયો. તે ફતેહમંદી જોઇ ઇરાની લશકરે બેશુમાર આફ્રીન કીધી. હવે તે દસે પેહેલવાન માર્યા ગયા ત્યારે તે તમાશો જોઇ માહરાજા રાએ હીંદી બેહોશ થઇ ગયો; એવામાં શેરદેલ ફરામર્ઝ પોકાર મારી કહ્યું જે "અય હીંદુસ્તાનના માહરાજા! તેં અંજુમન હજુર જે કોલકરાર કીધા છે તે પાળ ને ઇરાનની શાહનશાહાતને સલામી કબુલ કર." એ સખુન સાંભળી રાએ હીંદી ફીકરમંદ થયો. તે વીચાર કરવા લાગ્યો, જે હવે એનો ચારો તે હું શું કરૂં કે સર્વે ઇરાનીઓ માર્યા જાય?

એવું વીચારી મકર તથા ફરેબની વાત લાવ્યો ને કહેવા લાગ્યો, જે "અય નામદાર! ઘોડેથી નીચે ઉતર ને આરામ પકડ ને મારી મેહેમાની કબુલ કર. ઓ રોશનતાલેના! શરાબનું પ્યાલું પકડ કે હું તારી સરતથી કદી ફરવાનો નહીં, જે તું નામદાર ફરમાવશે તે મારે કબુલ છે. કાલ દીને બામદાદ થાય ત્યારે તું નામદાર પોતાના સર્વે નામદારો સાથ મારી દરઘાહ ઉપર હાજર થાય. તે વખતે સર્વે અંજુમન હજુર જે કાંઇ તું ફરમાવશે, તે કબુલ કરીશ." એ રવેશે મકર તથા ચારાથી તે દીલ દરદ ભરેલું કરીને સખુન કહ્યા તે સાંભળી પેહેલવાન ફરામર્ઝ ઘોડેથી નીચે ઉતર્યો પણ વીચાર કરવા લાગ્યો, કે એ નાતવાન લોખંડી શેરને પોતાના ફાંદામાં લાવવા ચાહે છે. દાનાવ લોકો ફરમાવી ગયા છે કે દુશમન તારાથી અજોરદા થાય ત્યારે તેની મીઠી વાત ઉપર તું દિલ બાંધે તો ખતા ખાય. એટલો વીચાર કરી શેતાબ બે જાબુલી સવારોને હુકમ કીધો કે તમો આપણા ઇરાની લશકરમાં જાઓ ને સપેહસાલાર હોમાયુનને ખબર કરો, કે આપણાં તમામ લશકર સાથે હયાં મારી નજદીક આવે; કે દુશમન મકર તથા ફરેબે કરી મારી ઉપર ગાલેબ આવે નહીં; એટલું કહી તે બે સવારોને પોતાનાં લશકર તરફ મોકલ્યા અને પોતે ઇરાની તથા જાબુલી સવારો સાથે માહરાજા રાએ હીંદીની મેહેમાનીની મીજલસમાં આવી બેઠો; પણ પેહેલવી ઝબાનમાં તે નામદારે પોતાના જંગીઓને કહ્યું કે તમો હુશિયાર રેહેજો ને શરાબ તો ખુબ અંદાજે પીજો. તમો દુશમનની મેહેમાનીમાં નચીંત રહેતા ના. તે મીજલસ માહરાજા રાએ હીંદીએ એવી તો સમારી હતી કે તે ખાણાંની ખુશબોથી સર્વેનાં દીલ ખુશી હતાં. રાએ હીંદીએ આ મીજલસ સમારી પણ તેનું દિલ દાઘ ભરેલું હતું તેથી તે માહરાજાએ ત્રણ હીંદુ પેહેલવાનોને પોતાની આગળ બોલાવ્યા ને દરેકને ત્રીસ હજાર સવારો લઇને ત્રણ બાજુથી રસ્તા બંધ કરવા કહ્યું. તે બોલ્યો "હું કાલ દીને જંગી ફરામર્ઝને વિદાય કરીશ. તે જે તરફ આવે તે તરફથી ઘેરામાં લેજો ને તમારી સાથે પરંદાં મોર્ગ રાખજો અને

જે રસ્તા તરફ એ જંગી નામદાર નિકળી આવે, તે તરફના મોગ઼ને ઉડાવી મેલજો કે તે નીશાની જોતાં બે બાજુનું લશકર તે તરફ દોડી પોહોંચી એ જાબુલીને તથા એની સાથના હજાર પેહેલવાનોને ઘેરી લઇ શેતાબ જીવથી મારી નાખજો. એ રવેશ હીંદી પાદશાહે નેવું હજાર સવાર તૈયાર કરી જુદા જુદા ત્રણ રસ્તા ઉપર કમીંધાહ કરાવી ઉભા રાખ્યા. હવે પેલી તરફ નામદારી ભરેલો ફરામર્ઝ મેહમાનીમાં અરધી રાત બેઠો હતો તે જ્યારે આશાયશનો વખત થયો ત્યારે ત્યાંથી ઉઠી પોતાનો ઉતારો હતો ત્યાં ગયો. તેની સાથે તમામ નામદારો હતા. પણ તેનું જંગી દિલ અંદેશા ભરેલું હતું તેથી તમામ નામદાર ઇરાનીઓનાં દિલ લડાઇમાંજ હતાં. તે નામદારો તમામ રાત કીનાની કમર બાંધીને પોતાની હુસ્યારીમાં ઉભા હતા. શીહા રાત ગુજરીને પાહાડની તરફ સફેદીની ચાદર પંથરાઇ યાને રોશન આફતાબ નિકળ્યો ત્યારે નામદાર ફરામર્ઝ રાએ હીંદી પાસે આવ્યો અને કહેવા લાગ્યો જે "ઓ નામદાર પાદશાહ! મારા પેગામનો જવાબ તું દે અને સલામી કબુલ કર. ઓ માહરાજા! તું તારા કોલથી ફરે તો તારી ખુશી. જે કોઇ કોલ ભાંજે તથા જુઠું બોલે તે શખ્સ દાનવોની આગળ નુર નહીં પકડે, તે શખ્સ ખોદાતાલાની આગળ બેશુમાર શરમીંદો રહે." રાએ હીંદીએ જવાબ દીધો, જે "અય નામદાર! તારૂં મેં સર્વે કબુલ કીધું કે મારા કોલથી હું હરગેજ થઇને ફરૂં નહીં. મારો જવાબ તું તે નામદાર ફરામર્ઝને કહેજે કે ઓ નામદાર મેં સલામી કબુલ કીધી પણ દીન પંદર તું હયાં રહે અને મારી વેલાયતની આબો હવા તથા શેકારગાહ જો, મારી વેલાયતથી ગંજ તથા ખજાનો તથા જે કંઇ ખુબ ચીજ હોય તે તું સરદાર ઇરાનના પાદશાહ ઉપર મોકલ. તું નામદાર લડવું તથા કીનો સર્વે દુર કર; સબબ આ દુનિયા અફસોસ ભરી છે, કોઇ સાથે વફાદાર રહી નથી ને રહેવાની પણ નથી માટે આ દુનિયા ખાતર જીવને અંદેશામાં નાખી દલગીર થવાના કામથી અકલ અને ખુબીના જોરે પાછો ફર." એટલું કહી તે માહરાજાએ પેહેલવાન ફરામર્ઝને વાસ્તે એક

સરોપાવ જેનાં મુળ ને કીંમતની આદમજાતની અકલ હીસાબ કરી શકે નહીં તે સાથ માહચીની તલવાર તથા અરબી ઘોડો તમામ સુનેરી સાજ સાથનો તથા ખેદમતગાર જરી કંમરબંદ સાથે તથા છસો ઉંટ જે ઉપર બેશુમાર સોનું ને રૂપું લાઢેલું તે આપી કહ્યું કે "તું મારી પાસે આવ્યો તે માન ઇજતમાં આ સરોપાવ તું કબુલ રાખ." તેમ બીજા તમામ જંગી સરદારો તેની બરાબર હતા, તે સર્વેને સરોપાવ આપ્યા. એ રવેશે નજરાણાં ને ભેટ આપી જાહેરમાં સર્વેનો ચાહ મેળવ્યો પણ બાતેન પેલી તરફ દગાબાજીથી ત્રણ રાહે લશકર મોકલી તેની રાહ બંધ કીધી, તેમાં તે માહરાજા દીલમાં એવું ગુમાન રાખતો બેઠો જે એ ઇરાનીઓ રાહ દરમ્યાન માર્યા જશે, અને હું ચમનથી હીંદુસ્તાનનો માહરાજા એ નામ ધારણ કરી આનંદથી રાજપાટ ચલાવીશ.

રાહ બાંધી રાએ હીંદીએ ફરામર્ઝની ને લડાઇ થઇ રાહ દરમ્યાન તેમાં માર્યું ગયું તમામ હીંદી લશ્કર તથા સપેહસાલારો તે નામદારનાં દસ્ત ઉપર તે દાસ્તાન.

——:o:——

નામદાર ફરામર્ઝ એવી આબરૂ તે માહરાજાથી મળેલી જોઇ તાજુબ થયો. તે પોતે તથા તેના જંગી સવારો સર્વે ઘોડાનાં જીન તંગ કરી સવાર થતાં માહરાજા રાએ હીંદી પાસેથી રૂખસદ લઇ પોતાની રાહે પવન મીસાલે ઘોડા દપટાવતા જવા લાગ્યા. માહરાજા રાએહીંદીનાં નબળા દાહાડાની ચાલથી તેને પાછળી વાત કાંઇ માલમ નહીં હતી, કે બુરી દગાબાજીનાં ફેલથી બેહદ જબુન થશે તેની તે માહરાજાને કશી

ખબર નહીજ હતી. તે ઉપર શાએર એમ કહે છે, કે જે શખ્સ પોતાના ભાયગને વધારવા માટે બીજા કોઇને દુખ દે તે પોતેજ આખર દુખી થાય વાસ્તે એ દાનાવ મરદ! તું હરગેજ થઇને કોઇને આજાર દેતો ના. તું જીનહાર જુઠા સખુન બોલતો ના. તું હરદમ પાક ખોદા-તાલાની એબાદત કરજે, કે જેથી તું બે જહાનમાં સરફ્રરાજ થશે. હવે નામદાર ફ્રરામર્ઝના પેલા બે જાણુલી સવાર શેતાબ પવન મીસાલે રાહ માપતા નામદાર હોમાયુન નજદીક આવી પોહોંચ્યા. તેઓએ તે જંગીને સર્વે હકીકતથી વાકેફ કીધો; તે સાંભળતાંવાર તે જોરેમંદે તમામ લશ્કરને પેહેલવાન ફ્રરામર્ઝના હુકમ માફક કુચ કરવાનો હુકમ કીધો. તે માહરાજા રાએ હીંદીનાં લશ્કર તરફ ચાલ્યું પણ તે નામદારને તે હીંદી પાદ-શાહના દગાની કશી ખબર હતી નહીં. હવે નામનો ઉઠાવનાર ફ્રરામર્ઝ પોતાના નામદારો સાથે રાહ કાપતો પેલાં હીંદી લશ્કરની કમીગાહની નજ-દીકમાં આવી પોહોંચ્યો તે ખબર તે હીંદી લશ્કરને થઇ તેથી પેલાં તમામ પરંદાં મોર્ગ હવા ઉપર ઉડાડી મેલ્યાં. તે મોર્ગોને હવા ઉપર ઉડતાં જોઇને બીજા બે હીંદી સપેહસાલાર જે બીજી બે રાહ બંધ કરી લશ્કર સાથે ઉભેલા હતા, તે બે તરફથી શેતાબ પવન મીસાલે લશ્કર સાથે દોડતા આવી પોહોંચ્યા તેથી જોરેમંદ ફ્રરામર્ઝની રાહ ચારો તરફથી બંધ થઇ ગઇ. એવામાં રાહના દરમ્યાનમાંથી નામદાર ફ્રરામર્ઝે દુરથી દુશ્મનનાં લશકરને કમીધાહ કરી ઉભેલું દીઠું. તે તમાશો જોઇ નામ-દાર ફ્રરામર્ઝે પોતાનાં લશકરને કહયું જે "અય નામદારો! આજ રોજે એ જગા નામ ઉઠાવવાનો વખત છે, વાસ્તે તમોએ કોશેષ કરી શેરની મીસાલે લડાઇ ઉઠાવવી જોઇએ." એ મીસાલે ફતેહમંદ ફ્રરામર્ઝ હજી તો ગોફતેગોમાં હતો, એવામાં હીંદી લશકર ચારે તરફથી ફરી વળ્યું ને ધરપકડ બાંધમારનો પોકાર કરી તે નામદાર ઉપર તુટી પડયું. એમ કરતાં બે લશકર એક એકમાં ભેળાઇ ગયાં અને એક સખત લડાઇ થઇ રહી એવામાં રાહ દરમ્યાનથી એક ભારી ગેરદ ઉઠી. તે ગેરદમાંથી સપેહસાલાર હુમાયુન લશકર સાથે બાહાર નિકળ્યો. તે

જંગલમાં હીંદી લશકરને લડાઇ કરતું જોતાંજ શેતાબ સમજી ગયો કે નામદાર ફરામર્ઝને હીંદી મહારાજાએ ઘેરામાં લીધો છે. તે નામદારે એ તરફ બાંધીને શેતાબ પોતાનાં લશકરને હોકમ કીધો કે તમો એક બારગી તલવાર ઉઠાવીને દુશ્મન લોકોને રસ્તાએજ દેખાડો. એ રવેસે હોકમ કરી પોતે જાતે દુશમનનાં લશકર ઉપર ભુખા શેર મીસાલે જઇ પડયો. તે એક બાજુથી અને બીજી તરફથી નામદાર ફરામર્ઝ એથી તે હીંદી લશકર ઉપર બેશુમાર માર ચાલતો હતો; તેથી રાએ હીંદીનું લશકર બે તરફથી વચમાં ઘેરામાં આવ્યું. તે લડાઇ એવી થઇ કે તેની ગેરદે આફતાબનું તેજ ઢંકાઇ ગયું. તે જંગથી જેહાન શોર-શાર ભરેલી થઇ ને હીંદી લશકર બેશુમાર માર્યું ગયું. તે લડાઇમાં કોઇએ કમાન તો પકડીજ નહીં. સર્વેના હાથમાં નેજા તથા ગોરજ હતા તેનોજ માર ચાલતો હતો. આ વખતે નામદાર ફરામર્ઝના હાથમાં ભારી ગોરજ પકડેલો હતો તે જેમ લોહાર એરણ ઉપર હથોડો કુટે તે મીસાલ હીંદુ લશકરનાં સર કુટી નાંખતો હતો. ગોયા તે નામદાર શરાબની મસ્તીમાં હતો ને હીંદુ લોકોનાં સર તથા તન જાબજા પડેલાં તે ગોયા પત્થરના ટુકડા જમીન ઉપર પડેલા હોય ને પાઉંની ઠોકરથી ઉડી જાય તે મીસાલે દલેર સવારોના ઘોડાના પગની ઠોકરે ઉડી જતાં હતાં. લોહીની નેહેર જેમ રેલનું પાણી ચાલે, તે મીસાલે જમીન ઉપર ચાલતી હતી. નગારાં તથા કરનાયના અવાજ એવા જારી હતા કે સવા-રોના કાન બહેરા થઇ જતા; એમ કરતાં તે લડાઇમાં ઇરાની લશકર ઘણું માર્યું ગયું, છતાં આખરે હીંદુ લશકરે પોતાના ઘોડાની લગામ ફેરવી. તે લડાઇમાં તે લશકરના ત્રણ સરદારો જે હતા તે માર્યા ગયા ને હીંદી લશકરના પાંચ હજાર ઘોડેસ્વાર માર્યા ગયા. તે જંગમાં પાઉંપ્યાદાનો કશો શુમાર હતો નહીં. એમ કરતાં રાતનો વખત થયો તેથી હીંદી લશકર તે મેદાનથી માહરાજા રાએ હીંદીની તરફ નાઠું.

ખબર થઇ રાએ હીંદીને પોતાનાં લશ્કરે શીકસ્ત ખાધી તેથી બીજું લશ્કર તૈયાર કીધું અને ખાબ દીઠો જાલેજરે તેથી જેહાંપેહલવાન રૂસ્તમને હીંદુસ્તાન જંગી ફરામર્ઝની મદદે મોકલ્યો તે દાસ્તાન.

——::o——

હવે એ દાસ્તાનનો જોડનાર શાહેર અબુતાહેર તરશુશી લખી જાય છે કે, મારા ઉસ્તાદ ફીરદોસી તુશીએ શાહનામાની બેતમાં નવું દાસ્તાન શરૂ કીધું છે તે મધેથી બાકી રહેલું એક નવું દાસ્તાન પેહેલવી ખતમાં લખેલું મને મળી આવ્યું છે તે લખું છું. એ દાસ્તાન સાંભળવાથી નાતવાન લોખંડી શેર મીસાલે હીંમત પકડી કામ કરશે. અય ભાઇ! એ ત્રણ પાંચ દહાડાની દુનિયામાંથી આકેબત સર્વે કોઇને જવું છે, અગર ખુબી, નેકી, સખાવત અને જવાંમરદીનાં કામ કીધાં હોય તો તે કયામત સુધી યાદગાર રહી જાય. તું જોશે કે રાએ હીંદીએ કેવાં બેઅકલી કામ કીધાં કે તેને એ બનાવથી આકેબત પસ્તાવું પડયું તે દાસ્તાન કાન ધરી સાંભળ. પેલું લશકર શેકસ્ત ખાઇ જંગી ફરામર્ઝ આગળથી નાહાઠું તે લશકર માહરાજા રાએ હીંદીની નજદીક જઇ પોહોંચ્યું, ને તેથી લડાઇની તમામ હકીકત સાંભળી તે માહરાજાએ એક હાય મારી. તે માહરાજાએ ગુસ્સામાં આવી જાબજા નામા લખીને પોતાની મદદને વાસ્તે બીજું લશ્કર બોલાવ્યું. એમ કરતાં કેટલેક દહાડે બીજા રાજાઓનું લશકર તેને આવી મળ્યું તેનો શુમાર ત્રણ લાખ લડાયક સવારનો થયો, તે તમામ લશકરને તે માહરાજા રાએ હીંદીએ ગંજ ખજાનો આપી તૈયાર કીધું. એ જંગની તૈયારીને ત્રણ મહિના ગુજરી ગયા હતા; તે લશકરને ગરદનફરાજ સરદાર ફરામર્ઝ તરફ ચાલતું કીધું. હવે પેલી તરફથી શેરની હીંમતનો પેહલવાન ફરામર્ઝ પોતાના તમામ લશકર સાથે ફતેહમંદ

ચઇને એક મોટું મેદાન જોઇ ત્યાં પોતાના જબરાં લશ્કર સાથે મુકામ કરી પડયો. રાએહીંદીનાં લશ્કરનો તમામ સામન તથા ખજાનો પડેલો હતો, તે તમામ લશ્કરને બક્ષ્યો અને પોતે રાતદીન રામશનીમાં બેઠો પણ દુશમનનાં લશકરની તથા રાએહીંદીની ખબર કહાડતો હતો. રાએહીંદીનાં ભારી લશકરની ખબર તે નામદારને થઇ કે બીજી મરતબે ઘણું ભારી લશકર તૈયાર થાય છે, તે ખબર સાંભળી તે જંગી સપેહસાલારે શેતાબ પોતાનાં લશકરની તૈયારી રાખી અને ખબરદારીને વાસ્તે આસપાસ તલાયા ફરતા રાખ્યા તેમ છુપા જાસુસોને ખબર વાસ્તે દોડાવ્યા. એ મીસાલે જંગી ફરામર્ઝ પોતાની હુસ્યારીમાં રહયો. હવે એ દાસ્તાનનો જોડનાર શાહેર કેહે છે કે પેહેલવાન ફરામર્ઝની લડાઈ એ જગા રેહેવા દઇને સરફરાજ બુઝર્ગ જાલેજરની વાત કહું તે સાંભળ, કે પેલી તરફ સીસતાંનમાં એક રાતે બુઝર્ગ જાલેજર સુતેલો હતો, તે વખતે તે નામદાર જાલેજરે એક ખોઆબ દીઠો, તેમાં એમ દીઠું જે હીંદુસ્તાનની વેલાયતમાં એક મોટો પાહાડ છે, તેની ઉપર એક પેહેલવાન ઉભો છે ને તેનું લશકર તેનાથી વેગળુ પડેલું છે. તે પેહેલવાન આજેજ ને બતંગ આવી ગયો છે. તે જગા એક મોટો આતશ રોશન થયલો છે, તે આતશ એવો તો જોશમંદ થયલો હતો કે તેના શોહોલાથી તે જંગલ તથા પાહાડ તપી ગયાં હતાં. તે આતશની ચેહમાં બીજા દુશમને લોકો નામદાર ફરામર્ઝને આંચકો મારીને નાંખવા ચાહાતા હતા; ત્યાં એકાએક તાજબક્ષ રૂસ્તમ આવી પોહોંચ્યો. તેને પોતાનાં બેટાને તે આતશની ચેહેમાં નાંખતો જોતાંજ પોતાના હાથની ચુંગાલ લંબાવી જંગી ફરામર્ઝને પકડી બાહાર ખેંચી કહાડયો. બુઝર્ગ જાલેજર એ ખોઆબ જોયાથી ચોંકી ઉઠગો અને તનથી ધુજવા લાગ્યો, તે બુઝર્ગે શેતાબ પોતાના બેટા જેહાં પેહેલવાન રૂસ્તમને બોલાવી તે ખાબની તમામ હકીકત કહી. તે બોલ્યો જે "મેં આજ દીન તલગ એવો દરામણો ખોઆબ દીઠો નથી. હવે હું નથી જાણુતો કે તે નવજવાન બેટા ઉપર શું મુસીબત ગુજરતી હશે? આજ ઘણાં દાહડા

૧૨

થયા તે બેટાનું નામુ પણ આવ્યું નથી તેથી મબાદા તે બેટો દુશમન લોકોના ઘેરામાં આવી ગયો હોય ? મારૂં દીલ બેતાબ છે. અય બેટા, માટે તું જેહાંપેહેલવાન શેતાબી કરી હીંદુસ્તાન રાએહીંદીની તરફ્ કુચ કરી જા ને તે નવજવાન બેટાને મદદ કર. એક બારગી તે બેટાને તું શેતાબીથી જઇ પોહોંચી મદદ નહી આપશે તો હું તે નામદાર બેટાને નજરે જોવાની ઉમેદવારીમાં બળી મરીશ, કારણ કે આ વખતમાં પાદશાહ કેખુશરો નવો પાદશાહ થયો છે. તે નામદાર શાહાનશાહે તમામ મુલકે મુલક પોતાને તાબે કરવા પેહેલવાનોને બાહાર મોકલેલા છે તેથી એ વખત તું તેહેમતને ધીરજ પકડીને ધીલમાં રેહેવાનો નથી. એમ નામદાર બેટા ! હવે એ જગાથી હું બાહાર નિકલી ઇરાન જમીનના પાદશાહની ખીદમતમાં જાઉં છું." તેહેમતન રૂસ્તમે પોતાનાં બુઝર્ગ બાપની ઝબાનથી એ સખુન સાંભળ્યો ત્યારે શેતાબ બુઝર્ગ બાપના પગને બોસો દેઇ બબરેબયાન પેહેડી તે ઉપર તમામ હથ્યાર બાંધ્યાને પોતાનાં જાબુલી લશકરમાંથી હજાર ચુનંદા જબરદસ્ત જંગીઓ પોતાની સાથે લેતાંજ ને રક્ષની પીઠ ઉપર સવાર થતાંજ અરધી રાતને વખત તે ગુસ્સા ભરેલા તુફાન મીસાલે બાહાર નિકળ્યો. તે જેહાંપેહેલવાન રાત દીન રાહ માપતો ને ખોઆબ તથા ખાતું તરક કરી બેશુમાર સખતી ખેંચતો થોડા દાહડામાં હીંદુસ્તાન આવી પોહોંચ્યો.

લડાઇ કીધી રાએહીંદીએ નામદાર ફ્રરામર્ઝ સાથે ને પકડાઇ ગયો રાએહીંદી તે નામદારના હાથ ઉપર તે હેવાલ.

——:o:——

હવે પેલી તરફ્ પીરોજાની ખાણુમાંથી રોશન આફ્તાબ બાહાર નિકળ્યો ત્યારે હીંદુસ્તાનનો માહરાજા રાએહીંદી ભારી લશ્કર સાથે

મેદાનમાં નિકળ્યો. તેનાં લશકરમાં સાતસો હાથી ઘણા મોટા પાહાડ મીસાલના હતા. તે લડાયક હાથીની પીથ ઉપર લોખંડની પાખરો નાખેલી ને નેજાના મારનાર સવાર બખ્તરમાં ગરક બેઠેલા હતા. તે લશ્કરના ભારથી જમીન આજેજ આવી ધુજતી હતી. તે લશકરનાં ગોલબાંનથી જંગલનાં શેર પોતાની જગા તરક કરી આસેપાસે ભટકતા ફરતા હતા, તે ત્રણ લાખ લશકરથી તમામ જમીન ઉજડ થઇ ગઇ. તે લશકરના નેજા તથા ગોરજથી હવા વાંસની જાળ મીસાલે નજર આંવવા લાગી. માહરાજા રાએહીંદી એક સફેદ હાથીની પીઠ ઉપર શીરોજાનું તખત મંડાવી રોશન માહતાબ મીસાલે બેઠેલો હતો. તેનાં સર ઉપર જરી છતર ફરતું હતું. નામના ઉઠાવનાર પેહેલવાન ફરામર્ઝને તે માહરાજાના મેદાનમાં આવ્યાની ખબર થઇ, ત્યારે તે ભુખા શેર મીસાલે ઉઠયો ને શેતાબ પોતાનાં લશકરને પાહાડની કઘણની પનાહ પકડી તૈયાર કીધું, કારણ કે દુશમનનું લશકર બેશુમાર હતું. તે નામદારે દુરઅંદેશાથી પોતાની નીશાન પાહાડની બુલંદી ઉપર રખાવી અને નામદારી ભરેલા હોમાયુનને તથા બીજનને લશકરનો હવાલો આપી ડાબી તથા જમણી બાજુએ બીજા જાણુલી નામદારોને રાખ્યા ને પોતે પાક યઝદાંની આગળ મુનાજાત કરી મદદ તથા ફતેહમંદી માગી, કે અય ખલકના પેદાના કરનાર સાહેબ! થોડાં લશકર સાથે તું મારી યારીએ પોંહોંચજે! એ ખાલેસ બંદગી પઢીને પોતે ભારી દબદબાથી પોતાનાં લશકરની હરોલમાં બાહાર નિકળી ઉભો. જમણી તરફ બુઝર્ગ ગેઆનોશને રાખ્યો તથા ડાબી બાજુ શેરોયને સોંપી તથા પોતાની પીઠ પછવાડે શેરની વજનનાં કરનાર તોખારેને રાખ્યો. એ મીસાલે દબદબાથી તમામ લશકરને બહાર કાહાડયું. તે વખતે તે જગા જંગી ફરામર્ઝની સાથે પચીસ હજાર ઘોડે સવાર લશકર હતું. પ્યાદું લશ્કર થોડુંજ હતું. તે લશકરની ગેરદથી જમાનો ગીરદ ભરેલો જરદ રંગનો થયો. પછી નામદાર ફરામર્ઝે પોતાનાં લશકરના સરદાર લોકોને કહયું કે "તમોને એ વખતમાં નામ ઉઠાવવું

જોઇએ. તમો દુશમનનું બેશુમાર લશ્કરને જોઇ ડરતા ના. મદદગાર પાક પરવરદેગાર છે તો તે સાહેબ આપણુને ફત્તેહમંદી આપશે. એ લડાઇના મેદાનમાં આપણાં તન મરશે પણ નામ જીનહાર મરનાર નથી. આપણું નામ કયામત સુધી રહી જશે, તેથી તમો મરદાને મરદ થઇ કોશેશ કરો." એ સાંભળી તમામ સરદાર લોકોએ જવાબ દીધો કે "અય ગોરપંદના પાળનાર જોરેમંદ સપેહસાલાર! જ્યાં સુધી અમારા તનમાં જીવ છે ત્યાંસુધી અમો અમારી લગામ કદી પાછી ફેરવનાર નથી." એ રવેશે ગોફ્તેગોહ કરી લડાઇનું નગારૂં કરાવ્યું ને તમામ લશ્કરે શેતાબ હુમલો કીધો, એથી બન્ને લશ્કરો એકમેકમાં ભેળાઇ ગયાં. રાએ હીંદીના તમામ હાથીઓએ અવ્વલથી ઇરાની લશ્કર ઉપર હુમલો કીધો, તેમાં ઘણુંએક ઇરાની લશ્કર માર્યું ગયું. તે સખત લડાઇનો શોરશાર આસમાન ઉપર જવા લાગ્યો ને જંગી ઘોડા હરણુવા લાગ્યા ને શુર ભરેલી કરનાયના પોકાર ઉઠવા લાગ્યા ને દલેર સવારો બેજાન થવા લાગ્યા. બેશુમાર લોહી જમીન ઉપર ચાલવા લાગ્યું. ગાહરાજા રાએ હીંદીનાં લશ્કરના જગી હાથીઓના પાઉં નીચે પાઉંપ્યાદા લોકો ગરદાપેચ થઇ જતા હતા. એમ કરતાં જે તરફ શેરોય પેહલવાન પોતાનાં ઇરાની લશ્કર સાથે ઉભેલો હતો, તે તરફનાં તમામ લશ્કરે શેકસ્ત ખાધી. તે તમાશો જોઇને નામદાર તોખારે પોતાની ફોજ લઇ તેની મદદે જઇ પોહોંચી ને તેણે એવી તો લડાઇ ઉઠાવી કે તમામ હવા અંધારી થઇ ગઇ પણ જમણી તથા ડાબી બાજુથી હીંદી એક લાખ સવાર આવી પોહોંચ્યા ને તોખારેના તમામ ઇરાની સવારોને જીવથી માર્યા, તે ઇરાની લશ્કરે પણ શેકસ્ત ખાધી. તે તમાશો જોઇ જંગી બીજન પોતાની સાથનાં તમામ લશ્કરને લઇ ત્યાં મદદે આવી પોહોંચ્યો. તે જંગીએ આવતાં વાર હીંદી લશ્કરમાંથી પાંચ હજાર સવારને કાપી નાંખ્યા. તેનાં લોહીની જમીન લાલા મીસાલ નજર આવવા લાગી પણ તે લડાઇનાં મેદાનમાં જેમ કીડી પોતાનાં દરમાંથી બહાર નિકળે તે મીસાલ હીંદી લશ્કર શફ દર શફ ચાલ્યું આવી ઉભાઇ

જતું હતું. તે લડાઈ તે મેદાનમાં એક દહાડો ને એક રાત સુધી જારી રહી ને ઇરાની દસ હજાર સવાર માર્યા ગયા તેથી ઇરાની લશ્કર શેકસ્ત ખાઇ પહાડની તરફ ચાલ્યું. તે ડર ખાઇ પહાડની પનાહ પકડી દુશ્મન સાથ લડતું હતું. હવે પેલી તરફથી શેરની હીંમતનો દેલાવર ફરામર્ઝ પોતાનાં જાબુલી લશકર સાથે રાએ હીંદીનાં લશકરની કલબધાહની તરફ જઇ પોહોંચ્યો. તે નામદારે તે હીંદી માહરાજાનાં તમામ લશકરની શફને પરાગંદા કરી નાખી. તે નામદાર જે તરફ હુમલો કરતો તે તરફ સવારને સેહેજમાં ગરદાપેચ કરી નાખતો હતો. તે નામદારની આગળથી જેમ શેરને જોઇ ગોરપંદનું ગોવાળું નહાસે તે મીસાલ હીંદી લશકર નહાસવા લાગ્યું. એમ કરતાં નામનો ઉઠાવનાર ફરામર્ઝ તે લશકરને મારતો મારતો કલબધાહમાં જે જગા ઉપર મહારાજા રાએ હીંદી હાથીની પીઠ ઉપર બેઠેલો હતો ત્યાં જઇ પહોંચતાંજ તે નામદારે એક પોકાર બહારનાં વાદળ મીસાલ માર્યો ને કહયું કે "અય હીંદી બેવચન બેકોલ દગાબાજ! તને ખબર નથી પણ તેહેમતન તાજબક્ષ જેહાંપેહ્‌લવાન રૂસ્તમનો બેટો ફરામર્ઝ મારૂં નામ છે. તેં મારી સાથે દગાબાજીથી બેવચન થઇ લડાઇ ઉઠાવી છે પણ તેનાં ફળ તને પસ્તાવાના હદીયા સાથે ખાવા પડશે. તારાં લોહીથી જમીન લાલ કરૂં. ઓ જબુન હીંદી! અને તારાં બેશુમાર લશકરનો હિસાબ નકી કરૂં. એ મેદાનમાં કોઇ નાહાનો યા મોટો, કોઇ શાદીનો ઉમેદવાર તો કોઇ ખુશીનો ઉમેદવાર માર્યો જશે તે તેના ગુનાહનો જવાબ તને દેવો પડશે. તારી ગરદન ઉપર એ બોજો આખર તલગ છે. કારણ કે તેં તારો કોલ તોડયો છે, ને નાહક હજારો માણસની ખરાબી કીધી છે. તું એ ભારી લશકર ઉપર નાજ કરે છે પણ હમણાં તને હાથીની પીઠ ઉપરથી ખાકમાં નાખું છું. ઓ મકર ભરેલા રાજા! તેં મારી સાથે ઘણા મકર ને ચારા કીધા છે ને બુતપરસ્તીની રાહથી ચાલે છે પણ તેનો તું અચ્છો તમાશો જોશે." એ સખુન સાંભળી માહરાજા રાએ હીંદી ગુસ્સામાં આવ્યો. તેણે તમામ લશ્કરને હુકમ

કીધો કે એ જાબુલીને શેતાબ ઘેરામાં લઇ જીવતો પકડી લેવો. એ હુકમ સાંભળી એક લાખ હીંદી પેહેલવાનો જંગી ફ્રામર્ઝની આસ-પાસ ફરી વળી નેજા તથા તલવાર ઉઠાવી મારવા લાગ્યા એથી ભારી રસ્તાખેજની લડાઇ ઉભી થઇ. શેરની હીંમતના ફ્રામર્ઝે હીંદી લશ્કરનો એ મામલો દીઠો ત્યારે તે નામદારે શેતાબ તલવાર ખેંચી તે લશ્કર ઉપર એક સખત હુમલો કીધો. તે હુમલામાં તે પેહેલવાને હજારો હીંદી સવારોને કાપી નાંખી શેતાબ પોતે તે ઘેરામાંથી બહાર નિકળ્યો. તે પેહેલવાન આસપાસ નજર કરી જોવા લાગ્યો તો ત્યાં કોઇ ઇરાની પેહેલવાનને જીવતા સલામત દીઠા નહીં તેથી નાઉમેદ થઇ ધાભરો પડી ગયો. એવામાં ત્યાં શેરની હીંમતનો પેહેલવાન હોમાયુન આવી પોહોંચ્યો ત્યારે જંગી ફ્રામર્ઝે એક પોકાર મારી તે સપેહ-સાલારને જાબુલી ઝબાનમાં કહ્યું કે "અય હોમાયુન! શેતાબ એ જગાથી ઘોડો દપતાવતો નિકળી જઇ બીજું લશ્કર લઇ આવ." તે સખુન સાંભળી હોમાયુન બીજું લશ્કર બોલાવી લાવ્યો. એવામાં તે લડાઇના મેદાનમાં દાનાઇ ભરેલો ગેઆનોશ તથા દલેર બીજન શેકસ્તે હાલ થયલા આવી જોરેમંદ ફ્રામર્ઝ ઉપર અવાજ મારી કહેવા લાગ્યા, કે "અય નામદાર જાબુલ જમીનના શાહાજાદા! હવે તું એ લડાઇ બંધ કરાવ કારણ કે આજ બે દાહડા થયા એ મેદાનમાં લડાઇ જારી છે ને આપણું તમામ લશ્કર માર્યું ગયું છે. હવે બીજું લશ્કર થોડું સલામત છે, તે પેલા પાહાડની પનાહ પકડી ઉભેલું છે; તેથી હવે આશાયશનું નગારૂં કરાવવું જોઇએ." એ સખુન સાંભળી શેરદેલ ફ્રામર્ઝ ગુસ્સામાં આવ્યો ને કહેવા લાગ્યો કે "ઓ નામદારો આ વખત ઉપર નાહીંમત થઇ એવા નામરદા સખુન શા વાસ્તે બોલો છો? તમો નામદારોને શરમ નથી આવતી? અગર તમને જોર તથા હીંમત નથી, તો એક જગા છુપ્યા થઇ બેસો, કસમ પાક યઝદાનના કે જ્યાં સુધી રાએ હીંદીને જીવતો પકડું નહીં ત્યાં સુધી એ જગ્યાથી પાછો ફરૂં નહીં. તમો શેતાબ જઇ તમામ લશ્કરને બોલાવી લાવો ને

એકબારગી તે હીંદી લશ્કર ઉપર તીરનો વરસાદ વરસાવો ને દુશ્મનને શેકસ્ત આપો." એ સખુન સાંભળી શેરદેલ બીજન શેતાબ તે જગ્યાથી પાછો ફરી તમામ લશ્કર બોલાવી લાવ્યો. હીંદી લશ્કર ઉપર ઇરાની તીરનો વરસાદ વરસાવ્યો, તેથી જેમ બાહારના દહાડા ઉપર આસમાન ઉપરથી વરસાદનાં કતરા વરસે તે મીસાલે તીર વરસવા લાગ્યાં. તે તીરો મસ્ત હાથીની સુંઢ વીંધી બહાર નિકળી જતા. તે તીરના જરબથી તમામ હાથીઓ માર્યા ગયા. ઇરાની નામદારો પોતાના નામની શરમને વાસ્તે લડાઇ કરતા, તેથી તે મેદાન ચીનના દરીયાવ મીસાલે જોસમાં આવ્યું. દલેર સવારોના ધરપકડના પોકારથી આસમાનનાં કાન બેહેરા થઈ ગયા. નગારાં તથા કરનાયનાં અવાજથી શેર નરો ઘાભરા થઇ ગયા. તે જંગના મેદાનમાં મુવેલા માણસોનાં ટેકડા થવા લાગ્યા અને જખમી લોકો હાથીઓના પગ નીચે રગડાઈ જવા લાગ્યા. એ રવેશની સખત લડાઇ નામદારી ભરેલા બીજને ઉઠાવી ને બીજી તરફથી ગેઆનોશ લશ્કર લઇ નામના ઉઠાવનાર ફરામર્ઝની મદદે આવ્યો. તે બુઝર્ગને જોઇ તે જાણુલી સપેદસાલાર ખુશીમાં શેતાબ તલવાર ઉઠાવી રાએ હીંદીની ખાસ ફોજ ઉપર જઇ પડયો, તેથી પવને ઝાડનાં સુકાં પાતરાં ખરી પડે તે મીસાલે હીંદી જંગી સવારોનાં સર જમીન ઉપર પડવા લાગ્યાં. તે નામદાર પોતાનો ગોરજ ઉઠાવી મારતો, ને નેઝાની નોકથી સવારોનાં સીનાં વીંધી નાખતો. એક સવારનાં ઘોડાનું પુછડું પકડીને ગોફણ મીસાલે ફેરવી મારતો જેના જરબથી પંદર સવાર જીવથી માર્યા જતા ને કમાન ઉપર તીર ખેંચીને મારતો તેથી એકથી ૭ સવારોનાં સીનાં વીંધી નાખતો હતો. એમ કરતાં તે લડાઇ ખુન ભરી થઇ, તેથી બાપ બેટાને ને બેટો બાપને પીછાણે નહીં. ત્યાં ભાઈ પોતાનાં ભાઇને મારતો ને ઘોડા તથા હાથી ખાલી પીઠે નાહાસતા ફરતા ને ગોરજ, તલવાર, નેઝા તથા છુતભાલડીએ કરી તે જંગલ વાંસની જાળ મીસાલે નજર આવતું હતુ. તે ખુનનાં મેદાન વચમાં તેહેમતનનો બેટો ભુખ્યા શેર મીસાલે હર તરફ ઘોડો ફેરવતો

પણ તે નામદાર ફ્રરામર્ઝ તથા ઘોડો બન્ને જણુ બે દાહાડા ને બે રાતનાં ભુખ્યા હતા, તેથી આસમાન ઉપરથી ફ્રરેસ્તા લોકો પણ અવાજ મારતા કે હવે બસ, પણ તે વખતની લડાઇનાં જંગમાં જોરેમંદ ફ્રરામર્ઝ પોતે નહીં હતો, પણ ગોયા જેહાંપેહેલવાન કેરસાસ્પ બીજી જેહાંનમાંથી આવી તે જગા લડાઇ કરતો હતો; યા સામેસવાર આવીને શગશારી લોકો સાથે લડાઇમાં ઉતર્યો હતો. એવી લડાઇમાં તે નામદારને કેટલાએક જખમ લાગ્યા પણ તે જખમો તે પેહેલવાન ખાતરમાં લાવ્યો નહીં. તે જંગીનું મોહ ગુસ્સા-ભરેલું ને આંખ ખુન ભરેલી તથા તનથી તમામ લોહીમાં ગરક થયલો ઘોડો ઝોકાવતો જે જગ્યા ઉપર હીંદુસ્તાનનો મહારાજા રાએ હીંદી ઉભેલો હતો ત્યાં આવી પોહોચી એક સખત હુમલો તે રાજા ઉપર કીધો ને તેના ઝુંડાની નીશાન ઉપર તલવાર મારી તેથી નીશાનનો ઝુંડો જમીન ઉપર પડયો. શેતાબ તે નીશાનના રાખનાર હીંદુ લશકરને પરાગંદા કરી નાખ્યા. તે તમાશો જોઇ જેમ શેરની આગળથી ગોસ્પંદ નહાસે, તે મીસાલ તમામ લશકર નહાસવા લાગ્યું. તે દોડ દપટથી કેટલાએક સવારો માર્યા ગયા ને આદમીઓનાં સર હરતરફ પરાગંદા થઇ ગયાં. તે મેદાનના લોહીનાં કીચલમાં આદમી તણાવા લાગ્યાં. એમ કરતાં હીંદી લશકરનાં એક લાખ સવાર જીવથી માર્યા ગયા તેથી જમાનો પોકાર મારવા લાગ્યો ને આસમાન ઉપરથી આફતાબ નહાસી ગયો. આ જંગના હીંગામે જમીન તથા જમાનો જુમએશમાં આવ્યો. એવી રસ્તા-ખેજની લડાઇ જોઇ રાએહીંદીએ પોતાના હાથીને લડાઇનાં મેદાનમાં કહાડી તે હીંદી માહરાજા પોતાનાં લશ્કરને હીંમત આપવા લાગ્યો એવામાં શેરદેલ ફ્રરામર્ઝ પોતાના હાથમાં સાતેર તારની કમંદ પકડીને તે રાએહીંદી આગળ આવી એક પોકાર સીંહ મીસાલે મારતાંજ તે કમંદ તેના ઉપર નાખી, તેથી તે હીંદી પાદશાહનું સર તથા તન બંધમાં આવી ગયું; તેજ વખત તે માહરાજાને તેનાં હાથીની પીઠ ઉપરથી ખાકમાં નાખી ને નામદાર ફ્રરામર્ઝે તેની બેઉ બાજુ ઓસ્તવાર બાંધી. પછી તે નામદારે બીજા ઇરાની પેહેલવાનોને બોલાવી તે પાદશાહી

અંધવો હવાલે કીધો ને પોતે હાથમાં નેજો પકડી હીંદી સવારો ઉપર હુમલો કીધો.

આવી પોહોંચ્યો જેહાંપેહેલવાન રૂસ્તમ લશ્કર સાથે હીંદુસ્તાનમાં તે હેવાલ.

——:o;——

એવામાં પાસેના જંગલ તરફથી એક ગેરદ ઉઠી અને જાસુસ લોકો ખબર લાવ્યા તેમ તે ઘેરામાંથી જેહાંપેહેલવાન રૂસ્તમ છડી સવારી સાથે આવી પોહોંચ્યો. એ ખબર સાંભળી તમામ લશ્કરે ખુશીનો પોકાર ઉઠાવ્યો. એ ખબર જંગી ફરામર્ઝને થઇ તે વખત તે નામદાર ઉપર હીંદી લશ્કરે ઘેરો નાંખ્યો હતો, કારણ કે તે હીંદી લશ્કર પોતાનાં પાદશાહને પેહેલવાન ફરામર્ઝનાં બંધમાંથી છોડવી લઇ જાય. ત્યા નામનો ઉઠાવનાર ફરામર્ઝ તે લશકર સાથે લડાઇ કરતો હતો. તે લડાઇથી વાકેફ થતાંજ તે જગા જેહાંપેહેલવાન રૂસ્તમ શેતાબ પોતે લડાઇના મેદાનમાં નિકળ્યો અને જે તરફ લડાયક ફરમાર્ઝ લડાઇ કરતો હતો ત્યાં આવી જોય શું કે નામદાર ફરામર્ઝ ઘાભરો થઇ ગયલો ને તેનાં તનમાં તથા ઘોડાની પાખરમાં બેશુમાર તીર લાગેલા તેથી તેનું તન શીશોદ જાનવર મીસાલે નજર આવતું હતું. તે નામદારનો ઘોડો દોડવાથી સુસ્ત થઇ ગયો હતો. એ રવેશની સખતીના વખતમાં તે પેહેલવાનની મદદનો કરનાર કોઇ હતો નહીં. ત્યાં રાએહીંદીને મુશ્કા બાંધેલો કેટલાએક જાબુલી સવારો લઇને ત્યાં બતંગ આવી ઉભેલા હતા. ત્યાંથી તે જંગી સવારોને બહાર નીકળવાની રાહ હતી નહીં; એવો મામલો જોઇને જેહાંપેહેલવાને એક પોકાર જોરથી માર્યો, તેનો અવાજ સાંભળી કેટલાએક હીંદી સવારોનાં તનમાંથી જીવ નિકળી ગયા. પછી જેહાંપેહેલવાન રૂસ્તમે એક હુમ-

લામાં ત્યાં હીંદી હજાર સવાર કાપી નાખ્યા અને નામદાર જેહાંપેહેલવાને એક લેહેજામાં તમામ લશ્કર પરાગંદા કરી નાખ્યું. તેની ગેરદથી હવા અબનુશના રંગ મીસાલે થઇ ગઇ. તે મેદાનની જમીન ઉપર એટલાં તો મુવેલાં માણુસો પડેલાં કે કોઇને ચાલવાની રાહ નહીં હતી. હીંદી લશ્કર એ રવેશે માર્યું ગયું ત્યારે બીજું લશ્કર જે સલામત બંચી ગયું હતું, તે પોતાનો જીવ સલામત લઇ ત્યાંથી નાહસવા લાગ્યું તેની પછવાડે જાબુલી નામદારોએ હુમલો કીધો તે હુમલામાં તે બાકીનું હીંદી લશ્કર માર્યું ગયું. જયારે શેરની હીંમતનો ફ્રામર્ઝ પોતાના બાપની નજદીક આવી પોહોંચ્યો ત્યારે તે નામદાર બેટાએ જમીનને બોસો દેઇ સેજદો કીધો તેથી જેહાંપેહેલવાને રક્ષની પીથ ઉપરથી નીચે ઉતરી પોતાનાં બેટાને ગોદમાં પકડી કહયું કે "અય બાપની આંખનાં નુર! તું એ જગા ત્રણ દહાડાને ત્રણ રાત થઇ એકલો લડાઇ કરે છે. એવી લડાઇ આજસુધી કોઇએ કીધી નથી." એ રવેશે ગોફ્તેગો કરતાં લડાઇનાં મેદાનથી પાછા ફર્યા ને તમામ લશકરનો શુમાર કહાડયો તેથી દસ હજાર ઇરાની સવાર માર્યા જવાની ગણતરી થઇ. હીંદી લશકરના બે લાખ સવાર તથા એકસો હીંદી શાહજાદા કેદ પકડાયા તથા પાંચસો દેલેર સવારો બંધમાં આવ્યા તે લોકોને મુશકા બાંધેલા રાએહીંદીની સાથે જેહાંપેહેલવાંન રૂસ્તમની નજદીક લાવ્યા, તે જોઇને તેહમતને તે માહરાજાને કહયું જે "ઓ હીંદુસ્તાનનાં પાદશાહ! તેં તારી મગરૂરીથી નાહક એવો ફેસાદ બરપા કીધો. તું પોતાનાં વચનથી બેવચન થયો તેનો બદલો પાક યઝદાંએ તને નજરે દેખાડયો છે. ઓ બેવચની હીંદી રાજા! જો તું દાનાવ મરદ હતે તો એક શેરશાની જંગી નવજવાન સાથે એવી લડાઇ ઉઠાવતે નહીં." તેહમતન રૂસ્તમે ગુસ્સામાં આવી પોકાર માર્યો કે "ઓ મહારાજા! હમણા તને સુળી ઉપર ચહડાવું અને તારાં તનને ફાડી ખાનાં જાનવરોને હવાલે કરૂં." એ સખુન સાંભળી રાએ હીંદીએ ઘણીએક ઓજરખાહી કરી તે જેહાંપેહલવાન પાસે જીવતદાન માગ્યું,

ત્યારે જેહાંપેહલવાને હોકમ કીધો કે એ માહરાજાને તનબદન સોનાની જંજીર પહેરાવીને બીજા જંગી શાહજાદાઓ સાથે બંદીખાનામાં કેદ કરે, તે હોકમ સાંભળતાંજ ઇરાની પેહલવાનોએ રાએહીંદીને ખોહારીથી કેદ કીધો. તે વખતે લડાઇનાં મેદાનમાં જે સામન તથા ગંજ ખજાનો તથા દેરા તંબુ વગેરે લુંટમાં મળ્યું તે ખજાના ને તમામ સામનમાંથી જે કંઇ નાદર ચીજો પાદશાહને લાયક હતી તે જેહાંપેહલવાને લીધી અને બાકીની તમામ ચીજો તથા ખજાનો લશકરને બક્ષ્યો; તેથી તમામ લશકર તવંગર થઇ ગયું. એ ફતેહ મેળવ્યા બાદ રાએ હીંદીના મહેલમાં જેહાંપેહલવાને પોતાના બેટા સાથે મીજલસ સમારી. શરાબ ને રામશનીમાં પોતાના બીજા જંગી પેહલવાનો સાથે તે સાત દહાડા સુધી જારી રાખી. જેહાંપેહલવાન રૂસ્તમે દલેર ફ્રામર્ઝને કહયું કે "આપણે રાએ હીંદાને ઇરાનના પાદશાહ આગળ લઇ જઇ તે પાદશાહ શું હોકમ ફરમાવે છે તે આપણા સર ઉપર કબુલ કર્યે. રાએ હીંદાનો આ મુલક આપણા કબજામાં રાખી ત્યાં એક જંગી મરદને પાદશાહી કારોબાર સોંપ્યો." એ રવેશે ગોફતેગો કરી હુકમ કીધો પછી તમામ લશકરે ઇરાન સરજમીન તરફ કુચ કીધી. જેહાંપેહલવાને રાએ હીંદાના મુલકને કબજામાં કીધો ને એક ઇરાની નામદારને થોડાં લશકર સાથે તે મુલકનું તખ્ત તાજ નેધાહ રાખવા વાસ્તે નેમ્યો.

લાવ્યો નામદાર ફ્રામર્ઝ રાએ હીંદીને કેદ પકડી ઇરાન સરજમીન શાહાનશાહ કેખુશરોની દરઘાહમાં ને તે નેક શાહાનશાહે તે મહારાજાને બંદથી ખલાસ કીધો તે દાસ્તાન.

—:o:—

રાહમાં જેહાંપેહલવાન રૂસ્તમનું દિલ પોતાના બેટાથી ઘણું ખુશી ભરેલું હતું, તેથી જંગલ દરમ્યાન શેકાર કરતા ને ખુશીની મીજલસ

ફરી શરાબબાજી કરતા બે માહે તે નામદારો ઇરાન સરજમીન આવી પોહોંચ્યા. એ ખબર પાક દીનના પાદશાહ કેખુશરોને થઇ તેથી તે પાદશાહ પોતાની ખાસ ફોજ લઈને એક મંજલ એસ્તેકબાલ લેવા સામે આવ્યો. જ્યારે તાજબક્ષ રૂસ્તમે તથા શેરદેલ ફ્રરામર્ઝે પોતાના શાહાનશાહની સવારી દીઠી ત્યારે શેતાબ તે પેહલવાનો પાઉંપ્યાદા થયા ને પાદશાહની ઉપર દુવા કરવા લાગ્યા, તેથી તે નવજવાન પાદશાહે બંને બાપ બેટાને પોતાની ગોદમાં પકડયા ને ખેરઆફીયતની ખબર પુછી. પછી પાછા સવાર થઇ ઇરાન સરજમીનના પાયતખ્ત શહેરમાં દાખલ થયા. ત્યાં તમામ બુઝર્ગો સાથે મિજલસ સમારી શાહાનશાહ તે ખુશાલીની સલામીમાં શરાબની જામ ઉઠાવવા લાગ્યા. તે નેકનામ શાહાનશાહે પેહલવાન ફ્રરામર્ઝને હીંદુસ્તાનની લડાઇની હકીકત પુછી, ત્યારે તે પેહલવાને તે મિજલસમાં અવ્વલથી તે આખર તલગ તમામ લડાઇની તથા તોજાના દેવની તથા રાએ હીંદીની દાસ્તાન કહી; તે સાંભળી તમામ મિજલસે પોતાની આંગળી દાંતમાં પકડી. તે સાંભળી શાહાશાહે આફ્રીન કરી કહયું જે "અય નામદાર! તેં જેવાં જંગનાં કામ બજાવ્યાં તેવાં કામ કોઇ પેહલવાને આજના જમાનામાં કીધાં નહીં હશે." એ રવેશથી તમામ દહાડો તથા રાત ગોફ્તેગો કરી ખાણું ખાવા તથા શરાબ પીવા લાગ્યા. તે મીજલસમાં પરીચેહેરેની રામશાગરો ખુશ હલકથી શરોદ ગાતી તથા જરી કમરબંદના ગોલામો હાથમાં શરાબની સુરાહી લઇ જંગી મરદોનાં દસ્તમાંની સોનાની જામ ભરતા; તે દલેર પેહલવાનો જેહાંપેહલવાન રૂસ્તમ તથા ગરદનફ્રરાજ ફ્રરામર્ઝની યાદમાં નોશ કરતા હતા. એ રવેશની ખુશીમાં અરધી રાત ગુજરી ગઇ, ત્યારે સર્વે નામદારો પોતપોતાની જગ્યા ઉપર ખોઆબ કરવા ગયા. જ્યારે બામદાદનો વખત થયો ત્યારે નેકનામ પાકદીનનો પાદશાહ કેખુશરો પોતાનાં પાદશાહી તખ્ત ઉપર આવી બેઠો. તે વખતે દરબાહનાં દરવાજાનો પરદો ખુલ્લો થઇ સર્વે નામદારોને તખ્ત આગળ આવવાનો હોકમ થયો તેથી સર્વે નામદારો પોતપોતાની જગ્યા ઉપર આવી

બેઠા. ત્યારે હોકમ કરી હીંદુસ્તાનનાં પાદશાહ રાએ હીંદીને તખ્ત આગળ બોલાવ્યો તેથી તેને તથા તેની સાથેનાં તમામ શાહજાદા મુશ્કો બાંધેલા લાવી તે નામદાર શાહાનશાહ પાસ હાજર કીધા. પાદશાહ કેખુશરોએ રાએ હીંદીને ખુબ રવેશ જોયો ત્યારે તે ગુસ્સાથી કહેવા લાગ્યો કે "અય બેવચની માહરાજા! તું પોતાના કોલને પાળતો નથી. તેં મગરૂરીથી એવી બેફરમાની કરીને નાહક ભારી ફેસાદ બરપા કીધો. આખેર તો તુ તારી બેઅકલીથી ફાંદામાં આવી પડયો. તને ભારી સજા થવી જોઇએ, કે ફરીથી તારી મીસાલે કોઇ બીજો પાદશાહ એવી બેફરમાની કરે નહીં." એ સખુન સાંભળી રાએ હીંદીએ તે જેહાનના પાદશાહ ઉપર કેટલીક દુવા કીધી ને પોતાની આંખમાંથી મોતી મીસાલે આંસુના કતરા વરસાવી આજજીથી કેહવા લાગ્યો, કે "અય દાદગાર પાદશાહ! મારા બુરા સેતારાની ચાલથી મને એવું સુજયું તેથી તું મારી ઉપર એટલો કમમેહેરબાન ના થા, પણ આ વખતે તું મેહેરબાન થઇ મને જીવતદાંન બક્ષ કે હું હર વરસ તારી આગળ સલામીનો હડીયો મોકલી બંદા મીસાલે કમર બાંધી હાજર રહીશ. ઓ નામદાર શાહાનશાહ! મારી સાથે જેહાંપેહેલવાન રૂસ્તમના જંગી બેટાને મોકલ, કે તે મને પાછો હીંદુસ્તાન લઇ જાય ને મને મારાં રાજપાટનાં તખ્ત ઉપર બેસાડી નામદારી મેળવે. આ રવેસની તું શાહાનશાહોના શાહાનશાહની મેહેરબાની ને નવાજેશ થયાથી ઇરાની પાદશાહીનો દબદબો તમામ હીંદુસ્તાનમાં જાહેર થશે." રાએ હીંદીએ એ સાથે ઘણી મીનત કરી આજજી કીધી. ત્યારે નામનો ઉડાવનાર ફરામર્ઝ શેતાબ પોતાની ખુરસી ઉપરથી ઉઠી ઉભો થયો. તેણે પાદશાહોના પાદશાહ કેખુશરો ઉપર દુવા કરી કહ્યું, જે "અય રોશનતાલેનાં શાહાનશાહ! મારી ઉપર મેહેરબાન થઇને એ રાએ હીંદીને મને બક્ષ કે હું એ માહરાજાને પાછો હીંદુસ્તાન લઇ જાઉં ને એનું તખ્ત તથા તાજ એકવાર એને પાછું બક્ષું, તો મારાં નામનો દબદબો તમામ પાદશાહોમાં જાહેર થાય." એ સખુન સાંભળી પાદશાહ કેખુશરો હસ્યો

અને કહ્યું કે "અય નેક ખાનદાનનાં સરફરાજ જંગી! મેં રાએ હીંદી તથા તેનો તમામ હીંદુસ્તાનનો મુલક તું જોરેમંદને બક્ષ્યો. હીંદુસ્તાનથી ચીનના દરીયાવ સુધી તમામ મુલકની પાદશાહી તું જંગી નામદારને હવાલે કીધી છે. ઓ નામદાર પેહેલવાન! એ માહરાજાને લઇને પાછો હીંદુસ્તાન તું જા. તમામ હીંદુસ્તાનમાં કુર ને બુતપરસ્તીના કરનાર તથા જુલમગાર જાદુગર લોકોને બદ રાહથી પાછો ફેરવી નેક રાહ ઉપર લાવ. ઓ નામદાર જંગી તું હરએક જગા જાય ત્યાં હુશ્યારીથી રહી હર વરસ મારી ઉપર નામું લખી મને વાકેફ કરતો રહે." પછી શેતાબ હુકમ કરી રાએ હીંદીને બંદથી ખલાસ કીધો. તે વખતે એક ભારી સરોપાવ તે રાજાને બક્ષ્યો તેમ તેની બરાબર જે કોઇ હીંદીઓ કેદ પકડાયા હતા તે સર્વેને તેઓના મરતબા પ્રમાણે સરોપાવ બક્ષી નવાજ્યા. તે જોઇ તે મીજલસમાં સર્વેએ ખુશીથી દુવા તથા આફ્રીન કીધી. પેહેલવાન ફરામર્ઝે રાએ હીંદીને પોતાના દેહરામાં લાવી બા આબરૂ મુકામ આપ્યો, તે જોઇ રાએ હીંદી પોતાનાં બેવચની બદ કામથી બેશુમાર પશેમાન થવા લાગ્યો અને પેહેલવાન ફરામર્ઝ ઉપર પોતાનો જાન ફીદા કરવા લાગ્યો. એ પછી કેટલાએક દહાડા રહી નામદાર ફરામર્ઝ શાહનશાહ કેખુશરો પાસેથી રજા લઇને એક ભારી લશ્કર તૈયાર કીધું ને રાએહીંદીને પોતાની સાથે લઇને ઇરાન સરજમીનથી બાહેર નીકળ્યો અને પોતાના બાપ જેહાંપેહેલવાનની રજા માંગી અને ભારી દબદબાથી હીંદુસ્તાન તરફ ચાલ્યો.

એ દાસ્તાનનો જોડનાર શાહેર કહે છે કે નામદાર ફરામર્ઝને રાહમાં રાખી બીજું દાસ્તાન કહું છું તે સાંભળ; કે જ્યારે માહરાજા રાએહીંદી લડાઇનાં મેદાનમાં જંગી ફરામર્ઝના દસ્ત ઉપર કેદ પકડાયો, ત્યારે તેનું તમામ લશ્કર નાહાસી ગયું. તે રાએહીંદીની શીકસ્ત જોઇ બીજા મુલકનાં રાજાઓએ એતેફાક કીધો, કે હવે રાએહીંદીનાં તખ્ત ઉપર બીજા શખસને બેસાડવો જોઇયે કારણ કે પાદશાહોનો પાદશાહ કેખુશરો તે માહરાજાને જીવથી મારે યા જીવતો મેલે ગમે તે તે માહ-

રાજા ઉપર નીપજે તોપણ તે માહરાજાને હીંદુસ્તાનનાં તખ્તથી ઉઠાડવો. એ એતેફાકથી કોલકરાર કરીને કાશમીરના સુબા મારકને તૈયાર કીધો. તે મારક રાએહીંદીનાં બાપનો ચાકર હતો પણ રાએહીંદી સાથે દોસ્તી ને વફાદારી રાખતો હતો તેથી માહરાજા રાએહીંદીએ તેને કેશમીરના મુલકનો સરદાર કીધો હતો. તે મારક હીંદીને હીંદુસ્તાનનાં તખ્ત ઉપર બેસાડી માહરાજા કીધો ને સર્વે તેની ચાકરી કબુલ કરી રાજી થઇ રહ્યા. હીંદુસ્તાનના બીજા રાજાઓએ રાએહીંદી ઉપરથી મેહેરબાની ને મોહબત ઉતારી નાખી. હીંદી અસલી રેવાજ મુજબ મારક હીંદી હીંદનાં તખ્ત ઉપર બેસી તમામ કારોબાર તથા ઇનસાફ ચલાવતો થયો હતો. એ ખબર તેહમતન રૂસ્તમનો બેટો નામનો ઉઠાવનાર શેરદેલ ફરામર્ઝ રાએહીંદી સાથે લશ્કર લઇને શ્રી હીંદુસ્તાન આવી પોહોંચ્યો ત્યારે તેને રાહ દરમ્યાન થઇ કે રાએહીંદીને સલામી આપનારા રાજાઓએ કેશમીરના સરદાર મારક હીંદીને મનસુબો કરી માહરાજા રાએહીંદીનાં તખ્ત ઉપર બેસાડયો છે. તે ઘણો જબરદસ્ત, લડાએક ને કપત કીનો કરનાર છે. તે રાએહીંદીનાં ખેશ કબીલાની તમામ ઓરતો લઇ બેઠો છે. એ નાખુશ ખબર સાંભળી નેકનામ સરદાર ફરામર્ઝ ઘણો દલગીર થયો. તે નામદારે માહરાજા રાએહીંદીને તે તમામ વાત કહી ત્યારે રાએહીંદીએ કહ્યું કે "તે બદખસલતનો નીમકહરામ મારો ચાકર છે, તેને મેં બુઝર્ગી આપી વધાર્યો તો આજ મારાં રાજપાતનો તે ધણી થઇ બેઠો! પણ હું એ વખતમાં નાચાર છેઉં, તું જંગીની નેક અકલમાં આવે તે મીસાલે કામ કર." ત્યારે નામદારી ભરેલા ફરામર્ઝે તે માહરાજાને કહયું, કે એ અંદેશો તરક કર. તે બદ કેરદારના મરદને મારી તેજ તલવારથી ખાકમાં નાખું પણ અવલ એક નામું લખું. તેનો જવાબ તે શું આપે છે? પછી તે જો મારા હોકમથી સર ફેરવશે તો આકેબત ખરાબીથી ખુવાર થશે."

લઇ આવ્યો નામદાર ફરામર્ઝ રાએ હીંદીને હીંદુસતાનમાં અને નામું લખ્યું મારક હીંદી ઉપર તે દાસ્તાન.

—:o:—

પછી નામનાં ઉદાવનાર ફરામર્ઝે નવીશંદાને બોલાવ્યા ને એક નામું મારકહીંદી ઉપર લખાવ્યું. તે નામામાં અવ્વલ પાક પરવરદેગારનું નામ લખ્યું કે તે સાહેબ બન્ને જેહાનનો પેદાનો કરનાર છે. તે ફતેહમંદી તથા ફીરોજીનો આપનાર છે ને તમામ બંદાઓને તે ખજાનાનો બક્ષનાર છે. તે મીસકીનોને મકાન અને રાજાઓને મુલકનો આપનાર છે. તેનો બંદો જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો હીંદુસ્તાનનો સરદાર ફરામર્ઝ તે હું પોતે છું. હું તને નામું લખી જાહેર કરી કહું છું કે બુરા લોકોથી ને બેઅકલ સરદારોના બોલવાથી તું તખ્ત તાજનો માલેક થઇ બેઠો છે, પણ મને એવી ખબર થઇ કે તું સગ કરતાં પણ ઘણોજ બુન છે, કારણ કે તેં નીમકહરામી કરી બેઅદબીથી શેખી કીધી છે. તેં પોતાના ધણીની શરમ તરક કરી છે. સબબ એ બેફામ સરદાર તખ્ત ને તાજ મેળીને તારો અસલનો રવૈયો પકડ ને આ નામું વાંચે તેજ વખત શેતાબ ફરમાબરદારીની કમર બાંધી મારી આગળ આવ; અગરજો તું મારી નસીહતથી ફરે તો જાણજે કે તારાં તન ઉપર સર રેહેશે નહીં. અગર તું લડાઇ કરવાની ખાહેશ રાખતો હોય તો જાણજે કે મારી તેજ તલવારથી મગરમચ્છ ખલાસી પામતા નથી તો તું શા હીસાબમાં છે? વાસ્તે અવ્વલથી અંદેશો કરજે. પછવાડેથી વીચાર કીધેલો તને જીનહાર કામ આવનાર નથી. તું દાના હોય તો ફરમાબરદારીની કમર બાંધી આવજે." એ રવેસથી નામું લખી મોહોર કરી તે નામું એક ઇરાની નામદારને આપીને મારક હીંદી પાસ મોકલ્યો. જ્યારે તે એલચી નામું લઇ મારકહીંદીની દરબારમાં જઇ પોહોંચ્યો ત્યારે તે એલચીએ માહરાજાને

ભારી દબદબાથી તખ્ત ઉપર બેઠેલો દીઠો તેથી શેતાબ તે એલચીએ પેહેલવાન ફરામર્ઝનું નામું આપ્યું તેજ વખત નવીશંદાને હોકમ કીધો જેણે બાંગેબુલંદ તે નામુ વાંચી મારકને સમજાવ્યું તે સાંભળતાંવાર મારક હીંદી દેવની મીસાલે ગુસ્સે થયો. તે પોકાર મારી કહેવા લાગ્યો કે "એ પેગામ મોકલ્યો તો શું થયું? પણ મને રાએહીંદી સારી રવેસથી પીછાણે છે કે હું લડાઇને વખતે ફતેહ ફીરોજી ભરેલો છું. હું લડાઇનાં મેદાનમાં નિકળું તો મારા હરીફનો રોશન રોજ શીહા રાત મીસાલે કરી નાખું." એ રવેશથી બેશુમાર જુઠું બોલીને શેતાબ તેણે હુકમ કીધો, કે તમામ લશકર તૈયાર થાય. પછી તે ઇરાની એલચીને બેહોરમત કરી પોતાની દરબારથી બહાર કાહાડી મેલ્યા. તે મારક હીંદીએ હર મુલકે મુલક નામાં લખીને લશકર બોલાવ્યું જે લશકરનો શુમાર બે લાખ લડાયક સવારનો આવ્યો. સાતસો હાથી મસ્ત પહાડ મીસાલના પોલાદની પાખર નાખેલા તૈયાર થયા. તેના ગુલબાનથી આસમાન પોકાર કરતું અને જમીન તેના ભારથી આજેજ આવી. તે ભારી હીંદી લશકર લઇને મારક હીંદી શેહેરમાંથી બાહાર નિકળ્યો ને જંગી ફરામર્ઝનાં લશકર તરફ ચાલ્યો. હવે પેલી તરફથી પેલો ઇરાની એલચી શેતાબ પવન મીસાલે દોડતો નામદાર ફરામર્ઝની આગળ આવ્યો. તેણે મારકના કામની તમામ હકીકતથી તે સપેહસાલારને વાકેફ કીધો, તેથી તે જાણુરી દલેર બળના આતશની મીસાલે જોસપર આવ્યો. તે જંગી ગુસ્સાથી બોલ્યો જે "પાક યઝદાંના કસમ તથા તાજ ને તખ્તના તથા કોઇ નાવારેશ બવારા મરદની નાચારીના કસમ કે જેમ મુર્ગને શીકમાં વીંધીને આતશ ઉપર શેકે તે મીસાલે મારક હીંદીને નેજાની નોકમાં વીંધી લઉં નહીં ને પાયમાલ કરી નાખું નહીં ત્યાં તલગ કરાર પકડું નહીં." એ રવેશે બોલી હોકમ કીધો કે લશકર તૈયાર થાય, તેથી તમામ લશકર તૈયાર થઇને ભુખ્યા શેર મીસાલે મંજલ દર મંજલ આગળ ચાલ્યું તે રાહમાં એક નદી આવી; તે નદી મોટી હતી અને એક ગાઉ પોહોળી હતી. તેનાં

પાણી મીઠાં જોશ ભરેલાં હતા, તેથી નામદાર ફ્રામર્ઝે હોકમ કરી તે નદીના કીનારા ઉપર પોતાનાં લશકરનું મુકામ કરાવ્યું તેથી તમામ લશકરે ત્યાં દેરા તંબુ માર્યા. તે ખબર મારક હીંદીને થઇ, તેથી તેણે એક હીંદુ મોકલી જંગી ફ્રામર્ઝને કહેવાડયું કે "બામદાદને વખત નદી ઉતરીને મારી તરફ આવ કે આપણે લડયે. અગર તારાથી નહીં અવાય તો હું નદી ઉતરીને આવું ને જોઉં જે તારી લડાઇ તે કેવી છે?" તે વાત જોરેમંદ ફ્રામર્ઝે સાંભળી ઘણોક ગુસ્સે થયો ને જવાબ દીધો, જે "મારાં લશ્કરને હું પાણીમાં ચલાઉં અને મને ઘટે છે જે મરદાનગીને જોરે તારાં લશ્કર ઉપર ખુરાઇ પોહોંચાડું." મારકે એ વાત સાંભળી તમામ રાત પોતાનું લશ્કર હુશ્યારીમાં જાગતું રાખ્યું. તે નદીનો કિનારો તમામ ઝાડથી ભરેલો હતો. મોટાં મોટાં દરખ્તે તે નદીનો કિનારો અજબ તરેહનો દરામણો હતો. તેથી મારકે પોતાનાં લશ્કરને ફરમાવ્યું જે જંગી ફ્રામર્ઝનું લશ્કર નદીમાં ઉતરે, ત્યારે તેનો રસ્તો બાંધીને પાણીથી તરી નીકળતાં તે લશ્કર ઉપર આપણે રસ્તાખેજ કર્યે. એ મસલેહત મારકે લશ્કર સાથે કીધી અને કેટલુંએક લશ્કર તે નદીના કીનારા ઉપર મોટાં મોટાં ઝાડોમાં દગલબાજીથી ભરાયું.

લડાઇ કીધી લડાયક ફ્રામર્ઝે મારક હીંદીનાં લશકર સાથે તે દાસ્તાંન.

—:o:—

પહાડની કઢણથી રોશન આફતાબ બહાર નિકળ્યો ત્યારે જંગી ફ્રામર્ઝે પોતાનાં લશકરને પાણીમાં ઉતારવાનો અંદેશો કીધો, કે કદાચ મારૂં લશકર પાણીમાં ઉતરે ને પેલી તરફથી દુશમન ઘેરો દઇને મારો ચલાવે તો મારૂં જંગી લશકર માર્યું જાય. દાનાવ લોકો કહી ગયા

છે, જે લડાઇને વખત દુરઅંદેશો ને ધીલની જગો ઉતાવળ કરનાર શખ્શ આખરે રંજ તેમજ સખ્તીમાં ગીરફ્તાર થાય. એ વીચારીને તે નામદાર પેહેલવાને તે અંદેશો ને વાત રાએહીંદીને કહી મસલેહત પુછી; તેણે જવાબ દીધો જે "ઓ નામદાર જંગી મારક દુશમનને નાનો ન જાણવો. એ બદઅંદેશાનો બેબુન્યાદ છે, તેથી એ પાણીનો અંદેશો કરીને તે વાતથી વાકેફ થા, તું નામદાર એવો ચારો કર જે તેથી આકેબત શરમંદગી નહીં પોહોંચે." ત્યારે જંગી ફ્રામર્ઝે કહયું જે "ઓ પાદશાહ જો કોઇ પોતાનું નામ ઉઠાવવાને ચાહે તો પ્રથમ પોતાના લોહીએ તેને પોતેજ મોહ ધોવું જોઇએ. તેણે પાણી તથા આતશથી બીહીવું નહીં જોઇએ. તેણે મરવાથી બીલકુલ ડરવું નહીં જોઇએ. દાનાવ એમ કહી ગયા છે, જે એ ભાઇ કોઇ નામ ઉઠાવા ચાહે તો બલાથી ડરતો ના. એ લડાઇનો ચારો એવો તો કરવો જોઇએ, જે પાણીથી બેફીકર ઉતરવું બને." એ રવેશે રાએહીંદી સાથે તે પેહેલવાને ગોફ્તેગો કરી પોતાનાં લશકરને ફરમાવ્યું જે નદીને કીનારેથી જે કાંઇ મોટા તેમ સુકાયલાં ઝાડો હોય તે કાપી એકએક સાથે બાંધો. તે હોકમ સાંભળ્યાથી કેટલાએક ઝાડ કાપીને લશકરનાં લોકોએ તે હોકમ મુજબ પાણીમાં નાખ્યા તેના તરાપા મોટા તેમજ એવા તો ઓસ્તવાર બાંધ્યા કે એકએક તારાપા ઉપર એક હજાર સવાર બેસી શકે. તે ઉપર તે લશકરને ચહડાવ્યું તે લશકરના હાથમાં તીરકમાન તથા ઢાલ તલવાર તથા ગોરજ આપ્યા ને સર્વેના ઘોડાઓ પાખરે ઢાંકયા એવી રીતે પાણીમાં ઉતર્યા એમ કરતાં દલેર ફ્રામર્ઝ લશકર સાથે પેલા કીનારાની નજદીક જઇ લાગ્યો ત્યારે પેલા નાપેકાર દગાબાજ મારકે ઘેરો ઘાલીને માર ચલાવ્યો અને તલવાર તથા નેજાથી હુમલો કરવા લાગ્યો તેથી ઘણાએક ઇરાનીઓ તે મારામાં માર્યા ગયા જેથી દેલાવર ફ્રામર્ઝે પોકાર મારી કહયું જે "એ નામદારો! શેતાબ તીરનદાજીની લડાઇ જારી કરો." એવો હુકમ સાંભળ્યાંજ તમામ લશકરે શેતાબ તીરની લડાઇ ઉઠાવી ત્યારે મારકનું લશકર કીનારેથી જખમી થઇ

પાછું હટવા લાગ્યું. તે નદીથી પેહેલવાન ફરામર્ઝ પોતાનાં લશકર સાથે કીનારે ઉતર્યો તેવોજ તે પોતાનાં તમામ ઘોડેસવાર લશકર સાથ છેડાયલા શેર મીસાલે તે મેદાનમાં હીંદી લશકર ઉપર તુટી પડયો. તે તમામ જંગી લશકરે તલવાર મ્યાનમાંથી ખેંચી પણ તે હીંદી લશકર તીડ મીસાલે બેશુમાર હતું. તે ભારી લશકર દરમ્યાન નામદાર ફરામર્ઝે નેજો ઉઠાવી હર તરફ હુમલો કરવા લાગ્યો. તે જંગના હરેક હુમલામાં બસો સવારો પાયમાલ મરવા લાગ્યા. એ રવેશે લશકરને માર્યાથી મારકહીંદીને કલેજેથી શોલો ઉઠયો ત્યારે હીંદી લશકરથી એક શેરમરદ દલેર લશકરની શફ આગળ આવ્યો જે દલેર સવાર ડુંગર જેવો બુલંદ તનનો હતો. તે ભારી બોજાવાળા તનનો અને બદશીકલ હતો. તેણે મેદાનમાં આવતાં વાર નામદાર ફરામર્ઝને દીઠો કે પોકાર મારતાંજ શેતાબ તલવાર મ્યાનથી ખેંચી તે પેહેલવાન નજદીક આવ્યો ને તેજ તલવારનો જરબ તે જંગીની તોપ ઉપર માર્યો, તેથી તલવારના તુકડા થઇ ગયા તે જોઇ ફત્તેહમંદી ભરેલા દલેર ફરામર્ઝે એક નેજાનો જરબ તે નાપાકનાં સર ઉપર માર્યો તેથી તેની તોપ ઉડીને ખાકમાં પડી. તે બરહેને સર થયો તેથી તેને ઘણી શરમીંદી પેદા થઇ. ફરી હીંદીએ ગુસ્સામાં આવીને પોતાનો ભારી ગોરજ ઉઠાવ્યો ને નામદાર ફરામર્ઝના સર ઉપર ઘણુંએક જોરથી તે જરબ માર્યો તેજ વખતે જોરેમંદ ફરામર્ઝે પોતાનો ગોરજ ઉઠાવી એક જરબ તે હીંદી પેહેલવાન ઉપર માર્યો પણ તે નાપેકારે ચારો કીધો તેથી તે ગોરજ છટકીને ઘોડાના સર ઉપર લાગ્યો તેજ વખતે ઘોડો જમીન ઉપર પડયો તેની સાથે તે હીંદુ પેહેલવાન પણ ખાકમાં પડયો તો પણ શરમને લીધે શેતાબ ઉઠયો અને જંગી ફરામર્ઝની નજદીક આવ્યો તેણે ચુંગાલ મારી જંગી ફરામર્ઝના કમરબંદ પકડયો ને ચાહયું કે ઘોડા ઉપરથી ઉઠાવી લે. તેજ વખતે તે ઉપર ચુંગાલ મારી તે પેહેલવાન ફરામર્ઝે તેની ગરદન પકડી મુર્ગ મીસાલે તોડી નખી. પછી તેનું સર લઇને તેના હીંદી લશકર ઉપર ફેંકયું. તે કૌ-

વત જોઇને બે તરફનાં લશકર અજબ રેહેવા લાગ્યાં. આ જોર જોઇ લશકર ડર ભરેલું થયું. મારક જંગીએ ફરામર્ઝથી એ ગજબ જોયો ત્યારે ઇરાની લશકર ઉપર તેણે એક હુમલો કીધો. તેનાં લશકરની ગેરદથી આફતાબ અંધારો થઇ ગયો અને ત્યાં એક એવી રસ્તાખેજની લડાઇ ઉઠી, કે આફતાબે પોતાનું તેજ ઢાંકયું. શીહા રાતનો વખત થયો તેથી બન્ને લશકર પાછાં ફર્યાં અને મારક પોતાનાં લશકરને ડુંગરની તરફ લઇ ગયો. તેણે દિલમાં વિચાર્યું જે આજ રાતને વખતે દલેર ફરામર્ઝનાં લશકર ઉપર શબેખુન મારૂં તો હું તેનાં સર્વે લશકર સાથ તે નવજવાનને જીત્નથી જીતું. એવી તરેહ વિચાર કરી તેણે એક જાસુસને મોકલ્યો કે ઇરાની લશકરને ખાબમાં પડવાની ખબર લાવે. એવો હોકમ સાંભળી એક હીંદી સવાર ઘોડા ઉપર સવાર થઇ જે જગા પેહેલવાન ફરામર્ઝનું લશકર પડેલું હતું. તે તરફ આવી લાગ્યો; પણ તે શીહા રાતને વખતે નામદાર ફરામર્ઝ કેટલાએક જાબુલી સવારો સાથે પોતાનાં લશકરની આસપાસ જંગલમાં ખબરદારીને વાસ્તે તલાયો ફરતો હતો. તે પેહેલવાન તરફ પેલો હીંદી જાસુસ આવી પોહોચ્યો તે અંધારી રાતને વખત નામનાં ઉઠાવનાર ફરામર્ઝનો ઘોડો ખંખાર્યો તેનો આવાજ સાંભળીને પેલા હીંદી જાંસુસનો ઘોડો પણ હરણીયો. તે ઘોડાનો આવાજ દુરથી દલેર ફરામર્ઝે સાંભળ્યો તેજ વખત પોતાની કમાન ઉપર તીર ખેંચી તે આવાજ તરફ માર્યો તે તીર પેલા હીંદી સવારની છાતીમાં નેમસર કારગાહ લાગ્યો કે તેનો જીવ નિકળી ગયો. એમ કરતાં બામદાદનો વખત થવા આવ્યો ત્યાં સુધી પાદશાહ મારકે પેલા જાસુસની રાહ જોઇ પણ ઇરાની લશકરની કશી ખબર પામ્યો નહીં તેથી નાચાર થઇ બેઠો ને હજારો તરેહના અંદેશા કરવા લાગ્યો.

લડાઇ કીધી પેહેલવાન ફ્રરામર્ઝે હીંદી પેહેલવાનો સાથે ને માર્યા ગયા હીંદી પેહેલવાનો તે દાસ્તાન.

———:૦:———

એમ કરતાં રાતની શીહાઈ ગુમ થઇ અને રોશન આફ્રતાબ બહાર નિકળ્યો ત્યારે બે તરફ લશકરમાંથી લડાઇનાં નગારાનાં અવાજ નિકળ્યા. અવ્વલ મારકે પોતાનાં લશકરની શફ ખેંચી હરોલમાં સાત પેહેલાવનોને રાખ્યા તે જંગી ચુનંદા પેહેલવાનો તનમાં શીહા પાહાડની મીસાલના ને જોવામાં દેવની મીસાલ દરામણી શીકલના હતા. તે પેહેલવાનોની આંખો ખુન ભરેલી તાશની મીસાલના ને તનમાં પોલાદના બખ્તર પેહેરલાં જે ઉપર ભારી હથ્યાર બાંધેલા હતાં. એવા દરામણી શીકલના જબરદસ્ત પેહેલવાનો હરોલમાં આવી ઉભા. તે લશકરથી કલબધાહમાં મારક હીંદી હાથીની પીઠ ઉપર માહીદનદાંનું તખ્ત માંડી બેઠો. તે હીંદીએ દાવી તથા જમણી બાજુ તમામ હાથીઓની શફ ખેંચી તેથી ગોયા તે મારકે પોતાની આસપાસ લોહડાંનો કોટ બાંધેલો હતો. તે હીંદી ધાટનાં અવાજથી તમામ જંગલ શોરશાર ભરેલું થયું. નેજા તથા ગુરજથી હવા તમામ વાંશ તથા કાથીનાં રાનની જાળ મીસાલે રંગ બેરંગી નજર આવતી હતી.

હવે પેલી તરફ શેરની વજનના કરનાર દલેર ફ્રરામર્ઝે પોતાનું લશકર બાહાર કહાડયું, તે લશકરની જમની બાજુ ઉપર અશકશ પેહેલવાનને રાખ્યો. લશકરની દાવી બાજુ નશતેહેન પેહેલવાનને સોંપી, લશકરની કલબગાહમાં રાએહીંદીને ઝુંદા સાથે રાખ્યો. પોતે બળતા આતશ મીસાલે જોરથી ગરમી કરતો લશકરની હરોલમાં આવી ઉભો. પછી રાએહીંદીને કહયું કે "તું નેધાહ કરીને જો કે નીમકહરામ મારકે શી રવેસથી લશકર બાહાર કહાડયું છે. જોવામાં તેબી કોઇ દલેર લડાયક જબરદરત મરદ નજર આવે છે." એ સખુન સાંભ-

ળીને રાએહીંદીએ જવાબ દીધો, કે "અય નામદાર જાણુલી! તું સબર પકડ ને હમણાં મેદાનમાં તારો તકાવર ઘોડો ના દપતાવ. હું એક દાનાવ મરદને મારા હીંદી સરદારોની આગળ મોકલું કે ત્યાં મારા બીજા ઘણા દોસ્તો છે તેઓ ઉપર ઝબાની પેગામ કહેવાડું. તેઓને મારી આગળ બોલવી એ તમામ લડાઇનો ફેસાદ ભાંજી નાખું." એ સખુન સાંભળી શેર-દેલ ફ્રામર્ઝે કહયું, કે "મારો મદદગાર પાક પરવરદેગાર છે. તું મહારાજા મારૂં થોડું લશકર જોઇને એવી વાત કરે છે પણ મને કોઇની મદદ જોઇતી નથી. તું નજર કરી જો કે એક લેહજામાં એ તમામ લશકરની ગેરદ હું કહાડી નાંખીશ. ઓ નામદાર પાદશાહ! તું તારાં દિલથી ખુશી સાથે કલબગાહમાં હુશ્યારીથી ઉભો રેહે." એટલું કહી ઝબાન ઉપર પાક યઝદાંનું નામ લઇને તે નામદારે પોતાના ઘોડાને તે મેદાનમાં દપટાવ્યો, તેની ગેરદ આસમાન ઉપર જઇ પહોંચી. એવો મામલો જોઇ પેલા સાત હીંદી પેહલવાનોમાંથી એક હીંદીએ પોતાના ઘોડાને તે જંગના મેદાનમાં ઝોંકાવ્યો ને બળાના વાદળ મીસાલ જંગી ફ્રામર્ઝની સામે આવ્યો. તેણે એક પોકાર મારી લડાઇના હથ્યાર ઉઠાવ્યાં. તે હીંદી પેહલવાનના તનમાં પોલાદનું બખ્તર પહે-રેલું ને હાથમાં ઝેરી પાણી પાયલી શમશેર પકડેલી હતી. તે શમશેરનો જરબ તેણે નામદાર ફ્રામર્ઝનાં સર ઉપર માર્યો પણ તે શેરની હીંમ-તના દલેરે પોતાની ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લઇને આડી ઢાલ ધરી અને બીજે હાથે તેનો કમરબંધ પકડી એક મોર્ગ મીસાલ તેને ઉઠાવીને જમીન ઉપર એવાં તો જોરથી પટકયો કે તેના તનમાંથી તેનો પલીદી ભરેલો ફેસાદખોર જીવ નિકળી ગયો. તે જોઇ બીજો હીંદી પહેલવાન લડાઇના મેદાનમાં આવ્યો તેણે હીંદી ઝબાનમાં જેહાન શોર શાર ભરેલી કીધી. તેણે શેતાબ પોતાનો નેજો ઉઠાવ્યો ને સરફ્રાજ ફ્રામર્ઝની છાતીમાં માર્યો તેથી તેનાં બખ્તરની કડી તુટી ગઇ પણ તે પહેલવાને પોતાના હુન્નરથી તે જખમને રદ કરી ગુસ્સામાં આવી શેતાબ વીજળી મીસાલ તલવાર ખેંચીને તેના નેજા ઉપર મારી, તેથી

તે નેજાના બે ટુકડા થઇ ગયા. પછી તેવોજ એક જરબ તેની ગરદન ઉપર ખુબ સફાઇથી માર્યો કે ચોગાન દડી મીસાલ તેનાં તન ઉપરથી તેનું સર ઉડી ગયું. તેજ વખત ત્રીજો પેહલવાન શેતાબી કરતો ફતેહમંદ ફરામર્ઝની મુકાબલે આવી ઉભો. તે નાપાકના હાથમાં એક હીંદી તલવાર ઝેરી પાણી પાયલી પકડેલી હતી, તે ઉઠાવીને કહેરથી તે સપેહસાલાર ઉપર મારી; તેથી તે નામદારે પોતાનું સર ચોરાવી બંચાવી લીધું. પછી નામદારી ભરેલા ફરામર્ઝે શેતાબ પોતાની તલવાર ઉઠાવી પોતાના ઘોડાને ઓલાન દઇ એક પોકાર મારી તે હીંદીને કહયું કે "એ હીંદી! મારો જરબ સંભાળ" કે તલવાર તે પહેલવાને એવી તો જોરથી તે હીંદીના સર ઉપર મારી, કે તેના ઘોડા સાથે ચાર ટુકડા કરી નાખ્યો. તે મામલો જોઇ ચોથો હીંદી પહેલવાન ફરામર્ઝના મેદાનમાં એક કાળા પત્થરના પાહાડ મીસાલનો આવી ઉભો. તેના તમામ તનમાં પોલાદનું બખ્તર તથા સર ઉપર પોલાદની તોપ પહેરેલી હતી. તે હીંદી પહેલવાન નામના ઉઠાવનાર ફરામર્ઝ નજદીક ઘોડો દપટાવતો આવી ઉભો. તેના હાથમાં એક અઝદાહ મીસાલનો ભારી નેજો પકડેલો હતો. તેનું દીલ ગુસ્સા ભરેલું ને મોહો કીના ભરેલું હતું. તે હીંદીના દીદા ખુન ભરેલા હતા. તેણે આવતાંવાર જંગી ફરામર્ઝ ઉપર ભારી હુમલો કીધો. તે મામલો જોઇ શેતાબ શેરનર ફરામર્ઝ ચીત્તા મીસાલ તે ઉપર દોડયો ને એક નેજો તેની કમર ઉપર મારી તે હીંદીને જીનથી ઉઠાવી એવો તો જોરથી તે મેદાનમાં જમીન ઉપર પટકયો કે તેની ગરદન તથા પીઠ ટુકડા થઇ ગઇ. તે પલીદનો જીવ હવા તરફ ભમર માખની મીસાલ ઉડવા લાગ્યો. તે તમાશો જોઇ પાંચમો હીંદી પહેલવાન નામદાર ફરામર્ઝ નજદીક વાઘ મીસાલ તેજ ચુંગાલનો અને કફ ભરેલા હોઠ ને લોહી ભરેલી આંખથી આવ્યો. તેના હાથમાં એક આફત ભરેલું ખંજર પકડેલું ને તેની રાન હેઠળ એક પાહાડ જેવો ઘોડો હતો. તે જંગી હીંદીએ નામદાર ફરામર્ઝને ખંજરનો જરબ ભારી કળા ને દાવ પેચથી માર્યો. તે જરબ જંગી ફરામર્ઝની

બાજુમાં લાગો તેથી નામદાર ફ્રરામર્ઝ મસ્ત હાથી મીસાલ ગુસ્સે થયો અને જીનને હરણેથી ભારી ગુરજ ઉઠાવી શેતાબ પેલા હીંદી પહેલવાનનાં સર ઉપર જોરથી માર્યો, કે તે જરબથી તેનું સર કુટાઇને પગ તળે ખાકમાં પડયું. તે જોઇ છઠો પહેલવાન મેદાનમાં આવ્યો. તે સરદારની રાન તળે એક ઘોડો વા મીસાલનો ઉડનાર હતો. તે હીંદી પહેલવાને ગુસ્સો કરી જંગી ફ્રરામર્ઝ ઉપર તલવાર ખેંચી અને એક એવો જરબ માર્યો કે તેના ઘોડાનું સર ખાકમાં પડયું. તેથી નામદાર ફ્રરામર્ઝ હુશ્યારીથી કુદી જમીન ઉપર પ્યાદો થયો. તે નામદારે શેતાબ તે હીંદીનાં ઘોડાની દુમ પકડી તેને તેના સવાર સાથે ફેરવીને જમીન ઉપર માર્યો તેથા તે પેહેલવાન તથા ઘોડો જેહાનથી નાબુદ થયા. ઇરાની જંગીઓએ નામદાર ફ્રરામર્ઝને પાંઉપ્યાદો જોયો ત્યારે પોલાદ મીસાલનો એક જબરદસ્ત ઘોડો શેતાબ લઇ ગયા. તે ઘોડા ઉપર નામદાર ફ્રરમાર્ઝ શેર મીસાલ કુદીને સવાર થયો. તે નામદારે તેજ તલવાર મ્યાનથી ખેંચી ને હીંદી લશકર ઉપર એક હુમલો કીધો તેથી તેની તલવારથી તમામ તે મેદાનની જમીન લાલાના ચમન મીસાલ થઇ અને ઘણાક સવારોનાં સર ખાકમાં પડયાં. એ મામલો જોઇ સાતમા હીંદી પેહેલવાને લડાઇની કોશેશ કીધી તેના હાથમાં પણ એક તેજ તલવાર ભારી હતી. તેણે આવતાંવાર તે તેજ તલવાર નામદાર ફ્રરામર્ઝ ઉપર મારી, તેજ વખતે જંગી ફ્રરામર્ઝે સર ઉપર શેતાબ ઘાલ પકડી કળાગી બીજે હાથે પોતાનું ખંજર તે હીંદીનાં સર ઉપર માર્યું તે જખમથી તે હીંદી પેહેલવાનનું સર તનથી જુદું થયું. તે સાત હીંદી પેહેલવાનો માર્યા ગયા ત્યારે જોરેમંદ ફ્રરામર્ઝનું લશકર સર્વે હીંદીના લશકર ઉપર આવ્યા અને તમામ લશકરે લડાઇ ઉપર મોહ ધર્યું ત્યારે પેલી તરફથી મારકનાં લશકરમાં નગારાં નફેરીનો અવાજ થયો. મારકે તે લડાઇમાં અવ્વલ મસ્ત હાથીઓને આગળ કરી ઇરાની લશકર ઉપર હુમલો કીધો. તે લશકરની ગેરદથી હવા અબનુશી થઇ ગઇ. એવો મામલો જોઇ ઇરાની લશકરે કમાન ઉપર ચીલ્લા ચઢ-

ડાવ્યા અને તે હાથીઓ ઉપર તીરનો વરસાદ વરસાવ્યો તે તીર જેમ ઝાડ ઉપરથી પવનને જોરે પાતરાં ઉડે તે મીસાલ તે ઇરાનીઓના કેહેરથી ઉડવા લાગ્યા તેથી તે હાથીઓ જખમી થઇ આજેજ આવ્યા. તે તીરના જખમથી હાથીઓએ પોતાનાં મોહ લડાઇમાંથી પાછાં ફેરવ્યાં અને પોતાનાં લશકર તરફ નાહાસવા લાગ્યા તે જોઇ મારકનાં પાંઉપ્યાદા સીપાહો છુંડાઇ ગયા ને ઘણું એક હીંદી લશકર તેઓનાજ ખાસ લડાયક હાથીથી માર્યું ગયું. તે હીંદી લશકર ઉપર દાવી તથા જમણી બાજુથી ઇરાની લશકરે હુમલો કીધો ને નામદાર ફરામર્ઝે હીંદી લશકરને પરાગંદે કરી નાખ્યું. એ લડાઇમાં હીંદી લશકરના આશરે દશ હજાર સવાર માર્યા ગયા, બસો લડાયક હાથી ગીરદાપેચ થઇ ગયા તેની લોથે મેદાન ભરાઇ ગયું. ઘણા એક હીંદી સરદારો કેદ પકડાયા, તેથી તમામ હીંદી લશકર નાહાસવા લાગું. શીહા રાતનો વખત થયો ત્યારે તે હીંદી લશકર પરાગંદે થઇ પોતાનો જીવ બચાવા નાહાસી ગયું.

નાહાસી ગયો મારક હીંદી કેશમીર તરફ ને લડાઇ કીધી શેરોએ પેહેલવાને મારકનાં લશકર સાથે તે દાસ્તાન.

——:o:——

હીંદી લશકરે શેકસ્ત ખાધી ત્યારે તે લશકરમાં એક સરદાર હતો. તે પોતાની સાથે ત્રીસ હજાર સવાર તથા કેટલાએક હાથીઓને લઇને મારક હીંદી આગળથી મોહ ફેરવી ઇરાની લશકરમાં રાએહીંદી આગળ આવી સર જમીન ઉપર ધરી માફ માંગવા લાગ્યો; તેથી રાએહીંદીએ દિલાસો આપી તેને ભારી મરતબાથી પોતાની આગળ રાખ્યો. હવે પેલી તરફ લડાઇના મેદાનમાં મારક હીંદીએ ઉપર

રવેશની આફત દીઠી ત્યારે પોતાના કામથી પસ્તાવો ખાઇ હાય અફસોસ કરી થોડાંક લશકર સાથે તે મેદાનથી નાહાઠો અને કેશમીર તરફ ચાલ્યો. તેનો તમામ ગંજ ખજાનો તથા દેરા તંબુ સર્વે અસબાબ તે ઇરાની લશકરે લુટી લીધો. એ ખબર ફરામર્ઝને થઇ કે મારકહીંદી કેશમીરના મુલકની તરફ નાહાસી ગયો ત્યારે જંગી ફરામર્ઝ બોલ્યો જે "દુશમન મરવા કરતાં ને નાહાસેલો ભલો." પછી વીચાર કરી પોતાનાં ઇરાની લશકરમાં એક પેહેલવાન શેરોએ નામનો ઘણો જબરદસ્ત હતો તેને કહયું જે "અય નામદાર! તું કીનાની કમર બાંધ ને તે મારકહીંદી પછવાડે જા અને તારી તેજ તલવારે તે નાફરમાન હીંદીને શીહા દાહડો દેખાડ. કોણ જાણે ફરી લશકર લઇને આવે ને ફરીથી. કીનાની તલવાર અજમાવે તો ફરી મેદાનમાં ખુનરેજી મચે વાસ્તે તું શેતાબ તેની દુંબાલે જા." એટલું કહીને તે પેહેલવાનને છ હજાર તમામ જંગી સવારો ખુનરેજીના કરનાર આપ્યા. તે દરેક સવારને ત્રણ ત્રણ ઘોડા આપ્યા સબબ કે શેતાબીથી જઇ પોહોંચે. શેરોએ પેહેલવાન લશકર લઇને મારકની પછવાડે ગયો ત્યારે જોરેમંદ ફરામર્ઝ એક મીજલસ સમારી આરાસ્તા કીધી, તે દરમ્યાન હીંદનાં પાદશાહ રાએહીંદી સાથે લાલ શરાબની જામ ઉડાવવા લાગ્યો. તે મીજલસ સાત દીન રાતની ભરી સમારી. એક હફતો તમામ થયો ત્યારે તે નામદાર તમામ મીજલસ સાથે રાએહીંદીનાં કનોજ શેહેર તરફ કુચ કરતો આવી પોહોંચ્યો અને પેલી તરફ દલેર શેરોએ પેહેલવાન પોતાની સાથે લશકર લઇને મારકહીંદીની પછવાડે કેશમીર તરફ રાહમાં આરામએશ લેવા વગર ચાલ્યો. હવે એ તરફ બરગસ્તે બખ્તનો મારકહીંદી શેકસ્તેહાલ થયલો કેશમીરમાં આવી પોહોંચ્યો. તેણે શેતાબ બીજું લશ્કર જમાવ કીધું કારણ તેને ઇરાની શેરોએને પોતાની પાછળ આવ્યાની ખબર થઇ હતી. તેણે નાચાર થઇ દિલ સાથે અંદેશો કરી શેતાબ પોતાનું લશકર બાહાર મેદાનમાં કહાડયું અને દલેર શેરોએના આવ્યાની રાહ બંધા કરી ઉભો. શેરોએ આવી પોહોંચ્યો કે તે મેદાનમાં બન્ને લશ-

કરે આમન સામન શસ્ત્ર ખેંચી લડાઇનાં નગારાનાં અવાજ થયા અને જંગમાં બન્ને લશકર એકમેકમાં ભેલાઇ જઇને એક સખ્ત લડાઇ ઉઠી ઉભી થઇ, પણ મારકનો સેતારો બરગસ્તે હતો તેથી તેનું ઘણું લશકર માર્યું ગયું ત્યારે મારકે લડાઇનાં મેદાનમાંથી નહાસીતે શેતાબ શાહેરમાં ભરાઇ જઇ કીલ્લાના દરવાજા ઓસ્તવાર બંધ કીધા. તેણે કોટની શફીલ ઉપર તમામ લશકરને ફરતું રાખ્યું ત્યાંથી ઇરાની લશકર ઉપર તે તીરનો મારો ચલાવવા લાગ્યો. તે તીરનો મારો ઇરાની સવારોને કારઘાહ લાગતો ને જે ઇરાની સવારો તીર મારતા તે રદ બાતલ જતા તેથી નાચાર થઇ શેરોએ પહેલવાને લશકર સાથે કોટની આસપાસ ઘેરો નાંખ્યો. પછી તે જંગી પેહલવાને પોતે વીચાર કરીને નવીશંદાને બોલાવ્યો અને જોરેમંદ ફરામર્ઝ ઉપર એક નામાની કેતાબ લખી; તેમાં અવ્વલ પાક પરવરદેગારનું નામ લખ્યું પછી લખ્યું જે "અય રોશનતાલેના જાણુલી શાહજાદા! તારૂં નામ હમેશાં રોશન રહેજો! તારી જવાંમરદીની દોલત હમેશાં કાયમ રેહેજો. અય તહેમતન તાજબક્ષના બેટા! તારા મુબારક કદમની બરકતથી દુશમન લડાઇનાં મેદાનથી નાહાસી કીલ્લામાં ભરાઇ બેઠો છે અને મારી પાસે લશકર થોડું છે તેથી હું શહેરના કોટને ઘેરો નાખી પડયો છું પણ એ શહેર ઘણું આબાદી ભરેલું ગંજખજાનાથી ચીકાર તથા મેવા ભરેલું છે; તેથી તું આવી પહોંચે તો એ શેહેર આપણ કબજે કર્યે, અગર નહીં તો દુશમન મારી ઉપર ગાલેબ આવશે. આ નામું વાંચી શેતાબીથી મારી મદદનો ચારો કરજે." એ રવેશથી કેટલીએક બીના લખી તે ખત એક એલચીને આપીને શેતાબ જંગી સપેહેસાલાર ફરામર્ઝ ઉપર દોડાવ્યો. તે એલચી રાહમાં ચાલ્યો ને પોતે લશકરની ખબરદારીથી કોટને ઘેરો નાખી મકાન કરી રહયો. કેશમીરના શહેરમાં મારક ભરાઇ બેઠો હતો તેણે પણ પોતાને તાબેના સલામી આપનારા રાજાઓ ને સરદારો ઉપર નામા લખીને પોતાની મદદને વાસ્તે બીજું લશકર બોલાવ્યું. તે મદદનું લશકર આવતાં કીલ્લામાં વીસ હજાર લડાયક સવાર જમાવ

થયા. એ ખબર નામદાર શેરોએને થઇ તેથી તે નામદાર ધાભરો પડી ગયો કે દુશમન બહાર નીકળી આવશે તો મારાં થોડાં લશકરની ગેરદ કહાડી નાંખશે. મારી તમામ જેહેમત બરબાદ જશે. એ અંદેશો કરી જેમ એક બીચારી નાચાર નાવારેશ ઓરત પોતાના મરદની ઇંતેજારીમાં બેસીને હાયવેળા કરે તે મીસાલ જંગી શેરોએ નામદાર સપેહસાલાર ફ્રામર્ઝના આવ્યાની રાહ જોતો બેઠો. હવે પેલી તરફ નામનો ઉઠાવનાર ફ્રામર્ઝ રાએ હીંદી સાથે કનોજ શહેરમાં આવી પોહોંચ્યો ને તેં માહારાજાને તેના તખ્ત ઉપર બેસાડયો. તેનું પાદશાહી તાજ તેનાં સર ઉપર પહેરાવ્યું તેથી હીંદુસ્તાનની તમામ વેલાયત તે નામદારને મુબારક થઇ. તે સપેહસાલાર તેમજ સર્વ રાત દીન શેકારબાજી કરી મીજલસ સમારી પોતાનાં દિલને ખુશી કરતા હતા; એવામાં અરધી રાતને વખત પેલો એલચી નામદાર શેરોએનું નામું લઇ લડાયક ફ્રામર્ઝની નજદીક આવી પહોંચ્યો. તે જાણુલા સરદારે તે તમામ નામું વાંચ્યું ત્યારે તે મિજલસમાં બાગેબુલંદ પોતાના નામદારોને કહેવા લાગ્યો કે "જે કોઇ દાનાવ ને નામના ઉઠાવનાર પેહેલવાનો હોય તેણે એ વખત મિજલસમાં બેસી રામશની કરવી સજાવાર નથી. આપણે એ જગ્યા ખુશીમાં બેસીને રામશની કર્યે ને કબી દુશમન સર ઉપર આવી પહોંચે તો પછવાડેથી પસ્તાવું પડે, દુશમનની કશી નીશાન દુન્યામાં રહે નહીં ત્યારેજ મિજલસમાં બેસી ખુશી કર્યે તો તે આપણને સજાવાર છે." એટલું કહી પહેલવાન ફ્રામર્ઝે લડાઇના નગારાં હાથીની પીઠ ઉપર બંધાવ્યાં. તે નામદારે તેજ રાતને વખત લશકર તૈયાર કરી ઘોડા સવાર થતાં શેતાબ લશકર આગળ ચલાવ્યું. તે લશકર બે દહાડાની રાહ એક દહાડામાં કાપતું હતું. તે અંધારી રાતે જંગી ફ્રામર્ઝ પોતાનો ઘોડો પરંદા જાનવરની મીસાલ ચલાવતો હતો. કંઇએક રોજે તે શહેર નજદીક આવી લાગ્યો ત્યારે રાહમાંથીજ ઘોડો દપટાવતો આગળ નિકળી ચાલ્યો. હવે એ તરફ મારક હીંદી તેજ દીને સાત હજાર લડાયક સવાર લઇ શેરોએ પહેલવાન સાથે લડાઇ કરતો હતો પણ મારકનું લશકર

બેહદ ને બેશુમાર હતું તેથી લડાઇમાં ઇરાની સવારો ઘણાએક માર્યા ગયા હતા ને ઘણાએક નામદારોનાં સર ખાકમાં પડયાં હતાં, આ હીંગામે મારકનાં લશકરથી ઇરાનીઓ આજેજ આવી ગયા હતા, એવામાં ફતેહમંદી ભરેલો ફરામર્ઝ પોતે એકલો ઘોડો દપટાવનો બખારતા શેરની મીસાલ તે મેદાનમાં આવી પહોંચ્યો. તે નામદારે આવતાંવાર ભુખ્યા શેર મીસાલ મારકનાં લશકર ઉપર તલવાર ઉઠાવી. તે નામદારે મસ્ત હાથી મીસાલ તે મેદાનમાં હીંદો લશકરમાં જઇ એક હુમલામાં તે લશકરની સફ પરાગંદે કરી નાંખી. તે નામદારની તલવારથી હીંદી લશકરના સવારોના લોહીની નેહેર ચાલવા લાગી. તલવારને મ્યાન કરી તે જંગીએ ભારી ગુરજ ઉઠાવ્યો. ત્યારે હીંદી લશકર ઉપર રસ્તાખેજ ગુજરી રહી. નામદાર ફરામર્ઝથી એવી તો આફત તે હીંદી લશકર ઉપર ગુજરી કે તે લડાઇમાં બાપને હાથ બેઠો ને દોસ્તને હાથ દોસ્ત બેજાન થયા. એવી ખુનરેજી ચાલવા લાગી પણ જંગી શેરોએ પેહેલવાને નહીં જાણ્યું જે એ મેદાનમાં જંગી ફરામર્ઝ આવી પોહોંચ્યો છે તેથી એવી લડાઈ ચાલે છે. એ ખબર જબરદસ્ત શેરોએને બીલકુલ હતીજ નહીં સબબ તે પેહેલવાન તે લડાઇમાં તન મનથી મશગુલ હતો. તે જંગી શેરોએ પેહેલવાન અજબ રહીને પોતાના દિલ સાથે કેહેતો હતો જે એવી સખત લડાઇ દુનિયામાં મેં દીઠી નથી પણ હું યકીનથી જાણું છું જે પાક દાદાર હોરમજદે પોતાની મેહેરબાનીથી ફતેહમંદી ભરેલા સરોશને મોકલ્યો છે બાકી એવા કીનાં ભરેલાં હથ્યારવાળા હજારોનાં લશ્કરમાં કોણની તાકાત છે જે કમર બાંધે. એ રવેશે શેરોએ પેહેલવાન પોતાનાં દિલ સાથે કેહતો હતો અને પોતે હીંદી લશ્કર ઉપર તલવાર ચલાવતો હતો; એવામાં નામદાર ફરામર્ઝે ત્યાં એક ભારી પોકાર માર્યો કે "એ નામદાર! કેશમીરનું લશકર તારી આગળ શું બીસાદ છે? હમણાં લડાઇનો વખત છે, માટે કોશેશ કર." જ્યારે શેરોએ એ રવેશે શેર મીસાલે છેડાયલા ફરામર્ઝનો અવાજ સાંભળ્યો ત્યારે ખુશાલ દિલ દલેર ફરામર્ઝની

આગળ આવી પોહોંચ્યો અને તેનાં દીદારની ખુશાલીથી જમીનને બોસો દીધો ને તે જંગી નામદાર ઉપર ઘણીએક દુવા દીધી. ઇરાનીઓએ જાણ્યું જે શેરમરદ ફરામર્ઝ આવી પોહોંચ્યો છે, ત્યારે હરણ પાછળ શેર દોડે તે મીસાલે સર્વે ઇરાની લશકર હીંદી લશકર ઉપર દોડી પોહોંચી તે સર્વે ઇરાની લશકર તલવાર ખેંચી હીંદી લશકરને ખાકમાં નાખવા લાગ્યું, તેથી જમીન ખુન ભરી લાલાને રંગની કીધી. જેની જીંદગાની બાકી હતી તે સીપાઇ લોકો બીચારા પશુ જાનવર જેમ કસાઇની છુરીથી બંરાડ મારે તે મીસાલે શું જવાન કે બુઢા મરદો બરાડા મારતા હતા. તે જંગમાં હીંદી સવારો ઘણા માર્યા ગયા. તે મુવેલાં આદમીની લોથોનાં તે મેદાનમાં ઢગ લાગ્યા. મારકે પોતાનો લશકરનો આ હેવાલ દીઠો ત્યારે તેણે નાહાસીને શેહેરના દરવાજામાં પેસવાનો કસદ કીધો. તેણે ચાહ્યું જે હું નાહાસી શેહેરમાં જઇ દરવાજા બંધ કરૂં. એ ખબર પેહેલવાન ફરામર્ઝને થઇ તેથી તે જંગી તેજ વખતે શેતાબ પોતાનો તેજ ઘોડો આડે રસ્તે પરંદાં મુર્ગની મીસાલે દપતાવતો કોટના દરવાજા આગળ જઇ પોહોંચી તે મારકની રાહ બાંધી. નીમકહરામ મારક તે જગા આવી પોહોંચ્યો ત્યારે ત્યાં શેરમરદ ફરામર્ઝને જોઇને નેતરનાં ઝાડ મીસાલે તે ધ્રુજવા લાગ્યો પણ પોતાના નામની શરમને વાસ્તે તે જોરે-મંદ ફરામર્ઝ સાથે લડાઇ કરવા તૈયાર થયો; એ જોઇ તે સપેહસાલારે પોકાર માર્યો અને કહ્યું કે "ઓ નીમકહરામ! તું મારી ચુંગાળમાંથી નાહાસી કયાં જવા ચાહે છે?" એ સખુનો કેહતાંજ તે જંગીએ પોતાની ચુંગાલ મારી તેનો કમરબંધ ઓસ્તવાર પકડયો. પછી તેના સીનામાં નેજાનો જરબ એવો તો માર્યો, કે જેમ સીકમાં કવાબ ભરે તે મીસાલે તેને વીંધી નાંખ્યો. ગોયા તે નીમકહરામ ચાકર મારક હીંદી દુનિયામાં પેદા થયો હતોજ નહીં. દગાબાજ મારક હીંદી માર્યો ગયો ત્યારે તેનું તમામ લશકર નાહાસી ગયું, તે જોઇ કેશમીર શેહેરની અદના આલા ખલકત જમાવ થઇ નામદાર ફરામર્ઝ આગળ જીવતદાંન માંગતી હાથ બક્ષ કરી આવી ઉભી. તે ખલકતના બુઝર્ગો નમી બોલ્યા કે "ઓ

નામદાર ! અમો બેચારા બેગુનાહ લોકો છીએ. તું દાનાવ છે પણ આ આસમાનનાં ચક્કરની કોઇને ખબર નથી. કજી તો તે ગમના દરિયાવમાં નાખે છે તેથી તું જંગી ખોદાતાલાનો ડર કરી લડાઈ બંધ કરી અમો સર્વેને જીવતદાન બક્ષ." એ રવેશ તે લોકો ઘણીએક નસીહતની વાત કરી મીનતજારી કરવા લાગ્યા તેથી નામદાર ફરામર્ઝે સર્વે લોકોને જીવતદાન બક્ષ્યું. પછી પોતે સર્વે નામદારો સાથે શેહેરમાં આવ્યો. તે નામદારે ત્યાં તમામ રવૈયો દાદ તથા ઇનસાફ ભરેલો ચલાવ્યો ને એક દાનાવ મરદ તહુન નામનો ઘણો બુઝર્ગ હતો ને બુઝર્ગને કેદ્દમીરનાં તખ્ત ઉપર બેસાડયો. આ બંદોબસ્ત કીધા બાદ તે નામદાર પોતાનાં તમામ લશકર સાથે બાહાર નિકળ્યો ત્યાંથી રાએહીંદીનાં કનોજ શહેરની તરફ આવ્યો. એ ખબર રાએહીંદીને થઇ તેથી સર્વે નામદારો સાથે સાત મંજલ તે ફતેહમંદ ફરામર્ઝને સામે એસ્તેકબાલ લેવા આવ્યો. સપેહસાલાર ફરામર્ઝના ગોલાબને રંગના ચેહેરાને તે માહરાજાએ નજરે દીઠો ત્યારે તે રાએહીંદીએ તેનાં મુબારક કદમ ઉપર સર મેલ્યું ને નમ્યો. તેજ વખતે જંગી ફરામર્ઝે તેને પોતાની ગોદમાં પકડયો તેઓએ એક એક સાથે બગલગીરી કરી. શહેરમાં આવ્યો ત્યારે મીજલસ સમારી તે ફતેહમાં શરાબ પીવા બેઠા. કનોજ શહેરની તમામ રૈયત તે પેહેલવાનનાં જંગ ઉપર દુવા તથા આફ્રીન કરવા લાગી. રાએહીંદીએ પોતાનાં સોનેરી અયવાનમાં એવી તો મીજલસ આરાસ્તા કીધી કે તે મીજલસની બેહેસ્તનો બાગ અદેખાઇ કરવા લાગ્યા. તે મીજલસ દરમ્યાન નરગેશનાં ફુલ માંસાલ આંખની સુંદર રામશ્ગરો ખુશ હલકથી શરૈદ ગાતી હતી તે સાંભળી આસમાન ઉપરથી શુકર સેતારો નીચે ઉતરવા ચાહતો હતો. તે રામશ્ગરોનાં નાચવાનાં પગના અવાજથી આસમાન શરમ ભરેલુ થતું ને ગવૈયા લોકોનાં તંબોરા તથા ચંગના અવાજથી સનીશ્વર સેતારો ગાભરો પડીને હરતરફ ખુબ નેઘાહ કરતો હતો. તે મીજલસમાં કસ્તુરી તથા અંબર વગેરે બીજી તરેહ તરેહની ખુશબોઇ એટલી તો નિકલતી કે તમામ ફરેસ્તાઓ તે ખુશબોઇથી તે મીજલસમાં આવી

ગુપ્ત થઈ તમાશો જોતા ઉભા હતા. તે મીજલસની રોશની જોઇ બેહેશતના બાગમાંથી આફ્તાબ તે રોશનીથી તાજુબીમાં પડયો હતો. એ રવેશથી તે મીજલસ આરાસ્તા કીધી હતી. તે મીજલસમાં પાદશાહ કેખુશરોની યાદમાં શરાબનો દોર ફરતો હતો અને ફુલબદન શાકીઓ શરાબ નામવાની મસ્તીમાં ગાયા ગુલ ચમનમાં બુલબુલ ડાલ ઉપર ખીલે તેમ બાહારની મોસમ મીસાલ ખીલી રહયા હતા.

સલામી મોકલી નામદાર ફ્રરામર્ઝે હીંદુસ્તાનથી પાદશાહ કેખુશરોને તે હેવાલ.

——::o——

ત્યાર પછી કેશમીર શેહેરથી તથા કનોજ શેહેરથી જે કાંઇ ગંજ ખજાનો નામદાર ફ્રરામર્ઝને મળ્યો હતો, તે તમામ ખજાનો, જેમાં એક હીંદી તખ્ત બેકીંમત જડાવનું એવું હતું કે તેવું તખ્ત ઇરાન સરજમીનમાં તાજુબી પમાડે તથા તાજ, ગોહર ને મોતી તે સાથે બેશુમાર સોનુ રૂપું જેનો કંઇ શુમાર થાય નહીં. કસ્તુરી, અંબર, દેબાનાં જરી કપડાં, ખુબસુરત ગોલામો, બાંદીઓ, જરી કમરબંધ, ભારી માવેનાં હથ્યારો, જરી પાખરના બસો હાથી એ વગરે બીજી તરાંહતરાંહની નાદર ચીજો હતી, તે તમામ સામાન ઉંઠ ઉપર લાધ્યો. તે તમામ સામાણ બાર હજાર ઉંટ ઉપર લાધવાનો શુમાર આવ્યો. એ ભારી ગંજ તૈયાર કરી તે નામદારી ભરેલા ફ્રરામર્ઝે એક નામું તે નેક પાદશાહ ઉપર લખાવ્યું તેમાં અવ્વલ પાક પરવરદેગારનું નામ લખ્યુ કે "જમીન તથા આસમાન તથા આફ્તાબ તથા માહાતાબ તે સાહેબનાં હોકમમાં છે. તે બારેતાલાએ એક કતરા પાણીમાંથી ખુબ-સુરત બેનમુન આદમજાત પેદા કરી અકલનું ગોહર બસ્યું છે. તે સાહેબ અદના, આલા, ફકીર કે જન જનાવર સર્વેને તેઓનાં નસીબ પ્રમાણે

રોજીનો ખોરાક આપે છે. એવા કદીમ કુદરતના સાહેબથી તું ઇરાન જમીનના નવજવાન અજમતી પાદશાહ ઉપર દુવા હોજો. ઓ પાદશાહ! હું ઇરાન જમીનથી કનોજ શેહેરમાં આવ્યો પણ એ વેલાયતની પાદશાહાત એક નાપેકાર નીમકહરામ મારક નામનાં હીંદીએ પોતે કબજે કીધી હતી. તેની બુનએખ ઉખાડી નાખી રાએહીંદીને હીંદુસ્તાનનાં તખ્ત ઉપર બેસાડયો તો પણ તું જેવા દાદખાહ પાદશાહનો હું તો એક ખાકી કમીનો બન્દો છું, તેથી હવે જે કાંઇ હોકમ ફરમાવે તે પ્રમાણે અમલ કબુલ કરૂં" પછી તે નામામાં તમામ લડાઇની બીના તથા કેશમીર શેહેરની તમામ હકીકત લખી તે નામા ઉપર પોતાની મોહોર કીધી. તે નામું તથા તમામ ગંજ ખજાનો એક દાનાવ એલચીને હવાલે કીધો ને કહયું કે એ બે વરસની સલામીનો ખજાનો નેક પાદશાહને આપી શેતાબ તેનો હોકમ શું છે તેનું નામું લઇ આવ. એ હોકમ સાંભળી તે એલચીએ છ હજાર જંગી સવાર પેલા ખજાનાની ચોકીને વાસ્તે પોતા સાથ લીધા ને બાર હજાર ઉંટ ચાલતાં કીધાં. એ રવેસનો ભારી ખજાનો લઇને મંજલ દર મંજલ ઇરાન આવી પોહોંચ્યો. એ ખબર પાદશાહ કેખુશરોને થઇ તેથી પેલો એલચી બાઆબરૂ પોતાની આગળ બોલાવ્યો. ઇરાનના પાદશાહ નજદીક તે એલચી આવી પોહોંચ્યો ત્યારે તેણે જમીનને સેજદો કરી પેહેલવાન ફરામર્ઝનું નામું આપ્યું. તે નામું પાદશાહની નજદીક નવીશંદાએ વાંચ્યું તે સાંભળીને કેખુશરો ઘણો ખુશી થયો. તે યજદાંપરસ્ત પાદશાહે બુઝર્ગ જાલેજરનાં ખાનદાનના જોરેમંદ બેટા ઉપર આફ્રીન કીધી. તે નેકનામ શાહાનશાહ તેમ તમામ ઇરાની મીજલસ તે તમામ ગંજ ખજાનો જોઇ હેરત થઇ રહી. પછી પેલા એલચીએ જબાની પેગામ કહી જે પોતે નજરે દીઠું હતું, તે તમામ જાહેર બ્યાન કરી કહયું. તે એલચીને પાદશાહે એક ભારી સરોપાવ બક્ષ્યો. તે પેહેલવાન ફરામર્ઝ ઉપર પાદશાહોના પાદશાહ કેખુશરોએ નવીશંદા પાસે એક નામું સોનેરી ખતે લખાવ્યું તે ઉપર અવ્વલ પેદાના કરનાર પાક પરવરદેગારનું નામ લખ્યું કે તે સાહેબ જીવ તથા

કોવત તથા અજમતનો ધણી છે. તે પરવરદેગારે પોતાની અજીમ કુદરતથી સર્વે ચીજ પેદા કીધી છે. તેનો બંદો તું જંગી ફરામર્ઝ તે શમશેહર તથા ગોરજનાં ખાવંદ! તારી ઉપર દોવા હોજો કે તું સામે નરીમાનની બુન્યાદનો, ઇરાની પાદશાહોનો પાસબાન ને પાદશાહાતનો મરદાનેમરદ મદદગાર છે. મેહેમાનીમાં ગોહરનો વરસાવનાર ને લડાઇમાં શમશેરનો ચલાવનાર ને સભામાં અકલ દાનાઇનો રાખનાર, નાની ઉમરમાં દુશમનો ઉપર તું ફતેહનો કરનાર છે. તું નામદારે જે કંઇ મેહેરબાનીની કલમે લખ્યું છે અને બક્ષેશની નજરે મોકલ્યું છે તે સર્વે મને પોહોંચ્યું છે. તું નામદારના નામાથી મારી ફિકર દુર થઇ છે. અય દલેર! તારાં જંગી કામથી હું ઘણો ખુશાલ થયો છું કે તું જેવો નામદાર રોશનતન પેહેલવાન ખોદાવંદતાલાએ મને બક્ષ્યો. ઓ રોશનતાલે પેહેલવાન! હું તારા ગોરજ તથા તલવારે ને બાજુને જોરે મારા દુશ્મનોનાં સર જમીન ઉપર નાખું છું વાસ્તે ઓ નામદાર પેહેલવાન! દુનિયામાં તું હમેશાં ખુશી ભરેલો રહેજે. હવે એ હીંદુસ્તાનની વેલાયતના રાખનાર સરફરાજ પાક દીનના ફરામર્ઝ! મેં મારા કોલથી લખ્યું છે જે તમામ ખરગાહની વેલાયત તથા કાશમીર તથા સીંધ તથા હબશાન તથા હીંદુસ્તાનથી તે ચીનનાં દરીયાવ સુધીના તમામ મુલકોની પાદશાહી મેં તું ફતેહમંદને સોંપી છે; વાસ્તે વાઘ તથા બકરી તથા મોર્ગ ને માહી તારી ખિદમતમાં રાખ કે એવા નેક ઇનસાફ તું હમેશાં ખુશાલીમાં રહેશે. ઓ નામદાર! તું તમામ જમીન દાદ ને ઇનસાફથી નેઘાહ રાખજે કે તેથી તારૂં નામ અમર ને રોશન રહેશે. તું પેહેલવાન ખુબીથી રાસ્ત ઇનસાફ હમેશાં કરતો રહેજે અને લોભ તથા હવસની નજદીકથી મોહ ફેરવતો રહેજે. કોઇને રંજ ને આજાર દેતો ના અને હરેક વાતે ખુબી ને શરમ સાથે ફરવું કરજે. ખેતીબાનો કે ગાગડીયા ને બજારના બેસનાર ગરીબ કંગાળ લોકો સાથે કીનો ધરતો ના. એવા ગરીબ ને કંગાળ લોકોને કાંઇ દુઃખ દેશે તો દીનમાં નુકસાની પોહોંચશે. સદા રૈયત ઉપર ને ખેતી કરનાર કુણબી ઉપર

મેહેરબાની તથા મોહબત રાખજે. કોઇ દુશ્મન લોકોની મજાકને તાબામાં આવે તેવું કરતો ના." એ રીતે પાદશાહ કેખુશરોએ તમામ નામું નસીહતથી ભરી એક ફરમાન પેહેલવાન ફરામર્ઝ ઉપર લખાવ્યું. તે પેગામને પાદશાહે પોતે કસ્તુરી તથા અંબરની મોહોર કીધી. તે નામું એલચીને આપ્યું તેથી એલચીએ બાખુશી સેજદો કરીને શેતાબ હીંદુસ્તાન તરફ મોહ ક્યું. તે મંજલ દર મંજલ રાહ માપતો નામના ઉઠાવનાર ફરામર્ઝની નજદીક જઇ પોહોંચ્યો ત્યારે નેકનામી ભરેલા પાદશાહ કેખુશરોની કેતાબ નામદાર ફરામર્ઝને આપી. નામદાર ફરામર્ઝ તે પેગામથી વાકેફ થઇ ઘણોજ ખુશી થઇ તેણે તે જેહાનના પાદશાહની દાનાઇ ઉપર ઘણી આફ્રીન કીધી. તે નામદાર કહેવા લાગ્યો જે "અય બારેહ-ક્તાલા! એવા નેક પાદશાહને તું ઇરાન જમીનમાં હમેશાં કાયમ રાખજે." પછી તે નામદાર ફરામર્ઝે રાજા રાએહીંદીને કહયું જે "હું એવી ઉમેદ રાખુ છું કે તમામ દરીયાવ ફરી વળું. તમામ જંજીરાનો તમાશો જોઉં ને તમામ જંજીરા મારા તાબામાં કરૂં." તેથી રાએહીંદીએ દુવા કરી સફરનો સામન તૈયાર કીધો. નામદાર ફરામર્ઝે સફરમાં પોતાની સાથે બાર હજાર સવાર લીધા. એક બુઝર્ગ કીશતીબાન નાખુદા કે જે દરીયાવની રાહ દેખાડનાર હોશ્યારી ભરેલો હતો તેને સાથે લીધો કે દરીયાવના તોફાનમાં દરીયાવની રાહ સમાલે. તે સાથે તે નામદારે પોતાના દીલમાં એવો ઇરાદો કીધો જે પોતાને લાયક કોઇ બુલંદ પાદશાહની બેટી હોય તે નેકામાં લાવે. એવો ઇરાદો ધારીને ડુંગર તથા જંગલ મંજલ દર મંજલ કુદાવતો જયારે દરીયાવ આવ્યો ત્યારે કીશતી ઉપર સવાર થયો. તે દરીયાવમાં માસ ત્રણ થયા પછી તે દરીયાવના પાણીમાં પેહેલવાન લોકોએ એક ઘણો અજાયબ તમાશો એવો દીઠો, જે પાણીમાં એકએક પાછળ દોડતા દરીયાવમાં દરયાઇ ઘોડા જેના બે હાથ, માથું વાઘનાં જેવું ને તન માહીની મિસાલનું અને બાજુ તથા છાતી ભુંદનાં જેવી, દાંત હાથીના જેવા, શીકલ આદમીનાં જેવી ને રૂપ રંગમાં ગળી જેવા કાળા હતા. તેની

ગરદન તથા બાજુ ઘણીજ મોટી દરાઝ હતી. એ તમાશો પેહેલવાનોએ દરીયાવ દરમ્યાન જોઇને આસમાનનાં કાંમથી સર્વે અજબ રહયા. એ રાહે તે લશ્કર દરીયાવમાં ચાલ્યું. નીચે પાણી અને ઉપર આફતાબ અને માહાતાબ એ વગર કાંઇ બીજું નજર નહીં આવતું હતું. તે રાહે ચાલતાં એક જંજીરો નજર આવ્યો તે જંજીરો ગાઉ ચારસો કરતાં પણ ઘેરાવામાં જયાદા હતો. તે મોટા જંજીરાનું નામ ફરાશંગ હતું.

જઇ પોહોંચી લડાઇ કીધી જંગી ફરામર્ઝે દરીયાવની રાહે ફરાશંગ જંજીરા તરફ હબશીના પાદશાહ સાથે તે દાસ્તાન.

——:o:——

તે નામદાર ફરાશંગને જંજીરે પોહોંચ્યો; તે જંજીરામાં હબશી લોકો વસતા હતા. તે જંજીરાનો પાદશાહ બેશુમાર ખજાના તથા લશકરે તેમ તાજ તખ્તે તથા નીશાન વાવટાએ ભરપુર હતો. તે જબરા પાદિશાહને નામદાર ફરામર્ઝનાં લશકરની ખબર થઇ; તેણે પોતાનું લશ્કર તૈયાર કીધું, તે તમામ લશકર લડાઇ કરનાર શેરની મીસાલ જબરદસ્ત હતું. તે સર્વે લશકર લઇ તે પાદશાહ પોતાના દરીયાવને કીનારે આવ્યો. તે પેહેલવાની લશકર ગોયા એક કાળા ડુંગર જેવું ડરામણું હતું. તે લશકરના હબસી સીપાહ લડાઇના કરનારા અહેરેમન મીસાલના જબરદસ્ત હતા. તે તમામ જંગીઓના હાથમાં ગોરજ તથા તલવારની જગો માહીનાં હથ્યારો પકડેલાં હતાં. બાજેના દસ્તમાં હાથીઓના મોટા દાંત પકડેલા હતા અને કેટલાક હબસીના હાથમાં ગોફણો પકડેલી હતી. તે પહેલવાનો ઉંચાઇમાં ડુંગર જેવા ને દોડવામાં પવન મીસાલના તેજ ને દેખાવમાં ડરામણા વાઘ જેવા અને જોશમાં હાથી કરતાં

જ્યાદા હતા. તે જંગી હબસીઓ લડાઇની વખતે પહેલવાનોને મોર્ગ મીસાલ ઘોડા ઉપરથી ઉઠાવી લેતા અને આદમીઓને પકડીને તેઓની ગરદન દાંતે કરડી નાંખતા હતા. તે ખુની હબસીઓ કાચાને કાચા આદમીઓને ચાવીને ખાઇ જતા હતા. એ રવેશનું તે નાપેકાર લશકર હતું. એવી ખબર નામદાર ફ્રામર્ઝે સાંભળી ત્યારે પોતાનાં જંગી લશ્કર સાથ બાહેર આવી લડાઇની શેતાબ તૈયારી કીધી. ચારો તરફ નગારાં નફેરીના અવાજ શરૂ કીધા પછી તે દેવો ઉપર તીરનો મારો ચલાવ્યો ને તલવારનો વરસાદ વરસાવ્યો; તેથી તે દેવજાદ લશકરનો પોકાર આસમાન લગી ઉઠયો અને માહીનાં હથીયાર તથા હાથીઓનાં દાંતનો માર જંગી ઇરાનીઓ ઉપર ચલાવ્યો અને ગોફણનો માર એવો તો કારી થયો કે ઇરાનીઓ ઉપર તંગીનો વખત પોહોંચ્યો અને વરસાદનાં કરાં મીસાલે ગોફણના પથર પડવા લાગ્યા. તે પથરો એવા તો વાગતા કે ઢાલ તોડીને પહેલવાનોને ઘાયલ કરી જમીનદોસ્ત નાંખતા; તેથી ઘણાએક ઇરાની માર્યા ગયા તથા ઘણાએક જખમી થયા. તે દેવોનાં લશકરથી પેહેલવાન ફ્રામર્ઝનું ઇરાની લશકર ઘણુંક આજેજ થયું. જંગી ફ્રામર્ઝે એવી આફ્ત જોઇ પોતાનો ભારી ગોરજ ઉઠાવ્યો અને શેકારી શેર બોકરાંનાં ટોળાંમાં જઇ પડે તે મીસાલે તે જંગી નાપેકાર હબસીઓના સર પરાગંદે કરવા લાગ્યો અને જેમ લોહાર લોકો એરણ ઉપર હથોડો મારે તે મીસાલે ગોરજ કુટવા લાગ્યો, તેથી ઘણાએક હબસી માર્યા ગયા. એ તમાશો જોઇ શેતાબ એક શરકશ જબરદસ્ત હબસી દેવ જંગી ફ્રામર્ઝ આગળ નિકળી આવ્યો. તે ખુની હબસી માણસનાં લોહીનો પીનાર હતો. તેનાં હાથમાં એક માહીનુ હાડ એવું તો મોટું હતું જે તે હાડ ગજ ચાલીશથી જ્યાદા હતું. તે હબસીએ આવતાંવાર જોરેમંદ ફ્રામર્ઝ ઉપર તે જબરાં હાડનો જરબ માર્યો કે જંગી ફ્રામર્ઝે પોતાનાં સર ઉપર ઘાલ પકડી અને બીજે હાથ લંબાવી તેનો કમરબંદ પકડયો ને ઘોડાના જીન ઉપરથી દુંગરની મીસાલે ઉઠાવી જમીન ઉપર મારી પોતાનાં લશકરના લડાયકોને હોકમ કીધો

જે એ હબસીનું સર કાપે; તેથી તે નાપેકાર દેવનું સર કતલ થયું. તે સર તેનાં લશકરમાં તે સપેહસાલારે ગુસ્સાથી ફેંક્યું, પછી જોરેમંદ ફરામર્ઝ નેજાથી તે હબસી લશકર ઉપર ભુખ્યા શેરની મીસાલે જઇ પડયો ને પોતે ચારો તરફ નેગાહ કરી જોવા લાગ્યો, કે ફરાસંગનો પાદશાહ કયાં છે? એવામાં તે પાદશાહ નજર પડતાં તેજ વખતે શેતાબ તે પેહેલવાને પાદશાહ પાસ જઇ તેની કમર ઉપર નેજો મારી તે ખુનખારને મુર્ગ મીસાલે જીન ઉપરથી ઉઠાવી ઇરાની લશકરમાં લાવી નાંખ્યો અને લશકરને હોકમ કીધો તેથી તલવારે તે હબસી રાજાનું સર તુકડા કીધું. તે પાદશાહ માર્યો ગયો ત્યારે સર્વે લશકર પરાગંદે થયું. હબસીઓનો ગંજ ખજાનો તથા તખ્ત તાજ વગેરે બીજો સામન ઇરાનીઓના હાથમાં આવ્યો. તે જગા સર્વે નામદારો બે મહીના ખુશાલીમાં રહયા. ત્યાર પછી તે જગ્યાએ એક દાનાવ મરદને પાદશાહ કીધો તેનું નામ બુરાચેહેર કહેતા હતા. તે બુરાચેહેરને ઘણીએક નસીહતના સખુનો સમજાવી કહી તાજ પેહરાવ્યું. નામદાર ફરામર્ઝ તમામ લશકર સાથે કીશતી ઉપર સવાર થયો. તે જગાથી કેટલાક દાહડા કીશતીઓ ભર દરીયાવમાં ચાલ્યા પછી એક બીજો જંજીરો નજર આવ્યો તે જગા એક પાદશાહ કોહેલાશાહ નામનો રેહેતો હતો. તે જંજીરો બેહેશતના બાગ મીસાલે બનાવેલો હતો. તે આબો હવા ભરેલો, ગોયા તે જગા બેહેશતના માલાએ શણગારેલી હતી. તે જગાનાં ફુલની ખુશબોથી મુવેલાં માણસ જીવતાં થાય! તે જંજીરો બસો ફરસંગ યાને આઠ સો ગાઉ સમચોરસ ફરતો મોટો હતો. ઘણાક બાગ બગીચા ને મેવાનાં બેશુમાર ઝાડ હતાં અને લશકર પણ બેશુમાર હતું. ત્યાંની ઇમારતો રંગારંગ ખુબી ભરેલી બનાવેલી હતી તે રાજા કોહેલાશાહ નવજવાન દાનાઇ ભરેલો નરમ સ્વભાવનો અકલમંદ રાજ કરતો હતો. તેને જંગી ફરામર્ઝનાં લશકર સાથ આવ્યાની ખબર થઇ તેજ વખત તે શાહે પોતાનું તમામ લશકર તૈયાર કીધું. તેમાં કેટલાક હાથી સોનેરી અંબારીના તૈયાર કરી તમામ બુઝર્ગ દાનાવ લોકોને સાથે લઇ તે સપેહસાલાર

ફરામર્ઝને એસ્તેકબાલ લેવા દરીયાવના કીનારા સુધી સામો આવ્યો. તે શાહે તમામ ઇરાની લશકર બાઆબરૂ કીનારે ઉતાર્યું. તે પાદશાહે નામદાર ફરામર્ઝને દુરથી જોઇ શેતાબ પાંઉપ્યાદો થયો. તે જોઈ ફરામર્ઝ પણ પાંઉપ્યાદો થઇ પાદશાહની નજદીક આવ્યો ત્યાં એક બીજા સાથે મુલાકાત થયા પછી તે કોલાહાનો પાદશાહ સપેહસાલાર ફરામર્ઝ તથા બીજા તમામ બુઝર્ગ લોકોને ઘણી આબરૂ સાથ પોતાનાં શેહેરમાં લાવ્યો અને એક પાદશાહી અયવાંન બેહેશતના બાગ મીસાલે સમાર્યું. ત્યાં મીજલસ કરી ખાણું તથા શરાબબાજી તથા પરી મીસાલની રામશગરોના નાચ ચાલ્યા. તે કોહોલાશાહે જંગી ફરામર્ઝની એવી તો અછી ખિદમત બજાવી કે બીજા પાદશાહોની મેહેમાંની તે પેહેલવાન ભુલી ગયો. તે જગાએ બે મહિનાં સુધી રામશની તથા શેકારબાજીમા રહીને જંગી ફરામર્ઝ ઘણો ખુશી થયો. તે કોહોલાશાહની ખુબીની તારીફ કરવા લાગ્યો કે જેવી એ પાદશાહે ખાલેશ દિલને મોહબતથી મારી મદારત કીધી છે તેવી કોઇ બીજા રાજા કે અંજુમને કીધી નથી.

લઇ ગયો શાહદાદ દેવ કોહોલાશાહ પાદશાહની બેટી, અને તે પાછળ ગયો નામદાર ફરામર્ઝ તે હેવાલ.

——:o:——

હવે આ દાસ્તાનનો જોડનાર શાહેર લખી જાય છે કે તે જંજીરામાં અસલથી એવી રસમ હતી, કે ફરવરદીન મહીનાનો નોરોજનો દિન આવતો ત્યારે તમામ જમીન સબજાનાં ફુલથી આરાસ્તા થતી હતી અને તે શેહેરની તમામ રૈયત—શું ગરીબ કે શું તવંગર ફુલે બાગમાં જતું ને સંબુલ તથા લાલાનાં ફુલને જોઇ આબોહવા લેતાં. હવે તે પાદશાહ કોલાહશાહની એક બેટી નવજવાન પરી મીસા-

લની ખુબસુરત હતી. જોવામાં તે શાહજાદીનો ચેહેરો ગોલાબનાં ફુલ મીસાલનો હતો તે પરીજાદ શાહજાદીની બન્ને ચશમ નરગેસનાં ફુલ મીસાલની હતી. તે શાહજાદી કદમાં ગોયા સુંદર સીધાં સરવ ઉપર બીલોર મીસાલ સીનો ધરાવતી હતી. તે શાહજાદીના પગ રૂપાંના સોટાની મીસાલના હતા. એ ઉપરાંત તે પરીજાદમાં બીજી ઘણી ખુબી હતી. તે બોલવામાં ખુશ હલકની શીરીન ઝબાનની દાનાઇ ભરેલી પહરેજગાર હતી. તે બેટીને કોહેલાશાહ ઘણો ચાહતો હતો; સબબ તે બેટી વગર તે શાહને બીજું કશું ફરજંદ હતું નહીં. તે પરી શાહજાદી પોતાની ખિદમતગાર બાંદીઓ સાથે નવરોઝના દહાડામાં બાગનાં ફુલની શયર કરવા બાહાર નિકળી હતી ને ખુશીથી મોધરાંની ખુશબોમાં સુતેલી હતી. હવે તે જગાનાં જંગલમાં એક દેવ શાહાદ નામનો બદસુરત રહેતો હતો. તે જોવામાં શીહા ફીલ મીસાલનો દરામણો ને તેની બન્ને આંખ લોહી તાશ મીસાલની ને તેનાં બે કાન ગેંદાની ધાલ કરતાં મોટા હતા. તેનાં મોહોડામાંથી દમનો ધુંવાડો નિકળતો હતો. તે તનમાં એક ડુંગર જેવો બુલંદ હતો. તેની બન્ને ચુંગાલ દરામણા વરની મીસાલની હતી. તે દેવથી ત્યાંની તમામ રૈયત ઉપર બેહદ જુલમ હતો, તેથી તે લોકો ઘણા ડર ભરેલા રેહેતા હતા. કોઇ પેહેલવાન તે દેવને મારી શકતો હતો નહીં. તે દેવનાં હાથમાં જે માણસ આવતું તેને કાચું ચાવીને ખાઇ જતો હતો. એ રવેશનો તેનો જુલમ હતો. તે નાપેકાર પલીદ દેવ તે નવરોઝને દહાડા ઉપર ફરતો જે જગા કોહેલાશાહની બેટી ચંપેલીને મોધરાનાં બાગમાં સુતેલી હતી ત્યાં આવી પોહોંચ્યો. ત્યાં તે પરી શિકલની બાનુને જોઇ તે ઉપર આશક પડી તેને ઉઠાવી જંગલ તરફ નીકળી ચાલ્યો. જ્યારે તે શાહજાદીની ખિદમતગાર બાંદીઓએ એ આફત દીઠી ત્યારે શોર ને પોકાર કરતી પાદશાહ આગળ આવી કહયું કે આપણી શાહજાદીને બાગમાંથી શાહાદ દેવ ઉઠાવી ગયો. તે સાંભળતાંવાર પાદશાહ બેહોશ થઇ ગયો. હોશમાં આવ્યો

ત્યારે તે શાહ પોતાનાં સર ઉપરથી તાજ જમીન ઉપર નાખી જારી કરવા લાગ્યો તેથી મેહેલમાંથી જારાનો પોકાર ઉઠયો. એ ખબર શેરની વજનના ફરામઝને થઇ તેથી પાદશાહ કોહેલાશાહને દિલાસો આપી કહયું જે "તે નાપેકાર દેવની પછવાડે હું જાઉં છું ને તેના શીહા તનમાંથી પલીદ જીવ નાબુદ કરી તારી બેટીને પાછી સલામત તારી હજુરમાં લાવું છું."

લડાઇ કીધી પેહેલવાન ફરામઝેં શાહાદ દેવ સાથે ને માર્યો ગયો શાહાદ દેવ તેના હાથ ઉપર તે હેવાલ.

—:o:—

એ દિલાસો દઇ નામદાર ફરામઝેં બખ્તર તનમાં પેહેર્યું, કમર ઉપર હીંદી તલવાર લટકાવી, કાબુલી કમાન ખભાં ઉપર ભેરવી, પીઠ પછવાડે તીરનો ભાથરો બાંધી, ઝેરી પાણીનું ખંજર ખોસી જીનનાં હરણુ ઉપર ગોરજ મેલી અને હાથમાં છુટભાલદી પકડી એ તમામ હથ્યાર સાથે ઘોડા ઉપર સવાર થઇ બાહાર નિકળ્યો. તે જોઇ તે નામદાર બરાબર બીજા પેહલવાનોએ જવાની તૈયારી કીધી, પણ તેઓને મના કરી તે ફકત રાહનો દેખાડનાર ભોમ્યો સાથે લેતાંજ કે શેતાબ તે નાપાક દેવની ખબર કહાડતો આગળ ચાલ્યો. જ્યારે તે નાપેકારનાં મકાન ઉપર જઇ પોહોંચ્યો ત્યારે તે પેહલવાને એક પોકાર. માર્યો, જે અવાજ શાહાદ દેવે સાંભળ્યો. તેજ વખતે તે નાપાક પલીદી ભરેલા દેવે એક મોટો પથર ઉઠાવી ફરામઝ ઉપર છુટો માર્યો તેજ વખતે તે પેહલવાને ઢાલ પકડી પણ તે જરબથી ઢાલના ટુકડા થઇ ગયા. આ જોર જોઇ જંગી ફરામઝેં કમાન ઉપર તીર ખેંચ્યો ને તે દેવ ઉપર માર્યો. તે તીરના જખમથી તે દેવે પોકાર માર્યો ને ગુસ્સાથી એક

બીજો પત્થર ઉઠાવી માર્યો. એક બાજુથી ફરામર્ઝ તીર મારતો ને બીજી બાજુથી તે પલીદ દેવ કુદી કુદીને પત્થર મારતો, એ રવેશની લડાઇ કરતાં શાહાદ દેવ જખમી થઇ ગયો, ત્યારે જંગી ફરામર્ઝે મ્યાનથી તલવાર ખેંચી એક જરબ ઘણા જોરથી તે દેવ ઉપર માર્યો, તે જરબને તે દેવે રદ કરી નાખ્યો તેથી તે તલવાર મુઠમાંથી ભાંગી ગઇ; તેવોજ પોતાનો નેજો ઉઠાવી તેની નોક તે દેવના સીનામાં મારી કે સીનો વીંધાઇ નેજો બહાર નિકળ્યો. પછી નામદાર ફરામર્ઝે ગોરજ ઉઠાવી તે દેવનાં સર ઉપ્પર માર્યો; તે જરબથી તેનું ભેજું બાહાર નિકળી ગયું ને તે નાપાકનાં તનમાંથી રીમની ભરેલો જાન નાબુદ થઇ ગયો. જ્યારે તે નાપેકાર દેવ માર્યો ગયો ત્યારે તે નામદારે પોતાનું સર ખાકમાં ધર્યું. તેણે બારેહકતાલાની જનાબમાં મુનાજાત કીધી, કે "ઓ બારેહકતાલા ! એવી ફત્તેહમંદીનો આપનાર તું વગર કોઇ બીજો નથી." પછી તે જગ્યાથી નામદાર ફરામર્ઝે કોહેલાશાહની બેટીની જુસ્તેજો કીધી, ત્યાં જોય શું કે, તે નવજવાન શાહજાદી ગોલાબના ફુલના બાગમાં બેઠેલી હતી. હવે પેલી તરફથી પાદશાહ કોહેલાશાહ પોતાના તમામ નામદારો સાથે જંગી ફરામર્ઝની પછવાડે આવી પોહોંચ્યો, કે મબાદા તે જીયાંગાર દેવથી તે સરફરાજને આજાર પોહોંચે પણ રાહમાં તેને ખુશ ખબર થઇ કે બુરી નસલનો દેવ ફત્તેહમંદ ફરામર્ઝના હાથે માર્યો ગયો છે ને શાંહજાદી ખુશાલ દીલ નામદાર ફરામર્ઝ સાથે બાગમાં બેઠેલી છે. એ ખુશ ખબર સાંભળી કોલાહશાહ બાગનાં ફુલની મીસાલ ખીલ્યો. તે જંગી ફરામર્ઝ શાહજાદી સાથે બેઠેલો હતો, ત્યાં આવી પોહોંચ્યો. તે નામદારને જોઇ તે આફ્રીન કરવા લાગ્યો ને પોતાની બેટીને ગોદમાં પકડી મોહબતથી ફીદા થવા લાગ્યો. ત્યાં તમામ અનજુમન ખુશીથી મિજલસ સમારી ખુશબોદાર ફુલની શયર કરવા લાગ્યું. શહેરમાં આવતાં તમામ રૈયતે ફત્તેહમંદ ફરામર્ઝ ઉપર વધાવો કીધો; તેમાં સોના રૂપાનાં ફુલ તથા અશ્રફીનો એટલો તો વધાવો થયો કે જમીન જરીન ગલીચા જેવી થઇ ને સોનું ગરીબ મીસકીન લોકોએ ઉઠાવી

લીધું તેથી તે લોકો તવંગર થઇ ગયા. એ રવેશે જંગી ફરામર્ઝને આબરૂ શહેરમાં લાવ્યા. તમામ રૈયત નામદાર ફરામર્ઝ ઉપર દુવા કરવા લાગી કે અમો લોકોને તે નાપાક દેવનાં જુલમથી છોડવ્યાથી જીવતદાન બક્ષવા જેવી સર્વેને આશાયશ થઇ.

હવે પેલી તરફથી પાદશાહ કોહોલાશાહની બેટી નામદાર ફરામર્ઝની જવાંમરદી તથા ચેહેરો જોઇ તેના ઉપર આશક થઇ, તેથી તે શાહજાદીનું દિલ બળવા લાગ્યું. તે એવી તો આશક પડી ને એવી તો મોહબતમાં ગીરફતાર થઇ કે હરદમ તે નામદારને જોવા ચાહતી હતી. પણ નામદાર ફરામર્ઝ તો રાત ને દિન પાદશાહ સાથે મિજલસમાં બેસી રામશની કરતો હતો; તેને પેલી ખુબસુરત શાહજાદીના ઇશકની કશી ખબર હતી નહીં, તેથી તે શાહજાદી નરગેસ મીસાલની આંખમાંથી મોતી મીસાલનાં આંસુ વરસાવતી હતી. તે શાહજાદીની એક દાઇ દાનાવ ને ખુબી ભરેલી હતી તેને તે શાહજાદીએ પોતાની આગળ બોલાવીને કહયું જે "અય મહેરબાન દાઇ! હું તને ખુદ મારી માતા મીસાલ ગણું છું તેથી તારી આગળ એક ભેદની વાત કહું તેનો તું કાંઇ ઇલાજ કર અને મારા મોહ સામે જરા તું નેગાહ કર કે આ મારો ચહેરો જરદ થયો છે. મારો જીવ તમામ ફિકર ભરેલો છે. ઓ મા! તે જંગી ફરામર્ઝને મેં શાદાદ દેવની લડાઇમાં જોયો કે તેનું મોહ, તેની બાજુ, તેની ગરદનથી તે તન બદન ગોયા આફતાબ છે. ત્યારથી મારૂં દિલ હાથથી ગયું છે. એ અંદેશાથી મારૂં દિલ ખોરાક તથા ખોવાબ તરક કરી બેઠું છે; માટે તું શેતાબ શેરદેલ ફરામર્ઝ નજદીક જા અને તે નામદારને કહે કે અય જાબુલના જંગી! આ વેલાયતના પાદશાહની બેટીએ તને દુવા પોહોંચાડી છે અને કહેવાડયું છે કે તારી કદખુદાઇમાં મને નામવર કરે તો હું તારી ખીદમતમાં કમર બાધું. મારા પ્યારા જીવથી હું તારી ઉપર પુરી દિલભરી ખીદમત ફીદા કરૂં. ઓ નામદાર! તારા દીદારથી હું ગીરફતાર થઇ છું. ફરી પણ તું નામદારે તે નાપેકાર દેવને હાથથી મને છોડવી

આ જીંદગાની તેં નવેસરથી મને નવાજી છે. તે નાપાક દેવના હાથથી કોણ છુટું હતું? ઓ પેહલવાન! હું તારી ઉપર આશક થઇ છું. ઓ દાઇ તું મેહેરબાની કર; તે જંગી ફ્રરામર્ઝ આગલ જઇ તું મારા તમામ સખુન કેહે." એ તમામ ભેદ સાંભળી તે દાઇએ કહ્યું જે "અય શાહજાદી! તું અજમત ને ખુબીવાળી તથા શરમભરેલી થઇ એવી વાત મારી આગળ કરે છે તે મને કશી પસંદ આવતી નથી. તું પાદશાહની બેટીને એવી વાત કરવી સજાવાર નથી. અગર એ ભેદ કોઇને માલમ પડશે તો નાહક તું બદનામ થશે. એ વાત તારો બાપ સાંભળશે તો તારા જીવની ગેરદ કહાડી નાખશે. તું એ વખત તો સબર કરી બેસ અને એ ગુમાન દિલથી કહાડી નાખ!" દાઇના એ સખુન સાંભળી તે શાહજાદી આંસુના કતરા વરસાવી કેહેવા લાગી કે "મારૂં કમતાલે છે કે તને મારી મોહબતનું કેહેવું સારૂં નજર આવતું નથી તો હવે પછી મારા તન ઉપર સખતી થાય ને હજારો તલવારનો વરસાદ વરસે પણ હું એ કામથી પાછી હટનાર નથી." તે દાનાવ દાઇએ એ હેવાલ સાંભળ્યો ત્યારે પોતાનાં દિલથી ધાર્યું કે શાહજાદીએ પોતાનું દિલ તે જંગી સાથ બાંધ્યું છે, તેથી એ વાતથી તે પાછી ફરશે નહીં. એવું સમજીને જવાબ દીધો, કે "એ નેકનામ શાહજાદી! તારાં કામનો એવો તો ચારો કરૂં કે તે નામદાર ફ્રરામર્ઝને તારી આગળ લાવું." એ ગોફ્તેગોહ પછી જ્યારે શીહા રાતનો વખત થયો ત્યારે તે દાઇએ પોતાના તનમાં મરદાની લેબાસ પેહેર્યો. તે દાઇ પહેલવાન ફ્રરામર્ઝના ખાબગાહના દરવાજા આગળ જઇ ઉભી, તેણે ચોકીદારોને કહ્યું કે "તારા સરદારને ખબર કર કે એક એલચી આવ્યો છે તેથી હુકમ હોય તો તે ખેદમતમાં આવે." તે સખુન સાંભળી તે ચોકીદારે જઇ જંગી ફ્રરામર્ઝને ખબર કીધી કે શેતાબ તે દાઇને તે પેહેલવાને પોતાની નજદીક આવવાનો હુકમ કીધો. તે જંગીની નજદીક ગઇ ત્યારે સર જમીન ઉપર મેલી તેણે કેટલીક દુવા દીધી. તે નામદારે તે દાઇને આબરૂ આપી ખુરસી ઉપર બેસાડી પુછ્યું કે "તું કોણ છે અને તું

શું હાજત રાખે છે? "ત્યારે તે દાઈએ જવાબ દીધો કે "શાહજાદીનો પેગામ રાખું છું કે તે નાજનીન પરીચેહરેની, તે ગોલાબ ખુશબોની, તે આફતાબ ઝલકાતની, તે સીધા સરવની, તે કાળી આંખનાં દીદાની, તે લાલ પરવાલાંના લબની, તે મીઠા શાકર જેવા સખુનની, અને તે ચીનાઈ પુતલી મીસાલની શાહજાદીએ તું જેવા નામદારને દુવા તથા સલામ કેહેવાડી છે. તે શાહજાદી તારી મોહબતથી રાત દિન જારી કરે છે. તે શાહજાદીએ પેગામ કેહેવાડયો છે કે ઓ નામદાર સરફ્રાજ પેહેલવાન! જે દીનથી મેં તને શાહાદ દેવની લડાઇમાં જોયો છે તે દીનથી હું તારા એશકમાં દિવાની થઇ બેઠી છું. તે દીનથી મેં મારૂં ખાણું તથા ખોઆબ બરતરફ કરીને તારા નેજાની નોકે મારાં દિલમાં નીશાન રાખી છે. તારી મોહબતનો તીર મારી છાતીમાં છે. તારો આવાજ હજુ મારા કાનમાં છે. તારી મેહેરબાનીથી મારૂં જીગર ભરેલું છે. ઓ પેહેલવાન! મને એકવાર મળી જા!" પેહેલવાન ફ્રામર્ઝે એ વાત સાંભળી ત્યારે તે નામવરનું દિલ તે પેગામના મોહબતી સખુનથી બેકરાર થયું. તે નામદારે તે દાઇને કહ્યું કે "તું આજ રાતનાં મને એ માહબુબ નજદીક લઇ જા." તે દાઈએ જવાબ દીધો જે "તું મને કોલ આપ કે જ્યાંલગી તું તે શાહજાદીનાં બાપ પાસેથી માગણી કરી શાદીમાં લીયે નહીં ત્યાંસુધી તે ઉપર તું દસ્તદરાજી કરે નહીં." એ સખુન સાંભળી પેહેલવાન ફ્રામર્ઝે કોલ આપ્યો જેથી તે દાઇ શેતાન ત્યાંથી ઉઠી તેણે પોતાની શાહજાદી પાસે આવી કહ્યું કે "શેર મારા ફંદામાં આવ્યો છે તેથી એક બેઠકની જગ્યા તૈયાર કર." તે શાહજાદીએ ગોહર તથા મોતીનો શણગાર પેહેરયો ને એક જડાવદાર તખ્ત માડયું ને જર-બફતી બીછાણું બીછાવી ત્યાં ખુબ આરાસ્તા કીધી. પછી તે દાઇ પાછી પેહેલવાન ફ્રામર્ઝ આગળ આવી તે નામદારને સાથે લઇ શાહજાદીના મેહેલમાં આવી. જંગી ફ્રામર્ઝ તે પરી શાહજાદીને જોતાં ખુશી થયો. તે શાહજાદીના ખુબસુરત ચેહરાથી માહતાબ શરમીંદો થતો હતો અને રોશન આફતાબ તેનાં નુર ઉપર દુવા કરતો હતો, એવી ખુબી ભરેલી

જોઇ તે નામદાર ઘણોજ ખુશાલ થયો. નામદાર ફરામર્ઝ તે શાહજાદીની નજદીક ગયો ત્યારે તે પુતલીએ નવજવાન ફરામર્ઝને પોતાને ગળે વળગાડી બગલગીરી કીધી.

શાદી કીધી નામદાર ફરામર્ઝે કોલાશાહની બેટી સાથે તે દાસ્તાન.

——:o:——

બેહદ પ્યારથી જંગી ફરામર્ઝને તખ્ત ઉપર બેસાડયો, પછી ત્યાં શરાબની જામો આશક માશુક નોશ કરવા લાગ્યાં. શરાબ પીતાં ત્યારે એક એકને બોસો દેતાં મોહબતથી સલામી લેતાં હતાં. નામદાર ફરામર્ઝનું દિલ એક વાતે રંજીદા હતું જે આંગળીએથી અંગોથી દુર હતી. તે સરફરાજ પોતાનાં દિલ સાથે વિચાર કરતો હતો જે રાત કયારે પુરી થાય કે પાદશાહથી એ ખુબસુરતને હું માંગી લઉં; એવા વીચારમાં તે શાહજાદી સાથ તમામ રાત બેઠો અને જ્યારે આફતાબ રોશન થયો ત્યારે પેહેલવાન ફરામર્ઝ પાદશાહની નજદીક ગયો અને કેહેવા લાગ્યો જે આજ રોજે મને શેકાર જવાની ઇચ્છા છે. ત્યારે પાદશાહે ફરમાવ્યું જે "ચીત્તા તથા બાજ તથા લશકર તૈયાર થાય" તેથી સર્વે નામદારો તૈયાર થયા. તે વખતે પાહાડની મીસાલના ફરામર્ઝે જાબુલી ઘોડા ઉપર સવાર થઇ શેકારગાહની રાહ કાપવા માંડી. શેકારગાહનું જંગલ આવ્યું ત્યારે તે ઘણો ખુશાલ થયો. તે શેકારી જંગલમાંથી તે નામદારે પીસતાલીસ ગોરખરોને માર્યાં. પછી પાદશાહ કોહોલાશાહ સાથ પેહેલવાન ફરામર્ઝ ત્યાં મિજલસ સમારી તે શેકારના ગરમ ગરમ કવાબ તથા નરમ નરમ ખમીરી રોટીનો નાશ્તો ને દમબદમ શરાબની જામ નોશ કરવા લાગ્યો. એ રવેશે દિલ ખુશી કરી તે જગાથી શેહેરમાં આવ્યા ત્યારે જંગી ફરામર્ઝે વીચાર કરી એક દાનાવ

બુઝર્ગ મરદને બોલાવ્યો. તે ઘણો મોટો બુઝર્ગ ને પાદશાહનો ખાસ માનીતો હતો. તે દાનાવ મરદને જંગી ફ્રામર્ઝે કહયું કે "અય બુઝર્ગી ભરેલા દાનાવ તું મારી વાત સાંભળ કે દાનાવ લોકો ફરમાવી ગયા છે કે તારા દિલના ભેદની વાત હોય તે તારા નેકખાહ દોસ્ત આગળ છુપાવતો ના. ઓ બુઝર્ગ! જે વખતે જાલમ શાહાદ દેવને મારી ને પાદશાહની બેટીને બંદથી ખલાસ કીધી તે દીનથી હું તે શાહજાદી ઉપર આશક થયો છું તેથી હું તારી પાસે તે પાદશાહ હજુર તે શાહજાદીની માંગણી કરાવું છું. એ વાતનો જવાબ પાદશાહ પાસેથી ખુશાલી ભરેલો લાવ ને મારૂં જીગર રોશન કર." એ સખુન સાંભળી તે દાનાવે કહયું કે "અય નામદાર! તારાથી અમારો મુલક આબાદ ને આસુદા થયો છે તો એ તારૂં કામ હુ જલદી બજાઉં." એટલું કહીને તે બુઝર્ગ પાદશાહ હજુર ગયો તેણે અવ્વલ જંગી ફ્રામર્ઝની તે પાદશાહને દુવા પોહોંચાડી પછી તે નામદારના મનની તમામ વાત જાહેર કહી. તેણે કહયું કે "એવો નામદાર સામેસવારના ખાનદાનનો જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો તારો દામાદ થાય પછી તમામ જેહાન તારીજ છે." એ સખુન સાંભળતાંવાર કોહોલાશાહ ખુશીએ એવો તો ખીલી ગયો કે શેતાબ તેનાં તનમાંની જરી કબાએનાં તમામ બંધેબંધ તુટી ગયા. તે પાદશાહે મોહ હસ્તું કરી જવાબ દીધો, જે "મારો જીવ તથા ખજાનો તથા એ બેટી નેકનામ ફ્રામર્ઝનાં નામ ઉપર કુરબાન છે." એ રવેશે ખુશીનો જવાબ સાંભળી તે બુઝર્ગ જંગી ફ્રામર્ઝ આગળ જઇ તે વધાઇના સખુન કહયા તેથી તે નામદારે તે દાનાવને એક બેકીમત સરોપાવ આપ્યો. હવે પેલી તરફ કોહોલાશાહે શાદીની તૈયારી કીધી. તે પાદશાહે અવ્વલ એક હદીયો તૈયાર કીધો, તેમાં હીરાજાનાં જડાવનું તખ્ત તથા જરબફ્તી દેબાનાં કપડાં તથા બસો ને ચાલીસ ખિદમતગાર ઘણા ખુબસુરત જરી લેબાસનાં તથા બસો બાંદી કોહોલાન શેહેરની અમબર તથા કસ્તુરીની ખુશબોની તથા એકસો ને વીસ ઉંટ ખજાનાનાં ભરેલાં એ વગેરે બીજો ઘણો એક સામન તૈયાર કરી પેહેલવાન ફ્રામર્ઝને

નજર મોકલ્યો. પછી તે શાહે પોતાની રસમ માફક તે બેટીની શાદી કરી આપી અને એક બીજાના હાથની અંગોથી આંગળીએ ફેરવી પેહેરાવી એ રવેસ ભારી દબદબાથી તે શાહજાદી પેહેલવાન ફરામર્ઝને હવાલે કીધી, તેથી તે નામદારે તે શાહજાદી ઉપર એવી તો મોહોબત કીધી કે જેમ દુધ સાથ શાકર મળી જાય તે મીસાલે મળી તે નામદારે મોહોબતનાં લબે તે સુંદરના રોખશારો ઉપર બોસા દીધા. બામદાદનો વખત થયો ત્યારે તે નામદારે હોકમ કીધો કે એ શેહેરનાં તમામ અદના તથા આલા મેદાનમાં આવે અને શાદીની મેહેમાનીમાં જશનમાં ખુશાલીથી ખાણું ખાઇ શરાબ પીયે. એ હોકમ સાંભળી તમામ રૈયત નવરોજ મીસાલે ખુશાલી કરવા લાગી. મેદાનમાં નાચ તથા રંગ રામશની થવા લાગી તે ખુશાલી જોઇ આસમાન ઉપરથી સનીશ્ચર સેનારો અદેખાઇ કરવા લાગ્યો. નામદાર ફરામર્ઝે ગંજનો દરવાજો ખોલી એટલી તો સખાવત કીધી કે કોઇ મોહોતાજ રહયું નહીં. એ જશનથી બે હફતા સુધી મેહેમાની કીધી તે મેહમાની ને શાદીનું જશન પુરૂં થઇ તમામ ખલકત પોત પોતાનાં મકાને ગઇ ત્યારે નામદાર ફરામર્ઝ તે ખુશનુમાં મેદાનમાં પોતાની મોહરદાર સાથ ઘણા દાહાડ લગી રહયો અને મોહબતથી પોતાની માહતાબ મોહરદારને તમામ જાતના પ્યારથી રીઝવવા લાગ્યો.

જવું જંગી ફરામર્ઝનું બદસુરત આદમીનાં જંજીરા તરફ તે દાસ્તાન.

—:o:—

મોહબતમાં હસતાં એક દીન તે પેહેલવાને પોતાની માશુકને કહયું કે "તું આ જગ્યાએ રેહે! હું બીજા જંજીરા ને દરિયાવની સફર કરા આવું. જયારે હું દરિયાવની સફર કરી પાછો ફરીશ, ત્યારે તને મારી

સાથે જાબુલ સરજમીન લઇ જઇશ." એ સખુન સાંભળી તે ચંપેલીને બદનની માશુકનો ચહેરો જેમ ગોલાબનું ફુલ કરમાય તે મીસાલ કુમળાઇ ગયો. તે પોતાના ખાવંદ ફ્રામર્ઝને ગોદમાં પકડી આંસુના કતરા વરસાવવા લાગી. તે નામદારે પોતાની માશુકને કેટલોક દિલાસો આપ્યો. પાદશાહ કોહોલાશાહે રાહનો સામાન તથા કીશ્તીઓ તૈયાર કરી બેશુમાર લશકર જંગી ફ્રામર્ઝ સાથે આપ્યું, તે લઇ નામના ઉઠાવનાર ફ્રામર્ઝે ત્યાંથી કુચ કીધી. તે પેહલવાન રાત દીન દરિયામાં કીશ્તીઓ દરમ્યાન સફર કરતો હતો. એમ કરતાં દૂરથી એક જંજીરો નજરે પડયો. જંગી ફ્રામર્ઝે નાખોદાને પુછયું કે એ જંજીરો કોણનો છે? તે બુઝર્ગ નાખોદાએ તેને જવાબ દીધો જે "એ જંજીરો ઘણા બદ શીકલ ને બુરા લડાઇખોરો જુલમીઓનો છે. એ આદમીઓ આપણી સાથે મળનાર નથી. એ આદમીઓ નથી ખેતીવાડી કરતા કે નથી બીજી કીસમની મેહેનત કે નથી કોઇ સાથ ખુમ્મી કરતા. એવા મહા જબુન બદબખ્ત છે. એ જંજરામાં મેવો ઘણો છે, તે પણ કોઇને આપતા નથી. એ જંજીરાના લોકો બદશીકલ દેવ મીસાલના ને સીંહની ચુંગાલના છે. એ લોકોના બે પગ કીલ્લાની દેવાલ મીસાલ મોટા ને જુદા છે તેથી એ બદ આદમીઓનું નામ 'દેવાર પાયા' કહેવાય છે." જયારે નામના ઉઠાવનાર ફ્રામર્ઝે એ સખુન સાંભળ્યા ત્યારે તે પાકયઝદાંને મનમાં યાદ કરવા લાગ્યો. તેણે તમામ લશકરને હુકમ કીધો કે તમો બખ્તર પહેરી હથ્યાર બાંધો. તેથી તમામ લશકર તૈયાર થઇ કીશ્તી ઉપરથી કીનારે ઉતર્યું કે ત્યાં લડાઇનું મેદાન આરાસ્તા કીધું. પેલાં દેવારપાયા આદમીઓ આ જોઇ ચીચ્યારી મારતા બાહાર નિકળ્યા. તે આદમીઓ પચાસ હજાર કરતાં જયાદા હતા. તે લોકોના હાથમાં માહીનાં મોટાં હાડકાંના કરવત મીસાલનાં હથ્યાર પકડેલાં હતાં. તે હથ્યાર લઇ નામદાર ફ્રામર્ઝનાં લશકરને જોતાં એવાં તો કુદતા કે જમીનથી એક નેજાવાર ઉંચે જતા ને પેલું માહીનું હથ્યાર ઉઠાવી ઇરાની સવાર ઉપર મારતા હતા. તે જખમે ઇરાની લશકરી સવારોને ગીરદાપેચ

કરી નાખતા હતા. એ રવેશ જંગમાં ઘણાક ઇરાની માર્યા ગયા ત્યારે દેલાવર ફરામર્ઝે ફરમાવ્યું જે એ બુરાં આદમીઓની સાથે નેજાની લડાઇ કરો. તે સાંભળી તે તમામ લશકરે પોકાર મારી સાથે હુમલો કીધો તેથી ઘણાક દેવારપાયા માર્યા ગયા તો પણ તે લોકો ડર્યા નહીં જેથી શેરની હીંમતના ફરામર્ઝે તલવાર ઉઠાવી તે દેવારપાયા આદમીઓની ઉપર હુમલો કીધો. તે હુમલામાં તે સપેહસાલારે એક લેહેજામાં એટલાં તો આદમીઓને કાપી નાખ્યા, કે તેનો કાંઇ શુમાર હતોજ નહી. એ રવેશે તમામ આદમીઓને મારી જંગી ફરામર્ઝે જંજીરો ખાલી કીધો અને ત્યાં મીજલસ કરી આશાયશ લીધી.

જઇ પોહોંચ્યો જંગી ફરામર્ઝ ફીલગોશનાં જંજીરે તે દાસ્તાન.

—:o:—

જંગી ફરામર્ઝ તે બદકાર આદમીઓને મારીને ફારેગ થયો ત્યારે ફરી કીશતી ઉપર સવાર થઇ તે પોતાનાં તમામ લશકર સાથે દરીયાવમાં આગળ ચાલ્યો. ત્યાં એક જંજીરો તે પેહેલવાનને નજર આવ્યો તે જંજીરામાં ફીલગોશ યાને હાથીના કાનવાળા આદમીઓની વસ્તી હતી. તે લોકોનાં મોહ ઉપર આંખ કાળીને ઉંડી હાથીની શિકલ મીસાલની હતી ને તનમાં જોર સીંહ મીસાલનું હતુ. તે આદમી એવા તો મગરૂર હતા કે લડાઇને મેહેમાનીની મીસાલે આશાન જાણતાં હતાં. તે જંજીરાનો પાદશાહ મોટો જબરદસ્ત હતો, પણ તે ખુબસુરત સફેદ રંગનો હતો. તે ફીલગોશ લોકોની ઓરતો ખુબસુરત રૂપાંની મીસાલ સફાઇ ભરેલી હતી. તે ઓરતોનાં બાલ શીહા નાગન મીસાલે હતા. મસ્ત બદનની તેમજ સફેદ રંગ કાનવાળી અને નખરાદાર હતી. નામદાર ફરામર્ઝની કીશ્તી તે જંજીરા નજદીક

આવી પોહોંચી ત્યારે નાખોદાએ કહયું જે "અય તમામ હીંદુસ્તાનનાં સરદાર! આ જગાથી આપણે આગળ ચાલ્યે તો ઠીક. ખોદાવંદતાલા મેહેરબાન થાય તો આ જંજીરાથી સલામત જઇયે કેમકે એ જંજીરો ઘણો દરામણો છે." એ સખુન સાંભળીને જંગી ફ્રામર્ઝે કહયું જે "અય દાનાવ! તું એવી ફિકર શાવાસ્તે કરે છે?" જેથી નાખોદાએ કહયું જે "એ માણસોનાં મોહના દાંત ઘણાં ઝેરી છે. એ આદમીઓના ઘોડા પાહાડ મિસાલનાં મોટા ને તેજીમાં વા મીસાલના છે. એ જંજીરાનાં લશકરનો શુમાર નથી. ઓ નામદાર પેહેલવાન મારી વાત કબુલ કર અને એ જંજીરાનો ખ્યાલ છોડ!" એ સખુન સાંભળી શેરદીલ ફ્રામર્ઝે કહયું કે "ઓ નેકમરદ નાખોદા! જો ખોદાતાલા મારી મદદ કરશે તો તેની અજમતથી ફીલગોશા આદમીઓનાં ટોળાંને મારા પગ નીચે જાવેદાન જેમ મસ્ત શેર ગોરખરને પકડે તે મીસાલે પકડી છુંડી નાખું. એ મરદાનગીથી દુનીયામાં નામ રોશન રેહેશે. ખોદાવંદતાલાએ મારા કરમમાં રંજનોજ દાહડો ખેંચેલો છે અને અય બુઝર્ગ! તું તો ગંજ ખજાનો મેળવવા સરજાયો છે. હું તો રંજથી મારૂં નામ ઉઠાવાને ચાહું છું કે મારી મકસદે તમામ જેહાનને લાવું, જો તુને ખાતર નીશાં નહીં થતી હોય તો હું કેહુ તે ચોકસ સાંભળ! દાનાવ લોકો સખુન કહી ગયા છે જે આખર દુનિયાથી સર્વે કોઇને મરવું છે અને જે કોઇ પોતાનાં નામને નામદારી ને નેક કામથી આશકારા કરે તે શખ્સ મરવાથી ડરનાર નથી પણ આખરે તેને મોત મુકતું નથી, નામદાર શખસ કદી મરનાર નથી સબબ તેનું નામ દુનીયાંમાં રોજે અવ્વલથી તે રસ્તાખેજ સુધી તેનાં નેક કામથી રહી જશે. તે નેક નામના સબબથી તેનું મોત નથી. તે શખ્સ મુવો કરીને કેમ કેહેવાશે? અય નેક મરદ! હું કાંઇ મરવાથી ડરતો નથી. જે દાહડે અજલ આવી મારી દામન પકડશે તે દાહડે તમો મને નસીહત કરી ના કેહેશો જે તું ના મર! તો હું તે નસીહતથી કેમ જીવીશ? જે કોઇ ખોદાતાલાનો બનાવ હશે તે બનશે ને મારૂં નામ હમેશાં

રેહેશે. ઓ નાખોદા! એવી બેહુદી વાત ના કર ને મારી વાત ઉપર કાન ધર કે ખોદાના હોકમ વગર એક ઝાડનું એક પાનબી ખરતું નથી." એટલું કહી દલેર ફરામર્ઝ દરીયાવથી બાહાર આવ્યો. તેની પછવાડે તમામ લશકર ચાલ્યું. જંગી ફરામર્ઝ પોતાનાં લશકર સાથે દરિયાવને કીનારે આવ્યો અને દેરા તંબુ ખેંચ્યા. તે ખબર ફીલ-ગોશના પાદશાહને થઇ ત્યારે તે પાદશાહે લડાઇનો સરંજામ તૈયાર કીધો અને કરનાય તથા નગારાં નફેરીનો અવાજ શરૂ કીધો. તે લશકરના ઘોડાની દોડ ધુપથી ગેરદ આસમાંન લગી ઉડી ને જમાનો ધુજવા લાગ્યો. જમીન ચીનના દરીયાવ મીસાલે જોશ થઇ અને તે લશકરનાં તાપથી તે જંજીરો ધુજવા લાગ્યો. ફીલગોશા પેહેલવાનો દેવની મીસાલે ઇરાની લશકર ઉપર આવ્યા ત્યારે જંગી ફરામર્ઝે વીચાર કીધો જે આજ દીને મરદાનગીથી એ નાપાકોને હાથ બતાવવો જોઇએ. જો ખોદાતાલા મને એ જગ્યા ઉપર મારનાર હશે તો બીજી જગ્યાએ મોત આવતું નથી એવો વિચાર પોતાનાં દિલમાં કરી કાંઇ બુરૂં લાવ્યો નહીં. તે નામદારે પોતાનું લશકર બે બાજુ વેહેંચી નાખ્યું અને અરધું લશકર દરીયાવની રાહ તરફ રાખ્યું ને અરધું લશકર દુશમનનાં મોહો ઉપર ચલાવ્યું કારણ કે નાપાક દુશમન ઘેરો નહીં નાખે પછી તે નામદારે પોતે અર્ધાં લશકરની સંફ ખેંચી પોતાના લશકરને કહયું જે "ઓ નામ-દારો! દુશમનનું લશકર નજદીક આવે ત્યારે અવ્વલ તીરનદાજીની લડાઇ કરજો, ત્યારબાદ હાથમાં નેજા પકડજો. જ્યારે નેજા રદ થાય ત્યારે ગોરજ તથા ખંજરનો માર ચલાવજો." એ રવેશ કહી તે નામવર શેતાબ પોતે શહલે પેહેરી સર ઉપર પોલાદનું તોપ મેલી તથા તનમાં બખ્તર પેહેરી તીરે કરી તરકસ ભરી હાથમાં નેજો લેતાંજ તમામ હથી-યાર સાથે તકાવર ઘોડા ઉપર સવાર થઇ મેદાનમાં નીકળ્યો. તે જોઇ સર્વે લશકર તે પેહેલવાન ઉપર દુવા કરવા લાગ્યું. ફીલગોશા આદમી-ઓની નિશાન નજર આવી ત્યારે જંગી ફરામર્ઝે શેતાબ કમાનને ચીલો ચહડાવ્યો અને શેતાબ એક ખદંગી તીર કમાનથી ખેચ્યો તે જોઇ

તમામ ઇરાનીઓ પણ પોતાની ચાંચી કમાન ઉપર તીર ચહડાવી વરસાદના કતરા મીસાલે તીર વરસાવવા લાગ્યા. તે મારથી ફીલગોશાના લશકરમાંથી પાંચ હજાર આદમી માર્યા ગયા. જ્યારે તીર ખાલી થયા ત્યારે ઇરાનીઓએ હાથમાં નેજા ઉઠાવ્યા તે નેજાથી તે જંગલ વાશની જાળ મીસાલે થયું તેથી દુશમનનાં લોહીથી તે જંગલ તમામ લાલાનાં ચમનની મીસાલે નજર આવ્યું. એ મીસાલે નામદાર ફ્રામર્ઝનાં લશકરે તે નેજાના લડાઇથી તે લોકો ઉપર માહેતમ વરસાવી ત્યારે ફીલગોશા આદમીઓના એક દલેરે ધરપકડથી દલેર ફ્રામર્ઝ ઉપર નેજો ઉઠાવી અવાજ મારતો આવી પોતાના તેજ નેજાનો કારી જરબ નામદાર ફ્રામર્ઝ ઉપર માર્યો ત્યારે શેરદીલ ફ્રામર્ઝે વીચાર્યું જે આજ દીને મારો વખત નજદીક આવ્યો. તે નાપેકારે પોતાનો નેજો ફ્રામર્ઝની છાતી ઉપર ઘણાજ જોરથી માર્યો તે નેજાએ જોરેમંદ ફ્રામર્ઝની શલેહ ફોડી પણ છાતીમાં કારધાહ નહીં થયો તે જોઇ શેતાબ ફ્રમાર્ઝે તલવાર ખેંચી તે નાપેકારનાં નેજા ઉપર મારી તે નેજો ટુકડા કરી નાખ્યો. ત્યારે તે સરકશ દેવે પોતાનો ભારી ગોરજ ઉઠાવ્યો અને પોકાર મારી હુમલો કીધો જેથી પેહેલવાન ફ્રમાર્ઝે સર ઉપર ઢાલ પકડી પણ તે જંગીના ગોરજથી નામદાર ફ્રામરજની ઢાલ તુકડા થઇ ત્યારે જંગી ફ્રામર્ઝે તલવાર ખેંચી અને તે દેવનાં સર ઉપર મારી તે એકજ જંગી જખમે તે ફીલગોશાને ઘોડા સાથ વચેથી કાપી નાખ્યો. તે ફીલગોશા મરદ માર્યો ગયો ત્યારે ફરીથી જોરેમંદ ફ્રામર્ઝે જાબુલી શલેહે. પેહેરી અને કમર બાંધી લડાઇનાં મેદાનમાં આવ્યો. તે નામદારે બીજીવાર લડાઇનો કસદ કીધો. તેણે તે મેદાનમાં દોડી જઇ એક મરદાનેમરદનો કમરબંદ પકડી ઉઠાવી તેને જમીન ઉપર એવો તો પટકયો જે તેનું બદન પુરજે પુરજા થઇ ગયું. એ રવેશે તમામ લશકર માર્યું ગયું તેથી તે જંગલમાં તે લોકોનાં સર પડયાં. જંગી ફ્રામર્ઝનાં એ કામથી તમામ લશકર આજીુરદે થયું પછી જોરેમંદ ફ્રામર્ઝે પોકાર મારી કહયું જે "પાદશાહની જગ્યા કયાં છે?" એટલું કહી જંગી

ફ્રરામર્ઝ તે પાદશાહની નજદીક જઇ પોહોંચ્યો. તે નામદારે જતાંવારમાં એક નેજ્જે એવા તો જોરથી તેના ઉપર માર્યો કે જીનના હરણા સાથે તેને ખાકમાં નાખ્યો. જયારે પાદશાહ માર્યો ગયો ત્યારે જે પેહેલવાનો તથા લશકર બાકી હતું તે સર્વે જંગલ તરફ નાહસી ગયું. એ રવેશે દેલાવર ઇરાનીઓના હાથથી તમામ જંગળ તથા જંજીરો ખાલી થયો. ત્યાં લશકરે લુટ કીધી તેમાં તાજ, તખ્ત, સોનું, રૂપું તથા ઘોડા હાથી તથા કમરબંધ તથા સાજસામન ને ઘણીએક ખુબસુરત ઓરતો મેળવી. જંગી ફ્રરામર્ઝે હોકમ કીધો કે તે તમામ લુટ લઇ ઇરાની લશકર કીશતીમાં સવાર થયું.

જઇ પોહોંચ્યો જંગી ફ્રરામર્ઝ અને સવાલ જવાબ કીધા બુઝર્ગ બ્રાહમન સાથ તે હેવાલ.

——:o:——

એક મહીનાં લગી દરીયાવમાં કીશતીઓ આગળ ચાલી, ત્યારે દુરથી એક જંજીરો નજર આવ્યો તે જંજીરો ઘણો ખુબી ભરેલો હતો. તે જંજીરા બાબે નામદાર ફ્રરામર્ઝે નાખોદાને પુછ્યું જે "દાનાવ મરદ! આ આબાદી ભરેલી જગ્યા નજર આવે છે તે કોણની છે?" નાખોદાએ કહયું કે "એ જગા આબાદી ભરેલી પાકીજા છે. ત્યાં એક બુઝર્ગ બ્રાહમન બા મુદત યજદાંપરસ્ત રહે છે. તેનું કામ દાનાઇ તથા ખુબી ભરેલું છે અને તેનો ખોરાક ઝાડનાં કંદ તથા મુળ્યાંનો છે. તેનો પોશાક ઝાડનાં પાતરાંનો છે તે સર્વે ગયબની વાતનો ભેદ જાણે છે. દાનાવ લોકોથી એવું સાંભળ્યું છે, જે આગળ જમાનામાં જેમ પેગબર થઇ ગયા છે તે મીસાલ એ સાચ્ચી વાત બોલનારો છે. તે ઘણી અજમત જાણે છે." નામના ઉઠાવનાર ફ્રરામર્ઝે એ સખુન સાંભળ્યા ત્યારે ખુશી થઇ તે

જંજીરા તરફ કીશતીઓ ચલાવી, કીનારે આવી પોહોંચી તમામ લશકર સાથે ખુશકી ઉપર ઉતર્યો એવામાં પેલો બુઝર્ગ બ્રાહમન ત્યાં આવી પોહોંચ્યો. તેનાં તનમાં ઝાડનાં પાતરાંનો લેબાશ ને કમર ઉપર ઘાસ વીંટાળેલું હતું. તેનાં તમામ બાલ સફેદ ને લાંબા થઇ ગયા હતા. તેનું તમામ તન દુબળું થઇ ગયલું હતું. એવા બુઝર્ગ પીરમરદે આવી નામદાર ફરામર્ઝને શેજદો કીધો ને કહયું કે "ઓ સામ નરીમાનનાં ખાનદાનનાં જેહાંપેહેલવાન રૂસ્તમના બેટા, જોરેમંદ ફરામર્ઝ ! તને આ વેલાયતની સરજમીન મુબારક હોજો ! તારા દુશમનો ખુહાર થજો ! ઓ પેહેલવાન ! તારો રોશન ચેહેરો જોઇ હું ખુશી થયો છું. તારે લાયકનો કાંઇ હદીયો મારી પાસે હાજર નથી. હું ગંજ ખજાનાની કશી હાજત નથી રાખતો." શેરદીલ ફરામર્ઝે તે દાના આબેદની ઝબાંનથી એવા દાનાઇ તથા અજમતનાં સખુનો સાંભળ્યા ત્યારે ઘણો અજબ થવા લાગ્યો. તે પોતાના મન સાથ કેહેવા લાગ્યો કે એવો દિલનો ભેદ જાણનાર ખુદાપરસ્ત મરદ મારા જોવામાં આવ્યો નથી. પછી તે નામદારે તે બુઝર્ગ બ્રાહમનને ઘણીક આબરૂ આપી પોતાની નજદીક બેસાડયો ત્યારે તે દાનાવ મરદ તે પેહેલવાન સામે જમીન ઉપર બેઠો, તે સામે જંગી ફરામર્ઝ તમામ બુઝર્ગો સાથે દોઝાને બેઠો અને તે પીરમરદને જોઇ ઘણો ખુશી થતો હતો. નામદાર ફરામર્ઝે બ્રાહમનને પુછયું જે "અય બુઝર્ગ દાનાવ ! તારા દીદાર જોયાથી મારૂં દિલ ખુશી થયું છે પણ તું તારી જીંદગાંનીથી એવો તે શુ વીચાર રાખે છે જે તું રાતદીન પાક ખોદાવંદતાલાની આગળ ઉભો રહી બંદગી ગુજારે છે ? નહીં ખાવું, નહીં સુવું, નહીં બેસવું, નહીં મુરાદ તથા નહીં ખુશાલી કે નહીં દલગીરીની મકસદ રાખવી ? ખુશાલીની જગ્યા જીવને એવી દલદેસરી શા વાસ્તે દેખાડે છે ? એ રવેશે રંજ ખેંચવામાં ઓ દાના તું શી મકસદ ધરાવે છે ? જેહાન ખજાનાં રામશની ને ખુશાલી ભરેલી છે, તેથી એવું બીછાણું મેલી તું આ રીતે આરાસ્તા થઇ રહયો છે તેનો સબબ શું ?"

દાનાવ બ્રાહમને નામદાર ફ્રરામઝ઼ને જવાબ દીધો, જે "એ દાના મરદાનેમરદ! નહાની ઉમરમાં બુલંદ નજર ખુબ વાત જાણનાર, તેં ઘણી એક દાનાઇ રાખી આ સવાલ મને પુછ્યો. એ નામદાર! જે કોઇએ આ જેહાન પીછાણી તેણે તે જેહાનમાં આરામથી રેહેવાનો મુકામ નહીં કીધો. એ જેહાન એક શીહા કાગજની મીસાલે છે અને વળી જેઓ આ દુનીયા તરક કરી તે જેહાનના માર્ગ ઉપર કંમર બાધે છે તેને દીવાનો કહે છે, જે ગંજ ખજાનો પછી દાદ કે બેદાદથી મેળવે તેને અકલમંદ ને દાનાવ કહે છે. તેની ખુશામદ સર્વે કરે છે. જે ખોદાના બંદગીના કરનાર યા દુનીયાના જે કોઇ હું જેવા બંધ જગો ઉપર બેસનારને મારે ને ઇજા દીયે તે ઘણી આખરે ખાકમાં પડે છે, અને તે જુલમગારનું રૂહ આ દુનીયામાંજ રહે છે. તે બુરા ખુનીને ખોદાતાલાની આગળ રાહત મળતી નથી. તેનું રૂવાન અંધારા દોજખમાં ઘણોજ પસ્તાવો કરે છે. તે જુલમગારને પાક દાદાર આગળ કશો દીરગ મળતો નથી. મોત પાદશાહને તથા ફકીરને કોઇને મુકતું નથી. તેનાં હીસાબમાં સર્વે બરાબર છે. એ દાનાવ મરદ! જેને તું દુનીયામાં મુકી જાય તે ચીજ ઉપર તું દિલ શા વાસ્તે ધરે છે? માલ મીલકત, જર ખજાનો, બાગ વાડી સર્વે ફના છે. ફકત એક ખુબી, સખાવત તથા બંદગી કીધી હશે તે ફના નથી અને તે ચીજ તારી પાસેથી કોઇ છીનવનાર નથી. તું ગુજરે ત્યારે જો તું નેક નામવાળો ને ઇનસાફ દાદનો ઘણી હશે તો તારો દસ્તગીર તે સાહેબ પોતેજ થશે. ગુનાહનો બોજો સમજીને જમાવ કરજે ને સવાબનો બોજો જબરદસ્ત રાખજે કે તે આકેબત રાહમાં તને કામ આવશે." એવી દાનાઇ તથા અકલ ભરેલી નસીહતના સખુન સાંભળ્યાથી પેહલવાન ફરામઝ઼ ખુશી થયો.

નામદાર ફરામઝે઼ બહમનને પુછ્યું જે "અય પાક તન મરદ! દુનીયામાં અકલ નજદીક શું ભલું છે?" તે સાંભળી શેતાબ બ્રાહમને નામદાર ફરામઝ઼ને જવાબ દીધો, કે "અકલ આગળ ભલું તે બંદગી છે. બન્ને જેહાનનો સાહેબ તે દાદાર હોરમજદ પોતેજ છે. તે ફત્તેહ

ફીરોઝીનો આપનાર છે આપણને ઘટે છે કે તે પાક દાદારની બંદગી કરી બેહસ્તની ખુશાલીની ઉમેદ રાખવી. પોતાની પાક દીન જાળવવી ને બની શકે ત્યાં સુધી કોઇને આજાર નહીં દેવો. જીનહાર બુરાઇ નહીં કરવી. કોઇ સાથે તું જે નેકી કરે તે ફરી યાદ ના કર. બુરી વાતથી તારી ઝબાન બંધ રાખ. તારી નેક મકસદે ચાલ અને બુરૂં યા ભલું પીછાણ. બને ત્યાં તલગ જુલમ શોસીને સબર ધર, સબબ જે દીનથી ખુદાએ તને પેદા કીધો તે દીનથી, ભલું બુરૂં તારી સાથ પેદા થયું છે, તેથી તું સબર કરી ચાલજે, દિલ ખુશાલ રાખજે, શુકર કરજે. તારો મુરાદ બર આવે ત્યારે તું સવાબ કરજે, કે તેથી તને જ્યાદા મળશે. જુઠું બોલવાથી પરહેજ રહેજે. હરેક રીતે રાસ્ત સખુન બોલજે કારણ કે આ દુનિયા બેવફા છે."

નામદાર ફરામર્ઝે બાહમનને પુછ્યું જે "એ નેકનામ બુઝર્ગ આબેદ! દુનીયામાં બદ કામના કરાવનાર કોણ છે? કે જેથી આકેબત ઇજા મેળવ્યે છીયે." તે સાંભળી બુઝર્ગ બાહમને નામદાર ફરામર્ઝને જવાબ દીધો, જે "દસ દેવ ભુંડા કામ કરાવનાર છે. તેમાં પહેલો લોભ તે નાપાક કદી ખજાનાથી ધરાતોજ નથી; બીજો બદ દયાનત, જેથી ભલું કામ થનાર નહીં; ત્રીજો દેવ ગુસ્સો છે જે વખતે તે તેજ થાય છે ત્યારે પશેમાની ભરેલાં કામ કરે છે; ચોથો દેવ બદ અંદેશો છે જે રાત દિન કીના ઉપર દીલ તંગ કરે છે; પાંચમો દેવ જાહેલ્યત છે; છઠો દેવ અદેખાઇ છે જે બીજાનું સારૂં જોઇ શકતો નથી; સાતમો દેવ જુઠાઇ છે જે પોતાનાં મકકરે આદમીઓને ફરેબ દીયે છે; આઠમો દેવ કજિયો કંકાશ છે, જે બે માણસોના દિલમાં રખનો નાખી ખરાબી કરે છે; નવમો દેવ આળસાઇ છે કે જે નેક કામનો દુસ્મન છે; દસમો દેવ કંજુસાઇ છે જે એક દીનારને વાસ્તે બોલે, જે મારી પાસે કાંઇજ નથી. એ ખસલતવાળાઓને ગોયા દેવ બરાબર જાણ."

નામદાર ફરામર્ઝે તે સાંભળી બેશુમાર ખુશ થઇ બાહમનને પુછ્યું જે "ઓ દાનાવ મરદ! ભલી શું ચીજ છે? કે જે ખોદા-

વંદતાલાની દરઘાહમાં કબુલ થાય છે ને બંદાને મોત પાછળ બુઝર્ગી હાંસલ થાય છે?"

તે સખુનો સાંભળી બુઝર્ગ આબેદે નામદાર ફરામર્ઝને જવાબ દીધો, જે "છ વાતથી બીજું કાંઇ ભલું નથી. દાદખાહ થઇ ઇનસાફ કરવો કે જેથી મનની મુરાદ હાંસલ થાય; ખુદાતાલાથી ખુબીનો દરવાજો તેવાં નેકીનાં કામ કરવાથી ખુલ્લો થાય. બીજું નેકી કરવી કે જેથી કયામત સુધી ભલું નામ રહી જાય. ત્રીજું કોઇ ગરીબ નાવારેસની ખબર લેવી અને તેને ખાણું તથા પોશાક આપવો. ચોથું બક્ષેશ છુપી કરવી ને એક વાર સખાવત કીધી અને બીજી વાર તેજ મીસ્કીને પાછો સવાલ કીધો તો તેને પાછો ફેરવવો નહીં કે તે બક્ષેશથી બે જેહાનમાં ખુબી મળે. પાંચમો દોસ્ત યા દુશ્મન યા ખેશ કુટુંબ હરકોઇ સાથે નરમાઇ કરવી કે તેથી આપણું કામ રાસ્ત થાય. છઠું પોતાની અકલે બુરાં તથા બદ કામથી દુર રહેવું ને દિલમાં ખોદાવંદતાલાનો ડર રાખવો. ઓ નામદાર જાણુલી! મેં જે વાત કહી તે તું ખુબ યાદ રાખ ને જયારે તું તારા નેયાગાન આગળ જાય ત્યારે એ તમામ સખુન કહે." એવી વાત બ્રાહમનની ઝબાનથી સાંભળી નામદાર ફરામર્ઝે કહયું કે "ઓ દાનાઇના રાખનાર! હું એક બીકટ વાત પુછું તેનો જવાબ રાસ્તી દે, કે હું હયાંથી આગળ જવાની ઉમેદ રાખું છું તે રાહમાં મને સખતી ખેંચવી પડશે કે આશાનીથી હું તમામ જેહાન ફરી વળાશ? હું મારા નેયાગાનોની નજદીક કયારે જઇશ અને હવે પછી મારી ઉપર શું મુસીબત ગુજરશે?" એ સખુન સાંભળી તે બુઝર્ગ આબેદે કેટલોક વાર પોતાની આંખ બંધ કીધી પછી જવાબ દીધો, જે "સામેસવારના ખાનદાનનાં નામદાર પેહેલવાન! તું તમામ હીંદુસ્તાન ફરી વળશે અને તું ઘણી મુદત સુધી પાદશાહી કરશે. હવે પછી આ રાહમાં તારી ઉપર સખતી ઘણી ગુજરશે. પછી એક પરીજાદ ઓરત સાથ તું નામદારની શાદી થશે તેથી તું નામદારને એક બેટો થશે. ત્યાર પછી તું ઇરાન જમીન જશે ત્યાં તારા ઉપર ઘણી સખતી ગુજરશે. તારાં ખાનદાનમાં બીજા

ઘણાએક નવા બેટા પેદા થશે તે નામદારો પોતાની બાજુને જોરે તમામ હફ્તેકેશવર જમીનનો મુલક કબજ કરશે, પણ ઓ નામદાર! તુરાન સર જમીનના પાદશાહ અફ્રાશીયાબથી તમો લોકો ઉપર ઘણો જુલમ થશે. કારણ કે તે જુલમગાર પાદશાહ છે તે એક નવજવાન પેહેલવાનને લાવશે. તે નામદાર તારા ખાનદાનનો જાહેર થશે પણ તે ઘણો જબરદસ્ત આવશે. તે તમામ ઇરાની પેહેલવાનોને જેર કરશે, પછી એકાએક તું ઇરાન સરજમીન જઇ પોહોંચશે ત્યારે તે નામદારને તું જીવતો પકડ્યા પછી તેનો તમામ ભેદ જાહેર થશે. તેના આવ્યાથી તમારાં ખાનદાનને ઘણી બુઝરગી મળશે. ઉગમણથી તે આથમણ તલગ તે નામદાર ફ્રીને તમામ મુલક પોતાના કબજામાં કરશે. તે નામદારથી જાણુલી ખાનદાનનું નામ રોશન ચેરાગની મીસાલે જેહાંનમાં જાહેર થશે. ઓ હીંદુસ્તાનનાં સરદાર ફ્રરામર્ઝ! તું નામદારને ત્રણ બેટા થશે. તે બેટાઓ તારી બરાબર નામ ઉઠાવશે. આકેબત છેલી વખતે તે બેટાઓથી તારી ફ્તેહ ફીરોજી થશે. ઓ પેહેલવાન! તને શેતાબ ઇરાન જવું પડશે. તે જગ્યા તું ફ્તેહમંદી પામશે વાસ્તે ઓ શેરદીલ! તું ઘણાં વરસ લગી એ સર-જમીનમાં ફરયા કરતાં શેતાબીથી ઇરાન સરજમીન જા." એ મીસાલે તે બ્રાહમને બીજી ઘણીએક છુપી વાતો કહી, તે સાંભળી શેરદીલ ફ્રરામર્ઝ અજબ થયો. તે નામદારે તે બુઝરગનાં પાંઉને બોસા દીધા. પછી હોકમ કરી કેટલોક ખજાનો તથા ગોહર તથા જરી પોશાક મંગાવી તે બુઝરગ બ્રાહમનને નજર કીધો; તે જોઇને બ્રાહમને જવાબ દીધો, જે "ઓ નવ-જવાન! મને એ ચીજની કાંઇ હાજત નથી." એટલુ કહી નામદાર ફ્રરામર્ઝનો હાથ પકડી તે આગળ લઇ ચાલ્યો. તેણે ત્યાં સોનાં તથા ગોહરની ખાણ દેખાડી કહ્યું જે "ઓ નામદાર! તને જેટલું જોઇયે તેટલું એ કીસ્તીમાં ભરી લે!" તે તમાશો જોઇ નામદાર ફ્રરામર્ઝે પોતાની આંગળી દાંતમાં પકડી. પછી તે નામદાર પેહેલવાન તે જંજીરાની તમામ જગ્યા ફ્ર્યો અને જે કાંઇ નાદર ચીજો પાદશાહી લાયકની હતી તે સાથે લીધી. પછી તે બુઝરગ બ્રાહમન પાસે રૂખસદ માંગી ત્યાંથી પોતાના

તમામ નામદારો સાથે કીસ્તીમાં બેઠો, તે જોઇ તે બ્રાહમન ગેબ થઇ ગયો!

નામદાર ફરામર્ઝે ઉગમણુ દિશામાં મોર્ગ મારર્યો તે હેવાલ.

———:o;———

રાતદીન તે ભારી દરીયાવમાં પેહેલવાન ફરામર્ઝની કીસ્તીઓ આગળ ચાલવા લાગી. તે નામદાર ઉગમણુ દિશા તરફ આવી પોહોચ્યો. એક દાહડે રાતને વખત એક પાહાડ નજર આવ્યો તે ઉપર બેશુમાર રોશની નજર આવવા લાગી તે જોઇ જંગી ફરામર્ઝે નાખોદાને પુછ્યું, જે પેલી બેશુમાર રોશની નજર આવે છે તે શું છે? તે સાંભળી તે નાખોદાએ જવાબ દીધો, જે "એ જગાનાં પાહાડ ઉપર એક જીયાંગાર મોર્ગ રેહે છે, તેના પરની એ રોશની નજર આવે છે. તે પોતાની ચુંગાલમાં મસ્ત હાથીને ઉઠાવી હવા ઉપર ઉડી જાય છે. એ મોર્ગની પાંખના પવનની આગળ દરીયાવનાં પાણીનેબી જોશ થાય છે. અને એ મોર્ગ ત્રણુસો ધામથી જ્યાદા ઉંચું છે, તે પોહોળાઇમાં એક કોશ સુધી ફેલાયલું છે. એ મોર્ગ ઘણું જીયાંગાર છે. એ મોર્ગ આવશે ત્યારે આપણુને આશાનીથી ઉઠાવી લઇ જશે, તેથી એ જગ્યા આપણો કશો ચારો રેહનાર નથી." એ સખુનો સાંભળીને જંગી ફરામર્ઝ હસી કહેવા લાગ્યો કે "આપણી મદદનો કરનાર પાક પરવરદેગાર છે." પછી તે નામદારે તમામ લશકરને હુકમ કીધો, કે સર્વે હાથમાં તીર કમાન પકડી કીસ્તી ઉપર હોશીયાર ઉભા રહી જે તરફથી તે મોર્ગ આવી લાગે, તે તરફ તીરનો વરસાદ વરસાવે. બામદાદનો વખત થયો ત્યારે પેલું જીયાંગાર મોર્ગ હવા ઉપર ઉડયું. તેની પાંખનાં પવનથી દરીયાવનાં પાણી જોશમાં આવ્યાં. તે મોર્ગનો પોકાર જેમ આસમાન પોકાર કરે

તે મીસાલે ભારી ગગડાતજ ગાજ્યો. તે સાંભળી કેટલાક જંગી લડાયકના તનમાંથી જીવ નિકળી ગયો. એવામાં સરફરાજ ફરામર્ઝે શેતાબ પોતાની કમાન ઉપર એક ભારી તીર ખેંચી પેલાં મોર્ગ ઉપર જોરથી મારયો તે તીર તેની પાંખમાં લાગ્યો તે મીસાલે કેટલાએક બીજા તીર માર્યા તે તથા બીજા પેહેલવાનોનો તીરનો વરસાદ વરસ્યો તેથી તે મોર્ગ તે તીરના મારાથી આજેજ થયું. તે તમામ દાહડો એ મીસાલે તે મોર્ગ સાથે લડાઇ કીધી તેથી તે મોર્ગ હવા ઉપરથી નીચે જમીન ઉપર આવી પડયું. તે તમાશો જોઇ શેરની હીંમતનો ફરામર્ઝ કીશતીમાંથી કીનારે ઉતરી પડીને ઘોડેસવાર થતાંજ જે જગ્યા પેલો મોર્ગ જખમી થઇ પડેલો હતો તે તરફ શેતાબ આવી પોહોંચ્યો અને અને પોતાની છુટભાલડી તે ઉપર મારી તથા બીજી તરફથી તલવાર ખેંચી તેની ગરદન ઉપર મારી શેતાબ તેની ગરદન કાપી નાખી. એ રવેસે તમામ હથીયારે તે મોરર્ગને બે દહાડે મારી કાપી બેજાન કીધું. તે દલેરી જોઇને પેલા બુઝર્ગ નાખોદાએ તે પેહેલવાન ઉપર આફ્રીન કીધી. તે નાખોદા બોલ્યો જે "નામદાર! મારા સાંભળવામાં આવ્યું છે કે તારા નેયાગાન જેહાંપેહેલવાન કેરશાસ્પે એક મોર્ગને માર્યું હતું તેજ મીસાલે આ સરજમીનમાં તું નામદારે પણ તેની બરાબર એ મોર્ગને મારવાથી નામ ઉઠાવ્યું છે. તે મોર્ગ પણ એની મીસાલે મોટું ને બુલંદ હતું વાસ્તે તારાં એવાં નામદારી ભરેલાં કામની વાંત કેયામત સુધી યાદગાર રહી જશે." એ રવેશે તે નાખોદાએ નામદાર દરામર્ઝની તારીફ કીધી. પછી પાક યઝદાંનની બંદગી કરી તે નામદારે પોતાનું તમામ લશકર તે કીનારે ઉતાર્યું અને પેલાં મોર્ગનાં તમામ પર તથા પગનાં પંજા સર્વે કાપી તે તમામ ગોસ્ત તથા હાડકાં જુદાં કીધાં પછી તે હાડકાંનું એક મોટું તખ્ત બનાવ્યું તે તખ્ત ઉપર બેશુમાર ગોહરનો જડાવ કરાવી તે તખ્ત ઉપર પેલાં મોર્ગની તસ્વીર ચીતરાવી. તેના પંજામાં તમામ હીંદુસ્તાનનો નક્ષ ખેંચ્યો. પછી પોતે દરીયાવમાં જે કાંઇ અજાયબ માહી, માણસો તથા

જાનવરો દીઠાં હતાં તેની તમામ સબીઓ ઉતરાવી તે ઉપર પાદશાહ કેખુશરોની તમામ મીજલસની બેઠક જેમ તમામ નામદાર પેહેલવાનો પાદશાહની આસપાસ બેસતા હતા તેમ ખુબ ચીતરાવી એ વગેરે તે ઉપર આસમાનના બારે બોરજ તથા સેતારાઓનો નક્ષ ખેંચાવી પછી પાદશાહ કેખુરોની જામે જેહાંનુમાનો નક્ષ ઉતરાવી. તે પછી તે તખ્ત ઉપર પાદશાહ ફરેદુનના મુબારક ગાવ્યાની ઝુંદાનો ચીતાર વગેરે બીજી ભાત ભાતની નકશી કોતરવામાં તે તખ્ત ઉપર બેશુમાર ગંજ ખજાનો ખરચ કીધો. જ્યારે હુશ્યાર કારીગર લોકોએ તે તખ્ત તૈયાર કીધું ત્યારે તે તથા બીજો ગંજ ખજાનો તથા નાદર ચીજો જે કંઇ મળી હતી તે તમામ તૈયાર કરી એક કીશ્તીમાં ભરી પેલા બુઝર્ગ નાખુદાને કહયું કે "એ તમામ ગંજ ખજાનો તથા તખ્ત સર્વે આ જગાથી ઇરાન સરજમીનની નેક પાદશાહ કેખુશરોને વાસ્તે મોકલું કે તમામ ઇરાન સરજમીનના નામદારો ખુશહાલ થાય." એ સુખન સાંભળી નાખોદાએ જવાબ દીધો કે "ઓ નામદાર! આ જગ્યાથી ઇરાન સરજમીન ૭ માસની રાહે દુર છે, તેથી એ ખજાના સાથે લશકર મોકલવું જોઇએ." એ ગોફતેગો થયા પછી નામદાર ફરામર્ઝે તમામ સામન તૈયાર કીધો અને પાંચ હજાર લડાયક સવાર ઉપર એક નામીચા જબરદસ્ત પેહેલવાનને સરદાર કરી તેને હસ્તક સોંપી તે તખ્ત તથા તમામ ખજાનો ખબરદારીથી પાદશાહને પોહોંચાડવા હુકમ કીધો. પછી કહયું. કે જે કંઇ તારી નજરે દીઠું તે તમામ દાસ્તાન તે સરેમિજલસ પાદશાહ હજુર જાહેર કેહેજે. હું આગળ બીજા જંઝીરાઓ તરફ જાવું છું" એ મીસાલે તેણે વાકેફ કરીને એક નેક નામું પાદશાહ ઉપર તથા બીજું નામું જાલેજર ઉપર અવ્વલથી આખર તલગની તમામ બીનાથી લખયું તે નામાં તે ચુનંદા ઇરાની સરદારદારને આપ્યા બાદ એક ખબરદાર નાખોદાને તે તમામ સામન ભરેલી કીશતી હવાલે કરી ઇરાન સર જમીનની તરફ રવાને કીધો. તે ઇરાની સરદારે તમામ લશકર સાથે ઘણી રંજ ખેંચી બરાબર માસ ૭ સુધી દરીયાવની રાહ કાપી ઇરાનની બુલંદ પાદશાહા-

તમાં આવી પોહોંચ્યો. એ ખબર પાદશાહ કૈખુશરોને થઇ તેથી બીજા સરદારોને તેની સામે એસ્તેકબાલ લેવા મોકલ્યા. તે નામદારો તે ઇરાની સરદારને બાઆબરૂથી પાદશાહ પાસ લાવ્યા. પાક તનના પાદશાહે પેલું મોર્ગનાં હાડકાનું તખ્ત જોયું કે પોતાની આંગળી દાંતમાં પકડી ને સરે મિજલસ નામદાર ફ્રરામર્ઝની તારીફ્ કીધી. તે તખત તથા હડીયાની તમામ હકીકત જાબુલસ્તાંન લખી મોકલી. પાદશાહ કૈખુશરોએ તે તખ્ત પોતાને ઇન્સાફ્ કરવા બેસવાને વાસ્તે અદલ દરબાહમાં મુકાવ્યું ને તે દીનથી તે તખ્તનું નામ તાંકવેશ કરી રાખયું.

આ દાસતાન જોડનાર શાહેર કહે છે કે પાદશાહ કૈખુશરોનાં તે તખ્ત ઉપર તમામ કયાની પાદશાહો તથા અશકેયાનીઆન તથા સાસાનીયાન તમામ પાદશાહો પાદશાહી કરી ગયા છે. ઇરાની લોકોની પાદશાહી મુસલમીનોનાં હાથમાં ગઇ ત્યારે તે શાહાનશાહ કૈખુશરોનું તે તખ્ત કાયમ હતું; તે તખ્તને જીતનારાઓએ ભાંજીને તેની ઉપરના બેકીમત હીરા તથા લાલનો જડાવ જડેલો હતો તે તમામ કહાડી લીધો જેમાનું એક એક ગોહર પાદશાહી કીંમતનું હતું. પાદશાહ ફ્રેદુનનો બનાવેલો ફ્તેહમંદ ગાવીયાની ઝુન્દો હતો તે પણ તેઓએ ટુકડા કરી નાખ્યો તે મુબારક ઝુન્દા ઉપર એટલા તો ગોહર તથા હીરા તથા મોતીનો જડાવ હતો કે તેનો કશો શુમાર થઇ શકે નહીં. તે તમામ જડાવબી તે જીતનારાઓએ લીધો, તે દીનથી તે ગાવીયાની ઝુન્દો તથા કૈખુશરોના તે તખ્તનું નામ નીશાન દુનીયામાંથી ગુમ થયું. એ રીતે કયાની પાદશાહોની રાહ રસમ પાયમાલ થઇ. ઓ ભાઇ! તું જો કે તે નામદાર પાહાડની મીસાલનાં સરદારો કયાં ગયા? તે નામદાર લોકોનો ભારી દબદબો તથા ગંજ ખજાનો સર્વે કયાં ગુમ થયું? એ ફ્રરતા આસમાનની ચાલ એવીજ છે, તે હમેશાં કોઇને બરકરાર કાયમ રાખતો નથી. ઓ ભાઇ! આ ત્રણ પાંચ દીનની ફ્રાની દુનિયામાં જેમ બની આવે તેમ નેકનામી તથા બંદગી તથા સખાવત કરતો રેહે કે, તે વગર બીજું કશું યાદગાર રેહનાર નથી.

મારયો ગયો અઝદાહ જંગી ફરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન.

——o::——

આ નામાનો જોડનાર શાહેર આ દાસ્તાન આગળ એ રવેશ ચલાવે છે કે નામદાર ફરામર્ઝ મોર્ગને મારી તેનાં હાડનું તખ્ત બનાવીને ઇરાન જમીનના પાદશાહ કેખુશરો ઉપર બેકીમતી હદીયા સાથ મોકલી તે નામુદારે પોતાનાં લશકર સાથ તમામ કીસ્તીઓને ઉગમણુ દિશા તરફ મહીના તલગ ચલાવી ત્યારે એક ખુશનુમાં જંગલનો કીનારો આવ્યો. ત્યાં મીઠાં પાણીના ચશમા તથા બેશુમાર મેવાનાં ઝાડ હતાં. ત્યાં તરાંહતરાંહનાં ખુશનુમા જાનવરો સરોદ ગાતાં હતાં, થંડો પવન દીલને આરામ કરનારો આવતો હતો તેથી નામનો ઉઠાવનાર ફરામર્ઝ પોતાનાં તમામ લશકર સાથે તે કીનારે ઉતરીને એક પાણીનો ચશમો જોઇ ત્યાં જરી બીછાણાં નાખીને મિજલસ કરી શરાબ પીવા તથા ખાણું ખાવા લાગ્યો. તે નામદાર આશાયશથી બેસી સરોદ સાંભળતો હતો એવામાં જંગલની તરફથી એક ભારી દરામણો પોકાર ઉઠયો. તે પોકાર સાંભળી જંગલનાં તમામ જાનવરો તથા પરંદાં મોર્ગ નાહાસવા લાગ્યાં. તે તમાશો જોઇ દલેર ફરામર્ઝે હુકમ કીધો કે એ અવાજની ખબર લાવે. તેજ વખત દલેર સવારો જઇને ખબર લાવ્યા કે "ઓ જાબુલ જમીનનાં શાહજાદા એ જગા બેસવાનું કાંમ નથી. આ જંગલ તરફથી એક ભારી અઝદાહ આવે છે. તેનું તન હાથીનાં તન કરતાં બુલંદ છે. તેનાં મોહમાંથી આતશનો શોહલો નીકળે છે. તે લંબાઇમાં એટલો તો જ્યાદા છે, કે તેનો કશો શુમાર નથી." એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝ શેતાબ પોતાના તન ઉપર તમામ હથીયાર બાંધી તે શરકસ અઝદાહની ખુનખાર લડાઇ વાસ્તે આગળ ચાલ્યો. તે જોઇ તમામ સરદારો કહેવા લાગ્યા, કે "ઓ ગોરપંદનાં ગોવાલાંના પાસબાન! તું ઉતાવળ કરી કયાં જાય છે? એ અજાણી જગ્યા ઉપર

ઉતાવળ કરવી ખુબ નથી. બળા ઘણી ભારી છે તે અગર તું નામદારને એક દમમાં ખેંચી લેશે તો અમો તમામ લશકર સાથ ખુહાર થઇશું." જંગી ફ્રામર્ઝે જવાબ દીધો, કે "ઓ મારા મેહેરબાન નામદારો! તમને એટલી જારી કરવી ખુબ નથી. અગર મારૂં મોત એ અઝદાહને હાથ હશે, તો હું તમારા કહયાથી જીવતો સલામત રહેવાનો નથી." એટલું કહી નામદાર ફ્રામર્ઝ તે જંગળમાં આગળ ચાલ્યો. તેની પાછળ બીજા જંગી નામદારો ગયા. તે અઝદાહ નજદીક તે નામદાર જઇ પોહોંચ્યો, ત્યારે તે અઝદાહને તે નામદારે ભારી જીયાંગાર જોયો. તે અઝદાહની ઝેરી ફુંકથી તમામ જંગલની જમીન આજેજ આવેલી હતી. તે નાપાક જીયાંગાર અઝદાહથી તેજ આતશનાં શોહલા નિકળતા હતા તે આસમાન ઉપર જતા હતા તે જોઇને જંગી ફ્રામર્ઝે શેતાબ પોતાની કમાન ઉપર તીર ખેંચ્યો અને તે અઝદાહની એક આંખમાં માર્યો. ફ્રરી બીજે તીર શેતાબ બીજી આંખમાં માર્યો, તેથી તે અઝદાહની બન્ને આંખમાંથી લોહી વેહવા માંડયું; એવામાં એક ત્રીજે તીર તેના મોહમાં માર્યો. ચોથો તીર તેની ગરદનમાં માર્યો; એ રવેસ કેટલાક તીર માર્યા તેથી તે નાપાક જીયાંગાર અહેરેમન જમીન ઉપર પછાડ ખાવા લાગ્યો. તે જોઇ શેરની હીંમતનાં ફ્રામર્ઝે તલવાર ઉઠાવી કેટલાક કારી જખમ તે અઝદાહને માર્યા તેથી તે નાપાક સુસ્ત થઇ ગયો. પછી પેહેલવાન ફ્રામર્ઝે ગોરજ ઉઠાવી ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લઇને તે અઝદાહનાં સર ઉપર એવો તો એક જરબ જોરથી માર્યો કે તે નાપાકનાં સરને સુરમા મીસાલે બારીક કરી નાખ્યું. જે કે જીયાંગાર અઝદાહ માર્યો ગયો તોપણ તેની ઝેરી ફુંકથી શેરદેલ ફ્રામર્ઝ બેહોશ થઇ ત્યાં જમીન ઉપર પડયો. તેજ વખત ઇરાની નામદારો શોર પોકાર કરતા તેની આગળ આવી તે નામદારના મોહ ઉપર ગોલાબ તથા બીજી ખુશબો નાખી તેને હોશ્યાર કીધો. પુર હોશીયારીમાં આવ્યો ત્યારે ફ્રામર્ઝે પાણીના ચશમાં આગલ જઇ તન સાફ કીધું. તે પાક યઝદાનની મુનાજાત કરી કેહેવા લાગ્યો,

કે "ઓ જેહાન રોશન કરનારા સાહેબ! મને તું હરેક જગા ફત્તેહ-મંદી આપે છે, તે મીસાલજ હમેશાં ફતેહ આપજે. ઓ સાહેબ, હું એક મુઠી ખાક બરાબર નાકવત બંદો છું ને મારી હરદમ દાદ લઇ ફત્તેહમંદી આપે છે તે મીસાલજ હંમેશાં મારી યારી કરજે." એ મુનાજાત કરી તે નામદારે તમામ પહેલવાનો સાથે તે જગા આશાયસ કીધી. કેટલાક દહાડા તે જગા રહી તે જંગલનો તમાશો જોઇ દિલ ખુશી કીધા પછી ત્યાંથી કીસ્તીમાં બેસી તે નામદારે પોતાનાં લશકર સાથ આગળ કુચ કીધી. તે દરીયાવમાં દુરથી એક પહાડ નજર આવ્યો; તે પાહાડ બીલોરનો હતો. તે જગા લાલ તથા યાકુત બેશુમાર હતાં. ત્યાં ઉતરી બેશુમાર યાકુત તથા બેશુમાર બીલોર તથા બીજી નાદર ચીજો વહાણમાં ભરી લઇ સવાર થઇ ત્યાંથી કીસ્તીઓ પોતાનાં લશકર સાથ દરયાવમાં આગળ ચલાવી.

જઇ પોહોંચી લડાઇ કીધી જંગી ફરામર્ઝે હબશી જંજીરા તરફ તે દાસ્તાન.

——:o:——

નામદાર ફરામર્ઝ બીલોરનો પાહાડ છોડી આગળ ચાલ્યો ત્યારે એક જંજીરાની વેલાયત તરફ જઇ પોહોચ્યો. ત્યાં હબશી લોકો રહેતા હતા. તે હબશીઓ કદમાં મીનારા મીસાલ ઉંચા ને દેખાવમાં ડરામણા શીહાકીલ મીસાલ કાળા ને જોરમાં મસ્ત હાથી મીસાલ જબરા ને જીયાંગાર હતા. તેઓનો એક પાદશાહ બુરો બદકેરદાર જબરદસ્ત લડાયક હતો. તેની પાસે બેશુમાર હબશી લશકર હતું. જંગી ફરામર્ઝ બુઝર્ગ નાખોદાને ત્યાંની તમામ વાત પુછી વાકેફ થયો, કે પોતાનું લશકર તે કીનારે ઉતારી તેણે લડાઇની તૈયારી કીધી. એવામાં જેમ આસમાન ઉપર તોફાનનું શીહા વાદળ થઇ આવે ને પોકા-

રનો અવાજ થાય તે મીસાલ જંગલ તરફ હબશીઓનું બેશુમાર લશ્કર પોકાર મારતું આવી પોહોંચ્યું. તે તમામના હાથમાં માહીનાં કાટાનાં હથીયાર પકડેલાં ને તનમાં તમામ નાગા હતા. કેટલાકોએ ચામડાનો લેબાશ પેહરેલો હતો. તે હબશીઓનાં લશકરની ગેરદ ને પોકારથી તમામ ઇરાની લશકર ધાભરૂં થઇ ગયું. તે જોઇ શેરની હીંમતનો ફરામર્ઝ પોતાનાં લશકરને હુકમ કરવા લાગ્યો કે હુસ્યારીથી જંગ મચાવો. તે હુકમ સાંભળ્યાથી ત્યાં એક ધરપકડ ભરેલી લડાઇ થઇ રહી. તે જંગમાં હબશીઓનાં સર પરાગંદા થવા લાગ્યાં. ઇરાનીઓના બેશુમાર તીર હવા ઉપરથી છુટા. તે હબશીઓનાં સીનામાં લાગ્યા ત્યારે હબશી લોકો ગલબો કરીને ઇરાની લશકર ઉપર આવી પડયા ને માહીના કાંટાથી ઘણાક ઇરાની દલેરો માર્યા, જેથી શેરદિલ ફરામર્ઝે હુકમ કીધો કે એકબારગી તલવાર ઉઠાવીને હાથ દેખાડો. તે સાંભળી સર્વ કોઇએ તલવાર પકડી અને શીહા વાદળમાંથી વીજળીનો ચમકાટ થાય તે મીસાલ શીહા હબશીઓનાં તન ઉપર તલવાર ચમકવા લાગી પણ હબશીઓ પાછા હઠયા નહીં, તેમ ઇરાની લશકર પણ આજેજ આવ્યું નહીં. એ લડાઇમાં બે દહાડા ગુજરી ગયા ને માણસોની લોથે તમામ જંગલ ભરાઇ ગયું અને ત્રીજા દહાડાની બામદાદ થઇ ત્યારે એક હબશી ઘણો જબરદસ્ત હતો તે ઘણુંક લશકર લઇ નામદાર ફરામર્ઝ સામે આવ્યો. તેણે એક પોકાર એવો તો માર્યો, કે તમામ જંગલ હળમળી રહયું. તેણે આવતાં વાર માહીનું શાહતુર ઉઠાવીને નામદાર ફરામર્ઝ ઉપર માર્યું તેજ વખત ફરામર્ઝે ચુંગાલ મારી તેના હાથમાંથી તે છીનવી લીધું અને તેજ શાહતુર તેની કમર ઉપર માર્યું તેથી તે એક હબશીનાં બે હબશી થઇ જમીન ઉપર પડયા. પછી તેનાં લશકર ઉપર એક હુમલો એવો કીધો કે એક લેહેજામાં તે તમામ લશકર પરાગંદા કરી નાખ્યું, તેથી તે હબશીઓ નાહાસવા લાગ્યા. તેની દુંબાલે ઇરાની લશકરે જઇ તમામ હબશીઓને જીવથી માર્યા અને ત્યાંનો ગંજ ખજાનો સર્વે લુટી તે જંજીરો ફના કીધો.

જઇ પોહોંચ્યો નામદાર ફરામર્ઝ પાદશાહ કેરવાનના મુલકમાં તે દાસ્તાન.

——:o:——

નામદાર ફરામર્ઝ હબશીઓની લડાઇથી ફારેગ થયો ત્યારે ત્યાંથી તમામ લશકર તથા અસબાબ ઉઠાવ્યો ને તેણે ત્યાંથી ખુશ્કીને રસ્તે આગળ રાહ માપી. તે બીયાબાન જંગલમાં ૭ માસ રાહ આગળ ચાલ્યો. તે રાહમાં ઇરાની લશકર સાથ ઘણી સખતી ખેંચતો પાદશાહ કેરવાનના મુલક તરફ આવી લાગ્યો. તે પાદશાહ દાદ તથા ઇનસાફ ભરેલો દાનાવ હતો. તેને ખબર થઇ કે જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો ફરામર્ઝ આવ્યો છે, તેથી તે પાદશાહ ખુશી થયો. તે શેતાબ શેરદિલ ફરામર્ઝને એસ્તકેબાલ લેવા જવાની તૈયારી કરવા લાગ્યો. હવે પેલી તરફથી નામદાર ફરામર્ઝ આવી પોહોંચ્યો તેણે કેરવાન શેહેરથી એક હફતાની રાહે મુકામ પસંદ કીધું. પોતાનાં તમામ લશ્કર તથા નામદાર સરદારો સાથ તે પેહેલવાને ત્યાં મુકામ કીધો નવીશંદાને બોલાવી કેરવાન પાદશાહ ઉપર એક નામું લખાવ્યું તેમાં અવ્વલ ખુદાવંદતાલાની તારીફ લખી તે નામામાં પોતાની મકસદ બ્યાન કીધી, કે "અય શાહ! તું દાનાંઇ રાખતો હોય તો ફરમાબરદારીની કંમર બાંધી સલામી કબુલ કર. તું મારી પાસે આવ કે તારો મુલક આબાદ રહે અગર નહીં તો તારી ખરાબી છે." એ વગેરે ઘણુંક નરમ ગરમ લખીને તે ઉપર પોતાની મોહોર કીધી ને તે નામું એક એલચીને આપી તે પાદશાહ ઉપર મોકલ્યો. કેરવાન પાદશાહે જંગી ફરામર્ઝનું નામું વાચી શેતાબ ખુશીએ કરી શાદીના નગારાનાં અવાજ કરતો પોતાના તમામ બુઝર્ગો સાથે તે પોતાનાં શેહેર બાહાર નિકળ્યો અને પેલા એલચીને સરોપાવ આપી આગમચથી રવાનાં કીધો. તે એલચી નામદાર ફરામર્ઝ આગલ આવી તેણે તમામ હકીકત કહી, જે સાંભળી તે નામદાર પણ ખુશી થતો પોતાનાં તમામ બુઝર્ગ સાથે બાહાર નિકળ્યો; એવામાં કેરવાન પાદ-

શાહ ત્યાં લશકર સાથે આવી પોહોંચ્યો. તેણે દુરથી નામદાર ફરામર્ઝને જોતાંજ ઘોડા ઉપરથી ઉતરી પાઉંપ્યાદો થઇ તે પેહેલવાન સામે જઇ જમીનને બોસો દીધો, જેથી જંગી ફરામર્ઝે તેને આબરૂ આપી બગલગીરી કીધી. એક બીજાને ખેરઆફ્યત પુછયા બાદ તે પાદશાહ સવાર થતાં ત્યાં તમામ લશકર સાથે રામશની કરતા રાતદીન કુચ કરી શેહેરમાં આવી પોહોંચ્યો. પાદશાહ કેરવાને પોતાનું પાદશાહી અયવાન સમારી ત્યાં નામદાર ફરામર્ઝની ઉપર મોતીનો વધાવો કીધો અને પોતાનાં તખ્ત ઉપર બેસાડયો. તે પેહેલવાનને એક ભારી મિજલસ સમારી તમામ ઇરાની નામદારો સાથે ખાણું આપ્યું. ત્યાં ઉમદા ખાણાં તથા શરાબથી તે કેરવાન પાદશાહે નામદાર ફરામર્ઝની એવી તો મદારત કીધી, કે તમામ ઇરાની નામદારોનાં દીલમાંથી કુલ ગમ બરતરફ થઇ ગયો. તે મીજલસમાં નામદાર ફરામર્ઝ હરેક વાતે તે પાદશાહની તારીફ કરવા લાગ્યો તથા તેની મદારતને તેજ મીસાલે મોહબતથી નવાજીને તેણે ત્યાં કેટલાક દાહડા રામશનીમાં ગુજાર્યા; ત્યારે દાનાઇ ભરેલા જંગી ફરામર્ઝે કેરવાન પાદશાહને પુછયું જે "અય નામદાર! તારી બુનિયાદ કોણની છે? તું પાદશાહ તારા દીલમાં જે કંઇ મોરાદ રાખતો હોય તે મને કહે કે તે હું શેતાબ બજાવીશ. ઓ નામદાર પાદશાહ! તારૂં હેશાન મારી ઉપર ઘણું થયું છે." એ સખુન સાંભળી પાદશાહ કેરવાન ખુશીથી પોતાંનું મોહ હસ્તું કરી કેહેવા લાગ્યો, કે "અય નામદાર! હું સામેસવારનાં ખાનદાનનો એક કમીનો ચાકર છું. તું મારી વાત ધ્યાનથી સાંભળ, કે હું જોહાક તાજીનાં ખાનદાનનો છું, ત્યારે તેણે મારા બપાવાને આં જગ્યાનો પાદશાહ કરી મોકલ્યો અને એ તમામ મુલક અમારા તાબામાં કીધો. તે પછી મારો બાપ એ પાદશાહી એક મુદત સુધી કરી આ જેહાનથી ગુજર્યો તે બાદ હું તખ્ત ઉપર બેઠો. મારા બાપનાં દફતરખાનામાંથી એક કેતાબ પેહેલવી સોનેરી ખતની લખેલી મારા હાથમાં આવી. તે કેતાબમાં એક તસ્વીર ચીતારેલી છે. તે તસ્વીર જોવામાં હુબહુ તારો ચેહેરો છે. તે કેતાબમાં પાદશાહોના પાદશાહ જમશેદે લખ્યું

છે, કે મારા ગુજર્યા પછી પંદર સો વરસે એ કેરવાન શેહેરમાં એક નવજવાન પેહેલવાન જેહાંપેહેલવાન કેરશારપનાં ખાનદાનનો નાની ઉમરનો પણ જોરેમંદ તનનો આવશે; તે નામદારનું નામ જંગી ફ્રામર્ઝ કરી કેહવાશે. તે નવજવાન ઉગમનથી આથમન સુધી તમામ હીંદુસ્તાન જીરોજબર કરી નાખશે. તે નવજવાન બેટો એ મુલકમાં ભારી નામ ઉઠાવશે. તેનાં હાથથી તમામ કામ રાસ્ત થશે. તે નામદાર એ જગ્યાથી પાંચ બળાને મારશે. તેમાં બે વાઘ, બે વરૂ, તથા એક અઝદાહ; એવા દરંદાં જાનવરો મારી ને આ વેલાયત પાક કરશે. તે નામદારની એ જેહેમતનાં અવેજમાં કેટલોક ગંજ ખજાનો આ જગા દાતેલો છે તે પાહાડની આગળ એક મોટો સ્થંભ ગાળેલો છે, તેની નીચે ભોયરૂં છે; તે જગ્યાથી તે ખજાનો સર્વે તેનાં હાથમાં આવશે તેથી તેનું નામ કયામત તલગ યાદગાર થશે. એ રવેશે પાદશાહ જમશેદે તે કેતાબમાં લખેલું છે, તે કેતાબ વાંચી મેં મારા જીવની મીસાલે જાળવી રાખી છે. આજ ઘણી મુદત થઇ તું નામદારના આવ્યાની હું રાહ જોઉં છું સબબ કે એ મારી પાદશાહીનાં વખતમાં તે પાંચ બળા પેદા થઇ છે તેથી તું જેવા નામદારને આવ્યાની ખબર સાંભળી હું ખુશી થયો. હવે મારી રૈયત આશાયશ પામશે." આ તમામ અજાયબ વાત સાંભળી શેરદિલ ફ્રામર્ઝે પાદશાહ જમશેદનાં રૂવાન ઉપર આફ્રીન કીધી પછી કેરવાનને કહ્યું કે "એ દાનાઇ ભરેલા બુઝર્ગ! તે મુબારક કેતાબ મારી આગળ લાવ!" તેજ વખતે કેરવાનશાહે તે કેતાબ લાવી આપી, તે કેતાબ જોઇ નામદાર ફ્રામર્ઝે પોતાની આંખના દીદા સાથે લગાડી બોસો દીધો. પછી તે ખોલી તેમાં તમામ બીના લખેલી હતી તે વાંચી તો જેમ કેરવાનશાહે ઝબાનથી વાત કહી તેજ મીસાલ તે તમામ બીના હતી. પેલી તસ્વીર ચીતારેલી જોઇ તે પોતાની શીકલ સબી બરાબર મળતી કવી બાજુની દબદબા ભરેલી હતી; તે જોઇ જંગી ફ્રામર્ઝ તથા તમામ ઇરાની અનજુમન અજબ થઇ રહયું. તે કેતાબમાં એક તરફ જેહાંપેહેલવાન કેરશારપની લખેલી બીના વાંચવામાં આવી, તેમાં

લખેલું હતું કે "એ બેટા! હું તમામ જેહાનમાં ઉગમણુથી તે આથમણુ ને મગરેબથી તે મશરેક લગી ફરી વળેલો છું. મેં ઘણી રંજ તથા સખતી ખેંચી ગંજ ખજાનો જમાવ કીધો હતો, પણ તે મને કામ આવ્યો નહીં. અજલ આવી કે આકેબત ખાલી હાથે આ જેહાનથી મને જવું પડયું. હું એ કેરવાનના મુલક ઉપર આવી પોહોંચ્યો ત્યારે એ કેતાબ મારા જોવામાં આવી તે મેં વાંચી, મારી તરફથી તને આ નસીહત કરી જાઉં છું કે તું મારો બેટો નરીમાનની બુન્યાદ ધરાવે છે. વાસ્તે કોઇ જગ્યાએ જુલમ જબરદસ્તી કરતો ના! એ બેટા, તું મારી મીસાલ તમામ જેહાન ફરીને નામ ઉઠાવજે કે તેથી બેહેસ્તમાં મારૂં રવાન ખુશાલ થશે. એવાં નેક કામથી કયામતને દહાડે તને મોટી બુઝર્ગી મળશે. એ મારી નસીહતનાં સખુનને ખુબ યાદ રાખજે ને મારાં હથિયાર તથા ખજાનો છે તે તું લેજે." એ રવેશથી તે કેતાબની બીજી બાજુએ લખેલું હતું, તે વાંચી, જંગી ફરામર્ઝની આંખમાંથી મોતી મીસાલ આંસુના કતરા ગળવા લાગ્યા. તેણે પોતાના નેયાગાન કેરશાસ્પનાં રવાન ઉપર કેટલીક દુવા કરી તેની તારીફ કીધી. પછી તે કેતાબને પોતાની પાસે રાખી કેરવાનશાહને કહયું જે "પેલી પાંચો બળા કયાં છે? તે મને દેખાડ કે પાક યઝદાંની મદદથી તે બળાની ગેરદ કહાડી નાખું." કેરવાનશાહે કહયું કે "આ જગ્યાથી ત્રણ દહાડાને રસ્તે દુર એક બુલંદ પહાડ છે. તેનું સર આસમાન સાથે જઇ મળેલું છે. ત્યાં તેની લંબાઇનો કશો સુમાર નથી. તે જગ્યા એક ભારી જીયાંગાર અઝદાહનું મુકામ છે. તે અઝદાહ આશરે એક કોશ લાંબો છે. ઉંચાઇમાં એક બુલંદ પાહાડ મીસાલ છે. તેનાં તન ઉપર માહી મીસાલ ભીંગડાં છે. તે એક દમમાં મસ્ત હાથીને ખેંચી આખ્ખો ને આખ્ખો ગળી જાય છે. તેના દમના આતશથી જમીનનાં તમામ ઝાડ બળી ગયાં છે. ને અઝદાહનાં સર ઉપર બે શીંગડાં બુલંદ ઝાડ મીસાલ ઉગ્યાં છે. તેની બે આંખ લોહી ભરેલા તળાવ મીસાલ મોટી છે. તેના દમનો ધુંવાડો આસમાન ઉપર જાય છે, તેથી પરંદા

મોર્ગ પણ ઉડી શકતાં નથી. તે જંગલનાં તમામ જાનવરોએ તે જગ્યાથી બીજી જગ્યાએ પોતાનો મુકામ કીધો છે. તેના ભારથી જમીન આજેજ આવી છે. એવું ભારી જીયાંગાર જાનવર કોઇએ દીઠું નથી. તેની લડાઇ ઉપર કોઇ જંગી લશકર જઇ શકતું નથી. બીજી બળા એક ખુશનુમાં જંગલ તમામ મેવા ભરેલું ને ત્યાં આબો હવા ખુશનુમા છે. તે જંગલની સરજમીન મેહેમાનીને લાયક છે. ત્યાં રંગબેરંગ ખુશબોએ ભરેલાં ફુલોનાં ઝાડ છે. તે જંગલ બસો ચાલીસ કોશ સુધી મોટું આબાદી ભરેલું જોવામાં ખુશનુમા નજરે આવે છે. તે જંગલમાં બે ઘાઘ નર માદા પેદા થયાં છે. તે મોટા ને જબરદસ્ત છે. તે વાઘોના પોકારના અવાજથી તે તમામ ખુશનુમા જંગલ હલમલી રહે છે. ત્રીજી બળા, તે જંગલની બીજી બાજુ તરફ બે વરૂ પેદા થયાં છે. તે મસ્ત હાથી કરતાં મોટાં છે. તે બળાનાં તન ઉપર વાંસની જાળ મીસાલના સખત મોટા બાલ છે, જે બાલ ઉપર હથીયાર કારઘાહ લાગતાં નથી. તે વરૂના મોહોડામાં હાથી દાંત જેવા મોટા દાંત છે. તેઓ દોડવામાં તથા કુદવામાં વા મીસાલ છે. તે પાંચ બળા જબરદસ્ત છે તે તું નામદાર મારશે, તો તારૂં નામ કયામત સુધી રહી જશે. ઓ નામદાર પાદશાહ, જમશેદ તથા જેહાંપેહેલવાન કેરશાસ્પ જે જેહાન જીતનારા તારા નેયાગાંન થંઇ ગયા છે, તેથી પણ વધાઇ છે કે તે બળા નામદાર ફરામર્ઝ મારી દફે કરશે. ઓ પેહેલવાન! તારી તલવારને જોરે એ બળા નાબુદ કર અને મારી તમામ રૈયત આસુદા કર. આ પાદશાહત મુદ્દત થઇ શીહા અંધકાર પામી છે તે રોશન કરી નેકનામ થા!"

નામદાર ફરામર્ઝ કેરવાનશાહના મુલકમાં અઝદાહની લડાઇમાં ગયો તે હેવાલ.

—:૦:—

શેરની વજનના ફરામર્ઝે પાદશાહ કેરવાનની ઝબાનથી એ તમામ સખુન સાંભળ્યા કે તેણે ખુશીથી પોતાનું મોહ હસ્તું કરી કહયું, કે "ઓ નેકનામ પાદશાહ! તું તારા દીલમાં કશી પણ વાતની ફીકર ના રાખ. તું બસ યકીનથી જાણ કે પાકયઝદાંની મદદથી મેં તે પાંચો બળા મારી નાબુદ કીધી. ઓ પાદશાહ! એ તમામ કામ રાસ્ત કરી આપું છું સબબ કે એ ભારી આફતમાં મારી મદદનો કરનાર પાક દાદાર છે તો એ પાંચો બળા ગોસ્પંદ મીસાલે હું કશા હીસાબમાં ગણતો નથી. મારા મુબારક પાદશાહ કેખુશરોનાં બખ્તની મદદથી એ બળાને જરૂર નાબુદ કરૂં." એ રવેશે નામદાર ફરામર્ઝ તે પાદશાહ સાથે વાત કરતો હતો તે સખુન સાંભળી તમામ ઇરાની નામદારો પોત પોતામાં વાત કરવા લાગ્યા. કે "આપણો સરદાર ફરામર્ઝ હરેક જગ્યા બીજા લોકો માટે પોતાનાં સર ઉપર બળા ખેંચી લે છે અને કશી વાતે વીચાર કરતો નથી. બસ શેતાબી કરી દુશ્મનનાં સર ઉપર જાય છે. એ નામદાર વાઘ, વરૂં તથા અઝદાહથી જરા ડરતો નથી. એ નામદારે બીજી ઘણી બળા મારી છે પણ આ બળા તો એવી મોટી છે, કે તેવી બળા કોઇ જમાનામાં આપણા સાંભળવામાં આવી નથી. એ નામદાર તો વારેઘડીએ કંમર બાંધીને તૈયાર થાય છે, તો આપણે એ જંગનો રસ્તો શું કર્યે?" એ રવેશે ગોફતેગોહ કરી તમામ ઇરાની નામદારો એકદીલ થઇ ઉઠયા ને જંગી ફરામર્ઝ ઉપર દુવા કરી કેહેવા લાગ્યા કે "ઓ શેરદિલ! જે દીનથી આપણે ઇરાન સરજમીન છોડી બાહાર નીકળ્યા તે દીનથી તે આજદીન લગી ચૌદ ચૌદ વરસ થવા આવ્યાં ત્યાંસુધી એક દિન આપણે આશાયશમાં વગર લડાઇએ બેઠા નથી. એ તમામ લડાઇમાં પાક યઝદાંએ તું નામદારને ફત્તેહમંદી

બક્ષીને આસમાન તારા હોકમ મુજબ બરપા ચલાવ્યું. તમામ જગ્યા તારી સપેહસાલારીમાં અમો જોશ ભરેલા રહયા. તે જંગ કરી હાલ તમામ બળાથી છુટીને હયાં આશાયશથી બેઠા પણ તું નામદાર તો અમો લોકોને મોજનાં વખતમાં પણ ફીકરથી ગીરફતાર કરે છે. તું કેરવાન-શાહને ખાતર શરકસ વાઘ, વરૂ તથા અઝદાહની લડાઇ કબુલ કરે છે. તે બુરી બળાઓથી આસમાન તથા જમીન ગોયા લરજે છે તોપણ તું નામદાર તેથી કશી વાતે લરજતો નથી. જે કોઇ નામના ઉઠાવનાર આગળના પેહેલવાનો થઇ ગયા તેઓ પણ એવી બળાઓથી પાછા હઠયા છે તો એ બળાને માટે તું નામદાર તારા નવજવાન જીવને નાહક ના ગુમાવ! તું નામદાર તારાં તન ઉપર એ નાહકની સખતી ખેંચવાથી હાથ ઉઠાવ! તારા નેયાગાન જેહાપેહેલવાન કેરશાસ્પે વાઘ વરૂ તથા અઝદાહને માર્યા પણ એ ત્રણ જબરી લડાઇ તે કરતાંબી ભારી નજર આવે છે; તેથી ઓ નામદાર! દાનાવ લોકો ફરમાવી ગયા છે તે મીસાલે પગે ચાલી બળતા આતશ દરમ્યાન જવા જેવું તારૂં કામ નજર આવે છે, તેથી અમો તમામ ઇરાની પેહેલવાનોને મોટો ડર લાગે છે." તે શેરમરદ ફરામર્ઝે પોતાના નામદારોની ઝબાનથી એવા નાહીંમતી સખુન સાંભળ્યા તેથી તે કેહેવા લાગ્યો કે "ઓ મારા પ્યારા દોસ્તો! તમને આ બોલવું સઝાવાર નથી. આપણે આ જગ્યાએ નામ ઉઠાવી મરીશું તો તેની કશી શરમ નથી, આપણને તમામ જગા પાક યઝદાંએ ફત્તેહમંદી બક્ષી તો પછી આ જગમાં શા વાસ્તે તે સાહેબ ફતેહમંદી બક્ષેસ કરશે નહીં? તેજ કુદરતનો સાહેબ મને એ બળા સામે ફત્તેહ ફીરોઝી નવાજશે." એમ કહીને કેરવાનશાહને કહ્યું કે "તું નામદારને ખબર નથી. પણ હીંદુસ્તાનના માહરાજા નોશાદના રાજની સરહદમાં એક ભારી અઝદાહ મારજોશા નામનો પેદા થયો હતો જેવો અઝદાહ જેહાનમાં પેદા થયો નથી તેમ પેદા થશે પણ નહીં. તે અઝદાહને મેં જીવથી માર્યો વાસ્તે હમણાં હું એક હુનરનો ચારો કરૂં છું તે તું નજરે જો!" એટલું કહી લોહાર લોકોને બોલાવ્યા ને એક ખંજર ત્રીસ વામ

લાંબુ બનાવ્યું. તેની આસપાસ ચારે તરફથી તીરનાં પેકાનો ઝેરી પાણી પાયલાં બનાવીને જડી લીધાં. તેમાંનુ એક એક પેકાન ત્રીસ વામથી પણ જ્યાદા લાંબુ હતું. તે દરેક પેકાન વજનમાં એકસો ને વીશ તાંક ભારી હતું તેવાં પેકાન જડાવ્યાં. તે પાસે બીજા નોકદાર કાંટા ભરેલાં ખંજરો તથા ભાલા જડાવી લીધા. એ રવેશે બે પેકાનનું એક જબરૂં ખંજર જડાવી તૈયાર કીધું. પછી એક ભારી લોહડાંની કમાન બનાવી તૈયાર કીધી. તે કમાનનો ચીલો ચામડાનો બનાવ્યો તેવાજ બીજા ભારી તીર બનાવી સાથે રાખ્યા, પછી પોતે બખ્તર પેહેરી ને ઘોડા ઉપર સવાર થઇ જીનના હરણા સાથે પેચદાર ફાંદો લટકાવ્યો અને એલમાસની હીંદી તલવાર કમરે લટકતી રાખી તેણે પાક યઝદાન પાસે બંદગી કરી જેહાં પેહેલવાન કેરસાસ્પનાં જોરની મદદ માંગી. ઇરાની નામદારોએ. જંગી ફરામર્ઝને એ મીસાલે તમામ હથીયારમાં તૈયાર થયલો દીઠો ત્યારે તે તમામ ઇરાની નામદારોએ પોતાનાં હાથ આસમાન તરફ ઉંચા કરી મુરાદ ને દુવા ચાહી. પછી પાદશાહ કેરવાનશાહ તૈયાર થઇ શેહેરમાંથી તમામ નામદાર ઇરાનીઓ સાથ પોતાનું લશકર લઇ બાહાર નિકળ્યો તે જોઇ પેહેલવાન ફરામર્ઝે કહ્યું કે "મારી સાથે લશકરનું કામ નથી. મને લશકરી સવારોની મદદ જોઇતી નથી. મારી યારીનો કરનાર પાક યઝદાન છે, તો હું તે અઝદાહને મારી ફત્તેહ ભરેલો ફરીશ. અગર મારૂં મોત તે જીયાંગારના હાથથી હશે તો તે પણ બન્યા વગર રહેવાનું નથી. તમો આશાયસમાં પોતાનાં દિલ ખુશી રાખો. તમને નાઉમેદ થઇ જવું લાયક નથી." એ મીસાલ સખુન કહી તમામ લશકરને તે જગ્યાએ રાખ્યું અને પોતે છડી સવારી સાથે બહાર નિકળ્યો. તેની બરાબર કેરવાનશાહ તથા બીજા ઇરાની તથા જાબુલી નામદારો હતા. તે સર્વે સાથે દિલાવર ફરામર્ઝે આગળ રાહ માપી. ત્રણ દહાડાની રાહે દુર જઇ લાગ્યા ત્યારે પેલા જીયાંગાર બુલંદ અઝદાહનું મુકામ આવ્યું કે પેહેવાન કેરવાનશાહને કહયું કે "એક જગ્યા તું પાદશાહ તમામ નામદારો સાથ મુકામ કરી બેસ! મને રાહનો બોમ્બો બસ છે

કે તે અઝદાહની જગા દેખાડશે." એ સખુન સાંભળી તમામ નામદારો નાચાર થઇ ત્યાં એક જગ્યા મુકામ કરી બેઠા.

મારયો ગયો સરકસ અઝદાહ જંગી ફરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન.

પછી નામના ઉઠાવનાર ફરામર્ઝે પેલો સો પેકાનનો તીર પોતાની સાથે બાહેર રાખ્યો જે ભોમીયાએ દુરથી પેલા અઝદાહને દેખાડયો કે નામદાર ફરામર્ઝે પોતાના ઘોડાને આગળ ચલાવ્યો ને પોતાના મોહડામાં પાવઝેર રાખ્યું. ઘોડાને પેલા ઝેરી અઝદાહની ફુંકનો વાસ આવ્યો ત્યારે તે ઘોડો આગળ ચાલ્યો નહીં તેથી જંગી ફરામર્ઝે જોરથી ચાબુક મારી આગળ ચલાવ્યો તોપણ તે ઘોડો ચાલ્યો નહીં. તે નામદારે બીજો ચાબુક માર્યો ત્યારે ઘોડો પોકાર મારી પોતાના પગથી જમીન ખોદવા લાગ્યો ને પાછો હટયો. તે જોઇ શેરદીલ ફરામર્ઝ નાઉમેદ થઇ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને તેને ચાબુક મારી લશકરની તરફ હાંકી મેલ્યો. તે પહેલવાન પાંઉપ્યાદો તે ઝેરી અઝદાહનો ખોહ નજદીક જઇ પોહોંચ્યો ને પેલું ખંજર ઢાલ મીસાલ આગળ જમીન ઉપર મેલ્યું. તેણે એક પોકાર બાહારના વાદળ મીસાલ માર્યો. તે પહેલવાન પોતાના પાંઉ ઓસ્તવાર રાખી હાથમાં તીર કમાન પકડી એક બાજુ ઉપર ઉભો. એવામાં પેલો અઝદાહ દરોહના ગારમાંથી બાહાર નીકળ્યો. તેનાં મોહડામાંથી આતશનો ધુંવો એટલો તો બાહાર નીકળ્યો કે તેથી તમામ મેદાન અંધારૂં થઇ ગયું. ને બળાને જોઇ જંગી ફરામર્ઝ ધુજવા લાગ્યો. એટલામાં પેલા અઝદાહે પોતાનું સર ઉઠાવી દમ ખેંચ્યો કે તેનાં જબરાં જોરે પેલું જમીન ઉપર મેલેલું ખંજર તણાયું તે ગળી ગયો તેથી તે ખંજરના તમામ તીરના પેકાનો તથા ખંજરની નોકથી તેનું મોહ સીવાઇ

ગયું. તે જખમથી તે નાપેકારે પછાડ ખાઇ તે ખંજર પાછું બાહાર કહાડવા ચાહયું પણ તે નીકળી શકયું નહીં. તેના જરબથી તે એટલો તો ઉંચો ઉછળતો કે જમીનથી બે નેજાવાર ઉંચો થતો હતો. એ તમાશો જોઇ જંગી ફરામર્ઝે હીંમત પકડી ઝબાન ઉપર પાક યઝદાંનનું નામ લીધું ને કમાન ઉપર એક ભારી તીર ખેંચ્યો. તે તીર બે પેકાનનો બનાવેલો હતો, તે નીશાન કરીને અઝદાહના બેઉ આંખમાં માર્યો તેથી તે નાપાકની આંખોમાંથી બેશુમાર લોહી ચાલવા લાગ્યું. ફરી બીજો તીર તેના સરમાં માર્યો તે તીર તેનું સર વીંધીને બાહાર નિકળી ગયો. તેવામાં ત્રીજો તીર તેના પેટમાં માર્યો. એ મીસાલ એકસો તીર માર્યા. તેના જખમથી તે અઝદાહ સુસ્ત થઇ ગયો ને બેશુમાર ખુન ચાલવા લાગ્યું. પછી નામના ઉઠાવનાર ફરામર્ઝે તલવાર ખેંચી કેટલાક જખમ તે અઝદાહ ઉપર માર્યા પણ તે જખમ તેનાં તન ઉપર કારધાહ થયા નહીં, જેથી તેણે પોતાનો ભારી ગોરજ ઉઠાવ્યો ને જેમ લોહાર એરણ ઉપર હથોડો મારે તે મીસાલ તેના સર ઉપર જોરથી જરબ માર્યા તેથી તે નાપાકનું સર છુંદાઇ ગયું અને તેનો પલીદ જીવ નિકળી ગયો. તે નાપાક અઝદાહનાં ઝેરથી જોરેમંદ ફરામર્ઝનું સર ફરવા લાગ્યું. તે નામદારનું તમામ તન ધુજવા લાગું. તે પેહેલવાન પોતે પાણીને વાસ્તે જંગલ તરફ ચાલ્યો પણ તેનાથી ચાલી શકાયું નહીં. તે જમીન ઉપર તુટી પડયો. ત્યાં તે મુડદાં મીસાલ બેહોશ થઇ ચતોપાટ પડી ગયો.

હવે પેલી તરફ પેલો ઘોડો જે ખાલી પીઠે નાઠો તે દોડતો જે તરફ ઇરાની નામદારો કેરવાનશાહની સાથે એક તરફ ઉભેલા હતા, તે તરફ આવી લાગ્યો. જ્યારે તે ઘોડાને ખાલી પીઠે સવાર વગર દીઠો ત્યારે ત્યાં લશકરમાં ભારી પોકાર પેદા થયો કે "આપણો નામવર સરદાર દુનિયામાંથી ગુમ થયો. ખોદા માલુમ કે અઝદાહ ગળી ગયો કે શું થયું. હવે આપણો આફતાબ દુનિયામાંથી ગાયબ થયો." એ રવેશે માહેતમ વ જારીનો પોકાર કરવા લાગ્યા. પાદશાહ કેરવાનશાહે પણ પોતાની આંખમાંથી આંસુ વરસાવ્યાં. તે કેટલાક સવારો સાથે જં-

ગલ તરફ પહેલવાનની શોધમાં ચાલ્યો. કેટલાક જાણુલી નામદારો હીંમત પકડી જે તરફ અઝદાહનું મુકામ હતું તે તરફ આવી પોહોચ્યા ત્યાં દુરથી જોય શું કે નામદાર ફ્રામર્ઝ જમીન ઉપર પડેલો છે. તેજ વખત શેતાબ તે નામવરની આગળ આવી તેને હુસ્યાર કીધો. જંગી ફ્રામર્ઝ પોતાની હોશમાં આવ્યો કે પાણીથી પોતાનું તમામ તન સાફ કરી એક જગ્યા બેસી પાક યઝદાંની બંદગીમાં મુનાજાત કરી કહેવા લાગ્યો, કે "ઓ બારેહકતાલા! તું તમામ જેહાંન તથા નાકેશ બંદાઓનો આસબાન ને યારીનો કરનાર તથા ફત્તેહમંદીનો બક્ષનાર સાહેબ છે. તારી મદદથી મને એ બળાની ઝેરી ફુંકમાથી સલામત રાખ્યો તે રીતેજ હવે પછીની બીજી બળામાં પણ તું મારો મદદગાર થા." એ રવેશે કેટલીક મુનાજાત કીધી. બંદગીથી ફારેગ થતાં તમામ લશકર તથા પાદશાહને સાથે લઈને જે જગ્યા પેલો અઝદાહ મુવેલો પડેલો હતો ત્યાં આવ્યો. તે ભારી જીયાંગાર બળાને જોઇ કેટલાક ઇરાની નામદારોના હોશ બાખતે થઇ ગયા. પછી તે અઝદાહનાં તન ઉપરથી તે નામદારે કેટલીક નીશાની કાપી લીધી કે ઇરાન જમીનનાં પાદશાહ કેખુશરોને તે દેખાડયામાં આવે, પછી તમામ નામદારો સાથે તે પેહેલવાન મિજલસ સમારી ખાણું ખાવા તથા શરાબ પીવા લાગ્યો. એ મીજલસ ભરી તે નામદારેં પોતાના દલેરો તથા કેરવાનશાહ સાથે સાત દાહડા રામશની કીધી.

માર્યા ગયા પેલા બે વાઘ જંગી ફ્રામર્ઝના હાથ ઉપર તે દાસ્તાન.

—:o:—

એ મિજલસમાં નામવર ફ્રામર્ઝ શરાબની મસ્તીમાં હતો ત્યાં પેલા બે વાઘની લડાઇ યાદ આવી જેથી તે કહેવા લાગ્યો કે "હું આ જગ્યાએ રામશની કરવા નથી આવ્યો. આપણે મિજલસમાં બેસી ખુશી

કર્યે ને આપણી તમામ રૈયત તે બે જાલમ વાઘનાં ડરથી રાત દીન શું સખતી ભોગવે ? એ કાંઇ આપણુને સજાવાર નથી. વાસ્તે મને તે જગ્યા બતાવવી જોઇએ કે તે બળાઓને મારી હું તમામ ખલકનાં દિલને ખુશી કરૂં. આ વખતે જેની ખુશી હોય તે મારી સાથે કમર બાંધી તે બે વાઘની લડાઇનો તમાશો જોવા આવે." એ સખુન સાંભળી તમામ લશકર તૈયાર થયું ને રાહમાં આગળ કુચ કરતું ચાલ્યું. શેરદિલ ફ્રરામર્ઝે પેલા બે જુલમી વાઘનાં જંગલ તરફ આવી પોહોંચતાંજ એક ખુબ પાણીની જગ્યા જોઇ લશ્કરનો મુકામ કરાવ્યો. એવામાં તે જંગલની આસપાસનાં ગામડયા લોકો પેહેલવાન ફ્રરામર્ઝ આગળ આવી જારી કરી પેલા વાઘ તથા વરૂના જુલમથી ફ્રરીયાદ કરવા લાગ્યા કે "ઓ તમામ લશકરના સાહેબ! તું અમારી ઉપર એટલી બક્ષેશ કર ને અમને એ બળાના જુલમથી છોડવ! બીજા ઘણાક દેલેરો કંમર બાંધીને એ વાઘની લડાઇ ઉપર આવી ગયા છે પણ તેઓ એ વાઘની ચુંગાલથી પોતાના જીવ ખરાબ કરી ગયા છે. આ વેલાયતની સર જમીન ઉપર ખોદાતાલાએ મેહેરબાની કીધી કે તું જેવો નામવર પેહેલવાન આવી પોહોંચ્યો તેથી એ તમામ ખેતીવાડી, પાણી તથા મેવાનું ભરેલું ખુશ આબાદ હતું, તે સર્વે એ વાઘ વરૂથી ખરાબ ને વેરાન થયું. ઓ સરફ્રરાજ પેહેલવાન! અમારી ફીકરનો ભાંજનાર તું થા કે અમો લોકોની દુવાથી તારી જીંદગાની ઘણી લાંબી થશે." એ રવેશની ફ્રરીયાદ સાંભળી શેરદિલ ફ્રરામર્ઝે તે લોકોને ઘણી ધીરજ આપી તેથી ખિદમતગાર લોકોએ ઘોડાનો જેર તંગ ખેંચી તે ઉપર તમામ લોહોડાંની ભારી પાખર નાખી તૈયાર કીધો, તે જોઇ શેરનાં હીંમતના જંગી ફ્રરામર્ઝે બખ્તર પેહરયું ને પોતાનાં બદન ઉપર તમામ હથીયાર બાંધી શેકારી શેર મીસાલે પોતાના ઘોડા ઉપર સવાર થઇ ભોમ્યો લઇ ચાલ્યો. કેરવાનશાહ તથા બીજા જાણુતી નામદારો પણ સવાર થઇ તે વાઘની લડાઇનો તમાશો જોવા ગયા. જંગી ફ્રરામર્ઝ તે વાઘનાં મુકામ નજદીક પોહોંચ્યો ત્યારે તે નામદારે એક બુલંદ પોકાર માર્યો. જે

સાંભળતાંજ પેલો વાઘ બાહાર નીકળ્યો. તે જોવામાં એક હાથી કરતાં મોટો હતો. તેના દાંત ભુંડની મીસાલ મોટા હતા. તે એવો તો ડરામણો હતો, કે તેને જોઇ નામદાર ફરામર્ઝ ધ્રુજવા લાગ્યો; એવામાં તે જબરા વાઘે પોકાર માર્યો, તે સાંભળી કેટલાક જાબુલી સવારોના ઘોડા ચાલાક પાઉં થઇ તે મેદાનમાંથી નાહાસી ગયા. એ જોઇ નામવર ફરામર્ઝે કમાન ઉપર તીર ખેંચીને તે નરેશેરના સીનામાં માર્યો તે જખમથી વાઘે હુમલો કીધો, જેથી બીજો તીર તેનાં સરમાં માર્યો ને ત્રીજો તીર તેનાં પેટમાં માર્યો, તે જખમથી તે શેર જમીન ઉપર પડ્યો કે તેણે તે તમામ જમીનને ખેતીની મીસાલે ખોદી નાખી. એવામાં નામદાર ફરામર્ઝે તલવાર ખેંચી સર ઉપર જખમ માર્યો તેથી તે નરેશેર માર્યો ગયો. આ તમાશો જોઇ કેરવાન-શાહે જંગી ફરામર્ઝના હીંમત ઉપર આફ્રીન કીધી. તેવામાં તે જંગલની તરફથી તે નરેશેરની માદા દોડતી આવી. તેણે પોતાનાં નરને જમીન ઉપર પડેલો જોઇ એક પોકાર એવો તો માર્યો કે જોરેમંદ ફરામર્ઝનો ઘોડો ચાલાક પાંઉં થઇ નહાસવા લાગ્યો એટલામા પેલી માદા દોડતી આવી પોતાની ચુંગાલ મારી નામદાર ફરામર્ઝનાં ઘોડાનું પેટ ચીરી નાંખ્યું તેથી તે ઘોડો જમીન ઉપર પડી ગયો. એથી તે નામદાર શેતાબ જમીન ઉપર કુદી પોતાના હાથમાં ઢાલ આડી પકડી ઉભો, પણ તે માદાએ તો હુમલો કીધો ને પોતાની તેજ ચુંગાલ મારી તેથી જંગી ફરામર્ઝ ઘાભરો થઇ ગયો. તેણે શેતાબ ખંજર ખેંચ્યું ને તે માદાનાં પેટમાં મારી કળાથી તેનું પેટ ચીરી નાખ્યું, જે જખમથી માદા જમીન ઉપર પડી કે શેતાબ તે નામદારે તલવાર ખેંચી તે માદાના બે ટુકડા કરી નાખ્યા. તે તમાશો જોઇ જાબુલી લશકરે ખુશીનો પોકાર કીધો. નામદાર ફરામર્ઝે હુકમ કરી તે બન્ને વાઘનાં ચામડાં, દાંત તથા નખ, ઉખેડી મંગાવ્યા ને પોતે તન પાક કરી મુનાજાત કરવા બેઠો કે "ઓ કુદરતના સાહેબ, આજરોજે એ બળાઓની ચુંગા-ળમાંથી તેં મને બચાવ્યો ને ફત્તેહમંદી આપી તેજ મીસાલે પેલા બે

જીયાંગાર વરૂ ઉપર ફત્તેહ આપ કે તારી મદદથી હું તમામ જગ્યા ઉપર સરફરાજ થયો છું. મેં આજ રોજે મારા જીવથી ઉમેદ કાપી હતી પણ એકાએક મને તારી મદદ પોહોંચી તેથી મારી બાજુમાં જોર આવ્યું મગર નહીં તો હું એ જીયાંગાર જાનવરની ચુંગાળથી બચતે નહીં. તું મારી એ મીસાલે હરદમ યારી કરજે! એ રવેશે તમામ દાહડો મુનાજાત કરી તે નામદારે ફત્તેહ ફીરોજી માંગી.

માર્યાં ગયાં પેલાં બે વરૂ જંગી ફરામર્ઝના હાથ ઉપર એ દાસ્તાન.

——:o:——

બીજે દહાડે આફતાબ રોશન થયો કે નામદાર ફરામર્ઝે બખ્તર પેહેર્યું. તે પાક યઝદાન પાસે મદદ માંગી પોતાના ઘોડા ઉપર સવાર થયો, કે કેરવાનશાહ પણ પોતાનાં નામદારો સાથે તૈયાર થઇ બાહાર નિકળ્યો અને સર્વે જાબુલી સવારો પણ તૈયાર થઇ શેરદીલ ફરામર્ઝ બરાબર પેલા ખુનખાર વરૂનાં મુકામ તરફ ચાલ્યા. તે જગા થોડી દુર રહી ત્યારે સપેહસાલાર ફરામર્ઝ તમામ લશ્કરને એક જગ્યે ઉંચે ઉભા રાખી પોતે એકલોજ આગળ ચાલ્યો. તે નામદાર પોકાર મારી પેલા વરૂને શોધવા લાગ્યો એવામાં જંગલ તરફથી પેલાં બે વરૂ બળા મીસાલે તે પેહેલવાન સામે દોડતાં આવી પોહોચ્યાં. તનમાં સીહા પાહાડ મીસાલના જેની ઉપર બાલ નેજાની નોક મીસાલે સખત હતા. તે બાલ ઉપર કશાં હથ્યારનો જખમ લાગતો નહીં. તે વરૂઓનાં સર ઉપર બે શીંગડાં ઘણાં મોટાં નોકદાર હતાં. તે વરૂઓનાં મોહમાંથી દાંત બાહાર નિકળેલા હતા. તે દોડવામાં પવન મીસાલનાં ને જોરમાં હાથી કરતાં જબરદસ્ત હતાં. એવા ભારી જીયાંગાર વરૂ જોઇ નામદાર ફરામર્ઝે ઘણો ડર ખાધો અને પાક યઝદાને યાદ કરી શેતાબ કમાન ઉપર બે પેકાનનો

ભારી તીર ખેંચ્યો અને તે નર વરૂની આંખમાં માર્યો કે તે તીરે તેની બન્ને આંખ વીંધાઇ ગઇ, તે જખમથી તે જાલમ વરૂ પોકાર મારતુ જમીન ઉપર પડી લોટવા લાગ્યું. તે જોઇ તેની માદા પોકાર કરતી શેતાબ આવી પોતાનું શીંગડું જંગી ફ્રામર્ઝના ઘોડાના પેટમાં મારયું તેથી તેનું પેટ ચીરાઇ ગયું અને ઘોડો જમીન ઉપર બેસી ગયો તેજ વખતે દલેર ફ્રામર્ઝે કુદી શેતાબ જમીન ઉપર પાંઉપ્યાદો થતાંજ પોતાનો ભારી ગોરજ તે માદા વરૂનાં સર ઉપર એવા તો જોરથી માર્યો કે તેનુ ભેજું નાકને રસ્તે બાહાર નીકળી ગયું. પછી પેલું વરૂ જે જમીન ઉપર પડી લોટતું હતું તેની તરફ જઇને જેમ લોહાર એરણુ ઉપર હથોડો કુટે તે મીસાલે તે નાપાકનાં સર ઉપર જરબ માર્યો, જે જરબથી તેનું સર સુરમા મીસાલે બારીક થઇ ગયું. એ રવેશે તે વરૂનું જાલમ જીયાંગાર જોડું માર્યું ગયું. તે હુન્નર ને હીંમતનો તમાશો જોઇ દુરથી કેરવાનશાહ તથા બીજા નામદારોએ શાબાશ શાબાશ પોકાર માર્યો. તેઓ શેતાબ એક બીજો ઘોડો ફ્તેહમંદ ફ્રામર્ઝના સવારી વાસ્તે લઇ આવી બેશુમાર દુવા કરવા લાગ્યા. નામદાર ફ્રામર્ઝે હુકમ કરી તે વરૂની તમામ નીશાની કપાવી લીધી પછી પોતે પાણીના ચશમા આગળ જઇ ગોસલ કરી પાક યઝદાનની મુનાજાત કરવા બેઠો. તે પેહેલવાન પોતાનું સર ખાકમાં નાખી કેહેવા લાગ્યો કે "એ ફ્તેહ ફીરોજીના સાહેબ! તું તમામ બંદાઓની નેગાહ રાખનાર છે. નાતવાન માણસને કૌવત પોહોંચાડનાર તું છે. વાસ્તે હવે પછી પણ હર મુશ્કેલીમાં તું મારો રાહનુમા થજે!"

આ વેલાયતમાં તે પાંચો બળાને મારી તેથી નામદાર ફ્રામર્ઝનું નામ તમામ મુલકે મુલક આશકારા થયું કે જેહાપેહેલવાન રૂસ્તમના બેટાએ પોતાના નેયાગાન કેરશાસ્પની મીસાલ નામ ઉઠાવીને કેરવાનશાહની વેલાયતની રૈયતને આસુદા કીધી. એ ખબરથી તમામ પાદશાહો તે પેહેલવાનના જોરથી ધુજવા લાગ્યા અને તેની ફરમાબરદારી કરવા કબુલ થયા.

હવે પેલી તરફ શેરદિલ ફ્રામર્ઝ તે તમામ બળાથી ફારેગ થયો ત્યારે મેહેમાની આરાસ્તા કરી ત્યાં ખુશી ને શાદમાની ભરેલાં દીલથી શેકાર કરતા પોતાનાં લશકર તથા નામદારો સાથે કેરવાન શાહેરમાં આવ્યો. ત્યાં કેરવાનશાહે ફત્તેહમંદ ફ્રામર્ઝની મદારતમાં એક મીજલસ ખુર્રમ બેહેશ્ત મીસાલ સમારી. આ વેલાયતમાં એ ખુશાલી ભરી મીજલસ દરમ્યાન રંગરાગ ને શરાબના દોરમાં છ મહીના ગુજરી ગયા.

મળ્યો નામદાર ફ્રામર્ઝને કેરશાસ્પનો ખજાનો તથા ભારી ગોરજ તે દાસ્તાન.

—:o:—

નામદાર ફ્રામર્ઝે કેરવાનશાહને પુછયું કે "એ પાદશાહ! મારા નેયાગાન જંગી જેહાંપહેલવાન કેરશાસ્પનો ગંજ ખજાનો કઇ જગા છે તે મને દેખાડ!" પાદશાહ તમામ નામદારો સાથે ને શાહેરથી બાહાર નીકળ્યો ને જે જગ્યા ખજાનો દાટેલો હતો તે દેખાડી. ત્યાં એક ચોતરો પત્થરનો બાંધેલો હતો. તે એંસી વામ ફરતો ચોરસ હતો. તે જગ્યા ખોદી તો ત્યાં એક બુલંદ સ્થંભ ઉભો કાધેલો હતો. ત્યાં નીચે ઉતરવાની સીડી કાધેલી પણ તે સાદી સીડીનાં સર ઉપર સ્થંભ આગળ એક તલેસમનો ઘોડો બનાવેલો હતો. તની ઉપર એક માણસ ફીરોજાના પત્થરનું બનાવી બેસાડેલું હતું, તેના એક હાથમાં એક ખંજર પકડેલું હતું. એ તમાશો જોઇ નામદાર ફ્રામર્ઝે એક ઇરાની પહેલવાનને કહયું કે "તું નીચે ઉતર ને જોન કે આ જગ્યા શું છે?" તે હુકમથી પેલો ઇરાની સવાર નીચે ઉતર્યો કે તેજ વખતે પેલો ફીરોજાનો સવાર જે બેઠેલો હતો તેણે પોતાનું ખંજર તે ઇરાની સવારને માર્યું તેથી તેનો જાન નિકળી ગયો. દુરથી જંગી ફ્રામર્ઝે એ અજબ તમાશો જોયો, તેથી તેણે પોતાના ઝબાન ઉપર પાક યઝદાં-

નનું નામ લઇ શેતાબ કમાન ઉપર તીર ખેંચીને તે સવારના સીનામાં મારીં, તેના આંચકાથી તે ફીરોજી આદમી ઘોડા ઉપરથી નીચે પડયું. પછી તે નામદારે ગોરજ ઉઠાવીને એક જરબ પેલા ઘોડા ઉપર મારીં તેથી તે ભાંગીને ટુકડા થઇ ગયો, તેથી આગળ ચાલવાનો રસ્તો નજર આવ્યો. ત્યાં દલેર ફ્રામર્ઝ તથા બીજા નામદારો સર્વે નીચે ઉતરી આગળ ચાલ્યા તો જોય શું કે તે જગ્યા તમામ દીવાલ ઉપર ગોહર જડેલાં, જેથી બેશુમાર તેજ રોશની નિકળતી હતી. ત્યાં બેશુમાર ભારી હથ્યાર ત્યાગ મેલેલાં હતાં. એક ભારી ગોરજ પહાડના ટુકડા જેવો હતો. તે ઉપર કેરશાસ્પનું નામ હતું. તે જોઇ જંગી ફ્રામર્ઝે કહયું કે તે ઉઠાવે પણ તે ગોરજ જોરેમંદ ફ્રામર્ઝથી ઉઠાવી શકાયો નહીં; જેથી નાચાર થઇને આગળ ચાલ્યો અને નજર કરી જોય શું કે કેટલાક ભારી ખુમચા ખજાના ભરેલા હતા. તે ખુમચાના મોહ એવાં તો મોટાં હતાં જે આસાનીથી એક સવાર ઘોડા સાથે તેમાં દાખલ થઇ શકે. તે જોઇ તે નામદાર આગળ ચાલ્યો જયાં એક ભારી તખ્ત માંડેલું જોયું. તે ઉપર પાદશાહી ગંજનો જડાવ કીધો હતો. તેની ઉપર એક બીલોરની તખ્તી હતી. તે ઉપર ઝંદ હરફે લખેલું હતું તે જોરેમંદ ફ્રામર્ઝે વાંચ્યું. તેમાં લખેલું હતું જે "ઓ તાજબખ્શ રૂસ્તમના બેટા જંગી ફ્રામર્ઝ! મારી તું નામદારને દુવા પોહોંચજો કે તું કેરવાનની વેલાયત ઉપર ફત્તેહ પામશે. તું તમામ મુલકમાં રંજ ખેંચશે જેના બદલામાં બેશુમાર ગંજ તારે વાસ્તે મેં હયાં રાખેલો છે તે તું લેજે પણ મારી નશીહતને યાદ રાખજે, કે જેહાન તારી ઉપર બરકરાર રહેવાની નથી. તું આ દુનિયા ઉપર દીલ જીનહાર બાંધતો ના. હું તમામ જેહાનની જગ્યા ફરી વળ્યો. મેં કોઇ મકાન ખાલી રાખ્યું નહીં ને મારી તેજ તલવાર તથા ગોરજે દુશ્મનનું લશકર બરહમ માર્યું. મેં તમામ દેવોને મારી જેહાન ખાલી કીધી. મેં વાઘ, અઝદાહ તથા વરૂને માર્યા, મેં બેશુમાર રંજ તથા સખતી ખેંચીને જુલમ ભરેલા જોહાકના વખતથી તે દાદગર પાદશાહ ફરેદુનની પાદશાહી સુધી જેહાં-

પેહેલવાની કીધી. મારી ઉમર નવસો વરસથીબી જ્યાદા થઇ. હું તમામ જેહાન ફરી વળ્યો ત્યારે મેં એવો વીચાર કીધો કે હવે બુઢાપાનાં વખતમાં હવે આશાયસથી બેસું; એવામાં જાલમ મોતનો વખત નજદીક આવ્યો, તેણે મને એકાએક જરરીન તખ્ત ઉપરથી ઉઠાવી શેતાબ શીહા ખાકમાં નાંખ્યો. જે દીનથી હું મારી માદર પેટે પેદા થયો તે દીનથી તે મારા બુઢાપાના વખત સુધી મને કોઇએ જમીન ઉપર નાંખ્યો નથી, બલકે મારી પીઠ જમીનને લાગીજ નથી; પણ જે વખતે અજલનો ફીરેસ્તો મારી નજદીક આવ્યો તે વખતે પણ મેં મારી બાજુનું કૌવત તથા દલેરી તેને દેખાડી ત્યારે તે પણ એકબારગી મારો દબદબો જોઇ મારી નજદીક આવી શકયો નહીં; તોપણ આખર તેણે મારી પીઠ પછવાડે આવીને દગો કીધો અને મારા હાથ પગ સુસ્ત કરી મને જમીન ઉપર નાખ્યો તેથી મારો કશો ચારો રહયો નહીં. ઓ મારા નવજવાન બેટા! તું મારી મીસાલે યાદગારી ભરેલો છે. તું ગંજ ખજાના ઉપર દિલ બાંધતો ના, કારણ કે તને પણ મારી મીસાલે ખાલી હાથે આ જેહાન તજવી છે, તું નેક કામ કર કે જેથી ખોદાતાલા ખુશનુદ રહે! તું બેદાદગરીનો પૈસો હરગેજ ના ચાહતો, ને ગરીબ મીસકીનની દાદ જીગરથી લેજે. પછી તું ખાણાંના સુફરા ઉપર ખાવા બેસજે. એટલી મારી નસીહત ખુબ યાદ રાખીને ચાલજે." દાનાઇ ભરેલા નવજવાન ફરામર્ઝે તે તખ્ત ઉપર લખેલી પોતાના નેયાગાન કેરશાસ્પની એવી નસીહત વાંચી ત્યારે તે નામદાર પેહેલવાને પોતાની આંખમાંથી મોતી મીસાલનાં આસુંના કતરા વરસાવ્યા. તેણે તે નેકનામના રૂવાન ઉપર આફ્રીન કીધી. પછી તે નામદારે ત્યાંથી તમામ ગંજ ખજાનો બાહાર કાહાડયો; તેમાં નાદર ચીજો તથા હથીઆરો પોતાને લાયક હતાં તે પોતે રાખી ને બાકીનો તમામ જર ખજાનો પોતાનાં લશકરને તે નાંમદારે વેહેંચી આપ્યો. ઘણીક ઉમદા ચીજો કેરવાનશાહને પણ બક્ષી નેહાલ કીધો. એ માફક અમલ કરવાથી તે નામદારનું લશકર તવંગર થઇ ગયું. નામવર ફરામર્ઝ તે કેરવાન શેહેરમાં એક વરસ રહયો.

ગયો જંગી ફરામર્ઝ આઠમણ દિશા તરફ ને દરીયાવમાં તોફાન લાગ્યાથી છુટા પડી ગયા તે દાસ્તાન.

——:o:——

નામદાર ફરામર્ઝ એક વરસ ગુજરી ગયું ત્યારે કેટલીક કીશ્તીઓ તૈયાર કરાવી પોતે પોતાનાં તમામ લશકર સાથે કીશ્તીમાં બેઠો. ત્યારે કેરવાનશાહ કેટલીક રાહ દુર તે જંગી ફરામર્ઝને વિદાય કરી રજા માગીને પાછો ફર્યો. નામદાર ફરામર્ઝે હુકમ કરી આઠમણ દિશા તરફ કીશ્તીઓ ચલાવી. તે દરીયાવમાં બે મહિના આગળ રાહ માપી. ત્યાં દરીયાવમાં તે નામદાર પેહેલવાને બેશુમાર અજાયબ તમાશા દીઠા જ્યારે ભર દરીયાવ આવ્યો કે જે દરીયાવ ચીનના દરીયાવ સાથે મળેલો હતો, તે દરીયાવ વટાવતાં છ મહિના ગુજરી ગયા, એવામાં તે દરીયાવમાં એકાએક ભારી તોફાન થયું તેના પવનનાં જોરથી તમામ કીસ્તીઓ દુર પડી ગઇ અને જંગી ફરામર્ઝની કીસ્તી એક તરફ નિકળી ગઇ, ને તોફાનમાં કીસ્તીનાં ઘણુક માણસોનાં જીવની ઘાન થઇ. તે કીસ્તી કીનારે જઇ લાગી ત્યારે જંગી ફરામર્ઝ નાખોદા સાથે કીનારે ઉતર્યો અને આગળ ચાલ્યો. તે જગા ખુરરમ બેહેસ્તની મીસાલે સમારેલી ને બેશુમાર મેવાનાં ઝાડ તથા મીઠા પાણીના ઝરા હતા પણ ત્યાં માનવીની વસ્તી નજર આવી નહીં. ત્યાંથી આગળ ચાલ્યો ત્યારે કેટલાંક માણસોનું ટોલું નજર આવ્યું, તેના મોહોડાં ઘોડાની મીસાલનાં ને તન આદમ જાતની બરાબર હતાં પણ નાગાં બદનનાં હતાં. તે માણસોમાંથી ચાલીસ માણસો નામદાર ફરામર્ઝ આગલ આવી ઘણી મીન્નત તથા આજેજી કરી બોલવા લાગ્યા તે બોલી નામદાર ફરામર્ઝ સમજ્યો નહીં તેથી તે નાખોદાને ધનતેનરીથી પુછવા લાગ્યો કે "એ આદમો શું બોલે છે?" ત્યારે તે નાખોદાએ જવાબ દીધો, કે "ઓ નામદાર! હું પણ એ લોકોના ઝબાન સમજી શકતો નથી

પણ આગલા દાનાવ લોકોથી મેં એવું સાંભળ્યું છે, કે એ માણસોના નામ અસ્પચેહરા કરી કેહે છે. એ મીસાલે ગોફ્તેગોહ કરતા હતા એવામાં એક મરદ શેતાબ શેરદિલ ફરામર્ઝ નજદીક આવી પોહોંચ્યો, તે મરદ ઇરાની ઝબાન જાણનાર હતો. તે પેહેલવાન ફરામર્ઝને પોતાનું સર જમીન ઉપર મેલી દુવા કરવા લાગ્યો. ત્યારે પેહેલવાન ફરામર્ઝે પુછ્યું જે "નવજવાન મરદ તું કોણ છે? એ જગો તને કોણ લાવ્યું છે? તે તું અમોને કહે." ત્યારે તે મરદે જવાબ દીધો કે "હું સોદાગર મરદ છું ને વખાનો મારેલો આ જગ્યાએ આવ્યો છું. તું મારી વાત કાંન ધરી સાંભળ કે હું મારા મુલકમાંથી સોદાગરીનો સામાન લઇને કીસ્તીમાં બેસી બાહાર નીકળ્યો ત્યાં તોફાન લાગું ને કીસ્તી ભાંગી ગઇ. મારા તમામ આદમીઓ મરી ગયા ને હું એક ભાગેલાં લાકડાંના તખ્તા ઉપર બેસી દરીયાવમાં તરતો ને તણાતો કોહોકાર નામના પાહાડ નજદીક જઇ પોહોંચ્યો. તે જગાથી મેવો ખાતો ને ચશમાનાં પાણી પીતો ખુશકીની રસ્તે આગળ ચાલ્યો. તે સરજમીન ઘણી દરામણી, બીકત ને વેરાન હતી, ત્યાં કોઇ માણસની વસ્તી નહીં હતી. ત્યાંથી મગરેબનાં દરીયાવ તલગ જઇ પોહોંચ્યો. ત્યાંથી આગળ ચાલ્યો ત્યારે કેટલેક દાહડે એક ભારી મુલકમાં જઇ પોહોંચ્યો, તે મુલક ફરંગી લોકોનો હતો. તે ફરંગી માણસો ઘણાં ખુબસુરત ને દાદગર હતાં. તે મુલક બેહેસ્તના બાગ મીસાલ ખુબ આબાદી ભરેલો હતો; ત્યાંથી હું એક સોદાગરના વહાણમાં બેઠો. તે વાહાણ કેટલાક દહાડા પાણીમાં ચાલ્યું. તે વાહાણને પણ તોફાન લાગું અને તેઓ ભાંગીને ટુકડા થઇ ગયું. મારા કીસમતમાં સખતી લખેલી હશે તેથી હુંજ એકલો જીવતો રહયો. તે દરીયાવમાં લાકડાંના તખ્તાને પકડી હું તરવા લાગ્યો; એવામાં તે દરીયાવમાં એક બુલંદ મોટું ઝાડ નજર આવ્યું, તે એવું બુલંદ હતું કે ગોયા તેનું સર આસમાન સાથે જઇ લાગેલુ હતું. તેની ડાળ એવી તો મોટી હતી કે તેનો કશો છેડો નજરે નહીં આવતો હતો. તે ઝાડની આગળ હું તરતો તરતો જઇ લાગ્યો કે તખ્તા ઉપરથી સેતાબ

ડાળને વળગી તે ઝાડ ઉપર ચહડી ગયો. તે ઝાડપરથી હું નજર કરી જોવા લાગ્યો તો ત્યાંથી પાણી વગેરે બીજું કંઇ નજર આવવા લાગ્યું નહીં, તેથી હું નાચાર થઇ ત્રણ દહાડા તે ઝાડ ઉપર બેસી રહયો. ત્યાં ભુખ તથા પ્યાસથી મારો જીવ જવા લાગ્યો પણ ચોથે દહાડે એક ભારી મોર્ગ આવીને તે ઝાડ ઉપર બેઠો. તે મોર્ગની પીઠ એવી તો ફરાખ હતી કે ત્રીસથી ચાલીસ આદમીઓ તે ઉપર બેસી શકે! તેની પાંખ એવી તો મોટી હતી કે તેનો કશો સુમાર નહીં હતો. તે મોર્ગના પર° રંગબેરંગી હતાં. તે જોઇ મેં મારાં દીલમાં વીચાર કીધો કે, હું એ મોર્ગના પીઠ ઉપર બેસું તોજ એ દરીયાવથી બાહાર નિકળી જાઉં; અગર તેમ સવાર થતાં એ મોર્ગ મને ખાઇ જાય તો એ સખતીથી છુટું, એવો વીચાર કરી હું આસ્તે આસ્તે જઇ તે મોર્ગની પીઠ ઉપર બેઠો કે તેજ વખત તે મોર્ગ આસમાનની તરફ એટલું તો ઉંચું ગયું કે મને કંઇજ નજર નહીં આવ્યું અને મેં મારા જીવથી ઉમેદ કાપી, હું ખુદાતાલાને યાદ કરવા લાગ્યો એટલામાં તો તે ભારી મોર્ગ નીચે ઉતરવા લાગ્યું તે છેક જમીન ઉપર આવ્યું, ત્યારે મેં વીચાર કીધો કે હું કુદીને નીચે ઉતરી પડું તો મોર્ગની ચુંગાલથી સલામત રહું. એવું મનમાં લાવતાંજ હું શેતાબ કુદી પડયો, તેથી મારા તનનાં હાડેહાડ નરમ થઇ ગયાં. હું કેટલોક વખત ત્યાં જમીન ઉપર પડી રહયો. જ્યારે મારા તનમાં હોશ આવ્યો ત્યારે મેં ઉઠી ત્યાંથી આગળ ચાલવા માંડયું. હું તે જંગલમાં ફરતો ને જે મેવો મળી આવતો તે ખાઇ આગળ ચાલતો, કંઇક દહાડે આ જગ્યાએ આવી લાગ્યો. પહેલાં આ આદમોની શીકલ જોઇ મને ડર લાગ્યો પણ એ લોકોએ મને કશો આજાર પોહોંચાડયો નહીં. હું એ જગ્યાએ રહયો છું. ઓ સરફરાજ પેહેલવાન! મને મારૂં વતન છોડયાને બે વરસ થઇ ગયાં છે. આજ દીને તે ખોદાતાલાએ મારી ઉપર બેશુમાર બક્ષેશ કીધી કે તું જેવો જંગી નામદાર આ સરજમીન ઉપર આવી લાગ્યો તો હવે એ બળામાંથી મને ખલાસ કર. મને તારી બરાબર લઇ જા!'

એ તમામ વાત પેલા સોદાગરની ઝબાનથી સાંભળી શેરદિલ ફ્રરામર્ઝ ઘણો તાજુબ થયો. તે નામદારે કહયું કે "ઓ દાનાવ મુસાફર ! તું કશો અંદેશો ના કર ! તું તારાં દિલને ખુશાલ રાખ, મારાં લશકરના પેહેલવાનો તથા સાજ સામાનની કીશ્તીઓ સર્વે દુર છે તેની મને ખબર નથી કે તે લશકર તથા મારા નામદારો કઇ જગ્યાએ છે? વાસ્તે તું આ માણુસોને પુંછ કે મને મારાં લશકર સાથે મેળવી આપે અને રાહ દેખાડે." જેથી પેલા સોદાગર મરદે પેલાં અસ્પચેહરા આદમોને પુછયું કે "એ નામદારનાં જંગી લશકરની નીશાન બતાવવી જોઇએ." તેનો તે આદમીઓએ જવાબ દીધો કે "આ જગ્યાથી દસ દહાડાની રાહ દુર એક ભારી મોર્ગનો માળો છે. તે મોર્ગનું નામ શીમોર્ગ કહે છે. તે મોર્ગ માણસની બોલી બોલે છે. જે કોઇ મુસાફર રસ્તો ભુલી જાય છે તેને તે રાહ બતાવે છે. તે આસમાનનો તમામ ભેદ જાણે છે, અગર તું એ જગ્યાથી તે તરફ જાય તો તારાં લશકર સાથે તે મુલાકાત કરાવશે."

જયારે શેરની વજનનો ફ્રરામર્ઝ હીંદુસ્તાનની લડાઇએ નિકળ્યો ત્યારે બુઝર્ગ જાલેજરે શીમોર્ગનાં કેટલાંક પર આપ્યાં અને કહયું હતું કે "ઓ દિલાવર બેટા ! એ પર તારા હાથની બાજુએ બાંધીને જીવ મીસાલ તપાસી રાખજે અને કોઇ વખત બેશુમાર મુશ્કેલ કામ આવી પડે તો શેતાબ એ પર આતશ ઉપર બાળજે કે એનો ધુંવો આસમાન ઉપર જશે અને શીમોર્ગ હજારો કોસ દુર હશે ત્યાંથી શેતાબ તારી આગળ આવી તારાં મુશકેલ કામ રાસ્ત બનાવી આપશે." એ મીસાલ જંગી ફ્રરામર્ઝને બુઝર્ગ જાલેજરે કહેલું હતું તે પેલાં માણુસોના બોલવાથી તે નામદારને યાદ આવ્યું. તે પેહેલવાને વીચાર કીધો કે એ મુશકેલીના વખતમાં એ પરની અજમાયશ કરી જોઉં કે અજમતી શીમોર્ગ આવે છે? એવો વીચાર કરી તે ત્યાંથી એક ઉંચી પાકીજા જગ્યા ઉપર ગયો.

નીશાન દેખાડી નેક શીમોર્ગે જંગી ફરામર્ઝનાં લશ્કરની તે દાસ્તાન.

——:o:——

પેહેલવાન ફરામર્ઝે પેલા નાખોદાને હુકમ કરી ત્યાં તે ઉંચી જગાએ આતશ રોશન કરાવ્યો અને તે ઉપર પેલાં પર બાળ્યાં. કેટલીક શાયત ગુજરી કે ધુંવો પંઠરાતાં એકાએક આસમાન ઉપર અંધારૂં થઇ ગયું ને બેશુમાર પવન નિકળ્યો. તે તમાશો જોઇ પેલો નાખોદા તથા જંગી ફરામર્ઝ અજબ થવા લાગ્યા; તેટલાં તો શીમોર્ગ હવા ઉપરથી નીચે જમીનપર ઉતરી આવ્યું. તેણે નામદાર ફરામર્ઝને શેજદો કીધો, તે જોઇ તે નામદારે તે નેક મોર્ગનાં પાઊને બોસા દીધા. તે પોતાના બંને હાથ બક્ષ કરી તેની આગળ ઉભો. તે જોઇ શીમોર્ગે કહ્યું કે "ઓ બેટા! તારી ઉપર એવી સખતી શું આવી છે? તું એવા દુરદરાજ રાહમાં શા વાસ્તે ફરે છે? મારા જાલેજરની તથા જેહાંપેહેલવાન રૂસ્તમની કેવી ખબર છે? જે દીનથી તારી પેદાયશ થઇ તે દીનથી તારો મુબારક રોશન ચેહેરો જોવાની મને બેશુમાર ખાહેશ હતી પણ મને એકાએક પાક યઝદાનથી સરોશે બસારત કીધી તેથી હું મારા પરની ખુશમોથી શેતાબ એ જગ્યા આવીને તારો રોશન ચેહેરો જોઇ ખુશાલ થયો છું." તે સાંભળી તે શીમોર્ગને નામદાર ફરામર્ઝે અવલથી આખર તલગ તમામ લડાઇની વાત તથા હીંદુસ્તાનનાં જંજીરાની સફર જાહેર કરી કહી, તેથી શીમોર્ગે તે બેટા ઉપર કેટલીક દુવા કીધી. તે બોલ્યું કે "હું જાલેજરનાં ખાનદાનનું ફરમાબરદાર છું. હું જેહાંપેહેલવાન રૂસ્તમ ઉપર મારો જાન ફીદા કરૂં છું. ઓ સરફરાજ! તું તારાં લશકરની કશી ચીંતા ના કર. હું તને તારાં લશ્કર સાથે મેળવી આપું. તું આ જગ્યાથી શેતાબ કીસ્તીમાં ચહડી બેસ ને મારાં મુકામ ઉપર આવી આશાયશ કર, કે હું તારાં લશકરની નીશાન શોધી

લાવું." એ તમામ સખુન શીમોર્ગની ઝબાનથી સાંભળી નામદાર ફરામર્ઝ ખુશી થયો અને પેલા સોદાગરને સાથે લઈ પોતાની કીસ્તીમાં બેઠો. પછી શીમોર્ગ આસમાન ઉપર ઉડયું, જે તરફ શીમોર્ગ જતું તે તરફ કીસ્તી ચલાવતાં તે શીમોર્ગ એક બુલંદ પાહાડના જંજીરા નજદીક જઈ પોહોંચ્યું. ત્યાં તે કીનારે પેલી કીશ્તીનું લંગર નાખ્યું. તે જોઇ શીમોર્ગ આસમાનથી ઉતરી આવી નામદાર ફરામર્ઝ પાસ ખબર કેહેવા લાગ્યું કે "ઓ નામદાર! આ પાહાડને હજીરનો જંજીરો કહે છે. હયાં મારૂં મુકામ છે. હયા તારા નેયાગાન સરફરાજ જાલેજરને મેં પાળ્યો હતો. હયાં એ પાહાડ ઉપર તે નામદારને રેહેવા વાસ્તે મેં એક મકાન બાંધ્યું હતું. અને તે મેહેલનું નામ જાલેજરનો મેહેલ કરી રાખ્યું હતું તેથી તું મારી સાથે તે મેહેલ ને મકાન નજરે જો અને ત્યાં તું આશાયશથી બેસી ખુશી કર." એ વાત સાંભળી જંગી ફરામર્ઝ પોતાની સાથે કેટલાક નામદારોને લઇને કીશ્તી ઉપરથી ઉતરી તે શીમોર્ગ સાથે તે મકાન ઉપર ગયો. ત્યાં જઇને જોય શું કે તે જગ્યા ઘણી ખુશ હવા તથા મેવો તથા મીઠાં પાણી વાળી હતી, અગર મુવેલાં માણસને તે જગ્યાએ મુકે તો ફરી તેનાં તનમાં જીવ આવે. એ રવેશની ખુબી ભરેલી જગ્યામાં એક મેહેલ ગોયા માળાની માસાલે બાંધેલો નજર આવતો હતો. તેમાં જુદાં જુદાં મકાન કીધેલાં હતાં. તે મેહેલને દસ્તાને જાલેજરનું મકાન કેહેતા હતા. એવી અજાયબ જગ્યા જોઇ જંગી ફરામર્ઝ ઘણો અજબ થવા લાગ્યો. ત્યાં તે નામદારે પોતાના નાખોદા સાથે આશાયશ કીધી પણ પોતાના લશકરને જુદું પડી જવા માટે દલગીર હતો. ત્યારે શીમોર્ગે કહ્યું કે "તું એ જગા આશાયશ કર! હું તારાં લશકરની તમામ કીસ્તીઓની ખબર લઇ આવું છું," એટલું કહીને તે હવા ઉપર ઉડયું. તે તમામ ત્યાંના દરીયાવ તથા જંજીરાઓ ફરી વળ્યું અને તે લશકરની નીશાન શોધી કહાડી. પછી તે તમામ લશકર બીચારૂં સરગરદાન હાલ થયલું હતું તે જોઇ શીમોર્ગ જોરેમંદ ફરામર્ઝ આગલ આવ્યું. તેણે તમામ તે જોયલો મામલો કહી વધાઇ દીધી કે

"ઓ જંગી! તમામ કીસ્તીઓ તથા લશકર સલામત છે તેથી તું કશી વાતનો અંદેશો ના કર ને ત્યાં જઇ પોહોંચ. હું તારી મદદનું કરનાર છું. તને મારી યાદગારીની નીશાન આપું છું તે તું લે અને તે મુજબ કામ કર કે તેથી તારૂં સર્વે કામ આશાન બની આવશે." એટલું કહી નામદાર ફરામર્ઝને ત્રણ મોહોરા આપ્યા. તે મોહોરા લાલ, લીલા તથા સફેદ રંગનાં રોશન આફતાબ મીસાલે ઝલકાત ભરેલા હતા. તે જંગી ફરામર્ઝના હાથમાં આપ્યા ને કહ્યું કે "ઓ બેટા! તું મારી વાત સાંભળ કે જ્યારે તું કીસ્તીમાં બેસે ને જ્દરીયાવમાં તોફાન તથા પવન ઘણો હોય તો આ લાલ રંગનો મોહોરો છે તે તારી કીસ્તીની આગળી નોક ઉપર બાંધજે કે એની બરકતથી તમામ તોફાન ભાંગી જશે. અગરજો દરિયાવમાં પવન નહીં હોય ને કીસ્તી ચાલતી નહીં હોય તો આ લીલો મોહોરો છે તેને કીસ્તીનાં વચલા દોલના સર ઉપર બાંધજે કે એથી બેશુમાર પવન લાગશે ને કીસ્તી ઉતાવળી ચાલશે. આ ત્રીજો મોહોરો જે સફેદ બીલોરના રંગનો છે તેની ખાસ્યત એવી છે, જે અગર તું દરીયાવમાં, જંઝીરામાં યા જંગલમાં રસ્તો ભુલી જાય તો એ મોહોરાને એક વાસણમાં પાણી ભરી તે વચમાં મુકી દેજે અને નજર કરી જોજે કે જે તરફની દિશા ઉપર એ મોહોરો અટકે તે તરફની રાહે તું આગળ જજે કે તું તારા મુકામ ઉપર સલામત પોહોંચશે. ઓ નામદાર! તું એ ત્રણ મોહોરા તારા જીવ બરાબર જાળવી રાખજે." એ તમામ વાત સાંભળી તે નામદાર હેશાનમંદ થયો અને કેટલીક દુવા ગુજારી. પછી શીમોર્ગે કેટલાંક પર આપ્યાં કે "અય બેટા! એ તારી પાસે રાખજે ને અગર જો કંઇ મુશકેલ વખત આવે તો મને બોલાવજે કારણ કે હું સામેસવારના ખાનદાનનો એક કમીનો ફરમાબરદાર બંદો છું." એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝે શીમોર્ગના પાંઉને બોસા દીધા અને ત્યાંથી આગળ ચાલવાની રજા માંગી પોતાની કીશતીમાં બેઠો. તે સાથ શીમોર્ગ કેટલીક રાહ તલગ જઇ તેનાં લશકરની નીશાન દેખાડી તે પાછું ફર્યું. નામ-

દાર ફ્રામર્ઝ કેટલેક દહાડે પોતાનાં લશકરને જઇ મળ્યો તેથી તમામ લશકરે ખુશી થઇ પાક દાદારનાં શુક્રાના કીધા.

જઇ લાગ્યો જંગી ફ્રામર્ઝ શાહ હોશંગના દુખમા તરફ તે હેવાલ.

——:o;——

નામદાર ફ્રામર્ઝની કીસ્તીઓ પોતાનાં તમામ લશકર સાથ માસ છ સુધી દરીયાવમાં આગળ ચાલી, અને એક બુલંદ જંજીરા નજદીક આવી લાગ્યો. ત્યાંના લોકો ઘણાં પાકીજા બંદગીના કરનાર હતા. તે લોકો નામદાર ફ્રામર્ઝને સામે લેવા આવ્યા. તે લોકોએ ઇરાની લશકરને ઘણી આબરૂ આપી ખાણું, પાણી તથા શરાબથી આસુદા કીધા. તે લોકો જંગી ફ્રામર્ઝને કહેવા લાગ્યા કે "ઓ નામવર! પાક યઝદાંથી અમોને બસારત થઇ કે જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો જંગનો મારનાર ફ્રામર્ઝ તમારી તરફ આવે છે તેની મદારત કરજો તેથી અમો તું જંગીને લેવા આવ્યા છીયે. ઓ પેહેલવાન! તું અમારી સાથે આવ. આ જગ્યાથી દુર એક પાહાડ છે, તે જગ્યા અજાયબ તરાંહનો ખોરાક છે તે તું નજરે જો કે તે ખોરાક ખાધાથી ઇનસાનનાં તનમાં કૌવત પેદા થાય છે. જે ઝઇફ હશે તે નવજવાન થશે." એ તમામ સખુન તે પાકજાદ લોકોની ઝબાનથી સાંભળી નામદાર ફ્રામર્ઝ ખુશી થયો. તે પોતાના તમામ બુઝર્ગોને લઇ તે પાહાડનો તમાશો જોવા ગયો. ત્યાં જઇ જોય શું કે જેમ ઘાસ ઉગે તે મીસાલ જમીન ઉપર આદમીના આકારનાં ઝાડ ઉગેલાં હતાં. એ મીસાલ બીજાં જાનવરો જેવાં કે ઘોડા, ખચ્ચર, ઉંટ, ગાય તથા ગોસ્પંદ વગેરે તમામ જાતનાં ઝાડો ઉગી નીકળેલાં પણ ફકત તેમાં જીવ નહીં હતો, તે અજાયબ જેવાં ઝાડોમાંથી ઇરાની લશકરે કેટલાંક ઝાડો જમીનમાંથી ખોદીને બાહાર કાહાડયાં અને

કાપીને ખાધાં તો તે ખાધામાં ગોસ્તની મીસાલ સ્વાદદાર હતાં. જે કોઇ નાતવાન બીમાર આદમી તે ઝાડ કાપી ખાતું તેની બીમારી જતી રહેતી ને તનમાં નવજવાન બચ્ચાં મીસાલ જોર તથા કૌવત પેદા થતું. તે તમાશો જોઇ તમામ લશકરે તે ખોરાક ખાધો, તેથી તમામ લશકર નવજવાન થઇ ગયું. પછી ત્યાંથી થોડા આગળ ચાલ્યા તો દુરથી ગુમબજની મીસાલ પત્થરની દેવાલ નજર આવી, તે જોઇ નામદાર ફરામર્ઝે પેલા પાકજાદ લોકોને પુછ્યું કે એ શું છે? જેનો તે લોકોએ જવાબ દીધો, કે "પાદશાહ હોશંગશાહનું એ દોખમું છે. એ જગ્યાએ કોઇથી જઇ શકાતું નથી. કોઇને એ દુખમાનો દરવાજો હાલમાં નજર આવતો નથી." એ સખુન સાંભળી તે નામદાર પાક યઝદાંનને યાદ કરી આગળ ચાલ્યો, તેની પછવાડે તમામ ઇરાની લશકર તથા નામદારોનું અનજુમન ચાલ્યું. જ્યારે તે દુખમાની આગળ ગયો ત્યારે નામદાર ફરામર્ઝને દરવાજો નજર આવ્યો તેથી તે પેહેલવાને પોતાને હાથે તે દરવાજો ખોલ્યો ને અંદર દાખલ થયો. તે દુખમાની દેવાલ રોશન આઇના મીસાલ ચળકતી હતી. તે ઉપર કેટલાક પાદશાહી ગોહર જડેલાં જેની રોશની રોશનારા મીસાલ પડતી હતી. ત્યાં એક રોશન તખ્ત નજર આવ્યું. તે તખ્ત ઉપર એક પીર પાકીજા મર્દ શુધ્ધ સફેદ સુતેલો નજર આવ્યો. તે શાહનાં તન ઉપર જરી પોશાક ગોયા સફેદ અબરેસમી હતો. તેની આગળ એક સોનાની તખ્તી હતી. તે તખ્તી નામદાર ફરામર્ઝે હાથમાં લઇ વાંચી; તેમાં લખેલું હતું કે "જે કોઇ મારા દુખમામાં આવે તેને હું નસીહત કરૂં છું કે આ દુનીયાના રસ્તા બે છે; આદમ એક રસ્તેથી બેફાંમ આવે છે ને બીજે રસ્તેથી ખાલી હાથે જાય છે. આ દુનીયા ઘણી લોભ તથા લાલચથી ભરેલી છે. ઝરખજાનો તથા બચાંની ઉમેદ રાખી હરેક આદમ રાત દીન સખતી ખેંચે છે તેને જ્યારે આ ફાની દુનીયાથી મોત પેલી અમર જેહાન લઇ જાય છે ત્યારે હયાંનો ગંજ ખજાનો તથા છોકરાં કાંઇ કામ આવતાં નથી. ફનાની તમામ ચીજ હયાંજ રહી જાય છે. ભલું યા બુરૂં જે કઇ કામ કીધું હોય તેજ સાથે

આવે છે. એ બેટા! તું નજર કરી જો કે દુનીયા દરમ્યાન મારા જેવો પાદશાહ કોઇ બીજો પેદા થયો નહીં હોય. મેં મારી જવાનીમાં ઘણાં ભારી કામ કીધાં છે, મેં મારા જીવને રંજીદા કીધો છે. મેં છુપા ભેદોને ખુલ્લા કીધા છે. મેં મારી પાદશાહી એવી ચલાવી હતી કે વાઘ તથા ગોસ્પંદ બરાબર ફરતાં હતાં. તમામ દેવો તથા પરી જીનો મારા હુકમને તાબે હતા. એકબારગી સર્વે મારી દરઘાહના દરવાજા ઉપર આવી બેસતાં હતાં. તમામ આલમ મને નમી બુલંદ સેજદો બજાવતી હતી. ત્યારે મેં મારા દીલમાં એવો વિચાર કીધો, કે મેં તમામ જેહાન મારા તાબામાં કીધી તેથી હું આરામથી બેસી એ તખ્ત ઉપર સાહેબી કરીશ ને આશાયસ ભોગવીશ; એવામાં તો ખોદાવંદતાલાનો હુકમ મારી ઉપર ઉતર્યો. મને પેલી મીનોઇ જેહાનનું ઇજન આવ્યું, તેથી એક લેહંજામાં હું તખ્ત ઉપરથી ખાકમાં સુતો. મને એટલો વીલંબ પણ નહીં મળ્યો કે એક કદમ આગળ ચાલી શકું; તો હવે તું વીચાર કર કે તે વખત મારી પાદશાહીની હકુમત કેમ કામ નહીં આવી? એ દાનાવ મરદ! જો તું એ મારી નસીહત વાંચે તો ખુબ યાદ રાખજે કે આ સાત પાંચ દાહડાની દુનીયાની ગીરદેશ એવીજ ચાલુ છે. તે કભી પાદશાહી તખત ને કભી શીહા ખાકનું બીછાણું આપે છે. હયાં નેકીનો બદલો નેકી ને બદીનો બદલો બદી શીવાય બીજી હાંસલ નથી. નેકને બેહેસ્ત ને બદને દોજખ પોહોંચે છે વાસ્તે હંમેશની તારી જાગીર રોશન ગરોથમાનમાં ચાહતો હોય તો નેકી ખુબી ને સખાવત શીવાય બીજું કંઇ કામ કરતો ના. એથી તુરી બેહેસ્ત દરમ્યાન તું ખુશાલીથી રેહેશે અગર નહીં તો આખર વખતે બદીના કામથી પસ્તાવો ખાશે. તે પસ્તાવો પછી જીનહાર કંઇ કામ આવનાર નથી. એ બદીનો પસ્તાવો ફોકટ જઇ કયામત વખતે તને મોટી સજા પોહોંચશે તેથી નેકી અખત્યાર કર કે તે નેકી તારો હાથ પકડશે. એ બેટા! તારી ઝબાન બદ સખુન બોલવાથી હરદમ બંધ કર ને રાસ્તી સખુન બોલ. સખત કામ હોય તે નાદાન આદમીઓને ના ફરમાવ. તારાં જીગરની છુપી

ભેદની વાત તું જનહાર ઓરતો નજદીક બોલ ના. અગરજો તું બોલશે તો તારાં કામની ખરાબી કરશે. તને આકેબત જેહાનમાં પસ્તાવું પડશે. કોઈ તારો નાનો દુશ્મન હોય તેથી ડરતો રેહેજે અને તેને મોટો મુદઇ સમજજે કારણ કે એરી અઝદાહ હશે તે દંખ્યા વગર તને છોડનાર નથી. તું હરદમ પાક યઝદાનની શેતાયશ કરી શુક્રાનાં બજા-લાવજે ! તું ભલા લોકોને આજાર દેવાથી દુર રેહેજે." એ વગેરે ઘણીક નશીહતની વાત તે તખ્તી ઉપર લખેલી નામદાર ફરામર્ઝે વાંચી પોતાની આંખથી મોતી મીસાલે આંસુનાં કતરા વરસાવ્યા અને તે પાદશાહ હોશંગશાહના રૂવાન ઉપર આફ્રીન પઢયો. પછી ખરાં જીગ-રથી શેજદો કરી તેનાં રૂવાનને જરબફતી દેબાનાં કપડાંથી આરાસ્તા કીધું. પછી તે તખ્તી ઉપરની નસીહત ઉતારી લીધી. સર્વે અંજુમન બાહાર નિકળ્યું કે તે પેહેલવાને તે દુખમાનો દરવાજો ઓસ્તવાર બંધ કીધો પણ થોડે દુર ચાલી પાછું ફરી જોયું તો તે દરવાજો કોઇને પણ નજર નહીં આવ્યો. તે તમાશો જોઇ તમામ નામદારો અજબ થઇ ગયા. ત્યાંથી પેહેલવાન ફરામર્ઝે પોતાના લશકર સાથે ખુશકીનો રસ્તો પકડયો તે નામદારે કેટલાક મહીના ખુશ્કીની રાહ માપી ત્યારે દરીયાવનો રસ્તો આવ્યો તેથી બીજી કીસ્તીઓ તૈયાર કરી ત્યાંથી તે ઉપર સવાર થઇ આગળ ચાલ્યો. ત્યાંથી આહટમણુ દિશા ઉપર આવતાં રાહમાં ફરંગીની વેલાયત મળી. તે આબાદાન મુલક ઘણો મોટો ને આબાદી ભરેલો હતો, તે સરજમીનની ઇમારતો ઘણી મોટી સફાઇ ભરેલી હતી. ગોયા તે મુલક ખુશનુમા બાગ મીસાલે થંડી ભરેલો દીલશાદ હતો.

જંગી ફરામર્ઝે ફરંગી લોકો સાથે લડાઇ કીધી તે દાસ્તાન.

—:૦:—

તે ફરંગીની વેલાયતમાં નામનાં ઉઠાવનાર જંગી ફરામર્ઝે પોતાનાં તમામ લશકરને કિનારે ઉતારી ત્યાં એક ભારી મેદાન જોઇ મુકામ કીધો. એ ખબર ફરંગીનાં પાદશાહ ફરંગાનને થઇ. તે પાદશાહે નામદાર ફરામર્ઝનું નામ સાંભળ્યું તેથી ગુસ્સામાં આવી તેણે શેતાબ પોતાનું ફરંગી લશકર તૈયાર કીધું. તે લશકર બખ્તર પેહેરનાર ચુનંદુ ને જબરદસ્ત ને લડાયક હતું. તે લશકરની ગેરદથી જેહાન કુલ અંધારી થઇ અને નગારાં તથા કરનાય તથા બીજાં વાજીંત્રના અવાજ આસમાન ઉપર જવા લાગ્યાં. ફરંગીઓનું એટલું તો લશકર જમાવ થયું કે તે લશકરે નવ કોસ સુધી જમીન ઘેરી લીધી. એ ખબર નામના ઉઠાવનાર ફરામર્ઝને થઇ કે તે નામદારે પોતે પણ તમામ લડાઇનો અસબાબ તૈયાર કીધો પછી ગેઆનોશ નામના ઇરાની સરદારને કહયું, કે "ઓ બુઝર્ગ! તું કેટલુંક લશ્કર સાથે લઇને આગળ જા, હું તારી પાછળ આવું છું." તે હોકમ સાંભળી શેતાબ બુઝર્ગ ગેઆનોશ પોતાનું જંગી લશ્કર લઇ આગલા લડાઇના મેદાન તરફ ચાલ્યો.

હવે પેલી તરફ પાદશાહ ફરંગાને પોતાના એક પેહેલવાન કરનાએક નામનો જે જબરદત ને લડાયક હતો તેને કહયું કે "આપણા લશ્કર માંથી પાંચ હજાર જંગી સવાર સાથે લઇ ઇરાની લશ્કરની સામે જા ને તે લશ્કરની રાહ બંધ કર." તે હોકમથી પેહેલવાન કરનાએક પોતા સાથે ફરંગી લશ્કર લઇ આગળ ચાલ્યો ને પેલી તરફથી બુઝર્ગ ગેઆનોશ ઇરાની લશ્કર સાથે ચાલ્યો આવતો હતો તે સાથ મેદાન રાહમાં શીહા રાતને વખત મુકાબલે થઇ પડયો તેથી તે બંન્ને જંગી લશ્કર એક એકમાં ભેલાઇ ગયા અને તે શીહા રાતને વખત એક સખત લડાઇ મચી રહી. ત્યાં ધરપકડ બાંધમારનો પોકાર ઉઠયો. તે લડાઇમાં નામદાર ગેઆનોશ

શેર મીસાલે હુમલો કરી ફરંગી લશ્કરને પરાગંદા કરી નાખતો હતો. તે વખત ઇરાની લશ્કરની તલવાર શીહા વાદલમાં જેમ રોશન વીજળી ચમકે, તે મીસાલે ચમકારા કરી દેહેશત ઉપજાવતી હતી. તે મેદાનમાં ભારી ગોરજ એકબીજાના શર ઉપર લાગતા, તે દરંગા દરંગી અવાજ આસમાન ઉપર જતો હતો. આ જંગમાં ફરંગી લશ્કર બેશુમાર માર્યું ગયું અને ઇરાની લશ્કર તે ઉપર ગાલેબ આવ્યું. ત્યાં લડાયક સવારોની લોઠે તે મેદાન જંગળ તથા પહાડ ભરાઇ ગયા. એવી સખત લડાઇ કરતાં શામદાદનો વખત થયો તેટલાં તો તે કરનાએક ફરંગીના લશ્કરના ત્રણ હજાર ચુનંદા સવારો માર્યા ગયા; તે જોઇ કરનાએકે નગારૂ કરાવી લડાઇ બંધ પાડી; તેથી બંન્ને તરફના લશ્કરે લડાઇના હથ્થાર બંધ કીધા. તે કરનાએક ફરંગીએ એક દાનાવ મરદને ઝબાની પેગામ સાથ ગેઆનોશ આગળ મોકલ્યો, તેથી તે ફરંગી સવારે આવી ગેઆનોશને કહ્યું કે "ઓ દાનાવ બુઝર્ગ તુને અમારા શેરદારે સલામ કહી પેગામ મોકલ્યો છે કે તું એ મેદાનમાંથી પાછો ફર ને એક જગા મુકામ કર! મારૂં ઘણું લશ્કર માર્યું ગયું છે તેથી મારા પાદશાહને ખબર જણાવું. ત્યાંથી હોકમ શું આવે છે તે પછી આપણે લડાઇ કરીશું." એ સખુન તે ફરંગી સવારની ઝબાનથી સાંભળીને ગેઆનોશે જવાબ દીધો કે "તારા કહયાથી મેં લડાઇ બંધ કીધી પણ હવે તારા પાદશાહને કહેવાડ કે અમારા ઇરાન જમીનનાં પાદશાહ કેખુશરોની સલામી કબુલ કર નહી તો તારો મુલક પાયમાલ થશે ને બરહમ મળશે, અગર તું સલામી કબુલ નહીં કરે તો લડાઇની તૈયારી કર." એ રવેશે જવાબ કહી ત્યાં પોતાના જંગી ઇરાની લશ્કર સાથે એક જગા મુકામ કીધો, અને તે લડાઇની કુલે ખબર નામદાર ફરામર્ઝને કહેવાડી. પેલી તરફ પેલા ફરંગી સવારે કરનાએક આગળ બુઝર્ગ સરદાર ગેઆનોશની ઝબાનથી જે કંઇ સાંભળ્યું તે તમામ કહયું, તે સાંભળી જંગી કરનાએક પોતાનાં લશ્કર સાથે પાછો ફરી જઇ પોતાનાં પાદશાહની નજદીક આવ્યો; તેણે ત્યાં લડાઇની તમામ હકીકત અવલથી આખર તલગ કહી, પછી તે બોલ્યો કે એક બુઝર્ગ ઇરાની સવાર

લશ્કર સાથે આવ્યો; તેની પીઠ કમાનની મીસાલે વાંકી હતી, તોપણ તે તન તથા બાજુમાં એક હજાર મરદાનેમરદ જેટલું જોર રાખે છે. તેની સખત લડાઇ તથા હુન્નર મેં મારી નજરે જોયા કે તેની બરાબરીનો કરનાર જોરેમંદ મરદ આપણા લશ્કરમાં કોઇજ નથી તે જંગી ઇરાનીએ એક લેજામાં મારૂં તમામ લશ્કર બરહમ માર્યું વાસ્તે ઓ પાદશાહ! તું મારૂં કહયું માની ઇરાનીઓ સાથે સલાહ કર. એ સુલેહથી આપણુને ફાયદો થશે. ઓ પાદશાહ! તું નજર કરી જો કે તે બુઝર્ગ ઇરાની એવો જબરદસ્ત છે, તો તેનો સપેહસાલાર નવજવાન છે તે કેવો દલેર હશે? તેવા ચુનંદા દેલાવરની બરાબરી કોણ કરી શકશે? ઓ પાદશાહ! જાણી જોઇ પોતાના સરને તું ખરાબ કરે એ ઠીક નથી.” જ્યારે પાદશાહ ફરંગાને પોતાનાં સપેહસાલારની ઝબાનથી એ રવેશની તમામ નાખુશ ખબર સાંભળી ત્યારે ગુસ્સામાં આવી તે કહેવા લાગ્યો કે “ઓ નાહીમત! તું એક બુઢાથી શેકસ્તે હાલ થઇ હયાં મારી આગળ આવી કેટલોક વખત થયો જુઠી ગપ મારે છે તેથી હું ડરતો નથી. તે ઇરાની પહેલવાનોને કોણ પીછાણે છે? આજ દીન સુધી મારી વેલાયત ઉપર કોઇ કમર બાંધી આવ્યો નથો. મેં એ ઇરાનીઓના નામ પણ સાંભ-ળ્યા નથી. એ ટોલો રાહ ભુલીને આ તરફ આવ્યો તો શું થયું? હું કઇ કમજોર ને નાનો પાદશાહ નથી જે ઇરાન જમીનના એક નાની ઉમરના છોકરાને સલામી આપું?”

શેકસ્ત ખાધી ફરંગાન પાદશાહે નામદાર ફેરામર્ઝના દસ્ત ઉપર તે દાસ્તાન.

——:o;——

પછી તે પાદશાહે પોતાનું તમામ જંગી લશ્કર તૈયાર કીધું. તે શેતાબ શેહેરમાંથી નિકળ્યો. તે પાદશાહે ભારી દબદબાથી રાહ માપતો ઇરાની લશ્કરને મુકાબલે આવી મુકામ કીધો. તે મેદાન તથા ઇરાની

લશ્કર વચ્ચે બાર કોસ તફાવત હતો. એ રવેશે બંન્ને જંગી લશ્કર મુકામ કરી પડેલાં હતાં. હવે પેલી તરફ નામદાર ફ્રરામઝર્ને ખબર થઇ કે ફ્રરંગી લોકોનો પાદશાહ લશકર લઇ બહાર નીકળ્યો છે તે સાંભળી તે નામદારે પોતાના તમામ લશકરને કુચ કરવાનો હુકમ આપ્યો. પહેલવાન ફ્રરામઝેર્ આ વખતે પોતાનાં તનમાં રંગબેરંગી બખ્તર પહેરી હીંદી તલવાર કમરે લટકાવી, ચાંચી કમાનથી બાજુને શોભીતી કીધી અને ખદંગી તીરના ભાથરા સાથ પુનમના ચાંદ મીસાલની ધાલથી પીઠ બોજા ભરેલી રોશન કીધી. તે નામદારે આપ હાથની જબરી ચુંગાલ નેજાએ પોર કીધી અને ભારી ગોરજ જીનના હરણા ઉપર મુકયો તથા ફેતરાક ઉપર સાઠ તારની કમંદ લટકાવી તે ભુખ્યા શેર મીસાલે બખારતો પોતાના ઘોડા ઉપર સવાર થયો. ગોયા હફ્તેરંગ સેતારો લડાઇ વાસ્તે આસમાન ઉપરથી જમીન ઉપર આવ્યો હતો. એ રવેશે જંગી ફ્રરામઝર્ તૈયાર થઇ દબદબાથી બહાર નીકળ્યો. ત્યાં તે નામદારે બળતા આતશ મીસાલે જોશમાં આવી શોગંદ ખાધા કે 'ઇરાન સરજમીનનાં પાદશાહના શર તથા જીવનાં કસમ તથા તાજને તખ્તનાં તથા તેજ તલવારનાં તથા બખ્તરનાં કસમ છે કે એ ફીરંગી પાદશાહને હું ખાક બરાબર કરી નાખું.' એ પછી કેહેર ભરેલો થઇ તેણે ઘોડાને આગળ ચલાવ્યો. જયારે બન્ને તરફના લશકર એક-એક. મુકાબલે થયાં ને લડાઇનાં નગારાનાં અવાજ નીકળ્યા ત્યારે દેલેર સવારો જોશમાં આવ્યાં તેથી તે મેદાનમાં અવલ તીરનદાજીની લડાઇ શરૂ થઇ જેમ આસમાન ઉપરથી વરસાદના કરાં વરસે તે મીસાલે તે મેંદાનમાં તીર વરસતા તે તકાવર ઘોડાઓના સીના વીંધીને બહાર નિકળી જંતા હતા. ઇરાની લશકરની જમણી બાજુ બુઝર્ગ ગેઆનોશ બબર મીસાલે બુખારતો હતો તથા હરોલમાં શેરની હીંમતનો ફ્રરામઝર્ તેજ તલવાર મારતો હતો. તેથી લડાયક સવારને તેના ઘોડા સાથે જેમ લડાયક શેર ગોસપંદના ગોવાળામાં મસતી કરે તે મીસાલે હુમલો કરી તે ફ્રરંગી લશકરના સવારોને ચાર ટુકડા કરી ખાકમાં નાખતો હતો તેથી ફ્રરંગીઓની લોઠે મેદાન ભરાઇ ગયું અને બેશુમાર લોહી ચાલવા લાગ્યું. એવા જંગથી

ફરંગીનું લશકર આજેજ આવી ગયું. તે લશકરની આલમદોલતનો ઝુંડો ખાકમાં પડયો જ્યારે પાદશાહ ફરંગાને એ રવેશની સખત લડાઇ જોઇ ત્યારે તેણે જીવ લઇ નાહાસી આવી પોતાના શહેરના તમામ દરવાજા બંધ કીધા. તે તમાશો જોઇ ફરંગીનું લશકર નાહાઠું કેટલાએક ફરંગી સરદારોએ તો નામદાર ફરામર્ઝ આગળ હથ્યાર નાંખીને જીવતદાન માગ્યું ને કહયું કે અમારો પાદશાહ ઘણો બેઅકલ છે. તેણે નાહક જુઠી લડાઇ કીધી છે. અમો લોકોમાં તો તારી બરાબર ઉભું રહેવાની પણ તાકાત નથી તેથી ખોદા વાસતે અમોને જીવતદાન બક્ષ. ઓ નામદાર પેહેલવાન! અમો લોકો ઉપર જબરદસ્તી ના કર. અમો લોકો અમારો ખોદા જે પુતલી છે તેનાં સોગંદ ખાઇને કહીએ છીએ કે એ પાદશાહથી અમો ઉપર મોટો જુલમ છે તે જરૂર ભાંજી નાખ! નામદાર 'ફરામર્ઝે' તે લોકોની ઝબાનથી એવા મીનત ને આજીજી ભરેલા સખુન સાંભળ્યા ત્યારે તેણે તે લોકોને જીવતદાન બક્ષી ઘણો દિલાશો આપ્યો. હવે પેલી તરફથી પાદશાહ ફરંગાન લડાઇના મેદાનમાંથી નાઠો તેણે પોતાના શેહેરમાં આવી શીતાબ દરવાજા બંધ કીધા તેથી તેના ખેશ કબીલાના તથા બીજા લોકોએ તાનાજાનીના બદ સખુન કહયા, તે સાંભળવાથી તે પાદશાહને ઘણું નરસ લાગ્યું. તે પાદશાહે તે તાનાજાનીથી પોતાના મેહેલમાં જઇને પોતાને હાથે ખંજર મારી પોતાનું જીગર ચીરી નાખ્યું. એ તમાશો જોઇને તમામ બુઝર્ગોએ મનસુબો કીધો, કે હવે આપણો પાદશાહ તો બેજાન પડયો છે તેથી બહેતર એ છે, કે શહેરના દરવાજા ખુલ્લા મુકયે ને સર્વે અનજુમન એક થઇ તે નામદાર સામમે જઇએ તો આપણો જાન સલામત રેહેશે અગર નહીંતો આપણે સર્વે કોઇ ખુહાર થઇશું. એ એતેફાક કરીને તે ફરંગી આલમ દરવાજા ખુલ્લા કરી બહાર નીકળ્યા. એ ખબર શેરદિલ ફરામર્ઝને થઇ તેથી ઘણો ખુશી થયો. તેણે પોતાના તમામ લશકર સાથ કિલ્લામાં દાખલ થઇ તે શહેર કબજે લેવાનો વિચાર કર્યો એવામાં તો રાહ દરમ્યાન તમામ ફરંગી ખલકતનું અનજુમન તે સામે એસતેકબાલ આવતું જોયું. તે અનજુમને

સપેહસાલાર નામદાર ફ્રરામઝને જોતાંજ પોતાનાં શર જમીન ઉપર ધરી તે ફ્રતેહમંદ ઉપર કેટલીક દુવા કીધી તેને ભારી આબરૂ આપી શહેરમાં લાવ્યા ત્યારે નામવર ફ્રરામઝ તમામ લશકર સાથે શહેરમાં આવ્યો. ને પાદશાહી અયવાનમાં દાખલ થઇ તખ્ત ઉપર બેઠો. તે અયવાન નહિ હતું ગોયા સાતમાં આસમાનનું બેનમુન બેહેશત હતું. એવી ખુબ સફાઇ ભરેલો બુલંદ આરાસ્ત મેહેલ હતો, ત્યા જંગી ફ્રરામઝે ત્રણ મહીના સુધી રહીને દાદ તથા ઇનસાફથી રાજ ચલાવ્યું પછી પોતાના નામદારોમાં એક નામદાર શાહજાદો જેપાલ રાજાની બુનિયાદનો હતો તે નવજવાન હીંદીને તે મુલકનાં તખ્ત ઉપર બેસાડી પોતાને હાથેજ તેનાં સર ઉપર તાજ મેલી તે શાહજાદાને ઘણીક ઉમદા નસીહતો કીધી. તે સાથે એક લખત કીધું તેમાં એવો કરાર કીધો જે વરસો વરસ ત્રણ ગાવનાં ચામડાંની મશક ભરીને સોનાના દીનાર પાદશાહ કેખુશરોને સલામી મોકલ્યો જાય. તે સાથ ખુબસુરત બાંદી તથા ગોલામ તથા બીજી નાદર ચીજો પાદશાહને લાયક નજર મોકલે. તે નવજવાન હીંદીએ લખ્યા પ્રમાણે ખજાનો કીસ્તીમાં ભરીને એક નામુ નામદાર ફ્રરામઝની મોહોરનું લખેલું તૈયાર હતું તે સાથે ઇરાન જમીનની તરફ પાદશાહોના પાદશાહ કેખુશરો ઉપર હદીયો મોકલ્યો. જ્યારે તે નામું તથા હદીયો રોશનતાલે પાદશાહને પોંહોચ્યો ત્યારે તે ઘણો ખુશી થયો ત્યારે તે નેક પાદશાહ નામદાર ફ્રરામઝની તમામ લડાઇ ને કામથી અજબ થવા લાગ્યો. જ્યારે એ વાતની વધાઇ જાલેજરને તથા જેહાંપેહેલવાન રૂસ્તમને પહોંચી ત્યારે તે નામદારો જાબલુસ્તાનમાં ખુશી થયા. તેઓએ બેસુમાર સખાવત કીધી.

મળ્યો જંગી ફરામર્ઝને નશનાશ ટોલો, ત્યાંથી કોહેકાફ પહાડ ઉપર ગયો જ્યાં તમાશો દીઠો તે હેવાલ.

———:o:———

નામદાર ફરામર્ઝે ફરંગાનની વેલાયતનાં કામથી ફારેગ થઇને પોતાનું લશ્કર તૈયાર કરી ત્યાંથી ખુસ્કીની રાહે આગળ ચલ્યો ત્યારે કેટલેક દહાડે રાહમાં તે નામદારે એક બુલંદ પહાડ દીઠો તેનું નામ કોહેકાફ કરી કહેતા. તેની ટોંચ આસમાન સાથે મળેલી હતી. ત્યાં આદમીઓની વસ્તી નજર આવી જે જોવામાં ઘણા ખુબસુરત ચેહેરાના હતા. તેઓના પગ ગાવ મીસાલે હતા. તે આદમીઓ ગોયા ઉંચા મિનારા મીસાલના હતા. તેઓ દોડવામાં પવન મીસાલના હતા. તે માણુસોને નશનાશ કેહેતા હતા. તે આદમીઓએ ઇરાની લશકર દીઠું ત્યારે મોટો પોકાર કરી જંગલની તરફ નાહાશવા લાગ્યા. તે જોઇ ઇરાની સવારો સાથ જંગી ફરામરઝે તેઓને જીવતાં પકડવા વાસ્તે પોતાનો ઘોડો દોડાવ્યો પણ તે માણસો ઘોડાની દોડથીબી બે હીસ્સા જ્યાદા આગળ દોડતાં તેથી ઘોડા દોડવાથી થાકી ગયા પણ એક પણ માણુસ પકડાયું નહીં. તે તમામ જંગળી નશનાશ માણસો કોહેકાફના પહાડ ઉપર નાહાસી ગયા. તે તમાસો જોઇ નામદાર ફરામર્ઝ હસવા લાગો. તે બોલ્યો કે "આદમીઓ આપણને દેવજા સમજીને બીહે છે તેથીજ એં રવેશ નાશી જાય છે. એ આદમીઓએ આપણુ જેવા આદમી જાત નજરે જોયાં હશે નહીંજ તેથી એ મુવાફેક નાસી જાય છે." એ મીસાલે ગોફતેગોહ કરીને ત્યાંથી તે નામદાર લશકર સાથ આગળ ચાલ્યો અને તે એક એવી બીકત જગ્યાએ જઇ પહોંચ્યો કે એક તરફ તમામ બુલંદ પહાડ આવેલો ને બીજી તરફ મોટો દરીયાવ લાગેલો હતો. નામદાર ફરામર્ઝ તે જગ્યાથી આગળ ચાલ્યો અને તે અગવડ ભરી રાહે દરામણા પહાડોની સરજમીન માપવા લાગ્યો તે કલાકોહો યાને કોહેકાફની સરજમીન કેહેવાતી હતી. ત્યાં જેહાંપહેલવાન સામેસવાર ગયો હતો તેણે તમામ જાદુગર દેવોને માર્યા હતા. ત્યાં શેરની વજનનો ફરામર્ઝ એક બુલંદ પહાડ નજીક જઇ લાગો

જેનું શર આસમાન સાથે લાગી વાત કરતું હતું. તેની ચોકીનો કરનાર માહાતાબ હતો. તે જગાનો કોટવાલ મંગલ શેતારો હતો. એવા બુલંદ પહાડ ઉપર એક ભારી કીલ્લો બાંધેલો હતો. તે મજબુત ને અગવડનો ત્યાં તમામ જાદુગર દેવ લોકોની વસ્તી હતી. ત્યાં એક પાદશાહ હતો તે ઘણો મોટો જીયાંગાર જાદુ ભરેલો હતો. જયારે જોરેમંદ ફરામર્ઝે તે જગા એવી દીઠી ત્યારે તેણે એક મોટું મેદાન જોઇ મુકામ કરી દેરા માર્યા. હવે એ તરફ પેલા પાહાડ ઉપર દેવોના પાદશાહને ખબર થઇ કે ઇરાન સરજમીનથી ભારી લશકર આવ્યું છે. તેનો સરદાર સાંમનરીમાનની બુનીઆદના જેહાપેહેલવાન રૂસ્તમનો બેટો જંગી ફરામર્ઝ કહેવાય છે. એ ખબર સાંભળતાંજ તે નાપેકારે ભારી લશકર તૈયાર કરી તે બુલંદ કિલ્લામાંથી બાહેર પાડીને તરત ઇરાની લશકર મુકાબલે મોકલ્યું. તે લશકરની ગુલબાંગથી તે મેદાનની તમામ જમીન શોરશાર ભરેલી થઇ. તે દેવોના પાંઉના બોજાથી જમીન ભરાઇ ગઇ. તે લશકરના હાથમાં તરાંહતરાંહનાં ભારી હથીયાર પકડેલાં હતાં. તેઓ જોશ કરતાં બળાનાં વાદળ મીસાલે ત્યાં આવી લાગ્યા. તે તમાસો જોઇને ફત્તેમંદ ફરામર્ઝે શેતાબ લડાઇનું નગારૂં કરાવી શેતાબ તે મેદાન નીકળી પડી તમામ લશકરની સંફ ખેંચી. તે સપેહસાલારે ડાબી તથા જમણી બાજુએ જાબુલી નામદારોને રાખ્યા અને પોતે આગળ હરોલમાં નીકળ્યો કે તરતજ બન્ને લશકર એક એક ઉપર આવી પડી ભેળાઇ ગયાં. તેની ગેરદીથી હવા અબનુશી રંગની થઇ ગઇ. ઇરાની પેહેલવાનોની તલવાર તથા તીરથી બેશુમાર દેવો માર્યા ગયા. તે કતલથી દેવજાતની લોથે તે મેદાન ભરાઇ ગયું. આ જંગમાં ઇરાની લશકર પણ ઘણું માર્યું ગયું ત્યારે નામદાર ફરામર્ઝે શેતાબ લડાઇ બંધ કરવા મનાઇનું નગારૂં કરાવ્યું કે બન્ને લશકર તે મેદાનમાં પાછા ફર્યાં. તે શીહા રાતને વખતે નામદાર ફરામર્ઝે પોતાના લશકરની ઘણી ખબરદારી રાખી. શીહા રાતનું લશકર નાહાઠું ને સોનાની ઘાલનો સપેહશાલાર ઘોડા ઉપર સવાર થઇ બહાર નીકળ્યો યાને શીહા રાત ગુજરીને રોશન દિવસ નજર આવ્યો ત્યારે બંન્ને લશકર ફરીને એકે-

એકમાં ભેળાઇ ગયાં. તે મેદાન ઇરાની લશકર ભારી કરનાયના અવાજ તથા તે દેવોના લશકરના ગાવ શીંગડાની કરનાય તથા બીજા ભારી વાંજીત્રોના અવાજ બેશુમાર નીકળતા તે સાંભળવાથી ઇરાની સવારોનાં ઘોડા ચાલાક પાંઉ થઇ નાસતા હતા. તે વખતે તે મેદાનમાં જેમ હવા ઉપર પરંદા મુર્ગ ઉડે તે મીસાલે ઇરાની પેહેલવાનોના તીર ઉડતા તે તે નાપાક દેવોના સર વીંધીને બહાર નીકળતા હતા. એ રવેસની સખત લડાઇ મચી રહી, એવામાં તે દેવ લશકરના સપેહશાલાર એક ભારી જબરદસ્ત દેવ હતો, તે ઘણો દરામણો એક મીનારા મીસાલનો ઉચો હતો. તેણે પાંઉઆદો દોડતો જંગી ફ્રામર્ઝ સામે આવી એક બુલંદ પોકાર માર્યો. તેણે દેવ લોકોની ઝબાનમાં કેટલીક ગાળો દઇને હુમલો કીધો ત્યારે જોરેમંદ ફ્રામર્ઝ તેની બદ સુરતી જોઇને દિલમાં ડર ખાવા લાગ્યો. તે નામદારે પાક યઝદાંને યાદ કરી પોતાનો ગોરજ ઉઠાવી તે પલીદી ભરેલા જાદુગરના સર ઉપર એવા તો જોરથી માર્યો કે તેના જરબથી તે દેવ ઘુમરી ખાઇ જમીન ઉપર પડયો તે જોઇ તે જંગીને એવું ગુમાન આવ્યું કે એ નાપાક માર્યો ગયો છે એથી તેણે પોતાના ઘોડાને આગળ ચલાવ્યો પણ પેલો નાપાક દેવ જમીનથી ઉઠી જાદુ જોરે ઝેરી અઝદાહની શીકલનો થઇ ગયો તે પોતાનાં મોહડાંમાંથી આતશના સોહાળો વરસાવતો નામદાર ફ્રામર્ઝ સામે આવ્યો. તેને આવતો જોઇ તે નામદારે ઝબાન ઉપર પાક યઝદાનું નામ લીધું ને શેતાબ ઝેરી પાણી પાયલી તલવાર ખેંચી તેપર એક જરબ માર્યો કે તે નાપાકનાં તનના બે તુકડા કરી નાખ્યા. જ્યારે તે દેવના લશકરે પોતાના સરદારને મુવેલો દીઠો ત્યારે જીવ લઇને નાસવા લાગ્યા, તેની દુંબાલે જાબુલી નામદારોએ હુમલો કરી ત્યાં કેટલાક દેવોને માર્યા, જેના લોહીથી તે મેદાનની તમામ જમીન શીહા રંગની થઇ ગઇ. એ જંગમાં તે દેવોનું લશકર જે સલામત રહયું તે પેલા પહાડ ઉપરના કીલ્લામાં જઇ પોહોંચી જાદુઇને જોરે તેના દરવાજા એવા તો બંધ કીધા કે કોઇને નજર નહીં આવ્યા. નામદાર ફ્રામર્ઝે તે કીલ્લો એ રવેશનો દીઠો ત્યારે નાચાર થઇ તેણે પોતાના તમામ લશકર સાથે પાહાડ નીચે

મુકામ કીધો. તે લશ્કર આસપાસ મજબુતીથી તલાયાની ખબરદારી રાખાવી. તે નામદાર મનમાં અંદેશો કરવા લાગ્યો કે એ કીલ્લામાં દાખલ થવાનો ચારો શું કરૂં ? ને જો એ જાદુઇ ભરેલા કીલ્લામાં શી રવેસથી જાઉં ? એ કીલ્લાની રાહજ નજર આવતી નથી એ શું છે? તે અંદેશો કરીને પાકયઝંદાની બંદગીમાં બેઠો; તે મુનાજાત કરી કહેવા લાગ્યો કે "ઓ કુલ જહાન પેદા કરનાર નુરમંદ સાહેબ ! તું તમામ આંધળાં લોકોને રોશનીનો બક્ષનાર છે તો એ વખત મને એવી રોશની આપ કે એ કીલ્લાની રાહ નજરે આવે ! ઓ સાહેબ તું એ સરજમીનમાં કોહેકાફની રાહમાં મારી મદદનો કરનાર થશે તોજ હું ફતેહ પામશ." એ મીનત ગુજારીની મુનાજાત કરતો ખુવાબમાં પડયો.

ખુવાબ જોઇ લડયો જંગી ફરામર્ઝ કોહેકાફનાં દેવો સાથે તે દાસ્તાન.

—:o:—

તે ખાબમાં જંગી ફરામર્ઝને કેટલીએક શાયત ગુજરી ગઇ કે એક આબેદ નજર આવ્યો. તે આબેદ ગોયા જેહાંપેહેલવાન રૂસ્તમ હોય એવો નજરે આવ્યો. તે પરેજગાર મરદે આવી ખાબમાં તે નામદારને કહ્યું. કે "ઓ જંગી બેટા ! તું એટલી ફીકર ના કર તું શેતાબ હીંમતથી ઉઠી એ કીલ્લાની દીવાલ નીચે જા કે તારી ફત્તેહ થશે. ને એ જંગલમાં આસમાન તારો ફરમાંબરદાર થશે. એ કીલ્લાનો સરદાર જે પાદશાહ છે તે પણ તારા હાથ ઉપર માર્યો જશે. એ રવેશનો ખુવાબ જોઇ નામદાર ફરામર્ઝ જાગ્યો. તેણે શેતાબ પોતાના તનમાં બખ્તર પેહેર્યું અને હથીયાર બાંધી ઘોડા ઉપર સવાર થઇને પોતે એકલો તે કીલ્લા તરફ ચાલ્યો, રાહ દરમ્યાન એક મરદ સફેદ પોશાક પેહેરેલો તે નામદાર સામે આવ્યો,

તે નામદારને પેલા પહાડ ઉપર લઇ ગયો અને કીલ્લામાં દાખલ થવાની રાહ દેખાડી એકાએક ગુમ થઇ ગયો. તે અજાયબ વાત જોઇ જોરેમંદ ફ્રામર્ઝ હેરાન થવા લાગ્યો, કે "એ સફેદ પીર મરદ કોણ હશે? કે એકાએક ગુમ થઇ ગયો! મારી ખાતેરનીશાં થઇ કે પાકયઝદાંએ મારીપર બક્ષેશ કીધી અને મને ગેબથી રાહ દેખાડી." એ રવેશ ખુશી થઇને તે કીલ્લાના બુરજ ઉપર ગયો અને એક ફંદો નાંખી અંદર દાખલ થયો પણ ઘોડાને તો ત્યાંજ બાંધ્યો. જ્યારે પોતે તે કીલ્લામાં દાખલ થયો ત્યાં એક હજાર દેવો સુતેલા હતા તે તેઓપર પોકાર મારીને શેતાબ તલવાર ખેંચી તેણે કેટલાકને તો શેતાબ જીવથી માર્યા, તેથી ત્યાં એક ખુનખાર લડાઇ થઇ. ગોએઆ જેહાપેહેલવાન રૂસ્તમ માઝનદરાની દેવો સાથે લડાઇ કરતો હતો. બામદાદનો વખત થયો ત્યારે પેલી તરફ ઇરાની લશકરમાં ખબર થઇ કે આપણો રોશન સેતારો બુજાઇ ગયો યાને સપેહસાલાર ફ્રામર્ઝ ગુમ થયો. તે ખબરથી તમામ ઇરાની સવારો જંગલમાં શોધ કરવા લાગ્યા. કેટલાક સવારો કીલ્લા નીચે કંગુરા આગળ આવી લાગ્યા. ત્યાં પોતાના સરદારોના ઘોડાને ખાલી પીઠે ઉભેલો જોઇ તમામ લશકર તે કીલ્લા ઉપર આવી લાગ્યું. ત્યારે જંગી ફ્રામર્ઝ દેવોની સાથે લડાઇ કરતો હતો તેનો પોકાર સાંભળી તમામ લડાયક સવારો ખુશી થઇ ને જંગમાં દાખલ થયા, પણ એ તરફથી નામનો ઉંચાવનાર ફ્રામર્ઝ બહારના વાદળની મીસાલ પોકાર મારતો તે દેવો સાથે લડાઇ કરતો હતો તેથી કોઇ દેવને તે નામવર સામે ઉભું રહેવાની તાકાત રહી નહીં. તે દેવો નામદાર ફ્રામર્ઝનો એવો મામલો જોઇ ત્યાંથી નાહાસવા લાગ્યા, તેની પછવાડે ફીરૂજગર ફ્રામર્ઝ નરેશેર મીસાલ લાગી કેટલાકને બેજાન કીધા. કેટલાક દેવો જીવતા રહયા તે જે જગા તેનો પાદશાહ હતો તે તરફ એક અંધારા ગારમાં ઉતરી ગયા; તે જોઇ નામદાર ફ્રામર્ઝે પાક યઝદાંન પાસે મદદ માગી શેતાબ તે અંધારા ગારમાં ઉતર્યો. તે ગાર નહીં હતો ગોયા હેરેમનનું દોજખ હતું; પણ ફ્રામર્ઝે બેદેહેસ્ત હાથમાં તલવાર પકડી તે ગાર

અંદર ઉતર્યો ને ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લઇ આગળ ચાલ્યો. ત્યારે તે ગારમાં એક મોટું ફરાખ મેદાન નજર આવ્યું, ત્યાં એક નાપેકાર ડરામણો દેવ પહાડની મીસાલ પત્થર ઉપર બેઠેલો હતો. તે દેવ કદમાં અતી ઘણો ઉંચો અને પોહોળાઇમાં બેશુમાર હતો. તેનું મોહ દોજખનાં ગારની મીસાલનું હતું. તેની બેઉ આંખ ઉજળી હતી. તેના તન ઉપર ગોસ્પંદ મીસાલ બાલ હતા, તેના મોહમાંથી ભુંડની મીસાલ દાંત બાહાર નીકળેલા હતા. તેના હાથની ચુંગાળ સીંહની મીસાલ જબરદસ્ત હતી. તે ચુંગાળના નખે હાથીના પેટ ફાડી નાંખતો હતો. એવો ભારી ડરામણા શીહા રંગ દેવને જોઇને નામદાર ફરામર્ઝ ઘણો ડરવા લાગ્યો. પેલા બુરાદેવે નામદાર ફરામરઝ્ને દીઠો ત્યારે એક ભારી પોકાર મારી કહયું કે "તું મને પીછાણતો નથી, પણ હમણાજ તારાં તનને ફાડી નાંખીશ કારણ કે મારા બાપને તારા નેયાગાન સામેસવારે જીવથી મારેલો છે તેનો કીનો તારી ઉપર લઉં. હવે તું એ ગારથી કયાં જવાનો છે?" એટલું કહી એક ભારી પત્થર ઉઠાવી જંગી ફરામર્ઝ ઉપર છુટો માર્યો કે તે નામદારે આડી ઢાલ પકડી તે જરબને રદ કરી નાખ્યો. પછી પેહેલવાન ફરામર્ઝે શેતાબ કુદી પોતાની તલવારનો જરબ તે નાપાકનાં પગમાં મારી તેનો એક પગ કાપી નાંખ્યો. તે જોર જોઇ તે નાપાક ધ્રુજવા લાગ્યો. ફરી તે દેવે એક બીજો પત્થર ઉઠાવી જંગી ફ્રરામર્ઝની બાજુ ઉપર માર્યો. તેના જરબથી તે નામદાર જખમી થયો, પણ હીંમત પકડી તેણે તેજ તલવારનો એક બીજો જરબ તેની કમર ઉપર મારી તે નાપેકારના બે ટુકડા કરી નાંખ્યા. તે બાજી જોઇ બીજા દેવો દીલાવર ફરામર્ઝ ઉપર આવીને જરબ મારવા લાગ્યા, પણ તે નામદારે બેડર તે નાપાક દેવોમાંથી કેટલાકને જીવથી માર્યા અને પોતે બાહાર નિકળ્યો. તેવામાં ઇરાની લશકર પણ ત્યાં આવી પોહોંચ્યું. તે સાથ તે કીલ્લામાંના તમામ જાદુગરોને મારી તે કીલ્લો ખાલી કીધો. તે કીલ્લામાંથી બેશુમાર ગંજ ખજાનો ઇરાની લશકરને મળ્યો. કીમતી ગોહર તથા મોતીના ખજાના સપેહસાલાર ફરામર્ઝને

હાથ લાગ્યા. સોનું તો બીસ્યાર નીકળ્યું અને તે નગદી કીલ્લામાંથી નીચે લાવતાં તમામ જંગી લશકર આજેજ આવી ગયું. ત્યાં નામદાર ફ્રરામર્ઝે કેટલાક દહાડા આશાયસ લીધા પછી ચીનના મુલકની રાહ ઝાપી. આ વખતે નામદાર ફ્રરામર્ઝ પોતાનાં લશકરની હરોળમાં આગળ ચાલતો હતો. તે મંજલ દર મંજલ મુકામ કરતાં પોતાનાં તમામ લશકર સાથે ખુશ્કીને રસ્તે આગળ ચાલ્યો.

ગુમ થયો જંગી ફ્રરામર્ઝ પોતાનાં લશકરમાંથી ને મુલાકાત થઇ રાહામાં ફ્રરતોરતુશની બેટી પરીજાદ સાથે તે નામદારને તે દાસ્તાન.

——:o:——

તે રાહમાં એક ખુશનુમા જંગલ મેવા તથા શીરીન ઝરાથી ગુલશન મીસાલ નજર આવ્યું તે જોઇ નામદાર ફ્રરામર્ઝે તે જગ્યા દેરા મારી લશકર સાથે મુકામ કીધો. ત્યાં તે ગુલબહાર જંગલમાં એક દીન જંગી ફ્રરામર્ઝ કેટલાક નામદાર સવારો લઇને શેકાર ખાતર બાહાર નિકળી ચોતરફ શેકારબાજી કરવા લાગ્યા. તે શેકારબાજી કરતાં રાતનો વખત થયો ત્યારે ત્યાંથી તે પોતાના જંગી નામદારો સાથ લશકર તરફ ફરતાં રાત અંધારી હોવાને સબબે દુરથી આતશની રોશની નજર આવી તે જોઇને તે ઇરાની નામદારોએ નામદાર ફ્રરામર્ઝને કહયું કે એ આતશની રોશની આપણાં લશકરનીજ હશે. શહારાતને સબબ ખાખસુસ દીદબાનોએ પહાડ ઉપર રોશની કીધી છે. એ રવેશ ગોફ્-તેગોહ કરતા અને તે આતશની રોશની જોરે રાહ જોતા તે તરફ પોતાના ઘોડા ચલાવતા હતા પણ તે નામદારોને એ ફરતા આસમાનનાં કામની ખબર નહીં હતી. શેરની હીંમતનો ફ્રરામર્ઝ પેલા આતશની રોશનીની તરફ ચાલ્યો. ત્યારે તે રોશની ઘણી દુર નજર આવી. તેણે પોતાના

નામદારો સાથે તમામ રાત ઘોડે સવાર રાહ કાપી પણ બામદાદાનો વખત થયો કે પેલી રોશની ગુમ થઇ અને તે નામદારને પોતાના લશકરની રાહ નજર આવવા લાગી નહીં તેથી જંગલ દરમ્યાન ઘોડા ચલાવવા લાગ્યા. તે નામદારને રાહ દેખાડનાર કોઇ હતો નહીં. જ્યારે એક જગા આશાએશને વાસ્તે તેઓ ઘોડા ઉપરથી ઉતર્યા પણ ખાણું તથા પાણી મલ્યું નહીં. રાતનો વખત થયો ત્યારે ફરી પેલા આતશની રોશની નજર આવી; તે જોઇ તે નામદાર પેહેલવાન પોતાના જંગી સરદારો સાથ ઘોડે સવાર થઇને શેતાબ તે તરફ પવન મીસાલે ઘોડો દપટાવતો ચાલ્યો એ રીતે તે દાહડો તથા રાત મળી હેંસી કોસની મજલ કાપી તોપણ પેલી રોશની નજદીક જઇ શકયો નહીં. રાહ કાપતાં તેજ ઘોડા સુસ્ત થઇ ગયા ને ત્રીજા દાહડાની બામદાદનો વખત થયો ત્યારે જંગી ફરામર્ઝે પોતાના યારોને કહ્યું કે તમો નજર કરી જુઓ કે જ્યાં છે ત્યાં એ કઇ જાદુઇ આફત નજર આવે છે. આપણુને આજ ત્રણ દાહડા થયા એ જંગલમાં રાતે રોશની નજર આવે છે અને દીવશના તે રોશની ગુમ થાય છે પણ આપણાં લશકરની કશી નિશાની માલમ પડતી નથી વાસ્તે પાક યઝદાંની શેતાયશ કરો, કે તે આપણો રાહાનુંમા થાય તો કંઈ રાહ નજર આવે. એ રવેશે કહી પોતે એક જગા બેશીને પાકયઝદાંનની દરગાહમાં મુનાજાત કરવા લાગ્યો અને પોતાનું સર ખાકમાં નાખી કહેવા લાગ્યો કે "ઓ દાદગર દાદાર! તું મને આ બીયાબાનમાંથી છોડાવ. હું તું સાહેબ શીવાય કોઈ બીજાથી હાજત રાખતો નથી. તું મારા ભેદની તમામ વાતથી વાકેફ છે તો એ ભુલેલી રાહનો તું મને દેખાડનાર થા. મને આ ભારી આફતમાં આશાની બક્ષ! ઓ બારેતાલા! મારા વગર હું નથી જાણતો જે મારા લશકરનો શું હાલ થતો હશે? ઓ જહાંનના પેદા કરનાર તું તમામ બંદાઓની મુશ્કેલનો આશાન કરનાર છે તો આ વખતમાં મારી ચુંગાલને પકડીને એ જાદુઇ ભરેલી જગ્આમાંથી બહાર કાહાડ." એ રવેસે મુનાજાત કરી તે નામવર પેહેલવાન પોતાનું શર ખાકમાંથી ઉઠાવી ઘોડે સવાર થયો અને પોતાના

જાણુલી સવારો સાથે આગળ રાહ માપવા લાગ્યો, એવામાં જંગલની તરફથી એક ખુશનોમાં હરણ દોડતું આવ્યું. તેની પછવાડે એક શીહા વરંદુ વરૂં આવ્યું પણ અવલથી પેલું હરણ જંગી ફરામર્ઝના ઘોડાની નજદીક આવીને પનાહ પકડી ઉભું; તેજ વખત તે નામદારે શેતાબ કમાન ઉપર તીર ખેંચી પેલાં વરૂને માર્યો તેથી પેલું વરૂ માર્યું ગયું. તે જોઇ પેલું હરણ દલેર ફરામર્ઝ આગળ નાચ કરવા લાગ્યું. તે હરણે એવો તો ખુશ નાચ કીધો, કે તેથી સર્વેના દિલ ખુશી ભરેલાં થયાં. ત્યારે જંગી ફરામર્ઝ કહેવા લાગ્યો કે એ હરણ પોતાનો જીવ બચાવવાને આપની પનાહમાં આવ્યું તો હવે એ જાનવરને મારવું સજાવાર નથી, એનો દુશમન માર્યો ગયો તેથી એવું ખુશ થાય છે વાસ્તે આપણે જોઇએ કે હવે એ હરણ કઇ જગ્યાએ જાય છે? ત્યાં આપણે એની પાછળ જઇએ". એ ગોફતેગોહ થતામાં પેલું હરણ કુદતું કુદતું આગળ ચાલતું તે પાછળ સર્વે ચાલ્યા તો તે હરણ એક ખુશનુમાં જંગલમાં જઇ પહોંચ્યું તે જંગલ રામસથી ભરેલું હતું તે જંગલની પાકીજા જગા બેહસ્ત મીસાલ રોશન હતી ગોયા તે જંગલ બેહેસ્તના માલીએ આવી શણગાર્યું હતું. તે જંગલની જમીન ઉપર જમીનનો ફરેશતો પોતે આવી બેઠેલો હતો તે જંગલમાં તરાંહ તરાંહના મેવાનાં ઝાડ તથા મીઠાં પાણીના ચસ્મા તથા ખુશબો ભરેલા પવનથી ભરેલું હતું. એવી પાકીજા હવા ભરેલું જંગલ જોઇને જંગી ફરામર્ઝ ખુશી થતો હતો તેવામાં પેલું હરણ ત્યાંથી ગુમ થઇ ગયું. તે તમાશો જોઇ પેહેલવાન ફરામર્ઝને તેની સાથના તમામ નામદાર સરદારો અજબ થઇ ગયા. અને કહેવા લાગ્યા જે પાક-પરવરદેગારે આપણી ઉપર એવી બક્ષેશ કીધી કે એવો પાકીજા મેવા ભરેલું મુકામ દેખાડયું." તે નામદારો દીન ત્રણના ભુખ્યા પ્યાસા હતા તેથી ઘોડા ઉપરથી નીચે ઉતરી કેટલોક મેવો ખાઇ પાણી પી તનદોરસ્ત થયા. ત્યાં આશાએશમાં તેઓએ તમામ રાત ખુશીથી ગુજારી પણ નામદાર ફરામર્ઝ પોતાનાં લશકરનાં અંદેશાથી ઘણો દલગીર હતો. બામદાદ થઇ ત્યારે તે નામદારો ત્યાંથી આગળ ચાલ્યા ત્યાં એક

જગો પાકીજા શીરીન પાણીનો ચશમો નજર આવ્યો. તે ખુશનુમા ચશમા આગળ જઇ જંગી ફરામર્ઝ જોય શું કે તેણે એક ખુબસુરત પરીજાત ઓરતને તે જગ્યાએ બેઠેલી દીઠી! તેનાં સરની ચોતીના બાલ રેશમની મીસાલ ચળકતા ને લાંબા લટકતા હતા. તે તમામ બાલમાં બેકીમત મોતી પોયલાં હતા. કદમાં સીધા સરવનાં દરખ્ત મીસાલની ને કમરમાં બારીક હતી. તેના બેઉ પગ તો ગોયા રૂપાંના બનાવેલા હતા. તેનું મોહોડું એવું રોશન ઝળકતું હતું કે તે કોઇથી નજરે જોઇ શકાતું નહીં. તેની આંખ નાજુક નરગેસના ફુલ મીસાલની, રોખસારા ગુલાબના ફુલની મીસાલના ને હોટ પરવાળાંની મીસાલના હતા. તેના મોહડામાંથી કસ્તુરીની ખુસબો નીકળતી હતી. તેનો સીનો બીલોરની મીસાલનો ચળકતો જે ઉપર બે અનારની કળી દીપતી હતી. તેના હાથના પંજા મખમલ મીસાલ નરમ સફાઇ ભરેલા હતા; બલકે પાક યઝદાંએ તમામ જેહાંનની પરીઓની ખુબસુરતી તેનેજ બક્ષી હતી. એવી નાજુક પરીજાદ માશુક તે ચશમાના કીનારા આગળ ફુલની અંદર બેસી ચમન ખુશબો લેતી હતી. જોરેમંદ ફરામર્ઝે એવી અજાયબ તરાંહની નાજનીન પરીશીકલ ઓરત દુરથી દીઠી કે શેતાબ તેની નજદીક ગયો ને કહેવા લાગ્યો, કે "અય ખુબી ભરેલી પરીપેકર નાઝનીન! આ બીયાબાન જંગલમાં તું આ ચશ્માના કીનારા ઉપર બેસીને શું જોય છે? તું કોણુ નેક બખ્તની બેટી છે? તારૂં નામ શું છે? તારી મીસાલની પરીજાદ ઓરત મારા જોવામાં આવી નથી, તેથી મને એવું ગુમાન આવે છે કે તું કોઇ પરસ્તાનની પરીજાદ પાદશાહ છે." એ સખુન સાંભળીને તે પરીએ નામદાર ફરામર્ઝનાં ચેહેરા સામું જોયું તેથી તે નામદારની ખુબસુરતી ઉપર આશક થઇ ગઇ. તે નાઝનીએ પોતાના ચંપેલીના મોહોડામાંથી મોતીની મીસાલના દાંત ખોલી નરમ અવાજથી બોલવા લાગી, કે "એ નામદાર! હવે જ્યારે મારાં સર ઉપર તું આવ્યો ત્યારે હું જાણું છું કે તું મારી ઉપર આશક થયો છે તેથી હું રાસ્ત સખુન કહું છું કે મારો બાપ તમામ પરીઓનો પાદશાહ ફરતોરતુશ

કહેવાય છે તેની હું બેટી છું. મારા તાબામાં કોહેકાફની તમામ પરીજાદ ઓરતો છે.” એટલું કહીને તે પરી પેલા પાણીના ચશમા અંદર એકાએક ગુમ થઇ ગઇ. એ તમાશો જોઇ જંગી ફરામર્ઝે અજબ થઇ પોતાની આંગળી દાંતમાં પકડી. તે નામદાર પોતાના સરદારો પાસે ફર્યો ત્યારે કહેવા લાગ્યો કે “એ પરીજાદ ઓરત મારા દીલમાંથી તમામ જીવને ઉઠાવી લઇ ગઇ. તે પરીએ મને મરદાનગીમાંથી કમજોર કરી નાંખ્યો. તેની મહોબતથી બેસબર થઇને હું બળતા આતશમાં આવી પડયો. હવે તો મારો જીવ નીકળી જાય તોપણ એ માશુકને હાથમાં લીધા વગર પાછો ફરૂં નહીં. એ માહતાબ માશુકની ખોળમાં હું તમામ જેહાનની આસપાસ ફરી વળું અને એ નાજુક પરી માશુકની નિશાન ઢુંડી કહાડું. અગર એ માશુક આગળ કોહેકાફનાં સરકસ દેવો યા જાદુગરો યા લોહી પીનારાં વરૂની ચોકી હશે તોપણ એકબારગી તે તમામ બળા પાયમાલ કરી નાંખું અને તે પરીજાદીના બાપને પકડીને મુશ્કા બાધું. તે પરીને મારા હાથમાં લાવી તે સાથ શાદી કરૂં ત્યારેજ હું ખુશીથી ઇરાન જમીન તરફ જાઉં કે મારી મરદાનગીનું જોર તમામ જેહાનમાં જાહેર થાય. તે પાદશાહોનો પાદશાહ કૈખુશરો મારો મરતબો વધારે અને મારો નેયાગાન બુઝર્ગ જાલેજર પણ ખુશી થાય! એ રવેશના સખુન શેરદિલ ફરામર્ઝની ઝબાનથી સાંભળી તે નામદારના તમામ સરદારોનાં દીલ ગમગીન થયાં સબબ કે પરીઓના પાદશાહ ફરતોરતુશનું નામ સર્વેએ સાંભળ્યું હતું નહીં. તે તમામ જાબુલી સરદારો ગમભરેલાં દિલથી કહેવા લાગ્યા કે “ઓ ગોસ્પંદના ગૌવારાના સરદાર! તું એવા સખુન બોલે છે કે તે દાનાત્ર લોકો કબુલ નહીં કરે. આજ ત્રણ દહાડા ને ત્રણ રાત થઇ આપણે લશકરથી દુર પડયા છીએ. મબાદા કોઇ દુશ્મન આવીને આપણા લશકરની ખરાબી કરશે તો આપણને મોટી શરમ પોહોંચશે. ઓ નામદાર! હાલમાં તો આપણાં લશકરની શોધ કર્યે અને લશકરને જઇ મળ્યે. આપણે લશકર સાથ મળ્યે ત્યારે તારી ખુશીમાં આવે તેમ અમલ કરજે. એ સખુન

સાંભળી નામદાર ફરામર્ઝ અંદેશામંદ થયો. તે દીવાના આદમી મીસાલ હરતરફ ફરીને લશકરની જુસ્તેજો કરવા લાગ્યો. બાજે વખતે દીવાના આદમી મીસાલ પેલી પરીને યાદ કરી પોકાર મારતો હતો અને બાજે વખત તો પોતાનાં લશકરની ફીકર કરતો હતો. હવે પેલી તરફ ઇરાની લશકર પણ પોતાના સરદારની શોધ કરીને નાચાર થઇ એક જગા મુકામ કરી પડયું હતું, તેમ આ તરફ નામદારી ભરેલો ફરામર્ઝ પોતાનાં સાથીઓ સાથે એક બુલંદ પહાડ ઉપર જઇ પોહોંચ્યો. રાતનો વખત થયો ત્યારે દુરથી એક ભારી આતશનો શોહોલો ફરી નજર આવ્યો તે જોઇ નામદાર ફરામર્ઝ કહેવા લાગ્યો, કે "એ નામદારો આપણુને અવલ જે આતશ નજર આવતો હતો તેજ એ આતશ છે તેથી આપણે ત્યાં જઇ જોઇએ કે એ બળા શું છે? હવે એ આતશનો શોહોલો ઘણો નજદીક નજર આવે છે."

લડાઇમાં કેદ પકડાયો શીહાદેવ નામદાર ફરામર્ઝના હાથ ઉપર તે દાસ્તાન.

જંગી ફરામર્ઝ પોતાના જાબુલી દલેરો સાથે મસલેહત કરતો હતો, એવામાં જંગલ તરફથી એક ભારી પોકાર ઉઠયો કે "એ જાબુલી રૂસ્તમના બેટા ફરામર્ઝ! તું હોશિયાર થા. તું મરદાને મરદ થઇ એ જગ્યા આવે છે કે તેં કોહેકાફનો કીલ્લો ફત્તેહ કીધો ને તમામ દેવોને માર્યા તેનું ગુમાન રાખતો ના. આ જગ્યાએ મારી ચુંગાલમાંથી તું ખલાસી પામવાનો નથી. તું મને પીછાનતો નથી, પણ માઝનદરાંનનાં પાદશાહ સફેદ દેવનો બેટા શીહાદેવ મારૂં નામ છે. જે દીનથી મારો બાપ માર્યો ગયો તે દીનથી હું સરગરદાન હાલ થઇને આ જગ્યાએ આવી મુકામ કરી પડયો છું. હવે મારા બાપનો કીનો તારી ઉપર લઉં. એવો અવાજ સાંભળી

નામદાર ફ્રરામર્ઝે તે તરફ જોયું શું કે એ પહાડ મીસાલનો શીહા કીલ રંગનો દેવ ઘોડા ઉપર સવાર થયલો છે. તેણે તનમાં ચિત્તાનાં ચમરનું કુરતું પેહેરેલું ને સર ઉપર રોશન કોલાહ મેળેલી છે. કમર ઉપર પોલાદની સાંકળ લપેટેલી ને હાથમાં એક ભારી કુટકું પકડેલું છે. એવો ડરામણો દેવ દબદબા ભરેલો જોયો. તે દેવના તન ઉપર રીંછ મીસાલનાં બાલ હતા. તેના હાથની ચુંગાળ સિંહ મીસાલ હતી. એ બળાને જોઇ નામદાર ફ્રરામર્ઝે ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લીધું. તેણે એક પોકાર દલેર બબર મીસાલે માર્યો કે "ઓ રીમન તનના બદ દેવ! તારો હમનબરદ હું છું. તું શેતાબ મારી નજદીક આવ કે મારી તેજ તલવારથી તારા લોહીએ આ મેદાનની ખાકને લાલ કરૂં કે ફ્રરીથી કોઇ બીજો દેવ કોહેકાફ્રનું નામ લે નહીં." એ સખુન સાંભળી તે શીહાદેવે બળાનાં વાદળની માંસાલે ભારી જોશ કરતો આવી પોતાની ખાંધ ઉપરથી કુટકું ઉડાવી એવું તો નામદાર ફ્રરામર્ઝ ઉપર માર્યું કે અગરજો તેવો જરબ પાહાડ ઉપર મારે તો તેના પત્થરનેબી રેજેરેજ કરી નાંખે; એવા ભારી જરબથી જંગી ફ્રરામર્ઝની આંખમાં અંધારા આવી ગયા પણ નામની શરમને ખાતર હીંમત પકડી તે નામદારે પોતાનો ભારી ગોરજ ઉઠાવીને તે દેવ ઉપર માર્યો, જે જરબને તે ચારા ભરેલા દેવે રદ કરી નાંખ્યો. એ રવેશ તે બન્ને શરકસ સરદારો એક બીજા સાથે લડાઇ કરવા લાગ્યા. તે લડાઇમાં તમામ રાત ગુજરી ગઇ ને બામદાદ થઇ પણ કોઇની મુરાદ બર આવી નહીં. ત્યારે શેરની વજનના ફ્રરામર્ઝે ફ્રેતરાક ઉપરથી પેચદાર કમંદનો ફ્રાંદો ઉઠાવ્યો કે તે દેવને જીવતો પકડે પણ તે દરામણો બદ શીકલ દેવ તે નામદારની કમંદના ફ્રાંદાને પોતાના શર ઉપર લાગુ પડવા દેતોજ નહીં; તે જોઇ નામદાર ફ્રરામર્ઝે પોતાનો નેઝો ઉઠાવી તેની નોક વાંકી કીધી પછી તે નેઝો દેવની કમરમાં માર્યો તેથી તે નેઝાની નોક તે દેવની લોઢાંની સાકળમાં ભેરવાઇ ગઇ તેજ વખત જંગી ફ્રરામર્ઝે ઘણા જોરથી આંચકો માર્યો તેથી તે દેવના પગ ઘોડાની રેકાબમાંથી નિકળી ગયા. અને તે ઉંધે માથે જમીન ઉપર તુટી પડયો;

તેજ વખત શેરનર ફ્રામર્ઝ શેર મીશાલ કુદી પડી તેના સીના ઉપર ચઢી બેઠો. એવી મરદનાગી જોઇને જાબુલી સરદારોએ તે નામદાર ઉપર આફ્રીન કીધી. તે ડરામણા દેવની બન્ને બાજુ બાંધી નામદાર ફ્રામર્ઝે કહ્યું કે "ઓ નાપાક! હવે તારી બાજુનું જોર તથા મરદાનગી ક્યાં ગુમ થઇ? હવે તુંને મારી તેજ તલવારે જીવથી મારૂં." એ સખુન સાંભળીને તે શીહા દેવ પોતાના જીવની દેહેશતથી ડરવા લાગ્યો. ઘણી મીન્નત તથા આજેજી કરી કહેવા લાગ્યો, કે ઓ નામના ઉઠાવનારે તું મારો જાન બક્ષ, તો હું જીવું ત્યાં સુધી તારો ફરમાબરદાર ગુલામ થઇ રહેવું. હું બંદા મીસાલ તારા ઘોડાની દોડ કરતાં પણ આગળ નીકળી જાઉં છું. એક રાતમાં તુરાનથી તે ઇરાન જમીન જઇ ખબર લાવું છું; એવો ચાલવામાં શેતાબી ભરેલો છું. ઓ સરફ્રાજ! જ્યારે તું મારાં કામ રાસ્તી ભરેલાં જોશે ત્યારે તારી ખાતરીનીશા થશે; એ વાતનો કોલ કરાર તારી સાથે હું એવો કરૂં કે તેથી હું જીનહાર ફરૂં નહીં." એ સખુન સાંભળી જંગી ફ્રામર્ઝે કોલકરાર કરી તે જોરેમંદ શીહાદેવને જીવતદાન બક્ષ્યું. પછી પોતાના ખંજરની નોકે તે દેવના બન્ને કાન વીંધ્યા ને બેમુલ પાદશાહી લાલના બે હલકાં કાનમાં પહેરાવ્યા તે દીનથી શીહાદેવ શેરદેલ ફ્રામર્ઝનો ગુલામ થયો, તે જ્યાં સુધી હૈયાત રહયો ત્યાં સુધી તે નામદારની ફરમાબરદારીમાં વફાદારીથી ચાલ્યો. તે દેવે નાંમદાર ફ્રામર્ઝ સાથે રહી ભારી મોટાં કામ કીધાં. તે દેવે હરએક જગા તે નામદારનો યાર થઇ તેની નીગેહબાની કીધી. શીહાદેવે એ હંમેશ વફાદારી ને ફરમાબરદારીથી એવાં તો નેક નામદારી ભરેલાં કામ કીધાં કે તે દેવની યાદગારી કેયામત સુધી રહી ગઇ.

એ ઉપરથી આ નામું લખનાર શાહેર કહે છે કે "ઓ બંદા તું નજરે જો કે માણસ જાત એક બારગી પોતાના કોલથી બેવચની થાય છે પણ તે દેવજાદે પોતાનો કોલ પાળ્યો ને બેવચન થયો નહીં તેથી તેની નામદારીની ખુબી કેયામત તલગ રહી ગઇ. ઓ આદમ! તે મીસાલે તું પણ તારા કોલને કાયમ રાખશે તો તું પણ બે જહાંનમાં સરફ-

રાજી ભરેલો થશે. હવે એ ઇનસાન ! તું વફાદાર શીહાદેવની મરદાનગીનું દસ્તાન સાંભળ કે એ દસ્તાન સાંભળવાથી તારા દીલનો ગમ બરતરફ થશે.

નામના ઉઠાવનાર ફરામર્ઝે શીહાદેવ સાથે કોલકરાર કીધો ત્યારે તે દેવને કહ્યું કે "અવલ તો તું મને મારા લશકરની રાહ બતાવ કે કઇ જગ્યા ઉપર તે લશકર છે? જેથી શીહાદેવે દુવા કરી કહ્યું કે એ નેક ખાનદાનનાં સફરાજી ભરેલા જોરેમંદ જંગી સરદાર! મેં જેહાંન દરમ્યાન તારા જેવો રોશન જીવનો મરદાનેમરદ કોઇ જોયો નથી. મેં તારી સાથે બદ શેખી કીધી તેના અવેજમાં તેં મારા કાનમાં એવાં પાદશાહી લાયક બેકીંમત લાલનો હલકો બક્ષ્યો. હું ઘણા વરસ થયાં દુનીયામાં ફરૂં છું પણ મેં તારી મીસાલનો સખી મરદ કોઇ બીજો દીઠો નથી. હું જાણું છું કે આસમાન તારો ફરમાબરદાર છે, બાકી બીજાની એવી શું તાકાત છે કે તમામ જેહાન ફરી વળે ને ભારી અઝદાહ તથાં વરૂ તથા દેવોને મારે? એ નામદાર! મારી લડાઇમાં ઘણા નામીચા દલેરો માર્યા ગયા છે અને મારા ઘોડા આગળ કોઇથી આવી શકાતું નથી તેથી મને એવું ગુમાન હતું કે દુનીયા દરમ્યાન મારી બરાબરીનો કરનાર કોઇ નથી હવે હું તારી મરદાનગી બાજુનું જોર તથા કળા જોઇને આફ્રીન કરૂં છું કે તારી બરાબરી કરનાર કોઇ નથી. આ દીનથી હું તારો ફરમાબરદાર બંદો છું, જે તું ફરમાવશે તે હું બજાવીશ. હું કદી તારા હોકમથી ફરનાર નહીં તો પણ એ નામદાર! તું મારી એક વાત સાંભળ કે આ પાહાડમાં મારો ખજાનો છે. મેં બેસુમાર ઘોડા, ગોલામ, બાંદીઓ, તખ્ત અને તાજનો જમાવ કીધેલો છે તેથી જો તું હુકમ આપે તો હું તે જગા જઇ ત્યાંથી મારો તમામ ગંજ તારી આગળ લાવી નજર કરૂં." એ સખુન સાંભળીને જંગી ફરામર્ઝે કહ્યું કે એ દેવ તું એવાં મકર તથા ચારો કરીને મારી આગળથી નાહાસી જવા ચાહે છે. તમો દેવ લોકોનાં કોલનો શું ભરોસો હોય? તમો કંઇ કોલ પાળતા નથી. મને તારા બોલવાનો ભરોસો પણ આવતો નથી." જેથી શીહાદેવે કહ્યું કે "આફતાબ તથા માહતાબના કસમ ને પાદશાહ કેખુશરોના

તખ્ત ને તાજના કસમ ને તારી શમશેર તથા ગોરજનાં કસમ લઇ હું રાસ્ત કહું છું કે એ મારા સખુનમાં ફેર પડનાર નથી. જોઇએ તો ઓ નામદાર તું મારી બરાબર આવ ને મારો ખજાનો જો!"

હવાલે કીધો જંગી ફરામર્ઝને શીહાદેવે ગંજ ખજાનો તે હેવાલ.

——:o:——

એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝ પોતાના દલેરો સાથે તે શીહાદેવનાં મુકામ આગળ ગયો કે શેતાબ તે શીહાદેવ પહાડ ઉપર જઇને પોતાનો તમામ ગંજ ખજાનો નીચે ઉતારી લાવ્યો. તે ગંજ એક પાદશાહી ખજાના કરતાં વધારે હતો તે, તેમજ બેસુમાર ખચર, ઘોડા, બાંદી, ગુલામો, અને તખ્ત તાજ જોઇને નામદાર ફરામર્ઝ તથા તમામ ઇરાની તથા તમામ જાબુલી સરદારોએ પોતાની આંગળી દાંતમાં પકડી પછી જંગી ફરામર્ઝે પુછ્યું કે "ઓ વફાઇ ભરેલા દેવ તું મારી આગળ રાસ્તી બોલ કે એ બેસુમાર ગંજ તારાં હાથમાં કયાંથી આવ્યો?" ત્યારે શીહાદેવે પોતાના બન્ને હાથ બખલ કરી કહ્યું કે ઓ નામદાર! જે દીનથી જેહાં પેહેલવાન રૂસ્તમે મારા જંગી બાપને માર્યો તે દીનથી હું તેનો ડર ખાઇને આ જગા નાહાસી આવ્યો પણ પાદશાહ ઝોહાક તાજીનો ખજાનો મારા બાપના મકાન ઉપર હતો, તે હું સાથે લાવી હયાં રહયો. એ પાહાડ ઉપર રહી હું રાતે બેસુમાર રોશની કરતો હતો, તે રોશની બીજા સોદાગરો તથા રાહદારી લોકો નજરે જોતાંજ એ તરફ ચાલી આવતા ત્યારે હું તેઓ આગળ જઇ તે લોકોને મારી નાખીને તે લોકોનો તમામ અસબાબ લુંટી લેતો હતો. એ મીસાલે કામ કરી મેં આ તમામ સામન જમાવ કીધો છે. મારા નામની દહેશતથી હવે આ જગા કોઇ આવી શકતું નથી. ઓ નામદાર! મેં એ પહાડમાં એટલો તો ખજાનો જમા કરી મેળવેલો

છે કે અગરજો સો વરસ સુધી એ પહાડને ખોદી કહાડે તોએ તે પુરો નિકળે નહીં. એટલો ગંજ સોનાનો તથા રૂપાનો છે." એ તમામ સખુન સાંભળીને નામદાર ફ્રરામર્ઝ અજબ થઇ ગયો, પછી જે ગંજ શીહાદેવે લાવી આપ્યો તે તમામ ખચર તથા ઘોડાઓ ઉપર લાધી તે જંગી અસબાબ સાથ પોતાનાં લશકર તરફ ચાલ્યો. શીહાદેવ રાહ દેખાડવા આગળ એવો તો શેતાબ ચાલતો હતો કે તેની બરાબર ઘોડાઓ દોડી શકતા હતા નહીં. સાંજનો વખત થયો ત્યારે શીહાદેવ તે સરફ્રરાજને તેના ઇરાની લશકરમાં લાવ્યો. તે લશકરે પોતાના સરદાર ફ્રરામર્ઝને એ રવેશે આવતો દીઠો ત્યારે તે લશકરમાં ખુશીનો શોરશાર ઉઠયો. તમામ લશકર દુવા કરતું તે નામદારને સેજદો કરવા લાગ્યું. પછી સર્વે પોત પોતાની જગા ઉપર ગયા. નામદાર ફ્રરામર્ઝ પોતાના દેરામાં આવી મીજલસ સમારી ખાણું ખાઇ શરાબ પીવા બેઠો. તે નામદાર શરાબની મસ્તીમાં આવ્યો ત્યારે તેને પેલી પરી યાદ આવી તેથી તે ઘણો નાસબર થઇ ગયો ને દીવાના આદમી મીસાલ સખુન બોલવા લાગ્યો. ત્યારે તે મીજલસમાં બુઝર્ગ ગેઆનોશ, નશતેહેન, નામદારી ભરેલો તોખારે તથા શેરોએ તથા અસકશ વગેરે બીજા શાહજાદા સોનાની ખુરસી ઉપર બેસી શરાબ પીતા હતા, તે જંગીઓ દીલાવર ફ્રરામર્ઝનો એ હાલ જોઇ માંહેમાંહે ગોફ્રતેગોહ કરવા લાગ્યા, કે "આપણો સરદાર એવો નાસબર થઇ ગયો તે ખોદા માલુમ કે એની ઉપર શું નીપજયું હશે ?" જેથી તે મિજલસમાં જે પહેલવાનો ફ્રરામર્ઝની બરાબર સાથે ગયા હતા તે જંગીઓએ પેલા ચશ્માના કીનારા આગળ દીઠેલી પરીજાદની વાત કહી, કે "એ નામદાર તો તેના ઉપર આશક થયો છે; તેની યાદમાં એવા સખુન બોલે છે! તે વાતનો કંઇ ચારો કરવો જોઇએ." તમામ મીજલસનાં નામદાર લોકોએ એ રવેશના સખુન સાંભળ્યા ત્યારે સર્વે કોઇના હોશ બાખ્તે થઇ ગયા અને ત્યાં તેઓ તરેહવાર વીચાર કરવા લાગ્યા. તે મીજલસમાં શીહાદેવ ગોલામની મીસાલે હાથબક્ષ કરી ઉભેલો હતો તેને જો ને અજબ થતા કે ખોદા માલુમ કે એવો જબરદસ્ત દેવ એ નામદારનો

ફરમાબરદાર શી રવેશ થયો? એવી ગોફતેગોહમાં અરધી રાત ગુજરી ગઇ અને સર્વ નામદાર પહેલવાનો પોત પોતાની જગા ઉપર ખોઆબ કરવા ગયા; ત્યારે સરફરાજ ફરામર્ઝે શીહાદેવને પોતાની આગળ બોલાવ્યો અને પુછ્યું કે "ઓ દાનાઇના રાખનાર માઝનદરાનના શાહજાદા તને પરીઓનાં પાદશાહ ફરતોરતુસની કંઇ ખબર છે? ને તેનું મુકામ તું જાણે છે? અગર તું જાણતો હોય તો મને કહે ને મારા દરદનાં જખમનો દારૂ કર," તે સાંભળી શીહાદેવે જવાબ દીધો, કે "મારા સરદાર તુને ખબર નથી પણ દુનીયા દરમ્યાન તે પરીના શાહાનશાહનું નામ કોઇ લઇ શકે નહીં. તે શાહાનશાહ તો તમામ દેવો તથા પરીઓનો પાદશાહ છે તેને ગરંગશાર તથા માઝનદરાનનાં તમામ દેવો આબરૂ આપે છે. તમામ જોરેમંદ દેવો ખિદમતગારની મીસાલે તે શાહાનશાહની ફરમાબરદારી કબુલ કરે છે. તેની પાસે બેશુમાર લશકર છે. કોઇ એલચી કમર બાંધીને દોડતો આ જગ્યાથી જાય ત્યારે એક મહીને તેનાં મુલકમાં જઇ શકે છે એટલો દુરદરાજ છે અગર તું હોકમ ફરમાવે, તો હું કમર બાધું. તારો સંદેશો તે પાદશાહને પોહોંચાડી તું નામદારનું તમામ કામ રાસ્તીથી બજાવું. તું અવલ એક નામું તૈયાર કર તથા દોસ્તી ભરેલું લખ; તેમાં લડાઇની વાત લખવી નહીં પણ મોહબત ને એખલાસે બ્યાનં કર. તે પાદશાહ દાનાઇ રાખનાર છે. તેનાં પગ તળે તમામ જેહાન છે તેથી ભલી વાતથીજ રાસ્ત કામ બનશે." એ સખુન સાંભળીને નામદાર ફરામર્ઝ ખુશી થયો તેણે રાતના પોતાના દેરામાં ખોવાબ કીધો પણ ફીરોજાની ખાંણુમાંથી આફતાબ બહાર નિકળ્યો ત્યારે નામવર ફરામર્ઝ પોતાના દેરામાં તખ્ત ઉપર બેઠો અને પોતાના તમામ બુઝર્ગોને પોતાની નજદીક બોલાવી તેણે મસલત કીધી કે "ઓ દાનાઇ રાખનારા નામદારો! તમોને મારાં કામની ખબર થઇ હશે, તેથી તે વાતનો કંઇ ચારો કરો કે તે પરીજાદ ઓરત મારા હાથમાં આવે ને મારૂં દીલ ખુશ થાય આપણુ તમામ દેવો તથા જાદુગરો તથા સરકશ અઝદાહથી ડરીયા નથી તો એક પરીજાદ પાદશાહથી કેમ ડરો છો? અગર જો તમો આ

વખત પોતાની દાનઇની ચુંગાલ તેજ કરશો અને મારી મુરાદ મુજબ કામ બની આવશે તો તમામ જેહાનમાં કેયામત તલગ તમારી દલેરી યાદગાર રહી જશે, આપણા ફુલંદતાલે પાદશાહ કેખુશરોની દરઘાહમાં તમારો મરતબો જીયાદે થશે, અગર તમો એ વાતની નાખ્તી કરી મને હરકત કરશો, તેથી હું આ કામથી પાછો જીનહાર હટનાર નથી. તે પરીજાદી મારા હાથમાં આવશે ત્યારે તે જગાથી તે માશુકને લઇ હું શેતાબ ઇરાન જમીન જઇશ." એ સખુન સાંભળી તમામ સરદાર લોકોએ જવાબ દીધો, કે "ઓ સરફ્રાજ! અમો તારા ફરમાબરદાર છીયે જે હુકમ તું ફ્રરમાવ તે બજાવીશું. તું નામદારના હુકમ વગર અમો કુલ જેહાંનમાં એક દમબી મારી શકવાના નથી. જેમ તું નામવરની નેક નીઘાહમાં આવે તેમ અમલ કર."

નામું આપી મોકલ્યો શીહાદેવને પાદશાહ ફરતોરતુસ પર તે દાસ્તાન.

——:o:——

નામદાર ફ્રામર્ઝે પોતાના સરદારોથી એ સખુન સાંભળતાંજ નવીશંદાને બોલાવ્યો ને એક નામું મેહેરબાની ભરેલું પાદશાહ ફરતોરતુસ ઉપર લખાવ્યું. તે નામામાં અવ્વલ જેહાનને પદા કરનાર પાક પરવરદેગારનું નામ હતું, કે "તે જેહાંનને પેદાનો કરનાર ને તમામ ભેદનો જાણનાર છે. તે સાહેબ પોતે હંમેશાંનો એકતન છે યાને તેનો કોઇ શરીક નથી. તેનો કોઇ જોરો નથી. તે સાહેબે આસમાન પેદા કરી તે ઉપર શેતારા ફરતા કીધા તેથી આપણે તમામ ખાકી બંદા તેનાં ફરમાબરદાર છીયે. એ જેહાંનનો પાદશાહ તેજ છે ને સર્વ કોઇને પોસ્તપનાહ પણ તેનીજ છે. સર્વ કોઇને તાજ તથા જરી કમરબંદ તે સાહેબથી બક્ષેસ મળે છે. તે સાહેબથી તારી ઉપર દુવા

હોજો. ઇરાન જમીનના શાહાનશાહ કેખુશરોનો હું એક કમીનો બંદો રાજ નીશાન તથા ઝુંડો તથા લશકર લઇ તમામ હીંદુસ્તાન જેર કરી કોહેકાફની સરજમીન ઉપર આવી પોહોંચ્યો છું. મેં જેહાનની તમામ સરદી ગરમી જોઇ છે. મેં દાનાથી તારી પાદશાહી તથા દાદ ઇનશાફ તથા લશકરની બેશુમાર તારીફ સાંભળી છે તેથી મારાં દીલમાં એવો ખ્યાલ પેદા થયો છે કે એકવાર તારી સાથે મુલાકાત કરૂં. હું જેહાં-પેહેલવાન રૂસ્તમનો બેટો ફરામર્ઝ કરી નામ રાખું છું. જેહાન દરમ્યાન જેહાંપેહેલવાન રૂસ્તમ જેવો બાપ ને દસ્તાને જાલેજર જેવો બપાવો ને સામનરીમાન જેવા જેહાંપેહેલવાન નેયાગાનો કે જેઓની તલવારથી તે બુલંદ જોરેમંદોના નામ આફતાબ મીસાલે હમેશાં રોશન છે. તે આફ-તાબોથી હું એક રોશન શેતારો છું. હું હરેક જગા તેજી ભરેલા જવાબ સવાલ રાખુ છું તેથી તારા મેહેલના પરદામાં એક ખુબસુરત રોશન અકલની માહતાબ બેટી છે, જેનું નામ આરજોય છે, તે પરીની સાથે શાદી કરવાની હું આરજુ રાખુ છું. ઓ નામદાર પાદશાહ! એ કામનો જવાબ રાસ્તીથી દેજે. તને મારી સાથે ખેશી કરવામાં કંઇ શરમ નથી. દાનાવ લોકો એવી નસીહત કરી ગયા છે, કે સરખાં હકમાં શાદી કરવી તે ખુબ છે; કે જેથી તમામ જેહાનમાં સરફરાજી હાંસલ થાય છે. અગર એ વાતની બરાબર ચોકશી કરીને જવાબ લખશે તો ઘણું ખુબ થશે ને તારો મરતબો જ્યાદે થશે અગર નહીંતો નાહક ફીસાદ ઉઠી ઉભો થશે. તને મારાં કામની ખબર થઇ હશે. જો તું અંજાણ્યો હોય તો પુછી મારાં કામથી વાકેફ થજે." એ રવેશનું નામું લખી તે ઉપર પોતાની ખાસ મોહોર કરી શીહાદેવને આપી તૈયાર કીધો. તે જોરેમંદ દેવની બરાબર એક હજાર જાબુલી નામદારો આપ્યા. તે સાથ પાદશાહ ફરતોરતુસને નજર કરવા કેટલોક હદીયો આપ્યો; તેમાં ગોહર, મોતી તથા પરવાલાં ઉપરાંત બીજી નાદર ચીજો આપીને શીહા-દેવને રવાના કીધો. તે તમામ હદીયો લઇને લશકર સાથે શીહાદેવ રાહ કાપતો એક મહિને ફરતોરતુસનાં મુલકમાં જઇ પોહોંચ્યો, તેથી તે

જગ્યાનાં પરીયાંઓ તે શીહાદેવને જોઇ અજબ થવાં લાગ્યાં. શીહાદેવે પાદશાહની દરધાહનાં દરવાજા આગળ જઇ દરબાનને કહ્યું કે "તું તારા પાદશાહને ખબર પોહોંચાડ કે શેરમરદ ફરામર્ઝનો એલચી આવ્યો છે. દરબાને જઇ પાદશાહ ફરતોરતુશને ખબર કીધી, કે માઝનદરાનનાં સફેદ દેવનો બેટો જોરેમંદ શીહાદેવ એલચી થઇને લશકર સાથે આપણી દરધાહ હજુર આવી પોહોંચ્યો છે, તે તું નામદાર પાદશાહની હજુર આવવા રજા માગે છે." એ ખબર સાંભળી પાદશાહ ફરતોરતુસ અજબ થયો. તેણે સપેહસાલારને હુકમ કીધો કે તું શેતાબ શીહાદેવને બાઆબરૂ મારી પાસે લાવ. તે હોકમ સાંભળી જંગેડુ શેતાબ દરધાહથી બાહાર નીકળી જ્યાં શીહાદેવ હતો ત્યાં આવી તેણે તેની ખબર પુછીને બા આબરૂ પોતાના પાદશાહ હજુર તે દેવ તથા ઇરાની બુજોર્ગો લઇ આવ્યો. શીહાદેવ તખ્તની હજુર જઇ પોહોંચ્યો ત્યારે તે જોય શું કે પરીના પાદશાહનો તમામ મકાન, તખ્ત ને તાજ જેબાઇ ભરેલું ગોયા સાતમાં આસમાનનાં બેહેસ્તની બરાબર રોશન ઝલકાટ ભરેલું હતું. એવી રોશની ભરેલી જગ્યા ખુશબુઇ ભરેલી હતી. પછી પાદશાહે હોકમ કરી શીહાદેવ તથા તે સાથના નામદારોને સોનાની ખુરશી ઉપર બેસાડયા ત્યારે શીહાદેવે શેજદો કરીને નામદાર ફરામર્ઝનું નામું પેલા પાદશાહી હદીયા સાથે તેનાં તખ્તની આગળ મેલતાં ઝબાની પેગામ કહયો તેમાં જંગી ફરામર્ઝની મરદાનગી તથા લડાઇની કેટલીક વાત બયાન કીધી; તે સાંભળી તે પરીઓનો પાદશાહ અજબ થયો. પછી નવીશંદાને હુકમ કરી નામદાર ફરામર્ઝનું નામું વંચાવ્યું તે નામાની તમામ બીના સાંભળી તેણે અજબ થઇને વીચાર કીધો કે અગરજો એ નામાની વાતથી મારૂં સર ફેરવું છું તો લડાઇ તથા કીનો તથા ફેસાદ વધી પડે છે. અગર મારી પરી બેટી આપવા કબુલ કરૂં છું તો દુનીયામાં આદમજાત ને પરીજાદ વચ્ચે વફાદારી કેમ થાય તેનો વીચાર પડે છે. આદમીજાત બેવફા થતાં કઇ વખત લગાડતું નથી પણ એ પહેલવાન બુઝર્ગ ખાનદાનનો નામીચો નજર આવે છે તેથી કંઇ

શરમ મને લાગવાની નથી. દાનાવ લોકો ફરમાવી ગયા છે કે જે કોઇ કીનાનું બી રોપે તે આકેબત ખતા ખાય, તેથી એ વાતનો બરાબર વીચાર કરવો ખુબ છે. એવો વિચાર કરી હુકમ કીધો કે શીહાદેવ તથા તમામ નામદાર ઇરાનીઓને એક મેહેલમાં જગ્યા આપે તથા ખિદમત ને બરદાસ્ત કરે. એ હુકમથી તમામ ઇરાની નામદારોની એવી તો ખિદમત થવા લાગી કે તે ખુશીમાં તમામ રાહની રંજ ભુલી ગયા.

ગોફ્તેગોહ કીધી પાદશાહ ફરતોરતુસે પોતાના બુઝર્ગો સાથે ને તારીફ કીધી શીહાદેવે જેહાંપેહેલવાન રૂસ્તમની બુન્યાદ બાબે તે હેવાલ.

——:o:——

બીજે દીને બામદાદ વખતે પાદશાહ ફરતોરતુસે પોતાના તમામ બુઝર્ગોને બોલાવી મિજલસ કરી નામદાર ફરામર્ઝનાં કામનો એતેફાક કીધો. તે પોતાના બુઝર્ગોને કહેવા લાગ્યો કે "મારા દાનાવો! આપણી વેલાયત તરફ એક જાણુલી જોરમંદ સપેહસાલાર આવ્યો છે, તે દલેર જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો ફરામર્ઝ કરી કહેવાય છે. તે પેહેલવાન સાંભળવા મુજબ ઘણો દાનાવ, બુઝર્ગ, કવી બાજુનો મરદાનેમરદ ને લશકરનો જીતનાર શેરનર છે. તે ઉંચી બુન્યાદ ધરાવે છે. તે આપણી સાથે ખેશીનું પેવંદ કરવા માગે છે. તમો નજર કરી જુવો કે શીહાદેવ જેવો નામીચો પેહેલવાન તેની તલવારથી જેરદસ્ત થઇ તેનો ફરમાબરદાર થયો છે. એ શીહાદેવના ડરથી તમામ જાનવર પણ નહાસતાં ફરે છે. આપણે પોતે એનો ડર કરતા હતા એવા ભારી જબરદસ્ત દેવને જેણે જેરદસ્ત કીધો, તે કેવો જોરમંદ હશે? વળી એજ દેવ તે નામવરનાં કામને વાસ્તે કમર બાંધી રંજ તથા સખતી ખેંચતો અત્રે આવ્યો છે

પણ મને એક વાતનો વીચાર એવો આવે છે કે આદમીજાત સાથ પરીજાત કેમ મળે? તેથી એ વાતનો ચારો શું કર્યે? તમારી નેક અકલમાં શું આવે છે? તે મને જવાબ દેવો." એ તમામ સખુન પોતાના પાદશાહની ઝબાનથી સાંભળી તમામ બુઝર્ગ પરીજાદાઓએ જવાબ દીધો, કે "ઓ દાનાવ પાદશાહ! આ વાતમાં તું પોતે અકકલનો રાખનાર ધણી છે તોપણ અમારી અકકલમાં એવું આવે છે કે અવ્વલ તું તે નામદારને આપણા શેહેરમાં બોલાવ અને હરેક વાતે તેને અજમાવ. તેનો ચેહેરો, બાજુ તથા શરાબબાજી તથા પેહેલવાનગીરી તારી નજરે જો કે તેનો દબદબો શી રવેશ છે? અગર તે જંગી દાનાઇ રાખનાર ખુબી ભરેલો રાસ્તી સખુન બોલનાર મરદાને મરદ, શરમ ભરેલો, વફાદાર તેમ દલેર હોય તો તેની સાથે બેશી કરવામાં કંઇ હરકત નથી. બીજું એ કે જે રસ્તે થઇને શીહાદેવ આપણા મુલકમાં આવ્યો તે રસ્તે થઇ તે સપેહસાલાર ફરામર્ઝ એ તરફ આવે નહીં. તે નામદાર પેહેલવાનને આ રવેશ પેગામ કહેવાડ કે તે હફતેખાનને રસ્તે થઇ આપણા મુલક તરફ આવે કે તે જગ્યા તમામ બળા ને જાદુઇ ભરેલી છે. તે તરફ બરફ વરસવાનો દાહાડો આવ્યો છે. તે તરફ એવો તો બરફ વરનશે કે આદમજાત તો શું કે દેવજાતથી પણ તે રસ્તે થઇને આપણા મુલક તરફ આવી શકાય નહીં; તો તે કેમ આવી શકશે? બીજું આપણો ગુલદેવ તથા ફંરગદેવ જે ઘણા પકકા જાદુગર છે તે દેવોને કહેવાડ કે હફતેખાનની રાહ ઉપર જઇ તેઓ રસ્તો બંધ કરે ને અઝદાહ તથા બીજા જાનવરોની ચોકી મુકે. એ રવેશે ચારો કરે તો તે જાણુતી નામદાર આપણા મુલકમાં આવી શકે નહીં. અગર તે પોતાની મરદાનગીથી એ તમામ બળાઓ મારી આપણી આગળ આવે, તો પછી તે જંગીને આપણે અજમાવી જોવાની જરૂર રહે નહીં. તેજ વખત આપણી માહતાબ શાહજાદી તેને હવાલે કર્યે." પાદશાહ ફરતોરતુસે પોતાના બુઝર્ગોની ઝબાનથી એ તમામ સખુન સાંભળી તે દાનાવોની વાત પસંદ કરી તેણે એક મિજલસ સમારી શીહાદેવને બોલાવ્યો. દિવાનખાનાની દીવાલ

તમામ સોનાની ઉપર ગોહર જડેલાં હતાં. ત્યાં જમીન ઉપર કસબી બીછાણાં બીછાવેલાં જે ઉપર કસ્તુરી તથા અંબર ખુશબો છાંટેલી હતી. ત્યાં તમામ પરીજાત ગોલામો સંફ ખેંચી ઉભેલા હતા. તરેહવાર ખુબ ખાણું તથા બેશુમાર મેવો મળેલો હતો. તે ભારી મિજલસમાં શીહાદેવ તથા બીજા ઇરાની નામદારો આવીને ખાણું ખાવા તથા નામદાર ફરામર્ઝની યાદમાં શરાબની જામ નોશ કરવા લાગ્યા. શરાબ નોશ કરતાં ફરામર્ઝની મરદાનગીની તથા લડાઇની વાત કરવા લાગ્યા. પાદશાહ ફરતોરતુસે તે મિજલસમાં નામદાર ફરામર્ઝની એવી તારીફ સાંભળી ત્યારે શીહાદેવને પોતાની નજદીક બોલાવી નામદાર ફરામર્ઝનાં કામ તથા બુનીયાદની વાત પુછવા લાગ્યો; ત્યારે શીહાદેવ પોતાની ઝબાન તેજ તલવાર મીસાલે ખોલી સપેહસાલાર ફરામર્ઝનું ખાનદાન પાદશાહ જમશેદની બુનીયાદથી બ્યાન કરતો ચાલ્યો. તેણે તારીફ કીધી કે જેહાંપેહેલવાન કેરશાસ્પ જે તમામ જેહાનનો પેહેલવાન હતો તે જેવો નામદાર કોઇ પેદા થનાર નથી. તેનાં ખાનદાનનાં સાંમનરીમાનની બુનીયાદનાં સરફરાજ જાલેજરનો બેટો જેહાંપેહેલવાન રૂસ્તમ કે જેણે પોતાની એકલી જાતે માઝનદરાન આવીને મારા સરફરાજ બાપને જીવથી માર્યો અને તે આબાદ મુલક પોતે કબજ કીધો; તે જેહાંપેહેલવાન રૂસ્તમની બરાબરીનો કરનાર આજે કોઇ બીજો નથી, તેનો બેટો એ નામદાર ફરામર્ઝ છે. વળી એ જંગીનો બપાવો સરફરાજ જાલેજર મરદાનગી તથા દાનાઇમાં એવો તો કાબેલ છે કે તેની બરાબર જેહાને કોઇ બીજો પેદા કીધો નથી. તે સરફરાજ પોતાની મરદાનગીથી જેહાકનાં ખાનદાનની રોશન માહાતાબ બેટી રોદાબે પોતાનાં હાથમાં લાવ્યો. તેણે તમામ કાબુલની સરજમીન જીરો જબર કીધી; એવી મોટી ખુબી ભરેલી બુનીયાદનો રાખનાર એ સરદાર ફરામર્ઝ છે. એ નામદારનું તમામ ખાનદાન પાદશાહી છે તે તખ્ત તથા તાજબક્ષ ખાનદાન કહેવાય છે. એ નામદારના બાપ જેહાંપેહેલવાનથી તુરકસ્તાન તથા ચીન મહાચીન વગેરે તમામ મુલકોનાં સાહનશાહો ડર ખાય છે. આજ વરસ સત્તર થયાં એ

નામદાર ફરામર્ઝ ઇરાન જમીનથી બહાર નીકળીને શ્રી હીંદુસ્તાન તરફ આવી રાએહીંદી જેવા પાદશાહો તાબે કીધા ને મુલકોની સલામી લીધી છે. એ નામદારે તમામ મુલકોમાં ફરીને દેવ અઝદાહ તથા વરૂને માર્યા છે. તેણે હરેક જગા નામ ઉઠાવ્યું છે. પાદશાહ તને એ નામદાર ફરામર્ઝનાં કામની શું વાત કહું કે અગર એની લડાઇની વાત કરૂં તો લબ ઉપર કફ આવી જાય. તમામ મુલકના પાદશાહોનાં દફતરખાનામાં એની મરદાનગીની તવારીખ લખાઇ છે. તેની તું નામદાર પાદશાહને પણ ખબર થઇ હશેજ, કે એ નામદાર પેહેલવાને જેહાન દરમ્યાન કોઇપણ મુલક પોતાનો ઘોડો ફેરવવાની બાકી રાખ્યો નથી. જેહાંનમાં એની બરાબરી આજે કોઇ કરી શકયું નથી. શું જંગલના શેર, બબર, કે વરૂ, કે શું દેવો એ નામદારે સલામત રાખ્યા નથી. હેરાશ નામનો દેવ કે જેનાં તન ઉપર સાત મસ્તક ને ચૌદ હાથ હતાં તે જેવા ભારી જબરદસ્ત દેવને શ્રી હીંદુસ્તાનનાં જંગલમાં એ નામદાર ફરામર્ઝે જીવથી માર્યો છે કે તે દેવની બરાબર કોઇ બીજો દેવ પેદા થયો નથી. તેમજ કુનાશ નામનો ભારી દેવ તેબી એ જંગી ફરામર્ઝના હાથ ઉપર માર્યો ગયો. એ વગેરે બીજા એક હજાર નામીચા દેવોને એ નામદારે જીવથી માર્યા છે. એ નામદાર તમામ દરીઆવ ને તમામ જંજીરા ફરીને અજાયબ તમાશા જોઇ વળ્યો છે. હાલ વેલાયતમાં આવ્યો ત્યાં મારી સાથે લડાઇ કરી મને જેર કીધો છે મેં તેની સાથે કોલ-કરાર કરીને ફરમાબરદારી કબુલ કીધી. ઓ પાદશાહ! તું તેની વાત શુ પુછે છે? હજુર તો મેં તેની મરદાનગીની થોડીજ હકીકત જણાવી છે બાકી તું તેને નજરે જોશે ત્યારે આ મારી તમામ વાતને તું રાસ્ત જાણશે. તેનો ચેહેરો, દબદબો, કવી બાજુ, ભારી તન, ફરાખ સીનો, બારીક કમર, ઉઠાવેલી ગરદન ને વાંકી કોલાહ મેલેલું સર જોશે ત્યારેજ તે શેરદેલ બુઝર્ગ બુનીયાદનો પાદશાહી તોખમનો તમામ હીંદુસ્તાનનો તથા કેશ-મીરનો પાદશાહ તું પીછાણશે. તે સરફરાઝની તારીફ મારી ઝબાનથી થઇ શકતી નથી, કે તેણે મારી સાથે ખુબી કરી મારો મરતબો વધાર્યો છે તેથી હું હરેક જગા તેની ઉપર જાનફેશાંની કરૂં છું." પાદશાહ ફરતોરતુસે

શીહાદેવની ઝબાનથી જંગી ફરામર્ઝની એવી તારીફ સાંભળી ત્યારે ખુશીથી તે બાગનાં ફુલ મીસાલે ખીલ્યો. તે તનમાં એવો નાસબર થયો કે કયારે તે સરફરાજનું મોહ જોય. રાતનો વખત થયો ત્યારે સર્વે નામદારો પોત પોતાની જગા ઉપર ખોવાબ કરવા ગયા. બામદાદનો વખત થયો ત્યારે પાદશાહ ફરતોરતુસે હુકમ કરી શીહાદેવને તમામ ઇરાની બુઝર્ગો સાથે પોતાની દરગાહમાં બોલાવી સોનાની ખુરસી ઉપર બેસાડી આબરૂ આપી; શીહાદેવે ઉઠીને જમીનને બોસો દેઇ તે પાદશાહને કહ્યું કે "ઓ દાનાઇનાં રાખનાર ! તું જો મને હુકમ આપે તો ઓ મુબારક ફરી તે નામદાર મારા સરદાર આગળ જાઉં કેમકે તે મારી રાહ જોતા હશે" ફરતોરતુશે કહ્યું કે "ઓ દાનાવ ! તુ આજનો દાહડો સબર પકડ કે મારે તે સાથે ખેશી કરવી છે તેવો જવાબ રાસ્તીથી આપવો જોઇએ કે તેનું દીલ ખુશી થાય." એ સખુન સાંભળી શીહાદેવે તે દરગાહમાંથી બાહાર નીકળી તમામ બુઝર્ગો સાથે પોતાનાં ઉતારા ઉપર આવીને આરામ લીધો પણ આવતી કાલ દીને પાદશાહ શું જવાબ આપે છે ? એ અંદેશામાં તે વફાદાર શીહાદેવ હતો.

નામું લખ્યું પાદશાહ ફરતોરતુસે નામદાર ફરામર્ઝ ઉપર તે હેવાલ.

——:o:——

બામદાદનો વખતે થયો ને રોશન રોજે જેહાન નુર ભરેલી થઇ ત્યારે પરીઓનો પાદશાહ ફરતોરતુસ પોતાનાં જરી તખ્ત ઉપર આવી બેઠો. તેણે નવીશંદાને હુકમ કીધો કે કસ્તુરીનાં પાણીથી જરી કપડાં ઉપર સુલેહ ભરેલું એક નામું જેહાનના પેહેલવાન ફરામર્ઝ ઉપર લખ. તેજ વખત નવીશંદાએ એક નામાની કેતાબ લખી; તેમાં અવ્વલ

पेदाना करनार पाक परवरदेगारनुं नाम लख्युं, के "ते साहेब दाद तथा अकलनो धणी छे अने जमीन तथा आसमानने पेदानो करनार कुदरतनो खावंद छे. ते साहेब जेवो बीजो कोण छे जे तेनी बराबरी करी शके? आपण सर्व तेना पेदा कीधेला बंदा छीये. ते साहेबथी इरान अने जाबुल जमीनना तमाम पेहेलवानोना सरदार फ्रामर्झ उपर दुवा तथा आफ्रीन होजो, के जेहां पेहेलवान रुस्तमनो तुं बेटो मिजलस समारनार, मेहेरबानी भरेलो, बुझर्ग खानदाननो, नेकबख्त मरदानेमरद, तमाम लशकरने नेघाहनो राखनार, चुनंदो जंगी छे. तारा मुबारक सखुननी एक केताब मने मळी छे. शीहादेव जेवा जबरदस्तने तें जेर करी ते पासे फरमाबरदारीनी कमर बंधावी छे. ते देवने आदमीजात मीसाल शीखवी तें तमाम रास्ती सखुननी खोदाइ राह देखाडी छे तेथी हुं घणो खुशहाल थयो छुं. तुं नामदारे मारी बेटी साथे पेवंद कीधानो इरादो राख्यो छे ते सखुनबी में कबुल कीधो छे तेथी हुं तुं जंगीने जाहेर करी लखुं छुं के तारां तमाम लशकर साथे कजदर राहे याने हफ्तेखाननी राहे शेताब मारी नजदीक आवी पोहोंच के तारां मुबारक कदम तथा रोशन चेहेरो जोवानी हुं राह जोउं छुं. तुं आवी मारो मेहेमान थइ मारी जग्याने पोतानी जग्या करी जाणे तो मारुं ताज गोया आसमान साथे जइ मळे. ओ नामवर! तारो गोलाम शीहादेव तथा इरानी नामदारो मारा मुलकमां आव्या ते लोकोनी कंइ बरदास्त तथा खीदमत माराथी बनी आवी नथी, ते मेहेरबानी करीने तुं माफ करजे. तुं नामदार ए नामुं वांचीने तुरत हफ्तेखाननी राहे कुच करी आवजे." ए रवेशनां नामा उपर तेणे पोतानी खास मोहोर कीधी. पछी नामदार फ्रामर्झने, नजर मोकलवा केटलोक हदीयो तैयार कीधो; तेमां लाल, हीरोजा, याकुत मोती तथा गोहरनां जडावनां सोनानां प्यालां तथा खुबसुरत खिदमतगारो तथा बांदी वगेरे बाजो बेशुमार सामन ने भारी खजानो ते नामा साथे शीहादेवने आप्यो ते लइने शीहादेवे रजा मांगी. पादशाह

ફરતોરતુસે હુકમ કરીને એક પાદશાહી લાયકનો સરપાવ શીહાદેવને બક્ષ્યો તેથી તેણે ખુશી થઇ ઇરાની લશકર સાથે આગળ રાહ માપી. શીહાદેવ ગયા બાદ એ તરફથી પાદશાહ ફરતોરતુસે હુકમ કીધો કે હફતેખાનના રસ્તા ઉપર જાદુગર દેવો જઇને સખત જાદુઇથી તે રાહને બંધ કરે, કે જોઉં તો ખરો જે તે ઇરાની પેહેલવાન શી રવેશે મારી તરફ આવી પોહોંચે છે? એ હુકમ સાંભળી જાદુગર દેવો હફતેખાન તરફ ઉડી ગયા ને ભારી બળા તથા તાહાડ ને બરફ પેદા કીધું.

હવે પેલી તરફ નામદારી ભરેલો શીહાદેવ રાત દીન કુચ કરતો નામદાર ફરામર્ઝ પોતાનાં લશકર સાથે મુકામ કરી પડેલો હતો ત્યાં આવી પોહોંચી પેલો તમામ હદીઓ પરીના પાદશાહનાં નામા સાથે તે નામદારે હજુર મેલ્યો. તે જોઇ નામદાર ફરામર્ઝ ખુશી થયો. તેણે શીહાદેવની અકલ ઉપર આફ્રીન કીધી કે મને એવું ગુમાન હતું કે શીહાદેવ રાહમાંથી નાહાસી જશે ને મારાં કામમાં દરકત કરશે તથા મારા એક હજાર જંગી પેહેલવાનો પણ જીવથી મારશે, એવોજ અંદેશો હું રાત દીન કરતો હતો પણ ઓ દેવ! તેં પોતાનો કોલ પાળ્યો છે તેથા હવે મારી પુર ખાતરનીશાં થઇ કે તારી મીસાલનો વફાદારી ભરેલો દેવ કોઇ બીજો પેદા થયો નથી. એ મીસાલ બાગે જુરંદ સરેમિજલસ શીહાદેવની તારીફનાં સખુન કહયા પછી પેલું નામું ખોલી વાંચ્યું તેની તમામ બીના જાણી તે નામદારે તેજ વખત લશકર તૈયાર કીધું.

મારીઓ જીયાંગાર વાઘ નામદાર ફ્રરામર્ઝે, ફ્રરતોરતુસને મુલક હફ્તેખાનને રસ્તે જતાં અવલ મુકામમાં તે હેવાલ.

——:o:——

નામનો ઉઠાવનાર ફ્રરામર્ઝ પોતાનાં લશકર સાથે તૈયાર થઇ કજદર યાને હફ્તેખાનને રસ્તે તેણે લશકર ચલાવ્યું, ત્યારે શીહાદેવે કહયું કે "અય બુઝર્ગ દુનીયાહના! તું હફ્તેખાનની રાહે જવા ચાહે છે પણ એ રાહ એવી તો ટુંકી છે જે થોડા દહાડાનાં પરીશાંગોને મુલક જઇ પોહોંચશું પણ મને એક વાતનો મોટો ડર લાગે છે, કે એ રાહ ઘણી દરામણી બીકટ ને બળાઓથી ભરેલી છે. ત્યાં નથી પીવાનું પાણી કે નથી ખાવાનો ખોરાક મળતો. રાત દીન તાહાડ તથા બરફ શીવાય કંઇ બીજું છેજ નહીં. ત્યાં વાઘ, વરુ, અને નાહ ગુલદેવ, ફ્રરાશાંનદેવ એ બળાઓ ઉપરાંત બીજા ઘણા જીયાંગાર દેવો મળશે, તે દેવો આપણાં લશકર ઉપર ઘણી સખતી ગુજારશે એ વાતનો મને મોટો અફસોસ લાગે છે." નામદાર ફ્રરામર્ઝે હસીને કહ્યું કે "ઓ નેક રાહના ચાલનાર! તું કંઇ અંદેશો ના કર, મારી યારી કરનાર પાક યઝદાંન છે. તે અજમત ભરેલો સાહેબ મને જોર, કોવત તથા ફ્તેહમંદી આપશે. એ બીકટ રાહનો બનાવનાર પણ તે પોતે છે. હું તે તમામ બળાથી કંઇ ડરનાર નથી. તેમજ એ રાહથી હું પાછો ફરનાર પણ નથી, મગર તારૂં કામ એટલુંજ છે કે તું મને તે રાહમાં આગળ ભોમીયો થઇ રાહ દેખાડે ને હરેક જગ્યાની બળાથી મને ખબર કરતો રહે, કારણ કે કોઇ બળા શેતાબી કરતી આપણી નજદીક આવી લાગે ને આપણે ગફલતમાં રહીયે તો ઝીયાન પામ્યે તથા આપણાં લશકરની ખરાબી થાય. તું તારા દીલમાં કંઇ ફીકર ના કર. જ્યાંસુધી મારા તનમાં જીવ છે ત્યાંસુધી તને હું એક વાલ બરાબર નુકસાન પોહોંચવા દેનાર નથી." એ તમામ સખુન સાંભળી શીહાદેવ ખુશી થયો

અને આગળ રાહ બતાવવા લાગ્યો. શેરદેલ ફરામર્ઝ લશકરની હરોલમાં ઘોડો ચલાવતો ને તમામ લશકર પછવાડે ચાલતું એમ હફતેખાનની રાહમાં ખુશીથી શેકારબાજી કરતા આગળ વધ્યા. એ રવેશ દશ દાહડા સુધી લશકર આગળ ચાલ્યું ને હફતેખાનના પેહેલા મુકામ ઉપર જઇ પોહોંચ્યા અને ત્યાં તેઓએ જંગલમાં દેરા મારી તમામ રાત ગુજારી. બામદાદનો વખત થયો ત્યારે શીહાદેવે જંગી ફરામર્ઝને કહ્યું કે "ઓ સરફરાજ! તું હુશ્યાર રેહેજે કારણ કે આપણે આ જગ્યાથી થોડા દુર ચાલીશું ત્યારે રાહમાં બે વાઘ નર માદા આપણી આગળ આવશે. તે બળાઓ દીવાના મરદ મીસાલ જબરદસ્ત છે, તે એવા તો મોટા મસ્ત છે, કે ઘોડેસ્વાર કરતાં ઉંચા છે. તેની લડાઇથી જમીન તથા જમાનો ધુજે છે." એ વાત સાંભળી નામના ઉઠાવનાર ફરામર્ઝે બખ્તર પેહેરી તે ઉપર તમામ હથ્યાર બાંધ્યાં અને બળના આતશની મીસાલે ઘોડા ઉપર સવાર થઇ પાક યઝદાનને યાદ કરતો આગળ ચાલ્યો. તેની બરાબર શીહાદેવ ઘોડાની રેકાબ પકડી દોડતો હતો; એવામાં જંગલથી ગેરદ ઉડી ને પેલા બે વાઘ પોકાર મારતાજ આવી પોહોંચ્યા. તે વાઘના પોકારનો અવાજ સાતમાં આસમાન ઉપર ગયો અને તે બળા ભરેલાં જાનવર મસ્તી ને તોફાન કરવા લાગ્યાં, તે જોઇ નામદાર ફરામર્ઝ હોશઆખ્તે જેવો થઇ ગયો ને શીહાદેવ ગાભરો પડીને એકતરફ ઉંચે જઇ ઉભો ફરામર્ઝે પાક યઝદાન પાસે મદદ માંગી શેતાબ પોતાની કમાન ઉપર એક ભારી તીર ખેંચ્યો ને પેલા નર વાઘનાં સીનામાં માર્યો. તે તીર તેનો સીનો વીંધીને બાહાર નિકળી ગયો પણ તે વાઘે છલાંગ મારી નામદાર ફરામર્ઝનાં તન ઉપર ચુંગાલ મારી, તેજ વખતે જંગી ફરામર્ઝે ઘોડાને ઓલાન દઇ એક બીજો તીર તેનાં પેટમાં માર્યો તેથી તે શેર નર એક પાહાડ મીસાલે જમીન ઉપર પડયો. તે પોતાની ચુગાલે કરી કેટલીક જમીન ખોદી નાખી પોકાર મારવા લાગ્યો, તેનો અવાજ સાંભળી કેટલાક ઇરાની પેહેલવાનો બેહોશ થઇ ગયા. તે નરેશેરની માદાએ પોતાના નરને જમીન ઉપર પડી પછાડ ખાતો દીઠો

ત્યારે તે વાઘણુ બે તીરવાર દુર ઉભેલી હતી ત્યાંથી છલાંગ મારી તે જંગી ફરામર્ઝના ઘોડા આગળ આવી કે ચુંગાલ મારી પણુ નામના ઉઠાવનારે ત્રીજો તીર કમાનમાં ખેંચી શેતાબ માર્યો કે તે તીર તે વાઘણુનું પેટ ફાડી બાહાર નીકળી ગયો; કે જંગી ફરામર્ઝે જેહાં-પેહેલવાન કેરશાસ્પની તલવાર ખેંચી એક જરબ જંગી હુનરથી તે વાઘણુ ઉપર મારી તે વાઘણુનું સર કાપી નાખ્યું. એ રવેશ તે નર માદા વાઘ માર્યાં તે જવાંમરદી અને હીંમત જોઇ શીહાદેવે આફ્રીન કીધી. જંગી ફરામર્ઝે અવાજ મારી કહ્યું કે "ઓ કાચી હીંમતના! તું દુર જઇને શું તમાશો જોય છે? શેતાબ નજદીક આવ, અને વાઘોનાં તનનાં ચામડાં, દાંત તથા નખ કહાડી લે અને એ અચ્છાં ગોશતનો તું જરા નાસતો કર." એ સખુન સાંભળી શીહાદેવ દોડતો આવ્યો. તેણે કેટલીક દુવા કરી તે નામદારના હુકમ મુજબ કામ કીધું અને નામદાર ફરામર્ઝે પાણીનાં ચશમા આગળ જઇ પોતાનું તન પાક કરી, તે પાક યઝદાનની કેટલીક મુનાજાત કીધી. તે ત્યાંથી પોતાનાં લશકરમાં આવીને ખાણું ખાઇને શરાબની જામ નોશ કરવા લાગ્યો. જ્યારે શરાબે ખુશીમાં આવ્યો ત્યારે શીહાદેવને પોતાની નજદીક બોલાવ્યો ને પુછ્યું જે "હવે બીજા મુકામ ઉપર શું બળા આવશે?" શીહાદેવે જવાબ દીધો, જે "એ વરૂ ઘણા જબરદસ્ત આવશે. તે કદમાં હાથી બરાબર છે. તનના બાલ સખત તીર મીસાલે અણીદાર છે. તેના સર ઉપર શીંગડાં છે તે ચિનારનાં ઝાડ મીસાલે મોટા છે. તેના મોહ-ડાંના દાંત હાથીના દાંત મીસાલે બાહાર નીકળેલા છે. તે એવા તો દરામણા છે કે તેઓ આગળ કોઇથી જઇ શકાતું નથી." એ સાંભળી તે નામદારે કહ્યું કે "ઓ જોરેમંદ દેવ! હું પાક યઝદાનની મદદથી તે નાપેકાર બળાઓને શેતાબ ખાક બરાબર કરી નાખીશ."

માર્યાં વરૂ ને ગુલદેવ હફતેખાનના બીજા તથા ત્રીજાં મુકામ ઉપર જંગી ફરામર્ઝે તે હકીકત.

——:o:——

આફતાબ રોશન થયો ત્યારે નામદાર ફરામર્ઝે પોતાનાં તમામ લશકરને તૈયાર કીધું અને પોતે હથ્યારબંધ થઇ ને લોહડાંની પાખરના ઘોડા ઉપર નરેશેરની મીસાલે સવાર થયો. તે નામદાર પોતાનાં લશકરની હરોલમાં ચાલ્યો ત્યારે તેની બરાબર રાહનો દેખાડનાર શીહાદેવ પોતે હતો. હફતેખાનનાં બીજાં મુકામ ઉપર તે નામદાર પોહોંચ્યો ત્યારે આફતાબ ગોરબ થવાનો વખત નજદીક આવેલો હતો તેથી જંગી ફરામર્ઝ પેલાં વરૂની લડાઇના વીચારમાં પડયો, એવામાં પેલા બે વરૂ જંગલની તરફથી મસ્ત હાથી મીસાલે જોસથી પોકાર મારતાં આવ્ય; તેજ વખત જંગી ફરામર્ઝે ચાંચી કમાન ઉપર ઝેરી પાણી પાવલો એક તીર જે ઘણો મોટો હતો તે ચહડાવી શેતાબ નર વરૂનાં કાનમાં માર્યા. તે તીર કાન વીંધીને બીજા કાનના રાહે બાહાર નીકળી ગયો તેથી તે વરૂ જમીન ઉપર પડી પછાડ ખાવા લાગ્યું. એવામાં તેની માદા દોડતી આવી તે જોઇને બીજો તીર તે નામદારે તે માદાનાં પેટ ઉપર માર્યા, તેથી તેનું પેટ સીવી લીધું. પેદરપે બીજા કેટલાક તીર તે બે જ્યાંગાર વરૂ ઉપર માર્યા. તેથી તે નાપાક દરંદાના પલીદ જીવ નિકળી ગયા. ત્યારે અવાજ મારી તે જંગીએ શીહાદેવને કહયું કે "તું દુર જઇ શું જોય છે? શેતાબ નજદીક આવી એ બળાનાં સર ઉપરનાં સીંગડાં તથા પંજાના નખ કાપી લે, કે આપણે ઇરાન જમીન જઇશું તે વખતે પાક તનના પાદશાહ કેખુશરોને દેખાડશું." એ રવેશ હુકમ ફરમાવી પોતે પાણીના ચશમા ઉપર જઇને ગોશન્ન કીધું અને પાક યઝદાનની દરઘાહે તે નામદારે મુનાજાત કરી કહ્યું કે "ઓ કુદરતના હકતાલા સાહેબ! મને જોર

તથા હીમત તેં પોતે બક્ષી છે, તેથીજ હું વાઘ તથા વરૂ ઉપર ફતેહ પામ્યો. ઓ સાહેબ! જે શખ્સની ઉપર તારી મેહેરબાનીની ઘણીજ હોય તે શખ્સ કદી ખુહાર થનાર નથી પણ જેને તું ખુહાર કરવા ચાહે તેને બીજો શું મદદ કરી શકે? ઓ સાહેબ! એ તારાં કામનાં ભેદને કોઇ પીછાણી શકયું નથી. તમામ જેહાનનો દાદખાહ તું પોતે છે. તેથી હવે ત્રીજા મુકામ ઉપર તું મારી નેઘાહ રાખજે." એ રવેશે મુનાજાત પહડી ફારેગ થઇ પોતાનાં લશકરમાં આવ્યો. તે તરફ પેલાં વરૂઓ મુવેલાં જોઇ તમામ ઇરાની તથા જાબુલી નામદારોએ ફતેહમંદ ફ્રામર્ઝ ઉપર આફ્રીન કીધી. રાત ગુજરી બામદાદ થઇ ત્યારે તમામ લશકર લઇ તે નામદારે આગળ કુચ કીધી. તે લશકરની હરોલમાં શીહાદેવ પાહડ મીસાલે પોતાના સરદાર ફ્રામર્ઝ બરાબર ચાલતો હતો. નામદાર ફ્રામર્ઝે શીહદેવને પુછ્યું કે "ઓ રાહના બતાવનાર! હવે આપણને શું બળા મળશે?" શીહાદેવ બોલ્યો "ઓ શેરની વજનના કરનાર! આ મુકામમાં એક ભારી દેવ જાદુઇ ભરેલો આવશે, તે એટલો ઉંચો છે કે તેનું સર આસમાન બરાબર જઇ મળેલું છે. તેનું મસ્તક એક ગુંબજ કરતાં મોટું છે. તેના તનના બાલ કાળા શીખ છે. તેનું મોહડું હલડ મીસાલે પીળું છે. તે કમરમાં બારીક છે. તે જોરમાં ચીનનાં દરીયાવમાંથી મગરમછને પકડી બાહાર ખેંચી કહાડે છે અને હવા ઉપરથી ઉડતાં મોર્ગને પકડી તે નીચે લાવે છે. જેહાન દરમ્યાન તેની બરાબરી કરનાર આજ કોઇ નથી." એ રવેશે શીહાદેવ નામદાર ફ્રામર્ઝને કેહતો હતો તેવામાં જંગલની તરફથી એક ભારી પોકાર ઉઠ્યો ને બળાના વાદળ મીસાલે એક ભારી દેવ આવી પોહોંચ્યો. તે દેવ એક મીનારા મીસાલે ઉંચો હતો. તેણે આવી કહ્યું કે "ઓ જાબુલી સવાર! મારૂં નામ ગુલદેવ છે. તું મને પીછાણતો નથી કે શીહાદેવનાં કહ્યા ઉપરથી એ તરફ આવ્યો? પણ જીનહાર તું સાલામત જવાનો નથી." એ સખુન સાંભળી શેરદેલ ફ્રામર્ઝે જેહાંપેહેલવાન નરીમાનની કમાન ઉપર ચીલો ચહડાવ્યો અને એક પોલાદનો ઝેરી તીર ખેંચી તે દેવ ઉપર માર્યો. તે તીર બદ-

આવી તે દેવે શેતાબ એક ભારી ચેનારનું ઝાડ જમીનથી ઉખેડી કહાડયું અને તે નામદાર ફરામર્ઝ ઉપર માર્યું. તેના જરબથી તે નામદારનો ઘોડો ખાકમાં પડે તે આગળ તે પેહેલવાન શેતાબ ચીત્તા મીસાલે કુદી જમીન ઉપર ઉભો અને તલવાર ખેંચી એક હુમલો તે દેવ ઉપર કીધો પણ તે દેવ એટલો તો ઉંચો હતો કે નામદાર ફરામર્ઝ તેની કમર સુધી આવી રહ્યો તેથી ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લઇ તલવારનો એક બીજો જરબ તે દેવના પગ ઉપર માર્યો તેથી તે નાપેકારનો એક પગ કપાઇ ગયો તો પણ તે દેવ એક પગે લડાઇ કરવા લાગ્યો. તે દેવે જંગી ફરામર્ઝ ઉપર ચુંગાલ મારી, કે તે નામદારને ફાડી નાખે. તે જોઇ ફત્તેહમંદ ફરામર્ઝે શેતાબ પાક યઝદાનનું નામ લઇને પોતાના એક હાથે તેનો પગ પકડયો ને બીજે હાથે તેને કમરમાંથી ઉચકીને શેતાબીથી જમીન ઉપર પટકી નાખતાંજ ઝેરી ખંજરથી તે દેવનો સાનો ચીરી નાંખ્યો અને તેનું સર ગોરપંદ મીસાલે આશાનીથી કાપી ફેંક્યું. શીહાદેવે નામદાર ફરામર્ઝની એ રવેશની મરદાનગી જોઇ, ત્યારે તેણે તે ઉપર બેશુમાર આફ્રીન કીધી. નામદાર ફરામર્ઝ આ ફતેહ પામીને એક તરફ જઇને પાક પરવરદેગારની બંદગી કરવા બેઠો કે "કુલ જેહાન પેદા કરનાર બારેતાલા! તેં મને આ બુરાન્દેશ ઉપર ફત્તેહ આપી છે, તેવી હમેશાં મુદઇઓના મેદાનમાં ફત્તેહ આપજે." એ રવેશે ઘણીક મીનત તથા આજીજી કરી પોતાનું સર તે નામદારે ખાકમાં મસળવા લાગ્યો; એવામા ત્યાં તેનું તમામ લશકર તથા જંગી નામદારો આવી પોહોંચ્યા તે પેલા ગુનેહગાર ભારી દેવને મુવેલો પડેલો જોઇ અજબ થવા લાગ્યા અને તે નામદારનાં જોર તથા કૌવત ઉપર આફ્રીન કરવા લાગ્યા. બીજે દહાડે નામદાર ફરામર્ઝે હોકમ કરી લશકર આગળ ચલાવ્યું. પછી શીહાદેવને તે નામદારે પુછ્યું કે "ઓ રાસ્તી સખુનના બોલનાર વફાદાર દેવ! હવે પછીના મુકામ ઉપર શું બુરી બળા નજર આવશે?" શીહાદેવે દુવા કરી કહ્યું કે "ઓ હીંદુસ્તાનના નેક પાદશાહ! હવે પછીના મુકામ ઉપર રેતીની

જમીન નદીની મીસાલે આવશે. તે રેતીનું જંગલ પસાર કરી જવું પડશે. ત્યાં નથી પાણી, નથી ઝાડ, નથી ખાધાનો ખોરાક કે જાનવરોનો ચારો. તે જમીનની રેતી એવી તો ગરમ છે કે આપણા કુલ તનની ચામડી બળી જશે. તે રેતીનાં રણમાં કોઇથી ચલાશે નહીં. એવી ગરમ રેતીમાં ત્રણ દહાડા સુધી ચાલવું પડશે. તેમાં એવી કરામત છે કે દુરથી તે રેતીનું રણ ગોયા વેહેતી નદી મીસાલ હોય તે રવેશ નજર આવે છે છે પણ આગળ જઇ જોતાંજ તો આતશના શોલાહ ફુંકતી જળની ગરમી છે. ઓ નામદર! તે રેતીનાં રણનો મોટો અંદેશો લાગે છે કે, એવી ગરમીથી આપણે કેમ બચશું? ત્યાં કંઇ લડાઇનું મેદાન નથી કે લડાઇ કરી ગુજર કરેં. ત્યાંથી પાર પડી આગળ ચાલશું ત્યારે એક ભારી પાહાડ નજર આવશે. ત્યાં એક ડરામણી ખાહી ઘણી મોટી છે તે દરાહનો જે રસ્તો છે ત્યાં એવી તો ઠંડી ને બરફ વરસે છે કે માણસજાતના તમામ હાથ પગ બંધાઇ ઠરી જાય છે. ત્યાં અંધારી રાતની મીસાલ તે બરફમાં કંઇ પણ નજર આવતું નથી. ત્યાં ખાધા તથા પીવાનું કંઇ મળતું નથી. ત્યાં સુવા કે ઉભું રહેવાની કોઇ જગ્યા નથી. રાત દહાડો બરફ શિવાય ત્યાં બીજું કંઇ નથી. એ મીસાલ શીહાદેવે જંગી ફરામર્ઝને હફતેખાનની બળા કહી તે વાત બીજા પેહેલવાનો સાથે હતા તેઓ સાંભળી ઘણા દલગીર થઇ ગયા. તેઓનાં મોહાડાં ઉપરથી રંગ ઉડી ગયો અને કહેવા લાગ્યા કે "ઓ સરના તાજ! તું પોતે દાનાવ દુરબીન અકકલનો દરીયાવ છે. અમે ગોસ્પંદનાં ગોવાળાનો તુ પાસબાન છે પણ આ વખત તારાં દીલને એવી આફતમાં ના હોમાવ. એ કાંઇ વાઘ કે વરૂ કે અઝદાહ નથી કે તે સાથે તું લડાઇ કરશે ને મારશે? ઓ નામદાર પેહેલવાન! એ જીયાંગાર રાહથી દુર રેહે ને બીજે રસ્તે ચાલ." એ તમામ સખુન સાંભળી જંગી ફરામર્ઝે જવાબ દીધો, કે "તમો જંગીઓને એવી વાત બોલવી સજાવાર નથી. જે દાનાવ મરદાનેમરદ જંગી હોય તે બરફ ને ટાહાડથી કંઇ ડરતો નથી. આપણા જીવ તથા તનનો પાસબાન તે સાહેબ છે, કે જેણે આપણને પેદા કરીને દાનાઇ,

બુઝરગી તથા કૌવત બક્ષ્યું છે તો તેજ સાહેબ એવી જગ્યાથી આપણુને આશાન રાહ બતાવશે. આપણા નસીબમાં જે કંઇ ભલું યા બુરૂં લખ્યું હશે તે જીનહાર બન્યા વગર રહેવાનું નથી. તેમાંથી ગમે એવા ચારાથી પણ કમજીયાદા થતું નથી. જો આપણું મોત બરફ કે ઠંડીથી હશે તો એ જગ્યાથી બચવાના નથી. એટલી રંજ ખેંચીને હયાં આવ્યા તો ફીકર કીધાથી શું બનનાર છે?" તેથી બીજા સરદારોએ જવાબ દીધો, જે "ઓ નામદાર! અમો તો તારા જીવનો ગમ ખાઇને એટલા સખુન બોલ્યા છીયે પણ જે જગ્યા તારૂં કદમ તે જગ્યા અમારો જીવ હાજર છે. જયાંસુધી અમારા તનમાં જીવ છે ત્યાંસુધી અમો તારા હુકમને તાબે છીયે. તું નામદાર સપેહસાલાર ઉપર અમારો જીવ કુરબાન છે." એ સખુન સાંભળી જંગી ફરામર્ઝ પોતાના નામદાર સરદારો ઉપર બેશુમાર ખુશ થયો; તેણે તે ખુશીમાંજ પોતાનું જંગી લશકર આગળ ચલાવવાને હુકમ ફરમાવ્યો.

એ ઉપર શાહેર એમ લખી જાય છે, કે "ઓ ખાકી બંદા! જે શખ્સ ઉપર ખોદાતાલાની મેહેરબાની હોય તે તમામ જગા ફત્તેહમંદ થાય. તું જો કે જેહાંપેહેલવાન રૂસ્તમના બેટાએ પોતાના તન ઉપર જે રવેશની રંજ ખેંચી તે તમામ રંજના બદલામાં મોટો ગંજ પામ્યો યાને આફતાબ મીસાલની રોશન ચેહેરાની મેહેબુબ તેના હાથમાં હાથમાં આવી અને કયામત તલક તે નામદારના ફતેહની યાદગારીની તવારીખ ચાલુ રહી ગઇ. ઓ ખાકી બંદા! તું પણ એ રવેશની રંજ ખેંચે તો પાક દાદાર તારી ચાહી મુરાદ બર લાવે ને તારા દીલનો તમામ ગમ બરતરફ થાય ને બન્ને જેહાનમાં તું રોશન દીલનો કેહેવાય."

પસાર કરી ચાલ્યો ફતેહમંદ ફરામર્ઝ હફતેખાનનાં ચોથા ને પાચમાં મુકામના ગરમી તથા બરફના જંગળો તે દાસ્તાન.

——:o:——

નામના ઉઠાવનાર ફરામર્ઝે શીધાદેવની બીના સાંભળી ત્યારે હુકમ કરી સો ઉંટ ઉપર પાણીની મશકો ભરાવી અને સો ઉંટ ઉપર ખાધાનો ખોરાક ભર્યો, સો ઉંટ ઉપર ઘોડાનું ઘાસ તથા સો ઉંટ ઉપર દાનો ભરી આગળ ચાલ્યો. ગરમ રેતીના રણમાં જઇ પોહોંચ્યો ત્યારે દુરથી તે રણ દરીઆવ મીસાલે રોશન દેખાયું, પણ આગળ ગયા ત્યારે તેમાંથી આતશના શોલાહ નીકળવા લાગ્યા. તે રેતીમાં ઘોડાનાં પગ ગરી ગયા અને જેમ ગરમ તંદુરમાં ગોશની લટાંગરી લાલ થાય તે મીસાલે તે જાનવરોના પગ બળવા લાગ્યા. એવી તો ગરમી પડવા લાગી, કે મોહમાંથી ઝબાનમી બાહાર નીકળી પડી. તે ગરમીમાં કેટલુંક લશકર બેહોશ થયું. કોઇને આગળ ચાલવાની તાકત રહી નહીં. તે ગરમીથી નામદાર ફરામર્ઝ પણ આજેજ થઇ ગયો. તે નામદારને આગળ જવાની બીલકુલ તાકાત રહી નહીં ત્યારે તે પાક યઝદાંની આગળ મુનાજાત પહડી તે રાદથી ફારેગ થવાને ફત્તેહમંદી માંગી. તે અરજ સાંભળી કુદરતના સાહેબે મેહેર ભરી તેની દસ્તગીરી કીધી તેથી આતશના શોલાહની ગરમી થોડી થોડી સરદ થતી ચાલી. તેવા ત્રણ દાહડા ગુજરી ગયા ત્યારે ગરમ રેતીનાં રણથી પસાર થયા. ત્યાંથી આગળ ચાલ્યા ને હફતેખાનનાં પાંચમાં મુકામ ઉપર જઇ પોહોંચ્યા ત્યારે તે જગા દુરથી એક પાહાડ નજર આવ્યો. તે પાહાડની વચમાં થઇને આગળ ચાલવાનો રસ્તો હતો ત્યાં લશકરે મુકામ કીધો; રાતનો વખત થયો ત્યારે એકાએક શીહા વાદળ થઇ આવ્યું અને વંટોળ્યાનો તુફાની પવન નીકળ્યો અને તે હવા ઉપરથી બેશુમાર બરફ વરસવા લાગ્યું. તે બરફ એટલું તો વરસવા

લાગ્યું કે તેની થંડીથી તમામ લશકરના હાથ પગ તથા ઝબાન બંધ થઇ ગઇ અને કોઇને બોલવાની તાકાત રહી નહીં. તમામ ઘોડા તથા ઉંટ તથા હાથીનો પણ એજ હાલ થયો; એવી રસ્તાખેજથી તે નામદાર ફરામર્ઝ પોતાની આંખમાંથી આંસુના કતરા વરસાવા લાગ્યો. તેણે એક તરફ જઇ પાક યઝદાંન પાસ સર ખાકમાં મેળ્યું કે "ઓ સાહેબ! આ જાદુઇ ભરેલા બરફમાંથી તું મારી મારાં લશકર સાથ નેધાહ રાખ. એ આફત મારી ઉપરથી દુર કર! એવી બળા ભરેલી ઘણીક જગા તેં મને બચાવ્યો તો હવે એ વખતમાં પણ તું મારી યારી કર!" એ રવેશે મુનાજાત કીધા બાદ બુઢા જાલેજરથી જાદુઇ તોડવાની શીખવેલી નિરંગ યાદ કરી પઢડ્યો તેના બરકતથી દાદગર દાદારની બક્ષેસ થઇ અને તે તોફાની પવન તથા બરફ દુર થઇ ગયું ને બામદાદનો વખત થયો ત્યારે તમામ લશકરે જમીન ઉપર પડેલાં બરફને એક તરફ કરીને આગળ ચાલવાની રાહ લીધી. એ દાહડા ત્યાં આરામવશ લેવા પછી નામના ઉઠાવનાર ફરામર્ઝે લશકરને આગળ ચાલવાનો હુકમ કીધો અને શીહાદેવને જંગી ફરામર્ઝે પોતાની આગળ બોલાવી પુછ્યું કે "ઓ નામદારી ભરેલા સફેદ દેવના વફાદાર બેટા! તું મારી આગળ રાસ્તી બોલ, કે હવે પછીના મેદાનમાં શું બળા આગળ આવશે અને તે જમીન શી રવેશની છે?" શીહાદેવે જવાબ દીધો, કે "ઓ નામના ઉઠાવનાર! હવે પછી જ્યાંગાર કગરદન જાનવર આવશે; તે ઘણું બુરૂં ને જબરદસ્ત દેવની શાકલનું છે. તેનાં સર ઉપર મોટાં શીંગડાં છે. તેના પગ સીંહ મીસાલનાં છે. તે જોવામાં ઘણું દરામણું છે. તેના તન ઉપર બાલ રંગ બેરંગીન છે. તે કગરદન દેવથી તમામ જંગલના શેર ડર ખાઇ નાસે છે. તે જ્યાંગાર દેવથી હું પણ આજેજ થઇ ગયલો છું." એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝ ખુબ હસવા લાગ્યો.

લડાઇ કીધી હફ્તેખાનના છઠા તથા સાતમાં મુકામમાં નામદાર ફ્રામર્ઝે કગરદન દેવ તથા જબરા અઝદાહ સાથે તે દાસ્તાન.

——:o:——

નામદાર ફ્રામર્ઝ હફ્તેખાનનાં છઠા મુકામ નજદીક આવી પોહોંચ્યો એવામાં જંગલની તરફથી એક ડરામણો પોકાર ઉઠયો તે સાંભળતાંજ શીહાદેવે જોરેમંદ ફ્રામર્ઝને કહ્યું કે "ઓ નામદારી ભરેલા સરદાર! તું હુશ્યાર રેહેજે કારણ કે પેલો જીયાંગાર કગરદન દેવ આવી પોહોંચ્યો તેથી હું તો હવાંથી એક ખુનામાં છુપો થઇ બેસું છું." એ રવેશે કેહેતાંજ શીહાદેવ દુર ગયો અને શેરની હીમ્મતના ફ્રામર્ઝે પોતાની ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લીધું. તે નામદારે ઘોડાને એડ મારી આગળ ચલાવ્યો. તે જોસમાંજ કગરદન દેવ સામે આવ્યો. તે નાપાકની શીકલ જોઇને જંગી ફ્રામર્ઝ ધ્રુજવા લાગ્યો. તે જંગી પોતાના મન સાથ કહેવા લાગ્યો કે એ મીસાલ ડરામણો દેવ કોઇ બીજો મારા જોવામાં આવ્યો નથી. એ રવેશ તે નામવર વીચાર કરતો હતો, એવામાંજ પેલા દેવે પવનની મીસાલ જોરેમંદ ફ્રામર્ઝ સામે આવતાં પોતાના સરનું શીંગડું તેના ઘોડાના પેટમાં માર્યું તેથી તે ઘોડાનું પેટ ચીરાઇ ગયું અને ઘોડો ખાકમાં પડયો. તે જોઇ જંગી ફ્રામર્ઝ શેતાબ કુદી જમીન ઉપર ઉભો. તેણે હીંમત પકડી તલવાર મ્યાનથી ખેંચી જોરથી પોકાર મારી તે દેવની ભારી ગરદન ઉપર તે તલવારનો જરબ એવો સફાઇથી માર્યો કે તેનાં તન ઉપરથી સર દડીની મીસાલે ઉડી ગયું ને તે નાપેકાર ડરામણી શીકલનું જાનવર જમીન ઉપર પડયું. એ જવાંમરદી ને હીંમત જોઇ શીહાદેવ શેતાબ દોડતો નામદાર ફ્રામર્ઝની નજદીક આવી દુવા કરી કહેવા લાગ્યો, કે "ઓ નામદાર! દુનિયા દરમ્યાન મને ઘણી ઉમર ગુજરી છે અને આજે હું જઇફ થવા આવ્યો છું

પણ તારી મીસાલની લડાઇ તથા હુન્નર મારા જોવામાં આવ્યાં નથી." ગરદનફરાજ ફરામર્ઝે હુકમ કીધો કે "એ કગરદન દેવનાં સર ઉપરનાં શીંગડાં ભાંજી લે." એટલું કહી પોતે પાક યઝદાંન નજદીક ખાકમાં પોતાનું સર મેલીને કેટલીક મુનાજાત કીધી. ત્યાં તમામ ઇરાની લશકર આવી પોહોંચ્યું ને દેરા મારી મુકામ કીધો ત્યારે રાહની હાકથી આશાયશ કરી ખાણું ખાધું. નામદાર ફરામર્ઝ મિજલસ કરી તમામ ઇરાની તથા જાબુલી નામદારો સાથે શરાબ પીતા બેઠો અને અરધી રાત સુધી રામશની કીધી. એમ કરતાં શીહા કાગડો નાબુદ થયો અને રોશન બાઝ જાનવરે પોતાનાં પર વીખર્યાં યાને રાત ગુજરી ને બામદાદનો વખત થયો ત્યારે તમામ લશકરે આગળ કુચ કીધી. સપેહસાલાર ફરામર્ઝ ઘોડા ઉપર સવાર થઇ આગળ ચાલ્યો. તેની બરાબર બાજા નામદારો શીહાદેવ સાથે ઘોડા ચલાવતા હતા. ફત્તેહમંદ ફરામર્ઝે શીહાદેવને પુછ્યું કે "ઓ વફાદારી ભરેલા નામદાર! હવે આપણી નજદીક શું આવશે?" શીહાદેવે જવાબ દીધો, જે "એક ભારી સરકસ અઝદાહ આવશે. તે અઝદાહ નથી ગોયા તે એક ભારી શરકસ દેવ અઝદાહની શીકલનો થઇ બેઠો છે. તે અઝદાહને હાથ તથા પગ છે ને વળી સર ઉપર સીંગડાં છે! તેનાં મોહોડાંમાંથી આતશનો ધુંવાડો નિકળે છે. તે પોતાના દમના જોરથી એક તીરવાર દુરથી માણસને ખેંચી લઇ ગળી જાય છે. તે સરકસ અઝદાહ દેવ તમામ જેહાનને ખરાબ કરે છે. તે વાઘ મીસાલ બોલે છે અને લડાઇ કરનારો જબરદસ્ત છે. ઓ નામદાર સરદાર! હવે પછી બીજી બળા આગળ મળવાની નથી. એ સરકસ દેવ અઝદાહના ચુંગાલથી સલામત આ હફ્તેખાનના મુકામથી પાર પડશું તો તારાં કામમાં કશી વાતની હરકત છેજ નહીં. આ હફ્તેખાન તુટાથી ઓ નામદાર ફરામર્ઝ! તારૂં નામ અને કીર્તી તમામ હફ્તેકેશવર જમીનના પાદશાહોની દરઘાહમાં જાહેર થશે." એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝે જવાબ દીધો કે "એવા અઝદાહ મેં ઘણા દીઠા છે ને ઘણા માર્યા છે. હીંદુસ્તાનના મુલકમાં એક જીયાંગાર ભારી અઝદાહ માર્યો છે. તેનું નામ મારજોશા

હતું. તેની બરાબર કોઇ બીજો અઝદાહ પેદા થયો પણ નથી ને થશે પણ નહીં; તેવા અઝદાહ મારે દસ્ત માર્યા ગયા તો એ અઝદાહ શા હીસાબમાં છે? એ બુરી બળા મારા હાથથી સલામત રહેવાની નથી." એ રવેશે ગોફ્તેગોમાં ચાલતાં તે જંગી હફ્ખાનના સાતમા મુકામ ઉપર જઇ પોહોંચ્યો ત્યારે ત્યાં જોય શું કે કેટલાક કોસ સુધી તમામ જમીન બળી ગયલી જ્યાં ઝાડ પાણ નામે નહીં હતાં. તે જોઇ જંગી ફરામર્ઝે પુછ્યું કે "આ જગ્યા એ રવેશની વેરાન કેમ છે?" શીહાદેવે કહયું કે "પેલા અઝદાહની ઝેરી ફુંકથી એ જગ્યા બળી ખાક થઇ વેરાન પડી છે નદીના પાણી ઝેરી ને સુકાઇ ગયાં છે ને તમામ જમીન બળી શીદા થઇ ગઇ છે. તે જાલમ અઝદાહનો મુકામ એક પાણીના ચશમા આગળ છે" એ સખુન સાંભળી નામદાર ફરામર્ઝે તે ચશમા તરફ પોતાનો ઘોડો ચલાવ્યો અને તે સરકસ અઝદાહ દેવની શોધ કરવા લાગ્યો. જેવો નાપાક અઝદાહ દેવની શીકલનો દુરથી નજર આવ્યો ત્યારે તેનાં મોહમાંથી આતશના શોલાહ નીકળતા હતા તે આસમાન તલગ ઉંચે જતા હતા. તે અઝદાહ હેંસી વામ લાંબો હતો અને કદમાં પાહાડ મીસાલે બુલંદી ભરેલો હતો. એવું જીયાંગાર જાદુઇ ભરેલું જાનવર જોઇ સપેહસાલારે ઝબાન ઉપર પાક યઝદાનનું નામ લીધું અને પોતાના નેયાગાન નરીમાનની કમાન ઉપર જેહાંપેહેલવાન સામેસવારનો તીર ખેંચી તે નાપેકાર અઝદાહના મોહડામાં માર્યો. તે તીર તેના મોંહ બદલે તેના પેટમાં પેવશ થઇ ગયો, તે જોઇ બીજો તીર તેનાં સરમાં માર્યો જે તીરથી બેશુમાર લોહી જારી થયું. એ રવેશ પેદરપે કેટલાક તીર માર્યા તેથી તે નાપેકાર અઝદાહ સુસ્ત થઇ ગયો અને જમીન ઉપર પડી પછાડ ખાવા લાગ્યો. તે નાપેકાર અઝદાહનાં ઝેરથી જંગી ફરામર્ઝનો ઘોડો ચાલાક પાઉં થઇને નાહાસવા લાગ્યો તેથી નામના ઉઠાવનાર ફરામર્ઝે શેતાબ ઘોડા ઉપરથી નીચે ઉતરી પોતાનો પંદર વામ લાંબો ઝેરી નેજો ઉઠાવ્યો અને તે નેજાની નોક અઝદાહની આંખમાં મારી

શેતાબ તે દેવજાદને આંધળો કીધો, પછી તેણે તલવાર ખેંચી તે નાપાકના તનના તુકડે તુકડા કરી નાખ્યા. એ રવેશે તે અઝદાહની શીકલના દેવને મારેલો જોઇને જોરેમંદ શીહાદેવે તથા બીજા નામદાર પેહેલવાનોએ જંગી ફરામર્ઝ ઉપર આફ્રીન કીધી. તે જંગલમાં કુલ લશકરના દેરા નાખ્યા. પછી નામનો ઉઠાવનાર ફરામર્ઝ પાક યઝદાનની દરઘાહમાં મુનાજાત કરવા બેઠો, કે "ઓ અજીમ કુદરતના સાહેબ! જે મીસાલે તેં આ બીકત રાહમાં મારી યારી કીધી, તેજ મીસાલે હવે પછી પણ મને તું ફતેહમંદી આપજે. હું એક કમીનો ખાકી બંદો છું તેને આ નાપાક બળા ઉપર ફતેહમંદી બક્ષનારો તું પોતે છે. ઓ સાહેબ! એવીજ મેહેરબાની હરદમ મારા જેવા ખાકી બંદા ઉપર કરી મને નેઘાહ રાખજે કે જેથી મારા ગુજરી ગયલા નેયાગાનો બેહેસ્તમાં ખુશી થાય." એ રવેશથી કેટલીક મુનાજાત કરી તે ફારેગ થઇ દેરામાં આવી મિજલસ સમારી બેઠો. તે વખતે તમામ લશકર પણ આશાયશમાં તંદરોસ્ત થયું. પછી નામદાર ફરામર્ઝે હોકમ કીધો તેથી હાથીની પીઠ ઉપર નગારાં બાંધ્યાં અને આગળ કુચ કીધી. એમ કરતાં પરીઓના પાદશાહ ફરતોરતુસના મુલકની સરહદ સુધી આવી પોહોંચ્યા. તે શેહેર ત્રણ દાહડાની મંજલ દુર રહયું કે ત્યાં નામદાર ફરામર્ઝે એક ખુબ મેવા ભરેલાં ખુશનુમા કુશાદે મેદાનમાં પોતાનાં તમામ લશકરને મુકામ કરવાનો હુકમ કરી દેરા તણાવ્યા.

ખબર થઇ પાદશાહ ફરતોરતુસને નામદાર ફરામર્ઝના આવ્યાની ને ચોગાનબાજી ખેલી તે જંગીએ તે પાદશાહ સાથે તે હેવાલ.

—:o:—

આ નામાંનો જોડનાર શાહેર લખી જાય છે કે પરીઓના પાદશાહ ફરતોરતુસને ખબર થઇ કે હીંદુસ્તાનનો પાદશાહ ફરામર્ઝ હફતેખાનની રાહે ત્યાંની તમામ બળાઓને મારી આવી પોહોંચ્યો. એ ખબરથી પાદશાહ ફરતોરતુસ ઘણો અજબ થવા લાગ્યો, કે દુનિયામાં એની બરાબરીનો કોઇજ નથી. એવી મોટી જાદુઇ ભરેલી બીકટ રાહથી એ નહીં ડર્યો તો હવે તે કોઇથી પણ જીનહાર ડરનાર નહીં. એ જંગી સાથે દુશમની કરૂં તો નાહક જીવની ખરાબી થશે. એ જાબુલી નામવરની પાસે ખોદાઇ અજમત છે તેથીજ આશાનીથી તમામ લશકર સાથે હફતેખાન રાહે આવી પહોંચ્યો! અગર કોઇ લોખંડના પાહાડ મીસાલનો જબરદસ્ત હોય ને તેણે આસમાનતું બખ્તર પેહેરેલું હોય તોપણ એ રાહે આવી શકે નહીં. હવે મારી પુરી ખાત્રી થઇ કે ખોદાની એના ઉપર પુરી બક્ષેશ છે, તેથી એ પેહેલવાન સામે એસ્તેકબાલ જવું જોઇએ. એ મીસાલે પાદશાહ ફરતોરતુસે પોતાના ખાસ અમીરો સામે ગોફ્તેગોહ કીધા બાદ હુકમ કીધો કે તમામ લશકર તૈયાર થાય. તે પાદશાહનું તમામ પરીજાદ લશકર જરી પોશાકમાં તૈયાર થયું. તેઓ શાદીનાં નગારાંના અવાજ કરતા ઇરાની લશકર સામે એસ્તેકબાલ ગયા. એ ખબર નામના ઉઠાવનાર ફરામર્ઝને થઇ કે પરીઓનો પાદશાહ નજદીક આવી પોહોચ્યો છે ત્યારે જંગી ફરામર્ઝેબી પોતાના તમામ નામદારોને તૈયાર કીધા. તે ભારી દબદબાથી પાદશાહ ફરતોરતુસની સામે ગયો. પાદશાહને દુરથી રોશન આફતાબ મીસાલે નુરભરેલો દીઠો કે પોતે શેર મીસાલ પાઉંપ્યાદો થઇ આગળ આવ્યો. તેને જોઇને પાદશાહ પણ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો કે તેઓએ એક બીજા સાથે બગલગીરી કીધી.

પરીના પાદશાહ જંગી ફરામર્ઝનો ચેહેરો, ગરદન તથા બાજુ જોઇ ઘણો ખુશી થયો. તમામ નામદારો એક બીજા સાથે મુલાકાત કરી પાછા ઘોડા ઉપર સવાર થયા ને પરીઓના પાદશાહનાં શેહેરમાં આવ્યા તે શેહેર નહીં હતું ગોયા સાતમા આસમાનના બેહેસ્તનો નમુનો હતો. ત્યાં તમામ વેહેતાં પાણી તથા મેવાથી ખીલેલા બાગ બગીચા હતા. ત્યાંની તમામ ઇમારતો સોનામાં ગોહર જડેલી હતી. પવન એવો હતો કે એકબારગી મુડદાંનાં તનનો ગયલો જીવ ફરી આવે એવી નાદર આબો હવા હતી. નવાં નવાં ખુશનુમા જાનવરો હતાં. પરી લોકો ઇરાની નામદારોનો ચેહેરો તથા દબદબો જોઇને અજબ થતા હતા. એમ કરતાં પાદશાહ ફરતોરતુસનાં મેહેલમાં આવ્યા. તે મેહેલ તમામ રોશનાઇ ભરેલો હતો. તે મેહેલની દીવાલ સોનાની એવી તો સફાઇ ભરી ચળકતી હતી કે જેમ આયનામાંથી આદમી નજર આવે તે મીસાલ તે દેવાલમાંથી શીકલ નજર આવતી હતી. તે મેહેલના દરવાજા ઉપર ગોહર તથા લાલ જડેલાં હતાં. ત્યાંની તમામ જમીન સંગેમરમરની હતી. તે ઉપર જરબફ્તી ગાલીચા બીછાવેલા હતા, જે ઉપરથી બેશુમાર કસ્તુરી તથા અમબર વગેરે તરેહવાર ખુશબોઇ નીકળતી હતી. તમામ જગા પરીજાદ બાંદી તથા ગોલામ શફ ખેંચીને ઉભેલાં હતાં. તે સરજમીન ને શેહેર ગોયા ખુબ ખુરરમ બેહેસ્ત હતું. એવી નાદર જગા સરફરાજ ફરામર્ઝે નજરે જોઇ બેહદ તાજુબ થયો. પછી પરીઓના પાદશાહે એક મિજલસ સમારી તરેહ તરેહવાર ખાણાં તથા મોર્ગ તથા મેવો લાવી હાજર કીધો ને ગોલાબની ખુશબોનો લાલ શરાબ મંગાવ્યો. ત્યાં ખુશ હલકની પરીજાદ ગાયરતોએ વાજીંત્રના રાગ શરૂ કીધા. એ રવેશે મેહેમાંનીમાં બેસી તમામ ઇરાની નામદારો ખુશાલી કરવા લાગ્યા ને પાદશાહોના પાદશાહ કેખુશરોની યાદમાં લાલ શરાબની જામ ઉઠાવવા લાગ્યા. ત્યાં શાકી લોકો શરાબ નામતાંજ મસ્તીમાં આવી હર તરફ ફરતા હતા. રામશગરોના અવાજ આસમાન ઉપર જતા તે સાંભળી શનીશ્ચર સેતારો

અદેખાઇ કરતો હતો અને શુકર શેતારો તે રાગ સાંભળીને નીચે આવવા ચાહતો હતો. તે મિજલસમાં નામદાર ફરામર્ઝે તથા બીજા જાણુલી નામવરોએ શરાબ પીધો તેથી તેઓના રોખશાર ગોલાબનાં ફુલ મીસાલે ખીલ્યા. ત્યાં તે મીજલસમાં હરેક તરફ જંગી ફરામર્ઝની જંગની વાત થવા લાગી, તે સાંભળી તમામ પરીજાદ લોકો દીલમાં ઘણુા હેરાન થવા લાગ્યા. એ મીજલસ તથા એ વાતને એક હફતો ગુજર્યો ત્યારે પાદશાહ ફરતોરતુસ પોતાના અમીરો સાથે ચોગાનબાજી અને દદીબાજીનો ખેલ રમવા શહેર બાહાર નીકળ્યો. તેની બરાબર શેરદિલ ફરામર્ઝ પણ મેદાનમાં નીકળ્યો. ત્યાં બે તરફથી જુદા જુદા સરદારો હાથમાં જરી કપડાંની દડી પકડીને એક બીજા ઉપર છુટી ફેંકવા લાગ્યા અને ચીત્તો હરણ ઉપર કુદે તે મીસાલે તે મોટાં મેદાનમાં કુદવા લાગ્યા, તેથી મેદાન ગેરદભરેલું થયું. પરીઓના પાદશાહના પરીજાદ જંગી મરદો દડીને ઉંચે નાંખતા તે ઇરાની સરદારો શેતાબ પકડી લેતા અને ઇરાની નામદારો જે દડી નાખતા તે પરીજાદોના હાથમાંથી છટકી જતી હતી. એમ કરતાં નામદારી ભરેલા ફરામર્ઝે એક દડી એવાં તો જોરથી આસમાન તલગ ઉંચે ફેંકી કે તે દડી તમામ માણસોની નજર આગળથી ગુમ થઇ પણ કોઇના હાથમાં આવી નહીં. એ રવેશ જોર ને કૌવત જોઇ પાદશાહ ફરતોરતુસે તે પેહેલવાન ઉપર આફ્રીન કીધી અને ખુશીનાં વાજીંત્રો વજડાવતો ત્યાંથી તે પાછો ફર્યો અને મેહેલમાં નામદાર ફરામર્ઝ સાથ મીજલસ સમારી બેઠો. તે રામશની ભરેલી મીજલસમાં રાત ગુજરી બામદાદનો વખત થયો ત્યારે પાદશાહ ફરતોરતુસે જંગી ફરામર્ઝને કહયું કે "આપણે મેદાનમાં શેકાર રમવા જઇએ." તે સાંભળી નામદાર ફરામર્ઝે તે પાદશાહને કહ્યું કે "હું તારા હુકમસર તૈયાર છું." એટલું કહી તેણે પોતાના તમામ શેકાર રમનારા દલેરોને તૈયાર કીધા અને પોતે શેકારી લેબાશ પહેર્યો. સર ઉપર રોશન સેતારાની મીસાલની વાંકી કોલાહ મેલી અને તમામ જંગી હથ્યાર બાંધી ઘોડા ઉપર સવાર થયો. તેનો દબ-

દયો જોઇ પાદશાહ ફરતોરતુસ અંદેશામાં પડયો. તે પોતેબી તેયાર થઇ પોતાના તમામ દલેરો સાથ શેકારઘાહ ચાલ્યો. આ વખત નામદાર ફરામર્ઝ તથા પાદશાહ ફરતોરતુસ બન્ને સાથે ઘોડા ચલાવતા એક ખુશનુમા ફરખે શેકાર ભરેલાં જંગલમાં જઇ પોહોંચ્યા, ત્યાં કેટલાંક ગોરખરો માર્યાં; એવામાં પાહાડની તરફથી એક ગોરખર દોડતું આવ્યું જે પછવાડે એક વાઘ લાગ્યો હતો. તે તમાશો જોઇ નામદાર ફરામર્ઝે શેતાબ કમાન ઉપર તીર ખેંચી નીશાન સર એવા તો હુનરથી પેલાં ગોરખરના સીનામાં માર્યો કે તેનો સીનો વીંધી તે તીર બાહાર નીકળીને પેલા વાઘની પેશાનીમાં દાખલ થયો! એ રવેશ તે નામદારે એક તીરે બે શેકાર માર્યા. તે જાણુલી હુનર ને તમાશો જોઇ પાદશાહ ફરતોરતુસે શાબાશનો પોકાર મારી બેશુમાર દુવા કીધી. તે શેકારઘાહમાં જંગી ફરામર્ઝના હાથ ઉપર સાત વાઘ માર્યા ગયા. તે દલેરની હીંમત જોઇ પાદશાહ ફરતોરતુસ ખુશી થયો કે જેહાન દરમ્યાન કોઇ બીજો દલેર નામદાર ફરામર્ઝ મીસાલ મળનાર નથી. એ ખુશીએ તે પરીજાદ પાદશાહ તાજાં ફુલ મીસાલ ખીલ્યો. નામદાર ફરામર્ઝ પણ પોતાનાં દીલ સાથે સમજતો હતો કે એ પાદશાહ મને તમામ જંગી વાતથી અજમાવી જોય છે. પછી ત્યાં મારેલા કેટલાક શેકારનો તમામ સરદારો સાંથે નાસ્તો કીધો. તેઓ કેટલાક દહાડા તે શેકારઘાહના જંગલમાં રહયા. પાદશાહ ફરતોરતુસ પોતાના તમામ નામદારો તથા શેરદિલ ફરામર્ઝને લઇ પોતાના શહેરમાં આવ્યો, ત્યારે પોતાના દાના વજીરે સાથે મસલહત કરવા લાગ્યો, કે "એ નામદાર પહેલવાને પરીઓની શાહજાદી શાદીમાં આપવી જોઇએ શા વાસ્તે કે એ નામદાર પોતાના દીલથી ખુબ દલગીર થતો હશે કે હજી તલગ આપણી શાહજાદીની કશી વાત મેં કીધી નહીં." દાનાઇ ભરેલા વજીરે જવાબ દીધો, કે "ઓ પાદશાહ! હવે એ જાણુલી પેહેલવાનને અજમાવી જોવાની કંઇ જરૂર નથી. એની બરાબરીનો કોઇ આજે બીજો પેહેલવાન નથી. એ નામદારને તારો દામાદ કરવો લાયક છે. ઓ પાદ-

શાહ તારી પાદશાહીને લાયક એવો સરફ્રરાજ જબરદસ્ત તને આવી મળ્યો તો હવે એ નેક કામમાં ઢીલ નાખવી બીલકુલ સજાવાર નથી."

શાદી કીધી પાદશાહ ફ્રરતોરતુસે પોતાની બેટીની જંગી ફ્રરામર્ઝ સાથ તે દાસ્તાન.

——o::——

પાદશાહ ફ્રરતોરતુસ પોતાના બુઝર્ગ વજીરની ઝબાનથી મસલેહતની નેક સખુન સાંભળી તાજાં ફુલ મીસાલે હસ્યો. તેણે મીજલસ સમારી તેજ વખત પાદશાહી નજુમીઓ બોલાવી હુકમ કીધો કે "મારી બેટીનાં તથા ફ્રરામર્ઝનાં તાલેના સેતારાની ચાલ નજર કરો ને આગાહીના ભેદ વરતો કે એ જાબુલી નામદારથી શું ખુબી નજર આવશે?" ત્યારે નજુમીઓએ નજુમને જોરે વરતારો કીધો તે જોઇ ઘણાજ ખુશી થયા. તેઓ બોલ્યા "ઓ નેક રોશન તાલેના પાદશાહ! તારી બેટી આરજોય પરી એ નામદાર પેહેલવાન સાથે નેક સેતારાનું જોડું છે. એ રોશન તાલેના જોડાંની પીઠથી એક બેટો થશે, તે તાજ તથા તખ્તને જેબનો દેનાર નીકળશે. તે તમામ જેહાંનને રોશન કરશે ને ભારી નામ ઉઠાવશે." જ્યારે નજુમીઓની ઝબાનથી પાદશાહ ફ્રરતોરતુસે એવી વધાઇની વાત સાંભળી ત્યારે તે ખુશી થયો. તેણે તેજ વખત એક ભારી ગંજનો દરવાજો ખોલ્યો, તેમાં તમામ લાલ, ગોહર, મોતી તથા સોનાંની અશરફી હતી. તે સામાનના એકસો ઊંટ ભર્યાં તથા સો ગોલામ તથા બસો બાંદી રોશન ચેહેરાની તથા એક હજાર ઘોડા સોનેરી સાજના એ ઉપરાંત બીજાં તાજ, તખ્ત તથા કપડાં તૈયાર કીધાં ને નામદાર ફ્રરામર્ઝને બોલાવ્યો. પછી પોતાની રાહો રસમ પ્રમાણે પોતાની બેટી આરજોય પરીને જાબુલના શાહજાદા ફ્રરામર્ઝ સાથે નેકા કરી આપીને તેઓનાં સર ઉપર મોતીનો વધાવો કીધો અને પેલો તમામ ગંજ ખજાનો નામદાર

ફરામર્ઝને બક્ષ્યો, તેથી તે નામવરનાં તનમાં એવી તો ખુશી પેદા થઇ કે તેનું બ્યાન લખવામાં કલમને તાકત નથી. આરજોય પરીનો રોશન ચેહેરો એવો તો ચળકતો હતો, કે જેમ હીરામાંથી રોશની નજર આવે તે મીસાલે તે નાઝનીના ચેહેરાનો ચમકાત નીકળતો હતો, ગોયા તે પરીજાદ ઓરતને પાક યઝદાંને પોતાનાં નુરમાંથી પેદા કીધી હતી. તે સરફરાજ પેહેલવાન આરજોય પરીને પામ્યો અને પોતાની મુરાદે પોહોંચ્યો તે વખતથી તે નામદાર એક શાયત પોતાની મોહરદારને પોતાથી દુર નહીં રાખતો હતો. ત્યાં તે નામદાર ફરામર્ઝ એક વરસ સુધી રહયો. એક દીન તે નામદારે પોતાનાં દીલમાં વીચાર કીધો, કે મારી પરી મોહરદારને સાથે લઇ ઇરાન જમીન જઇ પોહોંચી મારા બાપનાં તથા પાદશાહના દીદા જોઇ ખુશાલ થાઉં. તેણે એ વિચાર નેક સાયતે પોતાની માશુક આગળ જણાવ્યો અને આરજોય પરીએ પણ પોતાને સાસરે જાબુલસ્તાન જવા વાસ્તે કબુલ કીધું.

ગયો નામદાર ફરામર્ઝ આરજોય પરીને લઇ ઇરાન સરજમીન તે દાસ્તાન.

—:o:—

એક રોજ પાદશાહ ફરતોરતુસની આગળ નામદાર ફરામર્ઝ કહેવા લાગ્યો, કે "ઓ સરફરાજ! તાજ તથા તખ્તને જેબનાં દેનાર પાદશાહ! જો તું મેહેરબાની કરી મને રૂખસદ આપે તો હું મારી દીલનવાજ આરજોય સાથે ઇરાન સરજમીનની રાહ થઇ જાબુલસ્તાન જાઉં. કંઇ મુદત થઇ તે લોકોનો કશો સંદેશો મને મળ્યો નથી. હું તારા મુલકમાં આવેલો છું તેની તે રાહે કશી પણ ખબર તથી. જયારથી હું ઇરાન સરજમીન મેલીને બાહાર નીકળ્યો છું ત્યારથી તે આજ તલગ મને અઢાર વરસની મુદત ગુજરી છે, તેથી તું પાદશાહ મને હુકમ આપે

તો હું ત્યાં જઇને મારા નેક પાદશાહના દીદા જોઉં અને મારા બુઝર્ગ બાપના કદમને બોસો દેઉં." એ સખુન સાંભળી પાદશાહ ફ્રતોરતુસ પોતાની બેટીનાં અંદેશામાં પડયો કારણ કે તેની બેટીને હમેલ રહયાને બે માસ થયા હતા. તેણે શેતાબ ઉતાવળી તૈયારી કરાવી ને સાજ સામાન, તખ્ત તાજ તથા જર ખજાનો શુમાર વગરનો તૈયાર કીધો. ગોહરનો તો કશો શુમાર નહીં. તેણે હાથીની પીઠ ઉપર એક અંબારી એવી તો સરસ મોતી મઢેલી બંધાવી, કે તેમાં પોતાની બેટી સુવે, બેસે તો પણ કશી પાંતીની અલવલ આવે નહીં. પછી નામનો ઉઠાવનાર ફ્રામર્ઝ પોતાનાં લશકર સાથે તૈયાર થયો. તે નામદારની ખિદમતમાં સફેદ દેવનો બેટો શીહાદેવ હાજર રહીને હરતરફ દોડધામ કરવા લાગ્યો. પાદશાહ ફ્રતોરતુસ પણ પોતાનાં લશકર સાથે તૈયાર થઇને જંગી ફ્રામર્ઝને રાહમાં હેંશી ફ્રસંગની મંજલ તલગ પોહોંચાડવા ગયો. ફ્રતોરતુસ તે નામદારથી રૂખસદ લઇ પોતાની બેટીને ગોદમાં ધરી નવધાર આંસુથી મોહબતે વધાવી પાછો ફર્યો, ત્યારે જંગી ફ્રામર્ઝ પોતાની માશુક આરજોય પરી તથા લશકર સાથે આગળ ચાલ્યો. તે રાત દીન રાહમાં કુચ કરતો ચીનની વેલાયતની સરહદમાં આવી પોહોંચી ચીનની રાહથી હીંદુસ્તાન રાએહીંદી તરફ પોતાનાં લશકર સાથ તે નામદાર ચાલ્યો.

હવે એ દાસ્તાનનો જોડનાર શાહેર અબુતાહેર તરસુશી કેહે છે કે જંગી ફ્રામર્ઝને રાહમાં રાખીને પાદશાહ કેખુશરોનું દાસ્તાન કહું છું; કે જે વખતે સરફ્રાજ ફ્રામર્ઝે હીંદુસ્તાન આવી ત્યાંના તમામ મુલક કબજ કીધા, તે તમામ લડાઇ તેમ બીજી બીના બની હતી તેના નાંમાં લખી ઇરાન સરજમીનના નેકનામ પાદશાહને પેગામ મોકલ્યા હતા, પણ તે નામદાર દરીયાવ ને જંજીરાની સફરમાં દુરદરાજ નિકળી ગયો તે પછી કેટલાંક વરસ લગી તે પેહેલવાનની તે પાદશાહ તથા જેહાંપેહેલવાનને કશી ખબર મળી નહીં કે નામદાર ફ્રામર્ઝ કઇ સરજમીન ઉપર લડાઇ કે આશાયસમાં છે. તે ઉપર મુસીબત ગુજરે છે કે મોહબત વરસે છે? એક દહાડે પાદશાહ કેખુશરોએ નામદાર ફ્રામર્ઝને દીલના

પ્યારથી યાદ કરી શેતાબ એક એલચી જોરેમંદ ગરજશ્પ, જે નામદાર ભારી માવેનો દબદબા ભરેલો પેહેલવાન હતો, તેને તૈયાર કીધો. તેને બોલાવી કહ્યું કે "ઓ સરફરાજ! તું તારી સાથે એક હજાર ચુનંદા ઘોડેસ્વારનું લશકર લઇ ચીનની રાહે હીંદુસ્તાન તરફ રાએ હીંદીના મુલકમાં જા ને નામદાર ફરામર્ઝની ખબર કાહાડ કે તે નામદાર કઇ સરજમીનમાંછે? જ્યારે તે નામદારની ખબર માલમ પડે ત્યાં તે જગ્યા તું જઇ તે નામદારને બોલાવી લાવ. તે નામદારને આ મારૂં નામું આપજે કે તેજ વખત તે દલેર તારી સાથે આવશે. અગર તે કોઇ જંજીરા તરફ શયર કરતો દુરદરાજ રાહ નિકળી ગયો હોય તો તેને પાછો આવવાની રાહ ચીનની તરફથી મળશે વાસ્તે તું બીજી રાહે કુચ ના કરતો." કેખુશરોં પાદશાહની ઝબાનથી એ સખુનો સાંભળી તે જંગી ગોદરજીઆની કેશવાદનાં ખાનદાનના દાનાઇભિરેલા ગરજશપે લશકરી સવારો સાથ કુચ કરી જવાને તૈયારી કરવા માંડી.

નામું આપી મોકલ્યો નામદાર ગરજશ્પને નેકુન મ પાદશાહ કેખુશરોએ સપેહસાલાર ફરામર્ઝને બોલાવવા તે દાસ્તાન.

---:o:---

પાદશાહ કેખુશરોએ નવીશંદા પાસ એક નામું હીંદુસ્તાનના સરદાર નામદાર ફરામર્ઝ ઉપર લખાવ્યું, તેમાં અવ્વલ પાક પરવરદેગારનું નામ લખ્યું કે "તે આસમાન તથા જમીનના પેદા કરનાર સાહેબથી તારી ઉપર દુવા તથા આફ્રીન હોજો. ઓ નામદાર! તેં તારી મરદાનગીને જોરે શરકસ પાદશાહોને જેર કીધા અને ભારી અઝદાહ તથા દેવોને માર્યા. ઓ નામદાર પેહેલવાન! તું ઉગમણુથી તે આઠમણુ સુધી તમામ પાહાડ તથા જંજીરા તથા ગારમાં ફરી વળ્યો અને કોઇ દીન

આરામથી બેઠો નહીં. હવે તું નામદારને ઘટે છે કે તારૂં મુબારક કદમ ઇરાન સરજમીનમાં લાવ કે તારા દીદા જોયાથી બુઝર્ગ જાલેજર તથા જેહાંપેહેલવાન વગેરે સર્વેનાં દીલ ખુશી થાય. તારી જવાંમરદીનાં કામ સાંભળી અમો ઘણા ખુશી થયા છીએ. પણ ઘણા દહાડા થયા તારા મુબારક હાથનું લખેલું નામું આવ્યું નથી વાસ્તે જે વખતે તું આ નામું વાંચે તેજ વખતે શેતાબીથી તું ઇરાન સરજમીનની રાહ ધરજે. પાદશાહ અફ્રાસ્યાબ સાથે લડાઇ ઉઠનાર છે. મારો તેની ઉપર પાકજાદ પાદશાહ સ્યાવક્ષનો કીનો લેવાનો વખત નજદીક આવ્યો છે. હું ચાહું છું કે તમામ તુરાનનો મુલક તે કીનામાં મારા તાબામાં કરૂં." એ નામાને 'પાદશાહ કેખુશરોએ ખાસ મોહોર કીધી. તે સોનેરી નામું લઇ પહેલવાન ગરજશપે દરઘાહથી બાહાર નીકળી એક હજાર સવાર સાથે હીંદુસ્તાનની રાહ ધરી અને ચીનના મુલકની તરફ આવી પોહોંચ્યો; ત્યાં એક જંગલ ઘણું ખુશનુમા આબોહવા ભરેલું હતું. ત્યાં તમામ જાતનો મેવો તથા ફુલ ઉગ્યાં હતાં. તે પાકીજા મુકામ જોઇ દાનાઇ ભરેલા ગરજશપે ત્યાં એક પાણીના ચશમાના કીનારા ઉપર મુકામ કરી રાહની થાક ઉતારવા સાત દહાડા સુધી રહયો.

હવે પેલી તરફથી નામનો ઉઠાવનાર ફ્રામર્ઝ પોતાનાં લશકર સાથે રાત દીન કુચ કરતો ચીનના મુલકની સરહદનાં જે જંગલમાં ગરજશપ મુકામ કરી પડેલો હતો ત્યાં આવી પોહોંચ્યો. તે નામદારે ત્યાં એક ખુબ પાકીજા મુકામ, જોઇ રાહમાં આવતાં પોતાનાં લશકરને ઘણી સખતી ગુજરી હતી, તેથી તેણે આશાયસ આપવા માટે દેરઃ માર્યા; પણ નામના ઉઠાવનાર ફ્રામર્ઝે હુકમ કીધો હતો કે કાલ રોજે માહરાજા રાએ હીંદીનાં કનોજ શેહેરની તરફ કુચ કરશું. તે રાહ ઘણી આસાન છે તેથી કનોજની વેલાયત ઉપર થઇને જાબુલસ્તાન જવાને ઘણા દાહાડા થશે નહીં. તે મુલકથી જાબલુસ્તાન નજદીકમાં છે. એ રવેશ જંગી ફ્રામર્ઝે પોતાના નામદારો સાથે ગોફ્તેગોમાં હતો, એવામાં તેના જાસુસો ખબર લાવ્યા કે ઇરાન તરફથી એક નામદાર પેહેલવાન એલચી

થોડાં લશકર સાથે આવેલો છે, તે આપણાં લશકરની છાવણીથી ત્રણ દાહડાની રાહે દુર મુકામ કરી પડયો છે. એ ખબર સાંભળી નામદાર ફરામર્ઝ પોતાના દીલમાં બેશુમાર ખુશી થયો.

એ તરફથી દાનાઇ ભરેલા ગરજશ્પને પણ ખબર થઇ કે નામનો ઉઠાવનાર હીંદુસ્તાનનો જંગી પાદશાહ કોહેકાફના મુલકની દુરદરાજ રાહથી એ તરફ આવી પોહોંચી આ ખુશનુમા જંગલમાં ડેરા મારી મુકામ કરી પડયો છે. તે મુકામ ત્યાંથી ત્રણ દાહડાની રાહે દુર છે. એ ખુશ ખબર જાણતાંજ ગરજશ્પે તેજ વખત પોતાના સવારો સાથ કુચ કીધી અને જેમ કમાનમાંથી તીર નીકળી જાય તે મીસાલે આગળ ચાલ્યો અને નામદાર ફરામર્ઝનાં લશકર તરફ આવી પોહોંચ્યો. એ ખબર જંગી ફેરામર્ઝને થઇ તેથી તે નામદાર પણ ગરજશ્પની સામે એસ્તેકબાલ ગયો. બેઉ નામદારો એકબીજાને મળ્યા અને એકએક સાથે બગલગીરી કીધા પછી નામદાર ફરામર્ઝે પાદશાહની તથા બુઝર્ગ જાલેજરની તથા પોતાના બાપ વગેરે તમામ અનજુમનની ખબર પુછી, જેથી ગરજશ્પે તે તરફની તમામ હકીકત જાહેર કરી કહી અને પાદશાહનું નામું આપ્યું. સરફરાઝ ફરામર્ઝે તે નામું વાચ્યું ત્યારે દાનાવ ગરજશ્પને કહ્યું કે "તું મારાં લશકર સાથે પાછો ફરી ઇરાન સરજમીન તાજદાર પાદશાહ કેખુશરોની ખિદમતમાં જા ને મારો ઝબાની પેગામ કેહે કે 'તારાં રોશન બખ્તની મદદથી મેં તમામ હીંદુસ્તાનને જાદુગર લોકોથી પાક કીધું છે અને કોહેકાફની તરફની સરજમીનના પરીઓના પાદશાહ ફરતોરતુશની બેટીને મારા હાથમાં લાવ્યો છું. મેં તે માશુક સાથ શાદી કીધી છે. તે પરીને હમેલ છે તેથી તારી દરઘાહમાં તારી ખિદમતનો કરનાર એક નવો પેહેલવાન પેદા થશે પણ હમણાં હું કનોજની વેલાયત રાએહીંદીની સાથે મુલાકાત કરી તારી ખિદમતમાં આવી હાજર થાઉં છું.'" એ રવેશથી ગરજશ્પને તમામ બીનાથી વાકેફ કરી તેને કેટલોક નવાજી બાઆબરૂ ઇરાન જમીન વિદાય કીધો તેથી તે નામદાર રાતદીન કુચ કરતો એક મહિનામાં ઇરાન સરજમીન પાદશાહની નજદીક

આવી પોહોંચ્યો. તેણે તખ્તનાં પાઉંને બોસા દઇ સરફ્રરાજ ફ્રરામર્ઝની તમામ હકીકત ઝબાની કહી કે "તે તાજબક્ષનો બેટો કનોજનાં રાજાની તેમ બીજા મોટા મોટા રાજાઓની મુલાકાત લઇ તું નેકનામ શાહાન-શાહની ખિદમતમાં આવશે." તાજદાર પાદશાહ કેખુશરોએ ગરજશ્પની ઝબાનથી એ રવેશના તમામ સખુન સાંભળ્યા ત્યારે તે ખુશીથી ગોલા-બનાં ફુલ મીસાલે ખીલ્યો. તે શાહે એક ભારી સરોપાવ મંગાવી ગરજશ્પને બક્ષ્યો. પછી તે તમામ હકીકત નામદાર પાદશાહ કેખુ-શરોએ શ્રી જાબુલસ્તાન બુઝર્ગ જાલેજર તથા જેહાંપેહેલવાન રૂસ્તમને લખી મોકલી.

આવ્યો જંગી ફ્રરામર્ઝ જાબલુસ્તાનમાં ને સામ પેદા થયો તે હેવાલ.

——:o:——

હવે પેલી તરફ નામનો ઉઠાવનાર ફ્રરામર્ઝ પોતાનાં લશકર સાથે રાતદીન કુચ કરતો માહરાજા રાએહીંદીનાં મુલકમાં આવી પોહોંચ્યો. તે ખબર તે માહરાજાને થઇ તેજ વખત પોતાનાં લશકર સાથ તે માહરાજા એ મંજલ તે નામદાર પેહેલવાનને સામે એસતેકબાલ આવ્યો. તે નામદારો એક બીજા સાથે મુલાકાત કરી રાજધાનીમાં આવ્યા ત્યારે ત્યાં જંગી ફ્રરામર્ઝે એક મહીના સુધી આશાયશ લીધા પછી ત્યાંથી માહ-રાજાની મોહબતથી રજા લઇ સીસ્તાનની રાહે પોતાને વતન ચાલ્યો. પોતાની મોહોરદાર પાદશાહ ફરતોરતુસની બેટી આરજોય પરીને હમેલ હતા તેથી દાનાઇ ભરેલો ફ્રરામર્ઝ રાત દીન કુચ ચાલુ કરી જાબુલસ્તાન આવી પોંહોંચ્યો. તે ખબર બુઝર્ગ જાલેજરને થઇ તેજ વખત પોતાનાં બુઝર્ગોને લઇ તે તે નામદાર બેટાને એસ્તેકબાલ લેવા આવ્યો. જંગી

ફ્રરામર્ઝે પોતાના બુઝર્ગ બપાવા જાલેજરને દીઠો તેજ વખત તે ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો. તેણે બુઝર્ગ જાલેજરનાં પાઉંને બોસા દીધા તેથી તેણે પોતાના બેટાને ગોદમાં પકડયો અને તે નામદાર બેટાના મોહોડાંને બોસા દીધા. તે નામદાર બોલ્યો કે "મારી આંખના નુર! જે દાહડેથી તું મારી નજદીકથી દુર પડયો છે તે દાહડેથી હું તારા દીદાર જોવાને ઉમેદવાર છું. તારા આવ્યાની ખબર સાંભળી તારો બાપ જેહાંપેહેલવાન રૂસ્તમ ઇરાન સરજમીન પાદશાહની ખિદમતમાં ગયો છે." એ રવેશ વાત કરતાં તે બન્ને બાપ બેટા જાબુલમાં આવ્યા તેથી તમામ રૈયત ખુશી થઇ. બુઝર્ગ જાલેજરનાં અયવાનમાં તમામ નાનાં મોટાં ખુશી થયાં. પછી શેરની હીંમતની બાનુ ગોશસ્પ પોતાની ભોંજાઇ આરજોય પરીની નજદીક આવીને તેને કેટલીક આબરૂ આપી પાકજાદ રોદાબે બાનુની આગળ લઇ જઇને તે પરીની ખીદમત કરવા લાગી. બુઝર્ગ જાલેજરે નામદાર ફ્રરામર્ઝ આવ્યાની તમામ બીના લખી ઇરાન જમીન જેહાંપેહેલવાનને મોકલી કેહેવાડયું કે "થોડા દાહડા રહીને નામવર ફ્રરામર્ઝ ઇરાન જમીન પાદશાહની ખીદમતમાં આવશે." એ રવેશ કેટલીક બીના લખી તે નામું ઇરાન જમીન મોકલ્યું. પછી બુઝર્ગ જાલેજરે મિજલસ સુમારી તમામ બુઝર્ગ લોકોને બોલાવ્યા તેથી રામશનીની મીજલસ મચી રહી. સે મીજલસમાં શેરદિલ ફ્રરામર્ઝે હીંદુસ્તાનની વાત કહાડી. તેણે ત્યાં તમામ મુલકોની તથા શીમોર્ગનાં કામની તથા જેહાં પહેલવાન કેરશાસ્પના ખજાનાની તથા પાદશાહ હોશંગનાં દુખમાની તથા ભારી જુલમગાર દેવોની તથા પરીઓના પાદશાહ ફ્રરતોરતુસનાં હફ્તેખાનની તથા અફેદ દેવના બેટા શીહાદેવની મરદાનગીની તથા તેની ખુબીની સર્વે વાત જાહેર કહી. તે નામદારે કહયું કે "તે ભારી બીકટ રાહમાં એ નામદારી ભરેલા દેવે ઘણી રંજ ખેંચીને પાદશાહ ફ્રરતોરતુસની બેટી સાથ મારી શાદી કરાવી. એ દેવની મરદાનગી મને જાબજા કામ આવી છે." એ રવેશ તે મીજલસમાં શીહાદેવની ઘણી તારીફ્રના સખુન કહયા, તે સાંભળી સર્વે કોઇએ પોતાની આંગળી

દાંતમાં પકડી. બુઝર્ગ જાલેજરે શીહાદેવને પોતાની આગળ બોલાવ્યો અને તે દેવનાં તન ઉપરના સફેદ બાલ તથા ડરામણું શીહા મોંહ જોઇને અજબ થઇ રહયો. પછી ત્રણ જામ શરાબની ભરીને પેદરપે તેને પાઇ; પછી હુકમ કરી એક ભારી બેકીંમતી સરપાવ મંગાવી તે જંગી દેવને બક્ષ્યો અને તેના કાનમાં બેકીમત લાલનાં બે હલકા યાને બાલી પહેરાવી જે કીમતમાં એક પાદશાહી ગંજની હતી. એ સખાવત જોઇ શીહાદેવે બુઝર્ગ જાલેજર ઉપર આફ્રીન કરી કહયું કે "ઓ જાબુલના સાહેબ! તું મારે માટે કશી વાતનો અંદેશો ના રાખતો! મારો બાપ સફેદ દેવ પાદશાહ જોહાકના વખતનો હતો, તેને માઝનદરાનમાં 'જેહાં પેહેલવાન રૂસ્તમે માર્યો છે પણ તેનું મોત એ તાજબક્ષને હાથે હતું તેથી તે માર્યો ગયો છે. પછી હું જોહાકના ખજાનાની ચોકીને વાસ્તે રાત દીન તે જગ્યા રહેલો હતો પણ જે દહાડેથી હું નામદાર ફરામર્ઝના હાથ ઉપર કેદ પકડાયો ને કોલ આપી તેનો ફરમાબરદાર થયો છું તે દહાડેથી તમામ ગંજ ખજાનો મેં એ નામદાર ફરામર્ઝને આપ્યો છે. હવે જ્યાં સુધી મારા તનમાં જીવ છે ત્યાંસુધી એ નામદારની ખીદમતમાં મારો જાન ફીદા છે." એ સખુન સાંભળી જાલેજર તથા બીજા તમામ જાબુલી નામદારો ઘણા ખુશી થયા. તે રામશની તથા શરાબબાજી કંઇક દીન તલગ ચાલુ હતી તે દરમ્યાન એક દીન જાલેજરના અયવાનમાંથી ખબર આવી કે સરફરાજ ફરામર્ઝની મોહોરદાર આરજોય પરીએ એક બેટાનો જન્મ આપ્યો છે. તે વધાઇ સાંભળી બુઝર્ગ જાલેજર નવજવાન થયો. તે બુઝર્ગે તે વખત કેટલાક ગરીબ મીસ્કીન લોકોને જર બક્ષી તે બેટાને પોતાની નજદીક જોવા મંગાવ્યો. તેને દાઇઓએ લાવીને હાજર કીધો. તે બેટાને જોય શું કે ખુબસુરતીમાં ગોયા પાક તન સ્યાવક્ષ પોતે હતો. તે બેટો ગરદન તથા સીનામાં જંગી સામેસવારની મીસાલનો ને બાજુમાં જેહાં પેહેલવાન રૂસ્તમની મીસાલનો હતો. એવા તંદરોસ્ત ખુબીભરેલા બચ્ચાંને જોઇ તે બુઝર્ગે તેનું નામ સામ રાખ્યું. તે બેટાની ખુશાલીમાં એ હફતા લગી રામશની તથા રંગ રાગ જારી રાખ્યા ને તમામ જાબુલી

સરદારોને સરપાવ બક્ષ્યા. તે નસીબવાન ખુબસુરત બચ્ચાંને જોઇ તમામ જાબુલ જમીનની રૈયત દુવા તથા આફ્રીન કરવા લાગી. ત્યાં તમામ જગ્યા રામશની તથા મેહેમાની થવા લાગી.

આવ્યો નામદાર ફ્રરામર્ઝ પાદશાહ કેખુશરો નજદીક અને બીજી વાર તે જંગી હીંદુસ્તાન ગયો ત્યાં જેપુર રાજાની બેટીને પેટે જેહાંબક્ષ જનમ્યો તે હેવાલ.

—:o:—

એમ કરતાં જ્યારે બે હફ્તા ગુજરી ગયા ત્યાર બાદ નામના ઉઠાવનાર ફ્રરામર્ઝે ઇરાન સરજમીન જવાને સરફ્રરાજ જાલેજરથી રજા માંગી, પાદશાહ લાયક કેટલોક હદીયો તૈયાર કીધો. તેમાં બેમુલા હીરા, લાલ, મોતી તથા બીજી બેમુલી નવી નવી તરાંહની જીનસો તથા હીંદુસ્તાનથી આવેલી નાદર અજાયબ ચીજો, તખ્ત, તાજ, બખ્તર તથા કોલાહ હતાં. તે સામાનના એક હજાર ઉંટ ભર્યાં પછી દબદબાથી તે નામદારે ઇરાન જમીનની રાહ ધરી. ઇરાન જમીનમાં તે પેહેલવાન જઇ પોહોંચ્યો તે ખબર પાદશાહ કેખુશરોને થઇ કે હીંદુસ્તાનનો સરદાર નેક નામદાર ફ્રરામર્ઝ આવી પોહોંચ્યો તે સાંભળી પાદશાહ એવો તો ખુશી થયો કે તે નેયાગાન પોતાના અશો સ્યાવક્ષનો ગમ પણ વીસરી ગયો. પછી જેહાં પેહેલવાન રૂસ્તમને ગાબ્યાની ઝુન્ડો આપી એક દાહાડાની રાહ દુર તેને એસ્તેકબાલ લેવા સામે મોકલ્યા. ત્યાં જંગી ફ્રરામર્ઝે દુરથી પોતાના બાપ જેહાં પેહેલવાનને એસ્તેકબાલ આવતો દીઠો તેજ વખત તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો જેથી જેહાં પેહેલવાન પોતે પણ પોતાના નામદાર બેટાના દીદા જોઇને રક્ષની પીઠ ઉપરથી નીચે આવ્યો. તેણે શેતાબ બેટાને ગોદમાં પકડીને બગલગીરી કીધી ને રાહ રંજની ખબર પુછયાં બાદ સર્વે

નામદારો સાથે તેઓ પાદશાહની દરધાહમાં આવ્યા. પાદશાહે પોતે તખ્ત ઉપરથી ઉતરી દરધાહનાં દરવાજા લગી સાંમો પાંઉપ્યાદો ચાલી આવી નામદાર ફ્રરામર્ઝ સાથે બગલગીરી કીધી અને તેનો હાથ પકડી પોતાનાં તખ્તની આગળ લાવીને સોનાની ખુરસી ઉપર બેસાડયો. નામદાર ફ્રરામર્ઝે શ્રી હીંદુસ્તાનથી જે કાંઇ ગંજ ખજાનો તથા હદીયો સાથે લાવ્યો હતો તે તેજ વખતે તમામ નેક પાદશાહને નજર કીધો. તેણે ઝબાન ખોલી કહ્યું કે "ઓ રોશન બખ્તના દાદગર પાદશાહ! તારાં રોશન તાલેની બરકતથી તમામ હીંદુસ્તાન મેં ફ્તેહ મેળવ્યું." તે પછી તમામ બીના જાહેર કરી કહી; તે તમામ વાત સાંભળી ઇરાની અંજુમન અજબ થઇ રહ્યું. તે વખતે પાદશાહએ બાગેબુલંદ કહ્યું કે "ઓ નામદાર ફ્રરામર્ઝની ઉમર હજી ચાલીશ વરસ થઇ છે. એ નાની ઉમરમાંજ એ નામદાર એવી નાદર ચીજો પેદા કરી લાવ્યો છે, તેથી હું નથી જાણતો કે એ સરફ્રરાજ હવે પછી બીજી શી રવેશની મરદાનગી કરશે? એ નામદારનાં કામની તારીફ્નાં સખુન કયામત સુધી રહી જશે." એ મીસાલે પાદશાહે સખુન કહયા અને એક ભારી સરોપાવ મંગાવી નામદાર ફ્રરામર્ઝને બક્ષ્યો. તે સરોપાવ ભારી કીમતનો હતો, તે નવાજેસે તે નામદારનો મરતબો વધાર્યો. ઇરાનમાં નામનો ઉઠાવનાર ફ્રરામર્ઝ કેટલાક મહિના સુધી રહયા પછી બીજી મરતબે હીંદુસ્તાન તરફ્ જવા માટે પાદશાહની પાસે રજા માંગી, કે "બીજાં કેટલાંક શેહેર લેવાનાં બાકી રહેલાં છે તે પણ મારા હાથમાં લાવું ને તું જેવા પાદશાહનું નામ હફ્તેકેશવર જમીનમાં રોશન કરૂં." એ સખુન સાંભળી પાદશાહ કેખુશરો બાગનાં ફુલની મીસાલે ખીલ્યો. તે શાહે નામદાર ફ્રરામર્ઝને ફ્રરમાંન લખી આપ્યું તેમાં તમામ હીંદુસ્તાનની વેલાયત તથા ખરગાહનો મુલક તથા ચીન માહાચીનની સરહદ સુધી તમામ મુલક બક્ષેશમાં લખી આપ્યો કે "એ જગાની પાદશાહી તારી છે, પણ કોઇ ઉપર બેદાદીનો હાથ લંબાવતો ના. ઓ નામદાર પેહેલવાન! આ ત્રણ પાંચ દાહડાની દુનિયા ઘણી બેવફા છે, તેથી ઇનસાફ્ની રાહે હરેક જગા તારી ફ્તેહ થશે અને

કયામતના દાહડા સુધી તારાં નામની યાદગારી રહી જશે.” એ વગેરે બીજી ઘણી નસીહત કરીને પોતાની ખાસ ફોજમાંથી બાર હજાર જંગી ઘોડેસ્વાર નામદાર ફરામર્ઝને હવાલે કીધા. તે લશકર સાથ નામનો ઉદ્દાવનાર ફરામર્ઝ તે પાદશાહી દરઘાહમાંથી બાહાર નિકળ્યો, તેથી નગારાં તથા નફેરીનાં અવાજ થવા લાગ્યા. જંગી ફરામર્ઝનો શેરપેકર ઝુન્ડો હવા ઉપર ઉડવા લાગ્યો તે જોઇ જેહાંપેહેલવાન રૂસ્તમ રક્ષ ઉપર સ્વાર થયો. તે સરફરાજ જેહાંપેહેલવાનનાં સર ઉપર ગાવ્યાની ઝુન્ડો ઉડતો હતો. એ રવેશ તે બાપ તથા બેટા ભારી દબદબાથી ઇરાન જમીનથી કુચ કરતા અવલ જાબુલસ્તાંન તરફ ચાલ્યા. શીસ્તાનમાં આવી પોહોંચ્યા ત્યારે તેઓ જાલેજરનાં અયવાનમાં આવી તખ્ત ઉપર બેઠા. ત્યાં જેહાંપેહેલવાન રૂસ્તમ નામદાર ફરામર્ઝના બેટા સામને જોઇ ઘણો ખુશી થયો. શેરદેલ ફરામર્ઝ બે હફતા સુધી રહયો પછી બુઝર્ગ જાલેજર પાસે રજા માંગી ત્યારે તે દાનાઇ ભરેલા બુઝર્ગ બાપે કેટલીક નસીહત કીધી કે “ઓ બેટા! તું હરેક વખત ભલી બુરી બીનાની ખબર લખતો રેહેજે ને દુશ્મન લોકોથી હુશ્યાર રહી લશકરની આસપાસ તલાયા ફરતા રાખજે. તું જીનહાર નચીંત થઇ ખોઆબમાં સુતો ના.” એ રવેશ બીજા ઘણી નસીહતના ખુબ સખુન કહીને તે બેટાને ગોદમાં પકડી તેણે પોતાની આંખમાંથી મોતી મીસાલ આંસુનાં કતરા વરસાવ્યા. પછી જેહાંપેહેલવાન રૂસ્તમે કેટલીક નસીહત કહી રજા આપી, તેથી જંગી ફરામર્ઝ પોતાનાં તમામ જાબુલી તથા ઇરાની લશકર સાથે કુચ કરી બે મહિના આગળ રાહ માપી ત્યારે હીંદુસ્તાન તરફ એક આબાદ મુલકમાં આવી પોહોચ્યો. તે મુલકની વેલાયતનો એક રાજા જેપુર નામનો હતો, તે નામદારી ભરેલો દાદગર હતો. તેનાં શેહેરમાં તે નામદારે મુકામ કીધો. તે રાજાએ જંગી ફરામર્ઝની ઘણી મદારત તથા ચાકરી કીધી. તે રાજાએ અચ્છી મેહમાની બજાવી. તે જેપુર રાજાની એક બેટી પરી મીસાલની ખુબસુરત રોશન ચેહેરાની હતી. કે તે બાનુ ગોયા ફરતોરતુસની બેટીની બરાબર જોવામાં નજર આવતી હતી. તે શાહજાદીના

બદનમાંથી ગોલાબની ખુશબો નીકળતી હતી તેથી તે સુંદરીનું નામ ગુલચેહરબાનુ કેહેતા હતા. પછી જેપુર રાજાએ જંગી ફરામર્ઝની સાથે તે બેટીના નેકા કીધા; ત્યાં તે પાસ જંગી ફરામર્ઝે એક વરસ સુધી રહયો ત્યારે એક બેટો તે શાહજાદીથી જન્મ્યો. તે તનમાં જેહાંપેહેલવાન રૂસ્તમની મીસાલે ભારી હતો. તે ચેહેરામાં તેના બાપ ફરામર્ઝ મીસાલનો ને કદમાં ઘણો ઉંચો કવી બાજુનો નજર આવતો હતો તેથી તે બેટાનું નામ નામદાર ફરામર્ઝે જેહાંબક્ષ રાખ્યું. તે બેટાના જનમની ખબર જાબુલસ્તાનમાં જાલેજરને લખી મોકલી, કે "તું જેવા નામદાર બાપની દુવાથી ખોદાતાલાએ મને એક બીજો બેટો બક્ષ્યો છે. એ બેટાનું નામ મેં જેહાંબક્ષ રાખ્યું છે. એ બેટો દસ વરસની ઉમરનો થશે, ત્યારે તું જેવા નેક બુઝર્ગ બાપની ખિદમતમાં આવશે." એ વગેરે બીજી ઘણીક નાદર બીના લખી મોકલી. બુઝર્ગ જાલેજરે તથા જેહાંપેહેલવાન રૂસ્તમે તે નવી ખુશ વધાઇની ખબર સાંભળી ત્યારે તેઓ બાગનાં ફુલની મીસાલે ખીલ્યા ને જાબુલસ્તાનમાં વધામ્ણ વેહેંચી સખાવત કીધી. પછી તે બેટા જેહાંબક્ષને માટે એક ભારી સરોપાવ તથા લાલ ગોહર તથા મોતી તૈયાર કરી એક નામું લખ્યું; કે "ઓ બેટા ફરામર્ઝ! તું તારા બેટાને એ જગા રહેવા દઇને શેતાબ પાછો ઇરાન જમીન આવ! કારણ કે મારી સાંભળવામાં એવું આવ્યું છે, કે પાદશાહ અફ્રાસીયાબ ભારી લશકર લઇને ઇરાન જમીન ઉપર લડાઇ કરવા આવનાર છે. તેનાં હાથમાં એક નવજવાન જબરદસ્ત પેહેલવાન આવેલો છે અને પાદશાહ કેખુશરોએ પણ પોતાનાં બાપનો કીનો લેવા ઉપર કમર બાંધેલી છે, તેથી દુંનીયામાં નવો ફેસાદ બરપા થશે. શેતાબ તું એ જગા બંદોબસ્ત કરી ઇરાન નીકળી આવજે." એ મીસાલે જાલેજર તથા જેહાંપેહેલવાન રૂસ્તમે નામુ લખી તે નાદર હદીયા સાથે તેના ઉપર હીંદુસ્તાન મોકલ્યું. તે નામાથી નામદાર ફરામર્ઝ વાકેફ થયો ત્યારે ખુશી થઇને તે જગા પોતાના બેટા જેહાંબક્ષ માટે અચ્છો બંદોબસ્ત કીધો. તેણે તમામ મુલકે મુલકથી સલામી મંગાવીને મજબુત બંદોબસ્ત કીધો અને પોતાના બેટા જેહાં-

બક્ષને ત્યાંજ રાખી પોતે ઇરાન જમીન આવવા પોતાનાં તમામ લશકર સાથ કુચ કીધી.

હવે એ દાસ્તાનનો જોડનાર અબુતાહેર તરશુશી લખી જાય છે, કે જેહાંપેહેલવાન રૂસ્તમનો બેટો નામદાર ફ્રામર્ઝ હીંદુસ્તાન ઘણી મરતબે ગયો છે ને તમામ હફ્તેકેશવર જમીનમાં ફ્રરી વળ્યો છે, પણ તે તમામ દાસ્તાન મળી આવ્યું નહીં તેથી એ નામું મેં મુખ્તેસર કરી લખ્યું છે, કે તે તાજબક્ષનો બેટો અવ્વલ બચપણના વખતમાં પાદશાહ કેકાઉસની પાદશાહીનો હીંગામ ઊતરતાંમાં હીંદુસ્તાન ગયો ત્યાર પછી પણ પાદશાહ કેખુશરોના વખતમાં ઘણી મરતબે હીંદુસ્તાન ગયો હતો ત્યાં તે નામદારે સાઠ વરસ લગી પાદશાહી ચલાવી ત્યાર પછી વળી પાદશાહ બહમનનાં વખતમાં હીંદુસ્તાન ગયો હતો. ત્યાં એક પાદશાહ કોલાનશાહ નામનો હતો તેની બેટી સાથે નામદાર ફ્રામર્ઝે નેકા કીધા હતા; તે બાનુને પાદશાહ બહમનનાં વખતમાં એક બેટો ઘણો ખુબસુરત પેદા થયો હતો. તે બેટાનું નામ આદરબુરજીન કરી રાખ્યું હતું. પછી તે બેટાને પેદા થયાની ખબર જાબુલસ્તાન જાલેજરને લખી મોકલી તેમાં એમ લખ્યું કે "ઓ દાનાઇ ભરેલા બાપ! તારાં રોશન બખ્તની બરકતથી ખોદાતાલા મેહેરબાન થયો કે મારા બુઢાપાનાં વખતમાં એક નવજવાન બેટો પેદા થયો. તેનું નામ મેં આદરબુરજીન રાખ્યું છે." જ્યારે એવી ખબર દાસતાને જાલેજરે સાંભળી ત્યારે તે ખુશીમાં પોતાનાં તમામ બેટાઓ જે ગુજરી ગયા હતા તેઓનો તમામ ગમ વીસરી ગયો. પછી તે નામદારે ફ્રામર્ઝ ઉપર નામું કેહેવાડયું કે "ઓ બેટા! તારા મુબારક કદમના બેટા આદરબુરજીનને ત્યાંજ રેહેવા દઇ ને તું બેશુમાર લશકર લઇને શીસ્તાનમાં આવી પોહોંચ, જે સુમીઅત ભરેલા નીમકહરામ પાદશાહ બહમને ફરી બીજી મરતબે બેશુમાર લશકર જમાવ કરી મારી સાથે લડાઇ કરવાની કમર બાંધી છે. વાસ્તે તું સબર કરતો ના પણ શેતાબ સીસ્તાન આવી તે પાદશાહ ઉપર જેહાન શીહા કર!" એ મીસાલે લખી મોકલ્યું. જ્યારે જંગી ફ્રામર્ઝે તે તમામ

બીના સાંભળી તેજ વખત બેશુમાર લશકર જમાવ કરી તે કુચ કરતો સીસતાન તરફ બુઝર્ગ બપાવા જાલેજરની ખિદમતમાં આવી પોહોંચ્યો ત્યાં તે નામદારે કેવાં જંગ કીધાં તે દાસતાન તથા નવજવાન આદરબુરજીનની જવાંમરદીની હેકાયતો બહમન નામામાં લખેલી છે તે વાંચવાથી ખબર પડે છે.

તમામ.

જેહાંગીર કરાણીવાળી

નવી અરેબ્યન નાઇટ્સ.

પુસ્તક ૧ લું અને ૨ જું.

જેમાં ૧૫૫ ચિત્રો સાથે ૫૮ વાર્તાઓ આપી છે. દુનિયાની અનેક ભાષાઓમાં તરજુમો થયલી આ કેતાબ સર્વે ઠેકાણે ઘણીજ માનીતી થઇ પડી છે. એમાં વાર્તાઓનો ભંડાર ભરેલો છે, અને તે અતિશય રસીલી અને વાંચવાજોગ છે. એ એટલી તો જાણીતી બીના છે કે તે માટે વધુ ભલામણની જરૂર રહેતી નથી. ગુજરાતી ભાષામાં એની અનેક આવૃતિઓ નિકળી છે, જેમાં સરળ અને રસાલી ભાષામાં **જેહાંગીર કરાણીવાળી અરેબ્યન નાઇટ્સ** ઘણી વખણાઇ હતી અને તેની છેલ્લી આવૃતિ ખપી જવા પછી તેની માંગણી ચાલુ રહેવાથી મોટા ખરચે ચિત્રો સાથની આ **ચોથી આવૃતિ** બાહેર પાડી છે.

રૉયલ ઑકટેવો, ચોપાનિયાનાં કદનાં લગભગ ૯૦૦ પાનાનાં
૧૫૫ ચિત્રો સાથનાં ફુલ કલૉથ બંને વાલ્યુમોના કીંમત
ખાસો અમને સવળ પડે કરી

બન્ને વાલ્યુમના રૂ. ૬॥

રાખી છે, તેથી સાહિત્યના શોખીન સજ્જનોને આ સાહસને
દરેક ઉત્તેજન આપવાની ખાસ અરજ છે.

પારસી વિષયો.

લખનાર—સો. મ. દેસાઇ.

આ અગત્યના પુસ્તકમાં પાંચ વિષયો આપ્યા છે.

૧. પારસી નામો—અસલ ઇરાની નામો કેવાં હતાં, કેવાં છે, અને એ નામો કેમ પડયાં, તે તેમજ પુરૂષો અને સ્ત્રીઓનાં નામોનો સંપુર્ણ કોષ આપેલો છે, જેથી નવાં જન્મનારાં પારસી બાળકોનાં કાનને સુંદર લાગે એવાં નવાં નામ પાડવાનું પારસી ઘરોમાં સગવડભર્યું થઇ પડશે.

૨. પારસી અટકો—હાલની અટકોની ઉત્પતિ શા ઉપરથી થઇ છે, અને પારસી કુટુંબની તવારીખ અટકો ઉપરથી કેમ સમજી શકાય તેનું બ્યાન. વળી એક ઉપયોગી અટક-કોષ.

૩. પારસી લગ્ન—લગનની હાલની ક્રિયા થાય છે તેનો ભેદ તથા લગ્નની મોતેબરી કેટલી છે, અને લગ્ન સંબંધી જુના અને હાલના રીવાજો કેવા છે, તેનો જુનો ઇતિહાસ દાખલા દલીલથી આપેલો છે.

૪. પારસી પાલક—પારસીઓમાં પાલક કરવાનો રીવાજ છે તેની ખુબી તથા ઉત્પતિ, અને હેતુની જુની હકીકતો વિષે રમુજી બ્યાન.

૫. પારસી લેખો—પારસીઓએ જ્યારે ગુજરાતીને પોતાની ભાષા કરી છે, તેથી ભાષાનો સામાન્ય રસ તથા ભાષાની તરેહવાર પ્રાશીનો અને ઝમક, રસીલી હકીકતો સાથે સમજાવી છે.

આ ઉપયોગી પુસ્તક વાંચવાથી ગમત સાથે જ્ઞાન મળ્યા વિના રહેશે નહીં.

કીમત રૂ. દોઢ.